॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

# ॥ श्रीहरिलीलामृतम् ॥

## ભાગ-૪



:: પ્રસિદ્ધ કર્તા ::

શ્રી સ્વામિનારાયણ મંદિર, વડતાલધામ

श्री स्वामिनारायण मंदिर

तीर्थक्षेत्र

વડતાલ ધામ

॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

# ॥ श्रीहरिलीलामृतम् ॥

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

શ્રી વચનામૃત દ્વિશતાબ્દિ મહોત્સવ સં. ૨૦૭૬ ઉપક્રમે

સનાતન ધ.ધુ.આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ વિરચિત

શા. હરિજીવનદાસ સંશોધિત

# ॥ શ્રીહરિલીલામૃતમ્ - ૪ ॥

કળશ ૮, ૯, ૧૦

: સંપાદક :

**શાસ્ત્રી સંતવલ્લભદાસ** (PH.D, D.Litt)

વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવની ગાદીના સનાતન ધર્મ માર્તણ્ડ

**પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી**ની

આજ્ઞાથી

**॥ પ્રસિદ્ધ કર્તા ॥**

વડતાલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ વતી

**મુખ્ય કોઠારીશ્રી શા. સ્વા. શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી**

**પ.પૂ.સ.ગુ. કો. શ્રી નંદકિશોરદાસજી સ્વામી**

**॥ શ્રીહરિલીલામૃતમ્ ॥**

**પ્રકાશક તથા સર્વ હક્ક :**

શ્રી સ્વામિનારાયણ મંદિર, સંસ્થાન-વડતાલ.

મુ.પો.વડતાલ. તા. નડીયાદ,

જી. ખેડા પીન : ૩૮૭૩૭૫ (ગુજરાત)

**પ્રકાશન તિથી :** સં. ૨૦૭૫, કાર્તિકી સમૈયો,
તા. ૧૭ થી ૨૩ નવેમ્બર-૨૦૧૮
શ્રી સ્વામિનારાયણ મંદિર, સંસ્થાન-વડતાલ
શ્રી વચનામૃત દ્વિશતાબ્દિ મહોત્સવ સં. ૨૦૭૬ ઉપક્રમે

**આવૃત્તિ :** પંચમ્

**પ્રત :** ૩૦૦૦

**પડતર કિંમત :** રૂા. ૪૫૦/- (ભાગ : ૧ થી ૪)

**સૌજન્યને આભારી વેચાણ કિંમત :** રૂા. ૩૦૦/-

**ISBN :** 978-81-939354-4-6

**પ્રાપ્તિ સ્થાન :** શ્રી સ્વામિનારાયણ મંદિર, વડતાલ-૩૮૭૩૭૫.
તા. નડીયાદ, જી. ખેડા. (ગુજરાત)
ફોન : ૦૨૬૮ - ૨૫૮૯૭૨૮/૭૭૬

**મુદ્રક :** શ્રીજી આર્ટ, અમદાવાદ.

(૦૭૯) ૨૬૪૪૧૫૨૨, ૭૬૦૦૦૨૬૬૮૬, ૯૮૭૯૬૦૬૬૮૬

**E-mail :** shreejiart@gmail.com, **Web :** www.shreejiarts.org

॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

अक्षराधिपतिं दिव्यं षडैश्वर्यसमन्वितम् ।
वन्देऽहं स्वेष्टदेवं तं स्वामिनारायणं प्रभुम् ॥



શ્રી હરિકૃષ્ણ મહારાજ - વડતાલધામ

सर्वावतारधर्तारं भुक्तिमुक्तिप्रदायकम् ।
वन्देऽहं स्वेष्टदेवं तं हरिकृष्णं मनोहरम् ॥



શ્રીહરિલીલામૃત ગ્રંથકર્તા
વડતાલ ગાદીના તૃતીય આચાર્ય
## પ.પૂ.ધ.ધુ.શ્રી વિહારીલાલજી મહારાજ



વડતાલવાસીશ્રી લક્ષ્મીનારાયણદેવની ગાદીના
પરમ પૂજ્ય સનાતન ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય મહારાજ
**શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી - વડતાલ.**

# સમર્પણમ્



વડતાલ મંદિરના મુરબ્બી મહાત્મા મહાન કોઠારી, શ્રીહરિલીલામૃત ગ્રંથને
સૌ પ્રથમ છપાવી પ્રસિદ્ધકર્તા તથા શ્રી સત્સંગ મહાસભાના પ્રમુખશ્રી

**પા.ગોર્વધનદાસ દયાળજી**

# સમર્પણ

‘‘શ્રી હરિલીલામૃત’’ શ્રી હરિલીલાથી ભરપુર છે. જે આચાર્ય પ્રવરશ્રી ધર્મધુરંધર શ્રી વિહારીલાલજી મહારાજે રચાવેલું છે. દૈવયોગે શ્રી વિહારીલાલજી મહારાજના અંતર્ધાન થયા બાદ તત્સ્થાને આચાર્યશ્રી લક્ષ્મીપ્રસાદજી મહારાજના સમયમાં જેઓએ વિદ્વાનોની સહાયતાથી સૌ પ્રથમ વિક્રમ સંવત ૧૮૬૩ માં છપાવીને આ શુભ ગ્રંથ જેઓએ પ્રસિદ્ધ કર્યો હતા તે હતા **મુખ્ય કોઠારી ગોવર્ધનદાસ દયાળજી-વડતાલ.**

આદિ આચાર્યશ્રી પ.પૂ.ધ.ધુ. શ્રી રઘુવીરજી મહારાજથી લઇ પાંચમાં આચાર્ય શ્રી શ્રીપ્રતિપ્રસાદજી મહારાજ સુધી વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણ દેવ મુખ્ય કોઠારીશ્રી તથા સમસ્ત સત્સંગની સત્સંગ મહાસભાના પ્રમુખ તરીકે વરસો સુધી સેવા આપનાર તથા મહાયોગીવર્ય સદ્‌ગુરૂ ગોપાળાનંદ સ્વામી, સદ્‌ગુરૂ નિત્યાનંદ સ્વામી, સદ્‌ગુરૂ ગુણાતીતાનંદસ્વામી, સદ્‌ગુરૂ શુકાનંદમુનિ, સદ્‌ગુરૂ પવિત્રાનંદમુનિ, સદ્‌ગુરૂ અદ્‌ભૂતાનંદ સ્વામી, સદ્‌ગુરૂ ભુમાનંદમુનિ, સદ્‌ગુરૂ મંજુકેશાનંદ સ્વામી જેવા શ્રીજી મહારાજના નંદ સંતોનો જેમણે અતિશય રાજીપો મેળવ્યો હતો. તથા જેમણે સદ્‌ગુરૂ નારાયણદાસસ્વામી (જુનાગઢ) પ.ભ. વનાશા હેમરાજ શાહ શેઠ (ગઢડા, સુંદરીયાણાવાળા) તથા ભકતરાજ કોઠારી ભીમજીભાઇ ભગવાનજી (ગઢડા) ને તથા ધોલેરાના કોઠારી રૂપસંગ ભગતને સતત માર્ગદર્શન આપી દેવદ્રવ્ય તથા શ્રી ગોપીનાથજી મહારાજ, શ્રીરાધારમણ દેવ, શ્રી મદન મોહનજી મહારાજના કિંમતી સોના - ચાંદી ઝર - ઝવેરાતના ખજાનાનું આજીવન પર્યંત રક્ષણ કરવામાં તત્પરતા દાખવી છે તથા બાલ્યવયમાં સ્વગૃહે પિતા દયાળજી દ્વારા ઉપાર્જીત પોતાના ભાગ આવતી મિલકતનો તમામ ભાગ સોનું, ચાંદી - જમીન ઘરશ્રી લક્ષ્મિનારાયણ દેવને સમર્પિત કરી જેઓએ સતત શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની મુખ્ય ગાદીના અમાત્ય તરીકે ૬૦ ઉપરાંત વર્ષો સુધી સેવા આપી હતી તથા આ સદ્‌ગ્રંથ ‘‘શ્રીહરિલીલામૃતમ્’’ આચાર્ય પ્રવરે કવિશ્વર શ્રી દલપતરામ પાસે ગુંથાવ્યો પરંતુ વડતાલ મંદિર તરફથી છપાવી સૌ પ્રથમ પ્રસિદ્ધ કરવાનું ઉત્તમ પુણ્યકાર્ય શ્રી કોઠારી ગોર્વધનદાસજીએ કર્યુ હતું તથા આચાર્યવર્યશ્રીવિહારીલાલજી મહારાજે શ્રીહરિનાં પ્રસાદીભૂત કપડા, રજાઈ, મુગટ, અમૂલ્ય ઘરેણાં, શ્રીજી મહારાજની ડાઢ, અનેક જોડી નખ, કેશ, શ્રીહરિના અસ્થિ,પ્રસાદીની મૂર્તિઓના બ્લોકો વિગેરે અનેક પ્રસાદીની ચીજો સંગ્રહિત કરવાનો શુભ સંકલ્પ કરી જેનું ખાત મૂર્હુત નાદુરસ્ત તબિયતના કારણે કોઠારી ગોવર્ધનદાસ પાસે કરાવ્યું હતું તે અક્ષરભુવનના પાયા ખોદાવ્યા અને આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ વિક્રમ સંવત્ ૧૯૫૫ ભાદરવા સુદ-૮મે ધામમાં પધારતા બાકી રહેલ અક્ષરભુવનના તમામ ત્રણેય માળનું ફરતી પ્રસાદીની ચીજવસ્તુઓ ગોઠવીને રૂડામાં રૂડુ કરાવ્યું હતુ તે કો.શ્રી ગોર્વધનદાસજીએ ૯૬ વર્ષની ઉંમરે વડતાલના મહાન સ.ગુ.પવિત્રાનંદજીએ બંધાવેલ સભામંડપના બીજા માળે વિક્રમ સંવત્ ૧૯૭૬ના જેઠ વદ-૬ ના રોજ ધામમાં પધાર્યા હતા. કોઠારીશ્રી ગોરધનદાસનો અગ્નિ સંસ્કાર ‘‘જ્ઞાનબાગ’’ દરવાજાની બહારના ભાગે શ્રી શુકાનંદ સ્વામીના અગ્નિસંસ્કાર ઓટાની બાજુમાં કરાવેલ છે, જેના દર્શન પુણ્યે શ્રીહરિનો રાજીપો પ્રાપ્ત થશે એવા પંચવર્તમાને યુકત **મહાત્મા મુરબ્બી કોઠારી શ્રી ગોવર્ધનદાસ દયાળજી**ને વિ.સં. ૨૦૭૫, કારતક સુદ-૯, તા. ૧૭-૧૧-૨૦૧૮ થી પરંપરાનુસાર ઉજવાતા કાર્તિકી સમૈયામાં સાદર સમર્પણ કરીએ છીએ.

**લી.** શા. નૌતમપ્રકાશદાસ - પ્રમુખ, સત્સંગ મહાસભા
શ્રી સ્વામિનારાયણ મંદિર સંસ્થાન - વડતાલ

## હાર્દિક અભિનંદન

સર્વાવતારી પુરુષોત્તમનારાયણના દિવ્ય આત્યંતિક મોક્ષપ્રદ ચરિત્રોથી સભર પ.પૂ.ધ.ધૂ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ વિરચિત આ **'શ્રીહરિલીલામૃતમ્'** ગ્રંથ **ચતુર્થ** ભાગનાં પ્રકાશનકાર્યમાં;

આરાધ્ય ઈષ્ટદેવ વૃત્તાલય વિહારી **શ્રી હરિકૃષ્ણ મહારાજ** તથા **શ્રીલક્ષ્મીનારાયણ આદિક દેવો**ની પ્રસન્નતાર્થે

સદ્ગુરુશ્રી મુક્તાનંદ સ્વામીની પરંપરાના સંત

**'અ.નિ.બ્રહ્મનિષ્ઠ સ.ગુ. કો. શ્રી નંદકિશોરદાસજી સ્વામીની પુણ્ય સ્મૃતિમાં'**

તેમના સેવક એવં વડતાલધામ મંદિરના

મુખ્યકોઠારી પ.પૂ.સ.ગુ. શા. શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામીના સેવક

આ.કો. ડૉ. શા. શ્રી સંતવલ્લભદાસજી સ્વામીની શુભ પ્રેરણાથી

**શ્રીમતી સંધ્યાબેન શિરીષચંદ્ર ચુનીલાલ જોષી**

વડોદરા

સમસ્ત પરિવારનો આર્થિક સહયોગ પ્રાપ્ત થયો છે.

આ અવસરે શ્રીહરિજી મહારાજ આ પરિવારનું મંગલ વિસ્તારો એ જ હાર્દિક પ્રાર્થના.

**– સત્સંગ કૃપાભિલાષી સા.પૂર્ણવલ્લભદાસના**
**જય શ્રી સ્વામિનારાયણ.**

# અનુક્રમણિકા

# ॥ શ્રીહરિલીલામૃતમ્ ॥

## ભાગ - ૪




## કળશ - ૮


| વિશ્રામ | લીલા | પેજ નં. |
|---|---|---|
| ૧ | વડતાલથી ગઢડા પધારતા. ત્યાં આવેલા અમદાવાદના ભક્તોની પ્રાર્થનાથી ત્યાં તેમને મંદિર કરવાની અભ્યનુજ્ઞા આપતાં, ત્યાં આનંદાનંદ મુનિએ તૈયાર કરેલા મંદિરમાં શ્રી નરનારાયણની પ્રતિષ્ઠા કરવાની કંકોત્રી આવવાથી શ્રીહરિનું ત્યાં ભક્તસંઘ સાથે પધારવું વગેરે. | ૧ |
| ૨ | કાંકરીયાને કાંઠે તંબુમાં ઊતરેલા શ્રીહરિની પૌરજનોએ ભવ્ય સામૈયા સાથે સન્મુખ આવીને બહુ ધામધૂમથી કરેલી પુરમાં પધરામણી. અને પુરમાં પધારેલા શ્રીહરિએ કરેલી યથાવિધિ શ્રી નરનારાયણ દેવની પ્રતિષ્ઠા. અને તેને અંગે કરેલી વિપ્રોની ચોરાશી અને શ્રીહરિનું જેતલપુર ગણેશ-ધોળકા થઈ અનુક્રમે દુર્ગપુર પધારવું વગેરે. | ૭ |
| ૩ | વડતાલના ભક્તોની પ્રાર્થનાથી ત્યાં મંદિરનું ખાતપૂજન કરવાના વિચારથી શ્રીહરિનું દુર્ગપુરથી નીકળીને ઉગામેડીએ આવવું. ત્યાં | ૧૩ |

રાત્રીએ તારાગણસહિત ચંદ્રમાનું શ્રીહરિદર્શનાર્થે આવવું. ત્યાંથી કારીયાણી પધારતાં બાળ જોઈતા ખાચરે એક કેરી માટે સોનાની ઉતરી શ્રીહરિને આપી દેતાં શ્રીહરિએ કરેલી જીવના અજ્ઞાનસ્વરૂપની સિદ્ધાંતમાં વાર્તા. ત્યાં વેરાભાઈએ વગર પૂછે દાતણ લેતાં તેમને પ્રાયશ્ચિત પ્રદર્શાવીને ધર્માર્થે અલ્પ પણ કોઈની ચોરી નહિ કરવાનો શ્રીહરિએ આપેલો ઉપદેશ વગેરે.

૪ શ્રીહરિ કારીયાણીથી સુંદરીયાણા થઈ જેતલપુર પધારતાં. ત્યાં થયેલી સભામાં જીવના અવળા સ્વભાવ વિષે શ્રીહરિએ કરેલી એક વાદીએ રાખેલા સર્પ, માંકડું અને બકરાની વાત અને ત્યાંથી મહેમદાવાદ થઈ શ્રીહરિનું વડતાલ પધારવું. ૧૫

૫ ત્યાં શ્રીજીએ કરેલો હરિનવમીનો મહોત્સવ તથા એક દિવસે ગોમતીતટે થયેલી સભામાં આવેલા વાનરપાસે માળા ફેરવાવીને રામકથાની ચોપાઈ બોલાવાનો બતાવેલો દિવ્ય ચમત્કાર. તથા ત્યાં આવેલા નાગડા બાવાઓને ત્યાગીધર્મનો ઉપદેશ આપતાં કેટલાકે કરેલો શ્રીજીનો સમાશ્રય અને પ્રસંગાત્ દષ્ટિ નિયમમાં રાખવાનો આપેલો સર્વને ઉપદેશ વગેરે. ૧૯

૬ ત્યાંના સત્સંગી સમાજની સંપ્રાર્થનાથી ત્યાં મંદિર કરવા યોગ્ય ઉત્તમ જાયગા નક્કી કરી, કેવું કરવું તેનું પણ ચિત્ર શિલ્પીઓ પાસે તૈયાર કરાવી. વેદિયા (બ્રાહ્મણ) બોલાવી પૂજા સામગ્રી તૈયાર કરાવી ધામધૂમથી કરેલી ખાતપૂજા, તથા મંદિર નિર્માણ કાર્યમાં બ્રહ્માનંદમુનિ, અક્ષરાનંદ મુનિ અને આનંદાનંદ મુનિની કરેલી નિમણૂંક. ૨૩

૭ મંદિરમાં પધરાવવાની મૂર્તિઓ બનાવવાની કરેલી નારાયણજીભાઈને શ્રીહરિએ આજ્ઞા. અને મંદિર નિર્માણમાં સહાયી થવાની કરેલી તે ગામના પટેલ પગી વગેરેને શુભ ભલામણ વગેરે. ૩૦

૮ મંદિરોપયોગી સર્વ વસ્તુઓની સંભાળ રાખવાની કરેલી હળદળના હરિભક્ત હરિભાઈ - સસુતને ભલામણ. તથા રાજદ્વારી કાર્ય વિષે કરેલી મહુધાના અમીન અજુભાઈ વગેરેને ભલામણ, તથા એક ૩૫

એક માસ વડતાલમાં તપાસ માટે રહેવાની કરેલી કાશીદાસ વગેરે કેટલાક ભક્તોને ભલામણ, તથા ફરતાં ગામોનાં ભક્તોને બોલાવીને કરેલી ગાડાં વગેરેની ભલામણ. આ રીતે મંદિર નિર્માણનો આરંભ કરાવીને શ્રીહરિનું ગઢપુર પધારવું.

૯ ગઢપુરમાં રહેલા શ્રીહરિએ ચાતુર્માસમાં ભારતાખ્યાનનું શ્રવણ કરતાં કહેલી સર્વેને સચ્છાસ્ત્ર શ્રવણની આવશ્યક્તા. ત્યાંથી વળી વડતાલ પધારી બહુ ઝડપથી ચાલતું મંદિર કાર્ય જોઈને અક્ષરાનંદ મુનિને આપેલી શાબાશી. અને ત્યાંથી બામરોલી પધારી કરેલો રંગખેલ અને વડતાલથી કરેલું ગઢપુર પ્રયાણ વગેરે. ૩૮

૧૦ ભુજનગરના ભક્તોની પ્રાર્થનાથી ત્યાં મંદિર કરવા વૈષ્ણવાનંદ મુનિને મોકલીને, ત્યાં મંદિર તૈયાર થયાના સમાચાર જાણી ત્યાગી - ગૃહી ભક્તો સાથે અનુક્રમે ભૂજ પધારીને શ્રીહરિએ કરેલી યથાવિધિ નરનારાયણની પ્રતિષ્ઠા. અને ત્યાંથી અનેક ગામોમાં વિચરતાં વિચરતાં દુર્ગપુર પાછું પધારવું. ૪૨

૧૧ વડતાલથી અક્ષરાનંદ મુનિએ મદદ માટે મુનિમંડળ મોકલવાનો વિનંતીપત્ર મોકલતાં ત્યાં અદ્ભુતાનંદ મુનિને મોકલીને પોતે ત્યાં કરેલો વસંતોત્સવ. ત્યાંથી વળી વડતાલ પધારીને કરેલો જ્ઞાનબાગમાં ફૂલદોલોત્સવ અને હરિનવમી મહોત્સવ. તથા મુક્તાનંદ નિત્યાનંદને શ્રી લક્ષ્મીનારાયણની મૂર્તિઓ લાવવા વટપત્તન જવાની આજ્ઞા આપીને શ્રીહરિનું ગઢપુર પધારવું. ૪૪

૧૨ સાથેના કાઠી ગરાશિયાને પ્રબોધની ઉપર સમિત્ર સપરિવાર વડતાલ આવવાનું કહેવાપૂર્વક સ્વસ્વગ્રામે જવાની આપેલી આજ્ઞા. અને વટપત્તન મોકલેલા મુનિઓનું શ્રીજીપ્રતાપથી શ્રી લક્ષ્મીનારાયણની મૂર્તિઓ લઈને વડતાલ આવવું વગેરે. ૪૮

૧૩ અક્ષરાનંદ મુનિએ ભાવભરિત પત્રથી મંદિરની તૈયારી જણાવતાં બહુ પ્રસન્ન થયેલા શ્રીહરિએ પ્રતિષ્ઠાનું મુહૂર્ત જ્યોતિષી દ્વારા નક્કી કરીને તે વિષયનો વડતાલ લખેલો સર્વ સામગ્રી તૈયાર કરવાની ભલામણ સાથેનો પ્રત્યુત્તર વગેરે. ૫૩

| | | |
|---|---|---|
| ૧૪ | શ્રીહરિનો પત્ર વાંચવાથી પ્રસન્ન થયેલા મુનિ તથા હરિજનોએ મળીને હરિનામથી લખેલી દેશદેશમાં કંકોતરીઓ. તથા શ્રીહરિએ પણ ગઢડાથી દેશદેશમાં લખેલી કંકોતરીઓ. તથા વડતાલના હરિજનોએ શ્રીહરિ ઉપર લખેલી કંકોતરી તથા તે વાંચીને થયેલા શ્રીહરિએ કુંડમંડપ કરવા મોકલેલા નિષ્કુળાનંદ મુનિએ વેદિયા વિપ્રોને મળીને યથાશાસ્ત્ર કરેલો ઉત્તમ કુંડ તથા મંડપ વગેરે. | ૫૭ |
| ૧૫ | દુર્ગપુરમાં વિરાજમાન ભગવાને પ્રતિષ્ઠાર્થે વડતાલ જવાની તૈયારી કરવાની ત્યાગી ગૃહી સર્વ ભક્તોને કરેલી ઉપયોગી ભલામણ વગેરે. | ૬૪ |
| ૧૬ | કંકોતરીઓ વાંચીને તૈયાર થયેલા ગામગામના ભક્તસંઘોનું વરતાલ જવા માટે દુર્ગપુરમાં ક્રમથી આવવું. | ૬૯ |
| ૧૭ | અશ્વાદિ વાહનો તૈયાર કરી વડતાલ જવા નૃપદ્વારમાં આવી રહેલા દેશદેશનાં બાઇ - ભાઇ ભક્ત સંઘો સાથે દિવ્ય વસ્ત્ર વિભૂષણ ધારીને માણકી ઘોડી ઉપર અશ્વાર થયેલા ભગવાનનું ચૌટામાં નીકળવું અને તે સમયની ભવ્ય અશ્વારીનું કરેલું વર્ણન વગેરે. | ૭૪ |
| ૧૮ | તે સમયની દુર્ગપુરની બહુ શોભાનું કરેલું વર્ણન અને વડતાલ આવવા શ્રીજી સાથે જોડાએલાં દુર્ગપુરીય બાઇ ભાઇ ભક્તસંઘોનાં કહેલાં નામો વગેરે. | ૮૧ |
| ૧૯ | દુર્ગપુરથકી અશ્વારીમાં ધામધૂમથી અનેક ભક્તસંઘો સાથે નીકળેલા ભગવાનનું અનુક્રમે સાભ્રમતી નદી તટે આવવું વગેરે. | ૮૬ |
| ૨૦ | તે સમયની ચારુતર પ્રાંતની ભવ્ય ભૂમિનું કરેલું વર્ણન. સોજીતરે પધારેલા ભગવાનનું ત્યાંના ભક્તોએ કરેલું આતિથ્ય. ત્યાંથી મેળાવ્ય (મહેળાવ) આવતાં વડતાલથી ભવ્ય સામૈયું લઇને સંત - સત્સંગીઓનું સન્મુખ આવવું, વટપત્તનના નરેશે નારુપંતને લઇને મોકલેલી સ્વારીમાં શોભતા અલંકૃત ગજરાજ ઉપર શ્રીહરિએ કરેલી સવારી વગેરે. | ૯૨ |

૨૧ તે સમયે અનુક્રમે ગોઠવાયેલી સર્વોત્તમ અશ્વારીનું કરેલું વર્ણન. ૯૬

૨૨ તે સમયે શ્રીહરિની વિશેષ સેવા સજવા ચારુતર પ્રાંતમાં આવી વસેલા વસંતાદિ છ ઋતુઓની શોભાનું કરેલુ સુંદર વર્ણન. અશ્વારી સાથે શ્રીહરિનું વૃત્તાલય નજીક સાવજી કૂવે પધારવું અને ત્યાં સન્મુખ ગયેલા અનેક ભક્તસંઘોનું મળવું વગેરે. ૧૦૩

૨૩ વૃત્તાલયનો ભપકો જોતાં જોતાં અશ્વારી સાથે શ્રીહરિનો પુરમાં થયેલો પ્રવેશ. મંદિરદ્વાર આગળ આવી ગજ ઉપરથી ઉતરીને સભામંડપમાં પાટ ઉપર બિરાજવું. સાથે આવેલા ભક્તસંઘોને ઉતારાદિ આપવાની ગામના ભક્તોને કરેલી ભલામણ અને પછી શ્રીહરિએ કરેલું મંદિર, કુંડ, મંડપ, મૂર્તિઓ વગેરેનું નિરીક્ષણ વગેરે. ૧૧૨

૨૪ સાંજની થયેલી મહાસભામાં વિરાજમાન ભગવાનની પાસે મન જીતીને કાકડી લઇ આવેલા મહુડીયાપરાના શલુક પગીની વાત થતાં શ્રીહરિએ કરેલો મન જીતવા વિષે ઉપદેશ. તથા સંધ્યાવેળા થતાં આરતી ધૂન્ય કરીને પછી કરેલી ધર્મજ્ઞાનની વાર્તાઓ. તથા રાત્રિએ મહાંત સદ્‌ગુરુઓને બોલાવીને સંઘના જનો વગેરેની સંભાવના કરવાની કરેલી ભલામણ. તથા બીજે દિવસ મંડપમાં પધારી પ્રતિષ્ઠાને અંગ કરેલું વેદિયા વિપ્રોનું વરણ તથા પૂજન વગેરે. ૧૨૦

૨૫ પ્રતિષ્ઠાને અંગે પુરશ્ચરણ નિમિત્તે વિશેષપણે વરેલા વિપ્રોનાં કહેલાં ગામવાર નામો તથા તેમનું કરેલું પૂજન વગેરે. ૧૨૫

૨૬ પીઠોમાં સ્થાપેલા દેવોની કરેલી પૂજા તથા તે સમયે શ્રીહરિએ સર્વને આપેલાં અનેક દિવ્યરૂપે અદ્‌ભૂત દર્શન તથા પ્રતિષ્ઠાને અંગે અગ્નિઆદિકનું પૂજન કરીને અને મૂર્તિઓનું સ્નાન પૂજનાદિક કરીને કરેલું મંદિરનું અધિવાસનાદિક શાસ્ત્ર દષ્ટ કર્મ વગેરે. ૧૩૧

૨૭ પ્રતિષ્ઠાની વિશેષ વાત કહેતાં મધ્યમંદિર શિખરે કળશ, ધ્વજ ચઢાવીને, દક્ષિણ મંદિરે ધ્વજ ચઢાવવામાં સુરતી સંઘ અને વડોદરા સંઘને પરસ્પર બહુ મમતી વિવાદ થતા, શ્રીહરિ પાસે તે વાત જતાં ૧૩૬

બ્રહ્માનંદ અને નિત્યાનંદમુનિને મોકલીને તે દ્વારા હિત સમજાવીને કરેલું ઉત્તર દક્ષિણ મંદિરે ધ્વજપતાકાદિ આરોપણ વગેરે.

૨૮ દ્વાદશીએ હોમ કરી શ્રી લક્ષ્મીનારાયણાદિ મૂર્તિઓ ઉપર અભિષેક કરી, પૂજા કરીને મંદિરમાં કરેલી તેમની યથાવિધિ યથાસ્થાન પ્રતિષ્ઠા. તથા ષોડશ ઉપચારો વડે પૂજા કરી શણગાર ધરીને ધામધૂમથી શ્રીહરિએ કરેલી મહાઆરતી. પછી મુક્તાનંદાદિ સંતમંડળે કરેલી તે શ્રી લક્ષ્મીનારાયણાદિકની સ્તુતિ પ્રાર્થના. ૧૪૩

૨૯ શ્રી લક્ષ્મીનારાયણાદિકે કરેલી હરિસ્તુતિ, તથા પૂર્ણાહુતિનો હોમ કરી વિપ્રોને બહુ દક્ષિણા આપી ગોમતીમાં અવભૃથ સ્નાન કરી, મંદિરમાં પધારીને સભામાં શિલ્પીજનોને આપેલો ભારે શિરપાવ વગેરે. ૧૫૩

૩૦ વળી, મહાસભામાં ઉન્નત સિંહાસનમાં વિરાજીને શ્રીહરિએ કહેલો શ્રી લક્ષ્મીનારાયણાદિક દેવોનો મહિમા. તથા તે પ્રસંગથી દેવપૂજક વર્ણીના કહેલા ઉપયોગી ધર્મો. તથા વટપત્તનના નારુપંતાદિ ભક્તોની પ્રાર્થનાથી ત્યાં સભા જીતવા મુક્તાનંદ મુનિનું મોકલવું વગેરે. ૧૫૭

૩૧ વડતાલમાં ધ્વજા ચઢાવતાં થયેલા વિવાદમાં શ્રીહરિનું વચન સ્વીકારવાથી પ્રસન્ન થઈને આપેલા વરદાનનું અનુસ્મરણ કરીને શ્રીહરિનું સુરત જવા માટે વડતાલથી નીકળવું. ત્યાંથી બોચાસણ, દેવાણ, કારેલી, ગજેરા, અણખી, આમોદ, બુવા, કેલોદ, ભરુચ, અંકલેશ્વર, કોસાડ થઈ કાપોદરે આરે તાપી નદી ઉતરીને તેના તટમાં આવેલા રુસ્તમ બાગમાં શ્રીહરિએ કરેલો ભક્તસંઘ સાથે નિવાસ. ૧૬૧

૩૨ સુરતમાં પધાર્યાના સમાચાર સાંભળતાં જ ત્યાંના ભાવિક ભક્તોએ બાગમાં આવીને કરેલું આતિથ્ય. અરદેસરના પત્રથી રવિવારે શહેરમાં પધારવાનો કરેલો ઠરાવ. ત્યાં રહીને શ્રીહરિએ કરેલા નીલકંઠ અશ્વિનીકુમાર રામાનાથાદિ મહાદેવનાં દર્શન. તે બાગમાં જ નિષ્કુળાનંદે બાંધેલા હિંડોળામાં ઝૂલીને સભામાં બિરાજમાન થતાં. ત્યાં આવેલા પૌરના ભક્તોને સંપ રાખવા વિષે કરેલી શુભ વાર્તા અને શહેરમાંથી ભવ્ય અશ્વારીનું ત્યાં આવવું વગેરે. ૧૬૬

૩૩ સ્વયં શ્રીહરિએ માણકીએ અશ્વાર થઈ અશ્વારી સાથે ધામધૂમથી કતાર ગામ ભણીની ભાગોળે થઈને રાજમાર્ગથી લાલકૃષ્ણની વાડીમાં આવીને કરેલો ઉતારો. તથા પૌરના ભક્તોએ સપરિવાર શ્રીહરિનું કરેલું ઉત્તમ આતિથ્ય. એક દિવસે કરેલો સ્વપર શાસ્ત્રીઓની સભા કરાવીને પરસ્પર ચર્ચા કરતાં થયેલો શ્રીહરિનો વિજય. તથા નવાબ સાહેબે બહુ ભાવથી ધામધૂમપૂર્વક પોતાની વાડીમાં કરેલી શ્રીહરિની પધરામણી તથા પિરુશાએ કરેલી પોતાને ત્યાં પધરામણી વગેરે. ૧૭૨

૩૪ વળી, જિલ્લા જજ ઍંડરસને, સેમર સાહેબે અને એરણ સાહેબે ભક્તિભાવથી પોતાની વાડીનાં બંગલામાં કરેલી પધરામણી. તથા બીજા પુરવાસી અરદેશર આદિક ભક્તોએ કરેલી સ્વસ્વગૃહે પધરામણી. એ રીતે સુરતના ભક્તોને દર્શનાદિ મહાસુખ આપીને યથાપૂર્વ અશ્વારી સાથે શ્રીહરિનું શહેરમાંથી નીકળીને રુસ્તમ બાગે આવવું વગેરે. ૧૭૬

૩૫ ત્યાં વળાવવા આવેલા ભક્તોની સભામાં અરદેશરને પોતાની પાઘ આપીને ત્યાંથી કોશાડ, અંકલેશ્વર, ભરુચ, કેલોદ, આમોદ, કારેલી, બદલપુર, ખંભાત, ગુડેલ, ધોલેરા, કારિયાણી આદિક ભક્તોનાં ગામોમાં રહેતા રહેતા શ્રીહરિનું દુર્ગપુર પધારવું. ૧૮૦

૩૬ દુર્ગપુરમાં વિરાજમાન ભગવાને સુતાર નારાયણજીભાઈ પાસે ધાતુની નવ ચિત્રપ્રતિમાઓ કરાવી, તેને કાગળ ઉપર છપાવીને, સર્વને આપીને કરેલો તેને પૂજવાનો ઉપદેશ. તથા પોતાની આજ્ઞાથી ગોમતી ખોદવાનું ધમધોકાર કામ કરાવતા અક્ષરાનંદ મુનિએ લખેલા પત્રનો આપેલો પ્રત્યુત્તર. તથા એક દિવસે દ્વારિકા યાત્રાનું માહાત્મ્ય કહેતાં તદર્થે ઉત્કંઠા પામેલા ધર્મવંશીઓનું સચ્ચિદાનંદ મુનિ સાથે દ્વારકા પ્રતિ મોકલવું વગેરે. ૧૮૬

૩૭ દ્વારિકા યાત્રાર્થે પ્રવર્તેલા ધર્મવંશીઓ સાથે ગયેલા સચ્ચિદાનંદ મુનિને ત્યાંના ગુગળીઓએ વિત્ત વિના ગોમતી સ્નાન તપ્તમુદ્રા કૃષ્ણદર્શન નહિ થવા દેતાં, અંતે શ્રીકૃષ્ણની સ્તુતિ કરવાથી પ્રસન્ન થયેલા તેમણે મુનિને આપેલું વૃત્તાલયમાં સપરિવાર પધારવાનું વરદાન વગેરે. ૧૯૦

૩૮ ઉત્તમ રાજાને ભટવદર બીજી વાર સકારણ પરણાવવાનું નિશ્ચિત થતાં શુભ લગ્નમાં બહુ ધામધૂમથી નીકળેલી મોટી જાનમાં શ્રીહરિનું પણ હરિજન હિતાર્થે પરિમિત સંત પાર્ષદ સાથે માણકી ઉપર બેસીને જોડાવું. ગઢપુરથી નીકળી રળીયાણા ગુંદાળા થઈ માલપરે પધારતાં ત્યાંના પટેલ કરશને જાનસહિત શ્રીહરિની કરેલી ભક્તિહર્ષથી સારી સંભાવના. ૧૯૫

૩૯ ત્યાંથી લોકકલ્યાણ કારણે નીકળીને પાટણા, ઢસા, મેથલી, ઈંગોરાળા, એકલેરા થઈ ક્રાંકશ પધારતાં શ્રીહરિએ દાદાખાચરને રથમાં બેસારીને સ્વયં સારથિપણું સ્વીકારીને પ્રદર્શાવેલી ભક્તવત્સલતા. ત્યાંથી કેરાળા ધાર થઈ પીઠવડી પાસે આવતાં ત્યાંના ભવ્ય સામૈયું લઈ સન્મુખ આવેલા ભાવિક ભક્તસમાજની સાથે ધામધૂમથી શ્રીહરિએ પુરમાં પધારીને તેમની સેવા સ્વીકારવા, કરેલો ત્યાં જાન સાથે જ રાત્રિ નિવાસ. ૨૦૧

૪૦ ત્યાંથી ગાધકડા, ગોરડકા, મેરીયાણા, ભમરગામ, ઘાંણલા થઈને જાન સહિત શ્રીહરિનું રાજુલાએ પધારવું. ૨૦૬

૪૧ ત્યાંના ભક્તોને દર્શનાદિ સુખ આપીને, ત્યાંના વિપત્તિ પામેલા નાગદાસ સોનીની રક્ષા કર્યાની વાત તેના પૌત્રને કહીને ત્યાંથી બારપટોળી થઈ ભટવદર પધારતા. સન્મુખ આવેલા સામૈયા સાથે શ્રીહરિનું જાન સાથે પુરમાં પધારવું અને યથાકુળાચાર ધામધૂમથી યથાવિધિ થયેલી લગ્નક્રિયા. તથા બીજે દિવસે વરોઠી, વિપ્રાદિકને દક્ષિણાદાન, હાથગરણું વગેરે કરી પરવાર્યા પછી થયેલી સભામાં વિરાજમાન શ્રીહરિ આગળ ત્યાં આવેલા નાગદાન સોનીએ કરેલી બધી સ્વવાર્તા વગેરે. ૨૧૧

૪૨ નાગપાળવરુએ યથાપૂર્વ સત્કારથી વળાવેલી જાન સાથે સપરિજન નીકળેલા શ્રીહરિનું બારપટોળી, હિંડોરડા, રાજુલા, વાવેરા, ઘાણલા, ભમરગામ, મેરીયાણા થઈ ગાધડકે આવવું. ત્યાં પુનમતી ડોશીએ માનતાની ભેટમાં શ્રીહરિને ઠગતાં સર્વજ્ઞ ભગવાનની આગળ ઠગાઈ નહિ કરવા વિષે ઉપયોગી ઉપદેશ આપીને. ત્યાંથી ગાધકડા, પીઠવડી, ધાર, સાવર, લીલીયું, લુવારીયું, અકાળું, ૨૧૬

આસોદર, ભૂખરીયું, આંબરડી, ઢસા, માલપર થઈને શ્રીહરિનું ગઢડા પધારવું.


૪૩ યથાવરદાન વડતાલમાં વસવા નીકળેલા સપરિવાર દ્વારિકાધીશનું લોકોને સ્વપ્રમાં દર્શન દેતાં દેતાં દુર્ગપુર આવવું. તેમની સાથે જ સપરિવાર શ્રીહરિનું ફૂલદોલોત્સવ કરવા અનુક્રમે વડતાલમાં પધારવું વગેરે. ૨૨૨

૪૪ પધારેલા શ્રીહરિની સન્મુખ સામૈયું લઈ આવેલા ભક્તસંઘો સાથે પુરમાં પ્રવેશી, મંદિરમાં પધારી, દેવદર્શન કરીને હરિમંડપે ઉતરવું. એ જ અવસરે વાદીઓને જીતીને વટપત્તનથી ત્યાં આવેલા મુક્તાનંદ મુનિએ સમાચાર કહેતા કહેલો ત્યાંના મહારાજનો ભાવભરિત સંદેશો. બીજે દિવસે ધારુ તળાવ તટે પધારેલા શ્રીહરિએ તેને જોઈને જલદી વિશેષ ખોદાવવાની કરેલી અક્ષરાનંદ મુનિને આજ્ઞા. બીજે દિવસે સભામાં ગોમતી દ્વારામતી પ્રમુખ પરિવારે સહિત દ્વારકાધીશ શ્રીકૃષ્ણ લક્ષ્મીનારાયણ નામથી વડતાલ પધાર્યાની કરેલી વાર્તા. ભક્તો દ્વારા શીઘ્રતાથી ખોદાવતાં તૈયાર થયેલા ધારુ તળાવમાં કરેલી ગોમતીજીની ધામધૂમથી યથાવિધિ પ્રતિષ્ઠા અને સર્વબાઈ - ભાઈ ભક્તોને અપાવેલી તપ્ત મુદ્રાઓ અને ત્યાં કરેલી રંગક્રીડનલીલા વગેરે. ૨૨૬

૪૫ વળી વૃત્તાલયમાં વસેલા ભગવાને સીતારામને આપેલી ઉપવીત. તથા ત્યાંથી નીકળીને ભક્તોના માર્ગમાં આવતાં ગામોમાં રહેતા દુર્ગપુર પધારવું. તથા ત્યાં આવેલા ઝીણાભાઈની પ્રાર્થનાથી જૂનાગઢમાં મંદિર કરાવવા તેમની સાથે બ્રહ્માનંદ મુનિનું મોકલવુ. તથા ત્યાં આવેલા પુંજાભાઈની પ્રાર્થનાથી ધોલેરામાં મંદિર કરાવવા તેમની સાથે અદ્ભુતાનંદ મુનિ અને નિષ્કુળાનંદ મુનિનું મોકલવું. તથા આચાર્ય સ્થાપનનો વિચાર કરી દેશદેશમાં કંકોતરીઓ લખીને સપરિવાર શ્રીહરિનું અનુક્રમે વડતાલ પધારવું. ૨૩૨

૪૬ શ્રીહરિએ પોતા પાસે સદ્ગુરૂઓ તથા મોટા સત્સંગીઓને બોલાવી તેમની સંમતિ લઈને, ભ્રાતા રામપ્રતાપજીના પુત્ર અયોધ્યાપ્રસાદ અને ઈચ્છારામના પુત્ર રઘુવીરજીને દત્તવિધિથી પોતાના પુત્રપણે ૨૩૬

ગ્રહણ કરીને, દક્ષિણ ઉત્તર દેશ વિભાગ કરવાપૂર્વક યથાવિભાગ તેઓનો કરેલો આચાર્યપદમાં ધામધૂમથી અભિષેક. અને તેમના યથાવિભાગ આશ્રિતો પાસે ધનવસ્ત્રાદિકથી પૂજા કરાવીને મધ્યાહ્ને કરેલો ધર્મજન્મ મહોત્સવ.

૪૭ વળી, સાંજના સભામાં બિરાજીને શ્રીહરિએ કહેલી ત્યાગી - ગૃહી તથા બંને આચાર્યોને વર્તવાની શુભ રીતિ નીતિ વગેરે. ૨૪૨

૪૮ કાર્તિકી પૂર્ણિમાએ થયેલી સભામાં વિરાજમાન ભગવાનની સયાજીરાવ મહારાજના વતી નારુપંત મંત્રીએ વટપત્તન પધારવાની બહુ પ્રાર્થના કરતા ભગવાનનું સંત - પાર્ષદો સાથે નીકળીને સાંકરદા થઈ છાંણી ગામે પધારવું. ત્યાં રાજાએ સન્મુખ મોકલેલી ચતુરંગિણી સેનામાં શોભતા ગજરાજ ઉપર બિરાજીને વાજતે ગાજતે રાજમાર્ગથી શ્રીહરિનું પુરમાં પધારવું. સન્મુખ આવેલા તે મહારાજાએ દેવઘરમાં પધરાવી મસ્તુબાગમાં પહોંચાડીને કરેલું ઉત્તમ આતિથ્ય. બીજે દિવસે ધામધૂમથી દરબારમાં પધરાવીને રાજોપચારો વડે પૂજા કરીને રાજાએ યથાપૂર્વ વળાવેલા શ્રીહરિનું વડતાલમાં પધારવું. બીજે દિવસે બધા ભક્તોને સ્વસ્વદેશ જવાની આજ્ઞા આપીને, સ્વયં એકાકી રહી શિક્ષાપત્રી લખીને તેની અનેક પ્રતો લખાવી દેશ દેશ મોકલાવીને કહેલી તેના પાઠાદિકની આવશ્યકતા. ૨૪૮

૪૯ ત્યાં વસંતપંચમીનો કરેલો સમૈયો. ત્યાં દર્શનાર્થે આવેલા મછીયાવના તથા અમદાવાદના ભક્તોની એક સાથેની જ હઠભરેલી પ્રાર્થનાથી પ્રત્યેક બે રૂપે થઈને, બંને પુરે પધારીને શ્રીહરિએ કરેલો પુષ્પદોલોત્સવ. અમદાવાદથી કમીયાળા આવતાં ત્યાંના ભક્તોની પ્રાર્થનાથી ત્યાં ભાલદેશીય ભક્તસંઘની ભીડ્યમાં કરેલો હરિનવમી મહોત્સવ. તે ઉપર આવેલા અદ્‌ભુતાનંદ મુનિ અને પૂજાભાઈની પ્રાર્થનાથી ધોલેરામાં દેવપ્રતિષ્ઠાર્થે આવી વસવું. ૨૫૩

૫૦ ત્યાં પ્રતિષ્ઠા ઉપર આવેલા દત્તપુત્રોને શિક્ષાપત્રી આપી તે પ્રમાણે વર્તવા - વર્તાવવાની આજ્ઞા કરીને, ત્યાં શુભ મુહૂર્તમાં મદનમોહન શ્રીકૃષ્ણની યથાવિધિ બહુ ધામધૂમથી પ્રતિષ્ઠા કરીને શ્રીહરિનું દુર્ગપુર પધારવું. ૨૫૬

૫૧ દુર્ગપુરમાં ચાતુર્માસ રહેતાં કરેલા જન્માષ્ટમી, અન્નકૂટાદિ મહોત્સવો. પ્રબોધની ઉત્સવ વડતાલમાં કરવાનું નક્કી કરી, ત્યાંથી નીકળી સુંદરીયાણા આવતાં ત્યાં પોતા પાસે આવેલા ભૂતયોનિને પામેલાં પૂતનાએ મારેલાં વ્રજબાળકોની કરેલી મુક્તિ. ત્યાંથી વડતાલ પધારી તે મહોત્સવ કરીને શ્રીહરિનું દુર્ગપુર પાછું પધારવું. ૨૬૦

૫૨ ત્યાં શ્રીહરિએ ગોપાળજી તથા સુફળને પૂજવા આપેલી પાદુકાઓ અને બદરીનાથને યથાવિધિ આપેલી ઉપવીત. વળી, ત્યાંથી સપરિવાર નીકળી કારિયાણી, બરવાળા, ધોલેરા, વારણા, શીંજીવાડા થઈ વડતાલમાં પધારીને, વૃંદાવન, બદરીનાથ, સીતારામને પરણાવવા સરવાર દેશમાં મોકલવું વગેરે. ૨૬૩

૫૩ વડતાલમાં વસેલા ભગવાને મંદિરનું અપૂર્ણ કામ પૂર્ણ કરવાને પ્રસંગે ભક્તોને ભક્તિરીત બતાવવા માટે સ્વયં શ્રીહરિએ કરેલી તગારું આપવું, ઈંટો મસ્તકે લાવવી વગેરે ભક્તિ, અને નિર્માનપણે સાચી ભક્તિ કરનાર ઉપર પ્રદર્શાવેલી બહુ પ્રસન્નતા. વળી, ગોમતીને વિશેષ ગળાવવા ત્યાં રહેતાં આવેલી હરિનવમીનો મહોત્સવ કરી દુર્ગપુર પાછું પધારવું. ૨૬૮

૫૪ વળી, ત્યાંથી અનન્ય ભક્ત ફુલીબાની બહુ પ્રાર્થનાથી સંત પાર્ષદ પરિવાર સાથે અનુક્રમે કરમડ પધારીને શ્રીહરિએ કરેલો અન્નકૂટ મહોત્સવ વગેરે. ૨૭૧

૫૫ કરમડથી શીયાણી થઈ તાવીએ આવતાં શ્રીહરિએ વપન કરાવવાની કરેલી વિચિત્ર લીલા. આ અવસરે માનમૂર્તિ પૂર્ણાનંદ, નિર્વિકારાનંદને આવતાં કરેલી માનખંડનની વાર્તા. ત્યાંથી મછીયાવ થઈ અમદાવાદ પધારીને કરેલો પ્રબોધિની મહોત્સવ. ત્યાંથી જેતલપુર, મહેમદાવાદ, ડભાણ થઈ વડતાલ પધારતાં એ અવસરે આવેલા અયોધ્યાવાસીનો શ્રીહરિને થયેલો મેળાપ. ત્યાંથી ધોલેરા થઈ બરવાળા પધારતાં, શ્રીહરિનાં દર્શનમાત્રથી જ પ્રેમાતુર બનવાથી શ્રીહરિની પાછળ જ દુર્ગપુર વેગથી આવેલી રાધાબાઈનું સભામાં કહેલું આખ્યાન વગેરે. ૨૭૬

૫૬ દુર્ગપુરથી જીર્ણદુર્ગ પધારી ત્યાં શિવરાત્રીનો ઉત્સવ કરી પાછા દુર્ગપુર આવીને કરેલો પુષ્પદોલોત્સવ. તથા સપરિવાર ઉત્તમ રાજા આદિક દુર્ગપુરીય ભક્તોએ હરિનવમીનો સમૈયો દુર્ગપુરમાં જ કરવાનો આગ્રહ કંકોતરીઓ લખી મોકલવા સુધીનો કર્યો, પરંતુ શ્રીજીએ પ્રથમથી જ બે ઉત્સવો વડતાલમાં જ કરવાનો નિશ્ચય કરેલો હોવાથી છેવટે તેઓને સમજાવીને વડતાલમાં તે ઉત્સવ કરવા પધારવાની કરેલી તૈયારી. ૨૮૨

૫૭ ગઢપુરથી નીકળી કારીયાણી, ધોલેરા, કમીયાળા થઈ વારણાની વાટમાં આવેલા બુટદેવીના દેવળ આગળ વરખડાના વૃક્ષતળે ઉતરેલા શ્રીહરિએ જોરાભાઈ પાસે ટીંમણ માગતાં. બીજું કંઈ નહિ હોવાથી તેમણે બશેર સાકર આપતાં તેમાંથી એક ખોબો સૂરા ખાચરને પ્રસાદી આપતાં, તેમણે પક્ષપાત વિના પ્રત્યેકને તેમ જ (પ્રમાણે) આપવાનું મર્મવચન કહેતાં શ્રીહરિએ તેમાંથી બધા સંઘને તેટલી જ આપી છતાં પણ તેટલી જ અવશેષ રહેવાનો બતાવેલો અદ્ભુત ચમત્કાર. ત્યાંથી સીંજીવાડા થઈ વડતાલ આવતાં ત્યાં આવી રહેલા ભક્તસંઘોનું સન્મુખ સામૈયું આવતાં તેમની સાથે ધામધૂમથી પુરમાં પ્રવેશ કરીને કરેલો હરિનવમીનો મહોત્સવ. એ રીતે ભક્તસંઘને દર્શનાદિ સુખ આપીને અનુક્રમે પાછું દુર્ગપુર પધારવું. ૨૮૫

૫૮ જૂનાગઢ મંદિર તૈયાર થતાં ત્યાંના ભક્તોની પ્રાર્થનાથી ત્યાં ભક્તસંઘ સાથે પધારીને ભગવાને કરેલી યથાવિધિ રાધારમણાદિ દેવની પ્રતિષ્ઠા અને ત્યાંથી પાછું દુર્ગપુર પધારવું. ૨૮૯

૫૯ દુર્ગપુરમાં મંદિર નિર્માણનું ચાલતું કામ શ્રીહરિએ નજરે નિહાળવાની વાત સાંભળતાં, આરંભથી તે સંબંધી કથા સાંભળવા વાંછતા અભયરાજાએ પૂછવાથી વર્ણી અચિંત્યાનંદજીએ આદિથી પ્રતિષ્ઠા સુધીની કહેલી પાંચ વિશ્રામથી દિવ્ય કથા. તેમાં પ્રથમ એક સમયે પંચાળ દેશના કાઠી સરદારો ભેગા મળી વિચાર કરી શ્રીહરિ પાસે આવી, ‘‘તમે બહુ દેશમાં મંદિરો કર્યાં પણ અમારા દેશમાં કેમ કરતા નથી ?’’ એમ કારણ પૂછતાં શ્રીહરિએ તેનું કારણ કહીને ૨૯૪

તેઓને ‘‘આ દેશમાં પણ મહામંદિર કરાવી તેમાં મત્સમાનાકાર મન્મૂર્તિ પધરાવીશ.’’ - એમ આપેલું વરદાન. તે પછી એક દિવસે સપરિવાર ઉત્તમરાજાએ પોતાના પુરમાં જ મંદિર કરવાની સકારણ બહુ બહુ પ્રાર્થના કરવાથી પ્રસન્ન થયેલા ભગવાને તેમને ત્યાં મોટું શ્રેષ્ઠ મંદિર કરાવવાનું આપેલું વરદાન. આ વાત વિદિત થતાં સર્વ કોઈ કાઠી સરદારોએ મંદિર કરાવવાની પ્રભુ પાસે કરેલી આગ્રહી પ્રાર્થના કરતા પોતાનો નિશ્ચય મનમાં રાખીને ઉપરથી તેમને શાંતિ આપવા તેમને ગામે મંદિર યોગ્ય જગ્યા જોવાનો શ્રીહરિએ કરેલો નિર્ધાર.

૬૦ મંદિર યોગ્ય જગ્યા જોવા નીકળેલા શ્રીહરિ કારીયાણું, વાંકીયું, કોટડા, બોટાદ, લોયા, નાગડકા, ઝીંઝાવદર, કારિયાણી અને કુંડળ ગામમાં જગ્યા જોતાં જોતાં સારંગપુર પધારવુ. ત્યાં સપરિવાર જીવાખાચરે જાયગા બતાવતાં મંદિર જોગ્ય જાણી રાજી થઈને, વળી બીજા પણ ભાગીદાર પુરવાસી ભક્તો વગેરેનો ભાવ જાણવા બધાને ચોરામાં બોલાવી પૂછતાં તેમણે પણ પરિપૂર્ણ ભાવ જણાવતાં, વળી પાષાણની રજા આપનારા વહીવટદાર ઘેલાશેઠની પણ તેમાં અનુકૂળતા જીવાખાચર દ્વારા જાણીને પ્રસન્ન થયેલા શ્રીહરિનું ત્યાં રહેવું. ૨૯૯

૬૧ ઉપરોક્ત બધી વાત દુર્ગપુરમાં વિદિત થતાં ભગ્નમનોરથ શોકાતુર સપરિવાર ઉત્તમ રાજાએ એકદમ સારંગપુર આવી શ્રીહરિની બહુ બહુ પ્રાર્થના કરતા. (શ્રીહરિને) દુર્ગપુર જવા તૈયાર થતા જાણી બહુ જ ઉદાસ થયેલા જીવાખાચર વગેરેને ‘‘અહીંપણ પ્રતાપી દેવનું મોટું પ્રખ્યાત ધામ થશે.’’ એવું વરદાન આપવા દ્વારા શાંત કરીને શ્રીહરિનું ગઢડા પધારવું. ગઢડામાં પણ અનેક જાયગા જોતાં કોઈ પણ પસંદ નહિ આવવાથી છેવટે ઉત્તમ રાજાના કહેવાથી દરબારમાં જ મંદિર કરવાનું નક્કી કરી. બીજા પણ પુરવાસી જનોને બોલાવી તેમનો પણ ભાવ પરિપૂર્ણ જાણીને બધી તૈયારી કરીને કરેલું યથાવિધિ વિપ્રો દ્વારા સુમુહૂર્તમાં ખાતપૂજન. અને મંદિરનું દિવ્ય વિમાનઘાટે એક ચિત્ર નારાયણજીભાઈ પાસે બનાવરાવીને તે શિલ્પીઓને આપીને તે પ્રમાણે શ્રેષ્ઠ મંદિર કરવાની કરેલી તીવ્ર ભલામણ. તથા થનાર મંદિરમાં પધરાવાની પોતાની સ્વસમાનકાર પાષાણમૂર્તિ લેવા ૩૦૫

નિત્યાનંદ (તથા) નિષ્કુળાનંદ મુનિને ડુંગરપુર મોકલતાં. ત્યાં ગયેલા તેઓને તેવી તૈયાર મૂર્તિ નહિ મળવાથી ભાવિ વિચાર કરી એક ઉત્તમ પાષાણ લઈ બે કારીગરોને પણ સાથે લઈને દુર્ગપુરે આવવું અને શ્રીહરિએ મુર્તિ કરવાનું કામ નારાયણજીભાઈના પ્રમુખપણે કારીગરોને સોંપવું વગેરે.

૬૨ ખાતપૂજન કર્યા પછી તે મંદિર નિર્માણ કાર્ય વિરક્તાનંદ મુનિને ઉપરીપણે સોંપતાં તેમણે ઝડપથી કરાવવા માંડેલું તે કાર્ય. કરવા માંડેલી મૂર્તિ તૈયાર થતાં તેમાં પોતાનો પ્રત્યંગ ભાવ લાવવાના વિચારથી ઓપતી વખતે શ્રીહરિએ નારાયણજીભાઈની દષ્ટિ આગળ જ સદા રાખેલું સ્વસ્વરૂપનું સાંનિધ્ય. અપૂર્ણ મંદિરકાર્ય પોતાની જ સન્નિધિથી ઝડપથી કરાવતાં પ્રતિષ્ઠા યોગ્ય થતાં તેનું મુહૂર્ત જ્યોતિષી દ્વારા નિશ્ચિત કરી કંકોતરીઓ પણ સર્વત્ર લખાવી મોકલીને પ્રતિષ્ઠોપયોગી સમગ્ર સામગ્રીઓ તૈયાર કરવાની કરેલી જયાલલિતાદિકને ભલામણ તથા ગામના જનોને પણ ઉતારાદિકમાં સહાય કરવાની કરેલી ભલામણ તથા કુંડમંડપાદિકની પણ કરેલી તૈયારી. તથા દેશ દેશના સંઘોનું દુર્ગપુર આવવું વગેરે. ૩૧૨

૬૩ મંડપમાં પધારી વિપ્રોનું વરણ કરી, પાંચ દિવસ સુધી બધો પ્રતિષ્ઠાવિધિ યથાશાસ્ત્ર કરાવીને બહુ ધામધૂમથી કરેલી ગોપીનાથ આદિ દેવની પ્રતિષ્ઠા. તથા ગોપીનાથમાં અને પોતાના વિષે લેશ ભેદ નહિ જાણવાનો આપેલો સર્વને સમુપદેશ તથા સર્વ સંતોએ કરેલી ગોપીનાથાદિ દેવની સ્તુતિ. પૂર્ણાહુતિ કરી ઉન્મત્તગંગામાં અવભૃથસ્નાન કરી બ્રાહ્મણોને આપેલી વિપુલ દક્ષિણા અને સર્વ ભક્તોએ પણ ભેટ, વસ્ત્ર, વિભૂષણ, ભૂમિ વગેરે અર્પણ કરીને પ્રદર્શાવેલો મહાઉત્સાહ. અને શ્રીહરિએ કહેલો દુર્ગપુર તીર્થનો મહિમા. આ અવસરે શતાનંદમુનિ પોતે બનાવેલો સત્સંગિજીવન ગ્રંથ લઈ આવતાં તેની તથા મુનિની ભેટ પૂજા કરી, કરાવીને તે પુસ્તકને પોતાને મસ્તકે ધારીને કરેલી તેની બહુ પ્રશંસા વગેરે. એમ પ્રતિષ્ઠાવિધિ પૂર્ણ થયા પછી ત્યાં જ રહેલા શ્રીહરિએ કરેલા પ્રબોધિની આદિક ઉત્સવો. ૩૧૮

# કળશ - ૯


| વિશ્રામ | લીલા | પેજ નં. |
| --- | --- | --- |
| ૧ | વસંતોત્સવ ગઢપુરમાં કરીને ત્યાંથી અનુક્રમે સંઘ લઈ વડતાલ પધારીને શ્રીહરિએ કરેલો પુષ્પદોલોત્સવ. ત્યાં આવેલા દીનાનાથ ભટ્ટ. શ્રીહરિએ આપેલો શિરપાવ લઈ ઘેર જતાં માર્ગમાં લૂંટારાઓએ લૂંટી લેતાં પાછા આવેલા તેમને શ્રીહરિએ આપેલો આશ્રય. ત્યાંથી અનુક્રમે કારિયાણી આવી શ્રીહરિએ કરેલો ભાવનગર જવાનો વિચાર. | ૩૨૯ |
| ૨ | કારિયાણીથી નીકળી ભાવનગર જવા રોહિશાળા આવતાં ત્યાંના લક્ષ્મીરામની શ્રદ્ધાની પ્રશંસા કરતાં શ્રીહરિએ કરેલો સર્વમાં શ્રદ્ધાની આવશ્યકતાનો ઉપદેશ. ત્યાંથી વળા વરતેજ થઈ ભાવનગર પધારતાં ત્યાંના સામૈયું લઈ સન્મુખ આવેલા ભક્તો સાથે શ્રીહરિની પુરમાં થયેલી પધરામણી. ત્યાં સભામાં આવેલા સુરતના દરજી આત્મારામે પોતે પ્રેમથી બનાવેલી ડગલી શ્રીહરિને ભેટ કરતાં, તેની બહુ થયેલી પ્રશંસા. પરંપરાએ રાજાને વિદિત થતાં, તે ડગલી મંગાવીને તેવી જ કરવા માટે પૂરના દરજીઓને કહેતા તેમણે કોઈનાથી પણ એવી નહિ થવાનું કહેતા છેવટે તે આત્મારામને બોલાવી તેવી ડગલી કરી આપવાનું કહેતા. તેણે પણ તેવી નહિ થવા વિષે કરેલી વાર્તા. તથા ત્યાંના ભૂપ વજેસિંહજીએ ભાવથી મોકલેલી અશ્વારી સાથે તેમના દરબારમાં પધારેલા શ્રીહરિની તેમણે કરેલી પૂજા. અને કાંઈ કાર્ય પૂછતાં શ્રીહરિએ ગઢડામાં મંદિર કરવામાં કોઈ વિઘ્ન નહિ કરવા વિષે લખાવેલો હુકમ અને ત્યાંથી શ્રીહરિનું અનુક્રમે દુર્ગપુર પધારવું. | ૩૩૪ |

| | | |
|---|---|---|
| ૩ | દુર્ગપુરમાં વિરાજમાન ભગવાને અશ્વારી સાથે નારાયણધરે લીલાપૂર્વક સ્નાન કરી આવીને કરેલો રામનવમીનો મહોત્સવ. ત્યાં બોચાસણના કાશીદાસે સંતો માટે આપેલી મોતીયા લાડુની રસોઈમાં ખૂટવાની શંકા આવતાં શ્રીજીએ બતાવેલો ચમત્કાર. | ૩૪૦ |
| ૪ | દુર્ગપુરમાં ચાતુર્માસ રહેતાં જન્માષ્ટમી અન્નકૂટાદિ ઉત્સવો કરીને, ત્યાંથી નીકળી અનુક્રમે વડતાલ પધારીને કરેલો છેલ્લો પ્રબોધિની મહોત્સવ અને બીજી કેટલીક કરેલી દિવ્ય લીલાઓ. | ૩૪૩ |
| ૫ | વડતાલમાં ઉત્સવ ઉપર આવેલા ધરગામ તથા બુરાનપુરના ભક્તોની પ્રાર્થનાથી સ્વયં કારણસર નહિ જઈ શકવાને લીધે ત્યાં મોટા સંતોને મોકલીને કરાવેલી દેવની પ્રતિષ્ઠા વગેરે. | ૩૪૮ |
| ૬ | વડતાલથી નીકળી માર્ગમાં આવતાં ગામોના ભક્તોને દર્શનાદિ સુખ આપતા થકા શ્રીહરિનું દુર્ગપુર પધારવું. એક દિવસે આવેલા અપરાધી મીર સાહેબ સુબાએ ક્ષમા માગી, પૂજા કરીને શ્રીહરિનો કરેલો સમાશ્રય અને શ્રીહરિએ ત્યાં કરેલો વસંતપંચમીનો સમૈયો. | ૩૫૧ |
| ૭ | શ્રીહરિના બહુ દિવ્ય ઐશ્વર્યો સાંભળીને તેમને મળવાની ઉત્કટ ઉત્કંઠા પામેલા મુંબઈથી રાજકોટ આવેલા ગવર્નર સર માલકમ સાહેબના બહુ ભાવ ભરેલા આગ્રહવાળા પત્રો આવવાથી પોતાને અંગે કસર છે છતાં પણ ત્યાં જવાનો વિચાર કરી પરિમિત સંત પાર્ષદ સાથે લઈને ગઢડાથી નીકળી વાંકીયામાં કરેલો રાત્રિ નિવાસ. | ૩૫૫ |
| ૮ | ત્યાંથી નીકળી માર્ગમાં આવતાં ભક્ત ગ્રામોમાં રહેતાં રહેતાં તેમને દર્શનાદિ સુખ આપવા પૂર્વક શ્રીહરિનું રાજકોટપુર સમીપે આવવું. | ૩૫૯ |
| ૯ | ગવર્નરને વિદિત થતાં તેમણે સન્મુખ મોકલેલી ચતુરંગિણી સેના સાથે શ્રીહરિનું ધામધૂમથી પુરમાં પધારવું અને ત્યાંના ભક્તોએ સપરિવાર શ્રીજીનું કરેલું સુસ્વાગત વગેરે. | ૩૬૪ |
| ૧૦ | સાહેબને મળવાનો સમય પૂછી નક્કી થતાં તેમણે જ મોકલેલી પલટણ સાથે પરિમતિ પરિજનોને સાથે લઈને શ્રીહરિનું ગવર્નર | ૩૬૭ |

પાસે પધારવું.પધારેલા શ્રીહરિને અભિમુખ આવી સાહેબે હસ્તાવલંબ આપી બંગલામાં લઇ જઇ ખુરશી ઉપર બેસાડી, કુશલપ્રશ્ન પૂછી પૂજા પ્રાર્થના કરી કરેલી વાતચીત.ત્યાંથી યથાપૂર્વ શોભાથી વળાવેલા શ્રીહરિનું ત્યાંના ભક્તસમાજને આનંદ આપીને ત્યાંથી નીકળવું.

૧૧ ત્યાંથી નીકળી માર્ગમાં આવતા ભક્તગ્રામોમાં રહેતા થકા તેમને દર્શનાદિ બહુ સુખ આપતા થકા શ્રીહરિનું દુર્ગપુર પાછા આવવું. ૩૭૧

૧૨ પોતાની આજ્ઞાથી ડુંગરપુર જઇ રણછોડજીની મૂર્તિ લઇ આવેલા ગોપાળજી મહારાજની પ્રાર્થનાથી શ્રીહરિએ પોતાનો મંદવાડ હોવાથી વડતાલ નહિ પધારવાનું કહેવાપૂર્વક પોતાના દત્તપુત્રોને તે કામ કરી આવવા વડતાલ જવાની આજ્ઞા કરતા, તે અવસરે તે આચાર્યોને તથા સંત - વર્ણી - પાર્ષદ - હરિજનોને વર્તવાની કહેલી રીતિ - નીતિ વગેરે. ૩૭૫

૧૩ પોતે પ્રતિમા પ્રતિષ્ઠા માટે આજ્ઞા કરેલા સકુટુંબ દત્તપુત્રોએ ત્યાગી - ગૃહી, બાઇ-ભાઇ ભક્તસંગ સાથે અનુક્રમે વડતાલ આવી બહુ ધામધૂમથી યથાવિધિ કરેલી રણછોડજીની પ્રતિષ્ઠા અને તે સર્વનું દુર્ગપુર પાછું આવવું. ૩૮૦




# કળશ - ૧૦


| વિશ્રામ | લીલા | પેજ નં. |
|---|---|---|
| ૧ | પોતાને ભાવિ મનુષ્યોના આત્યંતિક હિત માટે મંદિર નિર્માણ, આચાર્ય સ્થાપન આદિક કર્તવ્યને કરીને કૃતાર્થ માનતા શ્રીહરિએ સ્વધામ પધારવાનો વિચાર કરતા, અક્ષરાદિ ધામો થકી આવેલા મુક્તોએ દિવ્યગુણચરિત્ર વર્ણનપૂર્વક કરેલી સ્વધામ પધારવાની સ્તુતિ વગેરે. | ૩૮૭ |
| ૨ | સ્વધામ સીધાવવાનો નિશ્ચય કરી, સર્વ સ્નેહીમંડળ ત્યાગી - ગૃહી અગ્રેસરોને સન્નિધિમાં બોલાવી તેમને પોતાની તિરોધાનેચ્છા જણાવતાં. વિરહાતુર મૂર્છિત અશ્રુચક્ષુ તેઓમાં ધૈર્યશક્તિ પ્રેરણ મંદવાડનું અદર્શન, ઉપદેશાદિક વડે સાંત્વના કરી, સ્વવિચારને ગુપ્ત રાખી બતાવવા માંડેલી ઉદાસીનતા. | ૩૯૩ |
| ૩ | અસાધ્ય માંદા થયેલા રોજકાના કાકાભાઈએ પત્રથી દર્શનદાનની પ્રાર્થના કરતાં ભક્તવત્સલ ભગવાનનું મંદવાડને અદર્શ કરી મેનામાં બેસી રોજકા પધારી. દર્શનાદિકથી આનંદિત કરી પાછું પધારવું. તથા એક સમે દત્તપુત્રોને તથા મોટા સંતને બોલાવીને અમુક અમુક ગ્રામે પ્રતિમાઓ પધરાવવાની કરેલી ભલામણ તથા તિરોધાનની વાત દેશ દેશમાં પ્રસિદ્ધ થતાં ત્યાંથી દર્શનાર્થે આવેલા ભક્તસંઘોને દર્શનાદિ સુખ આપીને શ્રીહરિએ આપેલી આગ્રહથી વિદાયગીરી વગેરે. | ૩૯૭ |

૪ નવમીની રાત્રિએ શ્રીહરિએ મોટા સંત હરિજનોને તેડાવી સ્વધામ જવાની રજા માગતાં. ભાવિ વિરહ વ્યથાથી વ્યાકુળ થઇ વિલાપ કરતાં (સૌને) સાંત્વના કરવા યોગૈશ્વર્યથી કરેલી ધૈર્યશક્તિની પ્રેરણા. અને બીજે દિવસે સુપાત્રોને ગોદાનાદિ આપી સ્વાત્મસ્વરૂપનું ધ્યાન કરી આવેલા મુક્તો સાથે શ્રીહરિએ કરેલું સ્વધામ વિચરણ. ૪૦૨

૫ શ્રીહરિ અંતર્ધાન થતાં શોકાતુર થયેલા ભક્તોએ ધૈર્યને અવલંબીને કરેલી તેમની યથાવિધિ દેહોત્તરક્રિયા. અને વિરહવ્યાકુળ દાદાખાચરને દિવ્યરૂપે દર્શન આપીને શ્રીહરિએ કરેલી તેમની સાંત્વના. વિયોગવ્યાકુળ ભક્તોએ કરેલો વિલાપ વગેરે. ૪૦૭

૬ ભગવાનના દેહત્યાગાદિ વિષયમાં સંશયાત્મારાજાના સંશય નિવારણ માટે વર્ણીએ નટદષ્ટાંતનું વિવેચન કરવા પૂર્વક દેહત્યાગાનંતર અનેક ભક્તોને દિવ્યરૂપે આપેલા દર્શનનું કરેલું નિરૂપણ વગેરે. ૪૧૨

૭ વિયોગવ્યાકુળ પ્રેમી ભક્તોની શાંતિ માટે અંતર્ધાન પછી શ્રીહરિએ ગોપીનાથજી મહારાજ દ્વારા બતાવેલાં અનેક અદ્‌ભૂત ઐશ્વર્યોનું નિરૂપણ. અને ત્રયોદશાહ પર્યંતની યથાવિધિ કરેલી ક્રિયાનું નિરૂપણ વગેરે. ૪૧૬

૮ શ્રીજીના અંતર્ધાન પછી શ્રીરઘુવિરજી મહારાજે નિત્યાનંદમુનિ દ્વારા શ્રીજીના ઔર્ધ્વદૈહિક ક્રિયાસ્થાનમાં રમણીય મંદિર કરાવીને દેશદેશથી કંકોતરી દ્વારા ભક્તસંઘો બોલાવીને કરેલી પાદુકાની પ્રતિષ્ઠા. અને વિરહવ્યાકુળ મુક્તાનંદ મુનિનો થયેલો અક્ષરવાસ વગેરે. ૪૨૦

૯ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજે અગ્રેસરોની સલાહ ૪૨૭
૧૦ લઇ દેશદેશથી ત્યાગી - ગૃહી ભક્તોને બોલાવી વડતાલમાં બહુ ૪૩૨
ઉત્સાહથી ચાતુર્માસમાં યથાવિધિ કરેલા સત્સંગિજીવનના પારાયણરૂપ જ્ઞાનયજ્ઞનું વિસ્તૃત વર્ણન.

| | | |
|---|---|---|
| ૧૧ | વટપત્તનના અગ્રેસર ભક્તોની પ્રાર્થનાથી ત્યાં બનાવેલા હરિમંદિરમાં શ્રીરઘુવીરજી મહારાજે ત્યાં પધારી કરેલી નાના લક્ષ્મીનારાયણ દેવની પ્રતિષ્ઠાનું વર્ણન. | ૪૩૯ |
| ૧૨ | શ્રીજીની આજ્ઞાથી તેમના અક્ષરવાસ પછી બ્રહ્માનંદ | ૪૪૪ |
| ૧૩ | મુનિએ શ્રીહરિના અનુગ્રહબળથી મૂળીમાં બનાવેલા | ૪૪૮ |
| ૧૪ | મહામંદિરમાં આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજીને તેડાવીને યથાવિધિ કરાવેલી રાધાકૃષ્ણાદિ દેવોની પ્રતિષ્ઠાનું વર્ણન તથા ખંભાત ધોલેરામાં આચાર્ય શ્રી રઘુવીરજીએ કરેલી હરિકૃષ્ણદેવની પ્રતિષ્ઠાનું વર્ણન. | ૪૫૫ |
| ૧૫ | શ્રીહરિનાં અંતર્ધાન પછી આચાર્યોએ સુરત, ભરુચ, | ૪૫૯ |
| ૧૬ | વડોદરા, મુંબઈ, બુરાનપુર, ગઢડા, અમદાવાદ, જેતલપુર, છપૈયા, માંડવી વગેરેમાં યથાવિધિ કરેલી દેવપ્રતિષ્ઠાનું વર્ણન. | ૪૬૪ |
| ૧૭ | શ્રીહરિએ વરદાન આપેલા સારંગપુરના ભક્તોની પ્રાર્થનાથી ત્યાં ગોપાલાનંદ મુનિએ મંદિર કરાવી ધામધૂમથી યથાવિધિ કરેલી પ્રતાપી કષ્ટભંજન હનુમાનજી પ્રતિષ્ઠા. | ૪૬૯ |
| ૧૮ | આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજની પ્રેરણાથી માણેજના પટેલ મુળજીભાઈએ વડતાલમાં કરાવેલું સત્સંગિજીવનનું યથાવિધિ પુરશ્ચરણ. તથા ત્યાંના જ પટેલ મથુરભાઈએ માણેજમાં તે આચાર્યશ્રીને તેડાવીને કરાવેલા વિષ્ણુયાગનું વર્ણન વગેરે. | ૪૭૯ |
| ૧૯ | શ્રીવિહારીલાલજી મહારાજે વડતાલમાં વાસણ સુતારના ગૃહસ્થાનમાં મોટી હવેલી કરાવી તેમાં પ્રસાદીની પાદુકા પધરાવી વગેરે કથાનું વર્ણન. | ૪૮૪ |
| ૨૦ | શ્રીહરિલીલામૃત ગ્રંથની ઉત્પત્તિ તથા સમાપ્તિ વિષયનું વર્ણન. | ૪૮૯ |
| – | પરિશિષ્ટ (સંદર્ભ સૂચિ) | ૪૯૬ |

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

ધ.ધુ.આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ વિરચિત

# ॥ શ્રીહરિલીલામૃતમ્ ॥

## महामन्दिरनिर्माणनाम अष्टमकलशप्रारम्भः ॥

**શાર્દૂલવિક્રીડિત :**

જેણે સુંદર શ્રેષ્ઠ ધામ રચિયાં આચારજો સ્થાપિયા,
શિક્ષાપત્રિ રચી સ્વધર્મ સહુના જુદા કહી આપિયા;
કીધો સૂરતમાં વિજૈ વળી કર્યો વિવાહ રાજા[1] તણો,
વંદૂ તે પ્રભુને અખંડ ઉરમાં ઉત્સાહ આણી ઘણો. ૧

**પૂર્વછાયો :**

નરનારાયણ સ્થાપિયા, જઈ શ્રીપુરમાં ઘનશ્યામ;
એહ કથા અભેસિંહજી, સુણો સ્નેહસહિત આ ઠામ. ૨
સમૈયો શ્રીહરિનવમીનો, જૂનાગઢે કરી જગદીશ;
ત્યાંથી પછી ગઢપુર વિષે, ગયા ઈશ્વરના પણ ઈશ. ૩
પછી જઈ વરતાલમાં, રુડું મંદિર કરવા કામ;
આજ્ઞા કરી હરિભક્તને, ગઢપુર ગયા ઘનશ્યામ. ૪

---

૧. દાદા ખાચર

જેઠી પુનમે જળજાતરા, કર્યો ઉત્સવ શુભ એહ ઠાર;
સતસંગી ગુજરાતના, આવ્યા દરશન કરવા અપાર. ૫
શ્રીપુરના સતસંગીયો, હેતે જોડીને બોલ્યા હાથ;
શ્રીપુરમાં મંદિર ભલું, કરો શિખરબંધ મુનિનાથ. ૬
દુલાપ સાહેબ છે ભલો, હૈયે રાખે છે તમપર હેત;
કહે છે મંદિર શુભ કરો, માટે પધારો સંતસમેત. ૭
પછી શ્રીહરિએ પુછિયો, સભાસદ તણો અભિપ્રાય;
નામ કહું હવે તેહનાં, સ્નેહે સુણો અભેસિંહરાય. ૮
મુક્તાનંદ ને બ્રહ્મમુનિ, ગોપાળાનંદ નિત્યાનંદ;
એહ આદિક બહુ સંતનાં, તથા વર્ણિજનોનાં વૃંદ. ૯
ખાચર દાદો ને જીવો, સોમલો ને સૂરો સુજાણ;
ખાચર વસ્તો ને અલૈયો, પરમ ભક્તપ્રમાણ. ૧૦
ઠકર લાઘો ભક્ત શુભ, વળી પુંજો ને હરજી નામ;
એહઆદિક હરિજન ઘણા, ઠરી બેઠા હતા તે ઠામ. ૧૧
બાઈયોમાં લલિતા જયા, બાઈ અમર ને ખીમબાઈ;
ઈત્યાદિક બહુ બાઈયો, બેઠી હતી મળી ડાઈ ડાઈ. ૧૨
શ્રીહરિ બોલ્યા તે સમે, સુણો સૌ મુજ ભક્તસમાજ;
અંતરમાં અમે ધારિયું, કરવા એક ઉત્તમ કાજ. ૧૩
ગઢપુરમાં પધરાવિયા, વાસુદેવનારાયણ જેમ;
વળી જઈ વરતાલમાં, થાપ્યા નરનારાયણ તેમ. ૧૪
શ્રીપુરના સતસંગીનો, અતિઆગ્રહ છે એહ રીત;
નરનારાયણ થાપવા, પ્રૌઢ મંદિર કરી ધરી પ્રીત. ૧૫
નારાયણ હરિકૃષ્ણ હું, અરજૂન તણું નરનામ;
નરનારાયણ રૂપ તે, જઈ સ્થાપીશ હું તે ઠામ. ૧૬
તે મુરતીમાં હું રહી, દૈશ દાસને દર્શનદાન;
તે થકી મારા વિજોગનું, નહિ દુઃખ રહે તેહ સ્થાન. ૧૭
રાય રુડા અંગ્રેજની, તહાં આણ[1] ફરે છે આજ;
કૃષ્ણાર્પણ જગ્યા કરી, તેણે મંદિર કરવા કાજ. ૧૮

૧. સત્તા ચાલે છે

તે સુણીને સહુ જન કહે, રુડું ધાર્યું તમે મહારાજ;
નરનારાયણ સ્થાપવા, એ તો અતિ ઉત્તમ છે કાજ. ૧૯
પછી આનંદાનંદને, કહે સ્નેહથી શ્રીઘનશ્યામ;
શિખરબંધ સોહામણું, કરો શ્રીપુરમાં જઇ ધામ. ૨૦
નારાયણજી સુતારને, કહી ચારુ રચાવીયું ચિત્ર;
આપ્યું આનંદાનંદને, કહ્યું આવું જ કરજો વિચિત્ર. ૨૧
આનંદાનંદ બોલિયા, ઘણું ખર્ચ થશે ઘનશામ;
કહોજી ક્યાં થકી લાવવા, દીનબંધુ એટલા દામ. ૨૨
એવું સુણિ અવિનાશિએ, એક ટીપ[૧] કરાવી તે ઠાર;
ભક્તજનોએ ત્યાં ભર્યા, થયા રુપૈયા આઠ હજાર. ૨૩
હુંડી[૨] કરાવીને હાથમાં, આપી આનંદાનંદને એહ;
કૃષ્ણ કહે ધન અધિકની, તમે ચિંતા ન ધરશો તેહ. ૨૪
હરિજન અમદાવાદના, લાલદાસ ને હીરાચંદ;
કુબેરસિંહ ને ભટ નથુ, દામોદર આદિક જનવૃંદ. ૨૫
તે સહું કરશે સહાયતા, માટે તમે સિધાવો તત્ર;
એમ કહી હરિજન પ્રત્યે, પ્રભુ આપ્યો લખાવીને પત્ર. ૨૬
આનંદાનંદે ઉઠીને, પ્રભુપદે નમાવ્યું શીશ;
કર જોડી પ્રભુને કહ્યું, આપ આજ્ઞા પ્રમાણે કરીશ. ૨૭
આશીષ દૈને દયાનિધિ, ગયા ભોજન કરવા કાજ;
પોતે જમી મુનિને કહ્યું, તમે આવો જમો મુનિરાજ. ૨૮
જમ્યા આનંદાનંદજી, પ્રભુ તણી પ્રસાદી તેહ;
પ્રભુએ ભટ મયારામને, કહ્યું અંતરે ધરિ અતિ નેહ. ૨૯
જવાનું મુહુરત જોઈ દ્યો, સુણી બોલિયા નિષ્કુળાનંદ;
આપની આજ્ઞા એ જ છે, શુભ મુહૂર્ત અતિ સુખકંદ. ૩૦
મંડળ લૈ મુનિવર ગયા, આનંદાનંદ અમદાવાદ;
પત્ર આપ્યો પ્રભુજી તણો, વાંચી ઉર વધ્યો આહ્લાદ[૩]. ૩૧
આદર મંદિરનો કર્યો, જોઈ શુભ નક્ષત્ર તિથિ વાર;
મંદિર એક શિખર તણું, થોડા માસે કર્યું તૈયાર. ૩૨

૧. ખરડો ૨. નાણાં મળવાનો કાગળ ૩. આનંદ, હર્ષ

જોડ ચતુર્ભુજ મૂર્તિયો, નર અને નારાયણ નામ;
મંગાવી ડુંગરપુર થકી, પધરાવવા શ્રીપુરધામ. ૩૩
મુહૂર્ત શુભ પ્રતિષ્ઠા તણું, જોવરાવ્યું તે આવ્યું શ્રીકાર[૧];
અઢારસેં અઠ્યોતેરે, શુદી ફાગણ ત્રીજ રવીવાર. ૩૪
સત્સંગી સૌ શ્રીપુર તણા, મળી મહાપ્રભુના દાસ;
કંકુ છાંટી કંકોતરી, લખી મોકલવા પ્રભુપાસ. ૩૫
તેમાં લખી ઘણી નમ્રતા, અતિપ્રેમ જણાવી અપાર;
કંકોતરી તે લઈ જવા, બેય સંત થયા તૈયાર. ૩૬

**આદિતવારે ઉદે થયા - એ રાગ છે :**

કંકુ છાંટી કંકોતરી, મોકલવા પ્રભુપાસ;
લાયક લેખ થકો લખે, દીનદયાળના દાસ;
પ્રભુજી વે'લા પધારજો. ૩૭
સ્વસ્તિશ્રી ગઢપુર વિષે, જેનો નિત્ય નિવાસ;
ધામી અક્ષરધામના, અકળિત અજ અવિનાશ..પ્રભુજી૦ ૩૮
શુભઉપમા સર્વ સંભવે, પ્રીતમ પૂરણકામ;
પુત્ર ભલા ભક્તિધર્મના, સુંદર શ્રીઘનશ્યામ..પ્રભુજી૦ ૩૯
શ્રીપુરના સતસંગીયો, કંકોતરી લખનાર;
હેતે જોડી બે હાથને, વંદે વારમવાર..પ્રભુજી૦ ૪૦
કારણ લખવાનું તે હવે, કહિયે કરુણાનિધાન;
શીખરબંધ સરસ થયું, દિપતું દેવનું સ્થાન..પ્રભુજી૦ ૪૧
આનંદસ્વામીએ આવીને, કીધું ઉત્તમ કામ;
પારસમણિ જેવા પથ્થરે, ધીંગું[૨] બંધાવ્યું ધામ..પ્રભુજી૦ ૪૨
પ્રતિમા પધરાવાનું અમે, મુહુરત શોધાવ્યું સાર;
ફાગણ શુદ ત્રીજે આવીયું, ઉત્તમ આદિતવાર..પ્રભુજી૦ ૪૩
સાથે સરવેને લાવજો, ધર્મવંશી નરનાર;
એમજ અભય નરેશનો, પાવન સૌ પરિવાર..પ્રભુજી૦ ૪૪

૧. સુંદર ૨. મજબૂત, જબ્બર

બ્રહ્મવેત્તા બ્રહ્મચારીયો, સદ્‌ગુરુ સંતસમાજ;
સૌ સતસંગિને લાવજો, ગિરિધર ગરિબનિવાજ..પ્રભુજી૦ ૪૫
કંકોતરિયો છે મોકલી, લખિને દેશવિદેશ;
સંઘ ઘણા એથી આવશે, માણસ મળશે વિશેષ..પ્રભુજી૦ ૪૬
વાર ન કરશો રે વીઠલા, જોઇયે આપની વાટ;
અવિનાશી ક્યારે આવશે, એવા રહે છે ઉચાટ..પ્રભુજી૦ ૪૭
શ્રીહરિ શ્રીપુરમાં આવશો, દુધે વરસશે મેહ;
સૂરજ સોનાના ઉગશે, એવું ભાસશે એહ..પ્રભુજી૦ ૪૮
દહન થશે દિલ દુષ્ટનાં, ખળજન પામશે ખેદ;
હરખ થશે હરિભક્તને, અધરમ થાશે ઉછેદ..પ્રભુજી૦ ૪૯
નેણ ભરી ક્યારે નિરખશું, નેહે નટવરનાથ;
એવા દિન ક્યારે દેખશું, એમ કહે છે સૌ સાથ..પ્રભુજી૦ ૫૦
વાટ જુવે વરસાદની, વનમાં બપૈયો જેમ;
આતુર અંતર અમ તણાં, તમને મળવાને તેમ..પ્રભુજી૦ ૫૧
સત્ય સગા તમે એક છો, જગની જુઠી જંજાળ;
માટે મળવા મન ટળવળે, વિશ્વવિહારીલાલ..પ્રભુજી૦ ૫૨

**ચોપાઈ :**

સંત બે પત્ર લૈને સિધાવ્યા, ગઢપુર પ્રભુની પાસે આવ્યા;
પત્ર આપ્યો કરીને પ્રણામ, વાંચી હરખ્યા ઘણું ઘનશ્યામ. ૫૩
સંત હરિજન સૌને બોલાવ્યા, પત્રના સમાચાર સુણાવ્યા;
કહે હરજી ઠક્કરને શ્રીહરિ, ગામોગામ લખો કંકોતરી. ૫૪
સમૈયા પર સૌ તહાં આવે, સ્નેહી સંબંધીને તેડી લાવે;
એવી આજ્ઞા સુણી હરિ તણી, તેણે કંકોતરી લખી ઘણી. ૫૫
મુનિ બ્રહ્મ પ્રત્યે કહે માવો, તમે આગળથી ત્યાં સિધાવો;
કરો સામાન સર્વે તૈયાર, અમે આવશું ત્યાં નિરધાર. ૫૬
સુણી બ્રહ્મમુનિ તો સિધાવ્યા, અમદાવાદ શેહેરમાં આવ્યા;
સર્વે સામાન સારો મંગાવ્યો, મોટા કોઠાર માંહિ મુકાવ્યો. ૫૭
માઘ કૃષ્ણની સપ્તમી સાર, ચાલ્યા શ્રીપુર ધર્મકુમાર;
સંતમંડળ સૌ લીધાં સંગે, કાઠી અસ્વાર આવ્યા ઉમંગે. ૫૮

ધર્મવંશી સરવ નરનારી, ચાલ્યા શ્રીપુર હરિ ઉર ધારી;
નૃપ અભયનો વંશ અપાર, ચાલ્યા સર્વે મળી નરનાર. ૫૯
ચાલ્યા શ્રીજી સજી અસવારી, ગયા સારંગપુર સુખકારી;
ગયા રોઝકે શ્રીમહારાજ, સાથે લૈને તે સર્વે સમાજ. ૬૦
તેહ ગામથી ઉત્તરમાંય, એક સારુ તળાવ છે ત્યાંય;
તેની પાળે છે છત્રી જ્યાં આજ, તહાં ઊતર્યા રાજાધિરાજ. ૬૧
ગજો ગઢવી વસે ગામમાંય, પધાર્યા પ્રભુ જમવાને ત્યાંય;
સાંખ્યયોગી તે ગઢવીની ભગની, લાગી તેની પ્રભુપદ લગની. ૬૨
ગગાભટને તેણે ત્યાં બોલાવી, રુડી રીતે રસોઈ કરાવી;
હેતે આરોગિયા હરિ થાળ, જમ્યા સંત સરોવર પાળ. ૬૩
જમીને ગયા નાથ ઉતારે, સભા ત્યાં સજી ધર્મદુલારે;
પરમેશ્વર બેઠા પલંગે, બેઠા હરિજન સંત ઉમંગે. ૬૪
બેઠી બાઈયો ત્યાં થકી દૂર, ધરી શ્રીહરિની છબી ઉર;
દેવબા અને માવલબાએ, ગાયાં કૃષ્ણનાં કીર્તન ત્યાંયે. ૬૫
બીજે દિવસ હરિ ત્યાંથી ગયા, જવારદ જઈને રાત રહ્યા;
ત્યાંના વિપ્રોયે પૂછિયા પ્રશ્ન, આપ્યા ઉત્તર શ્રીહરિકૃષ્ણ. ૬૬
પામ્યા આશ્ચર્ય બ્રાહ્મણો સર્વ, કૈક ભક્ત થયા તજી ગર્વ;
ગયા ધોળકે ધર્મકુમાર, ત્યાંથી ગામ ચિત્રાસા મોઝાર. ૬૭
ગયા જેતલપુર જગતાત, રહ્યા દશમીનો દિવસને રાત;
માઘી કૃષ્ણએકાદશી જ્યારે, ગયા શ્રીપુર શ્રીહરિ ત્યારે. ૬૮
રાખ્યો સંઘ જેતલપુરગામ, છડીઅસવારીયે ગયા શ્યામ;
જોયું મંદિર જૈ મહારાજે, જોઈ મૂર્તિયો સ્થાપન કાજે. ૬૯

**પુષ્પિતાગ્રા :**

સકળ ભુવનનાધિનાથ સર્વ, પદરજ જેની ચહે વિસારી ગર્વ;
પ્રિયજનહિત શ્રીપુરે પધાર્યા, દરશન દૈ દિલ હર્ષ તો વધાર્યા. ૭૦

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે અષ્ટમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે નરનારાયણસ્થાપનાર્થે શ્રીહરિશ્રીનગરાગમનનામ પ્રથમો વિશ્રામઃ ॥૧॥*



**પૂર્વછાયો :**

સંઘસહિત સૌ સંતને, જગ્યા ઉતરવાને કાજ;
શ્રીપુર શહેર સમીપમાં, પોતે જોવા ગયા મહારાજ. ૧

**ચોપાઈ :**

જોયો ઉત્તરમાં શાહિબાગ[1], નવ દીઠો ઉતરવાનો લાગ;
ત્યાંથી જૈ જોઈ વાડી અંધારી, જગ્યા તે પણ જાણી ન સારી. ૨
જગ્યા જોઈ દુધેશ્વર પાસે, જહાં આંબલીયો ઘણી ભાસે;
પછી સ્વારસહિત મહારાજે જઈ ઈડરિયે દરવાજે. ૩
કર્યો શ્રીપુર માંહિ પ્રવેશ, ગયા દક્ષિણદ્વારે દિનેશ;
જોયું જૈને કાંકરિયું તળાવ, જોયો આંબલિયોનો ઘેરાવ. ૪
ભગવાનને તે સ્થળ ભાવ્યું, તહાં ઊતરવાનું ઠરાવ્યું;
પછી ત્યાં થકી અક્ષરાધીશ, ગયા જેતલપુર જગદીશ. ૫

---

૧. અમદાવાદનું એક શાખાનગર

મો'લ માંહિ રહ્યા હરિ રાત, પછી ઊઠીને ચાલ્યા પ્રભાત;
દ્વાદશીદિન અશલાલી ગામ, રહ્યા જૈને સુંદરવર શ્યામ. ૬
વેણીભાઈને ઘેર રસોઈ, જમ્યા સૌ તેમનો ભાવ જોઈ;
ત્યાંથી કાંકરિયે કૃષ્ણ આવ્યા, તંબુ આંબલીયોમાં તણાવ્યા. ૭
તેમાં ઉતર્યા શ્રીમહારાજ, રહ્યો પૂર્વમાં સંતસમાજ;
તંબુ ફરતા તો સંઘ ઉતરિયા, ફાવે તેમ ઉતારા તો કરિયા. ૮
ભક્ત શ્રીપુરના ભેળા થૈને, આવ્યા સન્મુખ સામૈયું લૈને;
નથુભટ અને હીમતરામ, દ્વિજ ગણપતરામજી નામ. ૯
ચોકશી હીરાચંદ વણીક, એહ આદિક આવ્યા અધીક;
દાસ બેચર ને લાલદાસ, તથા માણકલાલ તે પાસ ૧૦
દામોદર હરિભક્ત અનન્ય, એહ આદિક કણબીયો અન્ય;
ગંગામા તથા રેવા દીવાળી, શ્યામબા શિવબા ધર્મવાળી. ૧૧
એહ આદિક હરિજન આવ્યા, વાજાં વિવિધ પ્રકારના લાવ્યા;
કર્યું શ્રીહરિનું સનમાન, પછી પુરમાં પેઠા ભગવાન. ૧૨

**અથ અસ્વારીનું વર્ણન : ઉપજાતિ :**

સજી હરિએ અસવારિ સારી, એની કહું શી ઉપમા વિચારી;
કહી શકે શું કવિરાજ કોઈ, આશ્ચર્ય પામે અમરેશ જોઈ. ૧૩
મહાપ્રભુ માણકીયે બિરાજ્યા, શિરે કરે ચામર વર્ણીરાજા;
કુબેરસિંહે છડી હાથ ધારી, વાણી મુખેથી જયની ઉચ્ચારી. ૧૪
ભાઈ તથા ભત્રિજ તેહ તયાંય, બેઠા રથે કે સુખપાલમાંય;
બેઠા રથે સદ્‌ગુરુ જેહ સંત, ચાલે પગે સાધુજનો અનંત. ૧૫
અસ્વાર કાઠી જનનો ન પાર, ક્ષત્રી ઘણા આયુધ ધારનાર;
ઘોડા ઘણાનો હહણાટ થાય, સત્સંગીયો કીર્તન ગાન ગાય. ૧૬
વાજિંત્ર નાનાવિધિનાં સુવાજે, તે જાણીયે શ્રાવણમેઘ ગાજે;
વિદ્યાર્થીયો સંસ્કૃત શ્લોક બોલે, તે જાણીયે શબ્દ મયૂર તોલે. ૧૭
વિપ્રો ઋચાઓ શ્રુતિસામ ગાય, તે જાણીયે દાદુરશબ્દ[૧] થાય;
પ્રભુ તણા પાર્ષદનો ન પાર, કરે ઘણા બંદુકના બહાર. ૧૮

૧. દેડકાં ૨. સમૂહ

જથેથી[૨] ઉભા જન ઠામઠામ, કરે પ્રભુને નમીને પ્રણામ;
આવ્યા પ્રભુ માણેક ચોકમાંય, દુકાનદારો પ્રણમેજ ત્યાંય. ૧૯
હવેલીયો ત્યાં બહુ માળ કેરી, શોભે છજાં ગોખ વડે ઘણેરી;
સ્ત્રિયો રહી ત્યાં હરિને નિહાળે, આનંદ પામી અતિ એહ કાળે. ૨૦
કોઇ દિલે દર્શન કાજ ફૂલી, રોતાં રહ્યાં બાળક કાજ ભૂલી;
શ્રૃંગાર વસ્ત્રો ઉલટાં ધરીને, ઉતાવળી જૈ નિરખે હરીને. ૨૧
એ રીત આવ્યા વૃષનો દુલારો, કર્યો નવાવાસ વિષે ઉતારો;
આનંદસ્વામી કર આપ ઝાલી, પ્રભૂ ગયા મંદિર માંહિ ચાલી. ૨૨
કારીગરી ઉત્તમ એહ જાણી, શિલ્પી તણી બુદ્ધિ બહુ વખાણી;
તથા વળી મંદિર કામ વીષે, સાબાશિ આપી મુનિને અતીશે. ૨૩
પછી પ્રભૂ કાંકરિયે પધાર્યા, ત્યાં પાંચ પૂરા દિવસો ગુજાર્યા;
દેશાંતરેથી બહુ સંઘ આવ્યા, ભેટો ભલી ભૂધર કાજ લાવ્યા. ૨૪

**ચોપાઈ :**

શે'રમાં નવાવાસમાં સારો, ધર્મવંશીને આપ્યો ઉતારો;
પછી તેરશનો દિન આવ્યો, મંચ આંબલિયોમાં કરાવ્યો. ૨૫
બેઠા તેના ઉપર મહારાજ, બેઠો આગળ સંતસમાજ;
બેઠા હરિજન બાઇ ને ભાઈ, સભા શોભિતી સરસ ભરાઈ. ૨૬
તહાં દુલ્લાપ સાહેબ આવ્યા, સાથે એરણ સાહેબ લાવ્યા;
ટોપી ઉતારી કીધા પ્રણામ, બેય સાહેબ બેઠા તે ઠામ. ૨૭
પ્રભુ સાથે ઘણી વાત કરી, પ્રણમીને ગયા પાછા ફરી;
શિવરાત્રી બીજે દિન આવી, આપ્યા પેંડા હરિજને લાવી. ૨૮
જ્યારે આજ્ઞા કરી ભગવંતે, ફળાહાર કર્યો સહુ સંતે;
પધરામણી ઘરઘર કીધી, કરી પૂજા ભલી ભેટ દીધી. ૨૯
બીજને દિન સંતની સાથ, નવાવાસમાં આવિયા નાથ;
એ જ અવસરે શ્રી અવિનાશે, વિપ્ર વેદિયા બોલાવ્યા પાસે. ૩૦
પ્રાણગોવિંદ આદિક જેહ, વિદવાન આવ્યા વિપ્ર તેહ;
કહ્યું તેને વરૂણીમાં વરવા, બેસાર્યા જપ ને પાઠ કરવા. ૩૧

મોટો મંડપ વેદી રચાવી, કદળીથંભ[1] રોપી શોભાવી;
કર્યો હોમ ભલો તેહ કાળે, ઘૃત હોમ્યું ઘણું પરનાળે. ૩૨
પછી ત્રીજ તિથિ રવિવારે, દોઢ પો'ર ચડ્યો દિન જ્યારે;
કરીને વિધિ વેદોક્ત ત્યાંય, સ્થાપી મૂર્તિયો મંદિરમાંય. ૩૩
બેય મૂર્તિ ચતુર્ભુજ શ્યામ, ધાર્યું નર ને નારાયણ નામ;
આરતી મહારાજે ઉતારી, બે ઘડી દૃષ્ટિ એકાગ્ર ધારી. ૩૪
સર્વ સંતપ્રત્યે ઘનશ્યામ, બોલ્યા તે સમે પૂરણકામ;
સદા આ મૂર્તિમાં હું રહીશ, સેવા સૌ અંગિકાર કરીશ. ૩૫
પછી સદગુરુ સંતોએ મળી, તથા સૌ સતસંગીએ વળી;
સ્તુતિ નરનારાયણકેરી, કરી પ્રીતી ધરીને ઘણેરી. ૩૬

**શિખરિણી :**

પિતા માતા ભ્રાતા પરમપદ દાતા પ્રભુ તમે,
વિભો વારેવારે વિનવી કરિએ વંદન અમે;
રહો છો હે સ્વામી અખિલપર શ્રીઅક્ષર વિષે,
અધિષ્ઠાતા સૌના અતિ અધિક ઐશ્વર્ય વિલસે. ૩૭
તમે આ બે રૂપો ધરમમુરતીથી શુભ ધર્યા,
વિશાળામાં જૈને તપ કરી જનોને સુખ કર્યા;
ધર્યાં રૂડાં નામો નરસહિત નારાયણ હરિ,
વધ્યા દુષ્ટો જ્યારે અવનિ અતિભારે કરિ ભરી. ૩૮
તમે ત્યારે જન્મ્યા મધુપુર[2] પછી ગોકુળ ગયા,
બીજે રૂપે રૂડા અકળ નર તે અર્જુન થયા;
હર્યો ભૂનો ભાર પ્રલય અસુરોનો પણ કર્યો,
ભજ્યા જેણે ભાવે જરુર જન તે તો ભવ તર્યો. ૩૯
થયા મત્સ્યાકારે તનરહિત શંખાસુર કર્યો,
પછી કૂર્માકારે તન ઉપર મંથાચળ[3] ધર્યો;
વરાહાકારે થૈ ધરણિ નિજ દાઢે કરિ ધરી,
નૃસિંહાકારે થૈ નિજજનની રક્ષા પ્રભુ કરી. ૪૦

૧. કેળના વૃક્ષ ૨. મથુરા ૩. મંદ્રાચળ પર્વત

તમે ભૂમિ જાચી ત્રિપદ નિજના વામન થઈ,
તમે ક્ષત્રી માર્યા પરશુ[૧] કરમાં તીક્ષણ લઈ;
વળી લંકાયે જૈ રિપુ અમરનો રાવણ હણ્યો,
તમે કિલ્લો બાંધ્યો જળધિતટ દ્વારામતિ તણો. ૪૧
થઈ બુદ્ધાકારે પશુવધમખો ખંડન કર્યા,
તમે દેહો એવા સૂરનર હિતાર્થે બહુ ધર્યા;
વળી કલ્કી કેરું તન ધરમમાટે જ ધરશો,
અધર્મી રાજાનો નિજબળ થકી નાશ કરશો. ૪૨
પધાર્યા છો પોતે સ્વજનહિત આ શ્રીપુર વિષે,
નિહાળીને નેત્રે અધિક હરખ્યા સૌ ઉર વિષે;
સદા આ પ્રાસાદે[૨] જનસુખદ સ્વામી સ્થિતિ કરો,
સઊ સત્સંગીનાં સમયસમયે સંકટ હરો. ૪૩
અમારા હે ઈષ્ટ પ્રગટ પ્રભુ ધર્માત્મજ તમે,
તમારું હે સ્વામી ભજન કરિયે ભાવથી અમે;
તમારી મૂર્તિમાં અચળિત અમારાં મન હજો,
તમારો હે ત્રાતા જગત સઘળામાં જય થજો. ૪૪

**ચોપાઈ :**

કર્યો વર્ણીએ થાળ તૈયાર, જમ્યા જીવન જગદાધાર;
શેઠ બેચર મણકીને ઘેર, પધાર્યા પ્રભુજી રુડિપેર. ૪૫
તહાં સંત સરવને જમાડ્યા, પ્રેમી ભક્તને હર્ષ પમાડ્યા;
આવ્યા મંદિરે નટવર નાવ, પોઢ્યા દ્વારની મેડીયે માવ. ૪૬
રહ્યો ચાર ઘડી દિન જ્યારે, ઉતર્યા પ્રભુ ચોકમાં ત્યારે;
લીંબડા હેઠે ઓટો અનૂપ, બિરાજ્યા તહાં ભૂપનો ભૂપ. ૪૭
સર્વ સંતને સત્સંગી આવ્યા, તહાં વેદિયા વિપ્ર બોલાવ્યા;
કરી પૂર્ણાહુતી તેહ સ્થાન, દ્વિજને દીધા દક્ષિણાદાન. ૪૮
વિપ્ર વેદના મંત્ર ઉચ્ચારે, દીધાં આશીરવાદ તે ત્યારે;
પછી સારી સજી અસવારી, ગયા કાંકરિયે ગિરધારી. ૪૯

---

૧. તીક્ષ્ણધારવાળી કુહાડી ૨. મહેલ, મંદિર

બેઠા મંચ ઉપર મહારાજ, બેઠો આગળ સરવે સમાજ;
દેશદેશના હરિજન જેહ, પૂજા કરવાને આવિયા તેહ. ૫૦
કોઈ ચંદન પુષ્પ ચડાવે, વસ્ત્ર ભૂષણ ભેટ ધરાવે;
વરતાલના બાપુ પટેલ, પગી જોબન સાથે મળેલ. ૫૧
તેણે પૂજિયા સુંદરશ્યામ, પછી બોલ્યા કરીને પ્રણામ;
થયું મંદિર તે બહુ સારું, જોતાં તે જનમન હરનારું. ૫૨
દીસે મૂર્તિયો પણ શુભ તેવી, નયણાં ઠરે નિર્ખતાં એવી;
વાલા આવું મંદિર વરતાલ, ક્યારે કરશો કૃપાથી કૃપાળ. ૫૩
આવી મુર્તિયો મોટી વિશેષ, ક્યારે પધરાવશો પરમેશ;
સુણી બોલિયા શ્રીઘનશ્યામ, થશે ત્યાં પણ મોટેરું ધામ. ૫૪
મોટી મૂર્તિયો સ્થાપશું ત્યાંય, તમે રાજી રહો મનમાંય;
ચૈત્રમાસમાં આવશું જ્યારે, પાયો નખાવશું તહાં ત્યારે. ૫૫
સુણી રાજી થયા તેહ જન, જાણ્યાં શ્રીજીનાં અચળ વચન;
બીજે દિવસ કાંકરિયાની પાળે, કરી ચોરાશી દીનદયાળે. ૫૬
પ્રગણાનાયે[1] વિપ્ર અપાર, જમવા આવ્યાં નર અને નાર;
ઘૃત સેંકડો મણ તો વાવરિયું, કૃષ્ણે અદ્‌ભુત તે કામ કરિયું. ૫૭
એવી લીલા કરીને અપાર, કર્યો શ્રીપુરમાં જેજેકાર;
પંચમી દિન અપરાહ્‌નકાળ[2], ગયા જેતલપુર જનપાળ. ૫૮
રાત વાસો રહીને સિધાવ્યા, ધર્મનંદન ધોળકે આવ્યા;
રહ્યા મંદિરમાં તહાં રાત, પછી ઉઠીને ચાલ્યા પ્રભાત. ૫૯
ગયા ગણેશ ધોળકું જ્યાંય, પોઢ્યા ગણપતિના સ્થાનમાંય;
રહ્યો ચાર ઘડી દિન જ્યારે, રહ્યા રાયણોમાં જઈ ત્યારે. ૬૦
તહાં બે દિન રાખી મુકામ, ગયા ત્યાં થકી બળોલ ગામ;
હરિ ત્યાંથી પધાર્યા હડાળે, દીધાં દર્શન દીનદયાળે. ૬૧
વાટમાં કરતા વિશ્રામ, ગયા સારંગપુર સુખધામ;
વિચર્યા ત્યાંથી વિશ્વવિહારી, ગયા ગઢપુર શ્રીગિરિધારી. ૬૨

૧. આસપાસના ગામોના નાતિલાને નોતરેલા ૨. સૂર્ય આથમ્યા પહેલાનો સમય

**પુષ્પિતાગ્રા :**

છબી નરયુત કૃષ્ણકેરિ સારી, સુખકર થાપિત શ્રીપુરે મુરારી;
ચિતવન કરતાં જ તે ચરિત્ર, પ્રભુપદ પ્રેમ વધે પુરો પવિત્ર. ૬૩

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે*
*અષ્ટમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીનગરે*
*નરનારાયણસ્થાપનનામ દ્વિતીયો વિશ્રામઃ ॥૨॥*

**પૂર્વછાયો :**

વડું મંદિર વરતાલમાં, ભક્તિપુત્રે કર્યું ભલિભાત;
તેહ કથા તમને કહું, ભૂપ સુણો અભેસિંહ ભ્રાત. ૧
કર્યો ઉત્સવ ફુલદોળનો, ગઢપુર વિષે ગુણ જાણ;
ચૈત્રમાં વરતાલે જવા, પરમેશ્વરે કીધું પ્રયાણ. ૨
પછી પ્રભુ ત્યાંથી પરવર્યા, સાથે લઈને સર્વ સમાજ;
જીવાખાચરે ઉગામેડિયે, રાત રાખિયા શ્રીમહારાજ. ૩

**ચોપાઈ :**

તંબુ ખેતરમાં ઉભા કર્યા, તહાં ઉતારા સર્વના ઠર્યા;
જીવાખાચરે દીધી રસોઈ, જમ્યા સૌ તેહનો ભાવ જોઈ. ૪
રાતે ગાડાઉપર ગિરધારી, પોઢ્યા સારી રીતે સુખકારી;
સૂતા બીજા જનો આસપાસ, વારાફરતી તે જાગતા દાસ. ૫
જ્યારે વિતી ગઈ મધ્યરાત, બની એ સમે અદ્ભુત વાત;
એક પુરુષ મણિમાળે[૧] ભરીયો, તહાં આકાશમાંથી ઉતરીયો. ૬
પ્રભુને બહુ પ્રણમીને તેહ, ગયો આકાશમાં ફરી એહ;
પ્રભુને પછી પૂછિયું દાસે, કોણ આવ્યું હતું આપપાસે. ૭
કહે કૃષ્ણ તે ચંદ્રમા આવ્યા, તારામંડળને સાથે લાવ્યા;
કરી દર્શન તે પાછા ગયા, સુણી વિસ્મિત સૌ જન થયા. ૮
પ્રભુ પરવર્યા પાછલી રાતે, પહોંચ્યા કારિયાણી પ્રભાતે;
વસ્તાખાચરને દરબાર, ઉતર્યા જઈ વિશ્વઆધાર. ૯

૧. મણિઓની માળાથી

જમી સભા સજી મહારાજે, જેમ ઉડુગણમાં શશિ છાજે;
ધર્મભક્તિ ને જ્ઞાનની વાત, કરી અક્ષરાધીશે અઘાત. ૧૦
તહાં કેરિનો ટોપલો ભર્યો, કોઈ ભક્તજને ભેટ કર્યો;
વસ્તાખાચરનો સુત જેહ, જઈ તો ત્રણ વર્ષનો તેહ. ૧૧
તેની કોટમાં ઊતરી હતી, નવસેં રૂપૈયાની કિંમતી;
હસી બોલિયા તે પ્રત્યે હરી, આપું કેરી જો આપો ઊતરી. ૧૨
ત્યારે તેણે તે ઉતારી દૈને, લીધી કેરી બહુ રાજી થૈને;
જનો પ્રત્યે બોલ્યા ભગવાન, આને ઊતરીનું નથી જ્ઞાન. ૧૩
બાર હજાર લોક ધરાય, એટલી કેરી છે એહ માંય;
પણ એકજ કેરીને સાટે, આપી ઊતરી અજ્ઞાન માટે. ૧૪
તેમ જે જનને ન જણાય, પરમેશ્વરનો મહિમાય;
તે તો તુચ્છ વિષયસુખ લે છે, પરમેશ્વરને તજી દે છે. ૧૫
એહઆદિક જ્ઞાનની વાત, કરી એ સમે હરિયે અઘાત;
પછી પોઢી રહ્યા પ્રભુ રાતે, જવા તૈયારી કીધી પ્રભાતે. ૧૬
વસ્તેભક્તે કહ્યું નામી શીશ, જમી ચાલજો શ્રીજગદીશ;
બોલ્યા રાઘવનામેં પટેલ, મારે ઘેર જમો રંગરેલ. ૧૭
અતિઆગ્રહ બેયનો ભાળી, બોલ્યા મધુરવચન વનમાળી;
કરો બેયને ઘેર રસોઈ, જમશે આંહિ ને તહાં કોઈ. ૧૮
વેરાભાઈયે દાતણ આશે, જોયું તે સ્થળમાં ચારે પાસે;
વસ્તાખાચરને પાણિયારે, ઘણાં દાતણ દીઠાં તેવારે. ૧૯
તેહ પુછ્યા વિના એક લીધું, સરોવરતટ જઈ તેહ કીધું;
કરી સ્નાન ક્રિયા નિત્ય કરી, ગયા જે સ્થળમાં હતા હરિ. ૨૦
લીધું દાતણ વણપુછે જેહ, મનમાં આવ્યું સાંભરી તેહ;
એ તો ચોરી કરી કહેવાય, એવું જાણી અતિ પસતાય. ૨૧
હરિને કહ્યું જોડીને હાથ, હુંતો નિયમ ચુક્યો છું નાથ;
પુછ્યા વગર મેં દાતણ લીધું, તે તો કામ ચોરીતણું કીધું. ૨૨
એહ પાપ નિવારણ થાય, પ્રભુ એવો બતાવો ઉપાય;
સુણો બોલીયા સુંદરશ્યામ, સંતવર્ણી જે છે એહ ઠામ. ૨૩

દશદશ દંડવત સૌને કરો, ભૂલ્યો ભૂલ્યો છું એમ ઉચરો;
હરિભક્તને પણ પંચપંચ, દંડવત કરો શંકા ન રંચ. ૨૪
તેથી પાપ જશે ઉતરીને, કરશો નહિ એવું ફરીને;
પછી વેરાજીયે તેમ કર્યું, તેનું પાપ તો તેથી ઉતર્યું. ૨૫
બોલ્યા ભક્તિતનુજ ભગવંત, સુણો સૌ સતસંગી ને સંત;
વાત કરજો આ સઘળે પ્રસિદ્ધ, ચોરી કરવી નહિ કોઈ વિધ. ૨૬
ધણિયાતું જે દાતણ જેવું, તેને પૂછ્યા વિના નવ લેવું;
સગા બાપની પણ ચીજ એવી, તેની મરજી વિરુદ્ધ ન લેવી. ૨૭
છાની રીતે જે ચોરીને લેશે, જમ તેને ઘણો દંડ દેશે;
કોઈ ચોરી કરી એવી રીતે, વાવરે પ્રભુઅર્થે જો પ્રીતે. ૨૮
પ્રભુનો કોપ તેપર થાય, નિશ્ચે તે જન નરકમાં જાય;
પ્રભુને અતિ વા'લો છે ધર્મ, મનમાં એવો જાણવો મર્મ. ૨૯
પ્રભુનો ભરવાને ભંડાર, કરે ધર્મનો ભંગ લગાર;
જાણવો જન તે મહાપાપી, ભલે હોય તપસ્વિ તથાપી. ૩૦

**પુષ્પિતાગ્રા :**

ધરમતનુજ ધર્મ થાપવાને, ધરી નરદેહ અધર્મ કાપવાને;
હરિજન થઈ પાપપંથ જાય, હરિજન તેહ નહિ કદી ગણાય. ૩૧

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે*
*અષ્ટમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે*
*શ્રીહરિકારિયાણીપુરવિચરણનામ તૃતીયો વિશ્રામઃ ॥૩॥*

**પૂર્વછાયો :**

કૃપાનિધિ કારિયાણિયે, જમી ચાલીયા જગદાધાર;
સુંદરિયાણે સંચર્યા, આવ્યા હરિજન સામા અપાર. ૧

**ચોપાઈ :**

વાજતે ગાજતે પધરાવ્યા, સૌને સારા ઉતારા અપાવ્યા;
ડોસાખાચરને દરબાર, ઉતર્યા પ્રભુ પ્રાણઆધાર. ૨

લીંબડો હતો ત્યાં ફળિયામાં, સભા ત્યાં સજી તેહ સમામાં; ૩
બેઠા સંત તથા હરિજન, બોલે શ્રીહરિ મધુરવચન.
ભગાશેઠનો સુત પીતાંબર, જેની સાત વરસની ઉમર; ૪
તેણે કીધા આવીને પ્રણામ, જોઈ બોલિયા સુંદરશ્યામ.
મન નિર્મળ છે અતિ આનું, નેણમાં ઝળકે નથી છાનું; ૫
સતસંગી ઘણો સારો થાશે, ઘણા જન માંહિ મુખ્ય ગણાશે.
એવામાં વનાશેઠને ઘેર, કર્યો વર્ણિયે થાળ સુપેર; ૬
વનાશેઠે કહ્યું શીર નામી, ચાલો જમવાને અંતરજામી.
પછી જમવા પધાર્યા જીવન, વનાશેઠતણે જ સદન; ૭
મોજડીયો મુકી ફળિયામાં, અવિનાશી ગયા ઓરડામાં.
ભગાશેઠતનુજ પીતાંબરે, દીઠી મોજડી એ અવસરે; ૮
જાણ્યું કોઈક આ લઈ જાશે, માટે રાખું હું સાચવી પાસે.
પછી મોજડીયો તે ઉપાડી, નિજ અંગરખામાં સંતાડી; ૯
જમી ઉઠિયા જીવન જ્યારે, લાગ્યા મોજડી શોધવા ત્યારે.
ત્યારે પીતાંબરે કરી હાસ, મુકી મોજડી શ્રીહરિપાસ; ૧૦
જોઈ રાજી થયા મુનિનાથ, મુક્યો તેહને મસ્તકે હાથ.
પછી જૈને તળાવની પાળે, સભા ત્યાં કરી દીનદયાળે; ૧૧
બેઠા સત્સંગી ને બેઠા સંત, કરે પ્રશ્ન ઉત્તર ભગવંત.
બ્રહ્મઆનંદની વૃષ્ટિ થાય, કાંઈ ઉપમા કહી નવ જાય; ૧૨
દોઢ પો'ર રાત ગઈ તોય, ત્યાંથી ઉઠવા ઈચ્છે ન કોય.
ત્રિભુવનપતિ બોલિયા ત્યારે, સુઓ સંતો જઈને ઉતારે; ૧૩
હરિજન પણ ગામમાં જાઓ, અમ પાસે થોડાક રોકાઓ.
અહિં વાય છે સારો પવન, અમે તો આંહિ કરશું શયન; ૧૪
ચોકી પેરા તણો બંદોબસ્ત, તમે કરજો મળીને સમસ્ત.
સુણી આજ્ઞા ચડાવીને માથે, કર્યું એ રીતે સૌ જનસાથે; ૧૫
તહાં પોઢી રહ્યા પ્રભુ રાતે, પછી ઉઠીને ચાલ્યા પ્રભાતે.
હરિભક્ત વળાવાને આવ્યા, ગાઉ સુધી તો સાથે સિધાવ્યા; ૧૬
વળો એમ કહ્યું વારેવારે, સતસંગી વળ્યા સહુ ત્યારે.
પ્રભુ વેજળકે રુડીપેર, ઉતર્યા ભીમપંડ્યાને ઘેર; ૧૭

હરિભક્તે રસોઇ કરાવી, જમ્યા સૌ મનમાં મુદ લાવી.
પછી ધોળકે જઇ રહ્યા રાત, ત્યાંથી પરવર્યા ઉઠી પ્રભાત; ૧૮
ચાલ્યા જેતલપર ઘનશ્યામ, આવ્યું ત્યાં વચમાં એક ગામ.
હતા વાઢ ત્યાં શેલડી તણા, કોલ ફરતા હતા તહીં ઘણા; ૧૯
સુરાખાચરે જૈ જોયું ધારી, ધોળી શેલડીયો દિઠી સારી.
એના અંતરમાં એમ આવ્યું, શેલડી શ્રીહરિને ધરાવું; ૨૦
વાઢના પતિને કહી વાત, હરિ આવ્યા છે આંહિ સાક્ષાત.
તેનું સ્વામિનારાયણ નામ, કર્યો છે ઝાડ હેઠે વિરામ; ૨૧
સંત હરિજન છે ઘણા સાથે, પ્રભુ રાજી થશે તમ માથે.
આપો શેલડીયો મુલ લૈને, પ્રભુને હું ધરાવીશ જૈને; ૨૨
વાઢવાળો બોલ્યો વેણ સારાં, ધન્ય ભાગ્ય છે આજ અમારાં.
ક્યાંથી આંહિ આવે જગદીશ, ભેટ શેલડી હુંજ કરીશ; ૨૩
પછી શેલડીનું ગાડું ભર્યું, જૈને શ્રીહરિને ભેટ કર્યું.
સાંઠા કૃષ્ણે કર્યા અંગિકાર, વેં'ચ્યા નિજજનને તેહ વાર; ૨૪
ત્યાંથી ચાલિયા સૌ જન સાથ, ગયા જેતલપુર જગનાથ.
રહ્યા શ્રીહરિ ત્યાં જઈ રાત, સેવ્યા ભક્તજને ભલી ભાત; ૨૫
ગંગામાયે કર્યો તહાં થાળ, જમ્યા જીવન જન પ્રતિપાળ.
બીજે દિવસ તળાવની પાળે, સભા સારી સજી વૃષલાલે; ૨૬
મેમદાવાદના તેહ ઠામ, આવતા હતા દુર્લ્લભરામ.
હતા ઘોડી ઉપર અસવાર, પ્રભુ પાસે જવાનો છે પ્યાર; ૨૭
ઘોડી જાવા લાગી ગામભણી, ખેંચે દુર્લ્લભરામ તો ઘણી.
એવું જોઈને સુંદરશ્યામ, સભાજનને કહે તેહ ઠામ; ૨૮
જુવો ભક્તો તમાસો આ કેવો, દેવા યોગ્ય છે દૃષ્ટાંત જેવો.
દ્વિજને આવવું છે તો આંહી, ઘોડી લૈ જાય છે ગામ માંહી; ૨૯
બળ દુર્લ્લભરામમાં હશે, તો તે આ સભા પાસ આવશે.
ઘોડીનું બળ ઝાઝું જણાશે, તો તે ગામભણી લઈ જાશે; ૩૦
તેમ જે બળીયો જીવ હશે, તે તો અક્ષરધામમાં જશે.
બળ ઓછું હશે જેહમાંઈ, માયા ખેંચી જશે તને ક્યાંઇ; ૩૧

પછી જોરથી દુર્લ્લભરામ, આવ્યા જ્યાં હતા શ્રીઘનશ્યામ.
પ્રણમ્યા પ્રભુને પગે જ્યારે, ધન્યધન્ય બોલ્યા હરિ ત્યારે; ૩૨
કહ્યું એવીજ રીતે સદાય, માયાને તમે જીતજો ભાઈ.
વળી બોલિયા શ્રીહરિ વાત, તમે સાંભળો સૌ જનજાત; ૩૩
પ્રભુને છે તો એવો વિચાર, સૌને ઉતારવા ભવપાર.
પણ જીવના અવળા સ્વભાવ, તેથી બુડી મરે છતાં નાવ; ૩૪
કહું છું તેનું દૃષ્ટાંત એક, સર્વ સાંભળો રાખી વિવેક.
એક વાદી[1] હતો નદીતીર, નદીમાં પુર આવેલું નીર; ૩૫
લીધો સર્પનો કંડીયો માથે, હતું બકરું તે ઉપાડ્યું હાથે.
ખભે માંકડાને તો બેસાર્યું, ત્રણેને પાર લઈ જવા ધાર્યું; ૩૬
જ્યારે કેડસમે જળે આવ્યો, મર્કટે ત્યાં સ્વભાવ જણાવ્યો.
ઢાંકણું કંડીયાનું ઉઘાડ્યું, ત્યારે સર્પે સ્વરૂપ દેખાડ્યું; ૩૭
વશ્ય જાતિસ્વભાવને થઈ, પડ્યો મર્કટ ઊપર જઈ.
માંકડાંની મતિ પણ જુદી, પડ્યો પાણી વિષે જઇ કુદી; ૩૮
બકરું પણ તે બુદ્ધિહીન, ન રહ્યું જ વાદીને આધીન.
જોરે કુદી પડ્યું જળમાંઇ, ગયાં તે રીતે ત્રણે તણાઈ; ૩૯
વાદીયે તો લેવા માંડ્યાં સાથે, પણ એકે રહ્યું નહિ હાથે.
ગયાં તેને સ્વભાવે તણાઈ, તેમાં વાદીનો વાંક શો ભાઈ; ૪૦
તેમ જીવને ભવજળપાર, તારવાનો પ્રભુનો વિચાર.
પણ પોતપોતાને સ્વભાવે, જીવ સંસારમાં ઝંપલાવે; ૪૧
એવી વાત ઘણીઘણી કરી, હરિભક્તોયે હૈયામાં ધરી.
ગઢડાનો નાથો ભાવસાર, હતો હાસ્યવાણી બોલનાર; ૪૨
તેણે કૌતકી વાણી કરીને, ઘણીવાર હસાવ્યા હરિને.
એમ કરતાં ગઇ મધ્યરાત, પછી પોઢી રહ્યા જગતાત; ૪૩
પોઢ્યા સંત જઈને ઉતારે, વળી સર્વ તે ઉઠ્યા સવારે.

**પૂર્વછાયો :**

જેતલપુરમાં જગપતિ, વશ્યા બેય દિવસ નિશિ વાસ;
સુખ દીધાં સતસંગિને, કર્યો જ્ઞાનનો અધિક પ્રકાશ. ૪૪

૧. મદારી

**ચોપાઈ :**

સુખ સત્સંગીને દીધું જેહ, મુખે વર્ણન થાય ન તેહ;
પછી ત્યાંથી પ્રભુજી સિધાવ્યા, મેમદાવાદમાં હરિ આવ્યા. ૪૫
ત્યાંથી વાલો આવ્યા વરતાલ, ધર્મરક્ષક ધર્મનો લાલ;
ઉતર્યા હરિમંડપમાંય, બીજા સર્વે ઘટે જેમ જ્યાંય. ૪૬

**પુષ્પિતાગ્રા :**

વૃષસુત ઉપદેશ નિત્ય દે છે, નિજજનનાં મન શુદ્ધ તે કરે છે;
અતિશય હરિ છે દયાળુ એવા, નહિ નહિ કોઈ કૃપાળુ કૃષ્ણ જેવા. ૪૭

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે*
*અષ્ટમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે*
*શ્રીહરિવૃત્તાલયઆગમનનામ ચતુર્થો વિશ્રામઃ ॥૪॥*



**પૂર્વછાયો :**

આવ્યો સમૈયો નવમીનો, આવ્યા એ સમે સંઘ અપાર;
આનંદથી ઉત્સવ કર્યો, વરત્યો તે જયજયકાર. ૧

**ચોપાઈ :**

ના'વા ધારુસરે જવા કાજે, ઉર ઈચ્છા કરી મહારાજે;
અતિ સારી સજી અસવારી, ચાલ્યા ધારુસરે ગિરિધારી. ૨
કરી સ્નાન દીધાં બહુ દાન, સભા પાળે સજી ભગવાન;
જહાં બેઠક છે ભલી આજ, બિરાજ્યા તહાં શ્રીમહારાજ. ૩
એક પાસે બેઠા સહુ સંત, બીજે હરિજન બેઠા અનંત;
જ્ઞાન વૈરાગ્ય સંબંધી વાત, લાગ્યા કરવા શ્રીજી સાક્ષાત. ૪
આવ્યો વાંદરો એક એ ટાણે, ઠેકી ઝાડે ચડ્યો તે ઠેકાણે;
કાઠિયો તેનું જોઈ વદન, બોલવા લાગ્યા મર્મ વચન. ૫
રામચંદ્ર પાસે હનુમાન, નળ નીલ હશે આ સમાન;
પણ રાક્ષસ સાથે તેવાર, લડ્યા હાથે ધરી હથિયાર. ૬
હશે આવા કે તે હશે કેવા, જેણે જીત્યા ઈન્દ્રજિત જેવા;
પછી શ્રીજીને પુછી તે વાત, ત્યારે બોલ્યા પ્રભુ સાક્ષાત. ૭
હતા વાનર જાતે તો આવા, થયા સમરથ તે જુદ્ધે જાવા;
એ તો ઈશ્વરઈચ્છાથી જાણો, બળ પૂરણ પામ્યા પ્રમાણો. ૮
કહે કાઠીયો આને બોલાવો, ક્રિયા કાંઈ તે પાસે કરાવો;
અમને તો તે વાત મનાય, નહિ તો મન સંશય થાય. ૯
એવું સાંભળી એ સમે હરી, સમશા આંગળી તણી કરી;
તેથી વાંદરો ઊતર્યો હેઠો, સભામાં હરિસન્મુખ બેઠો. ૧૦
માળા આપી તેને કૃપાનાથે, લઈ ફેરવવા લાગ્યો હાથે;
વળી રામકથાની ચોપાઈ, બોલવા લાગ્યો તે ગાઈગાઈ. ૧૧
સુણી રાજી થયા જન સહુ, વળી અચરજ પામિયા બહુ;
કહે કાઠી સુણો મહારાજ, લઘુ દેહ દીસે એનો આજ. ૧૨
પ્રૌઢ પર્વત કેમ ઉપાડ્યો, મોટો સંશય એહ મટાડો.
પછી શ્રીહરિએ જોયું સામું, વૃદ્ધિ વાનરનું તન પામ્યું. ૧૩
જોતાં એવું દીઠું સહુ સાથે, જાણે પર્વત લીધા છે હાથે;
કપિ આકાશ મારગે ચાલ્યો, ગયો ક્યાં તે તો કોઈએ ન ભાળ્યો. ૧૪
જન સૌ થયા વિસ્મિત ત્યાંય, જાણ્યો ઈશ્વરનો મહિમાય;
વાણી કાઠિયોએ ત્યાં ઉચ્ચારી, પ્રભુ અકળિત માયા તમારી. ૧૫

એવામાં કોઈ નાગડા બાવા, દશબાર મળી તહાં આવ્યાં;
પ્રભુને તેણે કીધા પ્રણામ, બેસાર્યા પ્રભુએ એક ઠામ. ૧૬
બોલ્યો તે માંહિથી એક બાવો, સીધાં પાકાં અમોને અપાવો;
અમે આપનું સાંભળી નામ, આવ્યા આપ આગળ એહ ઠામ. ૧૭
સુણી બોલિયા શ્રીભગવાન, જ્ઞાનવાત સુણો ધરિ કાન;
તમે ત્યાગીનો પાળો છો ધર્મ, પણ મનમાં વિચારો ન મર્મ. ૧૮
તજે નારીને અષ્ટ પ્રકારે, ધનને હાથમાં નવ ધારે;
રસકસ ન જમે કદી માગી, ત્યારે તેને કહિયે ખરો ત્યાગી. ૧૯
ફર્યે નગ્ન ત્યાગી કહેવાય, શ્વાન ગર્દભ ત્યાગી ગણાય;
ગાંજા ભાંગ પીને ભુંડું બોલે, તે તો જાણવો ગર્દભ[1] તોલે. ૨૦
પગ ચંપાવે નારિયો પાસે, કેમ ત્યાગી તેને કહેવાશે;
ફરે નગ્ન સીધાં માગી ખાય, એ તો પેટ ભર્યાના ઉપાય. ૨૧
તમે જો જીવનું શ્રેય ઇચ્છો, શાસ્ત્ર સાંભળીને ધર્મ પ્રીછો;
એવી વાત કરે છે જ્યાં શ્રીજી, બની એ અવસર વાત બીજી. ૨૨
ભાદરા ગામના રહેનાર, ભક્ત રત્નો હતા એહ ઠાર;
તેને થૈ સમાધી તેહ ટાણે, પડ્યા થૈ ગતપ્રાણ પ્રમાણે. ૨૩
બાવાએ તેની નાડી તપાશી, પણ ચાલતી ક્યાંઇ ન ભાસી;
જોઈ અચરજ પામિયા બાવા, લાગ્યા શ્રીહરિના ગુણ ગાવા. ૨૪
બોલ્યા કોઈ તો જોડીને હાથ, કરો આજ્ઞા હવે કાંઇ નાથ;
ત્યારે બોલિયા જગજીવન, તમે માનો જો મારું વચન. ૨૫
તમે ત્યાગી જેવાં વસ્ત્ર ધરો, પાળો ત્યાગી તણો ધર્મ ખરો;
રહો સંતની સાથે સુજાણ, તેથી થાશે તમારું કલ્યાણ. ૨૬
એવી સાંભળી શુદ્ધ વારતા, તેમાં જેહ દૈવી જીવ હતા;
તેઓએ તો ધર્યાં વસ્ત્ર ત્યાંય, રહ્યા સંતના મંડળમાંય. ૨૭
બીજા પાકાં સીધાં લઇ ગયા, આસુરી હતા તે ક્રોધી થયા;
લીધા વગર ગયા તે રિસાઈ, થયા ગાભરા[2] મનમાં મુંઝાઈ. ૨૮
સભામાં જે ખરા હતા ભક્ત, તે તો શ્રીહરિમાં જ આસક્ત;
તેણે મૂરતીમાં મન પ્રોયું, બાવા સામું જરીયે ન જોયું. ૨૯

૧. ગધેડું ૨. ગભરાટવાળા, બેબાકળાં

પણ કાચા હતા ભક્ત જેહ, બાવા સામું જોતાં હતા તેહ;
શ્રીજીયે તેઓને છેલી વારે, શીખામણનાં વચન કહ્યાં ભારે. ૩૦

**દષ્ટિ નિયમમાં રાખવા વિષે ઉપજાતિ :**

રહે ન દષ્ટિ નિયમેજ જેની, અજ્ઞાનતા જાણવી એ જ તેની;
પ્રભુની મૂર્તિ તજી દષ્ટિ જાય, તે શુદ્ધ સત્સંગી નહીં ગણાય. ૩૧
કથા સુણે કે ધર્યું હોય ધ્યાન, બેઠો દિસે તે બકની સમાન;
જો શ્વાન કે નારી તહાં જણાય, તો દષ્ટિ ખેંચાઈ તહાં જ જાય. ૩૨
એકાગ્ર ચિત્તે જ થવું કથામાં, દષ્ટિ જવા દેવી નહી વૃથામાં;
ન વાત બીજી કરવી જ કાંઇ, જો માલ જાણો હરિભક્તિ માંઇ. ૩૩
એકાગ્ર થૈ તીરઘડાની[1] રીતે, ભક્તિ વિષે લીન થવું જ પ્રીતે;
રાજા તણી ફોજ તહાંથી જાય, વાજીંત્રના નાદ નહીં સુણાય. ૩૪
એવીજ રીતે શ્રવણાદિ ભક્તિ, ભક્તો કરે ઉત્તમ જાણી જુક્તિ;
ત્યારે જ તે ભક્તિ ખરી ગણાય, પ્રભુજી તેને જ પ્રસન્ન થાય. ૩૫
દેવી તણાં દર્શન કાજ જાય, જોડા મુકે ત્યાં મન તો રખાય;
બોલે દિશા બે ભણી તર્ત ખેવ, ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ. ૩૬
કરે નહીં દર્શન એક ચિત્તે, ખેંચાય બીજે મન એવી રીતે;
કીધું ભલે દર્શન તે ન કીધું, ન દેવતાયે પણ માની લીધું. ૩૭
પૂજા કરે ને મુખથી ન બોલે, તથાપિ તેનું મન ક્યાંઇ ડોલે;
મૂંગાની પેઠે સમશા કરે છે, તેવા ઘણા ઢોંગ જનો ધરે છે. ૩૮

**શાર્દૂલવિક્રીડિત :**

ન્યાયાધીશ દ્વિજાતિ એક પ્રતિમા પૂજા ભલી રાખતો,
તે પૂજાસમયે મુનિવ્રત ધરે જીભે નહી ભાખતો;
પૂછ્યું કારકુને જ ખુની જનને શીક્ષા શી કીજે જઇ,
મૂર્તિને નિજની જનોઇ વતિ ત્યાં દેખાડી ફાંસી દઇ. ૩૯

૧. તીર ઘડનાર લુહાર

**પુષ્પિતાગ્રા :**

કરી ઘણી હરિયે સુ એવી વાત, સુણી સમઝ્યા હરિભક્ત સર્વ ભ્રાતઃ
પ્રભુ સનમુખ સૌ રહેજ જોઈ, નજર બીજે ન ધરે કદાપિ કોઈ. ૪૦
વૃષસુત હરિનાં ઘણાં ચરિત્ર, અચરજકારી અને વળી વિચિત્ર;
પરમતજન એહ સાક્ષી આપે, નિજમત છોડી દિધા પ્રભુપ્રતાપે. ૪૧
પછી પ્રભુ નિજમંદિરે પધાર્યા, નિજજન મોદ વિશેષ ત્યાં વધાર્યા,
વરણન બધી વાતનું કરાય, અતિ વિસતારથી શ્રેષ્ઠ ગ્રંથ થાય. ૪૨

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતેઅષ્ટમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિવૃત્તાલયે*
*શ્રીહરિનવમીઉત્સવકરણનામ પંચમો વિશ્રામઃ ॥૫॥*

**પૂર્વછાયો :**

વિત્યો સમૈયો જે સમે, સહુ સંઘ ગયા નિજગામ;
ભક્ત મળી વરતાલના, કહે પ્રભુને કરીને પ્રણામ. ૧
હે પ્રભુ આપે કહ્યું હતું, વડું મંદિર થશે વરતાલ;
આવશું ચૈતર માસમાં, કરાવશું આદર તે કાળ. ૨
કરો આદર કરુણાનિધિ, પાળો વચન વિશ્વાધાર;
શ્યામે તે વિનતી સાંભળી, કર્યો મંદિર કરવા વિચાર. ૩
નરનારાયણની હતી, સ્થાપી મુરતિયો બે જેહ;
પુરવમાં જ્ઞાનકૂપથી, ઓરડીમાં ધરાવી એહ. ૪
પ્રથમ પધરાવી હતી, તેહ મુરતિયો જેહ ઠાર;
ખાતમુહૂર્ત મંદિરતણું, ધાર્યું ત્યાં કરવા કરતાર. ૫
શાણા સલાટ તેડાવિયા, શિલ્પશાસ્ત્રમાં શ્રેષ્ઠ પ્રમાણ;
પુરુષોત્તમ વટનગરના, એહ આદિક આવ્યા સુજાણ. ૬
શ્રીહરિયે કહ્યું શિલ્પિને, તમે છો શુભ શિલ્પ સુજાણ;
સરસ મંદિરનું કરો, એક ચિત્ર સુબુદ્ધિ પ્રમાણ. ૭
તે સુણીને શિલ્પી કહે, નડિયાદ વિષે એક ઠામ;
દેરું નારાયણદેવનું, ઘણું સરસ છે ઘનશ્યામ. ૮

એવું જો રચિયે આ સ્થળે, જોવા જોગ્ય જરૂર જણાય;
કારિગરી કરશું અમે, જેવી એથી અધિક વખણાય. ૯
તે સુણી શ્રીહરિ ઉચ્ચર્યા, કેવું મંદિર છે છબીદાર;
જોવા જશું નડિયાદમાં, એમ કહિ થયા તૈયાર. ૧૦
શિલપિ જનને સાથ લૈ, તથા શાણા જનો લઈ સંગ;
પીપરલગ પ્રભુજી ગયા, ધરી અંગમાં અધિક ઉમંગ. ૧૧
દાવડીયે કુવે જૈ કરી, પીધું હરિયે જળ હરખાઈ;
દર્શન કરવા આવિયા, જોરાભાઈ ને ગોવિંદભાઈ. ૧૨
તે બેય જણ ત્યાં બોલિયા, ભલો કુવો અમારો એહ;
તેનું તમે જળપાન કરીને, પાવન કીધો તેહ. ૧૩
પછી પ્રસાદીનું નીર લઈ, બેયે નાંખ્યું કુવામોઝાર;
પીનારની મતિ પવિત્ર થાવા, એવો કીધો ઉપકાર. ૧૪
ત્યાંથી પ્રભુજી પરવર્યા, ગામ સમીપ છે વડ જ્યાંય;
છાયા જોઈ છબિલાજિયે, ઘોડી ઉભી રાખી જઈ ત્યાંય. ૧૫
ભક્ત ભલા તેહ ગામના, આવ્યા હરખભર્યા તેહ ઠામ;
એક તો કહું કાનદાસજી, તથા રાયજી બેનાં નામ. ૧૬
દયાળ રણછોડદાસજી, વાલોભાઈ ને વેણીભાઈ;
ગલાભાઈમાં ગુણ ઘણા, એહ આદિક આવ્યા ધાઈ. ૧૭
ચોકડું પકડ્યું ઘોડીનું, કહ્યું ચાલો પ્રભુ પુરમાંય;
કૃષ્ણ કહે મહાદેવની, આ છે જગ્યા ઉતરશું ત્યાંય. ૧૮
ત્યાં જ ઉતારો કરાવિયો, લાવ્યા રાયજીભાઈ પલંગ;
દર્શન કરી મહાદેવનાં, તહાં બિરાજીયા શ્રીરંગ. ૧૯
વિપ્ર પવિત્ર બોલાવીને, થાળ કરાવિયો તૈયાર;
ભાવ જોઈ હરિભક્તનો, જમ્યા જીવન જગદાધાર. ૨૦
રુપૈયા સાઠ સમર્પિને, પૂજી બોલીયો સર્વ સમાજ;
મંદિર કરો વરતાલમાં, તેમાં વાવરજો મહારાજ. ૨૧
નાથ ગયા નડિયાદમાં, ગંગારામ ને મોહનરામ;
એહ આદિક સતસંગીયે, સતકાર કર્યો તેહ ઠામ. ૨૨

પછી નારાયણદેવનાં, કર્યાં દર્શન જઈ તતકાળ;
જુક્તિ મંદિરની જોઈને, પછી વાલો ગયા વરતાલ. ૨૩
શ્રીજી કહે છે શિલ્પીને, નડીયાદનું મંદિર જેહ;
તેહ થકી વરતાલમાં, અતિઉત્તમ કરવું એહ. ૨૪
જાણ જોષીને તેડાવિયા, જેનું નામ છે ગોવિંદરામ;
વિદ્વાન બહુજ વખાણિયે, વસે વાસ તે કેરિયાવી ગામ. ૨૫
વિપ્ર તેડાવ્યા વેદિયા, ખાતપૂજા કરવા કામ;
આવ્યા તે તો ઉમરેઠથી, ઘેલાભાઈ હરિભાઈ નામ. ૨૬
સામાન સર્વ મંગાવિયો, ખાતપૂજામાં જોઈયે જેહ;
કુબેરજીયે લાવી આપિયો, પ્રભુજીને તતક્ષણ તેહ. ૨૭
મુહુર્ત શુભ જોવરાવિયું, ખાતપૂજન કરવા કાજ;
જોશીબાવે જોઈ આપિયું, મન રાજી થયા મહારાજ. ૨૮
સંવત્ શતક અઢારપર, શુભ અઠ્યોતેરાની સાલ;
ચૈત્ર વિષે શુભ મુહુરતે, ખાતપૂજા કરી વૃષલાલ. ૨૯
બેઠા પૂજન કરવા પ્રભુ, મળ્યો સૌ જનનો ત્યાં સમાજ;
ધર્યો નારાયણ વર્ણીયે, સર્વ સામાન પૂજન કાજ. ૩૦
ધર્મવંશી જન જે હતા, બેઠા તે પણ પ્રભુની પાસ;
દવે નરોત્તમ પણ હતા, ઉમરેઠમાં જેનો નિવાસ. ૩૧
વાજાં વાજે ઉછરંગનાં, સૌને હૈયામાં હરખ ન માય;
વેદ ભણે વિપ્ર વેદિયા, મળી માનિની મંગળ ગાય. ૩૨

**ખાતપૂજાનું ધોળ : ભમરા પે'લો વધાવો મારે આવિયો, એ રાગ છે :**

સજની આજ દિવસ છે આનંદનો, વરતાલમાં વિશ્વના આધાર રે;
રાજાધિરાજા ખાતપૂજા કરે છે ખાંતથી.
અંગે પેહેરીને પીતાંબર ઓપતું,
શુદ્ધ આસને બેઠા સુખકાર રે...રાજાધિરાજા૦ ૩૩
વાલે વિપ્રની પ્રથમ પૂજા કરી,
આપ્યાં કંકણ કુંડળ ને હાર રે...રાજાધિરાજા૦
સ્વસ્તિવાચન વાંચે વિપ્ર વેદિયા,
કરે આશિરવાદના ઉચ્ચાર રે...રાજાધિરાજા૦ ૩૪

પૂજ્યા ગણપતિ પૂજ્યા કુળદેવતા,
પૂજ્યા વિશ્વકર્માને ધરી વહાલ રે...રાજાધિરાજા૦
કોડે સોનાની કોશ કરમાં ધરી,
ગર્ત[૧] ગાળે છે ગોવિંદ ગોપાળ રે...રાજાધિરાજા૦ ૩૫
પૂજ્યા કૂર્મ ને અરચ્યા અનંતને,
પૂજ્યા પ્રીતીથી દશે દિગપાળ રે...રાજાધિરાજા૦
નાખ્યાં ગર્તમાં ફોફળ[૨] ને ફૂલડાં,
નાખી સોનાની મોહોર વિશાળ રે...રાજાધિરાજા૦ ૩૬
શ્યામે લેલો સોનાનો લઈ સ્નેહથી,
નાખ્યો કર્દમ[૩] કોડે ગર્તમાંય રે...રાજાધિરાજા૦
સ્થાપી અચળ ઈંટ અવિનાશીયે,
જેજેકાર કરે છે જન ત્યાંય રે...રાજાધિરાજા૦ ૩૭
ધાણા ગોળ વે'ચે છે સ્નેહે સર્વને,
કરે કંકુના ચંદ્રક કપાળ રે...રાજાધિરાજા૦
વે'ચે પાનનાં બીડાં પણ પ્રીતથી,
આપે પુષ્પના ગુચ્છ પુષ્પમાલ રે...રાજાધિરાજા૦ ૩૮
જેને હાથે પાયો નખાયો વિશ્વનો,
તેને હાથે થયું આ મુહુરત ખાત રે...રાજાધિરાજા૦
થાશે મંદિર મોટું આ મહીતળે,
આખા વિશ્વમાં તે થશે વિખ્યાત રે...રાજાધિરાજા૦ ૩૯
બીજાં ધામ ઘણાં છે ધરાઊપરે,
ભલાં થાશે વળી ભવિષ્યકાળ રે...રાજાધિરાજા૦
સૌથી ઉત્તમ મહીમા આ ધામનો,
ગણશે મુખ્ય વિશ્વવિહારીલાલ રે...રાજાધિરાજા૦ ૪૦

**ચોપાઈ :**

ગીરી રુગનાથની ભારજાએ, પ્રણમી પ્રભુને જીતબાએ;
સો રૂપૈયા તણી ભેટ કીધી, દ્વિજને વાલે દક્ષિણા દીધી. ૪૧

૧. ખાડો ૨. સોપારી ૩. ગારો

શિલ્પજાણ હતા તેહ ઠામ, કહું સાંભળો તેહનાં નામ;
પુરુષોતમ ને દામોદર, વટપત્તનમાં જેનાં ઘર. ૪૨
શ્રીનગરના કુબેરજી જાણો, હીરાજી મારવાડી પ્રમાણો;
નડીયાદના કેવળ હતા, મુખ્ય હું એમ સૌ સમજતા. ૪૩
સૌને બોલાવીને મહારાજે, કહ્યું કામ કરો એક આજે;
સારું ચિત્રો મંદિરનું સ્વરૂપ, એક એકથી પરમ અનૂપ. ૪૪
નવ શિખરનું મંદિર કરવું, મારું વચન અંતર માંહિ ધરવું;
તેમાં ત્રણ શિખર મુખ્ય જેહ, ચિત્રી લાવો તમે સહુ તેહ. ૪૫
જેનું ઉત્તમ ચિત્ર જણાશે, મુખ્ય શિલ્પી તો તેહ ગણાશે;
માટે મનમાં મમત બહુ ધરજો, એકએકથી ઉત્તમ કરજો. ૪૬
સુણી સૌ ગયા આપ ઉતારે, મુખ્ય પ્રત્યેક થાવા વિચારે;
અતિ મનમાં મમતરત થયા, રૂપ રુચિર ચિતરવાને રહ્યા. ૪૭
મારુ સરસ કે સરસ તમારું, એવું મમતપણું મન ધાર્યું;
વટપત્તનના શિલ્પી બેય, એક શિખર ચિત્રી લાવ્યા તેય. ૪૮
બીજું તો હિરાજી મારવાડી, ચિત્ર લાવ્યા પ્રભુની અગાડી;
ત્રીજું તો શ્રીનગરના નિવાસી, લાવ્યા તે શ્યામે જોયાં તપાશી. ૪૯
દામોદર પુરુષોત્તમ બેય, બોલ્યા અસલનાં શિખરો છે જેય;
તેહ સર્વના મુગુટસમાન, થશે શિખર આ કરુણાનિધાન. ૫૦

**શિખરપ્રબંધ પહેલો : હરિગીતછંદ :**

સર્વે અસલ કૃત ધીર જન મળી ઠિક ખરાં શિખરો હશે,
જુથ શિર મુગટસમ આ જણાશે શિખર સરસ અધિક થશે. ૫૧

**દોહરો :**

જીવન બોલ્યા જોઈને, શિખરો રચ્યાં રુચિર;
મમ તમ મત રત થઈ તમે, રચ્યાં રૂપ મંદિર. ૫૨

**શિખરપ્રબંધ બીજો : અથ ત્રિપદાક્ષરે ચતુર્થપાદ સર્વતોભદ્ર :**

મમ તમ મત રત મમત રચિ, રત મમત રચિ રુચિર;
તમ મત રચિ રુપ રુચિર તમ, મત રુચિ રુપ મંદિર. ૫૩

બોલ્યા મુનિજન જોઈને, નવા શિલ્પ વિદ્વાન;
નવા પ્રભુ શિખરો નવાં, નવે નવું જ નિદાન. ૫૪

**શિખરપ્રબંધ ત્રીજો : મોતીદામ છંદ :**

નવા વિદવાન નવા પ્રભુ એહ, નવાં શિખરોની નવી વિધિ તેહ;
થશે ચતુરાનન[1] દેખત લીન, નવીન નવીન નવીન નવીન. ૫૫



**પુષ્પિતાગ્રા :**

શિખર નિરખી દૃષ્ટિયે કરીને, અતિશુભ લાગ્યું હિરાજીનું હરિને;
સરવ ઉપરી શિલ્પી તે ઠરાવ્યા, અવર ભલા ત્રણ તેય શિલ્પ ભાવ્યા. ૫૬
પછી હરિવર આપ એક ટાણે, રવિ ઉગવા પ્રથમે ઉઠી વહાણે;
નિયમ ઉચિત નિત્યકર્મ કીધું, દઢ કરવા સુઠરાવ ચિત્ત દીધું. ૫૭

**ઉપજાતિ :**

બીરાજી નારાયણમોલમાંય, બોલાવિયા સદ્ગુરુ પાંચ ત્યાંય;
મુક્તાખ્ય ગોપાળ સુરામદાસ, નિત્યાખ્ય ને બ્રહ્મમુનિ સ્વપાસ. ૫૮
નિવાસી બોચાસણ કાશિદાસ, બોલ્યા પ્રભુ તે જન સર્વપાસ;
મંદિરનું ખાતમુહુર્ત કીધું, તે કામ તો સર્વ યથાર્થ સિદ્ધું. ૫૯
રચાવવું મંદિર શ્રેષ્ઠ જેહ, કેને કહો સોંપવું કામ તેહ;
જે રાજનીતિ વ્યવહાર જાણે, છે કોણ એવો નર આજ ટાણે. ૬૦

૧. બ્રહ્માજી

બોલ્યા સુણી મુક્ત મુનિ પ્રમાણ, એ કામમાં બ્રહ્મમુની સુજાણ;
પૂર્વાશ્રમે રાજદુવાર સાર, એવા કરેલા બહુ કારભાર. ૬૧

**પુષ્પિતાગ્રા :**

ચણતર ઉપયોગી વસ્તુ જેહ, વિવિધ પ્રકાર તણી ઘણીક તેહ;
અગમ અવનિમાંથી લાવિ આણે, અવર ન એહ સમાન આજ ટાણે. ૬૨
સુરપતિસદને સુવસ્તુ હોય, તરત મંગાવી શકે જ તેહ તોય;
જનમન ક્ષણમાત્રમાં રિઝાવે, ધન ઢગલે ઢગલા ઉપાર્જિ[1] લાવે. ૬૩
સુણી હરિ મુનિબ્રહ્મને કહે છે, તમપર ભાર બધોય આ રહે છે;
મન ધરિ મુજવેણ આંહિ વાસ, વસિ શુભ કામ કરો અનન્યદાસ. ૬૪
સુણી મુનિ ઉચર્યા સુજોડી હાથ, વચનપ્રમાણ કરીશ સ્વામિનાથ;
જણશ જરુરની બધી મગાવું, ત્રિભુવન માંહિ જહાંતહાંથી લાવું. ૬૫
પણ મુનિવર અક્ષરાખ્યનંદ, પરમ વિચક્ષણ જેહ છે સ્વછંદ;
રહી અહીં મુજને સહાયી થાય, મુજથકી તો શુભ કામ તે કરાય. ૬૬
પછી મુનિવર નિત્યાનંદ નામે, વચન વિચારી વદ્યા સુએહ ઠામે;
કથિત સુમુનિ બ્રહ્મ કેરિ વાત, મુજ મનમાં ઉતરી ઉંડી અઘાત. ૬૭
જણશ નિમિત્ત બ્રહ્મ ક્યાંઇ જાય, ખબર અહીંની ન તેહથી રખાય;
થિર ઠરિ અહિં કામને તપાસે, ભડ[2] મુનિ એહ સુઅક્ષરાખ્ય ભાસે. ૬૮
વળી કિરતન આદિ કામ ક્યારે, ખપ પડશે મુનિબ્રહ્મનો તમારે;
જરુર સમય અક્ષરાખ્ય જેહ, અહિં તણું કામ તપાસશે જ તેહ. ૬૯
સુણી મુનિકૃત વાણીનો વિલાસ, હરિ ઉચર્યા મુનિ અક્ષરાખ્ય પાસ;
અહિં રહિ કરજો સુકામ એહ, મુનિ ઉચર્યા હું કરીશ કામ તેહ. ૭૦
અવનિ અનિલ[3] અગ્નિ આપ[4] વ્યોમ, દશ દિગપાળ સુમેઘ સૂર્ય સોમ;
પ્રભુ તવ વચને રહે સદાય, મુજથકી કેમ કદાપિ લોપ થાય. ૭૧
પ્રભુ સુણીં મનમાં થયા પ્રસન્ન, મુખ ઉચર્યા મુનિરાજ ધન્યધન્ય;
અતિ તપ તજી ધામ આ કરાવો, મુનિવર જો મુજને તમે રિઝાવો. ૭૨

૧. ભેગું કરવું ૨. સમર્થ, બહાદુર ૩. વાયુ ૪. જળ (વરુણદેવ)

**ઉપજાતિ :**

બોલ્યા મુનિ અક્ષરનામ સોય, આનંદસ્વામી પણ આંહિ હોય;
થશે સહાયી શુભકામ માંય, તેનેય રાખ્યા હરિયે તહાંય. ૭૩

**પુષ્પિતાગ્રા :**

સુણી મુનિજન કેરી સારી ગાથ, કરી કરુણા કરુણાનિધાન નાથ;
મુનિ શિરસિ થયા પ્રસન્ન જેમ, અમપર શ્યામ થજો પ્રસન્ન તેમ. ૭૪

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે*
*અષ્ટમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે વૃત્તાલયે*
*શ્રીહરિમહામંદિરખાત- પૂજનકરણનામ ષષ્ઠો વિશ્રામઃ ॥૬॥*

**શાર્દૂલવિક્રીડિત :**

ગોપાળાખ્ય મુનિ કહે હરિ સુણો આ કામ માટે સહું,
બંદોબસ્ત ભલો થયો પણ હવે હું હાથ જોડી કહું;
જે જે મૂર્તિ મંગાવવાની મનમાં આપે સુઇચ્છા ધરો,
તે નારાયણભાઈને ભલિ વિધે આણ્યાનિ આજ્ઞા કરો. ૧
તે નારાયણભાઈને પછી તહાં બોલાવી કૃષ્ણે કહ્યું,
જે જે હું કહું વાત તે સુણિ તમે લ્યો ચિત્ત ધારી સહું;
પૂર્વાભીમુખનું નવે શિખરનું મંદિર થાશે અહિં,
તે મધ્યે અવતારયુક્ત મુજની મુર્તિ સ્થપાશે સહી. ૨
લક્ષ્મીએ તપ આ સ્થળે કર્યું હતું તે માટ મધ્યાલયે,
શ્રીનારાયણ રૂપ મારું છબિ બે છે સ્થાપવી આ સ્થળે;
શ્રીવૃંદાવનનો વિહારિ પણ હું તે મંદિરે દક્ષિણે,
રાધાયુક્ત રહીશ રૂપ ધરિને લાલિત્ય સલ્લક્ષણે. ૩
તે સાથે હરિકૃષ્ણ નામ મુરતી સ્થાપીશ હું માહરી,
ભક્તોને મુજ રૂપ ધ્યાન ધરવા પ્રત્યક્ષ જેવી કરી;
સ્થાપું ઉત્તર મંદિરે મુજ પિતા માતાની મૂર્તિ ભલી,
વાસુદેવસ્વરૂપ બાળ મુજનું તે પાસ થાપું વળી. ૪
ને બીજાં શિખરો તળે સદનમાં જે મૂર્તિયો જાણવી,
તે મારા અવતારની અતિ ભલી આપે જઈ આણવી;

શ્રીવારાહ નૃસિંહ શેષશયની ને કૂર્મમૂર્તિ યથા,
હેતે તેમ હિરણ્યગર્ભ મુરતી મત્સ્યાખ્યમૂર્તી તથા. ૫
હેતે શ્રીહનુમાનની ગણપતીની મૂર્તિ મોટી સહી,
કોડે સ્વચ્છ કરાવજો ઝટ તમે રોકાઈ રે'શો નહી;
તે નારાયણભાઈ વેણ સુણીને બોલ્યા સુણો શ્રીહરિ,
હીરાજી શિલ્પી તણી અતિ મતિ એ કામમાં છે ખરી. ૬
વાસી શ્રીવટપૂરના ભગુજી છે તે ચિત્તમાં ચાય તો,
જો તે બેય કરે સહાય મુજને તે મૂર્તિયો થાય તો;
શ્રીજીએ પછી તેહ બેય જણને બોલાવી આજ્ઞા કરી,
હેતે તે હરિભક્ત બેય હરખી આજ્ઞા શિરે એ ધરી. ૭
કાશીદાસ કહે કૃપાનિધિ સુણો આ ગામમાં જે વસે,
તે સૌ જો મળીને સહાય કરશે સૌ કામ તો સિદ્ધશે;
ગાડાંનો ખપ વારવાર પડશે તે તો કૃષિકારનાં,
તે રીતે વળી કામ ખૂબ પડશે સુતાર લૂહારનાં. ૮
માટે સૌ હરિભક્તને નિજ કને બોલાવી આપે કહો,
મોટાં મંદિર કેરું કામ કરવા સર્વે સહાયી રહો;
એવી વાણી ગમી મહાપ્રભુજીને સત્સંગી તેડાવિયા,
તેનાં નામ હવે કહું નૃપ સુણો જે મુખ્ય ત્યાં આવિયા. ૯
આવ્યા દાસ કુબેર જોબન પગી નારાયણાખ્યો ગિરી,
તેઓને હરિએ ભલામણ ભલી તે કામ માટે કરી;
બોલ્યા સૌ કર જોડી કૃષ્ણ સમીપે શા માત્ર છૈયે અમે,
ધારો તો ધરણી થકી કનકનું મંદિર કાઢો તમે. ૧૦
આપે તોપણ ભક્ત જાણી અમને સેવા ભળાવી ભલી,
તેથી તો અતિ ધન્ય ભાગ્ય ગણિયે ભક્તિ કરી એટલી;
જે જે કામ ભળાવશોજી અમને તે તો કરીશું અમે,
બીજા મુખ્ય જનો નિવાસી અહિંના તને કહોજી તમે. ૧૧
શ્રીજીએ વનમાળી ગોર દ્વિજને ડાહ્યાખ્યને મોકલ્યા,
તે તો જૈ પુરવાસિ મુખ્ય જનને માયાળુ થૈને મળ્યા;

સંદેશો કહી શ્યામનો સરવને તેડી તહાં લાવિયા,
તેનાં નામ હવે કહું નૃપ સુણો જે જે જનો આવિયા. ૧૨
આવ્યા દાસ નરોત્તમાખ્ય નરસી લાલાખ્ય જીવા દલા,
જોરાભાઇ સુધોરિ શ્યામળ અને ધર્માખ્ય ભક્તો ભલા;
ભાઇબા રણછોડ બેચર અને દાજી તથા રાયજી,
આવ્યા કાનજી મૂળજી વસનદાસાખ્યો ભલા ભાઇજી. ૧૩

**વંશસ્થવૃત્ત :**

નારાયણાખ્યો શવદાસ જેહ છે, દયાળ ને ઈશ્વરદાસ તેહ છે;
આવ્યા વળી મૂળજીભાઇ જાણવા, પટેલ તે તો સઘળા પ્રમાણવા. ૧૪
કહ્યું પ્રભુએ સહુ પાટીદાર ને, થજો સહાયી શુભ કર્મકારને;
કહે પ્રભુને કહુ પાટીદાર તે, અહીં ભલું મંદિર છે થનાર તે. ૧૫
અમે અમારા કુળના પરંપરા, સહાયિ તેનાજ થશું ખરેખરા;
પિતા તણો બોલ કુપુત્ર ટાળશે, સુપુત્ર તો પ્રેમસહીત પાળશે. ૧૬
તમે અમારા કુળદેવ આજથી, બીજો અમારો કુળદેવતા નથી;
કુપુત્ર કોઈ કુળ માંહિ જાગશે, મમત્વ તે મંદિરનો જ ત્યાગશે. ૧૭
દ્વિજાતિ વંશે અસુરાંશ થાય છે, વિરુદ્ધ તે વેદથી જે જાય છે;
સુપુત્ર તો સૌ રહેશે જ સેવતા, દિલે ગણીને નિજકૂળદેવતા. ૧૮
કુપુત્ર કોઈ કુળમાં નહી થજો, વિરુદ્ધ આ મંદિરથી નહી જજો;
સુણી રુદે રાજી થયા દયાનિધી, વિશેષ આશીષ દયા કરી દીધી. ૧૯

**ઉપજાતિ :**

ત્યાં શેઠિયા સાકરલાલ આવ્યા, સાથે વળી ગિરધરલાલ લાવ્યા;
નથૂ તથા રાયજી જેષ્ઠ ચંદ, મોતી અને માણકજી સ્વચ્છંદ. ૨૦
તેને પ્રભુએ કહ્યું એ જ રીતે, બોલ્યા સહૂ તે પરિપૂર્ણ પ્રીતે;
ભાવે કરીને સહુ બાઇ ભાઇ, સદા થશું મંદિરના સહાયી. ૨૧
પગી કહું સુંદરજી દલાજી, શક્રો તથા જૂસજી ત્યાં મળ્યાજી;
ઝાલોજી વખ્તોજી વળી ગણેશ, ને દેવકર્ણાખ્ય સુણો નરેશ. ૨૨
જક્તોજી ને ઊજમજીય આવ્યા, મહાપ્રભુના મન માંહિ ભાવ્યા;
કહે પ્રભુ સૌ પગિયો સદાય, આ કામ માટે કરજો સહાય. ૨૩

બોલ્યા પગી સૌ કરીને પ્રણામ, કર્યું તમે બંધ અમારું કામ;
અમે તમારે શરણે જ આવ્યા, ચોરી કર્યાના નિયમો ધરાવ્યા. ૨૪
પુના સુધી સૌ નહિતો જતાતા, ફાડી ખજાનો ધન લાવતાતા;
વાટે જનારા જનનેય કુટી, લેતા વળી વસ્ત્ર તમામ લૂંટી. ૨૫
સેવ્યાં અમે તો ચરણો તમારાં, ખૂણે પડ્યાં ખાતરીયાં[1] અમારાં;
લૂંટી હવે દ્રવ્ય નહીં લવાય, દ્રવ્યે કરી કેમ સહાય થાય. ૨૬

**શ્રીમંત કરતાં ધર્મવંત મોટા ભક્ત વિષે :**

શ્રીજી કહે ભક્ત સુણો સુજાણ, જે ધર્મ પાળે વચનપ્રમાણ;
માનું હું તેને મુજભક્ત મોટો, વિના ધને તે ન ગણાય છોટો. ૨૭
અસંખ્ય નાણું ધર્મે ઉડાવે, મોટાં ભલાં મંદિર તો કરાવે;
તથાપિ જો તે નહિ ધર્મ પાળે, કલ્યાણ પામે નહિ તર્તકાળે. ૨૮
ધર્મી કરે પૂજન માનસિક, પ્રત્યક્ષથી તેહ ગણું અધિક;
સુવર્ણપુષ્પે જ અધર્મી પૂજે, તથાપિ તે છેક કનિષ્ટ સૂજે. ૨૯
બીજા મતોમાં ધનવાન મોટો, ગણાય છે નિર્ધન છેક છોટો;
ભલે સુદામા સમ ભક્ત હોય, મોટો ગણું છેક ગરીબ તોય. ૩૦
શ્રીમંતને માન વિશેષ દૈયે, તે રીત સંસારિક જાણી લૈયે;
વા'લો મને ભક્ત સુધર્મી જેવો, ન સ્વલ્પ ધર્મી ધનવાન તેવો. ૩૧
અધર્મથી જે ધન કોઈ લાવે, તે અર્પીને જો મુજને રિઝાવે;
તેથી કદી હું ન પ્રસન્ન થાઉં, એના થકી તો ઉલટો રિસાઉં. ૩૨
છે ધર્મ તે તો મુજ તાત સોય, તેનો કરે ભંગ લગાર કોય;
મારા પિતાનો રિપુ તે ગણાશે, તે કેમ વાલો મુજનેજ થાશે. ૩૩
ધને કરે ભક્તિ ભલે હમેશ, દેહે કરે તેહ ગણું વિશેષ;
તે માટ દેહે કરી અંબરીષ, કર્તા ભલી ભક્તિ મહા મહીષ. ૩૪

**વંશસ્થવૃત્ત :**

તમે પગી તેમજ આપ દેહથી, સહાયતા સૌ કરજો સનેહથી;
કહે પગી ત્યાં વિનતી વળી કરી, સહાયતા સૌ કરશું અહો હરી. ૩૫

૧. ભીંત કોચવાનું ચોરનું સાધન, ગણેશિયું

જનો અમારા કુળ માંહિ જે થશે, સપૂત તે જો સમજુ ભલા હશે;
પિતાતણું મંદિર તે પ્રમાણશે, મમત્વ મોટો મન માંહિ આણશે. ૩૬
સુણી હરિ રંજન ચિત્તમાં થયા, સુખી થજો એમ કહ્યું કરી દયા;
પછી તહાં તો ગિરિ ચાર આવિયા, મહાપ્રભૂને મન તેહ ભાવિયા. ૩૭
ગિરી પુરુષોત્તમ એક તો હતા, બીજા ગિરી તો રગનાથજી છતાં;
ત્રીજા ગિરી તો કહું રામચંદ્ર તે, તથા રુડા રૂપગિરી ગિરિંદ્ર તે. ૩૮
કહ્યું પ્રભુયે સહુને સુખી હજો, સહાયી આ કામ વિષે સહુ થજો;
કહે સહૂ અંતરભાવ આણશું, અમારું છે મંદિર એમ જાણશું. ૩૯
સુતાર આવ્યા પ્રભુપાસ તે સમે, પગે પ્રભુને અતિનેહથી નમે;
સુમુખ્ય તો વાસણ જેનું નામ છે, સુપુત્ર નારાયણ બુદ્ધિધામ છે. ૪૦
સુતાર સદ્‌ભક્ત ભવાન ભાખિયે, સુપુત્ર તો જાદવજી જ દાખિયે;
સુતાર પુંજા શુભ લાલદાસ જે, અને વળી મુળજી અંબીદાસ તે. ૪૧
લુહાર આવ્યા જન અંબીદાસ છે, સુપુત્ર તેના મુળજી સ્વપાસ છે;
લુહાર નારાયણદાસ નામના, નિવાસિ તે સૌ વરતાલ ગામના. ૪૨

**ઉપજાતિ :**

સુતાર લુહાર સહુ જનોને, શ્રીજી કહે તે સતસંગીયોને;
જે હોય આ મંદિરકેરું કામ, તે તો તમે સૌ કરજો તમામ. ૪૩
જે ભક્તિ આ કામ વિષે કરાશે, તો તેહનું અક્ષય પુણ્ય થાશે;
માટે જ દેજો મમતા ધરીને, જે જોઈને તે જણશો[1] કરીને. ૪૪
બોલ્યા સહુ તે શિર નામિ પાગ, અહો અમારાં અતિધન્ય ભાગ્ય;
દેવાલયાર્થે કરી કાંઇ દેવું, ક્યાંથી મળે ઉત્તમ કામ એવું. ૪૫
બોલ્યા પ્રભુજી વળી સર્વ પાસ, છે અક્ષરાનંદ અહીં નિવાસ;
વળી અહીં બ્રહ્મમુનિ રહે છે, આનંદસ્વામી પણ સંત તે છે. ૪૬
તેને તમે સર્વ સહાયી થાજો, ભક્તિ કરી ભક્ત ભલા ગણાજો;
બોલ્યા સહૂ અંતર પ્રેમ આણી, લેશું અમે કામ અમારું જાણી. ૪૭
હીરાજિ શિલ્પી પુરુષોત્તમાખ્ય, તેને કહે શ્રીઘનશ્યામળાખ્ય;
ચાતુર્ય જે હોય બધું તમારું, તેવું કરો મંદિર સૌથી સારું. ૪૮

૧. વસ્તુઓ

બોલ્યા સુણીને જન શિલ્પી બેય, અમારી તો અક્કલ અલ્પ છેય;
પ્રભુ તમારી શુભ પ્રેરણાથી થશે ભલું મંદિર તો કૃપાથી. ૪૯

**પુષ્પિતાગ્રા :**

જળધિ ઉપર સેતુકાજ જેમ, શિલપિ હતા નળ નીલ બેય તેમ;
શિલપિ સુવરતાલ ધામકામ, નર પુરુષોત્તમ ને હિરાજી નામ. ૫૦

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે*
*અષ્ટમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે વૃત્તાલયે*
*શ્રીહરિમંદિરસૂચનાકરણનામ સપ્તમો વિશ્રામઃ ॥૭॥*

**શિખરિણી :**

મુની મુક્તાનંદે પ્રભુપદ નમીને વળી કહ્યું,
હવે તો હે સ્વામી કરતવ[1] કહું તેહ જ રહ્યું;
ઠરાવો કોઈને જણશ સહુ સંભાળ કરવા,
ગણી વસ્તુ સર્વે નિશિ સમય એકત્ર ધરવા. ૧
સુણી બોલ્યા સ્નેહે અધિક હરખી અક્ષરમુની,
કરે એવાં કામો સકળ વળી જાણે રીત જુની;
હરીભાઈ એવા હળદર પુરીમાં હરિજન,
નથૂભાઈ તેના સુત પણ સમર્પે તનમન. ૨
પછી તે બન્નેને બહુ હિતથી બોલાવી કહિયું;
રુદે રાજી થૈને ઉભય મળીને માની લહિયું;
કહ્યું નિત્યાનંદે હરિવર સુણો હું કહું હવે,
ઘણી રાજદ્વારી હરકત નડે કારજ નવે. ૩
જનો મોટામોટા પ્રમુખ થઈને જો ઠીક ઠરે,
કચેરીમાં જૈને અવસર વિષે ઉત્તાર કરે;
સુણી વાણી શાણી શુભ કમળપાણી મન ગમી,
ઠરાવ્યા મોટા ને પ્રમુખ કશિ રાખી નહિ કમી. ૪
અજુભાઈ નામે અમિન મુમધાના અતિભલા,
તથા ગંગારામે નટપુરનિવાસી[2] જયવલા;

૧. કર્તવ્ય, કાર્ય ૨. નડિયાદ

વળી ત્યાંના વાસી ગુણિજન ભલા મોહન યથા,
વસે છે જે ભાઈ મુદપુર[1] હરીશંકર તથા. ૫
વસોના વાલાધ્રૂ અવર વળિ બાલાધ્રૂ ગણિયે,
કહે તેને શ્રીજી વચન કહું તે સર્વ સુણિયે;
કચેરીનાં કામો ધરમ અરથે ધારિ કરજો,
સુણી બોલ્યા સૌ તે ફિકર હરિ તેની ન ધરજો. ૬

**ઉપજાતિ :**

વળી સુનિત્યાખ્ય મુની વિચારી, કહે અહો વિશ્વ વિષે વિહારી;
ઠરાવવા શ્રેષ્ઠ ગૃહસ્થ દાસ, આવી વસે તે અહિં માસમાસ. ૭
પછી ઠરાવ્યા હરિભક્ત એવા, તપાસ રાખે રહી આંહિ તેવા;
ભાઈ ભલા તે તુળશી ગણાય, વાસો વસો માંહિ વસે સદાય. ૮
દાદા દવે ને વળી ભાઈ વાલા, જેણે પીધા પૂરણ પ્રેમ પ્યાલા;
સોજીતરે ગોકળભાઈ જેમ, શ્રીપેટલાદે વ્રજલાલ તેમ. ૯
શ્રીસંજીવાડે જન બાપુ જેહ, બારોટ જાણો જગરૂપ તેહ;
વસે વળી જે ઉમરેઠ ગામ, તે તો રૂડા ઠાકર રૂપરામ. ૧૦
ભલા બીજા નિર્ભયરામ ભાઈ, જે બેયની ભક્તિ ભલી ગણાઈ;
ડભાણના તો રઘુનાથદાસ, તે સર્વમાં મુખ્ય સુકાશીદાસ. ૧૧
કહ્યું પ્રભુએ જન તેહ પાસ, તમે રહીને કરજો તપાસ;
બોલ્યા સહુ હે હરિ નિર્વિનાશ, તપાસશું સૌ રહી માસ માસ. ૧૨
બોલ્યા પછી મોહનરામભાઈ, તથા હરીશંકર ચિત્ત ચાઈ;
જે જે વસે છે વરતાલમાંય, શક્તિ પ્રમાણે કરશે સહાય. ૧૩

**રથોદ્ધતા :**

કામ શ્રેષ્ઠ કરવાનું છે હરિ, કેમ તેહ શકશે બધું કરી;
કાષ્ઠ ઈંટ પથરાદિ આણવા, જોઈશે શકટ[2] ભાર તાણવા. ૧૪
આસપાસ વરતાલથી ઘણાં, જેહ ગામ હરિના જનો તણા;
તેહ સર્વ જનને તમે કહો, સૌ સહાય કરવા રહો અહો. ૧૫

---

૧. આણંદ ૨ ગાડું

વાત તેહ પ્રભુએ દિલે ધરી, ગામવાસી જનને કહી ખરી;
નામ તેહ કહું કોઈ ગામનાં, કેમ સર્વ કહું ઠામઠામનાં. ૧૬
એક ગામ ગણિયે બિલોદરું, શ્રીડભાણ પણ ગામ છે ખરું;
કેરિયાવિ વળિ બામણોલિયે, જીંડવુંપરું પછીથિ બોલિયે. ૧૭
માનિયે પછી મહુડિયું પરું, નામ ગામ નરસંડ છે ખરું;
એક ગામ શુભ નામ કંઝરી, છે વલાસણ તહાં ભજે હરી. ૧૮
મેધવું વળી સુજોળ ખાંધલી, ત્યાં નિવાસી જન આવિયા મળી;
તેહ સર્વ જનને કહે હરી, સૌ સહાય કરજો ખરેખરી. ૧૯

**ઉપજાતિ :**

સંજાયું ચાંગા ગુણવંત ગામ, વળી રુડું વાંછલિયું જ નામ;
મેળાવ ગાના પણ ગામ બેય, તે સર્વ મધ્યે સતસંગ છેય. ૨૦
સૌને કહે શ્રીવૃષવંશરાય, આ કામમાં સૌ કરજો સહાય;
બોલ્યા જનો હાજર સૌ રહેશું, જે માગશે તે ઝટ વસ્તુ દેશું. ૨૧
આ અક્ષરાનંદજી આપ દાસ, તથા મુનિબ્રહ્મ અમારી પાસ;
પત્રો લખી મોકલશે જ જ્યારે, લખ્યા પ્રમાણે કરશું જ ત્યારે. ૨૨
બોલ્યા સુનિત્યાખ્યમુનિ ચહાઈ, સુણો ભલા મોહનરામ ભાઈ;
તથા હરીશંકર ધ્રુવવાલા, તમે ત્રણે છો હરિને વહાલા. ૨૩
પાષણ લેવા પણ વારવારે, જવું થશે ધ્રાંગધરે તમારે;
સ્તંભાવતીમાં[1] પણ માલ લેવા, જનાર બીજા નથી આપ જેવા. ૨૪
સુણી ત્રણે તે ઉચર્યા સુજાણ, અમે સમર્પ્યા પ્રભુ અર્થ પ્રાણ;
પ્રજા અમારી વળી જેહ થાશે, સુપુત્ર સેવા અહિંની ચહાશે. ૨૫
એવી રીતે શ્રીવૃષવંશ જાતે, ભળામણો દીધિ ભલીજ ભાતે;
ચલાવિયું મંદિરકેરું કામ, જંપે નહી સૌ જન ચાર જામ[2]. ૨૬
રહ્યા દયાસાગર દોઢ માસ, કરાવતા કામ રહી જ પાસ;
સર્વે જનો શ્રીહરિને રિઝાવા, મંડે મળી કામ ઘણું કરાવા. ૨૭
ચાલ્યું ભલું મંદિરકેરું કામ, ચાલ્યા હરિભક્ત કરી પ્રણામ;
ચાલ્યો મુનિમંડળ ઠામઠામ, ચાલ્યા પ્રભુશ્રી ગઢપુર ધામ. ૨૮

---

૧. ખંભાત ૨. પ્રહર=ત્રણ કલાક

જે ગામ માંહી સતસંગ ખાસો, તે ગામ માંહી વસી રાત વાસો;
વાટે વિત્યા વાસર કાંઇ જ્યારે, ગયા પ્રભુજી ગઢપુર ત્યારે. ૨૯
નિહાળીને શ્રીહરિ સૌખ્યરાશી, રાજી થયા સૌ ગઢપુરવાસી;
દેખી શશી સાગર ઊભરાય, આનંદ એવો ઉરમાં જણાય. ૩૦

**પુષ્પિતાગ્રા :**

દઢ કરી વરતાલ માંહિ પાયો, રસિક રમાવર ધામનો રચાયો;
અમ ઉર દઢ એમ કૃષ્ણ થાય, અચળ સ્થિતિ કરીને ઠરો સદાય. ૩૧

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે*
*અષ્ટમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીવૃત્તાલયે*
*શ્રેષ્ઠમંદિરારંભકરણનામ અષ્ટમો વિશ્રામઃ ॥૮॥*

**પૂર્વછાયો :**

શ્રીગિરધર ગઢપુર વિષે, વશ્યા કરી સુખ નિજવાસ;
એ અવસરમાં આવિયું, વરષાઋતુ ચાતુર માસ. ૧
કથા મહાભારત તણી, વૃષસુતે વંચાવી ત્યાંય;
વર્ણાશ્રમના ધર્મ છે, ઈતિહાસ સહિત જેમાંય. ૨
શ્રીહરિ તો સર્વજ્ઞ છે, નથી એનું અજાણું કાંઈ;
સત્સંગીને સંભળાવવા, માવે રુચિ ધરી મનમાંઈ. ૩

**શાસ્ત્રશ્રવણ વિષે : ઉપજાતિ :**

શાસ્ત્ર સુણ્યાથી સદબુદ્ધિ આવે, શાસ્ત્રો સુણ્યાથી હરિભક્ત ભાવે;
આત્મા તથા શ્રીપરમાત્મ જ્ઞાન, શાસ્ત્રો સુણ્યાથી જ મળે નિદાન. ૪
સચ્છાસ્ત્રમાં છે શુભ રાજનીતિ, સચ્છાસ્ત્રમાં છે વ્યવહારરીતી;
આ લોકનો ને પરલોક કેરો, રસ્તો મળે શાસ્ત્ર થકી ઘણેરો. ૫
તથાપિ જેવા જન વાંચનાર, તેવી મતિ સાંભળતાં થનાર;
છે ચાળણીતુલ્ય સ્વભાવ જેને, શાસ્ત્રો વિષે દોષ જડે જ તેને. ૬
દુષ્ટો થયા રાવણ કંસ જેવા, અદ્યાપિ નિંદાય વિશેષ એવા;
એવા અધર્મી કદિયે ન થાવું, શાસ્ત્રો સુણ્યાથી સમજાય આવું. ૭

શાસ્ત્રોતણું સદ્‌ગુરુ તત્વ જાણે, વૃથા ભણેલા અભિમાન આણે;
ભક્તિ વડે ભાગવતાર્થ સૂઝે, બુદ્ધિબળે કોઈ કદી ન બૂઝે[1]. ૮
સચ્છાસ્ત્ર છે દૂધસમાન ભાઈ, સત્સંગ તો સાકર તેહમાંઈ;
કુસંગરૂપી વિષ જો ભળાય, સ્વસ્ચ્છાસ્ત્ર તે ઝેરસમાન થાય. ૯
ગીતા ભલી શ્રીભગવાન ભાખી, હું એક છું ઈશ્વર એમ દાખી;
તથાપિ જો કોઈ કુસંગી ગાવે, તો જીવને ઈશ્વર તે ઠરાવે. ૧૦
જ્યારે પ્રભુના અવતાર થાય, શાસ્ત્રો જ જાણ્યે નહિ ઓળખાય;
કાલિંદિ કાંઠે વસતા ભણેલા, તેણે નહીં શ્રીહરિ ઓળખેલા. ૧૧
સંસ્કારથી શ્રીહરિ ઓળખાય, ભણ્યા હશે કે નહિ તે ભણ્યાય;
ગોપાળ ગોપીજન કૃષ્ણ જાણ્યા, રહ્યા ભણેલા ઋષિયો અજાણ્યા. ૧૨
સુજ્ઞાન તો સદ્‌ગુરુથી પમાય, શાસ્ત્રો સુણ્યાથી પછી પુષ્ટિ થાય;
તે માટે શાસ્ત્રો સુણવાં સનેહે, શ્રદ્ધા ધરીને મન વાણી દેહે. ૧૩

**પૂર્વછાયો :**

ભારત સુણી ભગવાનનો, મહિમા સમજ્યા હરિજન;
અર્જુનસમ પ્રભુ પ્રગટનો, કર્યો આશ્રય એક અનન્ય. ૧૪
શ્રીહરિ ગઢપુરમાં વસી, જન્મઅષ્ટમી આદિક જેહ;
ઉત્સવ અતિ ઉત્તમ કર્યા, તેડિ સંત હરિજન તેહ. ૧૫
પ્રબોધની વીત્યા પછી, શુભ આવી મકરસંક્રાંત;
ત્યારે દ્વિજોને દાન દેવા, ખુબ ધરી હરિ ખાંત. ૧૬
લાડુ કરાવ્યા તિલ તણા, તેમાં ગુપ્ત ધરાવી મહોર;
દ્વિજ ઘણાને દાન દીધાં, કોટિ ભુવનઠાકોર. ૧૭
જે કોઈ દ્વિજ આવી કહે, થયો મકરનો દિન આજ;
મકરને ઉલટાવિને, આપે એ દ્વિજને મહારાજ. ૧૮
સંતમંડળ સાથે લઈ, પછી વિચરિયા વૃષલાલ;
ફરતાં ફરતાં આવિયા, થોડા વાસરમાં વરતાલ. ૧૯
ત્યાં તો તૈયાર થયો હતો, મોટા મંદિરનો પરથાર;
જોઈ હૃદય રાજી થયા, ધર્મરક્ષક ધર્મકુમાર. ૨૦

૧. સમજવું તુલના કરવી

**ચોપાઈ :**

ચાલતું હતું ત્યાં કારખાનું, મોટું મંદિર તે કરવાનું;
સંત હરિજન પાળા અપાર, કરતા હતા કામ તે ઠાર. ૨૧
જોયા ત્યાં કેટલાએક કડિયા, ચણવા સારુ પાલખે ચડિયા;
લાવો લાવો ઈંટો એમ ભાખે, કોઈને પણ ઉભા ન રાખે. ૨૨
કોઈ માથે ઈંટો લેઈ આવે, કોઇ તો તગારાં ભરી લાવે;
એક એક સાથ કરે હોડ, દેવા વસ્તુ કરે દોડાદોડ. ૨૩
કોઈ ઠેકાણે ચૂનો પિલાય, કોઈ ઠામ ઈંટો ખડકાય;
હેડો[1] ગાડાં તણી ઘણી આવે, માટી ચૂનો ઈંટો ભરી લાવે. ૨૪
થઈ એ થકી ભીડ અથાગ, રસ્તે ચાલવા નવ મળે માગ;
કરે કામ જનો ટોળે ટોળે, જય સ્વામિનારાયણ બોલે. ૨૫
ઘડે છે પથરા કોઈ ઠામ, તેના શબ્દે ગાજી રહ્યું ગામ;
ક્યાંઇ લુહાર લોઢાં ઘડે છેઘ ક્યાંઇ સૂતાર કામે અડે છે. ૨૬
રસ્તે જનારા જન એહ ઠામે, જોઈ જોઈને અચરજ પામે;
જોઇ કોઇ કહે એહ ઠામ, રામે સેતુ રચી હશે આમ. ૨૭
એવું ચાલતું દેખીને કાજ, રુદે રાજી થયા મહારાજ;
અક્ષરાનંદને એહ ઠાર, આપ્યો ઉરથી પ્રસાદીનો હાર. ૨૮
માવો બોલિયા વાણી મધુરી, ઈંટો પાયામાં કેટલી પૂરી;
અક્ષરાનંદ ત્યાં એમ ભાખે, પૂરી પાયામાં તો નવ લાખે. ૨૯
ઉંડો પાયો નખાવ્યો છે એવો, મેરુ ડગતાં ડગે નહિ તેવો;
સુણી શ્રીજીએ આપી શાબાશી, ઊતર્યા મો'લમાં અવિનાશી. ૩૦
પંચમી ત્યાં વસંતની આવી, સમૈયો કર્યો સૌને તેડાવી;
બામણોલી થકી તેહ ટાણે, પગી આવ્યા તખો આ ઠેકાણે. ૩૧
ઘણા હેતે કહ્યું જોડી હાથ, બામણોલિયે ચાલો હે નાથ;
કરો ખાંતે રુડો રંગ ખેલ, આશા પૂર્ણ કરો અલબેલ. ૩૨
મારે ગામ લીલા ભલી થાય, સતશાસ્ત્રમાં તેહ લખાય;
સુણી સંઘ સહિત જગસ્વામી, બામણોલી ગયા બહુનામી. ૩૩

૧. ભરેલા ગાડાની કતાર

રૂડી રીતે ત્યાં રાયણ પાસે, રંગખેલ કર્યો અવિનાશે;
જોઇ ત્યાંથી ઈશાનમાં કૂપ, નાહ્યા ત્યાં કોટિબ્રહ્માંડ ભૂપ. ૩૪
નાથ નાહ્યા તણું નીર રાખ્યું, તખા પગિએ તે કૂપમાં નાખ્યું;
કહે કૃષ્ણ તમારો આ કૂપ, ગંગાતુલ્ય થયો તીર્થરૂપ. ૩૫
થઇ ત્યાં તો રસોઇ તૈયાર, જમ્યા સંત ને જગસૃજનાર;
પગી તખો ને બાદર નામ, બેયે પૂજ્યા પ્રભૂ સુખધામ. ૩૬
પછી પરવર્યા મહુડીયે પરે, પગી જાલમજી તણે ઘરે;
તહાં ફળીયામાં લીંબડા તળે, એક ઓટો હતો એહ સ્થળે. ૩૭
પ્રભુને તે ઉપર પધરાવ્યા, ચર્ચિ ચંદન હાર ચડાવ્યા;
રુડી રીતે દિધી ત્યાં રસોઈ, જમ્યા સૌ તેમનો સ્નેહ જોઈ. ૩૮
જ્ઞાનવાત કરી ઘણી રાતે, વિચર્યા વરતાલ પ્રભાતે;
થોડા દિવસ વસી અહિં વાસ, ગઢપુર ગયા શ્રીઅવિનાશ. ૩૯
કથા ભારતની જે અધૂરી, હતી તે પછી સાંભળી પૂરી;
પુષ્પદોળ ને રામજયંતી, કરી ગઢપુરમાં ગુણવંતી. ૪૦
ત્યાંના વાસીને જે સુખ આપ્યું, તે તો કોઈથી જાય ન માપ્યું;
જેમ અક્ષરધામના વાસી, રહે શ્રીહરિસંગ હુલાસી. ૪૧

**પુષ્પિતાગ્રા :**

ગઢપુર જન ભાગ્યશાળી ભાસે, પ્રગટ પ્રભુ સમીપે વસે નિવાસે;
અવની ઉપર અક્ષરાખ્ય ધામ, ગઢપુર રૂપ ધરી ઠર્યું સુઠામ. ૪૨

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે*
*અષ્ટમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે*
*શ્રીહરિવૃત્તાલયે ગઢપુરવિચરણનામ નવમો વિશ્રામઃ ॥૯॥*



**પૂર્વછાયો :**

નરનારાયણ થાપિયા, ભુજનગરમાં ભગવાન;
કહે અચિંત્યાનંદજી, હવે એહ કહું આખ્યાન. ૧

**ચોપાઈ :**

એક અવસરે કચ્છીસમાજ, આવ્યો ગઢપુર દર્શન કાજ;
કરી વિનતિ હરિની અનેક, કહ્યું મંડળ મોકલો એક. ૨
ભુજમાં ભલું ધામ કરાવો, પ્રતિમા આપની પધરાવો;
એવો આગ્રહ જોઈને બહુ, કૃષ્ણે વૈષ્ણવાનંદને કહ્યું. ૩
તમે મંડળ લૈને સિધાવો, ભુજમાં ભલું ધામ કરાવો;
થાશે મંદિર તૈયાર જ્યારે, અમે આવશું ત્યાં પછી ત્યારે. ૪
એવી આજ્ઞા ધરી નિજશીશ, ગયા વૈષ્ણવાનંદ મુનીશ;
ભુજમાં ભલું ધામ કરાવ્યું, થોડા માસમાં તે થઈ આવ્યું. ૫
હરિનૌમિ તણો આવ્યો દન, ત્યારે કચ્છ તણા હરિજન;
સમૈયા પર ગઢપુર આવ્યા, સર્વ સારા સમાચાર લાવ્યા. ૬

મલ્લભક્ત ભલા ગંગારામ, સારા સુતાર હીરજી નામ;
તેવા સારા સુંદરજી સુતાર, જેનો પ્રભુપદમાં બહુ પ્યાર. ૭
એહઆદિ ઘણા સતસંગી, આવ્યા કચ્છના વાસી ઉમંગી;
પ્રભુને પ્રણમ્યા બહુ પ્રીતે, સમૈયો ત્યાં કર્યો શુભ રીતે. ૮
પછી એક દિવસ અવિનાશી, સ્વસ્થ બેઠા હતા સુખરાશી;
બોલ્યા કચ્છી કરીને પ્રણામ, સુણો હે સુખસાગરશ્યામ. ૯
થયું મંદિર ભુજમાં તૈયાર, મૂર્તિ થાપવા તેહ મોઝાર;
કરુણા કરી આપ પધારો, હરિભક્તનો હરખ વધારો. ૧૦
એવી વિનતિ સુણીને અપાર, થયા નાથ જાવાને તૈયાર;
મુક્તાનંદ અને બ્રહ્માનંદ, ગોપાળાનંદ આદિના વૃંદ. ૧૧
દાદોખાચર સોમલો સૂરો, પ્રેમી ભક્ત ગણાય જે પૂરો;
કાકોભાઇ પુંજાભાઇ ખોડો, જેનો પ્રેમ નહી કાંઇ થોડો. ૧૨
એહઆદિ ગૃહસ્થને સાથે, લીધા કચ્છ જવા મુનિનાથે;
બ્રહ્મચારી તથા ઘણા પાળા, સાથે લીધા ભલા ધર્મવાળા. ૧૩
ભલાં ભાતાનાં ગાડાં ભરાવ્યાં, લખું કંદોઈ પાસે કરાવ્યાં;
ચાલ્યા ગઢપુરથી શુભ કાળે, રહ્યા રાત જઈને ખંભાળે. ૧૪
બીજે દિન ગયા કોટડે ગામ, ત્યાંથી સરધાર સુંદરશ્યામ;
પાડાસણ થઈને કાળિપાટ, રાજકોટ તણી લિધિ વાટ. ૧૫
રાજકોટથી ચાલિયા રાજ, મવામાં ગયા સહિત સમાજ;
વાગુદડ ગયા શ્રી ભગવાન, દીધાં દાસને દર્શનદાન. ૧૬
ત્યાંથી ખીરસરે ગયા હરી, વડા ગામ થઈને ખોખરી;
જૈને ત્યાં થકી વણથળી ભાળી, મોડે ગામ ગયા વનમાળી. ૧૭
અલૈયે થઈને શેખપાટ, ગયા ભાદરે નિજજન માટ;
હડિયાણે થઈ હરિરાય, ભલિભાતે ગયા ભુજમાંય. ૧૮
સામા આવ્યા ઘણા સતસંગી, લાવ્યા વાજિંત્ર વિવિધ ઉમંગી;
પુરમાં મહારાજ પધાર્યા, ગંગારામને ઘેર ઉતાર્યા. ૧૯
વીત્યા સંવત શતક અઢાર, અગણ્યાઅશિમું તેહ વાર;
વદી ચૈત્ર ચતુર્દશી જ્યારે, પહોંચ્યા ભુજમાં પ્રભુ ત્યારે. ૨૦

જોઈ ઉતરવા જોગ્ય સારા, આપ્યા સંત જનોને ઉતારા;
વળી જે જનને ઘટે જેમ, આપ્યા સર્વને ઉતારા એમ. ૨૧
જોયું મંદિરનું જઇ કામ, ઘણા રાજી થયા ઘનશ્યામ;
પ્રતિષ્ઠાનું મુરત જોવરાવ્યું, શુદી વૈશાખી પાંચમે આવ્યું. ૨૨
વેદિયા વિપ્ર સારા બોલાવી, વિધિ વેદપ્રમાણે કરાવી;
મુર્તિ નરનારાયણ કેરી, પધરાવી બે પ્રીતે ઘણેરી. ૨૩
ઘણા બ્રાહ્મણને ત્યાં માડ્યા, દૈને દાન સંતોષ પમાડ્યા;
જમ્યા વર્ણી તથા જમ્યા સંત, જમ્યા હરિજન પણ ત્યાં અનંત. ૨૪
આવ્યાં દર્શને બહુ નરનાર, કચ્છમાં કર્યો જયજયકાર;
પછી શ્રીહરિ ત્યાંથી સિધાવ્યા, ફરતા ગામ હળવદ આવ્યા. ૨૫
વાંકાનેર ગયા ત્યાંથી વાલો, ત્યાંથી ચોટીલે ધર્મનો લાલો;
સાયલે ગયા સુંદરશ્યામ, ગયા ત્યાંથી નાગડકે ગામ. ૨૬
લોયાગામે ગયા સંતસ્વામી, ત્યાંથી બોટાદમાં બહુનામી;
દાદાખાચરને દરબાર, પ્રીતે ઉતર્યા પ્રાણઆધાર. ૨૭
ત્યાંથી ગઢડે ગયા ગિરધારી, નિરખી હરખ્યાં નરનારી;
કચ્છદેશની લીલાની વાત, દેશોદેશ તે થઈ પ્રખ્યાત. ૨૮

**પુષ્પિતાગ્રા :**

હરિવરકૃત કચ્છમાં ચરિત્ર, શ્રવણ કરે જન થાય તે પવિત્ર;
સુણી હરિજન ચિત્ત રાજી થાશે, ગુણ હરિના ગણી નિત્યનિત્ય ગાશે. ૨૯

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે*
*અષ્ટમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે*
*શ્રીભૂજનગરે નરનારાયણસ્થાપનનામ દશમો વિશ્રામઃ ॥૧૦॥*

**પૂર્વછાયો :**

વશ્યા વળી ગઢપુર વિષે, મહાપ્રભુજી ચાતુરમાસ;
જન્માષ્ટમી ને પ્રબોધની, કરી અભયનૃપ આવાસ. ૧
જોબનપગી ને કુબેરજી, નારાયણગિરિ હરિજન;
વિચરીયા વરતાલથી, સમૈયે કરવા દરશન. ૨

**ચોપાઈ :**

લખીને અક્ષરાનંદે પત્ર, મોકલ્યો તેહની સાથે તત્ર;
કરી વિનતિ લખેલું તે માંહી, સંતમંડળ મોકલો આંહી. ૩
આંહી હોય ઝાઝા જન જેમ, થાય કામ ઉતાવળું તેમ;
હરિભક્તે નમાવીને માથ, આપ્યો પત્ર પ્રભુજીને હાથ. ૪
અદ્‌ભૂતાનંદનું એહ વારે, માવે મંડળ મોકલ્યું ત્યારે;
પોતે તો રહ્યા ગઢપુરમાંય, વસંતોત્સવ પણ કર્યો ત્યાંય. ૫
જવા ઈચ્છા કરી વૃષલાલે, ફુલદોળ ઉપર વરતાલે;
સાથે લૈ વૃષવંશી સમાજ, ચાલ્યા ગઢપુરથી મહારાજ. ૬
રહ્યા બોટાદમાં જઇ રાત, પરવરિયા ઉઠીને પ્રભાત;
ફરતાં ફરતાં બહુ ગામ, આવ્યા મેળાવ્ય સુંદર શ્યામ. ૭
આવ્યા વરતાલમાં અવિનાશ, નારાયણમો'લમાં કર્યો વાસ;
ભક્ત વાસણ કેરે સદન, ઉતર્યા ધર્મવંશના જન. ૮
હતા સંદેશા સૌને કહાવ્યા, દેશદેશ થકી સંઘ આવ્યા;
રંગખેલનો સામાન જેહ, કર્યો વરતાલના જને તેહ. ૯
પીચકારિયો ઝાઝી કરાવી, રાખ્યા અબિર ગુલાલ મંગાવી;
ભલા રંગના હોજ ભરાવ્યા, ભાળી સૌ જનને મન ભાવ્યા. ૧૦
જ્ઞાનબાગમાં આમલા પાસ, પછી આવિયા શ્રીઅવિનાશ;
હરિકુંડ પાસે ઉભા નાથ, સંતકુંડ પાસે સંત સાથ. ૧૧
સખા પાર્ષદ જે હતા સંગે, પ્રભુ પાસે રહ્યા તે ઉમંગે;
પીચકારિયો હાથમાં લીધી, રંગ ખેલવા તૈયારી કીધી. ૧૨
કહે સંત પ્રભુ ઓરા આવો, પીચકારી પ્રથમથી ચલાવો;
કહે કૃષ્ણ ચલાવોજી તમે, તે પછીથી ચલાવશું અમે. ૧૩
જીજ્ઞાસાનંદે આગળ આવી, પ્રભુપર પિચકારી ચલાવી;
બીજા સંતોયે પણ રંગ ભરી, પિચકારિયો ચાલતી કરી. ૧૪
પછી શ્રીહરિ ને હરિસંગી, મંડ્યા રંગ ઉડાવા ઉમંગી;
અન્યોઅન્ય ઉડાડે ગુલાલ, થયાં અવનિ ને આકાશ લાલ. ૧૫
વાજાં વિવિધ પ્રકારનાં વાજે, જેજેકારથી બ્રહ્માંડ ગાજે;
આવ્યાં નિરખવા દેવ વિમાન, પુષ્પવૃષ્ટિ કરે કરે ગાન. ૧૬

એમ ખૂબ કરી રંગખેલ, પછી ના'વા ચાલ્યા અલબેલ;
થયા માણકીયે અસવાર, સાથે સત્સંગી સંત અપાર. ૧૭
પગી જોબનને કહે નાથ, ચાલો જૈયે આપણ સહુ સાથ;
ખોડિયાર છે માતા તમારી, ત્યાં જવાની છે ઈચ્છા અમારી. ૧૮
પગી બોલ્યા નમી પ્રભુ પાગ્ય, અહો માતા તણાં ધન્યભાગ્ય;
પછી ત્યાં પધાર્યા મહારાજ, સાથે લૈ નિજ સર્વ સમાજ. ૧૯
જઈ સોનારકુઈ નિહાળી, ત્યાંથી દક્ષિણમાં દેવી ભાળી;
ઉતર્યા પ્રભુજી વડપાસ, જોયો માતાનો જૈને આવાસ. ૨૦
છાંટ્યો દેવીને રંગ તે કાળ, વળી છાંટ્યો વિશેષ ગુલાલ;
અક્ષરેશે કહી વાણી એવી, હરિભક્ત થઈ હવે દેવી. ૨૧
પ્રભુ અશ્વીયે અસવાર થયા, પીપળાદે કુવે પછી ગયા;
દક્ષણાદું તે કૂપનું થાળું, તેમાં પાણી ભરાવ્યું રુપાળું. ૨૨
નાહ્યા તે વિષે શ્યામશરીર, નાખ્યું ભક્તે તે કૂપમાં નીર;
કોરાં વસ્ત્ર સજી સ્વારી, આવ્યા ઉતારે વિશ્વવિહારી. ૨૩
જગજીવન ત્યાં જમ્યા થાળ, શાક પાક રસોઈ રસાળ;
શ્યામે સંતને પિરસી જમાડ્યા, પરિપૂર્ણ સંતોષ પમાડ્યા. ૨૪
પછી પોઢિ રહ્યા પરમેશ, જાગ્યા જ્યારે પ્રહર દિનશેષ;
મુકુંદાનંદે જળ લાવી દીધું, કૃપાનાથે તેનું પાન કીધું. ૨૫
ધોળી શેલડી આપી સુધારી, આપ્યાં દાડમ બીજ સમારી;
જમ્યા જુક્તિયે તે જગદીશ, જે છે ઈશ્વરનાયે અધીશ. ૨૬
છત્રી છે ગોમતી તટ આજ, સભા ત્યાં જૈ સજી મહારાજ;
કરી જ્ઞાન વૈરાગ્યની વાત, પ્રશ્ન ઉત્તર કીધા અઘાત. ૨૭
આરતી ધૂન્ય ત્યાં કરી ત્યારે, પછી કૃષ્ણ પધાર્યા ઉતારે;
જમ્યા થાળ અધિક ઉમંગે, પછી પોઢ્યા પ્રભુજી પલંગે. ૨૮
પરમેશ્વર ઉઠ્યા પ્રભાતે, કરી નિત્યક્રિયા ભલી ભાતે;
બામણોલિયાના ફળિયામાં, ઓરડો દક્ષણાદિ દિશામાં. ૨૯
ગંગામાનો હતો ત્યાં ઉતારો, થયો તૈયાર ત્યાં થાળ સારો;
પ્રભુ ત્યાં જમવાને પધાર્યા, જમી જનમન હરખ વધાર્યા. ૩૦

ગંગામાયે ધરાવ્યો પોશાગ, શોભ્યો શ્યામને અંગે અથાગ;
જ્ઞાનબાગમાં નિષ્કુળાનંદે, બાંધ્યો હિંડોળો અધિક આનંદે. ૩૧
સંચર્યા તહાં શ્રીમહારાજ, સર્વે હરિજન સંત સમાજ;
હિંડોળામાં બિરાજિયા હરી, માથે મુગટ મનોહર ધરી. ૩૨
નિષ્કુળાનંદે વાંસળી લાવી, હરિના હાથ માંહિ ધરાવી;
બહુનામીયે તે તો બજાવી, સૌને વિસ્મયતા ઉપજાવી. ૩૩
હેતે હરિને જનોયે ઝુલાવ્યા, અમરો[1] સહુ નિર્ખવા આવ્યા;
જેજેકાર થયો જગમાંઇ, જોતાં કસર રહિ ન કાંઈ. ૩૪
જામિનીનો સમય થયો જ્યારે, અવિનાશી પધાર્યા ઉતારે;
એમ આનંદમાં દિન જાય, સૌના હૈયામાં હરખ ન માય. ૩૫
ચલાવ્યું કામ મંદિર તણું, પાસે રહીને પ્રભુજીયે ઘણું;
ઈંટવાડે જઈ સહુ સાથે, માવો લેતા ઈંટો નિજ માથે. ૩૬
તેથી સંઘના સૌ સતસંગી, ઈંટો ઉપાડે અધિક ઉમંગી;
ઘણા ગામના ઠાકોર હોય, માથે ઈંટો ઉપાડે તે તોય. ૩૭
કરે ઝડપથી જે કોઈ કામ, ઘણું રીઝે તેને ઘનશ્યામ;
કચરાળાં કર્યા દિસે અંગ, શ્યામ દાબે તેને છાતિસંગ. ૩૮
આપે છાતીમાં ચરણની છાપ, કોઈને તો વખાણે છે આપ;
આપે કોઈને હાર પ્રસાદી, જેહ ઈચ્છે છે ઈન્દ્ર બ્રહ્માદી. ૩૯
મૂર્તિયોનું જ્યાં ચાલતું કામ, તહાં જોવા ગયા ઘનશ્યામ;
નારાયણભાઈ સાથે હિરાજી, કરતા હતા મૂર્તિયો તાજી. ૪૦
છબિયોની છબી જોઈ સારી, બહુ રીઝ્યા રુદે ગિરધારી;
ભેટ્યા બે જનને ભીડી બાથ, માવે બેને માથે મુક્યા હાથ. ૪૧
અક્ષરાનંદ બોલિયા વાણી, સ્નેહે સાંભળો શારંગપાણી;
મૂર્તિ લક્ષ્મીનારાયણ કેરી, નથી મળતી અમે બહુ હેરી[1] ૪૨
હસી બોલિયા અંતરજામી, પોતે સર્વજ્ઞ સંતના સ્વામી;
મૂર્તિયો મહાદૈવત વાળી, રમાનાથ રમાની રુપાળી. ૪૩
અતિપાવન છે પુરાતનની, મનવૃત્તિ હરે હરિજનની;
તે તો છે વટપત્તનમાંય, મોટા સંતને મોકલો ત્યાંય. ૪૪

૧. દેવતાઓ

સુણી શ્યામના એવા ઉચ્ચાર, સૌને આનંદ ઉપજ્યો અપાર;
મુકતાનંદ અને નિત્યાનંદ, થયા તૈયાર જાવા સ્વછંદ. ૪૫
કહે કૃષ્ણ જજો વટપુરમાં, મારી મૂર્તિ સંભારજો ઉરમાં;
તેથી મૂર્તિયો બે પ્રાપ્ત થાશે, તેમાં દૈવત ઝાઝું જણાશે. ૪૬
મોકલ્યા એવી આગન્યા કરી, અક્ષરાનંદને કહે હરી;
હવે ઝડપથી કામ ચલાવો, થાય મંદિર તેમ કરાવો. ૪૭
આવતે વર્ષ કાર્તિક માસે, કામ મૂર્તિ પ્રતિષ્ઠાનું થાશે;
માટે ચિત્તમાં એવું વિચારી, કરી રાખજો સઘળી તૈયારી. ૪૮
અક્ષરાનંદ કહે મહારાજ, કરશું ઉતાવળ થકી કાજ;
હરિનવમીનો અવસર આવ્યો, તે સમૈયો કરીને સિધાવો. ૪૯
પ્રભુને તે ગમ્યું મન માંહી, હરિનવમી કરી ભલી આંહી;
સમૈયો કરીને ઘનશ્યામ, ગયા ગિરધર ગઢપુર ધામ. ૫૦

**પુષ્પિતાગ્રા :**

હરિવર વરતાલ માંહિ આવી, શુભ નિજધામનું કામ તે ચલાવી;
કૃત જનમન માંહિ મોદ ભારે, છબી શુભ એહ વસો હૃદે અમારે. ૫૧

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે અષ્ટમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીવૃત્તાલયે પુષ્પદોલોત્સવ*
*તથા હરિનૌમીઉત્સવકરણનામૈકાદશો વિશ્રામઃ ॥૧૧॥*

**પૂર્વછાયો :**

વાલો આવ્યા વરતાલથી, ગઢપુર વિષે ગુણવંત;
ઘણા કાઠિ ગરાશિયા, સાથે હતા હરિજન સંત. ૧

**ચોપાઈ :**

તહાં વીત્યા દિવસ ત્રણ ચાર, ત્યારે ઉચ્ચર્યા વિશ્વઆધાર;
જન કાઠિ ગરાશિયા જેહ, પરગામથી આવ્યા છો તેહ. ૨
જૈને નિજઘર કામ સંભાળો, મારી આજ્ઞા તે પ્રેમથી પાળો;
રહ્યા જનક વિદેહી તે જેમ, રહો સંસારમાં તમે તેમ. ૩

---

૧. આંટા ફેરા મારવા

બોલ્યા હરિજન જોડીને હાથ, ઘેર કેમ જૈયે અહો નાથ;
નેણે નિરખિયે મુરતિ તમારી, આવે પાંપણો આડી અમારી. ૪
એટલોય વિજોગ તમારો, સહી ન શકે જીવ અમારો;
કેમ વશિયે અમે જઈ દૂર, સદા રાખોજી આપ હજૂર. ૫
સુણી બોલિયા શ્રીભગવાન, મન ધરજો તમે મારું ધ્યાન;
મારી મૂર્તિ અખંડ દેખાશે, મારો કદિયે વિજોગ ન થાશે. ૬
તમ દ્વારાયે દેશ મોઝાર, હજી કરવાં છે કામ અપાર;
જોઈ ધર્મની રીત તમારી, ઘણાં ભક્ત થશે નરનારી. ૭
માટે નિજનિજ ઘેર પધારો, કરો સતસંગનો ત્યાં વધારો;
હવે આવે પ્રબોધની જ્યારે, વરતાલ જશું સહુ ત્યારે. ૮
તહાં દેવપ્રતિષ્ઠા કરશું, સૌથી સરસ સમૈયો ભરશું;
ત્યારે આવજો થૈને તૈયાર, સાથે લાવજો અશ્વ શ્રીકાર. ૯
એવો ઉત્સવ એ સમે થાશે, સૌથી શ્રેષ્ઠ ચરિત્ર ગણાશે;
જેમ માળામાં મેર જણાય, તે તો સર્વેથી શ્રેષ્ઠ ગણાય. ૧૦
તેમ જન્મચરિત્ર જે મારાં, હરિજનને હરખ આપનારાં;
પ્રતિષ્ઠા રમાનાથની જેહ, લીલા સર્વોપરી થશે તેહ. ૧૧
માટે આવજો ત્યાં ધરી પ્રીત, સગા સ્નેહી કુટુંબસહીત;
એવાં વચન કહી હરિરાય, કર્યા તે હરિજનને વિદાય. ૧૨
રથજાત્રા તણો દિન આવ્યો, શ્યામે ઉત્સવ સારો કરાવ્યો;
ગઢપુરના નિવાસી જે જન, કરી ઉત્સવ હરખિયા મન. ૧૩

**પૂર્વછાયો :**

એવી કથા શુભ સાંભળી, રુદે રીઝ્યા અભેસિંહરાય;
પ્રશ્ન ઉત્તમ એક પૂછવા, એને ઈચ્છા થઈ ઉરમાંય. ૧૪
અહો અચિંત્યાનંદજી, તમે કહ્યું જે મૂર્તિયો માટ;
નિતયાનંદ ને મુક્તમુની, ગયા વટપત્તનની વાટ. ૧૫
તેઓએ ત્યાં જઈ શું કર્યું, ક્યાંથી લાવ્યા મૂર્તિયો તેહ;
વિસ્તારથી શુભ વારતા, મને આપ સુણાવો એહ. ૧૬
વર્ણી કહે વસુધાપતિ, સુણો તેહ કથાનો સાર;
બે સદ્‌ગુરુ જે સંચર્યા, ગયા વટપત્તન મોઝાર. ૧૭

**ચોપાઈ :**

તહાં મૂર્તિયો માટે તપાસ, કરવામાં ન રાખી કચાશ;
જોયાં સર્વે સલાટના ધામ, પૂછ્યું મૂર્તિ માટે ઠામઠામ. ૧૮
જોયા દેશી વિદેશ અપાર, મુરતીયો તણા વેચનાર;
ઘણી મૂર્તિયો નેણે નિહાળી, ભલી લેવા લાયક નહિ ભાળી. ૧૯
સમૈયો હરિનવમીનો આવ્યો, જવા વરતાલ તે નહિ ફાવ્યો;
મૂર્તિ લીધા વિના ન જવાય, મુનિ અંતરમાં અકળાય. ૨૦
સુતા જામનિમાં પછી જ્યારે, દીધાં દર્શન શ્રીજીએ ત્યારે;
શ્રીમુખે બોલ્યા સુંદરશ્યામ, એક વાણિયાનું લીધું નામ. ૨૧
મુનિ મનમાં તમે ન મુંઝાઓ, તેહ વાણિયાને ઘેર જાઓ;
પુરાતનની બે મૂર્તિ રહી છે, તે તો તેહને પ્રાપ્ત થઈ છે. ૨૨
કેને અર્પત કરવી એહ, તેની ચિંતા તો કરે છે તેહ;
તમે માગશો તો મન ધરશે, નકી તમને તે અર્પણ કરશે. ૨૩
સુણી વાલાના વદનની વાત, મુનિ મનમાં થયા રળિયાત;
પ્રભાતે ઉઠિ તતપર થયા, તેહ વાણિયાને ઘેર ગયા. ૨૪
ભલી મૂર્તિયો બે તહાં ભાળી, નિશ્ચે રાજી થયા તે નિહાળી;
મૂર્તિ લક્ષ્મીનારાયણ કેરી, જોતાં ભાસે તે સુગડ ઘણેરી. ૨૫
મુનિયે તેહ મૂર્તિયો માગી, સુણી રાજી થયો સદભાગી;
મૂર્તિ આપવા કીધો વિચાર, દાઝ્યા દિલ માંહિ દ્વેષી અપાર. ૨૬
સુણ્યું સ્વામિનારાયણ નામ, દ્વેષી બોલી ઉઠ્યા તેહ ઠામ;
એને મૂર્તિયો આ ન અપાય, એ તો પાખંડી છે જગમાંય. ૨૭
કહે વર્ણિ સુણો નરરાય, એવા દુષ્ટ જગતમાં જણાય;
સારા કામમાં અડચણ કરે, પુણ્યપાપ વિચાર ન ધરે. ૨૮

**દુષ્ટ સ્વભાવ વિષે : ઉપજાતિ :**

દીસે ઘણો દુષ્ટ સ્વભાવ જેનો, દુરાગ્રહી હોય મમત્વ તેનો;
પુણ્ય ક્રિયામાં પણ આવી આડે, પોતાતણું ને પરનું બગાડે. ૨૯
જો ક્યાંઈથી તેહ પીયૂષ લેય, ન પાય પીયે પણ ઢોળી દેય;
તે જેમ માંખી નિજદેહ પાડે, બીજાતણું ભોજન તે બગાડે. ૩૦

મનુષ્યને સર્પ ડસે કદાપિ, તેથી ક્ષુધા તો ન ટળે તથાપિ;
વિનાર્થ તેને પરપ્રાણ લેવો, અધર્મીનો હોય સ્વભાવ એવો. ૩૧
જો દીનને દાન દયાળુ દે છે, તે દેખીને દુષ્ટ બળી મરે છે;
જો લાભ કે હાનિ ન હોય એને, આવે અદેખાઈ તથાપિ તેને. ૩૨
કરે કદાપી પરમાર્થ કોઇ, બળી મરે છે જન દુષ્ટ જોઇ;
વિશ્વોપકારી જળવૃષ્ટિ થાય, જોઇ જવાસો બળીને સુકાય. ૩૩
પોતે ભલું કામ કરે ન ક્યારે, બીજો કરે ત્યાં જઈને નિવારે;
ન હોય તેમાં લવલાભ લેવો, તથાપિ તે દુષ્ટ સ્વભાવ તેવો. ૩૪
અધર્મીનો સે'જ સ્વભાવ એ છે, જેતે પ્રકારે પરને નડે છે;
પ્રકાશ દે સૂર્ય શશી સ્વભાવે, તથાપિ આડો ખળ રાહુ આવે. ૩૫
અપાર વીંછી અહિયો[1] અપાર, વળી વિશેષ વછનાગ સાર;
એવાં મહાઝેર લઈ અનેક, ઘડ્યો અદેખો જન દુષ્ટ એક. ૩૬
અપૂજ્ય જે બે પ્રતિમા રહેલી, તે આપવાને વણિકે કહેલી;
તે પ્રૌઢ ધામે પધરાવવાની, અધર્મીને વાત ઉરે ન માની. ૩૭

**ચોપાઈ :**

ઈચ્છા વણિકની તો ફરી ગઈ, ચિંતા મુનિયોના ચિતમાં થઈ;
હેતે હૈયામાં સંભાર્યા હરિ, પ્રભુએ ત્યારે પ્રેરણા કરી. ૩૮
સૂર્યોદયથી નાસે અંધકાર, નાઠો તે રીતે ખોટો વિચાર;
બુદ્ધિ નિર્મળ થૈ તેની જ્યારે, મુનિને આપી મૂર્તિયો ત્યારે. ૩૯
એક શકટ વિષે પધરાવી, વરતાલની વાટે ચલાવી;
વળી ચિતમાં વાત વિચારી, આ તો મૂર્તિયો છે બહુ સારી. ૪૦
દુર્ગપુર માંહિ મંદિર થાય, તેમાં આ છબી પધરાવાય;
રાજા ઉત્તમનો દરબાર, શોભા તો પામે અપરમપાર. ૪૧
માટે શ્રીજીને દેખાડવાને, લૈને ત્યાં જ જૈયે તેહ બાને;
ત્યાંના હરિજન દેખશે જ્યારે, તહાં રાખશે મૂર્તિયો ત્યારે. ૪૨
બીજી મૂર્તિયો વરતાલ માટે લાવશું વળી કોઈક ઘાટે;
એવો નિશ્ચે કરી નિરધાર, ચાલ્યા દુર્ગપુરે બારોબાર. ૪૩

---
૧. સર્પો

જ્યારે આવ્યા બોચાસણ ગામ, બહુ વૃષ્ટિ થઇ તેહ ઠામ;
ગામમાં કાશિદાસને ઘેર, પ્રતિમાઓ મુકી રુડિપેર. ૪૪
ગયા ગઢપુર તે મુનિજન, કર્યા શ્રીહરિનાં દરશન;
શ્યામે પૂછ્યા સમાચાર જ્યારે, શિર નામી બોલ્યા સંત ત્યારે. ૪૫
આપ છો પ્રભુ અંતરજામી, સરવજ્ઞ છો સંતના સ્વામી;
કરોછોજી મનુષ્યચરિત્ર, માટે પૂછો છો વાત વિચિત્ર. ૪૬
પછી મૂર્તિયોના સમાચાર, સંભળાવ્યા સહિત વિસ્તાર;
અમે આપને દેખાડવાને, લાવતા હતા તે પ્રતિમાને. ૪૭
થઈ વૃષ્ટિ બોચાસણ ગામ, માટે મૂર્તિયો મુકી તે ઠામ;
પ્રતિમાઓ છે શોભતી સારી, નામ લક્ષ્મીનારાયણ ધારી. ૪૮
સુણી બોલિયા શ્રીહરિ વાણી, અમે ઈચ્છા એ દેવની જાણી;
આમ્રરસ તણો કરવા આહાર, રહેશે ચરોતરની મોઝાર. ૪૯
વરતાલમાં કરશે નિવાસ, તહાં પૂરશે ભક્તોની આશ;
કહે સંત સુણો બહુનામી, એક મૂર્તિમાં કાંઇ છે ખામી. ૫૦
નીચેના જમણા હાથમાંય, ગદા જોઈયે ચક્ર છે ત્યાંય;
નીચે ડાબે હાથે ચક્ર હોય, ગદા ધારી છે તે હાથે તોય. ૫૧
કહે શ્રીહરિ સહુ શુભ થાશે, સંતો ચિંતા તમારી તે જાશે;
સુણી શ્રીહરિની શુભ વાણી, સંતે સર્વથા સત્ય પ્રમાણી. ૫૨
ગઢપુર માંહિ શ્રીઅવિનાશ, કર્યો ચાતુરમાસ નિવાસ;
કરી લીલા અનેક પ્રકાર, સુખ દાસને કીધાં અપાર. ૫૩
કૃષ્ણજન્મ તણો દિન આવ્યો, વાલે ઉત્સવ સારો કરાવ્યો;
જળઝીલણિ તે આવી જ્યારે, કર્યો ઉત્સવ ઉત્તમ ત્યારે. ૫૪

**પુષ્પિતાગ્રા :**

હરિ તણિ મુરતી તથા રમાની, વૃતપુર મંદિર માંહિ થાપવાની;
વટપુર થકી લાવિયા સુસંત, સુણી હરિકૃષ્ણ રુદે રીઝ્યા અનંત. ૫૫

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે*
*અષ્ટમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે વટપત્તનાત્*
*શ્રીલક્ષ્મીનારાયણ- પ્રતિમાઆનયનનામ દ્વાદશો વિશ્રામઃ ॥૧૨॥*

**રથોદ્ધતા :**

વર્ણીરાજ હરિની કથા કહે, ભૂપ સ્નેહ ધરીને સુણી લહે;
જેમ શ્રેષ્ઠ ઘનનાદ સાંભળી, મોદવંત બહુ મોરમંડળી. ૧
હે નરેશ વરતાલને વિષે, શ્રેષ્ઠ ધામ શિખરો થયાં દિસે;
શ્વેત હોય શિખરો હિમાચળે, એ જ એની ઉપમા ભલી મળે. ૨
અક્ષરાખ્ય મુનિ વાક્ય ઉચ્ચરે, તે આનંદમુનિ ચિત્તમાં ધરે;
આજ સર્વ શ્રમ આપણો ફળ્યો, પૂર્વ પુણ્યનિધિ માનિયે મળ્યો. ૩
વાત એહ લખી એક કાગળે, મોકલાય મુનિનાથ આગળે;
તેહ પત્ર વૃષપુત્ર વાંચશે, રાજી રાજી હૃદયે ઘણા થશે. ૪
પત્ર એક લખિયો પવિત્ર તે, ચિત્ત ભાવતણું ચારુ ચિત્ર તે;
તેહ માંહિ વચનો લખી ધર્યા, પ્રાણનાથ શિખરો પુરાં કર્યાં. ૫
જોવરાવી સુમૂહૂર્ત સંચરો, મૂર્તિયોની થિર થાપના કરો;
છે વિરાટ તનતુલ્ય મંદિરો, તે સજીવ છબી થાપિને કરો. ૬
દેશદેશ લખી કુંકુમાક્ષરી, મોકલ્યાનું કરજો તમે હરિ;
હર્ષ સર્વ હરિભક્ત પામશે, આવી જેમ મધમક્ષિ જામશે. ૭
ઈન્દ્ર ચંદ્ર દિવસેંદ્ર[1] દેવતા, ભૂતનાથ યમ ભારતી પિતા[2];
ચિત્ત ચિંતવન નિત્ય સૌ ધરે, વાસ્તુ આવી હરિ કે સમે કરે. ૮
તે ચરિત્ર તવ દેખવા તણી, સર્વ ચિત્ત ઉતકંઠતા ઘણી;
પ્રાણનાથ ઝટથી પધારજો, આવી હર્ષ અમને વધારજો. ૯
પત્ર તેહ લઈ જૂસજી પગી, સંચર્યા દુરગધામની લગી;
જેમ પત્ર લઈ રુકિમણી તણો, વિપ્ર સંચરિત વેગથી ઘણો. ૧૦
જૈ પ્રણામ પ્રભુને પ્રિતે કર્યો, પત્ર ધર્મસુતને કરે ધર્યો;
વાંચી પત્ર હરખ્યા હરિ બહુ, તેહ હર્ષતણી વાત શી કહું. ૧૧
દ્વારિકાની રચના દિલે ગમે, વિશ્વકર્મ રચિ રૂઢિ જે સમે;
તે સુણી હરખ જે થયો હતો, એથી હર્ષ અધિકો થયો છતો. ૧૨
બોલિયા પ્રભુજી જુસજી ભણી, માગ્ય માગ્ય મુખથી વધામણી;
આજ હર્ષ અતિ ઊપજ્યો મને, વાંછિતાર્થ વરદાન દૌ તને. ૧૩

---

૧. સૂર્ય ૨. બ્રહ્મા

જૂસજી પ્રણમિ બોલિયા હસી, હે દયાળુ દિલમાં રહો વસી;
નાથ નિત્ય ભજું પૂર્ણ નેહથી, એથી અન્ય કશિ વાંછના નથી. ૧૪
તે તથાસ્તુ હરિએ મુખે કહ્યું, જૂસજી હરખ પામીયા બહુ;
ધન્ય ધન્ય હરિભક્ત તેહને, વાસના ન કશી અન્ય જેહને. ૧૫
પત્ર વાંચી સહુને સુણાવિયો, ભક્ત સર્વ મન તેહ ભાવિયો;
હર્ષ એથી ઉપજ્યો અતિ ઘણો, જાણી મર્મ મન માંહિ તે તણો. ૧૬

**શાર્દૂલવિક્રીડિત :**

મુક્તાનંદ મુનીંદ્ર બ્રહ્મમુનિ ને નિત્યાખ્યનંદો મુની,
ગોપાળાખ્ય મુની માગુણનિધી જાણે સુરીતી જુની;
લાધો ને હરજી સુમંત્રી હરિના સેવા સજે સર્વદા,
તે સૌ રાજી થયા રુદે અતિ ઘણા તે પત્ર વાંચી મુદા. ૧૭
સૌને પુછી સુપેર વિશ્વપતિએ જ્યોતિષી બોલાવિયા,
જોશીજી પુરુષોત્તમાખ્ય દ્વિજ શ્રી રૂવાદના આવિયા;
બીજા ભટ્ટ મયાખ્યરામ પણ ત્યાં આવ્યા પ્રભૂ આગળે,
પુછ્યું શુદ્ધ મુહૂર્તને વળી કહ્યું આપો લખી કાગળે. ૧૮

**ઉપજાતિ :**

તે એક તો ગર્ગસમાન જાણો, બુહસ્પતી તુલ્ય બીજા પ્રમાણો;
અનેક વિદ્યા ભણી જેહ જાણે, મુહૂર્ત જોવું મળી તેહ ટાણે. ૧૯
મુહૂર્ત આવ્યું શુભ દ્વાદશીયે, તે શુકલપક્ષે તિથિ કાર્તિકીયે;
પોઢી ઉઠે શ્રીહરિ શેષશાયી, મુહૂર્ત તે તો સહુ સિદ્ધિદાયી. ૨૦
કૃષ્ણે પછી કાગળ ત્યાં મગાવ્યો, વૃત્તાલયે મોકલવા લખાવ્યો;
મુહૂર્તનો વાસર શુદ્ધ જેહ, શ્યામે લખાવ્યો શુભ જાણી તેહ. ૨૧
વળી બીજી વાત કરી પ્રકાશ, હે અક્ષરાનંદ અનન્યદાસ;
વડોદરા સૂરત આદિ દેશ, કંકોતરીયો લખજો વિશેષ. ૨૨
શ્રીમંત સર્કાર શિયાજીરાવ, જેનો ભલો છે મુજ માંહી ભાવ;
કંકોતરી ત્યાં લખજો જરૂર, તે મંત્રીને મોકલશે હજૂર. ૨૩

દંઢાવ ને કાનમ આદિ દેશ, ને વાંસદા ધર્મપુરે વિશેષ;
ખંભાતના ભૂપ ભલા નવાબ, તેને લખાવો લખી ઈલકાબ[૧]. ૨૪
ચરોતરે ને દશકોશિમાંય, છે આબરૂદાર સુભક્ત ત્યાંય;
લખો વળી શ્રીપુર જાણી સારું, લખો બધામાં લિખિતં અમારું. ૨૫
હાલાર પાંચાળ સુરાષ્ટ્ર કચ્છ, કંકોતરી ત્યાં લખશું જ સ્વચ્છ;
તેની ન ચિંતા કરવી તમારે, તે કામ તો છે કરવું અમારે. ૨૬
કર્યા અમે મંદિર કારભારી, તે સાચવે છે મરજી તમારી;
તે સર્વને એમ તમે કહેજો, સામાન સર્વે ધન ખર્ચી લેજો. ૨૭
ઘી ખાંડ ને સાકર અન્ન જેહ, અખૂટ લેજો અતિશુદ્ધ એહ;
જે જે દિસે ખેતર આસપાસ, ત્યાં તો થશે સંઘ તણો નિવાસ. ૨૮
તે માટે તે સ્વચ્છ કરાવી રાખો, ત્યાં આવશે તે તક લોક લાખો;
સુખે રહે ત્યાં સહુ બાઇ ભાઇ, એવી કરો ઉત્તમ જોગવાઇ. ૨૯
અમે મુનિ નિષ્કુળને જ ધારી, અગાઉથી મોકલશું વિચારી;
જાણે બધી ઉત્તમ જુક્તિ જેહ, કરાવશે મંડપ આવી એહ. ૩૦
જે વેદમૂર્તિ ક્રિયમાણ જાણે, વિશેષ જેને જન સૌ વખાણે;
એ તો વસે છે ઉમરેઠ ગામ, ઘેલા તથા છે હરિભાઈ નામ. ૩૧
ત્રીજા કૃપારામ સુવિપ્ર જેહ, તેઓ વસે છે પણ ગામ તેહ;
જાણે ભલી કર્મઠ કેરી રીતી, પ્રભુપદે છે પરિપૂર્ણ પ્રીતી. ૩૨
તેડાવજો તે નિજ શિષ્ય સંગે, તે કુંડનું કામ કરે ઉમંગે;
જે જે હુતદ્રવ્ય ગણી બતાવે, તે લાવજો જ્યાં થકી જેહ આવે. ૩૩
વરૂણિમાં વિપ્ર વરાય જેહ, ઠરાવશું આવી અમે જે તેહ;
સિધા તણી તો કરવા સફાઈ, તેડાવજો જે બહુ સુજ્ઞ બાઇ. ૩૪
ગંગાખ્ય માતા ગુણવંતી જેહ, તેડાવજો તર્ત લખી જ તેહ;
બીજાં વસે છે ઉમરેઠમાંઇ, બે રૂપબાઇ વળી માનબાઈ. ૩૫
બે નાથી ને બેન કુમારી સારી, વેણી તથા છે કુશળા સુનારી;
વડોદરામાં પણ મોંઘીબાઇ, જે શ્રેષ્ઠ સત્સંગ વિષે ગણાઇ. ૩૬
ગંગા વસે શ્રીપુર માંહિ ત્રીજી, રેવા તહાં છે વળી બાઇ બીજી;
વસો વિષે છે જમનાં જતંન, છે મેમદાવાદ નિવાસી અન્ય. ૩૭

૧. ઉપનામ, ઉપમા

સુખાખ્ય બાઈ સખબાઈ કાશી, વળી તહાં છે ઉમયા નિવાસી;
રહે વળી ત્યાં રળીયાત બાઈ, સતી સિતાથી પણ તે સવાઈ. ૩૮
છે પીપળાવાખ્ય પવિત્ર ગામ, હેતાખ્ય બાઈ ઠરી તેહ ઠામ;
જાણો સહુ અક્ષરમુક્ત એહ, ધર્યા મહી માંહિ મનુષ્ય દેહ. ૩૯

**વસંતતિલકા :**

ગંગાજી ભક્ત હરિનાં નડિયાદકેરા,
એવાં જ ઉત્તારકુમારિ ભલાં ઘણેરાં;
રેવાજી નામ ભલી બાઈ તહાં રહે છે,
સર્વે સુજાણ સતી એમ જનો કહે છે. ૪૦

**ઉપજાતિ :**

તેડાવવા તે બધી બાઈયોને, ત્યાં મોકલાવો દ્વિજ ભાઈયોને;
વૃત્તાલવાસી વનમાળી ગોર, ડાહ્યાખ્ય મેતા પણ તેહ ઠોર. ૪૧
સંજાય ગામે શુભ છે મુકામ, છે નામ અંબાપદ યુક્ત રામ;
તે વિપ્ર સારા ત્રણ જો સિધાવે, બાઈ બધીને જઈ તેડી આવે. ૪૨
તે બાઈયો સર્વ પ્રવીણ પૂરી, રસોઈ કામે નથી તે અધૂરી;
જે જે સમે જ્યાં શુભ કામ હોય, આવે તહાં જોગ ન હોય તોય. ૪૩
તે સર્વને કામ ભલાં ભળાવો, સેવો વડી પાપડ તે કરાવો;
સેવો તણા તંતુ રચે રુપાળા, જાણે દિસે તંતુ સુપદ્મવાળા. ૪૪
વિવેકથી તે વડિયો બનાવે, જેમાં અતિ ઉત્તમ સ્વાદ આવે;
સજે વળી પાપડ સ્વચ્છ એવા, પૂરેપૂરા પૂનમચંદ્ર જેવા. ૪૫
રસોઈયા સૂરતના જ સારા, વડોદરાના પણ રાંધનારા;
જે પાકશાસ્ત્રે નિપુણો અથાક, ભણેલ રૂડા નળ ભીમપાક. ૪૬
તેડાવી પકવાન ઘણાં પડાવો, ભંડાર મોટા બહુધા ભરાવો;
અનેક સંભાર તણાં અથાણાં, મંગાવજો ઉત્તમ આપી નાણાં. ૪૭
જે ગામ છે ત્યાંથકી આસપાસ, જ્યાંજ્યાં વસે મૂજ અનન્ય દાસ;
આજ્ઞા અમારી ભલી એમ ભાખો, તૈયાર સૌ કાષ્ઠ તૃણાદિ રાખો. ૪૮
ધર્મે કર્યો રાજસુ જજ્ઞ જેવો, એથી થશે ઉત્તમ જજ્ઞ એવો;
માટે થવું સર્વ જને સહાયી, ન જાણશો બાળક ખેલ ભાઈ. ૪૯

વડોદરે છે નર નારુપંત, સત્સંગી પૂરા અતિ સ્નેહવંત;
અમાત્ય[1] છે તે નરનાથ કેરા, મગાવવા ત્યાંથકી તંબુ દેરા. ૫૦
ચોખી ભલી ચંદનિયો મંગાવો, તંબૂ ખડા ખેતરમાં કરાવો;
જ્યાં ઝાડપાણી તણિ જોગવાઈ, ભલી હવા હોય વિશેષ ભાઈ. ૫૧
ત્યાં આવશે જે સરદાર સારા, તેના થશે તંબુ વિષે ઉતારા;
તે કારણે કાંચન કુંભવાળા, મંગાવજો, તંબુ રુડા રુપાળા. ૫૨
જ્યારે હજારો જન ત્યાં ભરાશે, ત્યારે તહાં તો બહુ ભીડ થાશે;
માટે બધી સીમ સુધી સફાઈ, કરાવી રાખો ભલિભાત ભાઈ. ૫૩
નવે નિધિ અષ્ટ સુસિદ્ધિ જેહ, ત્યાં આવશે સૌ તક જાણિ તેહ;
જનો તણાં કામ જને કરાશે, દેવો તણાં દેવથકી જ થાશે. ૫૪
ગણેશ ગંગેશ[2] સુરેશ[3] શેષ, ધનેશ[4] હંસેશ[5] શશી દિનેશ;
સેવા વિષે તત્પર સૌ રહેશે, તે આ સમે લાભ અલભ્ય લેશે. ૫૫
નક્કી લખી વાત થવાની એમ, લખે વિધાતા દૃઢ લેખ જેમ;
એ રીતનો પત્ર પુરો લખાવ્યો, તે જુસજીના કરમાં અપાવ્યો. ૫૬
સિધાવિયા જુસજી પંથ રૂડે, વેગે ઘણે જેમ ગરૂડ ઊંડે;
જ્યાં અક્ષરાનંદમુની નિવાસ, તે પત્ર મૂક્યો જઈ તેની પાસ. ૫૭
ઉત્સાહ વાધ્યો ઉર વાંચી પત્ર, સૌને બધી વાત સુણાવી તત્ર;
આનંદ વાધ્યો અતિ ઘેરઘેર, જાણે વધી લક્ષ્મી તણી લહેર. ૫૮

**પુષ્પિતાગ્રા :**

વૃષસુત હરિનો સુપત્ર વાંચી, સુણી પ્રતિમા પધરાવવાની સાચી;
જનમન ઉપજ્યો ઉમંગ એમ, પ્રગટ પ્રમાણ મળે પ્રભુજી તેમ. ૫૯

*ઈત શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે અષ્ટમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે વૃત્તાલયે શ્રીલક્ષ્મી-નારાયણપ્રતિષ્ઠા મુહૂર્તનિર્ધારણનામ ત્રયોદશો વિશ્રામઃ ॥૧૩॥*

**શાર્દૂલવિક્રીડિત :**

વાંચ્યો પત્ર પ્રભૂ તણો મુનિવરે તે અક્ષરાખ્યે સહી,
બોલાવી વરતાલના હરિજનો તે વાત સૌને કહી;

૧. રહસ્યમંત્રી, પ્રધાન ૨. શંકર ૩. ઈન્દ્ર ૪. કુબેર ૫. બ્રહ્મા

તે તો આતુરતાથી પત્રતણી તો જે વાટ જોતા હતા,
ઈચ્છા પૂર્ણ થવાથી એહ સહુને હૈયે વધી હર્ષતા. ૧
જે રીતે જન લોભિને જર તણો ભંડાર ભારે જડે,
કે ચિંતામણિ ચિત્તમાં ચિતવતાં પાસે જ આવી પડે;
કે ઈન્દ્રાસન એહને જ મળતાં ઉત્સાહ જેવો થશે,
વા'લાનો શુભ પત્ર વાંચી જનને ઉત્સાહ એવો દિસે. ૨
મોટા હર્ષથી અક્ષરાખ્યમુનિ ને આનંદસ્વામી મળી,
કંકોત્રી હરિનામથી બહુ લખી તે મોકલાવી વળી;
ધારી ધર્મપુરે સુ વાંસદપુરે શ્રીપત્તને સુરતે,
પો'ચાડી વટપત્તને વળી બહુ સ્થાને સુમુહૂરતે. ૩
લૈ પત્રી વનમાળી ગોર વિચર્યા ડાહ્યા મહેતા ગયા,
અંબારામ તથા સહોદર વળી તેના સુપંથે થયા;
આપી પત્ર વળી કહ્યું હરિ તણી ભક્તા ભલી બાઈયો.
તે સૌને ઝટ લાવજો રસવતી[1] કાર્યે દિસે ડાહિયો. ૪
શ્રીજીયે પણ સ્વચ્છ દુર્ગપુરથી પત્રી લખાવી ઘણી,
તે તો સોરઠ કચ્છ આદિ સઘળે લૈ મોકલાવી ગણી;
ઝાલાવાડ હલાર ગોહિલ ધરા રાજા પ્રજા સર્વને,
કંકોત્રી લખી મોકલાવી હરિયે રાખે ન જે ગર્વને. ૫
આખા ને પીપળાણું ગામ તહિં છે નારાયણાખ્યો દવે,
મે'તા શ્રીનરસિંહ નામ પણ જે તે ગામમાં છે હવે;
તેઓને લખ્યું જે કુટુંબસહિતે સૌ સદ્ય ત્યાં આવજો,
શાણાં સ્ત્રીજન છે તમો ઘર તણાં સાથે સહુ લાવજો. ૬
તે કંકોતરિયો લઈ દ્વિજ ગયા તે હું કહું છું ઠરી,
લક્ષ્મીરામ નિવાસી દુર્ગપુરના સાખે સુદેરાસરી;
ડોસો બેચર બાળકૃષ્ણ રઘુનાથાખ્યો જિવો જાણવો,
લાલો ને હરજીવનાખ્ય સુભગો એ તો ઉરે આણવો. ૭
શ્રીબોટાદનિવાસી ભક્ત હરિના મોનાખ્ય બે બ્રાહ્મણો,
જેઠાભાઈ ત્રવાડી એક દ્વિજ તો શ્રીમાળીના તે ગણો;

૧. રસોઈ, પાકશાળા

લૈને કુંકમપત્રિકા દ્વિજવરો સ્નેહે ઘણે સંચર્યા,
દેશોદેશ વિષે ઘણી ઝડપથી પ્રત્યેક ગામે ફર્યા. ૮

**ઉપજાતિ :**

વૃત્તાલયે મંદિર કારભારી, કામે મચ્યા સૌ મનમાં વિચારી;
ગાડાં ભરીને બહુ માલ લાવે, વડી વખારો લઈને ભરાવે. ૯
ગાડાંની હેડો વન માંહિ ચાલે, મુસાફરોને નહિ માગ આલે;
છે ચોકિયાં[1] ને છકિયાં[2] ભરેલાં, ઘણાંક જોડેલ દિસે તરેલાં. ૧૦
જો તાણતાં તાણી નહીં શકાય, તો બેલ તે ત્યાં પણ બેસી જાય;
ધણી મરે એમ ધણી કહે છે, જાણે ન કેને શિર ગાળ એ છે. ૧૧
અરણ્યમાં ને વળી ગામમાંય, ગાડાં તણા તો ઘઘડાટ થાય;
ત્યાં તોઠિયા ઉપર માલ લાવે, તેનો નહી પાર ગણ્યાથી આવે. ૧૨
તે ધન્ય વૃત્તાલય પાટિદાર, પગી બધાને કહું ધન્યકાર;
ક્ષુધા તૃષાનું નહિ કાંઈ ભાન, મચ્યા રહે સૌ થઈ સાવધાન. ૧૩
બાઈ ઘણી ત્યાં સત્સંગી આવી, સેવો વડી પાપડ દે બનાવી;
સિધા તણી કોઈ કરે સફાઈ, વિવાહથી તેહ ગણે નવાઈ. ૧૪
અમીન કે કો ઉમરાવ જેવા, ચરોતરી જે હરિભક્ત એવા;
તે તો તજીને બધી લોકલાજ, સુધારવા સીમ કરે સુકાજ. ૧૫
સન્માર્જની[3] લૈ પૃથ્વી સુધારે, કોદાળી કોઈ કર માંહિ ધારે;
દેવો કહે છે નભમાંથી હેરિ, શી ભક્તિ રાજા અમરીષ કેરી. ૧૬
કાષ્ઠો તણો ને તૃણગંજ જોઇ, કહે જ વિંધ્યાચળતુલ્ય કોઈ;
કામે મચેલા જન તો હજારો, કહે મહાયજ્ઞ અહીં થનારો. ૧૭
પ્રસિદ્ધિ થૈ દેશવિદેશમાંય, લાખો જનો વૃત્તાપુરે ભરાય;
વેચાણ થાશે બહુ એમ ધારી, વેપારીયોયે કરી મોંઘવારી. ૧૮
તૈયાર સામગ્રી સમસ્ત કીધી, સૌયે મળી વાત વિચારી લીધી;
કંકોતરી ત્યાં લખી મોકલાવો, લખો હરીને હરિ સદ્ય આવો. ૧૯
શ્રી અક્ષરાનંદજીયે હેલાસે, કહ્યું મહાભક્ત કુબેર પાસે;
તમે તથા જોબનભાઈ બેય, લખો હરીને લખાવાનું જેય. ૨૦

---

**૧.** ગાડે જોડેલા ચાર માંહેના આગલા બે બળદ **૨.** ત્રણ તરેલાંને છ બળદ જોડેલ ગાડું **૩.** સાવરણી

બેયે મળીને પછી રૂડી રીતે, કંકોતરી ત્યાં લખી પૂર્ણ પ્રીતે;
હે રાય તે હું તમને સુણાવું, ઉત્સાહ ઝાઝો ઉર માંહિ લાવું. ૨૧

**કંકોતરીનું ધોળ :**

કંકુવરણી લખાવી કંકોતરી, લખ્યું સ્વસ્તિ શ્રીગઢપુરગામ,
પ્રિતમજી પધારજો;
સર્વ ઊપમા લાયક શ્રીહરિ,
ધર્મનંદન ધર્મના ધામ...પ્રિતમજી૦ ૨૨
લખિયે વરતાલથી વાલમા,
ભકત જોબન કુબેરદાસ...પ્રિતમજી૦
પૂરા પ્રેમ થકી અમે પ્રણમિયે,
પૂરી કરવા અમોતણી આશ...પ્રિતમજી૦ ૨૩
તમે પત્રમાં જે જે લખ્યું હતું,
તે તો સર્વે કર્યું તે તૈયાર...પ્રિતમજી૦
કૃપાનાથ કૃપા કરીને હવે,
કોટિ બ્રહ્માંડના કરતાર...પ્રિતમજી૦ ૨૪
ધામ શિખરો સહીત તૈયાર છે,
કોડે મૂરતિયો પધરાવા કાજ...પ્રિતમજી૦
ધામ પૂર્વાભિમુખનું ભલું થયું,
મોટી મેહેર કરી મહારાજ...પ્રિતમજી૦ ૨૫
તેમાં પ્રતિમાઓ છે પધરાવવી,
મધ્યે લક્ષ્મીનારાયણરૂપ...પ્રિતમજી૦
બીજા મંદિરમાં પણ બહુ ભલી,
સ્થાપો આવીને મૂરતી અનૂપ...પ્રિતમજી૦ ૨૬
કરો ઉત્સવ અદ્‌ભૂત ઓપતો,
જન જોઈ હૈયે હરખાય...પ્રિતમજી૦
એવું ઉત્તમ ચરિત્ર કરો હરિ,
લીલા સર્વોપરી તે લખાય...પ્રિતમજી૦ ૨૭
વાત વંચાશે અક્ષરધામમાં,
કોટી કલ્પસુધી રહેનાર...પ્રિતમજી૦

ભાગ્યશાળી ભરતખંડના જનો,
　　　　　　　　સ્નેહે સાંભળશે નરનાર...પ્રિતમજી૦ ૨૮
સર્વે સામગ્રી આંહિ તૈયાર છે,
　　　　　　　　ક્યારે આવશો કરુણાનિધાન...પ્રિતમજી૦
અવિનાશી હવે આપ આવજો,
　　　　　　　　દેવા દાસને દર્શનદાન...પ્રિતમજી૦ ૨૯
ઇચ્છારામ ને રામપ્રતાપજી,
　　　　　　　　સાથે લાવો સહિત પરિવાર...પ્રિતમજી૦
નૃપ અભયનો વંશ અતિઘણો,
　　　　　　　　સાથે લાવજો સૌ નરનાર...પ્રિતમજી૦ ૩૦
જીવોખાચર ભક્ત સુજાણ છે,
　　　　　　　　તેના સહુ જનને લઈ સાથ...પ્રિતમજી૦
સંત વર્ણી ને પાર્ષદ લઈ,
　　　　　　　　અતિવેગે અનાથના નાથ...પ્રિતમજી૦ ૩૧
દેશદેશના સંઘ સોયામણા,
　　　　　　　　સાથ લૈ તમે શ્રી ભગવાન...પ્રિતમજી૦
અસવારી સજી રાણા રાજિયા,
　　　　　　　　સાથે લૈ આવે ડંકા નિશાન...પ્રિતમજી૦ ૩૨
મહારાજ મુરત આવ્યું ઢુકડું,
　　　　　　　　માટે પત્ર વાંચો હાલહાલ...પ્રિતમજી૦
ઘણું શું લખિયે ઘનશ્યામજી,
　　　　　　　　તમે વિશ્વવિહારી છો લાલ...પ્રિતમજી૦ ૩૩

**ઉપજાતિ :**

કંકોતરી તો લખી એવી રીતે, પ્રભુ ભણી મોકલવા સુપ્રીતે;
બાપૂજી નામે દ્વિજ જોળમાંય, ને જુસજી મોકલિયા જ ત્યાંય. ૩૪
દ્વિજે પછી દુર્ગપુરે જઈને, હતા હરિ હાજર ત્યાં થઈને;
પ્રણામ કીધા ઉર પ્રેમ આણી, તે પત્ર આપ્યો વદિ મિષ્ટ વાણી. ૩૫
સર્વે સમાચાર વળી સુણાવ્યા, વૃત્તાલયેથી જન જે કહાવ્યા;
હરિ સુણીને હરખ્યા અપાર, તે પત્ર વાંચ્યો લઈ વારંવાર. ૩૬

સન્માન સ્નેહે દ્વિજકેરું કીધું, ભાવે ભલું ભોજનદાન દીધું;
તે વિપ્ર સાથે વૃષવંશરાય, કર્યા મુનિ નિષ્કુળને વિદાય. ૩૭
કહ્યું કરો મંડપ કુંડ જૈને, સુજાણ વિપ્રોની સલાહ લૈને;
અમે કરીને અનકોટ આંહી સ્વારી સજી આવશું સદ્ય ત્યાંહી. ૩૮
તે વિપ્ર ને નિષ્કુળસંત જેહ, જ્યારે પહોંચ્યા વરતાલ તેહ;
જાણ્યું જનોયે સુરશ્રેષ્ઠ એ છે, શ્રીવિશ્વકર્મા સહ નારદે છે. ૩૯
સમીપ આવ્યા દ્વિજ સંત જ્યારે, તે બેયને ઓળખિયા જ ત્યારે;
પ્રણામ કીધા પદમાં પડીને, જે સ્વામિનારાયણ ઉચ્ચરીને. ૪૦
સર્વે સમાચાર દ્વિજે સુણાવ્યા, તે ભક્ત સૌના મન માંહિ ભાવ્યા;
તે વિપ્રની વાત અમૂલ્ય જાણી, જેવી ઋષિની વરદાન વાણી. ૪૧
વાણી ઋષિયે ધ્રુવને સુણાવી, તને પ્રભુજી મળશે જ આવી;
તે વાણી લાગી ધ્રુવને સુ જેવી, લાગી જનોને દ્વિજ વાણી એવી. ૪૨
તેડાવિયા ત્યાં ઉમરેઠવાસી, જે વેદના અંગ ભણે તપાશી;
ઘેલા નહી તો પણ નામ ઘેલા, તે આવિયા ત્યાં સહુથી પહેલા. ૪૩
તથા કૃપારામ ઋષિજી આવ્યા, તે આપસાથે બહુ શિષ્ય લાવ્યા;
દુર્વાસ નામે મુનિ જેમ આવે, ઘણાક શિષ્યો નિજસંગ લાવે. ૪૪
દ્વિજે મુની નિષ્કુળને મળીને, અન્યોન્યના સંમત સાંભળીને;
છે કુંડ ને મંડપ શાસ્ત્રગ્રંથ, તેના તપશ્યા પરિપૂર્ણ પંથ. ૪૫
આરંભિયો મંડપ એ પ્રમાણે, જે માંહિ શંકા નહિ કોઈ આણે;
તે જેમ સંતો શ્રુતિપંથ ધાય, કલ્પિત માર્ગે કદિયે ન જાય. ૪૬
કરાવિયું શોધન ભૂમિ કેરું, જેવું લખ્યું શાસ્ત્ર વિષે ઘણેરું;
કરી પરીક્ષા શુભ ભૂમિકાની, જણાઈ તે ઉત્તમ સૌથી ત્યાંની. ૪૭
વિપ્રે પદાર્થો વરતી કહેલાં, તે ખોદતાં ત્યાં થકી નીકળેલા;
એથી સહુને દઢ ઊર આવ્યું, પ્રાચી દિશા સાધન ત્યાં કરાયું. ૪૮
તે દેવમંદિરથી પૂર્વમાંય, રચાવવા મંડપ શ્રેષ્ઠ ત્યાંય;
લાંબો પહોળો ભરી હાથ વીશે, ઓટો કરાવ્યો દ્વિજ ને મુનીશે. ૪૯
ચારે ખૂંણે ત્યાં ધરી થંભ ચાર, બબે બીજા તે મળી થંભ બાર;
સમાંતરે તે ધરિયા સમસ્ત, ભરી ભરીને તૃતીયાંશ હસ્ત. ૫૦

તે જાણિયે દ્વાદશ જ્યોતિર્લિંગ, હરિ રિઝાવા ધરી થંભઅંગ;
સેવા વિષે હાજર તે થયાં છે, આધાર થૈ મંડપનાં રહ્યા છે. ૫૧
તે ઓટલાનો તૃતિયાંશ જેહ, ચોખૂણ વચ્ચોવચ જોઈ તેહ;
ઉંચી કરી વેદિ સુહસ્તમાન, તે મૂર્તિયોનું અધિવાસ થાન. ૫૨
ચારે ખૂંણે ત્યાં પણ થંભ ચાર, ઉભા કર્યા સુંદર એહ વાર;
તે થંભ લાંબા દશ હાથ જાણો, બીજા બધા પાંચ કર પ્રમાણો. ૫૩
તે પંચમાંશે ખણિ પૃથ્વિમાંય, ઘાલ્યા બધા થંભ વિચારી ત્યાંય;
દિશાંક અંગૂળ પ્રમાણ થૂળ, તે સાગના શુદ્ધ સુવર્ણતુલ્ય. ૫૪
તે વેદિના ચાર સુથંભ કેવા, છે ધર્મના પાવ પવિત્ર જેવા;
તે ઊપરે ગોઠવી આડી ચાર, ને બાર થંભે પણ એ પ્રકાર. ૫૫
પ્રત્યેક થંભે જડી ઉભી એમ, તે છાપરા માંહિ જડાય જેમ;
વેદી તણા થંભશિરે વિચારી, કાષ્ઠો ઉભાં ચાર પવિત્ર ધારી. ૫૬
તે ઉપરે ઉત્તમ મોરવાયો, સુવર્ણથી શોભિત તે સવાયો;
રંગેલ રૂડો સુવિચિત્ર રંગે, જાણે ધર્યો હોય કિરીટ અંગે. ૫૭
ચારે દિશે મંડપ મધ્યભાગે, મુક્યાં ભલાં દ્વાર વિચિત્ર લાગે;
સારુ સવાબે કર છે પહોળું, બ્રહ્મા તણા તે મુખતુલ્ય તોળું. ૫૮
તે આગળે ત્યાં થકિ હસ્ત દૂર, બબે કર્યા થંભ ઉભા જરૂર;
શિરે ધરી આડી વળી સુઠામ, તેનું ધર્યું તોરણદ્વાર નામ. ૫૯
શ્રીકૃષ્ણનાં આયુધ ચાર જેહ, કાષ્ઠો તણાં શુદ્ધ બનાવી તેહ;
માંડ્યાં લઈ તોરણ દ્વારશીશ, તેની હવે હું વિગતી કહીશ. ૬૦
પ્રાગ્દક્ષિણે પશ્ચિમ ઉત્તરે તે, ત્યાં શંખચક્રાદિ અનુક્રમે તે;
ગદા તથા પદ્મ ત્રિધા પ્રકારે, દિસે ધર્યાં તોરણ નામ દ્વારે. ૬૧
ચારે દિશાયે શુભ વેદિપાસે, રચ્યા રુડા કુંડ ભલા જ ભાસે;
ચોખૂણ સારુ ત્રણ મેખળા છે, શું અગ્નિનાં ઉત્તમ ધામ આ છે. ૬૨
ઈશાનખૂણે ગ્રહપીઠ હેર્યું, અગ્નિખુણે પીઠ ગણેશ કેરું;
વાસ્તુ તણું નૈરુતમાં નિહાળ્યું, વાયવ્ય ભદ્રાસન પીઠ ભાળ્યું. ૬૩
શિરે તથા મંડપ ચાર પાસે, ઢાંકી લીધાં વસ્ત્ર વિચિત્ર ભાસે;
રાખ્યાં ઉઘાડાં શુભ દ્વાર ચાર, રાખ્યું કરી એટલું એહવાર. ૬૪

ઉદીચિમાં[1] મંડપ એક નાનો, તે મૂર્તિને સ્નાનવિધિ કર્યાનો;
ચારે દિશાયે ભરી હાથ બાર, બીજું બધું પૂર્વતણે પ્રકાર. ૬૫
તેમાં કરાવ્યાં ત્રણ સ્નાનપીઠ, તે દક્ષિણે મધ્ય ઉદીચિ દીઠ;
પ્રાચી[2] દિશે કર્મકુટી કરાવી, મુકાય જેમાં મુરતી મંગાવી. ૬૬
પધારશે શ્રીહરિ આંહિ જ્યારે, વિશેષ શોભા બનવાની ત્યારે;
શરીરમાં જીવન જેમ આવે, ત્યારે જ શોભા તનની જણાવે. ૬૭

**પુષ્પિતાગ્રા :**

રુચિ ધરી રચના મુની ઘણેરી, કરી ભલી મંડપ તેમ કુંડ કેરી;
વૃષસુત તણી વાટ તો જુવે છે, દરશન કે દિવસે થશે કહે છે. ૬૮

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે અષ્ટમ-*
*કલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે વૃત્તાલયેશ્રીલક્ષ્મી-*
*નારાયણપ્રતિષ્ઠાંગમંડપકુંડનિર્માણનામ ચતુર્દશો વિશ્રામઃ ॥૧૪॥*

**પુષ્પિતાગ્રા :**

વળી વરણિ કહે સુણોજી રાય, ગઢપુર કેરી કહું હવે કથાય;
હરિજન સહુને કહ્યું કૃપાળે, તતપર સર્વ થજો જવા વૃતાલે. ૧
લઈ નિજપરિવાર સર્વ સંગે, સહુ મુજસંગ સુસંઘમાં ઉમંગે;
અધિક હરખ રાખિ એમ આવો, હય રથ આદિ સજી સ્વસંગ લાવો. ૨
અભયતનુજ ઉત્તમાખ્ય પાસે, હરિવર વાણી વદે વળી હુલાસે;
સ્વજનસહિત મિત્રસંગ લૈને, જવું વરતાલ જરૂર સજ્જ થૈને. ૩
હય બહુ વખણાય છે અહીંના, જનમન એમ ગણે સહુ તહીંના;
હય શુભ લઈ સંગ તેહ માટે, નૃપ વિચરો વરતાલ કેરી વાટે. ૪
નૃપવિભૂષણ છે નિશાન ડંકો, છડી ચમરે વરતાય રાય વંકો;
હય રથ સુખપાલ જે રુપાળા, બહુ અસવાર તથા પવિત્ર પાળા. ૫
વૃષભ શકટ ઉંટ ભારદારી, બહુ જળકેરી પખાલ[3] લેવી સારી;
સુણી હરિમુખની સુમિષ્ટ વાણી, ગણી હિતકારી નરેશ ચિત્ત આણી. ૬
પછી નરપતિ અન્ય જેહ જીવો, ભડ હરિભક્ત સુકાઠિકૂળદીવો;
પ્રભુદરશન કાજ તેહ આવ્યા, હરિમુખશબ્દ ભલા તહાં સુણાવ્યા. ૭

૧. ઉત્તર દિશા ૨. પૂર્વ દિશા ૩. પાણી ભરવાની ચામડાની મશક (કોથળી)

વિચરવું વરતાલ સજ્જ થૈને, ચમુ[1] ચતુરંગ[2] સમસ્ત સંગ લૈને;
સ્વજનસહિત આવશોજી જ્યારે, તમ થકી ઉત્સવ શોભશે જ ત્યારે. ૮
સુણિ નરપતિએ કબૂલ કીધું, સુખકર વાક્ય શિરે ચડાવી લીધું;
જઇ નિજદરબાર સૌ જનોને, કહી શુભ વાત જવાની મંત્રિયોને. ૯
ભગુજી રતનજી પ્રભુની પાસ, સુભટ સુપાર્ષદ બેય શ્રેષ્ઠ દાસ;
ભડનર રણ માંહિ ભીમ જેવા, રિપુદળ લક્ષ થકી હઠે ન એવા. ૧૦
જુગજણ સમીપે કહે કૃપાળ, ઝટ તઈયાર થજો જવા વૃતાલ;
તજવિજથી તપાસી તંબુ દેરા, સજ કરજો સહ લૈ જવા ઘણેરા. ૧૧
અવર સુભટ ભીમ અન્ય દેવો, ખપ પડતાં નિજકામ માંહિ લેવો;
પરમ પુનિત પાર્ષદો ઘણા છે, ખપ પડતાં સહુ તે તમો તણા છે. ૧૨

**ઉપજાતિ :**

પછી બીજા ભક્તજનો ભલેરા, બોલાવિયા શ્રીહરિએ ઘણેરા;
તે એક તો ભક્તનું નામ નાન, બીજો ભુલો તે પણ તે સમાન. ૧૩
કહું ત્રીજો તો મકવાણ કાળો, રાઠોડ ગોપાળજી પ્રેમવાળો;
ઈત્યાદિ પ્રત્યે ઉચર્યા મુરારી, સામગ્રી ઘોડાની સજોજી સારી. ૧૪
દાદાદિ સારા સરદાર કાજ, સજો રૂડો ઉત્તમ અશ્વસાજ;
ભૂપાળને લાયક હોય જેમ, તમે કરો ઉત્તમ તેહ તેમ. ૧૫
ખોગીર[3] કાઠાં દળિયો લગામ, ને પેગડાં સજ્જ કરો તમામ;
રૂપાળી રાશો શુભ મોરડા તે, સજાવજો શોભિત સારી ભાતે. ૧૬
સામાન સર્વે શુભ શંખલાદી, કરાવજો ઉત્તમ રીત આદી;
તેમાં વળી ભર્ત્ત ભલાં ભરાવો, કોઈકમાં મોતિ હિરા મઢાવો. ૧૭
ખાંતે રચાવો ખડિયા[4] રુપાળા, જનો જુવે ગુર્જર દેશવાળા;
પાણી તણા પોટલિયા[5] મંગાવો, પ્રત્યેક અસ્વાર કને રખાવો. ૧૮
આજ્ઞા સુણી શીશ ચડાવી એહ, તૈયારી વાસ્તે વિચર્યા જ તેહ;
રાઠોડ ખોડોજી ફિફાદ કેરા, જે ભક્ત પ્રેમી કહિયે ઘણેરા. ૧૯

**૧.** સેના **૨.** હાથી, ઘોડા, રથ અને પાયદળ એ ચાર અંગવાળું લશ્કર **૩.** ઘોડા ઉપર નાંખવાની ગાદલી **૪.** ખભાની બંને બાજુ ઝૂલતો ઘણા ખાનાવાળો કોથળો **૫.** નાની મશક

સ્વગામથી શ્રીજી સમીપ આવ્યા, પલાણ તે ઉત્તમ ત્યાંથી લાવ્યા;
કલ્યાણશ્રી પીઠવડી નિવાસી, લૈ ઘનશિયા[1] ઉત્તમ તે તપાશી. ૨૦
ઉમંગથી શ્રીજી સમીપ આવ્યા, તે ઘનશિયા ભેટ ભલા ધરાવ્યા;
રાઠોડ ગીગો વશરામ જે છે, તે બેય તો ખાલપુરે રહે છે. ૨૧
હામો પિયાવાપુરનો નિવાસી, તે લાવિયા એવીજ વસ્તુ ખાસી;
વીરો તથા પાર્ષદ એક રાજો, તેને કહે શ્રીહરિ સજ્જ થાજો. ૨૨
તમે સજો ઊંટ રુડા તમારા, સજાવજો સૌ શણગાર સારા;
કોઈપરે નોબત ગોઠવાશે, કોઈપરે ભાર ભલા ભરાશે. ૨૩
કોઠારી છે કૃષ્ણજી જેનું નામ, તેને કહે તે પછી મેઘશ્યામ;
વસ્તુથી કોઠાર ભરો તમારો, કુબેરનાથી પણ શ્રેષ્ઠ સારો. ૨૪
સહાયતામાં દઉ સંત જેહ, તેના સુણો નામ સુણાવું તેહ;
ગોપાળસ્વામીકૃત શિષ્ય જેને, કહે પુરુષાયુતનંદ તેને. ૨૫
છે શિષ્ય નિત્યાખ્ય મુનીંદ્ર કેરા, મુની ભુમાનંદ ભલા ઘણેરા;
છે માનજી પાર્ષદ જે ગણાય, ત્રણે તમોને કરશે સહાય. ૨૬
ગામો થકી માલ ઘણો મંગાવો, ઘી ગોળ અન્નાદિ બહુ ભરાવો;
થશે અહીં ઉત્તમ અન્નકોટ, એવું કરો કે ન પડે જ ખોટ. ૨૭
રસ્તે પડે વાસણની જરૂર, તે તો ખરીદો દઈ ખૂબ નૂર[2];
સાથે જ કોઠાર ભરેલ જેમ, લૈ આવજો વસ્તુ સમસ્ત તેમ. ૨૮
પછી પ્રભુએ નિજભાઈ બેય, તેડાવિયા આપસમીપ તેય;
કહ્યું તહાં એમ કૃપાળુનાથે, તૈયાર થાજો પરિવાર સાથે. ૨૯
ભાઈ તમે બેય ભુજા અમારી, પવિત્ર જે સર્વ પ્રજા તમારી;
આધાર સત્સંગ તણો ગણાશે, તમોથી આ ઉત્તમ કામ થાશે. ૩૦
જયા લલિતાદિક બાઈ જેહ, તેને કહે કૃષ્ણ કૃપાળુ તેહ;
સામાન જે જે અનકોટકેરો, તે તો કરો સજ્જ તમે ઘણેરો. ૩૧
વૃતાલ જાવા પણ એહ વારે, તૈયારી તો છે કરવી તમારે;
તેમાં તમોને શ્રમ તો જણાશે, તથાપિ શ્રદ્ધાથી સુકામ થાશે. ૩૨
બાઈ કહે હે કરુણાનિધાન, અમે તમારું ધરીયે જ ધ્યાન;
તેથી ન લાગે શ્રમ તીલમાત્ર, રહે સદા શીતળ ચિત્ત ગાત્ર. ૩૩

૧. ઘોડા ઉપર સામાન નાંખ્યા પછી છેવટે મુકવાનું કપડું ૨. કિંમત, ભાડું

બાઈ અમૂલાં અમરાખ્ય જેહ, સુતા જીવાખાચર કેરી તેહ;
તેને કહે શ્રીહરિજી ઉમંગે, તૈયાર થાજો સહુ બાઈસંગે. ૩૪
કંદોઈ સારા લખુ જેનું નામ, તેને કહે સુંદર મેઘશ્યામ;
ચકૂજી કલ્યાણ રઘુજી જેહ, પુત્રો તમારા હરિભાઈ તેહ. ૩૫
તે સૌ મળી સુખડીયો બનાવો, વૃત્તાલ જાતાં સહુ સાથ લાવો;
તે સંઘમાં એક દુકાન સારી, જમાવજો સુખડીની તમારી. ૩૬
ભલા ભલા ભૂપતિ તેહ ભાતાં, ખરીદી લેશે ઝટ પંથ જાતાં;
ગરીબ શ્રીમંત સહુ મનુષ્ય, તેથી થશે તત્ક્ષણ તે પ્રતુષ્ય[1]. ૩૭
પંચોળી છે નાગર જેનું નામ, કરે સદા વૈદક કેરું કામ;
તેને કહ્યું સંઘ વિષે સિધાવો, ધન્વંતરી તુલ્ય ભલા સુહાવો. ૩૮
પ્રેમો ખિમો ને વળી એક વાલો, સુતાર સારા ગણિ ધર્મલાલો;
કહે તમે શસ્ત્ર સજી તમારાં, સાથે જ લેજો બહુ હોય સારાં. ૩૯
જો કોઈ ગાડું રથ ખોટકાય, તો તેજ ટાણે તહિ સજ્જ થાય;
મેખો ઘણીતો કરવાજ માંડો, બીજાં બધાં કામ હવેથી છાંડો. ૪૦
લુહાર વાઘો સતસંગી સારો, તેને કહે ધર્મ તણો દુલારો;
તમે તમારાં શુભ શસ્ત્ર લૈને, વૃત્તાલ ચાલો તમ સજ્જ થઈને. ૪૧
વાટે ધરિ આદિક કાંઈ ભાગે, તો શસ્ત્ર તે ત્યાં બહુ કામ લાગે;
ઘણા જનોને લઈ સાથ જાવું, વિચારવું ત્યાં બહુ આવું આવું. ૪૨
કહે ભગુજી પ્રતિ ત્યાં પ્રભુજી, સુણો તમોને પણ હું કહુંજી;
ગાડાં ઘણાં ગામ થકી મંગાવો, તંબૂ તથા ભાર બીજો ભરાવો. ૪૩
સત્સંગી છે માંડવધાર માંય, ગોવો જીવો નામ પટેલ ત્યાંય;
ધનો હિરો ને હરિભક્ત તેજો, લીંબા રુડાને પણ સાથ લેજો. ૪૪
એવા સમાચાર તહાં કહાવો, ગાડાં લઈને સહુ આંહિ આવો;
તે કાર્તિકી ઉજવળ બીજ જ્યારે, જરૂર આવો ગઢપુર ત્યારે. ૪૫
ખોપાળુ છે ગામ ખચીત સારૂં, જહાં રહી નામ જપે અમારું;
પટેલ કાળો સતસંગી સારો, તેને લખો ગાડું લઈ પધારો. ૪૬
છે ગામ રૂડું વળી કારિયાણી, કહાવવી ત્યાં પણ એવી વાણી;
પટેલ ત્યાં રાઘવજી કહાવે, ગાડાં લઈ તે પણ આંહિ આવે. ૪૭

૧. સંતોષ પામવો

જેરાજ શ્રીલાઠિદડે રહે છે, અનન્ય સારા હરિભક્ત એ છે;
ઈતયાદિ ગામો હરિભક્ત કેરાં, ગાડાં મંગાવો તહિથી ઘણેરાં. ૪૮
એવું સુણી કાગળ ત્યાં લખાવ્યા, તેના સમાચાર તહાંથી આવ્યા;
ગાડાં મગાવ્યાં પ્રભુ આપ સારું, છે દેહ ને દ્રવ્ય બંધુ તમારું. ૪૯
જે જે કહો તે પણ લાવી દીજે, જો શીશ માગો નહિ ના કહીજે;
જો થાય સદ્ભાગ્ય ઉદે અમારું, તો ભક્તિનું કામ મળે તમારુ. ૫૦
દીપોત્સવી ને વળતે જ વારે, કાં કાર્તકી બીજ ગણાય ત્યારે;
ગાડાં લઈ આવશું દુર્ગપૂર, જાત્રાર્થ વૃત્રાલ જવા જરૂર. ૫૧
પછી સહુ પંડિત સાધુ પાસ, પ્રભુજીએ વેણ કર્યું પ્રકાશ;
સાથે તમે પુસ્તક સર્વ લેજો, ગાડાં ભરાવી સમીપે રહેજો. ૫૨
વેદાંત ને ન્યાય સુધર્મશાસ્ત્ર, તે તો તમારાં જગમાં જયાસ્ત્ર[૧];
સંભારી રામાનુજભાષ્ય લેજો, જે જોઈયે તે ન વિસારી દેજો. ૫૩
રસ્તે અમે જ્યાં કરીયે મુકામ, તમે કરો ત્યાં ઉપદેશ કામ;
આવે જનો ત્યાં મળીને અનેક, વાતો કરો સૌપ્રતિ એકએક. ૫૪
અસ્વારી સારી સજી હેતુ એહ, જોવા મળે લોક અનેક તેહ;
તે સર્વને જ્ઞાન ભલું સુણાવો, સત્સંગમાં લૈ કુમતો તજાવો. ૫૫
ન આશ્રિતો વૈભવ દેખી થાય, વૈરાગ્ય જ્ઞાને જ થતા જણાય;
સંતો વિષે સદ્ગુરુતા જણાશે, તો તેથી સત્સંગ વિશેષ થાશે. ૫૬
પંથે જતા હોય પ્રવાસી કોય, તેને સુણાવો સતધર્મ તોય;
ઉભા રહો કે વળી ક્યાંઇ બેસો, જો કોઇ આવે ઉપદેશ દેશો. ૫૭
મોટા મખો ઉત્સવ જે કરાવ્યા, ભલા સમૈયા બહુધા ભરાવ્યા;
એ સર્વના કારણ કેરી વ્યક્તિ, પામે જનો જેથી અનન્ય ભક્તિ. ૫૮
સંતે સુણી શ્રીમુખ કેરી વાણી, બોલ્યા નમીને જુગ જોડી પાણિ;
આજ્ઞા તમારી સુણી એ પ્રમાણે, પ્રવર્ત્તશું હે પ્રભુ સર્વ ટાણે. ૫૯
વેદાંતી જૈની[૨] જવનો[૩] તથાપિ, સત્સંગી થાશે સ્વમતો ઉથાપિ;
સામર્થ્ય તે કાંઇ નહી અમારું, ઐશ્વર્ય તે તો પ્રભુજી તમારુ. ૬૦

---

**૧.** વિજય મેળવવા માટેનું હથિયાર **૨.** જૈન આશ્રિતો **૩.** મુસલમાનો

**પુષ્પિતાગ્રા :**

વૃતપુર પથ સંઘમાં જવાને, તતપર તેહ વિષે વળી થવાને;
જનજનપ્રતિ જે કહ્યું કૃપાળે, વરણન તેહ સુણ્યું ભલું ભુપાળે. ૬૧

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે*
*અષ્ટમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે*
*શ્રીહરિવૃત્તાલયવિચરણાર્થકથનનામ પંચદશો વિશ્રામઃ ॥૧૫॥*

**રથોદ્ધતા :**

શ્રીજી સાથ વરતાલ તો જવા, લાગિયા સુજન સજ્જ સૌ થવા;
ઠામઠામ જનજૂત જ્યાં મળે, એ જ વાત થતી સર્વ સાંભળે. ૧
કોઈ વસ્ત્ર શિવડાવવા નવાં, હર્ષયુક્ત હૃદયે થતાં હવાં;
કોઈ સજ્જ કરતા સુવાહનો, શસ્ત્ર સજ્જ કરતા ઘણા જનો. ૨
સોની મોચી દરજી સુતારને, લોહકામ કરતા લુહારને;
પા ઘડીક નવરાશ ના મળે, ગ્રાહકો લડીલડી અને વળે. ૩
ધોબી લોક બહુ લૂગડાં ધુવે, રાત્રીયે ન શ્રમ પામીને સુવે;
તોય પાર નહિ કામ તો પડે, લાવ્ય વસ્ત્ર કહીને જનો લડે. ૪
વસ્ત્ર શસ્ત્ર ખરીદી કરાય છે, ભીડ ભારી ચઉટે ભરાય છે;
થાકી જાય વ્યવહારી વાણિયા, થાકી જાય સજતાં સરાણિયા. ૫
સર્વ કારિગર આપ આપણી, મોંઘવારી કરી તે સમે ઘણી;
મૂલ ચારગણું માલનું થયું, મોંઘુ મોંઘું ઘડિમાં થતું ગયું. ૬
બેય રાજદરબારમાં બહુ, ધામધૂમ કરવા મચ્યા સહું;
જાવું હોય વડી જેમ જાનમાં, તેમ સર્વ દરશાય તાનમાં. ૭
કોઈ સાજ હયનો સજાવવા, મંડિયા ભલી રીતે ભજાવવા;
અન્યનાથી ઉતકૃષ્ટતા[1] થવા, હોંશ રાખી સહુ મંડતા હવા. ૮
કોઈ અશ્વગતિને સુધારવા, ખોડ હોય ખરી તે મટાડવા;
ખૂબ ગામથી બહાર ખેલવે, અન્ય એક હય સાથ મેળવે. ૯
ગાડિયોથી પડદા જુના તજ્યા, શોભિતા સરવ તે નવા સજ્યા;
જેમ વસ્ત્ર જન સૌ જુનાં તજે, ને વિવાહસમયે નવાં સજે. ૧૦

૧. શ્રેષ્ઠ

ઘૂઘરા ઘટિત ઘાટ લાવીયા, જોઈ જોઈ રથમાં જડાવિયા;
જેમ નારીપદ હોય ઝાંઝરો, તેમ થાય ઝણકાર તો ખરો. ૧૧
ઝૂલ મૂલ ખરચી કરાવિયો, વેલ ભાત ભલિની ભરાવિયો;
તાર સાર જરિયાનના ભર્યાં, ગુછ સ્વચ્છ કરી રેશમી ધર્યાં. ૧૨
છત્ર તત્ર છબિલાં કરાવિયાં, ભાળી ભૂપ મન માંહિ ભાવિયાં;
જેવી હોય ઘનની નભે ઘટા, તેવી તેની દરસે રુડી છટા. ૧૩
વાવટા વિવિધ રંગના કર્યા, મેઘચાપ સરખા મનોહરા;
ચારુ ચામર નવાં કરાવિયાં, જાણિયે શું સ્વરગેથિ આવિયાં. ૧૪
સજ્જ કીધી તરવાર તો ઘણી, શત્રુદંશ કરનારી નાગણી;
સાફ કીધી બરછી બહુ ભલી, હોય જેવી ચળકંતી વિજળી. ૧૫
ઢાલ મોટિપર રંગ ઢાળિયા, કાંતિમાન સુકુબા[1] ઉજાળિયા;
સજ્જ કીધી છરિયો કટારિયો, જે દિસે કમર માંહિ સારિયો. ૧૬
શાસ્ત્રી સંત નિજપુસ્તકો સજે, નૈષધાદિ નહિ કાવ્ય તે તજે;
વેદ શાસ્ત્ર સ્મૃતિયો સુધર્મની, રાખી સાથ ભલી ભક્તિકર્મની. ૧૭
ભક્ષપાત્ર જળપાત્ર ખોખરાં, તે તપાસી બદલી લિધાં ખરાં;
વસ્ત્ર જીર્ણ જુગતીથી સાંધિયાં, જેમ ધર્મ નિજ તેમ બાંધિયાં. ૧૮
આવી ત્યાં તિથિ ધનત્રયોદશી, સર્વ ભક્તજનને મને વશી;
કૃષ્ણ પૂજી શુભ ઉત્સવે કર્યો, હર્ષપુર્ણ હઈડા વિષે ધર્યો. ૧૯
લાગિયા અધિક સંઘ આવવા, શ્યામ સાથ મળીને સિધાવવા;
કોઈ ગામ તણી શ્રેષ્ઠ મંડળી, ગાય તાલ મરદંગ લૈ વળી. ૨૦

**પૂર્વછાયો :**

વર્ણી કહે નૃપ સાંભળો, જે જે દેશથી આવ્યા જેહ;
નામ થોડાં સંઘવી તણાં, તમને સુણાવું તેહ. ૨૧

**ચોપાઈ :**

ભૂજના તો સુંદરજી સુતાર, ગંગારામાદિ મલ્લ અપાર;
કચરો ને પદમશી નામ, એનો આધોઈ ગામ મુકામ. ૨૨

૧. ઢાલ ઉપરની પીત્તળની ફુદડી

કહું ભક્ત ધમડકા કેરા, રાયધણજી સુભક્ત ઘણેરા;
રામસિંહ તથા અદોભાઈ, કરણીબા તથા માનબાઈ. ૨૩
કચ્છનાં એહ આદિક જન, આવ્યાં કૃષ્ણચતુર્દશી દન;
આવ્યા સોરઠના સતસંગી, મુખ્ય નામ કહું છું ઉમંગી. ૨૪
જૂનાગઢના આવ્યા કારભારી, સાથે લઈને ભલી અસવારી;
શોભે સુંદર ડંકો નિશાન, ભાસે જોતાં તે ભૂપસમાન. ૨૫
માણાવદર ને માંગરોળ, જામનગર ને ગોંડળ ઘ્રોળ;
આવ્યા એહ આદિક કારભારી, સાથે સારી સજી અસવારી. ૨૬
જેતપુરના ને ભાવનગરના, ઝાલાવાડના સૌ નરવરના;
કારભારિયો આવિયા એમ, જેનો જેવો અધિકાર જેમ. ૨૭
વળાથી આવ્યા હરભમરાય, સાથે શોભિત સેના જણાય;
ધન્ય તે વલ્લભીપુરપતિ, જેનો પ્રેમ પ્રભુપદે અતિ. ૨૮
આવ્યા મેથાણના કાકોભાઈ, પુંજો માલો હાલુ જીજીબાઈ;
તાવીના અદોજિ ને ભારોજી, અખોભાઈ આવ્યા થઈ રાજી. ૨૯
જેઠીજી ભીમજી ને પુંજોજી, તેની સાથે તો સંઘ ઘણોજી;
તાડિયાના તો ભગવાન ભાઈ, જેની સાથે ણા ભાઈ બાઈ. ૩૦
રાજકોટરાજાના પ્રધાન, તે તો આવ્યા દુરગપુર સ્થાન;
મેંગણીના માનસિંહરાય, સતસંગમાં શ્રેષ્ઠ ગણાય. ૩૧
એ તો આવ્યા સારો સંઘ લૈને, વરતાલ જવા સજ્જ થૈને;
લોધિકાના તો જીભાઈ જેહ, સારો સંઘ લઈ આવ્યા તેહ. ૩૨
સુણો ભૂપ અભેસિંહ રાય, ભલા ભક્ત તમારા પિતાય;
ખેંગાભાઈ તે જેહનું નામ, આવ્યા તે પણ ગઢપુર ધામ. ૩૩
સરતાનજી તો પાડાસણના, થાય ભક્તો વિષે ભલી ગણના;
વડાળીના મઘોભાઈ જાણો, ખાંભાના જેઠીભાઈ પ્રમાણો. ૩૪
કાળીપાટ વાગુદડ ગામ, માખાવડ એક ગામનું નામ;
હકોભાઈ કાંકશિયાળી કેરા, એહઆદિક આવ્યા ઘણેરા. ૩૫
મયારામ ને પર્વતભાઈ, તેની સાથે ઘણાં ભાઈ બાઈ;
નારાયણદવે આખાના જેહ, આવ્યા સહિત કુટુંબથી તેહ. ૩૬

પીપળાણાના નરસિ મહેતા, આવ્યા તે પરિવાર સમેતા;
ભૂપ પંચાળાના ઝીણોભાઈ, જેની ભક્તિ ભલી વખણાઈ. ૩૭
ઉનાના આવ્યા શેઠ ગણેશ, જેના સંઘમાં જન તો વિશેષ;
દીવબંદરથી પ્રેમબાઈ, સંઘ લૈને આવ્યાં હરખાઈ. ૩૮
દાદોભાઈ તે જમનાંવડના, ભક્ત પ્રહ્લાદની તડોવડના[1];
કોટઢું વાંકિયું ને ખંભાળું, વાવડી કરિયાણું ગુંદાળું. ૩૯
સતસંગી ત્યાંના સરદાર, આવ્યા સંઘ લઈને અપાર;
ગઢાળીના હઠીભાઈ આવ્યા, આંબાશેઠને પણ સંગ લાવ્યા. ૪૦
હરિભાઈ ત્યાંના હરિભક્ત, એ તો પ્રભુપદ માંહિ આસક્ત;
આવ્યા બોટાદના હરિજન, એ તો ભક્ત ભલા છે અનન્ય. ૪૧
કારિયાણિ ને સારંગપુર, લાઠીદડ નથી ત્યાં થકી દૂર;
ઝીંઝાવદર ને રોહિશાળા, ત્યાંના ભક્ત આવ્યા પ્રેમવાળા. ૪૨
આવ્યા ભક્ત ગોરડકાના પણ, ચાંદુ ઉગો પુંજો વિસામણ;
સુરો ભક્ત તહાં રહે સારો, ભાવે પ્રગટ પ્રભુ ભજનારો. ૪૩
ભક્ત જીવા તથા ભક્ત ઘેલા, ગામ લૂવારા માંહિ રહેલા;
આસોંદરના જીવો તથા રુડો, જેના અંતરમાં પ્રેમ ઉંડો. ૪૪
ઝીંઝુડાના આવ્યા હરિજન, સુણો નામ તેનાં હે રાજન;
એક વાઘો ખુમાણ ને દાનો, એમાં એકે નથી છેક છાનો, ૪૫
મોદી આંબો ને વીઠલ માધો, જેણે સૌ પુરુષારથ સાધ્યો;
શેઠ મીઠો તથા વશરામ, ધર્મશી તો પટેલનું નામ. ૪૬
ગામ પીઠવડીના પટેલ, હરજી હરિભક્ત થયેલ;
હીરો પુંજો ભગો મુળોભાઈ, ભાયા રુડાની ભક્તિ સવાઈ. ૪૭
શેલણાના વાસુર ખુમાણ, ભમોદરાના ઓઘડ જાણ;
સારા સેંજળના સરદાર, નામે શાર્દૂલ દીલના ઉદાર. ૪૮
સુત ત્રણ સાથે લૈ આવી વશિયો, કાંથઢ મેરામણ ને માણશિયો;
તેમાં માણશિયો ભલો ભક્ત, રહે માયાથી મનમાં વિરક્ત. ૪૯

૧. બરોબરના, સમાન

**શાર્દૂલવિક્રીડિત :**

ભક્તિ ભક્તિતનૂજની ભલી કરી તે ભાવ રાખી ભલો,
સેવા સંત તણી સજી જગતમાં જોયો ભલો જેવલો[1];
પામીને મનુષાવતાર કરવું જે જે ઘટે તે કર્યું,
માટે માણશિયો સુનામ ધરથી ધારી વિધાતા ધર્યું. ૫૦

**સોરઠો :**

જે ન ભજે ભગવાન, જનો જનાવર જાણવા;
કર્યું કૃષ્ણગુણ ગાન, માણશિયો માણસ ખરો. ૫૧

**ચોપાઈ :**

લોયા નાગડકું ભેંસજાળ, આવ્યા ત્યાંના જનો તતકાળ;
કંપોખાચર કોરડા કેરા, આવ્યા તે જન લૈને ઘણેરા. ૫૨
ચાસકેથી આવ્યાં બાઈ ભાઈ, આવ્યાં બગડ થકી જાન બાઈ;
પુત્ર ખાચર દેહો ને રામો, સાથે લાવ્યાં દેખાડવા ધામો. ૫૩
રાણપરથી બડેમીયાં આવ્યા, પુત્ર આલમભાઈને લાવ્યા;
મછિયાવ થકી બાપુભાઈ, સજી અસવારી આવિયા ધાઈ. ૫૪
ગામ વાગડ સુંદરિયાણું, વળી ઝીંઝર રોઝકા જાણું;
આવ્યા તયાંના ઘણા હરિભક્ત, પ્રભુપદમાં જે પૂરા આસક્ત. ૫૫
ભીમનાથના મહાંતજીયે, મોકલ્યા નિજજનને ખુશીયે;
ગાંફથી મનુભા મહીનાથ, આવ્યા અસ્વારી લૈ નિજ સાથા. ૫૬
ધોળેરાથી આવ્યા નૃપ ધાઈ, પુંજોભાઈ તથા ભોજોભાઈ;
વરહોભાઈને ભક્ત ખીમો, શેઠ ડોસો ચાલે ધીમો ધીમો. ૫૭
એહઆદિક સંઘ અપાર, આવ્યા દુર્ગપત્તન મોઝાર;
ચારે તરફથી નદીયો જેમ, મળે સાગરમાં આવી તેમ. ૫૮
ગઢપુરમાં આવે જનવૃંદ, પ્રભુને મળી પામે આનંદ;
કોઈ તો આવ્યા દીવાળીમાંય, અન્નકૂટે આવ્યા કોઈ ત્યાંય. ૫૯
ગામમાં તો ઘણી ભીડ થઈ, કોઈ ઉતર્યા વાડીયે જઈ;
અન્નકૂટનો ઉત્સવ કીધો, લાવ ભકતજને ભલો લીધો. ૬૦

---

૧. વિરલ

**પુષ્પિતાગ્રા :**

વિચરણ વરતાલ શ્યામ સંગે, ગઢપુર સંઘ સું આવિયા ઉમંગે;
વરણન કરી વર્ણીયે સુણાવ્યું, સુણી નૃપના મનમાં ભલું જ ભાવ્યું. ૬૧

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે*
*અષ્ટમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે*
*વૃત્તાલયગમનાર્થદુર્ગપુરેસંઘાગમનનામ ષોડશો વિશ્રામઃ ॥૧૬॥*

**ઉપજાતિ :**

સત્સંગી સંતે અનકોટ કીધો, જમી દયાસિંધુ પ્રસાદ દીધો;
બીજે દિને તો યમબીજ આવી, ભલી રીતે તે પણ ત્યાં ભજાવી. ૧
જેનું ભલું ઉત્તમ ભૂપનામ, તેને કહે સુંદર મેઘશ્યામ;
યમે જમીને યમુનાંજી ઘેર, આપ્યાં હતાં વસ્ત્ર અનેકપેર. ૨
તે માટ આજે યમબીજ જાણી, તે રીતે રૂડી અસલી વખાણી;
છે પાંચુબાઇ ભગિની તમારી, જમો રસોઇ જઇ તેની સારી. ૩
જયા લલીતા વળી પાંચુબાઈ, ને નાનબાઇ તવ તાતજાઈ;
તે સર્વને સુંદર વસ્ત્ર દેવાં, જોતાં બીજે ક્યાંઈ જડે ન એવાં. ૪
છે પાંચુનો પુત્ર પવિત્ર જેહ, કહે સુહં કાંથડ નામ તેહ;
તેને વળી વસ્ત્ર રુડું અપાય, તો તેની માતા બહુ રાજી થાય. ૫
આજ્ઞા સુણી ઉત્તમ કૃષ્ણદાસ, જમ્યા જઈને સહજાનિવાસ[1];
તેને તથા કાંથડ નંદ તેનો, આપ્યાં સુવસ્ત્રો હક જાણી એનો. ૬
પછી મહારાજ સમીપ આવી, તે વાત સર્વે વિગતે સુણાવી;
જમ્યો જઇ હું સહજાનિવાસ, આપી સુવસ્ત્રો કરી પૂર્ણ આશ. ૭

**દોહરો :** સહજાનંદકુમારની, સુતસમ સહજાનંદ;
નિરખી સહજાનંદજી, ઉપજયો સહજાનંદ. ૮

**ઉપજાતિ :**

સંધ્યાસમે સુંદર બીજ જોઇ, ત્યાં કલ્પના કીધિ કવીંદ્ર કોઇ;
વૃત્તાલ જાવા શિવ આવતા છે, શું ચિહ્ન તેનું દરશાવતા છે. ૯

૧. બેનના ઘેર

ત્રીજે દિને તો તિથિ ત્રીજ જાણી, જમ્યા જનો અંગ ઉમંગ આણી;
જવા થતાં તત્પર સૌ જણાય, અશ્વાદિ સદ્વાહન ત્યાં સજાય. ૧૦
ડ્કો થયો નોબતનો સુજ્યારે, સજી લિધાં વાહન સર્વ ત્યારે;
ડંકો બીજો સાંભળતાં જ વાર, આવી ઉભા સૌ નૃપને દુવાર. ૧૧
ભકતે પ્રભૂને પ્રતિઅંગઅંગ, ધરાવિયાં વસ્ત્ર વિચિત્ર રંગ;
ધરાવિયાં ભૂષણ ભાતભાત, શું એક જીભે કહું એહ વાત. ૧૨

**પ્રહર્ષિણી :**

શોભે છે સુખનિધિ તે સમે સુ કેવા, જે દીસે નભપર મેઘ શ્યામ જેવા;
વસ્ત્રો છે કનક કરેલ તંતુવાળાં, તે દીસે તડિતની[1] તુલ્ય તો રુપાળાં. ૧૩
ધારી છે અનુપમ પાગ માવ માથે, શોભે છે કલગિ વિશેષ તેહ સાથે;
શું મેરૂ ગિરિશિર મોર સંચરીને, શોભે છે સરસ સ્વયં કળા કરીને. ૧૪
તોરો છે કુસુમની સેર ત્રણ્ય કેરો, શોભે છે શિરપર તે અતી ઘણેરો;
તે જાણે ત્રિપથભણી જવા વિચાર્યું, ગંગાયે ત્રિવિધ પ્રવાહરૂપ ધાર્યું. ૧૫
કાનોમાં મકરસમાન કુંડળે છે, તે જાણે નિધિપટ[2] મત્સ્ય ઉચ્છળે છે;
શોભે છે તિલકની મધ્ય ચંદ્ર કેવો, આકાશે શશી ધનુરાશિમધ્ય જેવો. ૧૬
નેત્રો બે ભ્રકુટિ કુટીલયુક્ત કેવાં, મંત્રોનાં વશિકરણાદિ બીજ જેવાં;
નાસા છે સ્થિર શિખ દીપની સમાન, વેદાદી પ્રણવ પ્રવર્તવાનું થાન. ૧૭
દંતોની પુનિત સુપંક્તિયો ભલી છે, તે જાણે કમનિય પુષ્પની કળી છે;
કંઠે છે મણિમય મોતિમાળ કેવી, તારાની શશિસમિપે સુપંક્તિ જેવી. ૧૮
બાંધ્યા છે જડિત સુબાજુબંધ સારા, તે જાણે ગ્રહ નવ જૈ વસેલ ન્યારા;
કાંડે છે કનકકડાં રુડાં અનૂપે, શું મુક્તે કર પકડ્યા કડાં સ્વરૂપે. ૧૯
અંગૂળી સહુપર વેઢ વીંટિયો છે, શું તે તો નવનિધિ અષ્ટ સિદ્ધિયો છે;
પ્રત્યંગે મણિમય ભૂષણો ધર્યાં છે, તેઓમાં જગપ્રતિબિંબ તો પડ્યાં છે. ૨૦
શ્રીજીમાં ભુવન અસંખ્ય જે વસે છે, તે જાણે પ્રગટ પ્રમાણ આ દિસે છે;
નાડી છે શુભ સુરવાળ કેરી કેવી, નાભીથી પ્રગટિત પદ્મદંડ જેવી. ૨૧
વર્ણીદ્રો પ્રભુપર ચામરો કરે છે, તે જાણે હરિશિર હંસ બે ફરે છે;
તે ટાણે અનુચર માણકી સજીને, ત્યાં લાવ્યા તરત બીજી ક્રિયા તજીને. ૨૨

૧. વીજળી ૨. સમુદ્રની સપાટી

**માણકી ઘોડીનું વર્ણન : વૈતાલીય :**

અતિ ઉત્તમ માણકી દિસે, ન મળે ખોડ ખચીત તે વિષે;
ત્રણ લોકની કાંતિ સંઘરી, વિધિએ શું શુભ માણકી કરી. ૨૩
શુભ લક્ષણ સર્વ છે રહ્યાં, સહિ સામુદ્રિક શાસ્ત્રમાં કહ્યાં;
દિવવાસિ[૧] ચહે સુ દેખવા, નહિ તે તુલ્ય દિસે ઉચ્ચૈઃશ્રવા. ૨૪
શિવને વૃષ હંસ ધાતૃને[૨], ગમિયો સિંહ ગણેશમાતૃને[૩];
ગુહવાહન[૪] મોરનું ગમ્યું, નહિ કોઈ શુભ માણકી સમું. ૨૫
રવિને હય જોઈને રહ્યો, તિલમાત્રે નહિ તુલ્ય તે થયો;
શશિનો મૃગ શા હિસાબમાં, રદિયો તેહ દબાઈ દાબમાં. ૨૬
નહિ માણકી તુલ્ય શોભિયાં, સુરનાં વાહન સર્વ ક્ષોભિયાં;
મનમાં ગતમાન[૫] જે થયા, મૃગસિંહો મયુરો વને ગયા. ૨૭
નિજની તુછતાઈ દાખવા, ગજ લાગ્યા શિર ધૂળ નાંખવા;
અભિમાન ગરુડનું ગયું, પ્રભુનું પ્રીતિપણું કમી થયું. ૨૮
પતિને અતિ સાચવે સહી, નિજથી કષ્ટ થવા જ દે નહીં;
વિચરે બહુ વાયુ વેગથી, પણ હાલે નહિ પાણી પેટથી. ૨૯
નહિ કામ લગામનું ઘણું, વરતી લે મન તે ધણી તણું;
રુચિતુલ્ય દિસે જ ચાલતી, મદમાતી સુખથી મહાલતી. ૩૦
વિધિએ નવરાશમાં ઘડી, પ્રભુને ભેટ કરી પગે પડી;
બીજી એવી બનાવવા સહી, શ્રમ કીધો પણ તે બની નહી. ૩૧
ચપળા ચપળાસમી અતિ, કવિ તેની કવિતે કહે ગતિ;
સુરસા સુરસાથ સૌ ચહે, વરણી[૬] શું વરણી[૭] ઘણું કહે. ૩૨

**ઉપજાતિ :**

એ ઘોડીએ ઉગ્ર તપો કરેલાં, અશેષ તીર્થે વ્રત આચરેલાં;
પ્યારી કરી કૃષ્ણ કૃપાળુનાથે, મુની ધરે લૈ પદરેણું માથે. ૩૩
તે ભક્ત નાને ભગવાન પાસ, કહ્યું અહો વિશ્વ તણા નિવાસ;
આ ઘોડિયે આપ કરો સવારી, ધીરે રહી હાથ લગામ ધારી. ૩૪

---

૧. સ્વર્ગવાસી ૨. બ્રહ્મા ૩. પાર્વતી ૪. કાર્તિકસ્વામી ૫. માનભંગ થવું ૬. અચિંત્યાનંદ વર્ણી ૭. વર્ણન કરીને

સ્વદાસની સાંભળી શુદ્ધ વાણી, અસ્વારી કીધી હરિ હર્ષ આણી;
ત્રીજો થયો નોબતનાદ ત્યાંય, અસ્વારી ચાલી ચઉટાની માંય. ૩૫
વાજિંત્રના નાદ થયા અપાર, બહુ થયા બંદુકના બહાર;
જોવા રહ્યા તે રવિદેવ થીર, થંભી રહ્યું ઉન્મત્તગંગ નીર. ૩૬

**અથ અસ્વારી વર્ણન :**

સૌ આગળે શ્રેષ્ઠ નિશાન ડંકો, અશ્વે ચડેલો અસવાર વંકો;
એના પછી ઉત્તમ પાયગાઓ[1], અસ્વાર શોભે બહુ તે બધાઓ. ૩૭
તે પાયગાનાથ નરેશ હોય, કે તેહમાં મુખ્ય પ્રધાન કોય;
ઓપે ધરેલી અબદાગિરીયો[2], શું ચાલતી વાદળિયો ધિરીયો. ૩૮
તેના પછી તો બહુ ઢોલ ત્રાંસા, વાજિંત્ર વાજે વળી ખૂબ ખાસાં[3];
સારે સ્વરે ત્યાં શરણાઇ વાજે, રીઝાવવા શ્રીહરિકૃષ્ણ કાજે. ૩૯
દેશાવરોના હરિભક્ત જેહ, ચાલે અને કીર્તન ગાય તેહ;
સુસંતના મંડળ બ્રહ્મચારી, ચાલે સહુ કીર્તન તે ઉચારી. ૪૦
ગંગા વિષે હંસ અનેક જેમ, મુખે વદે વાણી મીઠી સુ તેમ;
એવી દિસે છે અસ્વારી એહ, ત્રિલોકને પાવનકારી તેહ. ૪૧
ચાલે પછી ઉત્સવીયા ઉમંગે, મૃદંગ ને તાળસમાજ સંગે;
ગાવે બજાવે બહુ રાજી થાય, જોવા જનો ભીડ ઘણી ભરાય. ૪૨
જેવી દિસે મંડળી રાસ કેરી, રહે ઉભા રીત રુડી ઘણેરી;
તે સર્વ તો દુર્ગપુરીનિવાસી, થોડાં ઘણાં નામ કહું પ્રકાશી. ૪૩
છે વિપ્ર ડોસો હરજીવને છે, ને લાલજી માધવ નાગરે છે;
વણીક લાધો વળી વીશરામ, હર્ખો તથા છે લવજી સુનામ. ૪૪
સત્સંગી સારા રગનાથ નામ, એવા ભલા માધવજી અકામ;
સેવે પ્રભુને જન સુરચંદ, ઈત્યાદિ છે શ્રેષ્ઠ વણીક વૃંદ. ૪૫
સુતાર મેઘો ભડ ભીમ વાલો, ખિમો તથા પ્રેમજી પ્રેમવાળો;
નાથો હકો બે જન ભાવસાર, ભજે હરીને હરજી ઉદાર. ૪૬
તે મંડળી શોભિત તો ઘણી છે, મેના તથા પાલખી તે પછી છે;
તેમાં બિરાજ્યા વૃષવંશી જેહ, ભાઈ તથા ભાઈતનૂજ તેહ. ૪૭

---

૧. ઘોડેસ્વારનું લશ્કર ૨. રાજા કે મોટા માણસને તડકો રોકતું સાધન ૩. સુંદર

શત્રુઘ્ન ને શ્રીભરતાખ્ય જેમ, શોભે સીતાનાથની સાથ તેમ;
શ્રીજીની અસ્વારી વિષે ઉદાર, બે ભાઇ શોભે શુભ એ પ્રકાર. ૪૮
પ્રદ્યુમ્ન ને શ્રીઅનિરુદ્ધ જેવા, તે ભાઇના સર્વ તનૂજ તેવા;
નાગાર્જુનો જીવણ નાગદાન, તે તુંબરુ નારદની સમાન. ૪૯
લૈ કાંશિયાં સાજિ રવાજ સાર, મીરો[1] કરે ગાન થઈ સવાર;
તેના પછી સર્વ પળાય પાળા, જે સ્વચ્છ વસ્ત્રો સઉ શસ્ત્રવાળા. ૫૦
ધર્યાં દિસે બખ્તર કોઈ અંગે, બોકાની વાળી અતિશે ઉમંગે;
કામાદિ શત્રુદળ જીતવાને, જણાય ઉત્સાહી રણે જવાને. ૫૧
એવા ભટો ભારત માંહિ હોત, તો જુદ્ધ સાચો જન સર્વ જોત;
સેના બધી પાંડવની બચાત, મહારથી કૌરવ ના મરાત. ૫૨
ઉંચે સ્વરે સુંદર ચોબદાર, વાણી વદે છે મુખ વારવાર;
તે જાણિયે શ્રીઘનશ્યામ જોઈ, બોલે મહામોર મુદીત હોઈ. ૫૩
શોભે ભલા કૃષ્ણ કૃપાનિધાન, અશ્વીપરે આપ વિરાજમાન;
ભક્તાર્જુને છત્ર શિરે ધરેલું, શું મેઘનું મંડળ છે ચડેલું. ૫૪
અખંડ આનંદ સુ બ્રહ્મચારી, શ્રીવાસુદેવાખ્ય બીજા અઘારી;
બે બાજુયે ચામર ત્યાં કરે છે, જોઈ છી ધ્યાન મુની ધરે છે. ૫૫
સખા પ્રભુના થઈને સવાર, પ્રભુસમીપે મળી ચાલનાર;
તેનાં કહું નામ સુણો ભૂપાળ, તે મુખ્ય તો ઉત્તમ છે નૃપાળ. ૫૬
બીજા જીવોખાચર છે મહીશ, ત્રીજા સુ સારંગપુરી અધીશ;
સુરો તથા સોમ સુભાગ્યશાળી, જેણે પ્રભુને ભજી હદ્ય વાળી. ૫૭
ઘેલો કહું ધાધલ નાંગમાલો, જેને અતિશે પ્રિય ધર્મલાલો;
છે વાંકિયાના પતિ નામ મોકો, જેને વખાણે બહુ સર્વ લોકો. ૫૮
છે ગુણવંતુ કરિયાણુ ગામ, દેહો દિસે ખાચર ભૂપનામ;
શ્રીકોટડાના પતિ નામ પીઠો, દયાળુનો ભક્ત અનન્ય દીઠો. ૫૯
બોટાદના ખાચર તો હમીર, મૂળૂ ગુંદાળાપતિ શૂરવીર;
ભલા ઝિંઝાવદરના નિવાસી, નામે અલૈયો જગથી ઉદાસી. ૬૦
કહું રુડું કુંડળ નામ ગામ, ત્યાંના પતિ પટગર રામ નામ;
માણશિયો વાજસુર ઓઘડાખ્યો, જેણે પ્રભુને ભજી રંગ રાખ્યો. ૬૧

૧. મુસલમાનની જાત

તે સેંજળાધીપતિ શેલણાના, ભમોદરાના નથી છેક છાના;
શ્રીમેંગણીના મનુભા પ્રમાણો, ગઢાળીના તો હઠીભાઈ જાણો. ૬૨
ભાઈ રુપા ભાવપુરીનિવાસી[૧], જેના ગયા સંશય સર્વ નાશી;
કહું વળી કૂકડ એક ગામ, છે ભક્ત ત્યાંના ભગવાન નામ. ૬૩
જીણાખ્ય પંચાળપુરી નિવાસી, રહે સદા જે જગથી ઉદાસી;
રહે વળી રાણપુરે જે જેહ, ઓપે ભલા આલમભાઈ એહ. ૬૪
હતા વળી ઠક્કર હર્જિનામ, લાધો પુંજો ઠક્કર તેહ ઠામ;
ઈત્યાદિ જે કૃષ્ણ સખા ગણાય, અસ્વાર થૈ સાથ સહુ પળાય. ૬૫

**દોહરો :**

શ્રીહરિની અસ્વારીમાં, અંગે ધરી ઉમંગ;
ચાલે શુભ શસ્ત્રો ધરી, કાઠી જુદ્ધા સંગ. ૬૬

**મનહર છંદ : વસ્તુચિંતામણિ :**

કાઠી જુદ્ધા ચાલે સંગે ટેવ ભલી તજે લોભ
પાઘે છોગા રિદ્ધિવાળા શ્રીહરિમાં સ્નેહ છે,
ખાંડાં ધરે છાંડે રીસ ઠેશે પાડે થંભ જોરે
ફૂંકે ગઢ લંકા ભેદે તેવા મત્ત તેહ છે;
ગંભીર છે જશ ખરો ડરી ખસે દુરાશાથી
બોલે સાચું વાલો રીઝે વૃષવંશી જેહ છે,
ઘુંટેલું જે ઝેરીજળ ઢોળી દે તે ધૂળે તજી
ભાગે કાળ સૂબો થાકી એવા શૂરા એહ છે. ૬૭

**દોહરો :**

શંખે ચક્ર સુ ગદા પદમ, જો ચિંતવે જણ ચાર;
વરતનાર વરતી શકે, એહ છંદ આધાર. ૬૮
ક ચ ટ ત પ ર ॥ શંખ ॥ ખ છ ઠ થ ફ લ ॥ ચક્ર ॥
ગ જ ડ દ બ વ ॥ ગદા ॥ ઘ ઝ ઢ ધ ભ સ ॥ પદ્મ ॥

૧. ભાવનગર

ઉપજાતિ :

તારા વચે શોભિત ચંદ્ર જેમ, શોભે સખામાં હરિકૃષ્ણ તેમ;
વેપારી સૌ શ્રીહરિને નમે છે, ઉત્સાહ વાધ્યો અતિ એ સમે છે. ૬૯
સ્ત્રીયો સુ મુક્તાફળ[1] ફુલ લાવે, વિશેષ હેતે હરિને વધાવે;
છેલા દિસે છે રથ તો રૂપાળા, તેમાં બિરાજ્યા મુનિ ઝાલી માળા. ૭૦
ઉંટે મહા નોબત જે ધરેલી, તે સર્વથી પાછળ તો રહેલી;
એનો ઘણો અદ્‌ભુત ઘોષ થાય, તેથી બીજા નાદ નહી સુણાય. ૭૧
તે જે રીતે સાગર ગર્જનાથી, ઘણા નદીઘોષ સુણાય ક્યાંથી;
અસ્વાર પાળા મળીને અનેક, અસ્વારી થૈ જોજન લાંબી એક. ૭૨
શ્રીજી તણી સ્વારી નિહાળી પુષ્ટ, ધર્મી થયા રાજી કુરાજી દુષ્ટ;
સૂર્યોદયે પદ્મ પ્રમોદિ થાય, કુમુદનીયો કુમળાઈ જાય. ૭૩
વૈરાગ્ય ને જ્ઞાન દયા ખગર્વ, સદ્ધર્મનો સર્ગ ગણાય સર્વ;
એ તો સહુ અંતરમાં હુલાસે, ઉત્કૃષ્ટતા જાણિ જરૂર થાશે. ૭૪
જે કામ ક્રોધાદિ અધર્મસર્ગ, સદ્ધર્મ કેરો પ્રતિપક્ષિવર્ગ;
ધરે મહાભીતિ શરીર ધ્રુજે, નિવાસનો ઠામ કહી ન સૂજે. ૭૫
જે કામ જુદ્ધો પણ નાસી પોતે, કુસંગી રાજા શરણે ગયો તે;
દીધો ઉતારો દરબારમાંય, જ્યાં મદ્યપાનાદિ હંમેશ થાય. ૭૬
નાઠો મહાક્રોધ કુબોધકારી, રહ્યો જઈ જ્યાં બહુ ભેખધારી;
લોભે કર્યો જૈ દ્વિજમાં નિવાસ, સત્સંગનો જ્યાં નહિ લેશપાસ. ૭૭
નાઠો રસાસ્વાદ નિવાસ છોડી, જૈ વૈષ્ણવો સાથ સુમૈત્રી જોડી;
નાઠો અભિમાન મહા અધર્મી, વશ્યો જઈ પંડિત જ્યાં કુકર્મી. ૮
નાઠો અનાચાર કુટુંબ લૈને, વશ્યો સદા શ્રાવક માંહિ જૈને;
ઠરી રહ્યા એમ અનેક ઠામે, તથાપિ તે ત્યાં પણ ત્રાસ પામે. ૭૯
રખે હરિ આ સ્થળ માંહિ આવે, અહીં થકી આપણને કઢાવે;
શ્રીજીની ઈચ્છા થકી એહ ઠામ, શ્રીવિશ્વકર્મા કરિયું સુકામ. ૮૦
રચી પુરીની રચના રુપાળી, વૈકુંઠનાથી પણ હદ્દ વાળી;
તેનું હવે વર્ણન હું સુણાવું, હે ભૂપતી અંતર હર્ષ લાવું. ૮૧

૧. મોતી

**પુષ્પિતાગ્રા :**

દુરનગરમાં દયાનિધાન, સજી અસવારી સુરેંદ્રની સમાન;
અતિશુભ છબી કૃષ્ણકેરી એહ, મુજ મન માંહિ વસો સદૈવ તેહ. ૮૨

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે અષ્ટમ-કલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિ-લક્ષ્મી નારાયણપ્રતિષ્ઠાર્થવૃત્તાલયપ્રયાણકરણનામ સપ્તદશો વિશ્રામઃ॥૧૭॥*

**પુષ્પિતાગ્રા :**

મધુર વચન વર્ણીરાજ ભાખે, નૃપ સુણવા ઉતકંઠતા જ રાખે;
નિધિતણી છિપ સ્વાતિબુંદ જેમ, ઝટ પકડે ઉછળી વિશેષ એમ. ૧
દિનકર સમીપે સુદીપ્તિ[1] દીસે, ઘન સમિપે જળ હોય છે અતિશે;
અકળ અખિલ અક્ષરેશ જ્યાંય, સકળ સુલક્ષ્મી વસે જ આવી ત્યાંય. ૨
દુરગનગર કાંતિમાન કેવું, અકળિત ધામ સુઅક્ષરાખ્ય જેવું;
દૃઢ ગઢ મણિશ્યામથી રચેલો, ચહુ દિશ છે શુભ મેઘ શું ચડેલો. ૩
પ્રતિદિશદિશ દ્વાર ચાર કેવાં, ચતુર પ્રકાર સુમુક્તિદ્વાર જેવાં;
સમયસમય વાદ્યનાદ થાય, અતિ ઉછરંગ પુરી વિષે જણાય. ૪
વિરચિત શુભ વિશ્વકર્મ આપે, અતિશય શોભિત તો પ્રભુપ્રતાપે;
સુવરણમય સાત માળ કેરાં, પુરજનનાં ઘર ત્યાં દિસે ઘણેરાં. ૫
અજપદલગિ મૃત્યુલોકથી તે, ભુવન સુસાત દિસેજ જેવી રીતે;
નગરરચિત ચાર જોજનોમાં, ઉપરી ગણાય સુ ઉત્તમોત્તમોમાં. ૬
સુવરણ તણી દ્વારિકા વિસારી, અમર તણા ઉરમાં અચંભકારી;
પુરજન ઘર સર્વ એમ શોભે, સુરવરનાં મન જોઈજોઈ લોભે. ૭
ચળક ચળક થાય ચિત્ર કેવાં, તરુ પશુ કે જન છે સ્વદેહ જેવાં;
મણિમયકૃત ભીંત તેહમાંય, જગત તણું પ્રતિબિંબ શું જણાય. ૮
ચતુરરચિત ઈન્દ્ર કેરું ચિત્ર, પતિસહ આવી તહાં શચી પવિત્ર;
સ્વપતિ જુગલરૂપ જેહ જોઈ, કલપન કોટિ કરે ભ્રમીત હોઈ. ૯
મણિમયશુભ તોરણો બિરાજે, છબીમય તેમ સુવર્ણ કુંભ છાજે;
ઘરઘર પર છે ધજા પતાકા, પવનથી થાય સુશેડના સડાકા. ૧૦

૧. પ્રકાશ, કાંતિ

પ્રતિઘરઘર બાગ છે બનેલા, સુખદ સદા સુરવૃક્ષ છે રહેલાં;
ખટ ઋતુફળ પુષ્પ નિત્ય થાય, ખટ રસ ખૂબ તહાં સદા જણાય. ૧૧
મધુર મધુર પક્ષીવૃંદ બોલે, સ્વર શુભ તેહ વિણા સતાર તોલે;
હરિજશ શુક સારિકા ઉચ્ચારે, દ્વિજ શ્રુતિપાઠ કરે જ જે પ્રકારે. ૧૨
ભુવન ભુવન વૈભવો ઘણા છે, નહિ કસિ કોઈ પ્રકારની મણા છે;
સુવરણમય સાંકળે હિંડોળા, ઘરઘર છે મનમાનતા અમોલા. ૧૩
સકળ ધનદતુલ્ય[1] દ્રવ્યનાથ, હિંમતથી હોડ કરે સુરેશ સાથ;
જન ઘરઘર દેવદેવી જેવા, સરવ સજે ઘનશ્યામ કેરી સેવા. ૧૪
સજિ શુભ શણગાર સૌ ફરે છે, સજી બહુ સંપ સ્વધર્મ સૌ ધરે છે;
નહિ કદિ લવ રોગ દોષ કલેશ, હરિમુખ દેખી રહે સુખી હમેશ. ૧૫
દ્વિજવરસુત વેદ શાસ્ત્ર વાંચે, પઠન કરે સુપુરાણ ભાવ સાચે;
શમ દમ સહનાદિ સર્વ રાખે, કદિ મુખ વેણ અસત્ય તે ન ભાખે. ૧૬
રજપુત સહુ શૂરવીર સારા, ખડગ ધરી રણમધ્ય ખેલનારા;
નિયમિત નિજ વાચ કાછવાળા[2], અરજુન ભીમ સમાન શુદ્ધ ભાળ્યા. ૧૭
વણજ અધિક વૈશ્ય તો કરે છે, ત્રિવરણ સેવન શુદ્ધ આદરે છે;
નહિ તહિ કદિ જૂઠ ચોરી જારી, સહુ જન શુદ્ધ સ્વધર્મ કર્મકારી. ૧૮
શિખરસહિત દેવળો દિસે છે, હરિ હર સુર્ય શિવાદિ ત્યાં વસે છે;
સુવરણમય કુંભ શીશ છાજે, વળી પચરંગી ધજા ભલી બિરાજે. ૧૯
ઉનમત સરિતા તણો પ્રવાહ, ઉનમત ઘોષ કરે ઘણો અથાહ;
સકળ તિરથ શીશ છે ગણાઈ, ઉનમત શું અતિ તેથી તે જણાઈ. ૨૦
ઉછળી ઉછળી તેહના તરંગ, અતિ અથડાય સજોર દુર્ગસંગ[3];
પ્રભુ દરશનની સ્પૃહા રહે છે, નગર વિષે નદી શું જવા ચહે છે. ૨૧
પ્રથમ સલિલને પછીનું ઠેલે, પ્રથમ તણા જળને પછાડી મેલે;
પ્રભુ દરશન ભીડ થાય જેમ, જણજણનાથી અગાડી જાય તેમ. ૨૨
મળી મળી બહુ લોક ઠામઠામ, પ્રભુમુખને નિરખે કરે પ્રણામ;
ફરી ફરી નિરખે જઈ જઈને, નિજ ઉરમાં અતિ આકળા થઈને. ૨૩
અજ હર અમરેશ આદિ જે, નિજ અસવારી સમેત સર્વ તેહ;
હરિસહ વરતાલપંથ જાવા, ધરી ધરી આપસ્વરૂપ દિવ્ય આવ્યા. ૨૪

૧. કુબેર ૨. શરીર, બ્રહ્મચર્ય ૩. કિલ્લો

**ઉપજાતિ :**

શ્રીજીની અસ્વારી રુડી રુપાળી, સમુદ્રની રેલ સમાન ચાલી;
સાથે બીજા સંઘ દિસે અપાર, દિસે ઘણા તેમ દુકાનદાર. ૨૫
મોદી સિધાવ્યા લઈ મોદિખાનાં, ઘી ગોળ અન્નાદિ ઘણાંક વાનાં;
ગાંધી સિધાવ્યા લઈ ગંધિયાણાં, નાણાવટીયો લઈ સંગ નાણાં. ૨૬
કંદોઈ ચાલ્યા સુખડાં સજીને, ઉમંગથી આળસને તજીને;
ચાલ્યા લઈ મેમણ તો બકાલું[૧], રુડા જનોને અરથે રસાળું. ૨૭
હજામ મોચી દરજી સુતાર, ચાલ્યા રુડાં રાચ[૨] લઈ લુહાર;
સૌ એમ જાણે હરિસંગ જાઉં, કરી હરિભક્તિ કૃતાર્થ થાઉં. ૨૮
ગાડા વિષે ભાર ઘણા ભર્યા છે, ઘણા ઉંટો ઊપર તો ધર્યા છે;
છે પોઠિયા ઊપર તો અપાર, જ્યાં ઊતરી ત્યાં સુ બને બજાર. ૨૯
રાજા કહે જે ગઢપુર કેરા, જનો હતા સંઘ વિષે ઘણેરા;
થોડાં સુણાવ્યાં શુભ નામ ઠામ, કહો વળી કાંઈ વિશેષ નામ. ૩૦
વર્ણી કહે હે વસુધાઅધીશ, વિશેષ નામો તમને કહીશ;
જે જે જનો દુર્ગપુરીનિવાસી, પ્રભુજીની સાથ થયા પ્રવાસી. ૩૧

**ચોપાઈ :**

કહ્યાં ઓચ્છવિયા તણાં નામ, કહ્યાં કૃષ્ણસખાનાં તમામ;
બીજા જેહને સંઘની સાથે, રાખ્યા નેહથી નટવર નાથે. ૩૨
હવે તે કહું સાંભળો રાય, જેનાં નામ સુણે પાપ જાય;
નૃપ અભય તણો પરિવાર, ચાલ્યાં સર્વે મળી નરનાર. ૩૩
જીવાખાચરનો વંશ જેહ, ચાલ્યો સંઘ સાથે સહુ તેહ;
દવે કરશનજી કાશિરામ, દેરાસરી બેચર અભિરામ. ૩૪
તેની ભારજા અવલબાઈ, સતસંગમાં શ્રેષ્ઠ ગણાઈ;
દવે ભગો નાગર બાળકૃષ્ણ, જેણે રાજી કર્યા હરિકૃષ્ણ. ૩૫
ગોર લાલજી ને જીવરામ, રગનાથ ત્રીજાતણું નામ;
હરિભાઈ જાગેશ્વર જેહ, ત્રવાડી વિપ્ર શ્રીમાળી તેહ. ૩૬
શેઠ જુઠો ને માણક નારી, પરસોતમસૂત વિચારી;
શેઠ રગનાથ દેવજી હીરો, જોવા કૃષ્ણને થાય અધીરો. ૩૭

૧. શાકભાજી આદિક ૨. હથિયાર, ઓજાર

લવા શેઠની માણક નારી, સુત ગોવરધન બુદ્ધિ સારી;
વળી ભક્ત બીજા તણાં નામ, કહું સાંભળો સદગુણધામ. ૩૮
પિતામર ને સુંદરજીભાઈ, જેની ભક્તિ ભલી વખણાઈ;
સુરચંદની મા નાથીબાઈ, તેની પત્નિ તો પાન ગણાઈ. ૩૯
જુઠો ગોસળિયો ધ્રુવસરખો, તેના સુત દેવચંદ ને હરખો;
વોરો ડાયો ને શાહ છે વેલો, નારાયણશાહ પણ સમજેલો. ૪૦
શાહ વિશરામ ને પત્નિ ગંગા, ભક્તિ કરવામાં ઉત્તમ અંગા;
પત્નિ જિવિ કમળશી કોઠારી, પુત્ર નામ ભવાન વેપારી. ૪૧
માવજીને કમળશી બે ભાઈ, લખો અમરશી એ જ સગાઈ;
શાહ ધારશી ને પિતા લાધો, જેણે પ્રગટ પ્રભુને આરાધ્યો. ૪૨
કહું કાણકીયા પિતામર, અમરશી કરશન દામોદર;
ભલા સુખડીયા લખુભાઈ, તેની પત્નિ તો માણકબાઈ. ૪૩
તેના પુત્ર પવિત્ર છે ચાર, સોંડ્યો[1] સંઘમાં સૌ પરિવાર;
સોની જેઠાની ભારજા કલુ, પ્રભુભજન કરે તે તો ભલું. ૪૪
સોની ભગો નારાયણનામ, સદા તે ભજે શ્રીઘનશ્યામ;
લાધા ઠક્કરની અજુ નારી, પુત્ર શ્યામજી સદ્‌ગુણધારી. ૪૫
પ્રેમબાઈ છે પુત્રીનું નામ, સંઘ સાથે તે સોંડ્યાં તમામ;
હરજી હરિભક્ત ભલા છે, જાનબાઈ જેની જનિતા છે. ૪૬
પત્નિ રાજબાઈ ગુણધામ, ત્રણ પુત્ર તણાં કહું નામ;
જીવો મનજી અને કલ્યાણ, પ્રેમબાઈ છે પુત્રી સુજાણ. ૪૭
ભલા ગંગજી ઠક્કર જ્ઞાની, તેની ભારજાનું નામ નાની;
પુજા ઠક્કર છે પ્રેમી જન, કરે પ્રગટ પ્રભુનું ભજન. ૪૮
ફુલબા તેની નારીનું નામ, પાંચ પુત્ર રુડા ગુણવાન;
શ્યામજી શવજી વશરામ, રામજી અને કલ્યાણ નામ. ૪૯
કુરજી તણી ભારજા વેલું, સુત જીવે સુકર્મ કરેલું;
પ્રેમજીભારજા જસુ જાણો, પુત્ર રવજી પ્રધાન પ્રમાણો. ૫૦
ભારજા પ્રેમ મેઘજી કેરી, પ્રભુમાં પ્રીતિ બેને ઘણેરી;
નારી તેજા તણી તો કેસર, પુત્ર ચાર ભજે હરિવર. ૫૧

૧. માંગલિક પ્રસંગે સાથે જોડાવું

ડાહ્યો ધનજીને ભીમજી નામ, નારાયણ ચોથો પણ ગુણવાન;
તનુજા તેજાઠક્કર કેરી, નામે જેઠી તે ભક્ત ઘણેરી. ૫૨
પાળ્યો સ્નેહે જેણે સાંખ્યયોગ, ભજ્યા શ્રીજી તજ્યા ભવભોગ;
નારી ગોવાની રતન નામ, સુત ભાણજી સદ્‌ગુણધામ. ૫૩
ખોજા કુળમાં ધર્યા અવતાર, થયા પ્રગટ પ્રભુ ભજનાર;
હવે ભક્ત કહું ભાવસાર, જેઓ ગઢપુરમાં રહેનાર. ૫૪
પત્નિ પ્રેમ તો નાથાની પાસ, ત્રણ પુત્ર તેના હરિદાસ;
કહુ નિર્મળ તેહનાં નામો, એક કુરો કાનો અને રામો. ૫૫
નારી ફુલ હકો ભાવસાર, પુત્ર ટોકર પ્રભુ ભજનાર;
હરજી મૂળજી બેય ભાઈ, જેની પ્રભુપદ પ્રીતિ જડાઈ. ૫૬
દેવો કેશવ ને ભગો કાળો, ખોડો પણ પ્રભુપદ પ્રેમવાળો;
ભક્ત સુતાર પ્રેમજી સારા, પુત્ર ત્રણ પ્રભુને ભજનારા. ૫૭
પણ પત્નિનું નામ તો નથી, પામી સુખ બહુ પ્રભુ ભજવાથી;
જેઠો પુંજો ત્રિકમ ત્રણ પુત્ર, તેથી શોભે તેનું ઘરસુત્ર[1]. ૫૮
ભક્ત ખીમાની ભારજા માન, ત્રણ પુત્ર ભજે ભગવાન;
નામ મુળજી કેશવજી જીવો, કહું પ્રત્યેક તે કુળદીવો. ૫૯
ભક્ત વાલાની ભારજા રામ, પુત્ર માવજી રણછોડ નામ;
પુત્ર લવજી મેઘાભક્ત તણો, પ્રેમ બેયને પ્રભુપદ ઘણો. ૬૦
શવાભક્તની સ્ત્રી અજુ જાણો, પુત્ર તેહનો વસ્તો પ્રમાણો;
ભીમના સુત જુઠો ને ધનો, જાણો તેહ ભલા હરિજનો. ૬૧
માવજી નારાયણ અને કડવો, જેને હરિ વિના ઘાટ ન ઘડવો;
એ તો સર્વે કહ્યા તે સુતાર, ભાવે ભગવાનને ભજનાર. ૬૨
ભક્ત વાઘો લુવાર ગણાય, ગોવો વીરો લાધો સુત થાય;
ભક્ત રાજો તેનો સુત ખોડો, ભક્તિ કરવામાં તે નહિ થોડો. ૬૩
ભક્ત ડોસો ને શવો બે ભાઈ, જેની ભક્તિ ભલી વખણાઈ;
ભક્ત રામ ને નાનજી જેહ, લોહકાર[2] કહ્યા સર્વ તેહ. ૬૪
જસો વીરો ને ગોવિંદ રાજો, હીરા નાથાનો સત્સંગ તાજો;
કાજુ ભક્ત તે કરશન જાણો, એહઆદિ મેરાઈ[3] પ્રમાણો. ૬૫

૧. કુટુંબ, ગૃહસ્થાશ્રમ ૨. લુહાર ૩. દરજી

રાજગર સોંડો મૂળો બે ભાઈ, સાંગો કેશવ જુદી સગાઈ;
જેઠો રૂખડ હરિજન જાણો, રાજગર એ તો સર્વ પ્રમાણો. ૬૬
હરિભક્ત હમિર ભણસાળી, જાનબાઈ પ્રિયા ધર્મવાળી;
ભલા ભક્ત ભીમો અને ખેતો, બેય પુત્ર એના કહ્યા એ તો. ૬૭
સાંખ્યયોગી બન્ને રામબાઈ, નાથીબા માનબા વીરબાઈ;
રાજુ ઝમકુ ને અમૃત જાણો, ફઈબા કંકુબાઈ પ્રમાણો. ૬૮
જીતબા પ્રેમ ને રળિયાત, મધુબા રતિબા સાક્ષાત;
રત્ન અમર અદી ફુલબાઈ, સાંખ્યયોગી તે સર્વ ગણાઈ. ૬૯
બહુ જનસંઘમાં તો સિધાવ્યાં, સ્મૃતિમાત્ર મેં નામ સુણાવ્યા;
પુછ્યાં જે તમે નામ વિશેષ, તેથી મેં સંભળાવ્યાં નરેશ. ૭૦

**પુષ્પિતાગ્રા :**

સુણી ગઢપુરવાસીનાં સુનામ, નરપતિયે નમીને કર્યો પ્રણામ;
હરિવર સમીપે નિવાસ જેનો, અતિ ગણિને અવતાર ધન્ય એનો. ૭૧

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે*
*અષ્ટમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે*
*શ્રીહરિવૃત્તાલયપ્રયાણે દુર્ગપુરહરિજનનામકથનનામ અષ્ટાદશો*
*વિશ્રામઃ ॥૧૮॥*

**ઉપજાતિ :**

વર્ણી કહે છે સુણ હે નરેશ, લૈ સંઘ ચાલ્યા હરિ ઈશ્વરેશ;
રસ્તા વિષે સંઘ નહી સમાય, બે બાજુયે થૈ બહુ ચાલી જાય. ૧
સલીલ[૧] મોટી સરિતાનું જેમ, રેલાય બે બાજુ બહૂજ તેમ;
ચાલે ઘણો સંઘ તણો પ્રવાહ, અસ્વાર ને પાયદળે અથાહ. ૨
સુવર્ણકુંભો રથશીશ સારા, સર્વોપરી તે બહુ શોભનારા;
ફરે નહી સજ્જન વેણ જેમ, ઠરી રહ્યા તે સ્થિરતાથી તેમ. ૩
જેવું દિસે છે શિશુમાર ચક્ર, તેવાં દિસે છે રથચક્ર વક્ર;
લબાડિનું વેણ ફરી જ જાય, તેવી રીતે ફરતાં જણાય. ૪

૧. પાણી

યામ્યોત્તરે[1] બે ધ્રુવ જેમ છાજે, તેવી રથોની ધરિયો બિરાજે;
રવી શશી શોભતી જોડ જેવી, અગ્રે દિસે દર્પણ જોડ એવી. ૫
તે ચાલવાથી રજ ઊડી જેહ, ભાનૂતણી પાસ પહોંચી તેહ;
જાણે સમાચાર રુડા સુણાવા, ચાલી ધરા તે સ્વરગે સિધાવા. ૬
નાની નદી જે હતી વાટમાંઇ, તે સંઘ ચાલ્યાથી ગઇ સુકાઇ;
મુસાફરો જે સનમુખ આવે, તે સંઘને જોઇ ઉમંગ લાવે. ૭
છે કોઇ તો મેમણ ડાઢીવાળા, છે કોઈ રાતા અતિ કોઇ કાળા;
છે પોઠિયા ઊપર કોઈ બેઠા, કોઈ વહે છે ઉતરી જે હેઠા. ૮
પખાલી[2] પાડા ઉપરે ચડેલો, ત્યાં ઊંટ આવ્યો છકમાં ભરેલો;
તે ભાળીને ત્યાં ભડક્યો મહીષ[3], પડ્યો પખાલી મુખ પાડી ચીસ. ૯
રુનું ભર્યું ધોકડું હોય જેવું, શરીર તેનું અતિપુષ્ટ એવું;
દડાની પેઠે દડતું નિહાળી, ત્યાં હદ્ય તો હાસ્યરસે જ વાળી. ૧૦

**સ્રગ્ધરા :**

અર્ધાંગે શંભુકેરે સતી નગદુહિતા[4] તે હશ્યાં એવું જોઇ,
તેથી તેને મુખેથી અમૃત ઝરી પડ્યું શંભુને અંગ સોઇ;
ઈશાંગે[5] વ્યાઘ્રછાળા[6] સજીવન થઇ તે તાડુક્યો વાઘ જ્યારે,
નાઠો નંદી ડરીને હરકર[7] ન રહ્યો સૌ હશ્યા દેવ ત્યારે. ૧૧

**ઉપજાતિ :**

પડાવ જ્યાં સંઘ તણો જ થાય, તંબૂ ખડા આગળથી કરાય;
પુરીવચે રાજમહેલ જેવો, વચ્ચે બિરાજે હરિતંબુ તેવો. ૧૨
સોના તણો કુંભવિશેષ સારો, શશાંક પૂરા સમ શોભનારો;
તે ઊપરે શુદ્ધ ધજા ધરી છે, બોલાવવા શું સહુને કરી છે. ૧૩
તે આસપાસે પ્રભુના સખાના, તંબુ તહાં હોય પ્રકાર નાના;
તે ઊપર નામ લખ્યાં જણાય, જેનો ઉતારો ન ત્યાં જ જાય. ૧૪
તે આગળે પાર્ષદનો ઉતારો, સંતો તણો એક નિવાસ સારો;
બને સુ વેપારી તણી બજાર, તંબુ પછી સંઘ તણા અપાર. ૧૫

૧. દક્ષિણ ઉત્તર ૨. પખાલ વડે પાણી ભરી લાવવાનો ધંધો કરનાર ૩. પાડો ૪. પાર્વતી ૫. શંકર ૬. વાઘચર્મ ૭. શંકરના હાથમાં

જાણે ભલું શ્રેષ્ઠ વશ્યું શહેર, સંઘો વશ્યા સર્વ પરાંની પેર;
દિસે જનોને ધરતાં જ દૃષ્ટિ, આવી વશી શું સુરલોક સૃષ્ટિ. ૧૬
છે કારિયાણીનું તળાવ કેવું, જોતાં દિસે પુષ્કરરાજ જેવું;
ત્યાં ઊતરી સ્નાન જનો કરે છે, શ્રીસ્વામિનારાયણ ઊચરે છે. ૧૭
સંતો કરે સ્નાન તળાવમાંય, ધુવે નવાં રંગીત વસ્ત્ર ત્યાંય;
રંગાય પાણી ભગવે જ રંગે, સાધુ થયું શું સર સાધુસંગે. ૧૮
ત્યાં ઇંદ્રનો હસ્તિ ઉભો જ તીરે, જણાય તેનું પ્રતિબિંબ નીરે;
સમુદ્રને શું મથવા વિચાર્યો, તે મધ્ય મંદ્રાચળ લાવી ધાર્યો. ૧૯
જ્યાં સંતના આશ્રમનો સુઠાઠ, વર્ણી પઢે સાર્થક વેદપાઠ;
સાધુ ભણે ભાગવતાદિ ગ્રંથ, જેમાં કહેલો પરલોકપંથ. ૨૦
વિદ્યાર્થીયો વ્યાકરણાદિ જેહ, ભણે ભણાવે દ્વિજ શાસ્ત્રી તેહ;
તેનો ઉઠે ઘોષ અખંડ એમ, સુબ્રહ્મરંધ્રે સ્વરનાદ જેમ. ૨૧
ભક્તો મળી કીર્તન ક્યાંઇ ગાય, વીણાદિ વાજિંત્ર વિશેષ વાય;
ક્યાંઇ કથા વાત પ્રભુની થાય, શ્રીનૈમિષારણ્ય તહાં જણાય. ૨૨
ધરે મુની કોઇ હરિનું ધ્યાન, બ્રહ્માંડનું કે તનનું ન ભાન;
કોઇ મુની આસન યોગ સાધી, સંકેલીને પ્રાણ સજે સમાધી. ૨૩
સંતોની પાસે જન સંચરે છે, તો તેહને તે ઉપદેશ દે છે;
વૈરાગ્ય જે સાંભળતાં જ થાય, અસત્ય સંસાર બધો જણાય. ૨૪
આત્માતણું ને પરમાત્મા કેરું, તેને વળી જ્ઞાન કહે ઘણેરું;
શ્રીજી તણો ત્યાં મહિમા સુણાવે, દૈવી જનો દિલ પ્રતીતિ આવે. ૨૫
પોથી શું ભાથા શરના ભરેલા, ગોળા તુંબી તોપ તણા કરેલા;
શું સંત છે કે લડનાર શૂરા, કુપંથ કેરા કરનાર ચૂરા. ૨૬
જે લોક શ્રીજીની સમીપ જાય, પ્રતાપ જોતાં અતિશે જણાય;
જુદાજુદા પંથ અનેક છાંડે, શ્રીજીની ભક્તિ કરવા જ માંડે. ૨૭
જેને દિલે લગ્નિ વિશેષ લાગી, સંસાર છાંડી ઝટ થાય ત્યાગી;
માતા પિતા કે સૂત નારી રૂવે, તથાપિ તે દૃષ્ટિ ધરી ન જૂવે. ૨૮
શું ઢુંઢિયા શ્રાવક તેહ હોય, કે વૈષ્ણવો વલ્લભશિષ્ય કોય;
કોઇ મુલસ્માન જનો હતા તે, સત્સંગી દીઠા સરવે થતા તે. ૨૯

કોઈ હતા શંકરના ઉપાસી, સંન્યાસી કોઈ મઠના નિવાસી;
અતીત વૈરાગી સ્વપંથ ત્યાગી, થયા પ્રભુઆશ્રિત શ્રેષ્ઠ ભાગી. ૩૦
આચાર્ય જે પંથ અનેક કેરા, તેથી દિલે દાઝી ઉઠ્યા ઘણેરા;
જાણ્યું અમારા મત તૂટી જાશે, તો શા થકી પેટ પછી ભરાશે. ૩૧
ઉપાય શોધે ન મળે ઉપાય, લાગી ઘણી અંતર માંહિ લા'ય;
બોલાવી સર્વે નિજ શિષ્યપાસ, રોયા ગુરૂજી થઈને ઉદાસ. ૩૨
અરે જુવો આ કળિકાળ આવ્યો, જુના અમારા મતને ડુબાવ્યો;
માટે તમે સર્વ કરો સહાય, તો પંથ છાંડી નહિ કોઈ જાય. ૩૩
તે સ્વામીનો સંગ ગમે જ જેને, તમે મુકો નાતબહાર તેને;
જો પુત્ર પુત્રી નિજપત્નિ હોય, તજો તમે સૌ ઘરમાંથી તોય. ૩૪
દયા તજીને અતિદુઃખ દેવું, ફરીથી જૈ કામ કરે ન એવું;
તો આપણો પંથ તુટી ન જાશે, તેથી તમોને બહુ પુણ્ય થાશે. ૩૫
બોલ્યો સુણીને જન કોઈ એમ, સ્વામી કરે છે ઉપદેશ જેમ;
તમે જનોને સમજાવી રાખો, ભુંડી રિતી નિર્દયની ન ભાખો. ૩૬
બોલ્યા ગુરૂજી અમ માંહિ એવી, જો હોત શક્તિ લવ સ્વામી જેવી;
તો શીદ ભાઈ તમને કહેત, સુજ્ઞાન આપી સમજાવી લેત. ૩૭
એ સ્વામીએ છે ભડ ભૂત સાધ્યો, તેથીજ તેનો મત ખૂબ વાધ્યો;
મંત્રેલી તે કાંઈ પ્રસાદિ દે છે, તેથી દિવાના જનને કરે છે. ૩૮
આકાશમાંથી સુર કોઈ આવે, તો ઢુંઢિયો શું શિરને નમાવે ?
શં પારસી કે જન તુર્ક જેવા, એણે કર્યા છે વશ કૈક એવા. ૩૯
સંન્યાસી ને શ્રાવકના જતીયો, વેરાગી ખાખી મઠના પતીયો;
એવા લઈ સાધુ કર્યા ઘણાય, તે કામ તો મંત્ર વિના ન થાય. ૪૦
તમો વિષે હોય જરાય સત્ત્વ, રાખો તમારા મનમાં મમત્વ;
જે ધર્મ છોડે નિજબાપ કેરો, તેને તમે ત્રાસ કરો ઘણેરો. ૪૧
સ્વાર્થી ગુરુની સુણી એવી વાણી, ભોળા જનોના મનમાં ભરાણી;
સત્સંગીયો ઊપર વૈર કીધું, દયા તજીને અતિદુઃખ દીધું. ૪૨
પ્રહ્લાદને જેવી રિત્યે પિતાએ, ભક્તિ તજાવા જ કર્યા ઉપાયે;
સત્સંગીયોને પણ એહ ટાણે, જ્ઞાતી સગાએ કર્યું એ પ્રમાણે. ૪૩

સત્સંગીયોએ પણ શીરસાટે, સત્સંગ રાખ્યો નિજમોક્ષ માટે;
ઘણા કુટુંબે ઉપજ્યો કલેશ, ન દુષ્ટને આવી દયા જ લેશ. ૪૪
વાદી થઈ જે જાતવાદિ આવ્યા, શાસ્ત્રાર્થથી શ્રીહરિએ હરાવ્યા;
જ્યાં જ્યાં ગયા તયાં જયકાર કીધો, સ્વારી સજ્યાનો સહુ અર્થ સીધ્યો. ૪૫
સત્સંગીયોના બહુ સંઘ આવે, શ્રીજી તણા સંઘ વિષે સમાવે;
અનેક આવી સરિતા સુ જેમ, સમુદ્ર સાથે મળી જાય તેમ. ૪૬
જે ગામ પાસે પ્રભુજી સિધાવે, સામૈયું લૈને સતસંગી આવે;
મોરો ઘણા મેઘ નિહાળી જેમ, બોલે મુખે કીર્તન સર્વ તેમ. ૪૭
કોઈ પ્રભુને પધરાવી ઘેર, પૂજા કરે ને પ્રણમે સુપેર;
તે જેમ લે લાભ અલભ્ય જાણી, સુધાની વૃષ્ટીસમ તે પ્રમાણી. ૪૮
અભાગિયો જે જન એહ ટાણે, મહાપ્રભુનો મહિમા ન જાણે;
તે જેમ ચિંતામણી પ્રાપ્ય થાય, અભાગિયાથી નહિ ઓળખાય. ૪૯
ત્રીજે દિને પંથ જતાં મહીપ, આવ્યા પ્રભુ સાભ્રમતી સમીપ;
સૌરાષ્ટ્રને ગુર્જરદેશ સીમા, નદીરુપે શું કરિ છે મહીમા. ૫૦
વાલે કર્યો ત્યાં તટમાં નિવાસ, સંઘે સહુએ પણ આસપાસ;
ગંગાતટે શોભિત જેવિ કાશી, એવી જ શું ત્યાં પુરી એકવાસી. ૫૧
જહાં હતું જંગલ એક કેવું, તહાં થયું મંગળરૂપ જેવું;
પ્રભુ કૃપાથી સહુ કામ થાય, જળે સ્થળી નીર થળે જણાય. ૫૨
નદી તણા તુંગ તરંગ આવે, તે પત્ર પુષ્પો ફળ ખેંચી લાવે;
જાણે પ્રભુપૂજન કાજ ધારી, પુષ્પાદિ સામગ્રી સજેલિ સારી. ૫૩
ત્યાંથી નદી સાગરમાં સિધાવે, શું ત્યાં જવા સદ્ય ઉમંગ લાવે;
પ્રભુનું પાદોદક તે લઈને, જાણે પતિને અરપું જઈને. ૫૪
તંબૂ ઘણાનાં પ્રતિબિંબ નીરે, જોઈ કહ્યું કોઈ કવીંદ્ર ધીરે;
પાતાળમાંથી પણ સંઘ એહ, શું લાવિયા શેષ તથેવ તેહ. ૫૫
ત્યાં કોઈ કાઠી હય આપ કેરો, નદી વિષે સાફ કર્યો ઘણેરો;
કેવો દિસે નીકળતાં બહાર, સમુદ્રથી શું ઉપજ્યો તુખાર[1]. ૫૬

૧. ઘોડો

**શાર્દૂલવિક્રીડિત :**

છૂટ્યો ઉંટ અનાજ ખેતર વિષે ખાવા ગયો તે જહાં,
તેને ત્રાસ પમાડવા કૃષિજને થાળી બજાવી તહા;
વાટે કોઈ જનાર જે જન હતો તે વેણ ત્યાં ઉચ્ચરે,
ત્રાંબાળૂ[1] શિર જેહને ગડગડે તે થાળીથી શું ડરે. ૫૭

**ઉપજાતિ :**

બીજે દિને સાથ સહુ લઈને, અસ્વારી ચાલી જળમાં થઈને;
ત્યાં એક ઘોડો ભડક્યો કશાથી, અસ્વાર ભીજ્યો જળમાં પડ્યાંથી. ૫૮
તણાઈ તેની શુભ ઢાલ કેવી, જણાઈ જોતાં જળકચ્છ જેવી;
ત્યાં સાપજેવી બરછી જણાઈ, નેં પાઘડી શું લઘુ નાવ ભાઈ. ૫૯
અસ્વાર તો બેટસમાન ભાસે, તે અશ્વ તો ગ્રાહ[2] સમ પ્રકાશે;
ભાથા થકી તીર તણાઈ જાય, તે મત્સ જેવા જળમાં જણાય. ૬૦
હશ્યા તહાં સૌ જન એવું જોઈ, અસ્વાર ઊઠ્યો હુશિયાર હોઈ;
ઘોડા તણી ઉત્તમ જાતિ ભાસે, આવી ઉભો તે અસવાર પાસે. ૬૧
સુજાતીના સદ્ગુણને વખાણી, બોલ્યા જનો ત્યાં બહુ એવી વાણી;
સુજાતી જે આ જગમાં જણાય, કરે પતીને દુઃખમાં સહાય. ૬૨
નદી થકી જ્યાં વિચર્યા જ શ્યામ, આવ્યું તહાં ઈંદણજાખ્ય ગામ;
ત્યાંથી જ ચારૂતર દેશ આવ્યો, તે ભાળતાં સૌ જન ચિત્ત ભાળ્યો. ૬૩

**પુષ્પિતાગ્રા :**

સુણ નરપતિ વર્ણીજી કહે છે, રસમય ભૂમિ સદા જહાં રહે છે;
પણ બહુ સરસત્વ[3] પ્રાંતકેરું, હરિ વિચર્યાથી વધ્યું વળી ઘણેરું. ૬૪

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે*
*અષ્ટમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિ-*
*વૃત્તાલયગમનાર્થસાભ્રમતીઉતરણનામૈકોનવિંશો વિશ્રામઃ ॥૧૯॥*

---

૧. તાંબાનું મોટું નગારું (નોબત) ૨. મગર ૩. સુંદરપણું

**વૈતાલીય :**

પ્રિય ચારુતરાખ્ય પ્રાંતની, ભણિયે ભૂમિ ભલી જ ભાતની;
તરુ આમ્ર તણાં ઘણા દિસે, સુણીયે કોકિલ નાદ તે વિષે. ૧
ઉચરે શુક મોર સારિકા, તરુઓમાં નિજગેહ કારિકા;
નિરખી પ્રભુ આવનાર શું, ઉચરે છે તરુ આવકારશું. ૨
અવની તણું નામ કૂ કહે, બહુધા કોકિલ બોલતી રહે;
પ્રભુ આગમ શું જણાવવા, અવનીને ઉચરે સજાવવા. ૩
પિયુ છે શુભ નામ સ્વામીનું, ગણીને તે ખગરાજગામીનું[1];
પિયુ આગમ જાણી સૌ લહે, પિયુપીયુ બહુ ચાતકો કહે. ૪
સદળી કદળી[2] ફળી ભલી, બદરી રાયણ રૂડી આમલી;
વળી જામફળી ફળી ઘણી, દિપતી શી કહું દાડમી તણી. ૫
પ્રભુઆગમને થઈ ખુશી, રુતુઓ ત્યાં ખટ આવીને વશી;
ફળી ફૂલ અનેક ઊપજ્યાં, તરુયે શું શુભ ભૂષણો સજ્યાં. ૬
રસતા પર બેય બાજુયે, તરુ ઝૂક્યાં જન તેહને જુવે;
પ્રિય પ્રાણપતીની ઊપરે, તરુઓ શું શુભ ચામરો કરે. ૭
પવને કરી ઝાડ નાચતાં, પ્રભુ દેખી દિલ હોય રાચતાં;
બહુ અક્ષરવાસી મુક્ત જે, તન ધાર્યા તરુરૂપ યુક્ત તે. ૮
તરુઊપર વેલિયો દિસે, કવિયે તર્ક કર્યો સુ તે વિષે;
દુરથી પ્રભુ દેખવા અડી, વનવેલી બહુ શું ઉંચી ચડી. ૯
બહુ વાનરકેરી મંડળી, તરુશીશે મળીને કુદે વળી;
પ્રભુદર્શન ચિત્તમાં ચહી, ચમું શું સુગ્રીવની મળી અહી. ૧૦
ચરતી બહુ ઘેનુ જે હતી, પ્રભુ જોવા અતિ આકળી થતી;
ચરવું તજી દોડી આવીને, નીરખે નાથ સનેહ લાવીને. ૧૧
પશુઓ વનવાસી જે હતા, તજી અન્યોન્ય સહુ વિરોધતા;
મૃગ સિંહ શિયાળ સંચરે, નીરખે શ્રીહરિને વિના ડરે. ૧૨
તરુ રાયણનાં સુ તે સ્થળે, શતવર્ષે જનમ્યા પછી ફળે;
જન જેમ પરોક્ષને ભજે, ચિરકાળે ફળ તેનું ઊપજે. ૧૩

૧. ગરૂડ ઉપર બેસનાર ભગવાન ૨. કેળ

રસતાપર બાજુએ વિષે, તરુઓ તુંગ[1] અશોકનાં[2] દિસે;
બહુ પત્ર ઝુકી રહ્યાં તહી, લળકે શું શુભ તોરણો સહી. ૧૪
ફળ ફુલ સુપત્ર ઝાડથી, પ્રભુને શીશ પડે સુડાળથી;
અતિ આતુરતાથી આદરે, તરુઓ શું પ્રભુની પૂજા કરે. ૧૫

**ઉપજાતિ :**

સોજીતરે શ્રીહરિજી પધાર્યા, આનંદ સૌના ઉરમાં વધાર્યા;
સામૈયુ લૈને સહુ ભક્ત આવ્યા, વિચિત્ર વાજાં પણ સંગ લાવ્યા. ૧૬
પ્રેમી પુરા જે જન પાટિદાર, દેસોત[3] જેવા દિલના ઉદાર;
તે એક તો ગોકળભાઈ નામ, બીજા લખાભાઈ સુબુદ્ધિધામ. ૧૭
પ્રીતિ બધા ગોકુળ ગામ કેરી, શ્રીકૃષ્ણમાં જે કહિયે ઘણેરી;
તે તુલ્ય તો પ્રીતિતણું જ ધામ, માટે ધર્યું ગોકુળભાઈ નામ. ૧૮
નારાયણ ત્રીકમ વિપ્ર બે છે, ત્રીજોય તેવો હરજીવને છે;
વાળંદ જે નામ ગલો ગણાય, ઈત્યાદિ આવ્યા હરિભક્ત ત્યાંય. ૧૯
સન્માન કીધું સહુયે વિશેષ કર્યો પ્રભૂયે પુરમાં પ્રવેશ;
આપ્યો હરિને શુભ ત્યાં ઉતારો, સૌને જમાડ્યા ધરી ભાવ સારો. ૨૦
સોજીતરાના મળિ કૃષ્ણદાસો, રાખ્યા હરિને તહિ રાતવાસો;
સુણી પ્રભુના મુખકેરી વાત, રાજી થયા સૌ હરિભક્ત ભ્રાત. ૨૧
એ તો કથા એટલી આંહિ રાખું, હવેથી વૃત્તાલય કેરી ભાખું;
જે મૂર્તિ બોચાસણમાં મુકેલી, વર્ષાદની ખૂબ થવાથી એલી. ૨૨
વૃત્તાલમાં તેહ મંગાવી લીધી, બીજી હતી તે સહ મૂકી દીધી;
ચતુર્થી જ્યાં કાર્તકિ શુકલ આવી, ત્યાં કાર્યની ખૂબ ત્વરા મચાવી. ૨૩
જગ્યા સુધારી શુભ તે કરાવી, શોભા ભલી મંડપની બનાવી;
વડોદરાના શુભ કારભારી, જે નારૂપંતાખ્ય સુબુદ્ધિધારી. ૨૪
રાજાની આજ્ઞાથકી તેહ આવ્યા, અસ્વારી સારી નિજસાથ લાવ્યા;
શ્રીમંતનો[4] જે અતિ શ્રેષ્ઠ હાથી, તે લાવિયા સાથ વડોદરાથી. ૨૫
ઘોડાં ઘણાં ને સુખપાલ સારા, પાળા ઘણા જે પગ ચાલનારા;
નિશાન ડંકા સહિતે સુહાવ્યા, વાજાં ભલાં ગાયકવાડી લાવ્યા. ૨૬

૧. ઊંચા ૨. આસોપાલવ ૩. પ્રતિષ્ઠિત ૪. યશસ્વી (સયાજીરાવ)

ઉંચે સ્વરે ત્યાં રણત્રૂઈ[1] વાજે, જેનો ધ્વની જોજન સુધી ગાજે;
તે સ્વારી જોઈ જન એમ ધારે, સિયાજી શ્રીમંત સ્વયં પધારે. ૨૭
તંબુ ઘણા તે નિજસાથ લાવ્યા, તે વાડીયો માંહિ ઉભા કરાવ્યા;
પોતે વિશાળાખ્ય સુબાગમાંય, કર્યો ઉતારો ધરી તંબુ ત્યાંય. ૨૮
વળી વિચાર્યું કરીને વિવેક, ઉભા કર્યા તંબુ બીજા અનેક;
શ્રીજીની સાથે સરદાર આવે, તેના ઉતારા પણ ત્યાં કરાવે. ૨૯
નામે સુનારાયણબાગ જ્યાંય, ઉભા કર્યા તંબુ વિશાળ ત્યાંય;
તંબુ બીજા શ્રેષ્ઠ તળાવ તીરે, ઉભા કરાવ્યા વળી ધીરવીરે. ૩૦
તંબુ ભલો આ વળી જ્ઞાનબાગ, ભૂમી તણો ઉત્તમ એહ ભાગ;
સુતંબુઓ આંહિ ઉભા કરાવ્યા, તે ભાળતાં સૌ જનચિત ભાવ્યા. ૩૧
તે આગળે ચંદનિયો તણાવી, જુવે નવાઈ બહુ લોક આવી;
તંબુશિરે કાંચનકુંભ એવા, જોતાં દિસે છે સ્થિર ચંદ્ર જેવા. ૩૨
પ્રભાતમાં કોઈક બાઈ જાગી, સ્નેહી સખીને કહેવા જ લાગી;
આ શૈલ ક્યાંથી અદભૂત આવ્યા, શું પાગ્ય સારુ પ્રભુયે મંગાવ્યા. ૩૩

**સંદેહાલંકાર : સ્રગ્ધરા :**

તંબૂ કે શૈલ્ય આ છે સખી દ્રગ ધરી જો પાંખ કે ચાંદની છે,
ઇંદ્રે શૈલોની પાંખ્યો પતન કરી હતી તે શું સાજી બની છે;
વર્ષાયે ટાઢ તાપે તપ કરી અતિશે ધાતૃને[2] શું રીઝાવ્યા ?
પાંખો પામી પ્રભુના દરશન કરવા શૈલ શું ઊડી આવ્યા ? ૩૪

**ઉપજાતિ :**

ષષ્ઠી તણી રાત્રિસમો સુહાવ્યો, ઉંટે ચડીને અસવાર આવ્યો;
તેણે જનોને કહી સર્વ વાત, સોજીતરે છે હરિ આજ રાત. ૩૫
પ્રભાતમાં સપ્તમી શુદ્ધ જાણી, પધારશે આંહિ પયોજપાણી[3];
એવા સમાચાર સુણ્યા જ જ્યારે, આનંદ વાધ્યો અતિશે જ ત્યારે. ૩૬
પ્રાપ્તિ પ્રભુની સુણી હર્ષ થાય, એવો નહી હર્ષ બીજો ગણાય;
પ્રભાતમાં તે સુણી ઘેરઘેર, આનંદની તો ઉપજી લહેર. ૩૭

---

૧. રણશિંગું ૨. બ્રહ્માજી ૩. જેના હાથમાં કમળ છે એવા ભગવાન

સામા જવાને સહુ સજ્જ થાય, આનંદ સૌના ઉરમાં ન માય;
સજી સવારી શુભ નારુપંતે, તૈયારી કીધી સતસંગી સંતે. ૩૮
રથે બિરાજ્યા મુનિ અક્ષરાખ્ય, હયે બિરાજ્યા પગી જોબનાખ્ય;
કુબેરભાઈમુખ પાટીદાર, ગોસાંઈ નારાયણ થૈ સવાર. ૩૯
વૃત્તાલથી કુંકુમપત્રી જેહ, લખેલી જેને જન સર્વ તેહ;
આવ્યા હતા ત્યાં વરતાલમાંય, સામા જવા સત્વર સજ્જ થાય. ૪૦
આવ્યો હતો સુરતી સંઘ જેહ, લાવ્યો હતો વાદ્યવિશેષ તેહ;
તે સજ્જ થૈ સૌ સનમુખ ચાલ્યા, તેસાથ બીજા બહુ ભક્ત ભાળ્યા. ૪૧
ભરૂચ આદિક તણા સુભક્ત, ચાલ્યા સહુ તે પણ તેહ યુક્ત;
વળી હતા ભક્ત વડોદરાના, તેમાં કહું ઉત્સવીયા જ ત્યાંના. ૪૨
છે ભક્ત નારાયણ નામ બેય, ને દેવજી તો ત્રણ નામ છેય;
કુબેર ને દુર્લભ ભક્ત નાનો, ને પ્રેમજીનો નહિ પ્રેમ છાનો. ૪૩
નાનો બીજો જાદવજી ખુશાલ, જેને વહાલા બહુ ધર્મલાલ;
ગંગા ઈચ્છા લક્ષ્મી પદાંત રામ, દયાળજી વલ્લભ ભક્ત નામ. ૪૪
ઈત્યાદિ લૈ તાલ મૃદંગ ગાય, તે સર્વ તંબોળી જનો જણાય;
સત્સંગી સૌ શ્રીપુરનાય આવ્યા, વાજિંત્ર તે સાથ અનેક લાવ્યા. ૪૫
વાજિંત્રના નાદ વિચિત્ર થાય, સંતો મળી કીર્તન ગાન ગાય;
વિશેષ ત્યાં તાલ મૃદંગ વાજે, આકાશ ને પૃથ્વી અખંડ ગાજે. ૪૬
સોજીતરેથી સુખધામ શ્યામ, સવારમાં સંઘ લઈ તમામ;
વિહાર કીધો વરતાલ વાટે, મુહુર્ત તો આવ્યું સમીપ માટે. ૪૭
મેળાવ્ય આવ્યા મુનિનાથ જ્યારે, ભાનૂ ચડ્યો ત્યાં ઘડી ચાર ત્યારે;
તળાવમાં સ્નાન કર્યું સહુયે, કરી વળી નિત્યક્રિયા પ્રભુયે. ૪૮
મેળાવ્યવાસી સતસંગી જેહ, આવ્યા મળી દર્શનકાજ તેહ;
તેનાં કહુ પાવનકારી નામ, પટેલ આવ્યા ત્રણ તેહ ઠામ. ૪૯
ખુશાલ પૂંજા અજુભાઈ જાણો, વળી કહું તે વણિક પ્રમાણો;
તે એક પીતામર વેણિભાઈ, બીજા કહું ગિર્ધર તેહ માંઈ. ૫૦
પગી ગલો નાપિત[૧] નામ રૂડો, ભક્તિ કર્યામાં નહિ કોઈ કૂડો;
ભેટ્યા પ્રભુને શુભ ભેટ ધારી, અહોઅહો ભાગ્ય ઉરે વિચારી. ૫૧

૧. વાળંદ

એવે સમે ત્યાં વરતાલકેરું, સામૈયું આવ્યું સજ થૈ ઘણેરું;
વાટે ઉવાટે પ્રસરી રહેલ, દૂરેથી દિસે દરિયાની રેલ. ૫૨
નિશાન ત્યાં ગાયકવાડ કેરૂં, તે ફોજમધ્યે ફડકે ઘણેરું;
શું શ્રેષ્ઠ નાવે શઢ છે ચડાવ્યો, દેખાવ એવો કવિ દૃષ્ટિ આવ્યો. ૫૩
ગજેંદ્ર જે ગાયકવાડ કેરો, સેના વિષે શોભિત છે ઘણેરો;
જાણે સુમંદ્રાચળ સિંધુમાં છે, તુરંગ[1] તો તુંગ[2] તરંગ ત્યાં છે. ૫૪
જનો વદે ત્યાં જયકાર જેમ, શ્રીજી સમીપે પણ સર્વ તેમ;
જાણે નિધિનો ઘુઘવાટ થાય, પ્રતિધ્વની તેહ તણો સુણાય. ૫૫
તે આવિયો શ્રીજી સમીપ જ્યારે, બેસારી દીધો ગજરાજ ત્યારે;
અગસ્તને શું કરવા પ્રણામ, વિંધ્યાદ્રિ બેઠો નમી તેહ ઠામ. ૫૬
નમ્યા પ્રભુને જઈ નારુપંત, તથા નમ્યા સૌ સતસંગી સંત;
વદી મુખેથી અતિનમ્ર વાણી, ભેટ્યા પ્રભુને બહુ ભાવ આણી. ૫૭
નામો પુછીને કરી ઓળખાણ, અન્યોન્ય ભેટ્યા ભગતો સુજાણ;
તે પ્રેમ જાણે પરલોક કેરો, છુપ્યો હતો તે પ્રગટ્યો ઘણેરો. ૫૮
ત્યાં નારુપંતે નરનાથકેરા, પ્રણામ કીધા પ્રભુને ઘણેરા;
પુછ્યા સમાચાર કૃપાળુ શ્યામે, તેણે સુણાવ્યા સહુ તેહ ઠામે. ૫૯
પછીથી બોલ્યા નમી નારુપંત, ગજે બિરાજો બહુ શક્તિમંત;
ગજેંદ્ર આ તો પ્રભુ આપ કાજે, છે મોકલ્યો ભૂપ શિયાજીરાજે. ૬૦

**પુષ્પિતાગ્રા :**

વિનયવચન નારુપંત કેરાં, સુણી હરિને પ્રિય લાગિયાં ઘણેરાં;
ગજપર કરવા સ્વયં સવારી, ધરમસુતે રુચિ ચિત્ત માંહિ ધારી. ૬૧

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે અષ્ટમ-*
*કલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિવૃત્તાલય-*
*ગમનાર્થે મેળાવ્યગામઆગમનનામ વિંશતિતમો વિશ્રામઃ ॥૨૦॥*

**ઉપજાતિ :**

હે ભૂપતી શ્રીહરિને જ કાજ, આવ્યો હતો સુંદર ઈભરાજ[3];
શી તેની શોભા વદને વખાણું, એનાં અહો ઉત્તમ ભાગ્ય જાણું. ૧

૧. ઘોડા ૨. ઊંચા ૩. શ્રેષ્ઠ હાથી (ઐરાવત)

ગજેંદ્ર જે ગ્રાહ થકી મુકાવ્યો, તે આ સમે શું ધરી દેહ આવ્યો;
કે સિંધુમાંથી મથતાં થયેલો, તે આવીને આંહિ દિસે ઉભેલો. ૨
એવો ભલો ઉત્તમ ઈભ રાજે, જેની છબી દિગ્ગજ જોઈ લાજે;
જો પાર્વતી તે ગજરાજ પેખે, તો ભ્રાંતી પામી નિજપુત્ર લેખે. ૩
સોનાની અંબાડી દિસે રુપાળી, ગિરીશિરોભાગ સમાન ભાળી;
શું કોઈ દેવે સ્વરગે ઘડેલી, વિચિત્ર મોટા મણિયે જડેલી. ૪
જાણે ગ્રહો દર્શનકાજ આવ્યા, અંબાડીમાં તે મણિ થૈ સુહાવ્યા;
ધોળા મણી તે શશિ શુક્ર જેવા, પીળા ગુરૂ ને બુધતુલ્ય તેવા. ૫
રાતા મણી ભોમ રવિ પ્રકાશે, છે શ્યામ રાહુ શનિ નીલ ભાસે;
જે ધૂમ્રવર્ણા મણી કેતુ જાણો, એવી રીતે તે ગ્રહ છે પ્રમાણો. ૬
શોભીત છે ઝૂલ જરીની સારી, બુટા ભરેલા બહુ મોહકારી;
વિચિત્ર વૃક્ષોતણી છાપ પાડી, જાણે ગિરી માંહિ ઉગેલ ઝાડી. ૭
કંઠે ધરી ઘૂઘરમાળ કેવી, છે રુંઢમાળા[૧] હરકંઠ જેવી;
બેઠો નિયંતા ગજનો તહાંય, અંકૂશધારી નિજ હાથમાંય. ૮
તે જાણીયે વાસવ[૨] વજ્ર લૈને, બેઠો નિયંતા ગિરિશીશ થૈને;
છે ભૂષણો જોડે કરીંદ્ર[૩] કાને, તે શોભિતાં નિર્ઝરણાં[૪] સમાને. ૯
તેને કપોળે મદ તો ઝરે છે, સુગંધ લેવા ભમરા ફરે છે;
જાણે પ્રભુપ્રાપ્તિ થવા વિચારી, આવ્યા સુરો ષટ્પદ રૂપ ધારી. ૧૦
સીંદૂર આદીક અનેક રંગે, ચિત્રો કરેલાં શિર સુંઢ અંગે;
તે શૈલમાં ભૂમિ વિચિત્ર જેવી, જણાય શોભા શુભ સર્વ એવી. ૧૧
બે બાજુયે બે શુભ ઘંટ છાજે, કરે ગતિ તેતક તેહ વાજે;
જાણે પધાર્યા ભુવનાધિરાજ, જુવો જનો ઘંટ કરે અવાજ. ૧૨
કરીનું કુંભસ્થળ[૫] તેહ કેવું, ઇંડું દિસે દેવળશીશ જેવું;
બે દાંત છે ઉજ્જવળ શુદ્ધ કેવા, મહાપ્રભુની શુભકીર્તિ જેવા. ૧૩
તે દાંતમાં કંકણ હેમનાં છે, જવાહિરો[૬] તેહ વિષે જડ્યાં છે;
કડાં દિસે શ્રીહરિ હાથ જેવાં, જોતાં દિસે કંકણ તેહ તેવાં. ૧૪

**૧.** ખોપરીઓનો હાર **૨.** ઈન્દ્ર **૩.** હાથી **૪.** ઝરણું **૫.** હાથીના કાન ઉપરનો અને આસપાસનો ભાગ **૬.** જવેરાતનું નંગ

સત્સંગી સંતો મળી સર્વ સાથ, કહે હરિને જુગજોડી હાથ;
ગજે બિરાજે વૃષવંશરાય, સૌને સુખે દર્શન જેથી થાય. ૧૫
સત્સંગી સૌની સ્તુતિ ચિત્ત ધારી, શ્યામે કરી તે ગજશીશ સ્વારી;
અંબાડીમાં અંતરજામી બેઠા, તેવા મુનીના મન માંહિ પેઠા. ૧૬
ગજે બિરાજ્યા પ્રભુ પદ્મપાણી[1], જનો ઉચારે જયકાર વાણી;
ઈંદ્રાદિ દેવો પણ એ જ તોલે, બહુ ઉમંગે જયકાર બોલે. ૧૭
સુશૈલ માથે ઘનશ્યામ[2] જેમ, શોભે ભલા શ્રીઘનશ્યામ તેમ;
શ્રીવાસુદેવાખ્ય સુબ્રહ્મચારી, બેઠા તહાં ચામર હાથ ધારી. ૧૮
વર્ણી અખંડાખ્ય બીજા ગણાય, બેઠા વળી ચામર ધારી ત્યાંય;
પ્રભુશિરે ચામર તે કરે છે, તે જાણિયે ઉદ્ધવ નારદે છે. ૧૯
સજીવની થૈ ચમરી[3] નિદાન, તે શું ભમે છે ભમરીસમાન;
કે શ્રીહરિના મુખચંદ્ર કેરી, મરિચિ[4] થૈને વિલસે ઘણેરી. ૨૦

**અથ પ્રથમ ચામર પ્રબંધ : વૈતાલીય :**

ચમરી અમરી થઈ ખરી, ભ્રમરી જેમ હરીશિરે ફરી;
મરી તેહ ફરી શું ઉદ્ધરી, મરિચી થૈ હરિમૂખ ચામરી. ૨૧

**અથ દ્વિતીય ચામર પ્રબંધ : ઇંદ્રવંશા :**

જુઓ જુઓ જુક્તિ કવિ કહે કથા, વિનોદ આ આગળ અન્ય છે વૃથા;
હેતે ધર્યું ચામર વર્ણી હાથમાં, થાપી મનોવૃત્તિ અખંડ નાથમાં. ૨૨




૧. જેના હાથમાં કમળ છે એવા ભગવાન (વિષ્ણુ) ૨. વાદળું ૩. એ નામની હિમાલયમાં રહેતી ગાય ૪. કિરણ

**ઉપજાતિ :**

અંબાડીની જે કહું બાજુ બેય, ત્યાં પાટિયું પ્રૌઢ અકેકુ છેય;
ત્યાં મોરનાં ચામર હાથ લૈને, બબે ઉભા સજ્જન સ્વસ્થ થૈને. ૨૩

**અનુષ્ટુપ :**

ગંગાદાસ દયારામ, સદ્‌ભક્તો સૂરતી કહ્યા;
મોર ચામર લૈ હાથે, એકપાસે ઉભા રહ્યા. ૨૪
વટપત્તનના વાસી, નાથ ભક્ત હતા સહી;
તે જોડે અમદાવાદી, દામોદર ઉભા તહી. ૨૫
તે ચારે જનને અંગે, શોભિતાં વસ્ત્ર તો દિસે;
પટકા જરિના રૂડા, વિલસે બહુ તે વિષે. ૨૬

**પુષ્પિતાગ્રા :**

સુણ નૃપ અસવારી શ્યામકેરી, સરસ બની સહુ શોભિતી ઘણેરી;
સુર નર સહુ દેખી એમ બોલે, સુરપતિની નહિ સ્વારી એહ તોલે. ૨૭
પ્રથમ નિસરિયો નિશાન ડંકો, હયપર છે અસવાર એક વંકો;
કહું વળી શુભ તે નિશાન કેવું, નભ પચરંગી પયોદચાપ[૧] જેવું. ૨૮
પછી ઘણી વિચરી સુપાયગાઓ, તરલ[૨] તુરંગમ[૩] તુંગ છે ઘણાઓ;
જળધિતનુજ[૪] અશ્વરત્ન એક, પણ હયરત્ન અહીં દિસે અનેક. ૨૯
સુમતિ સચિવ જે વડોદરાના, નિરમળ અંતર નારુપંત નાના;
હયપર અસવાર તે થયા છે, અનુચર છત્ર શિરે ધરી રહ્યા છે. ૩૦
રવ શુભ રણત્રૂઈ તો કરે છે, સુણી રવ શંખ સમાન તે ઠરે છે;
સમર[૫] સમય પાંચજન્ય જેવો, રવ ઉપજે ઉતસાહકારી[૬] એવો. ૩૧
પછી ધરી ધરી હાથ ઢોલ ત્રાંસાં, જન વિચરે તન વસ્ત્ર ધારી ખાસાં;
બહુવિધ સ્વર તાળમાં બજાવે, શુભ ધનનાદ સમાન તે સુહાવે. ૩૨
પછી પલટનનાં[૭] સુવાદ્ય જેહ, વટપુરભૂપતિ મોકલેક તેહ;
વિધવિધ સ્વરથી વિશેષ વાજે, સુરવરવાદ્ય સમાન તેહ છાજે. ૩૩

૧. મેઘ ધનુષ્ય ૨. ચંચળ ૩. ઘોડો ૪. ઉચ્ચૈશ્રવા ઘોડો ૫. યુદ્ધ ૬. ઉત્સાહ વધારનાર ૭. પાયદળની ટુકડી

પછી હરિજન સંઘના સહુ છે, પુરપુરના વળી પ્રાંતના બહુ છે;
મુખ કિરતન ગાય તાળી પાડી, સ્વર સુણતાં દુખ સર્વ દે મટાડી. ૩૪
જન વટપુરના નિવાસી જેહ, લઈ કર તાલ મૃદંગ આદિ તેહ;
હરિકિરતન ગાય ને બજાવે, સુણી હરિમૂર્તિ તણું જ ધ્યાન આવે. ૩૫
સુરતનગરવાસી શ્રીપુરીના, જન સતસંગી સુભક્ત જે હરિના;
કરી ધરી શુભ વાદ્ય તે બજાવે, જન મનમાં બહુ મોદ ઊપજાવે. ૩૬
પછી મુનિજન વૃંદમધ્ય મેનો, મુનિવર મુક્ત સુનામ તેહ તેનો;
મુનિજન મળતાંજ વર્ણીવૃંદ, બટુ વિચરે સુખપાલમાં મુકુંદ. ૩૭
મુનિજન ગિરવાણ જાણનારા, મુખ ઉચરે સ્તુતિનાજ શ્લોક સારા;
શ્રુતિવિદવર બ્રહ્મચારી જેહ, મળી ઉચરે મુખ વેદમંત્ર તેહ. ૩૮
સરિતની ગતિ માંહિ જે પ્રમાણે, દ્વિજવર વેદ ભણે બળેવ ટાણે;
પ્રભુતણી અસવારીનો પ્રવાહ, સ્વરથકી ગાજી રહ્યો અહો અથાહ. ૩૯
પછી હરિવરના સુબેયભાઈ, કરી અસવારી સુ તાવદાનમાંઈ[૧];
ભરત રિપુહનાખ્ય[૨] જોડ જેવા, અદભૂત તેજ પ્રતાપવંત તેવા. ૪૦
ઉભય સહજના તનૂજ જેહ, હય રથ કે સુખપાલ માંહિ તેહ;
નિજનિજ રુચિતુલ્ય સૌ બિરાજ્યા, પરમ પવિત્ર પણાથિ તેહ છાજ્યા. ૪૧
પછી બહુ હથિયારબંધ પાળા, બખતરધારી બહુજ જોરવાળા;
ફરીફરી કરી બંદુકો બહાર, જયજયકાર કરે મુખે ઉચાર. ૪૨
સ્વધરમરત તેહ સાંખ્યયોગી, પ્રભુવિણ પંચ વિષે તણા ન ભોગી;
નજર સકળ નીચી રાખી ચાલે, પ્રભુપદમાં મનવૃત્તિ તો મહાલે. ૪૩
રઘુપતિલઘુભાઈ[૩] બ્રહ્મચારી, પણ સતિના પદ માંહિ દૃષ્ટિ ધારી;
ત્રિયપદ[૪] નિરખ્યાં ન પાર્ષદોયે, મુખે કદિ કેમ જુવેજ તેહ કોયે. ૪૪
ચતુર અધિક ચોપદાર બેય, કર ધરી હેમછડી સવાર છેય;
જયજય અધિરાજ એમ બોલે, સ્વર સુણી દેવ મનુષ્ય સર્વ ડોલે. ૪૫
પછી હરિવરનો વિશાળ હાથી, કનક ગિરીસમ શોભિતો પ્રભાથી;
ગજપર છબિવંત શ્યામ છાજે, રવિશશિ કોટિસમાન કાંતિ રાજે. ૪૬
અકળિત હરિ અક્ષરાધિનાથ, જુગપદ ધ્યાન ધરે સુમુક્ત સાથ;
ઉદભવ થિતિ નાશ કારિ જેહ, સહુ અવતારતણું નિદાન[૫] તેહ. ૪૭

૧. ખુરશી ઘાટની પાલખી ૨. શત્રુઘ્ન ૩. લક્ષ્મણાનંદ ૪. સ્ત્રીના પગ ૫. મૂળ કારણ

અખિલ ભુવનના નિવાસરૂપ, ભુવન તણા સહુ ભૂપનાય ભૂપ;
વરણન કરતાં ન અંત આવે, ગુણગણ શેષ સહસ્રમૂખ ગાવે. ૪૮
મુનિજન વનવાસી જોગ સાધી, દૃઢ મન ધ્યાન ધરે કરી સમાધી;
પણ કદિ સ્વપને ન તેહ ભાળે, પ્રગટપ્રભુ જન તેહ સૌ નિહાળે. ૪૯
નિરખી નિરખીને કરે પ્રણામ, ઠરીઠરીને જનજૂથ ઠામઠામ;
વળી હરિમહિમા ઘણો વિચારે, જનમનમાં નિજધન્ય ભાગ્ય ધારે. ૫૦
ખતરી સુરતવાસી તેહ ઠામ, હરિજન જે ભગવાનભાઈ નામ;
નિજકર અબદાગિરી ધરીને, ગજસમીપે વિચરે પગે કરીને. ૫૧
હરિજન ભગુભાઈ તેહ ત્યાંય, વળી વિચરે ધરી છત્ર હાથમાંય;
નિરમળ શુભ વસ્ત્ર ધારી અંગે, છબી હરિની નિરખે ઘણે ઉમંગે. ૫૨
કરિવર ફરતા સખા પ્રભુના, હયઅસવાર દિસે પ્રભા બહુના;
નૃપસુત રજપુત કાઠી કોઈ, જમ ડરપે ઉનમત્તઅંગ જોઈ. ૫૩

**નારચ છંદ :**

કહું વખાણી તે હવે સુકઠિયો ગરાશિયા,
સુભટ્ટ ધર્મ અર્જુનાદિ ભીમતુલ્ય ભાસિયા;
પ્રમત્ત અશ્વ ઊપરે ચિત્તો ચહાઈને ચડ્યા,
સુઅશ્વ તે સુજાણ સૃષ્ટિકારકે નવા ઘડ્યા. ૫૪
કરે વિશેષ હંહણાટ વાટ માંહિ ચાલતા,
ઉમંગથી સુરંગદાર અંગને ઉછાળતા;
કહે નિહાળી લોક હોત પાંખ એહ પંડમાં,
ઉડી અનેક ઠામ તે ફરીવળે બ્રહ્માંડમાં. ૫૫
નિહાળી છાંય આપની ચમક્કતા ચિતે સહી,
નટીસમાન નાચતા ક્ષણે ઉભા રહે નહી;
સુશોભિતા હરીસા સુકાઠિયો સવાર છે,
ધરેલી ધિંગિ ઢાલ ને ભલાજ ભાલદાર છે. ૫૬
દિસે સુબર્છિ અગ્ર જાણિયે શું સાપની ફણા,
સુદેખી દેખી દૂરથીજ દુશ્મનો ડરે ઘણા;
ખચીત ખડ્ગ વીજળી સમાન છે ખરેખરા,
સુરારી શીશરૂપી શૈલ તોડનાર તે ઠર્યા. ૫૭

નવાઈ જેવી વાણી કાઠિયો મુખેથી ઉચ્ચરે,
સુણી અચંભ[1] ચિત્ત ગુજરાતના જનો ધરે;
શિરે ધરેલી પાગ શ્રેષ્ઠ છોગું છાઈને રહે,
ચળે વિશેષ વાયુથી સુપંખવો કવી કહે. ૫૮

**પુષ્પિતાગ્રા :**

પરમ પુનિત ભક્ત પાટીદાર, અતિધનવંત અમીન છે ઉદાર;
કનકજડિત વેઢ વીંટીવાળા, હયઅસવાર દિસે ઘણા રુપાળા. ૫૯
પછી બહુ રથ ગાડી સાધુ કેરી, શુભવિધિ સજ્જિત શોભિત ઘણેરી;
મુનિવર વળી વૃદ્ધ વર્ણીરાય, ધરીધરી ધ્યાન બિરાજિયા જણાય. ૬૦
ગિરિવરનિ ગુફા વિષે સમાધી, સજીસજી સિદ્ધ દિસે તજી ઉપાધી;
ક્ષરથકીપર મુક્તમૂર્તિ જેવી, સકળ જણાય મુનીંદ્રમુર્તિ એવી. ૬૧
પછી સુશકટ માંહિ ભારખાનું, પણ વળી મુખ્ય સુપુસ્તકો ભર્યાનું;
પછી બહુ વડિ નોબતે સુવાજે, અદભુત ઉંટપરે વિશેષ છાજે. ૬૨
વિભવ અધિક હસ્તિસુધી જેમ, ભલી અસવારી સુઉંટ અંત તેમ;
નૃપકુળ વૃષવંશ નારિયોની, પછી રથપંક્તિ ઘણીક ગાડિયોની. ૬૩
અજ હર સુરઈંદ્ર આદિ જેહ, નભ વિચરે સજીને સવારિ તેહ;
જયજય મુખવાણી ઉચ્ચરે છે, પ્રભુશિર પુષ્પની વૃષ્ટિ તે કરે છે. ૬૪
પદગતિ કરી પંથ ચાલનારાં, બહુ નરનારી સુભક્તિમંત સારાં;
હરિ છબી મન માંહિ રાખી રોપી, તિલસમ તેની ન થાય ગોપગોપી. ૬૫

**શાર્દૂલવિક્રીડિત :**

જે સત્સંગી સુબાઈ સર્વ સધવા ચાલે નીચું જોઈને,
દૃષ્ટિમાંડી કદાપિ અન્ય નરને દેખે નહી કોઈને;
બોલી ચાલી નિરીક્ષણાદિ જગથી જૂદાંજ તેનાં દિસે,
જેણે અંતરજામી સર્વવિદને જાણ્યા સ્વઆત્મા વિષે. ૬૬
જે બાઈ વિધવા તપે કૃશતનૂ લે કૃષ્ણના નામને,
રિસે છેક ઉદાસી ચિત્ત ન ચહે ઈંદ્રાદિના ધામને;
સાદાં વસ્ત્ર સજે તજે રસકસો શોભા ન સ્વાંગે ધરે,
જોતાં તેની સુધર્મરીતિ સમતા સંન્યાસીયો શું કરે. ૬૭

૧. વિસ્મય

**ઉપજાતિ :**

જો બાળ કે વૃદ્ધ જુવાન હોય, તે નારિયો કે નર હોય તોય;
દિસે સહૂ ઇંદ્રિયને જીતેલ, જાણે મહામુક્ત તનૂ ધરેલ. ૬૮

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે અષ્ટમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે*
*શ્રીહરિસ્વારીવર્ણનનામૈકવિંશતિમો વિશ્રામઃ ॥૨૧॥*

**શાર્દૂલવિક્રીડિત :**

હે રાજા વરણી કહે સુણ હવે સ્વારી સજી શ્રીહરિ,
ચાલ્યા ચારુતરાખ્ય પ્રાંત વચમાં સૌદર્ય સર્વે ધરી;
સેવા શ્રીહરિની વિશેષ સજવા આવ્યા ઋતુઓ સહુ,
શોભા તેથી સજાઇ ચારુતરની તે તો કથા હું કહું. ૧

**અથ વસંતવર્ણન :**

ફૂલ્યાં ફૂલ અનેકભાતિ વનમાં કેસૂ ફૂલ્યાં કારમાં,
બોલે કોકિલ શબ્દ શુદ્ધ મધુરા આંબા તણી હારમાં;
ત્યાં તો શીતળ મંદ ગંધ સહિતે વાયુ રુડો વાય છે,
ઉડે પુષ્પરાગ રંગ પથમાં શું હોરિ ખેલાય છે. ૨
આંબે મોર થયો ઘણો તરુશિરે વીટી વળી વેલડી,
પાક્યાં દાડમ દ્રાખ આદિ ફળ ન સારી થઇ શેલડી;
ગાવે સંત વસંતરાગ હરખી સારો સમો જાણીને,
ત્યાં વૃક્ષો નિજફૂલરૂપી ફગવા નાખે ખુશી આણીને. ૩

**અથ ગ્રીષ્મઋતુવર્ણન :**

પેખી શ્રીહરિનો પ્રતાપ દિલ તો દુષ્ટો ગુરૂનાં દહ્યાં,
સુકાઈ પરપંથરૂપી સરિતા ના નીર તેમાં રહ્યા;
ભાસે ભીષણ ગ્રીષ્મકાળ ખળને આનંદ દૈવી ધરે,
આંબે સાખસમાન સંચિત ફળો પાક્યાં ધરા ઉપરે. ૪
અજ્ઞાનાંધ નિશા ઘટી દિન વધ્યો જ્ઞાનસ્વરૂપી ઘણો,
ઉંઘે આળસુઓ સુજાણ જન તો લે લાભ વેળા તણો;

આચાર્યો બની કૈક ઢોંગી વિચરે જેવાજ વંટોળિયા,
ભોળાના દગ માંહિ ધૂળ ભરીને ઠાલા ઠગે ઠોળિયા[1]. ૫

**અથ વર્ષાઋતુવર્ણન :**

હસ્તી શૈલસમાન તેહ શિખરે શ્રીમેઘશ્યામે સ્થિતી,
કીધી તેથી કૃપાની વૃષ્ટિ થઈ છે આનંદ પામી ક્ષિતી;
ભક્તોનાં મન તો તળાવ નદિયો હર્ષે ભરાયાં ઘણાં,
ધાર્યા દૈવી જને વિશેષ નિયમો સદ્ભાગ્ય તો તે તણાં. ૬
સત્પાત્રે શુભ દાનરૂપી કણને વાવે વિવેકી જનો,
શોભે છે સુખસંપદાથી જન સૌ જેવાં સુલીલાં વનો;
વાજે છે બહુ વાદ્ય તે ઘન તણી શું ગર્જના છે થતી,
મોરો સોર કરે કળા કરી અતિ સંતે કહ્યું તેપ્રતિ. ૭

**અથ મયૂરપ્રબંધ : સ્રગ્ધરા :**

**મયૂરપ્રબંધ**



૧. મૂર્ખ, પ્રતિષ્ઠા કે આબરૂ વિનાના

મોરો સોરો કરો છો ધરી મુદ મદથી શાથિ રીઝ્યા સ્વચિત્તે,
આશા ધારી હતી જે પ્રગટ હરિ મળે તે મળ્યા રૂડી રીતે;
કીધી એવી દયા તેથકી ઝુકીઝુકીને સૌ કળા સાધી સારી,
બોલો છો એવી વાણી સ્વરવિદ જનને યાદ આવે મુરારી. ૮

**અથ શરદઋતુવર્ણન : શાર્દૂલવિક્રીડિત :**

પામીને સતસંગ સર્વ જનનાં મેલાપણાં તે ગયાં,
તે સૌનાં મન સ્વચ્છ તો શરદના આકાશ જેવાં થયાં;
ભક્તિધર્મ તણા પ્રવાહ નદિયો તે સ્વચ્છ થૈ છે સહી,
તેમાં સજ્જનનાં મુખો કમળ શાં ફુલ્યાં સુરીતે રહી. ૯
જાણે શું જળઝીલણી દિન દિસે સૌ નીરકેળી કરે,
શ્રદ્ધાથી જન શ્રાદ્ધ તીર્થ તટમાં આસ્તિકયથી આદરે;
જેવી શ્રીદસરા દિને હરિ તણી અસ્વારી એવી દિસે, ૧૦
ગાવે કીર્તન રાસના મુનિજનો શું રાસ ટાણું હશે.

**અથ હેમંતઋતુવર્ણન :**

હેમંતાખ્ય ઋતુ હવે વરણવું તે તો હતો તે સમે,
રાશી વૃશ્ચિકમાં રવી મળી રહી પ્રેમે પ્રભુને નમે;
રાત્રી મોટી થઈ અને દિન ઘટ્યો હીમાળુ વા વાય છે, ૧૧
આવ્યો કાર્તિક તેથી તીર્થ કરવા જાત્રાળુઓ જાય છે.
જ્યારે માસ ધનુર્દિસે જગતમાં ના લગ્ન કોઈ કરે,
જાણે સંત તણો સુબોધ સુણીને સંસારથી સૌ ડરે;
પાક્યાં બોર બહુ વળી વન વિષે શીતાફળી છે ફળી, ૧૨
તેને વાડ વિષે વિલોકી કવિએ વાક્યો કહ્યાં ત્યાં વળી.
રે શીતાફળી અન્ય પ્રાંત નિરખી રાજા તણા બાગમાં,
રાખે ખૂબ પ્રયત્નથી વળી ભલા ભૂમિ તણા ભાગમાં;
આ ચારૂતર પ્રાંતમાં ન ગણતી તારી કશા ઝાડમાં, ૧૩

છે વાડી વશિ તું કુટુંબસહિતે વાસો કરી વાડમાં.
બોલી બોલ શિતાફળી મુજ તનૂ દૈવે કરી વામણી[1],
શ્રીજીના મુખચંદ્રને નિરખવા ઉત્કંઠતા છે ઘણી;
મોટાં વૃક્ષ નડે મને નિરખતાં લજજા ન રાખે કશી,
તે માટે કવિ પ્રાંત ચારુતરમાં હું વાડ માંહી વશી. ૧૪

**અથ શિશિરઋતુવર્ણન :**

શોભે કુંડળ કાનમાં મકરના આકારનાં શ્યામને,
શોભે સૂર્યસમાન તેજ મુખનું ઝાંખો કરે કામને;
જાણે એહ શિશીરનો સમય છે તે યોગ તેથી બન્યો,
આવ્યો પુણ્યસમો ભલો મકરનો જાણેજ દૈવી જનો. ૧૫
શ્રીજીને નહિ ઓળખે તપ તપે તે વ્યર્થ પીડા ધરે,
તાપે જેમ શિશીરમાં અફીણિયા ઉંઘ્યાથી દાઝી મરે;
પાખંડી ગુરુનાં કુકર્મ પ્રગટ્યાં શિષ્યો તજે પક્ષને,
જે રીતે કરી માસ પાનખરમાં પત્રો તજે વૃક્ષને. ૧૬
જે જે ભિન્ન ઋતુ વિષે તરુવરો ફૂલે ફળે છે સદા,
તે સૌ શ્રીહરિને પ્રસન્ન કરવા ફૂલ્યાં ફળ્યાં છે મુદા;
જે જે વૃક્ષલતાદિ એહ જગમાં જુદી જુદી જાતનાં,
જૂથેજૂથ જણાય ચારુતરમાં તે તો ભલી ભાતનાં. ૧૭
જ્યાં જે જાતી તણો નિવાસ, બહુ છે તે દેશ તેનો ગણો,
બીજે જો જઈને વસે જન કદી ત્યાં તે વિદેશી ભણો;
આંબા રાયણ આદિનું વતન તે જો જાણવા ઈચ્છિયે,
તો ચારૂતર પ્રાંત તેહતણું તો પૂરી રીતે પ્રીછિયે. ૧૮

**ઉપજાતિ :**

વૃંદા[2] તણા છોડ વિશેષ જોઈ, કહે કવિ કોવિદ એક કોઈ;
ગોલોક વૃંદાવન જે કહે છે, શું ઊતર્યું આ સ્થળ માંહિ એ છે. ૧૯
જે ઈંદ્રકેરું વન સ્વર્ગઠામ, જેનું ભલું નંદન એવું નામ;
તે ઈંદ્રને તો મન તુચ્છ ભાશું, તેથી ભલું ચારુતર પ્રકાશું. ૨૦

**૧.** ઠીંગણી, નીચી **૨.** તુલસી

બીજું ભલું ખાંડિવ નામ જેહ, ચરી ગયો પાવક દેવ તેહ;
જો તે રહ્યું હોત અખંડ ભ્રાત, તો તેહની કાંઇક તુલ્ય થાત. ૨૧
કૈલાસનો બાગ બહુજ સારો, જે પાર્વતીને પણ પૂર્ણ પ્યારો;
જટાધરે તે અતિતુચ્છ જાણ્યો, વિશેષ ચારૂતરને વખાણ્યો. ૨૨
અસ્વારી શ્રીજીતણી સંચરે છે, અનેક પક્ષી સ્વર ઉચ્ચરે છે;
જાણે પ્રભુના ગુણગાન ગાય, પ્રભુ સુણી ચિત્ત પ્રસન્ન થાય. ૨૩
ત્યાં કોકિલાનો તનરંગ જોઈ, કહે કવિ કોવિદ એમ કોઈ;
તેં શ્યામની મૂર્તિ ઉરે ઉતારી, તેથી થઈ શું છબી શ્યામ તારી. ૨૪
અજ્ઞાનરૂપી અતિઅંધકાર, આવ્યા પ્રભૂ એહ વિનાશકાર;
માટે ડરી કાગ કરે ઉચાર, કાકા અમે તો નહિ અંધકાર. ૨૫

**દ્રુતવિલંબિત શ્લોક :**

વિજનમાં જનમાં સઘળે સ્થળે, અજળમાં જળમાં પણ તે પળે;
અમળતા મળતા મટી થૈ સહી, કુમુદની મુદની લહેરે રહી. ૨૬

**અર્થ :** *માણસ ન હોય એવી જગ્યામાં અને માણસમાં બધે ઠેકાણે અને પાણી ન હોય ત્યાં અને પાણી હોય ત્યાં પણ તે વખતે મલીનપણું તજીને નિરમળપણું થયું અને પોયણી પણ આનંદની લહેરમાં રહી, મતલબ કે પ્રફુલિત થઈ. (૨૬)*

**શ્લોક :**

વિવિધની વિધિની કૃતિ તે તકે, ન કળના કળનાર કરી શકે;
અૠતુની ૠતુની વનવેલીયો, ઉધરીને ધરીને મુદ ફેલીયો. ૨૭

**અર્થ :** *તે વખતે બ્રહ્માની નાનાપ્રકારની રચના કોઈ કળનાર કળી શકે નહિ, ૠતુ વગરની ને ૠતુની વનની વેલીયો ઉત્પન્ન થઈને આનંદ પામીને ફેલાઈ. (૨૭)*

**શ્લોક :**

અચળતી ચળતી પવનો કરે, અપથમાં પથમાં ફુલડાં ખરે;
નફળતાં ફળતાં તરુઓ થયાં, નમળતાં મળતાં થઈને રહ્યાં. ૨૮

**અર્થ** : *અને તે વેલીયો હાલતી ન હોય તેને પવન હાલતી કરે છે અને તેનાં ફુલ રસ્તામાં ને આજુબાજુમાં ખરે છે અને જે ઝાડને ફળ થતાં નોહોતાં તે ફળવા લાગ્યાં અને જે ઝાડ પ્રાપ્ત થતાં નોહોતાં તે પ્રાપ્ત થૈ રહ્યાં. (૨૮)*

**શ્લોક** :

વિભવતા ભવ તાકિ તહાં રહે, સરસ છે રસ છે જ ઘણો કહે;
પવનમાં વન માંહિ સુગંધતા, વશી ઘણી શી ઘણી કહું વારતા. ૨૯

**અર્થ** : *અને ત્યાં વૈભવપણાને શિવજી પણ તાકી રહે છે. અને તે એમ કહે છે જે તે સારું છે ને તેમાં રસ ઘણો છે, અને ત્યાં વનમાં તે પવનમાં સુગંધપણુ ઘણું વશીને રહ્યું તેની ઘણી વારતા શી કહું. (૨૯)*

**શ્લોક** :

ભટકતા ટકતા ભમરા દિસે, ન ગણના ગણનાર થકી થશે;
પરમતા રમતા પશુઓ વિષે, અભયતા ભયતા ટળિને દિસે. ૩૦

**અર્થ** : *અને ક્યાંઈ ફરતા ને ક્યાંઈ બેઠેલા ભમરા દેખાય છે, તેની ગણતરી કોઈ ગણનાર કરી શકે નહિ અને ત્યાં ખેલતાં પશુઓમાં ઉત્કૃષ્ટપણું તથા ભય ટળીને નિર્ભયપણું દેખાય છે. (૩૦)*

**શ્લોક** :

જગતિમાં ગતિમાન ગતી કરે, શ્રમિતતા મિતતા ન મને ધરે;
લસિત સંસિત સંસ્થિત હંસ છે, લલિત લાલિત લાયક વંશ છે. ૩૧

**અર્થ** : *અને ત્યાં ચાલવાવાળાં પ્રાણીયો પૃથ્વીમાં ગતિ કરે છે, મતલબ કે ભગવાનના સામા દોડે છે પણ લગારે થાકવાપણું મનમાં ધારતાં નથી અને ત્યાં શોભિતા ને સારીપેઠે ધોળા હંસ રહેલા છે, તે સુંદર લાડ લડાવેલા ને ઉત્તમ વંશના છે. (૩૧)*

**શ્લોક :**

મયૂરની ઉરની રુચિ આમ છે, ઘન તજે ન તજે ઘનશ્યામ છે;
ટકી રહે કિર[1] હેતુ ઘણું ધરી, નિરખવા રખવાળ ગણી હરી. ૩૨

**અર્થ :** *મોરના મનની ઈચ્છા એમ છે કે મેઘ અમને ત્યાગ કરે પણ ઘનશ્યામ જે શ્રીજીમહારાજ છે તે અમારો ત્યાગ કરે નહિ અને પોપટ શ્રીહરિને પોતાના રક્ષણ કરનાર ગણીને ઘણું હેત ધરીને જોવા સારુ ટકી રહે છે. (૩૨)*

**શ્લોક :**

બતક તે તક તે સ્થળમાં ફરે, સરસ સારસ સારસિયો ચરે;
સમળીયો મળીયો સુખ થાય જ્યાં, ચકલીયો કળીયો નહિ જાય ત્યાં. ૩૩

**અર્થ :** *તે વખતે તે સ્થળમાં બતક નામનાં પાક્ષિયો ફરે છે અને સારા સારસડા ને સારસડિયો ચારો કરે છે અને જ્યાં સુખ થાય ત્યાં સમળિયો ભેળી થઈ છે અને ત્યાં ચકલિયો તો કળી શકાય નહિ એટલી છે. (૩૩)*

**શ્લોક :**

વિચરતી ચરતી હરખે ભરી, ભજતિયો જતિયો સમ શ્રીહરિ;
અબળિયા બળિયા પણ પક્ષિયો, સુખથકી ખથકી ધરી અક્ષિયો. ૩૪

**અર્થ :** *અને તે ચકલીયો હરખ સહિત ફરતી ને ચારો કરતી હતી, અને યોગીઓની બરોબર શ્રીહરિને ભજતી હતી, કેટલાક નિર્બળ ને બળિયા પણ પક્ષીઓએ સુખથી આકાશથી ભગવાનમાં દષ્ટિયો ધરી. (૩૪)*

**શ્લોક :**

મુનિજનો નિજ નોખી જ રીતથી, ભજનમાં જનમાં રહી પ્રીતથી;
મન ધરે ન ધરે બીજી વાતમાં, વિરતિ છે રતિ છે વૃષજાતમાં. ૩૫

---

૧. પોપટ

**અર્થ :** *મુનિયો પોતાની જુદી જ રીતથી માણસોમાં રહીને ઘણા સ્નેહથી ભજનમાં મન ધરે છે પણ બીજી વાતમાં ધારતા નથી, કારણ કે તેઓને વૈરાગ્ય છે ને ધર્મદેવના પુત્ર જે શ્રીજી મહારાજ તેમાં પ્રીતિ છે. (૩૫)*

**ઉપજાતિ :**

ચારુત્વ[1] ચારુતર પ્રાંતકેરૂં, કૃપાનિધાને નિરખ્યું ઘણેરૂ;
આનંદ પામ્યા ઉરમાં અતીશે, નિવાસ ધાર્યો વરતાલ વિષે. ૩૬
અસ્વારી સુદ્ધાં[2] હરિ અક્ષરેશ, આવે વહ્યા મારગમાં મહેશ;
જનો તણી ભીડ ઘણી ભરાય, સ્વારી સમીપે ન જને જવાય. ૩૭
ગામો તહાંથી દશ ગાઉ માંહી, ત્યાંના જનો દર્શન કાજ ચાહી;
આવ્યા મળીને બહુ વૃંદવૃંદે, વિશ્વેશને ત્યાં કર જોડી વંદે. ૩૮
સુશોભિતો શાવજિ કૂપ જ્યાંય, આવી પહોંચ્યા પરમેશ ત્યાંય;
ત્યાં સારી શોભા વડની વખાણી, ત્યારે કવિએ કહી કાંઇ વાણી. ૩૯

**શાર્દૂલવિક્રીડિત :**

રે મોટા વડ વૃક્ષ તેં વન વિષે વર્ષોથી વાસો કર્યો,
વર્ષા ટાઢ ઉતાપ માંહિ તપ તેં અંગે ઘણો આદર્યો;
જોગી જેમ જટા વધારી તનમાં એકત્ર ઠામે ઠરી,
તે તારા તપનું તને ફળ મળ્યું જે આંહિ આવ્યા હરિ. ૪૦
રે વાગોળ તમે પવિત્ર થળમાં આ પ્રાંત માંહી રહી,
ઊંધે મસ્તક કીધી તીવ્ર તપસા ખામી જ રાખી નહી;
એવા જન્મ અનેકનું ફળ હવે આવી મળ્યું આ સમે,
નિર્ખો નેહ ધરી મહાપ્રભુ તણી મૂર્તિ ત્વરાથી તમે. ૪૧

**ઉપજાતિ :**

એવે સમે હે નૃપ એહ ઠાર, આવી મળેલા જન તો અપાર;
અનેક વૃક્ષોતણી ડાળડાળે, ચડી જનો શ્રીહરિને નિહાળે. ૪૨
જનો તહાં સૌ જયકાર કે' છે, તે જાણીયે તે તરુઓ વદે છે;
પ્રભુ વિષે પ્રેમ ધરી અપાર, અહો શું આપે તરુ આવકાર. ૪૩

૧. સુંદરપણું ૨. સહિત, સાથે

વૃક્ષે ચડેલા બહુ લોક જોઇ, વિતર્ક કીધો કવિ એક કોઇ;
આ પ્રાંતમાં અદ્‌ભૂતતા જણાય, શું વૃક્ષથી માણસ સૃષ્ટિ થાય ? ૪૪
પાળા કરે બંદૂકના બહાર, વાજિંત્ર વાજે વળી ત્યાં અપાર;
કોઈ કરે વાત નહી સુણાય, છુટા પડે તેથી નહી મળાય. ૪૫
ત્યાં વિપ્ર આવ્યા વનમાળી નામ, નિવાસ જેનો શુભ પીજ ગામ;
છે કચ્છ વાળ્યો દઢ ભેટ બાંધી, દૂરેથી દષ્ટિ હરિસામી સાંધી. ૪૬
બોકાની વાળી બહુ રૂડી રીતે, બે પુત્ર લીધા નિજસાથ પ્રીતે;
છે જયેષ્ઠ તેમાં હરિભાઈ જેહ, ચાલે પિતા આંગળી ઝાલી તેહ. ૪૭
બીજાતણું તો શિવલાલ નામ, તેડ્યો ખભે તે સુત તેહ ઠામ;
શું બ્રહ્મવિદ્યાની ભલી નિશાળે, લાગ્યા ભણાવા સુત એહ કાળે. ૪૮
પછી તહાં તે વનમાળીદાસે, મહાપ્રભુપાસ જવાની આશે;
પ્રણામ કીધો પદ પ્રેમ ધારી, જે સ્વામિનારાયણ તે ઉચ્ચારી. ૪૯
તે શબ્દ તો કોઈ સુણે ન કાને, તથાપિ જાણ્યું કરુણાનિધાને;
એવા મહારાજ સમર્થ એ છે, સર્વજ્ઞ સર્વાંતરજામી જે છે. ૫૦
કૃપાળુ નાથે કરુણાની દષ્ટિ, કરી તહાં જેમ સુધાની વૃષ્ટિ;
તે ભીડમાંથી પણ આસપાસ, બોલાવી લીધા વનમાળીદાસ. ૫૧
કહે હરિ અંતર હેત આણી, સુણો તમે વિપ્ર વિવેક વાણી;
બે બાળકોને રથમાં ધરીને, ચાલો તમે સાથ સુખે કરીને. ૫૨
વાણી સુણીને વનમાળીદાસે, બેસારિયા બે સુત સંતપાસે;
તે વાતનો મર્મ ઉરે ઉતાર્યો, મહાપ્રભુનો મહિમા વિચાર્યો. ૫૩
અસ્વારી ત્યાંથી પણ ચાલી જેમ, ઘણાંજ આવે જનજૂથ તેમ;
સૌ હાથ જોડી શિરને નમાવે, જે સ્વામિનારાણ એમ ગાવે. ૫૪
હાથી હરિનો પણ એહ ઠાર, કરે નીચું મસ્તક વારવાર;
શું લોક વંદે મન તે ધરે છે, સામા નમસ્કાર કરી કરે છે. ૫૫
કરીંદ્ર તે કાન બહુ હલાવે, જોતાં ઉરે એમ વિચાર આવે;
પ્રભુ વિના શબ્દ પડે ન કાને, માટે હલાવે શ્રવણે નિદાને. ૫૬
હયો કરે છે બહુ હંહણાટ, ગાજી રહી તેથકી આખી વાટ;
જાણે સુવૃત્તાલય ધામ આવ્યું, ઉત્સાહનું જોર હયે જણાવ્યું. ૫૭

સમીપ વૃત્તાલયનું ઠરે છે, ઉત્સાહ ત્યાં ઉત્સવીયા ધરે છે;
ઉંચે સ્વરે ગાય અને બજાવે, પ્રમત્ત તૈ ધૂન્ય ઘણી મચાવે. ૫૮
દીઠું ન વૃત્તાલય કોઈ ટાણે, એ તો વળી અદ્‌ભુત હર્ષ આણે;
સર્વોપરી તીર્થ ગણાય જેહ, જોશું જઈ આજ જરૂર તેહ. ૫૯
વૃત્તાલયસ્થાન અનેક વારે, ભાળેલું છે ભક્તિતણે દુલારે;
તથાપિ જોવા ચિત્તમાં ચહાય, તેથી વહાલું વધતું જણાય. ૬૦
પ્રભુતણું આગમ આંહિ જાણી, શ્રીરિદ્ધિ સિદ્ધી સરવે ભરાણી;
જોતાં જ એવો ભભકો જણાય, શું આવીયું અક્ષર ભૂમિમાંય. ૬૧
છે કલ્પવૃક્ષો હરિધામ જેવાં, વૃક્ષો દિસે આંહિ સમસ્ત એવાં;
મુક્તો દિસે મંડળ સંત કેરાં, પ્રેમે ભજે છે પ્રભુને ઘણેરાં. ૬૨

**રત્નાવળી અલંકાર : શાર્દૂલવિક્રીડિત :**

ભાળ્યો શ્રીપુરુષોત્તમે શુભભકો વૃત્તાલય સ્થાનનો,
જ્યાં જુનો ગઢ કોઈએ ભુજભણી ભાસે ન પાષાણનો;
દીસે કલ્પતરૂ જ દુર્ગપુરનો શોભે ઘણો તે સહી,
ત્યાંના લોક અલભ્ય લાભ જ બધો લે રાત્યદાડો રહી. ૬૩

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે*
*અષ્ટમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે*
*શ્રીલક્ષ્મીનારાયણપ્રતિષ્ઠાર્થે શ્રીહરિવૃત્તાલયઆગમનનામ*
*દ્વાવિંશતિતમો વિશ્રામઃ ॥૨૨॥*

**ઉપજાતિ :**

વર્ણી કહે સાંભળ હે નરેશ, વૃત્તાલ આવ્યા પ્રભુ અક્ષરેશ;
શોભા દિસે તે સમયે અપાર, વખાણીને શું કહું વારવાર. ૧
આકાશમાર્ગે સુરની સવારી, ઇંદ્રાદિની તે પણ હર્ષકારી;
તે ઈંદ્રને હરિનેય જોઈ, સાથે કરે વર્ણન સંત કોઈ. ૨

**શ્રીજીમહારાજ તથા ઇંદ્ર વિષે : શ્લેષાલંકાર :**

કરીન્દ્ર આરૂઢ કુલીશધારી, દેવો તણા ઈશ્વર દાનવારી;
પ્રાચીનિવાસી બહુ યજ્ઞકારી, આવ્યા હરી શ્રેષ્ઠ સજી સવારી. ૩

**ટીકા :** *શ્રીજીને તથા ઈન્દ્રને હાથીની સવારી છે, શ્રીજીને ચરણમાં વજ્રનું ચિહ્ન છે. અને ઈન્દ્રને હાથમાં વજ્ર છે, ઈન્દ્ર સ્વર્ગના દેવનો ઈશ્વર છે અને શ્રીજી બ્રહ્માદિક સર્વ દેવના ઈશ્વર છે, ઈન્દ્ર વૃત્રાસર આદિક અસુરનો શત્રુ છે અને શ્રીજી પિબૈકાદિક અસુરના શત્રુ છે, ઈન્દ્રપુરી પૂર્વ દિશામાં છે અને શ્રીજી પૂર્વદિશામાં જન્મ ધરીને આ દેશમાં આવ્યા છે, સો યજ્ઞ કરે ત્યારે ઈન્દ્ર થાય છે અને શ્રીજીયે પણ ઘણા યજ્ઞ કર્યા છે, શ્રીજીનું નામ હરિ અને ઈન્દ્રનું નામ પણ શાસ્ત્રમાં હરિ એવું છે.*

**ઉપજાતિ :**

બીજા સુસંતે શિવસ્વારી ભાળી, તથા સવારી હરિની નિહાળી;
તે બેયનું વર્ણન ત્યાં બનાવ્યું, તે ભૂપતી હું તમને સુણાવું. ૪

**શ્રીજી મહારાજ તથા શિવજી વિષે :**

છે ચાપ ને અર્ધશશાંક અંગે, વિભૂતિ શોભે વૃષ દિવ્ય સંગે;
શક્તી ધરી શંકર ભૂતસ્વામી, આવ્યા જુઓ આ નિલકંઠનામી. ૫

**ટીકા :** *શિવના હાથમાં ધનુષ્ય છે અને શ્રીજીના ચરણમાં ધનુષ્યનું ચિહ્ન છે, તેમજ અર્ધચંદ્ર પણ બેયની પાસે છે, શિવજીને વિભૂતિ એટલે ભસ્મ છે અને શ્રીજીને ઘણો વૈભવ છે, શિવજીને વૃષ કહેતાં શોભીતો બળદ છે અને શ્રીજી સાથે દિવ્ય રૂપે વૃષ કહેતાં ધરમદેવ છે. શિવજીયે પાર્વતીજી ધારણ કર્યા છે અને શ્રીજીયે અનેક સામર્થ્ય ધારણ કર્યું છે, શંકર કહેતાં સુખના કરનારા બેય છે, શિવ ભૂત પ્રેતના સ્વામી છે અને શ્રીજી ભૂતપ્રાણીમાત્રના સ્વામી છે અને નીલકંઠ તે બેઉનું નામ છે તે આવ્યા.*

**ઉપજાતિ :**

તખા પગીયે પણ તેહ વાર, દીઠા હરિને અજ એહ ઠાર;
તે બેયનાં વર્ણન કેરી વાત, સાથે કહી તે સુણ ભૂપ ભ્રાત. ૬

**શ્રીજીમહારાજ તથા બ્રહ્મા વિષે :**

છે બ્રહ્મધામી શુચિ હંસપાસ, છે વેદવાણી વદને નિવાસ;
જગદ્વિધાતા ચતુરાસ્ય જેહ, બાપો પધાર્યા વરતાલ તેહ. ૭

**ટીકા :** *બ્રહ્માનું ધામ સત્યલોક અને શ્રીજીનું બ્રહ્મધામ અક્ષરધામ છે, બ્રહ્મા પાસે પવિત્ર હંસ અને શ્રીજી પાસે પરમહંસ છે, તે બેયના મુખમાં વેદવાણી છે, બ્રહ્મા જગતના બનાવનાર છે અને શ્રીજીયે અનેક જગત ધારણ કર્યાં છે, બ્રહ્માને ચાર મુખ છે અને શ્રીજી ચતુરમાં મુખ્ય છે અને બાપો એટલે પિતામહ તે બ્રહ્માનું નામ છે અને શ્રીજીને પગી લોકો બાપો કહેતા હતા તે પધાર્યા.*

**ઉપજાતિ :**

કર્યો પ્રભુયે પુરમાં પ્રવેશ, વસ્તી તણા લોક મળ્યા વિશેષ;
મળીમળી માનનિજૂથ આવે, સુવર્ણપુષ્પે પ્રભુને વધાવે. ૮
મંદિરનું પૂર્વ દિશાનું દ્વાર, ત્યાં આવિયા શ્રીવૃષના કુમાર;
હાથી થકી ઊતરી આપ હેઠા, તે દ્વારમાં સંઘસહીત પેઠા. ૯
શ્રીજી સભામંડપ મધ્ય જૈને, પાટે બિરાજ્યા પછી સ્વસ્થ થૈને;
જનો ઉચારે જયકાર વાણી, ઊંચે સ્વરે અંગ ઉમંગ આણી. ૧૦
પ્રેમે કરે સૌ હરિને પ્રણામ, આશીષ આપે પ્રભુ પૂર્ણકામ;
ભારે સભા તે સ્થળમાં ભરાઇ, બેઠા મુનિ ને હરિભક્ત ભાઇ. ૧૧
જેવી સભા અક્ષરધામ કેરી, એવી જ શોભે શુભ તે ઘણેરી;
વૃતાલના સૌ સતસંગી આવ્યા, પુછ્યા સમાચાર સુણ્યા સુણાવ્યા. ૧૨
બેઠા હતા પાસ કુબેરદાસ, બેઠેલ નારાયણગીરિ પાસ;
મુખેથી બોલ્યા કરુણાથી માવો, સૌને ઉતારા જઈને અપાવો. ૧૩
જને જથાજોગ જણાય જેમ, તમે કરાવો બરદાસ તેમ;
હતા પગી જોબનભાઇ નામે, તેને કહ્યું તેમ જ મેઘશ્યામે. ૧૪
સુણી સિધાવ્યા સહુ તે ગૃહસ્થો, જ્યાં સંઘના લોક હતા સમસ્તો;
આપ્યા ઉતારા સહુને વિચારી, જેને ઘટે જેમ જ તેમ ધારી. ૧૫

સાધુ તણી છે શુભ ધર્મશાળા, ત્યાં ઊતર્યા સંત સુબોધવાળા;
તેમાં સમાયા નહિ સંત જેહ, આ જ્ઞાનબાગે ઉતર્યા જ તેહ. ૧૬
સુ આમલા કેરી વિશાળ છાયા, તે માંહિ સંતો સઘળા સમાયા;
ઝાડોની ડાળે લટકાવી ઝોળી, પથારી કીધી શુભ ભૂમિ ખોળી. ૧૭
ત્યાં તુંબીપાત્રો લટકે અનેક, જોઈ કહે છે કવિ કોઈ એક;
શું એહ સાચાં ભવતારનારાં, આવ્યાં દિસે અદ્‌ભુત નાવ સારાં. ૧૮
વસ્ત્રો ભલાં જે ભગવાં કરેલાં, બાંધેલી દોરીપર સુકવેલાં;
તે જેમ આકાશ જણાય રાતો, જે પૃથ્વી સાથે મળતો સુહાતો. ૧૯
જે સંઘ માંહી સરદાર[1] સારા, તેણે કર્યા તંબુ વિષે ઉતારા;
તે સીમમાં ને વળી ગામમાંઈ, રહી ન જગ્યા લવ ખાલી ક્યાંઈ. ૨૦
ચારે દિશાયે જનસંઘ કેરા, થયા ઉતારા તહિ તો ઘણેરા;
દેખાય વૃત્તાલય ગામ કેવું, સમુદ્ર મધ્યે લઘુ બેટ જેવું. ૨૧
થયા ઉતારા તહિ ઘેરઘેર, સેવા કરે સૌ જન સારીપેર;
તે અંતરે એમ વિચાર લાવે, સુભાગ્યથી ઘેર સુભક્ત આવે. ૨૨
સત્સંગી ને જ્યાં સતસંગી દેખે, સગાથી સંબંધ વિશેષ લેખે;
સંબંધ તે શું પરલોક કેરો, દૃષ્ટિ મળ્યાથી પ્રગટે ઘણેરો. ૨૩
ધાર્યું ભલું ધારુતળાવ નીર, બ્રહ્માદિ દેવે જઈ તેહ તીર;
કર્યો ઉતારો ચિતમાં વિચારી, નિત્યે પ્રભુ દર્શન આશ ધારી. ૨૪
શ્રીઅક્ષરાનંદ મુનીંદ્ર સાથે, ચાલ્યા સભામાંથી સમર્થ નાથ;
દયાળુ દેવાલયમાં સિધાવ્યા, જોવાની ઈચ્છા ઉર માંહિ લાવ્યા. ૨૫
નવાં નવે છે શિખરો રુપાળાં, હિમાદ્રિનું શ્રૃંગ સમાન ભાળ્યા;
સ્વરૂપ તેમાં જનના સમાન, શું સિદ્ધ બેઠા ધરિ કૃષ્ણ ધ્યાન. ૨૬
પાષણ સર્વે અતિ ઊજળા છે, ભાસે મણી સ્ફાટિક તે ભલા છે;
ક્યાંઈ લગાવ્યો શુભ રંગ રાતો, તે તો મણી વિદ્રુમ છે જણાતો. ૨૭
સોપાન[2] સારાં કૃત એ વિધી છે, શું ચૌદ લોકો ચડવા સિઢી છે;
તે મંદિર છે દઢ થંભ કેવા, સત્સંગના સદ્‌ગુરુ થંભ જેવા. ૨૮
શોભે તહાં દ્વાર ત્રણે અતીશે, તે મોક્ષના દ્વાર સમાન દીસે;
તે આગળે ઉત્તમ રૂપચોકી, રાખે જ જોતાં મનવૃત્તિ રોકી. ૨૯

૧. ઉમરાવ, આગેવાન ૨. પગથિયા, નિસરણી

બે થંભનું મધ્ય કમાનદાર, શોભા ઠરેલી બહુ તેહ ઠાર;
કરી ઘણી ઉત્તમ કોરણી[1] છે, જોતાં જનોની ચિતચોરણી છે. ૩૦
તે દ્વારથી મંડપમાં જવાય, રુડી ઘણી ત્યાં રચના જણાય;
છે પાથર્યા આરસપાણ કેવા, રુપા તણી પાટ રુપાળી જેવા. ૩૧
તે માંહિ પટ્ટા પચરંગી શોભે, જોનારની ત્યાં મનવૃત્તિ લોભે;
મધ્યે દિસે કૂર્મ[2] ભલો કરેલો, શું કૂર્મ મંદ્રાચળ જે ધરેલો. ૩૨
તે કૂર્મની પીઠ થકી ફુવારો, ઉંચો ઉડે ઉત્તમ એહ સારો;
શું સિંધુનું નીર પીધુ અપાર, તે પીઠમાંથી ઉછળે બહાર. ૩૩
ઊંચે વળી ધૂમટમાં નિહાળ્યાં, ત્યાં રાસલીળા બહુરૂપ ભાળ્યાં;
વાજિંત્ર વીણાદિ મૃદંગ તાળ, ગાવે બજાવે વ્રજવાસી બાળ. ૩૪
ચિત્રો તહાં છે ચિતર્યાં ચિતારે, તેની છબી તો વળી તેથી ભારે;
શ્રીજી તણી છે અસવારી સારી, ક્યાંઇ સભા શ્રીજી તણી સુધારી. ૩૫
ક્યાંઇ ગવૈયા ગુણગાન ગાય, સત્સંગીને ક્યાંઇ સમાધિ થાય,
ક્યાંઇ ધરે છે મુનિરાજ ધ્યાન, ક્યાંઇ કરે છે ઉપદેશ જ્ઞાન. ૩૬
જે સદ્ગુરૂનાં હરિના સખાનાં, છે રૂપ ચિત્રેલ તહાં ઘણાનાં;
પ્રત્યક્ષ સાથે સરખાં જણાય, જોનારને સંભ્રમ ભાળી થાય. ૩૭
જાળી નિહાળી ભલી ધાતુ કેરી, તે દેવ આગાર[3] અગાડિ હેરી;
જળેશનો[4] પાશ જણાય જેવો, આકાર ભાસે પરિપૂર્ણ એવો. ૩૮
અગાર જોયાં તહિં દેવકેરાં, સિંહાસનો શોભિત છે ઘણેરાં;
સર્વે પ્રકારે શુભ ધામ જાણી, શિલ્પી જનોને કહી ધન્ય વાણી. ૩૯

**રથોદ્ધતા :**

એ સમે સુમુનિ નિષ્કુળે તહાં, આવીને સુવચનો ઘણાં કહ્યાં;
જજ્ઞમંડપ જુઓ કૃપાનિધી, કેવી તેની રચના દિસે કીધી. ૪૦
વાક્ય એમ વિનતી તણાં સુણી, કૃષ્ણદેવ કરુણા કરી ઘણી;
જજ્ઞમંડપ વિષે ગયા તહી, સંગ નિષ્કુળ મુની હતા સહી. ૪૧
જોઇ રૂડી રચના કરેલી તે, શિલ્પકાર મતિ વાવરેલી તે;
યજ્ઞમંડપ બીજા દિઠા ઘણા, એહ મંડપ વિષે નહી મણા. ૪૨

---

૧. નકશી, કોતરકામ ૨. કાચબો ૩. મહેલ, મંદિર ૪. વરુણદેવ

તેહ શીશ શુભ હેમકુંભ છે, થંભથંભ પ્રતિ કેળથંભ છે;
ભીંતરીંત શુભ વસ્ત્ર છે ધર્યાં, દ્વાર ચારપર તોરણો કર્યાં. ૪૩
પુષ્પપત્રમય માંડવો કર્યો, જાણીયે શું શિર ખૂંપ[૧] છે ધર્યો;
કે પછેડી ધરી પુષ્પપત્રની, તુલ્યતા ન સુરધામ તત્રની. ૪૪
પંચરંગી શિર છે ધજા ધરી, લાંબિ તેહ દશ હસ્તની કરી;
છોટી જે ધ્વજ પતાક ત્યાં દિસે, ભિન્ન રંગ દશ તે દિશા વિષે. ૪૫
પૂર્વદ્વારપર પીત રંગની, જોડ છે ધ્વજપતાક સંગની;
પીત રંગતણી કેવી વીજળી, તેવી તેની છબી તેહને મળી. ૪૬
અગ્નિકોણ પર રંગ રાતડી, ચારુ છે ધ્વજપતાક તો ચડી;
જેવિ ઝાળ શુભ અગ્નિની દિસે, તેવી કાંતિ રહી સર્વ તે વિષે. ૪૭
દક્ષિણે વળી નિહાળી નૈરુતે, શ્યામ રંગતણી જોડ તે રિતે;
છે મહીષ યમરાજવાહન, તેહ વર્ણસમ તે જુવે જન. ૪૮
પશ્ચિમે વરુણનું નિકેત છે, ત્યાં ધરી ધ્વજપતાક શ્વેત છે;
વાયુકોણપર ધૂમ્ર તુલ્યની, છે ધરેલી પણ તે અમૂલ્યની. ૪૯
ઉત્તરે પુરિ કુબેરની ઠરી, પીત ત્યાં ધ્વજપતાક છે ધરી;
ઈશનું સદન છે ઈશાનમાં, રક્ત રંગ ધરી તેહ સ્થાનમાં. ૫૦
પૂર્વ ઈશ વચ માંહિ જે દિશા, બ્રહ્મદેવ કરી ધામ ત્યાં વશ્યા;
રક્ત ત્યાં ધ્વજપતાક છે ધરી, હેરિહેરિ હરખ્યા સ્વયં હરી. ૫૧
પશ્ચિમેથિ નિરુતે જતાં જહાં, મધ્યભાગ તણી જે દિશા તહાં;
ત્યાં અનંતતણુ ધામ છે સહી, મેઘવર્ણ ધ્વજ જોડ ત્યાં રહી. ૫૨

**ઉપજાતિ :**

જોયા કરેલા શુભ કુંડ જેહ, જોયાં કરેલાં વળી પીઠ તેહ;
હતા કૃપાશંકર ત્યાં ઉભેલા, તથા ભલા બ્રાહ્મણ ભાઈ ઘેલા. ૫૩
તેને પુછ્યું શ્રીપ્રભુએ વિચારી, કહો કિયા શાસ્ત્રમતાનુસારી;
આ કુંડ ને મંડપ છે કરાવ્યો, તે વાક્ય સર્વે ભણી સંભળાવો. ૫૪
બોલ્યા દ્વિજો પાય નમી હરીને, આહૂતી કેરી ગણતી કરીને;
એના પ્રમાણે શુભ કુંડ એહ, કરાવિયા શાસ્ત્રપ્રમાણ તેહ. ૫૫

૧. અર્ધચંદ્રાકારનું હીરા કે મોતીનું પાઘમાં ખોસવાનું ઘરેણું

ત્યાં કુંડ ને મંડપ સિદ્ધિ કેરા, સુણાવિયા શ્લોક ભણી ઘણેરા;
રાજી થયા તે સુણી અક્ષરેશ, સાબાશિ આપી દ્વિજને વિશેષ. ૫૬
કહે દ્વિજો મંડપની રુપાળી, શોભા તણી જે અતિહદ્ય વાળી;
તે તો મુની નિષ્કુળનું જ કામ, બીજા થકી તો ન બને જ આમ. ૫૭
બોલ્યા વળી શ્રીમુખ મેઘશ્યામ, જે વેદમૂર્તી હરિભાઈ નામ;
આવ્યા નથી તે ઉમરેઠવાસી, કહો દ્વિજો કારણ તે પ્રકાશી. ૫૮
કહે દ્વિજો છે ઘરકામ કાંઈ, તેથી રહ્યા તે ઉમરેઠમાંઈ;
કહે મુની અક્ષરને કૃપાળ, ત્યાં મોકલો માણસ તર્તકાળ. ૫૯
વિદ્વાન તે વિપ્ર ભલા કહાવે, તે માટ તેને જઈ તેડી લાવે;
રાજાખ્ય ભાઈ વળી ભીમબાઈ, તે બેયને મોકલિયા જ ત્યાંઈ. ૬૦
નિત્યાખ્ય નામે મુનિએ જ આવી, તહાં પ્રભુને વિનતી સુણાવી;
જે મૂર્તિયો છે પધરાવવાની, જુઓ પ્રભુ દૃષ્ટિ કરી કૃપાની. ૬૧
પછી પધાર્યા પ્રભુ તેહ સંગે, જોવા બધી મૂરતિયો ઉમંગે;
ઈશાન કોણે શુભ બૂર્જ જ્યાંય, જોઈ જઈને હરિ મૂર્તિ ત્યાંય. ૬૨
જ્યાં વસ્ત્ર આછાદિત દૂર કીધું, સ્વરૂપ નારાયણ જોઈ લીધું;
આયૂધ હાથે અવળાં હતાં જે, જોતાં જણાયાં સવળાં થયાં તે. ૬૩
નીચે તણા દક્ષિણ હાથમાંય, ગદા થઈ ચક્ર હતું જ ત્યાંય;
ડાબે કરે જેહ ગદા જણાતી, ત્યાં ચક્ર દીઠું ભલું એ જ ભાતી. ૬૪
નિત્યાખ્યનામે મુનિરાજ સાથ, બોલ્યા કૃપા લાવી કૃપાળુ નાથ;
તમે કહ્યું આયુધ ઊલટાં છે, આતો જુઓ આયુધ સૂલટાં છે. ૬૫
સુણી કર્યો ત્યાં મુનિએ ઉચાર, ઐશ્વર્ય છે આપ તણું અપાર;
તેથી થયાં છે સવળાં જ એહ, જોયાં હતાં તો અવળાં જ જેહ. ૬૬
સુણી હશ્યા શ્રીહરિ મંદમંદ, અતકર્ય લીલાકર ધર્મનંદ;
હેતે મુનીને શિર હાથ ધાર્યો, આનંદ એના ઉરમાં વધાર્યો. ૬૭
ત્યારે મુનીએ હરિકેરી ત્યાંય, સ્તુતિ કરી એક જ છંદમાંય;
તે અક્ષરો ચક્ર વિષે જણાયા, અહો હરીની અકળીત માયા. ૬૮

**ચક્રપ્રબંધ : દોહરો :**

વાર વાર ઉર પ્યાર ધર, શિરપર કર ધરનાર;
તારનાર નરનાર ભર, સુર ડર હર મુર માર. ૬૯




**ઉપજાતિ :**

સ્તુતિ સુણી શ્યામ થયા પ્રસન્ન, કહ્યું મુનીને મુનિરાજ ધન્ય;
કહે મુની મૂર્તિ બીજી નિહાળો, દેખાવ કેવો દરસે રુપાળો. ૭૦
તે મૂર્તિયો ત્યાં સઘળી નીહાળી, કહ્યું કૃપાળે બહુ છે રુપાળી;
પછી ગયા ત્યાંથી પ્રભુ ઉતારે, જેને હરીમંડપ સૌ ઉચારે. ૭૧

**પુષ્પિતાગ્રા :**

હરિવર વરતાલમાં પધારી, નિજમુરતી નજરે નિહાળી સારી;
જનમનહર સૌમ્ય મૂર્તિ જેહ, મુજ મન માંહિ વસો સદૈવ તેહ. ૭૨

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે અષ્ટમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીલક્ષ્મીનારાયણમંદિર-યજ્ઞમંડપપ્રતિમાદિનિરીક્ષણનામ ત્રયોવિંશતિતમો વિશ્રામઃ ॥૨૩॥*

**ઉપજાતિ :**

સમો થયો ભોજનનો જ જ્યારે, કૃષ્ણે કર્યું સ્નાન ફરીથી ત્યારે;
જમ્યા મહારાજ સગાની સાથ, આરોગિયા ત્યાં મુખવાસ નાથ. ૧
આરામ કીધો પછી ઈશ્વરેશે, જાગ્યાથી પીધું જળ અક્ષરેશે;
પછી ત્રીજો પો'ર થયો જ જ્યારે, સભા સજી સુંદરશ્યામ ત્યારે. ૨
સંતો તથા સૌ સતસંગી જેહ, બેઠા પ્રભુને નમી સર્વ તેહ;
પૂજા કરે કોઈ કૃપાળુ કેરી, ભાવે કરી ભેટ ધરે ઘણેરી. ૩

**ચોપાઈ :**

એક શલુક પગી જેનું નામ, મહુડીયુપરું તેનું ગામ;
તેણે પોતાના ખેતરમાંય, વેલો કાકડીનો વાવ્યો ત્યાંય. ૪
જ્યારે લાગ્યું તેને ફળ સારું, ભેટ ધરવા પ્રભુને તે ધાર્યું;
થઈ તૈયાર કાકડી જ્યારે, ચાલ્યો વરતાલે તે લઈ ત્યારે. ૫
વાટમાં થાય એવા વિચાર, કરું આનો તો હુંજ આહાર;
વળી જીવમાં એમ વિચારે, ભેટ કરવી હરિને જ મારે. ૬
એમ કરતાં પ્રભુપાસે આવી, કાકડી ભલી ભેટ ધરાવી;
જાણી અંતરજામીએ વાત, બોલ્યા શ્રીમુખથી સાક્ષાત. ૭
સુણો સર્વે તમે સભાજન, લડ્યાં છે આનાં જીવ ને મન;
જુદ્ધ કરતાં એનો જીવ ફાળ્યો, મનને જીતી કાકડી લાવ્યો. ૮
પ્રભુએ પગીને પુછ્યું એમ, કહો વાટ વિષે થયું કેમ;
પગી બોલ્યો પછી શરમાઈ, મેંતો જાણું જે હું જાઉં ખાઈ. ૯
મેઠિ કાકડી છે ભલી પાચી, માટે બાપાને આપવી હાચી;
એવો વિચાર કરતાં હું આવ્યો, તમકાજે આ કાકડી લાવ્યો. ૧૦
સુણી શ્રીહરિએ હેત લાવી, માટલી બરફીની મગાવી;
પગીને પ્રસાદી કરી આપી, વાત વિખ્યાત રહી છે અદ્યાપી. ૧૧
કહે વરણી સુણો નરનાથ, એણે જુદ્ધ કર્યું મનસાથ;
તે તો વાત નથી કાંઈ સેહેલ, મન જીતવું અતિ મુશકેલ. ૧૨

**મનજીતવા વિષે : ઉપજાતિ :**

સંગ્રામમાં શૂર જનો સિધાવે, તે હામ રાખી રિપુને હઠાવે;
તે કામ તો ભાઈ કરી શકાય, નહી મનુષ્યે મનને જીતાય. ૧૩
જરૂર જાણો મન સિંહ જેવું, આત્મા તણી ઘાત કરે જ એવું;
તેને જીતે તે નહિ વાત નાની, હારી રહે જ્યાં મુનિ જોગી જ્ઞાની. ૧૪
જો ધર્મરાજ અતિ બુદ્ધિ જેને, મને રમાડ્યા પણ દ્યૂત તેને;
ધર્મિષ્ઠ બુદ્ધિ પળમાં મટાડી, એવું જ છે આ મન તો અનાડી. ૧૫
ચોરાશીમાં આ મન તો ભમાવે, મુક્તિ પમાડે શુભ પંથ ધાવે;
જેણે અહો આ મન જીતી લીધું, તો વિશ્વને વશ્ય અવશ્ય કીધું. ૧૬
ધર્માર્થ જો જીવ વિચાર ધારે, પછીથી પાપી મન જો નિવારે;
તો જીવનો નિશ્ચય જાય નાશી, જ્ઞાની જનો વાત જુઓ તપાસી. ૧૭
ધર્માર્થ જો જીવ કશું લખાવે, લખ્યા પછી જો મન ફેરવાવે;
તો તે લખેલું પણ ભૂંશી નાંખે, ને દાખલા અન્ય તણા જ દાખે. ૧૮
માતાપિતાએ કદિ ધર્મકામ, આપ્યું લખી ખેતર ગામ ધામ;
પોતે કરેલી સહી હોય જોય, તોડી જ નાંખે મન તેનું તોય. ૧૯
પગી શલુકે મન જીતી લીધું, વાર્યું ન માન્યું નિજધાર્યું કીધું;
થયા પ્રભુ તેથી પુરા પ્રસન્ન, માટે જ લેવું નિજ જીતી મન. ૨૦
વર્ણી કહે છે સુણ સુજ્ઞ રાય, કહું હવે ચાલતી તે કથાય;
સભા વિષે શ્યામ વિરાજમાન, શોભે સુનક્ષત્ર શશી સમાન. ૨૧
સંતો ગવૈયા ગુણગાન ગાવે, વાજિંત્ર નાનાવિધનાં બજાવે;
સંધ્યાની વેળા વળી જ્યાં જણાઇ, ઉભા થઇ આરતી ધુન્ય ગાઇ. ૨૨
પછી કરી જ્ઞાનવિરાગ વાત, મહાપ્રભુયે અતિશે અઘાત;
મૂર્તિ વિષે તેજ ઘણું જણાય, જોતાં જનોને સુસમાધિ થાય. ૨૩
કોઈ જનોના મનના વિચાર, મર્મે કહ્યા શ્રીમુખ તેહ ઠાર;
પૂરો જણાવ્યો પ્રભુયે પ્રતાપ, આશ્ચર્ય પામ્યા જન સૌ અમાપ. ૨૪
વીતી ગઇ જામિની પો'ર જ્યારે, ત્યારે પધાર્યા પ્રભુજી ઉતારે;
સાથે હતું પાર્ષદ કેરુ વૃંદ, જતાં મુખે મંદ હસે મુકુંદ. ૨૫

બેઠા પ્રભુ આસનમાં જઈને, રાજી ઘણા આપ રુદે થઈને;
તેડાવિયા સદ્‌ગુરુઓ મહાંત, બોલ્યા પછી વેણ કૃપાળુ કાંત. ૨૬
પ્રભાતથી હોમવિધાન થાશે, તેમાં અમારું મન તો ઠરાશે;
માટે તમે સંઘ સમસ્ત કેરી, સંભાળ લેજો મુનિયો ઘણેરી. ૨૭
કરાવજો ભોજન બ્રાહ્મણાર્થે, પાકક્રિયા તેમ મુનીજનાર્થે;
આજ્ઞા ચડાવી સુણી એહ માથે, પછી ગયા સદ્‌ગુરુ સર્વ સાથે. ૨૮
પોઢ્યા પછી શ્રીપ્રભુજી પલંગે, સેવા સજે વર્ણી મુકુંદ અંગે;
રાત્રી રહી ત્યાં ઘડી ચાર જ્યારે, આવ્યા ગવૈયા મળી સંત ત્યારે. ૨૯

**પૂર્વછાયો :**

આવ્યા ગવૈયા એ સમે, નરપતિ સુણો તેહ નામ;
પ્રેમાનંદમુનિ એક તો, બીજા દેવાનંદ ગુણધામ. ૩૦
રાવળ નાગાજણ ભલો, જેહ જાણે રાગની જાત;
તે ત્રણ મળી આલાપિયો, ભલી ભાતે રાગ પ્રભાત. ૩૧

**ચોપાઈ :**

જાગો જાગો જગતઆધાર, કર્યું એવું સ્તવન ઉચ્ચાર;
સુણી જાગિયા સુંદરશ્યામ, પ્રેમે કીધા સહુયે પ્રણામ. ૩૨
આવ્યા દર્શને હરિજન સંત, આવ્યા બ્રહ્માદિ દેવ અનંત;
દીનબંધુનાં દર્શન કરી, જાય આપને ઉતારે ફરી. ૩૩
સ્નાન સંધ્યા આદિક નિત્યકર્મ, કર્યું કૃષ્ણ ધરી મન મર્મ;
એક વિપ્ર બોલાવાને આવ્યો, પ્રભુ મંડપ પાસ સિધાવો. ૩૪
કર્યો સામાન સર્વે તૈયાર, વિધિ કરવા હવે નથી વાર;
મળ્યા છે વિપ્ર વેદિયા સહુ, જુવે છે વાટ આપની બહુ. ૩૫
સુણી શ્રીહરિ તત્પર થયા, વેદધર્મ ઉપર દીસે દયા;
ધર્યું શુદ્ધ પીતાંબર અંગે, ઓઢી શાલ સારી રુડે રંગે. ૩૬
સાથે પાર્ષદ છે શસ્ત્રધારી, મુકુંદાનંદ છે બ્રહ્મચારી;
આવ્યા મંડપ પાસે મુરાર, દીસે જ્યાં રુડું પશ્ચિમ દ્વાર. ૩૭
દીઠા વિપ્ર બેઠા તેહ ઠામ, પ્રભુયે કર્યો સૌને પ્રણામ;
નમ્યા નાથને બ્રાહ્મણ સહુ, રુદે રાજી થયા તેહ બહુ. ૩૮

સારું આસન એક ધરેલ, હીરા માણક મોતી જડેલ;
તેના ઊપર મન હરનારું, શંખલાદનું[1] આસન સારું. ૩૯
જરીયાનનાં ભરત ભરેલાં, ફુમતાં રુડાં ફરતાં ધરેલાં;
બેઠા તેપર દેવ મુરારી, સ્વસ્વરૂપ અંતર માંહિ ધારી. ૪૦
જળપાત્ર જવાહિરવાળું, પંચપાત્ર છે પાસે રુપાળું;
આચમન કર્યુ શ્રીઘનશ્યામે, પ્રાણાયામ કર્યો તેહ ઠામે. ૪૧
દેવ લક્ષ્મીનારાયણ આદિ, સૌનું કારણ આપ અનાદી;
તેનાં નામ કરીને ઉચ્ચાર, નાથે કીધા તહાં નમસ્કાર. ૪૨
પછી સંકલ્પ કરવાને કાજે, લીધું અંજલીજળ મહારાજે;
માંહી કુંકુમ અક્ષત ધારી, દેશ કાળ પ્રવર્તી ઉચ્ચારી. ૪૩
તિથિ વાર નક્ષત્ર ને યોગ, કહી કર્ણ તણો તે સંજોગ;
કહ્યો કાર્તિક માસ ઉદાર, શુદિ અષ્ટમી ને શનિવાર. ૪૪
જે જે રાશી હતા ગ્રહ જેહ, કર્યું સર્વ ઉચ્ચારણ તેહ;
પછી બોલ્યા વળી મહારાજ, સર્વ જીવના કલ્યાણ કાજ. ૪૫
ગ્રહયજ્ઞ ને દેવપ્રતિષ્ઠા, કરું છું ફળદાયી અભીષ્ટા;
એમ કહી જળ ધરણીયે ધર્યું પછી ગણપતી પૂજન કર્યું. ૪૬
ચારે વેદના વિપ્રોયે મળી, સ્વસ્તિવાચન ત્યાં કર્યું વળી;
ભણી વેદનો મંત્ર પ્રત્યેક, કર્યો શ્રીહરિશિર અભિષેક. ૪૭
નાંદીશ્રાદ્ધે પિતૃને રિઝાવ્યા, પછી વરુણીમાં વિપ્ર વરાવ્યા;
કૃપાશંકર જે વિદ્વાન, તેનું વરુણ કર્યુ બ્રહ્મસ્થાન. ૪૮
ભલા બ્રાહ્મણ જે હરિભાઈ, કીધા આચાર્ય તે યજ્ઞમાંઈ;
નામે છે પુરુષોત્તમ જેહ, વર્યા ગણપતિને સ્થળે તેહ. ૪૯
એ તો સૌ ઉમરેઠ નિવાસી, વિપ્ર પ્રગટ પ્રભુના ઉપાસી;
મુમધા ગામના રહેનાર, કર્યા ઋત્વિજ બ્રાહ્મણ ચાર. ૫૦
એક ઈશ્વર ને ઉદેરામ, વિષ્ણુદત્ત તો બે જણ નામ;
પછી આઠ કર્યા દ્વારપાળ, તેનાં નામ કહું તતકાળ. ૫૧
ઘેલાભાઈ તથા શુભરાય, ઋગવેદિ પુરવ દિશમાંય;
યજુર્વેદિ બે દક્ષિણદ્વારે, કરી વરુણ બેસારીયા ત્યારે. ૫૨

૧. શંખ જેવા આકારની કારીગરીવાળું

લક્ષ્મીનાથના સંતાન બેય, જેઓ આમોદ માંહિ રહેય;
રામનાથ તથા કાશિનાથ, બેઠા પારાયણે બેય સાથ. ૫૩
સામવેદિ બે પશ્ચિમદ્વારે, બેસાર્યા દ્વિજ ધર્મદુલારે;
વાસી શ્રીપુર હીમતરામ, નાતે નાગર સદ્ગુણધામ. ૫૪
વઢવાણવાસી ડાહ્યાભાઇ, જેની વિદ્યા ભલી વખણાઈ;
ભણે સૂક્ત તે સમય પ્રમાણે, જ્યાં જે ભણવું તે તો તેહ જાણે. ૫૫
જ્યારે મંડપ પૂજન થાય, ભલું ભારંડ સામ ભણાય;
કહે ભૂપ અહો બ્રહ્મચારી, ડાહ્યાભાઇ કિયા કહો ધારી. ૫૬
બ્રહ્મચારી કહે કહું નામ, જેના પુત્ર છે દલપતરામ;
કવિ છે કાળીદાસસમાન, સરકારે દીધું મોટું માન. ૫૭
અમદાવાદના છે નિવાસી, પોતે પ્રગટ પ્રભુના ઉપાસી;
વદે ભૂપ હે વર્ણી સુજાણ, ખરા મુજને પડી ઓળખાણ. ૫૮
કહે વર્ણી ઉત્તરદિશ દ્વારે, બેઠા વિપ્ર અથર્વણિ ત્યારે;
અંબારામ અને આશારામ, બોરસદ માંહિ જેહનું ધામ. ૫૯
કર્યા વરુણ સભાસદ ધારી, તેનાં નામ કહું છું સંભારી;
વટપત્તનમાં જેનું ધામ, શાસ્ત્રી નામ જેનું શોભારામ. ૬૦
બીજા શાસ્ત્રી ભલા દયાનાથ, બેઠા તે પણ તેહની સાથ;
કહે રાજા મને સમજાવો, દયાનાથ કિયા તે સુણાવો. ૬૧
કહે વર્ણી સુણો નરનાથ, જેના સુત થયા ત્ર્યંબકનાથ;
ન્યાયશાસ્ત્ર જાણે ભલિવીધ, સતસંગમાં પણ તે પ્રસિદ્ધ. ૬૨
જેનું નામ પરમ પ્રખ્યાત, દેશોદેશ જાણે જનજાત;
બદરીનાથ તેના નંદન, તેને પણ ઓળખે સહુ જન. ૬૩
ન્યાયશાસ્ત્ર વ્યાકરણ એ બે છે, જેને જિહ્વાગ્ર તે તો રહે છે;
કહે ભૂપ હું સત્ય કહું છું, બદરીનાથને ઓળખું છું. ૬૪
વળી વર્ણી બોલ્યા તેહ ઠામ, સભાસદ અન્યનાં કહું નામ;
ભટ આમોદના દીનાનાથ, લક્ષ્મીનાથ ને બે ભોળાનાથ. ૬૫
ગણપતરામ સેવકરામ, જાણો તે બેય શાસ્ત્રીનાં નામ;
રઘુનાથ તે ધર્મજ કેરા, સહુ તે વિદવાન ઘણેરા. ૬૬

શાસ્ત્રી રણછોડ પીજનિવાસી, સર્વે પ્રગટ પ્રભુના ઉપાસી;
દયારામ ડભાણના જોશી, શમ દમ ગુણવાન સંતોષી. ૬૭
કેરિયાવિના ગોવિંદરામ, કહ્યાં દશ તે સભાસદ નામ;
જપ હોમ નિમિત્ત વર્યા જેહ, સંભાળવું હવે કહી તેહ. ૬૮
અમદાવાદના ભટ ઘેલા, નથુભટ પણ સાથે રહેલા;
હરિશંકર ગણપતરામ, હવે વટપુરનાં કહું નામ. ૬૯
રામચંદ્ર તથા નાનાભાઈ, હરિચંદ્ર અને બાપુભાઈ;
લક્ષ્મીરામ તથા જેઠારામ, ધનેશ્વર ને સદાશિવ નામ. ૭૦
વ્રજજીવન વિપ્ર ખુશાલ, જેને વાલા બહુ વૃષલાલ;
કૃષ્ણરામ જે શાસ્ત્રી ગણાય, રૈક્વજ્ઞાતી ભલા વખણાય. ૭૧
પ્રભાશંકર કૃષ્ણના દાસ, પિપળાવ્ય વિષે જેનો વાસ;
તુળજારામ વેમાયડીના, હતા તે સર્વ ભક્ત હરિના. ૭૨

**પુષ્પિતાગ્રા :**

અવની ઉપર વેદધર્મ જેહ, પ્રભુ જનમ્યા દૃઢ થાપવા જ તેહ;
સહુ નિજજનને કરી બતાવે, જનમન જેથી પ્રતીતિ પૂર્ણ આવે. ૭૩

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે અષ્ટમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીલક્ષ્મીનારાયણપ્રતિષ્ઠાંગે બ્રાહ્મણાનાં વરણાર્ચનાદિનિરૂપણનામ ચતુર્વિંશતિતમો વિશ્રામઃ ॥૨૪॥*

**પૂર્વછાયો :**

વર્ણી કહે નૃપ સાંભળો, પુરશ્ચરણ કરણને કામ;
વિપ્ર વરુણમાં જે વર્યા, કહું તેહ તણાં હવે નામ. ૧
નામસહસ્ર શ્રીવિષ્ણુનાં, વિષ્ણુસૂક્ત તથા પવમાન[1];
શ્રીમદ્ ભાગવત ને ગીતા, જનમંગલ જનસુખદાન. ૨
પુરશ્ચરણ ઈત્યાદિનાં, કરવા વર્યા દ્વિજ જેહ;
આશ્રિત શ્રીમહારાજના, તત્વવેત્તા સરવે તેહ. ૩

૧. જ્યોતિષ્ટોમ યજ્ઞમાં ગવાતું સ્તોત્ર

ચોપાઈ :

થામણાના તો ભટ રણછોડ, હરજીવન તેહની જોડ;
વર્યા તે વરુણી માંહિ જાણું, તેની વાત વિશેષ વખાણું. ૪
રણછોડ તણા ત્રણ તન, વચલા તેહમાં ત્રિભુવન;
થયા વર્ણી તજીને તમામ, પડ્યું બાલકૃણાનંદ નામ. ૫
નિષ્કામાનંદની કરી સેવા, વિદવાન વખાણીયે એવા;
સતસંગની મર્યાદ પાળે, પળાવે જનને સહુ કાળે. ૬
મેમદાવાદના દ્વિજ પાંચ, જેને જગતની આવે ન આંચ;
ભટ બેચર બેચર પંડ્યા, પાઠ કરવાને તે બેય મંડ્યા. ૭
નરભેરામ ને અંબારામ, જોશી દુર્લભરામ છે નામ;
ગોર વરતાલના વનમાળી, મેતા ડાહ્યા ત્યાં બેઠા સંભાળી. ૮
હરિશંકર હરિના દાસ, કરે પાઠ બેઠા બેઠા પાસ;
જગજીવન ને ગંગારામ, જેનો વાસ તો પાંદડ ગામ. ૯
અંબારામ બુધેજના જાણો, મુળજી પીપળાવ પ્રમાણો;
પંડ્યા કેશવ ને પંડ્યા દાજી, પીપળાવના તેહ કહ્યાજી. ૧૦
પરસોતમ ને કાળીદાસ, રામનાથનો પાળજવાસ;
નડીયાદના બાપુ પુરાણી, કહું કેશવરામ વખાણી. ૧૧
સોજીત્રાના જોશી પ્રેમાનંદ, બેઠા અંતરે રાખી આનંદ;
રતનેશ્વર બદલપુરના, ભક્ત પરમ તે પરમેશ્વરના. ૧૨
પોરના ભટજી કાશિરામ, હવે કહું છું રુવાદનાં નામ;
રામચંદ્રને રતનેશ્વર, ત્રીજા બેચર સદ્ધર્મધર. ૧૩
ગામ કળધરાના પ્રભુરામ, ભગવાન સલાડ છે ગામ;
શિવશંકર ગામ પિસાઈ, દયારામ ઉત્તમરામ ભાઈ. ૧૪
વિશ્વનાથ ને નાગરદાસ, અનોપરામનો પણ ત્યાં નિવાસ;
ગામ સત્રાલના હરિભાઈ, બેઠા જાદવજી હરખાઈ. ૧૫
કારવણ ગામના લક્ષ્મીરામ, તથા મૂળજી માધવરામ;
કહું નામ ચોથાનું કુબેર, ભજે તે પ્રભુને રુડીપેર. ૧૬
સુખરામ કહું કન્યાળીના, ભાઈશંકર તો કુરાઈના;
કહું ત્યાંના વળી કાશિરામ, જેને વા'લા છે સુંદરશ્યામ. ૧૭

ભવાનીશંકર ભલા જે છે, તે તો પિંગળવાડે રહે છે;
પંડ્યા ભૂદેવ ગામ કુંઢેલા, ભલી ભાતે તે શાસ્ત્ર ભણેલા. ૧૮
રૂપશંકર નિર્ભયરામ, રહે તે તો પીપળીયે ગામ;
કોળિયાદ રાજા રામભટ, કરે ધર્મનું કામ તે ઝટ. ૧૯
ગામ સારંગના માહેશ્વર, ભીખાભાઈ ભવાનીશંકર;
ચોથા જાણવા ગોવિંદરામ, વળી કહીયે કુબેરજી નામ. ૨૦
દોરા ગામના દ્વિજ કાશિરામ, જપે શ્રીહરિનું સદા નામ;
સનાપરના જગુ પંડ્યો જેહ, બેઠા વરુણ વિષે દ્વિજ તેહ. ૨૧
ત્રણ પુત્ર તેના સતસંગી, વચલા રણછોડ ઉમંગી;
થયા નૈષ્ઠિક તે બ્રહ્મચારી, દીક્ષા ભગવત્પ્રસાદથી ધારી. ૨૨
ત્યાગાનંદ ધર્યું શુભ નામ, રહ્યા જૈને જીરણગઢ ધામ;
અચિંત્યાનંદ કહે મુજ પાસ, કર્યો શાસ્ત્રનો સારો અભ્યાસ. ૨૩
કર્યો સતસંગનો ઉપદેશ, જેથી રીઝે સદા પરમેશ;
જગુ પંડ્યા ગણાવ્યા મેં જેમ, ભીમજી તો ગણોદના તેમ. ૨૪
વિપ્ર વલ્લભ ગામ કતાર, પ્રેમી ભક્ત ભલા તે ઉદાર;
કહું ઉદ્ધવ અક્રૂર જેવા, અતિ ઉત્તમ ભક્ત તે એવા. ૨૫
તેની વાત વિશેષ પ્રસંગે, કહું તે સુણો ભૂપ ઉમંગે;
થતાં વૃદ્ધ તેઓ બડભાગી, ત્રણ પુત્રસહિત થયા ત્યાગી. ૨૬
રહ્યા તે રઘુવીરજી પાસે, પાળવા સાંખ્યોગની આશે;
સુત બેને જનોઈ જે દીધી, ક્રિયા ગોપાલજીયે તે કીધી. ૨૭
ત્રણે પુત્ર થયા બ્રહ્મચારી, તેનાં નામ સુણો મન ધારી;
એક પતિતપાવનાનંદ, હરિપ્રસાદાનંદ સ્વછંદ. ૨૮
હરિસ્વરૂપાનંદજી જાણો, મહામુક્ત તે ત્રણે પ્રમાણો;
વધ્યો તેનો વળી સમુદાય, તે તો વલ્લભકુળ કહેવાય. ૨૯
કથા ચાલતી તે હવે કહું, વરુણીમાં વર્યા દ્વિજ બહુ;
ચોરંદાના માહેશ્વર જાણો, પ્રભુના ભક્ત પુરા પ્રમાણો. ૩૦
પરષોત્તમ જોષી ડભોઈ, જેને જીતી શકે નહિ કોઈ;
કરુણાશંકર ભાયલીના, ભલા ભાવિક ભક્ત હરિના. ૩૧

વિપ્ર સાધીવાસી વનમાળી, જેણે ભક્તિ કરી હદ્ય વાળી;
ભીખાભાઈનું આમળા ગામ, બીજાનું તો નરોત્તમ નામ. ૩૨
નાગજી વિપ્ર ને આશારામ, કહે તે સરસવણી ગામ;
કરેણાના તો નરસિંહ નામ, રામભટ્ટ શાણાપરે ગામ. ૩૩
ભટ ઉકો તથા કૃષ્ણદેવ, સજે શ્રીહરિની સદા સેવ;
માંતરોજના કહું વખાણી, એક તો રામકૃષ્ણ પુરાણી. ૩૪
બીજા નામે નારાયણ ભટ, જેના મનમાં ન કાંઈ કપટ;
ઈટોલા ગામમાં જેનાં ઘર, બાપુજી ને બીજા પિતામર. ૩૫
મહુધાના બાપુજી કુશળજી, કૃપારામ તથા નામ મુળજી;
ખેડાના દવે મૂળજી નામ, સેવે શ્રીહરિને આઠે જામ. ૩૬
ચાંગા ગામના તો રામેશ્વર, કાશિરામ તથા ઈશ્વર;
હળવદના ભલા શિવજાની, જેણે સેવ્યા હરિ સુખદાની. ૩૭
નથુ કુબેરજી જદુરામ, પખો નાથજી મુકુંદ નામ;
કહું મેથાણ ગામનિવાસી, જેણે ઉત્તમ વિદ્યા અભ્યાસી. ૩૮
ભલા જાદવજી ભગવાન, ભલું ગોવિંદરામને જ્ઞાન;
જીવરામ ભાણો દેવરામ, ધર્મવંત ને બુદ્ધિના ધામ. ૩૯
પેટલાદના વિપ્ર ભૂદેવ, જેને ભગવાન ભજવાની ટેવ;
દીસે ખંભાતના દૈવી જીવ, ભાઈશંકર ને સદાશીવ. ૪૦
બામણોલી વિષે વસનાર, હરિભાઈ તે ભક્ત ઉદાર;
મુળજી તો ડભાણના વાસી, કહું પીજના વિપ્ર પ્રકાશી. ૪૧
અમથાભાઈ ને ભાઈ દાજી, વીરેશ્વર ને મોરાર હતાજી;
ચતુર્ભુજનો નિવાસ વસાઈ, દયારામનો શ્રીપુરમાંઈ. ૪૨
પીપળાણાના નરસિંહ મે'તા, દવે નારણ પણ સાથે હતા;
દવે નારણનો જેહ પુત્ર, તેનો વાઘજી પુત્ર પવિત્ર. ૪૩
વાઘજીસુત હીરજી નામ, તેને લાવી જૂનાગઢ ધામ;
મને સોંપ્યો તે કરવાને ત્યાગી, કહે આતો દિસે છે વૈરાગી. ૪૪
કરાવ્યો તેને મેં બ્રહ્મચારી, દીક્ષા ભગવત્પ્રસાદથી ધારી;
શાંતાનંદ એ નામને પામી, થયા તે તો મહાનિષકામી. ૪૫

સાચી શ્રદ્ધા રાખી નિજમન, મને ખૂબ કર્યો છે પ્રસન્ન;
ભણાવ્યાં છે મેં શાસ્ત્ર પુરાણ, થયા પંડિત શ્રેષ્ઠ સુજાણ. ૪૬
કહે ભૂપ એને સહુ જાણે, એના સદ્‌ગુણ સર્વે વખાણે;
પામ્યા સત્સંગમાં ખૂબ ખ્યાત, હવે ચાલતી તે કહો વાત. ૪૭
દેવરામ તથા શિવરામ, રહે તે બેય ભાડેર ગામ;
ઉપલેટા તણો વિપ્ર કાનો, ભાયાવદરનો વિપ્ર નાનો. ૪૮
ઝાંઝમેર રહે અંબારામ, માવજીનું ધોરાજીમાં ધામ;
મૂળજી પણ ત્યાં રહેનાર, જેતપરના કહું વિપ્ર ચાર. ૪૯
નામ અજરામર ને વામન, જાણો જેરામ ને છે જીવન;
વિપ્ર ઈન્દ્રજી મેવાસાવાળા, જાણે વૈદિક કર્મ રુપાળાં. ૫૦
તેને બેસાર્યા વરૂણીમાંય, રાજી થઈને શ્રીહરિ રાય;
વિપ્ર પીઠવડીના પવિત્ર, ભણી જાણે જે વિદ્યા વિચિત્ર. ૫૧
એક જીવો તેના બેય તન, નામ શીવો ને ગોવરધન;
દ્વિજ રાઘવજી દયારામ, રહે તે તો પીઠવડી ગામ. ૫૨
મોનજી મહાભક્ત પ્રમાણો, ગામ સેંજળ તેહનું જાણો;
વળી વિગતે તેને ઓળખાવું, સુણો રાય કહી સમજાવું. ૫૩
મોનજીસુત હીરજી જાણો, પ્રભુના મહાભક્ત પ્રમાણો;
તેના પુત્રોમાં પુત્ર જે એક, થયો વૈરાગવંત તે છેક. ૫૪
શુકજી સરખો સુત જાણ્યો, કુળતારક તાતે પ્રમાણ્યો;
રઘુવીરજી આગળ આવી, સોંપ્યો તે સુતને તહાં લાવી. ૫૫
વર્ણીદીક્ષા દીધી તેહ ઠામ, ધાર્યું મુનીશ્વરાનંદ નામ;
ગઢડાના મોટા બ્રહ્મચારી, અનંતાનંદ મહાવ્રતધારી. ૫૬
તેની સેવામાં સોંપ્યા હમેશ, ભણ્યા સંસ્કૃત વિદ્યા વિશેષ;
ધર્મવંત ને ધીમંત તે છે, સતસંગની વૃદ્ધિ કરે છે. ૫૭
પુરી રીતે થયા તે પ્રખ્યાત, ભૂપ જાણો છો તે તમે વાત;
આંહિ પામી કથાનો પ્રસંગ, કહ્યું આખ્યાન આણી ઉમંગ. ૫૮
હવે પાલીતાણાના તે ઠામ, હતા વિપ્ર તેનાં કહું નામ;
દયારામ વિરો ને મોનજી, જેઠો માવજી અને ભીમજી. ૫૯
ગુણવંતું ગાધકડું ગામ, ત્યાંના વિપ્ર તો નાગજી નામ;
વિપ્ર દીયોરના કિકો નામ, રોઈસાળાના લક્ષમીરામ. ૬૦

વિપ્ર બોટાદના નિરદોષી, મોનો પંડ્યો જેઠો મોનો જોશી;
ગઢડું રોઝકૂં ગાંફ ગામ, હતા ત્યાંના તો વિપ્ર તમામ. ૬૧
ગામ નાંદોલના રહેનાર, પુરુષોત્તમ ભટજી ઉદાર;
રેવાશંકર ધોળકે રહે, ભલા ભક્ત જેને સહુ કહે. ૬૨
સંજાયા ગામના અંબારામ, જોળના નથુ ને દયારામ;
લલુભાઇ તથા બાપુભાઈ, જાણો તેહ વસે જોળમાંઈ. ૬૩
કહું સુરતના વિપ્ર સારા, વરુણીમાં જેઓ વરનારા;
અંબારામ ને વ્યંકટેશ્વર, જગજીવન પ્રાણશંકર. ૬૪
સુરભાઈ ને ફકીરભાઈ, હતા મોરારજી તેહમાંઈ;
ભેંસજાળવાસી અંબારામ, કરે ગીતાપારાયણ કામ. ૬૫
પંડ્યા ભીમ ને નિરભયરામ, વસે તે તો વેજળકે ગામ;
પિતા પુત્રની તેને સગાઈ, બેઠા વરુણીમાં તે હરખાઈ. ૬૬
સતસંગનો રાખીને પક્ષ, મોટાં સંકટ સાંખીને લક્ષ;
રઘુવીરજીને કર્યા રાજી, ગોપાળાનંદ રાજી થયાજી. ૬૭
પુત્ર વર્ણી થયા તજી ફંદ, નામ છે જ્ઞાનપ્રકાશાનંદ;
ત્રણ પુત્ર હતા તેના જેહ, મોટા તો શિવશંકર તેહ. ૬૮
તે તો વર્ણી થયા ગુણધામ, તેનું માયાતીતાનંદ નામ;
મહાશંકર બીજા અકામ, તેનું નિઃસ્વાદાનંદ છે નામ. ૬૯
ગૌરીશંકર જે નિષપાપ, તે હરિસ્વરૂપાનંદ આપ;
ત્રણે ભ્રાત સહિત ત્યાગી થઈ, સેવ્યા આનંદવર્ણીને જઈ. ૭૦
તેમાં નિઃસ્વાદાનંદ છે જેહ, બહુ સારા છે પંડિત તેહ;
રહ્યા ગઢપુર ચારે વિચારી, ધર્મવંત મહાવ્રતધારી. ૭૧

**પુષ્પિતાગ્રા :**

દ્વિજ બહુ વરુણી વિષે વરાવ્યા, સ્મૃતિ અનુસાર લગાર મેં સુણાવ્યા;
વરુણ હરિવરે કર્યા જ જેનાં, સુર ઉચરે અતિ ધન્યભાગ્ય એનાં. ૭૨

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે અષ્ટમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીલક્ષ્મીનારાયણપ્રતિષ્ઠાર્થે વિશેષવિપ્રવરણાર્ચનનિરૂપણનામ પંચવિંશતિતમો વિશ્રામઃ ॥૨૫॥*

**પૂર્વછાયો :**

વરુણ વિપ્ર તણાં કર્યાં, તેને ચંદન ચરચ્યાં ભાલ;
ચાંદલે અક્ષત[૧] ચોડિયા, કંઠે ધારી કુસુમની માળ. ૧

**ચોપાઈ :**

વસ્ત્ર કંકણ કુંડળ કાને, મુદ્રિકાઓ દીધી ભગવાને;
ગૌમુખી જળપાત્ર આસન, આપ્યાં ઉપવીત ને આપ્યાં ધન. ૨
હરિભાઈ આચારજે તત્ર, બાંધ્યું કૃષ્ણને કૌતુક[૨] સૂત્ર;
કર્યું વર્દ્ધનિ કળશપૂજન, મહાઉત્સાહ લાવીને મન. ૩
પુષ્પપત્ર વડે શણગાર્યો, હરિએ તે કળશ કર ધાર્યો;
ધર્મવંશી સરવ મળ્યા ત્યાંય, ઘણા વાજિંત્રના ઘોષ થાય. ૪
વેદમંત્ર દ્વિજો ઉચ્ચરે છે, શ્યામ સાથે સહુ સંચરે છે;
ફર્યા મંડપને પરમેશ, કર્યો પશ્ચિમ દ્વારે પ્રવેશ. ૫
મુક્યો કળશ ને ઈશાનમાંય, પંચગવ્ય છાંટ્યું બધે ત્યાંય;
પછી નીકળ્યા મંડપ બા'રે, કર્યું પૂજન તોરણદ્વારે. ૬
જાણી મંડપના રખવાળ, સ્થાપ્યા પૂજ્યા દશે દિગપાળ;
સ્તંભ આદિકના દેવ જેહ, પૂજ્યા શ્રીહરિએ સહુ તેહ. ૭
હસ્ત પાવ પ્રક્ષાલન કરી, બેઠા મંડપમાં સહુ ઠરી;
અગ્નિકોણના પીઠ ઉપર, સ્થાપ્યા ગણપતી ગૌરીકુંવર. ૮
પીઠ નૈરુત કોણમાં જ્યાંય, વાસ્તુદેવ થાપ્યા પૂજ્યા ત્યાંય;
મધ્ય ભાગનું પીઠ જે ઠર્યું, સર્વતોભદ્ર ત્યાં દ્વિજે કર્યું. ૯
તેના દેવ થાપ્યા ભગવાને, તેને પૂજ્યા ઘણા સનમાને;
કુંડની ત્રણ મેખળા જેહ, ધોળી રાતી કાળી હતી તેહ. ૧૦
વિષ્ણુ બ્રહ્મા ને રુદ્ર ત્યાં ધારી, તેની પૂજા કરી અઘહારી;
પૂજા કુંડ તણી કરિ પ્રીતે, સ્થાપ્યો અગ્નિ કુંશાડિની રીતે. ૧૧
પછી તેમાંથી પાવક લૈને, બીજા ત્રણ કુંડમાં થાપ્યો જૈને;
ચારે વેદનાં કર્મઠ[૩] જેહ, કર્યા પૃથક્ પૃથક્ કુંડે તેહ. ૧૨

૧. ચોખા ૨. મીંઢળ ૩. કર્મકુશળ

હતું ઈશાનમાં પીઠ જ્યાંય, ગ્રહસ્થાપન તો કીધું ત્યાંય;
પછી મંદિરમાં પરવરી, વાસ્તુ ચોસઠ પદ પૂજા કરી. ૧૩
આવી મંડપમાં રુડી રીતે, કર્યો હોમ તે પૂરણ પ્રીતે;
જવ તલ ફળ ફૂલ સમીધ, વિપ્રે હોમિયાં તે વિધવીધ. ૧૪
પરનાળે હોમાવિયાં ઘીય, કોઈ વાતે ન રાખી કમીય;
હુતદ્રવ્ય હોમ્યાં નિરદોષ, પામ્યા દેવા સર્વ સંતોષ. ૧૫
બેઠા મંડપે વૃષકુળભૂપ, ભાસે એ સમે અકળ સ્વરૂપ;
જે જે દિશથી જનો જોવા જાય, નિજસન્મુખ શ્રીજી જણાય. ૧૬
વળી ધરિયાં ત્યાં રૂપ અનેક, કહું સાંભળો તેનો વિવેક;
સભામંડપમાં સભા ભરી, બેઠા દેખે જનો સહુ હરી. ૧૭
પાકશાળાયે જૈ જુવે કોય, પ્રભુ ત્યાં પણ પ્રત્યક્ષ હોય;
સંઘ ઊતર્યા છે વળી જ્યાંય, લેતાં સંભાળ દેખાય ત્યાંય. ૧૮
કોઈ દેખે ના'વા જતા નાથ, ઘણા સંત હરિજન સાથ;
હરિ દેખાય છે ઠામે ઠામે, જનો જોઈને આશ્ચર્ય પામે. ૧૯
સતસંગી કુસંગી અપાર, તહાં આવ્યાં હતાં નરનાર;
કોઈ આવ્યા હતા કાંઈ રળવા, કોઈ આવ્યા સંબંધીને મળવા. ૨૦
કોઈ આવ્યા હતા જોવા મેળો, કોઈ આવેલો હરિજન ભેળો;
પણ પેખી પ્રભુનો પ્રતાપ, દૈવી જીવનાં તો ગયાં પાપ. ૨૧
તેથી તે હરિઆશ્રિત થયા, અળગા આસુરી જીવ રહ્યા;
કોઈ વૈષ્ણવ ને કોઈ શૈવ, કોઈ સૂર્ય ઉપાસે સદૈવ. ૨૨
કોઈ ગણપતીને ઈષ્ટ જાણે, કોઈ શક્તિની સેવા વખાણે;
કોઈ શ્રાવક મુસલમાન, સૌને નિજનિજ ઈષ્ટનું તાન. ૨૩
કૃપાનાથે એવું તહાં કીધું, સૌના ઈષ્ટરૂપ દર્શન દીધું;
મળી લોક પરસ્પર પૂછે, કહો સ્વામીનું રૂપ કેવું છે. ૨૪
બોલ્યા ગણપતીના ઈષ્ટવાળો, હું તો દેખું છું દેવ દુંદાળો;
સમખાઈ કહું શતવાર, નથી સંશય એમાં લગાર. ૨૫

**શાર્દૂલવિક્રીડિત : શ્લેષાલંકાર :**

ભાલે ચંદ્ર ભલો દિસે ઉપવિતે અંગે ધર્યું ઊજળું,
દીસે ઉજવળ દંત ને ઉદર તો ગંભીર ભાસે ભલું;

સિદ્ધિ બુદ્ધિ સમીપ છે વળી જુઓ ત્યાં લાભ ને લક્ષ છે,
પુત્ર શ્રીવૃષદેવના ગણપતી પોતે જ પ્રત્યક્ષ છે. ૨૬

**શ્રાવક બોલ્યો :**

ત્યાગી જોગી તપસ્વી છે વળી જુઓ હિંસા નિષેધે સદા,
સાધુને નવ વાડ તો શિયળને માટે રખાવે મુદા;
જેણે તીર્થ કર્યા અનેક વળી જે સૂત્રો મનાવે સહી,
તે તીર્થંકર દેવ આ સમયમાં હું તો નીહાળું અહીં. ૨૭

**મુસલમાન બોલ્યો :**

જેના મૂરિદ[૧] પાંચ વાર દિનમાં બેઠા કરે બંદગી,
કૈકે તો ફરમાનથી ફકિર થૈ જોડી બધી જીંદગી;
આભીહક્ક કહી જ ભક્ષ કરવા પેશાબિની ના કહી,
તે પેગાંબર રૂપ આ વખતમાં હું તો નિહાળું અહી. ૨૮

**સૂર્યનો ઉપાસક બોલ્યો :**

જેનો પૂર્ણ પ્રતાપ વ્યાપ સઘળે છે પદ્મપાણી પ્રભુ,
જેનું વાહન અશ્વ તે અનુપ છે વિશ્વાદિ જે છે વિભુ;
જેના મંડળમાં હિરણ્યમય છે પ્રત્યક્ષ પ્રખ્યાત છે,
જેને અર્ઘપ્રદાન સજ્જન કરે આ સૂર્ય સાક્ષાત છે. ૨૯

**શક્તિઉપાસક બોલ્યો :**

જેણે મોહનીરૂપ રમ્ય ધરીને શત્રુ છળ્યા દેવના;
માર્કંડેય સમાન શ્રેષ્ઠ મુનિયો જેની સજે સેવના;
જેથી કોટિક વિશ્વ એહ ઉપજ્યાં માતાપિતા તે સહી,
હું તો દેવી દયાળી દેખું સહજાનંદસ્વરૂપી અહીં. ૩૦

**વેદાંતી બોલ્યો :**

કોટી સૂર્ય તથા શશાંક સમજો આ તેજ દેખાય છે,
એમાંથીજ અસંખ્ય વિશ્વ ઉપજે ને લીન ત્યાં થાય છે;

---

૧. ધર્મગુરુ, અનુયાયી

એવું અદ્‌ભુત તેજ એ જ દરસે સાકાર ભાસે નહીં,
બ્રહ્મજ્યોતિ જણાય શુદ્ધ સહજાનંદસ્વરૂપી અહીં. ૩૧

**વૈષ્ણવ બોલ્યો : ઉપેન્દ્રવજા**

રમાપતી રંગ સભા નિવાસી, રયા વદે અંગ રસાદિ રાશી;
સહેમ છે રંક શરે રીઝે છે, સખે મહામત્ત વ્રજેશ તે છે. ૩૨

**ટીકા :** *લક્ષ્મીના પતિ જે રંજનકારી સભામાં વસનારા તે કાંહી રહ્યા થકા નવ રસ આદિક સમુદાયનાં અંગ વિષે બોલે છે, હેમનાં ભૂષણસહિત છે ને રાંકના ઉપર રીઝે છે, હે મિત્ર ! મહાજોરવાળા વ્રજના ઈશ્વર તે શ્રીકૃષ્ણ આ છે, શિવમાર્ગી બોલ્યો : ઉપરનો ઈન્દ્રવજા અવળો વાંચવાથી ઉપજાતિવૃત્તમાં વંચાશે.*

છે તે સજે વ્રત્ત મહા મખેશ, છે ઝેરીરે શંકરે છે મહેશ;
શિરાદિ સારંગ અદેવયાર, શિવાની ભા સંગ રતીપ માર. ૩૩

**ટીકા :** *જે વ્રત કરે છે ને મોટા યજ્ઞન ઈશ્વર છે, જેને કંઠે ઝેર છે, એવા શંકર મહેશ તે છે, મસ્તક આદિક અંગે સરપ છે, બાણાસુર આદિક અસુરના મિત્ર છે અને જેને સંગે પાર્વતીની ભા કેતાં કાંતિ છે અને કામદેવના મારનાર છે.*

**ઉપજાતિ :**

એવી રીતે શ્રીવૃષવંશભૂપ, દીઠા સહુએ નિજઈષ્ટ રૂપ;
તે રૂપ સર્વે હરિમાં સમાણાં, સર્વે તણું કારણ કૃષ્ણ જાણ્યા. ૩૪
તેથી જનોએ મન અન્ય છોડી, મહાપ્રભુમાં દૃઢ પ્રીતિ જોડી;
સત્સંગનો એમ થયો વધારો, જનો થયા આશ્રિત ત્યાં હજારો. ૩૫
પછી પ્રભુ મંદિર પાસ જૈને, વિશેષ સાથે દ્વિજવર્ય લૈને;
ચોફેર ધારા પયકેરી દીધી, ત્રિઆવૃતી સૂત્રની ત્યાંય કીધી. ૩૬
પછી પ્રભુએ દ્વિજને જમાડ્યા, સંતોષ મિષ્ટાન્ન દઈ પમાડ્યા;
સંતો જમાડ્યા સહુ સારી રીતે, પોતે પરીવેષણ કીધું પ્રીતે. ૩૭
એ તો ક્રિયા એક દિને કરીને, બીજે દિને જેહ કરી ફરીને;
તે સાંભળો ભૂપ હવે સુણાવું, ઉત્સાહ ઝાઝો ઉર માંહિ લાવું. ૩૮

અગન્યાદિનું પૂજન રુડી રીતે, કર્યું પ્રભુએ પરિપૂર્ણ પ્રીતે;
જૈ સ્નાનને મંડપ પીઠમાંય, સ્થાપ્યા વિધીવત્કાળશો તહાંય. ૩૯
સર્વૌષધી પલ્લવ પંચ ધાર્યાં, ગંગાદિ તીર્થોદક તે ઉતાર્યાં;
તેનું કર્યું પૂજન રૂડી રીતે, તીર્થોતણું ચિંતન રાખી ચિત્તે. ૪૦
છાયાખ્ય છે મંડપ જેહ ત્રીજો, તહાં ગયા વેદ ભણેલ દ્વીજો;
ઘડી હતી મૂર્તિ સલાટ જ્યારે, પ્રાણીવધાદી કૃત દોષ ત્યારે. ૪૧
તે દોષનો નાશક એહ ટાણે, કર્યો તહાં હોમ વિધિ પ્રમાણે;
ત્યાં મૂર્તિયોને પછી રૂડી રીતે, પંચામૃતે સ્નાન કરાવ્યું પ્રીતે. ૪૨
તે દેવને ત્યાં રથમાં ચડાવ્યાં, વાજિંત્રના ઘોષ ઘણા કરાવ્યા;
ત્યાં શંખના નાદ અનેક થાય, સારા દ્વિજો ત્યાં શ્રુતિમંત્ર ગાય. ૪૩
છે સ્નાનનો મંડપ શુદ્ધ જ્યાંય, જૈ મૂર્તિયોને પધરાવી ત્યાંય;
કુંભોદકે સ્નાન તહાં કરાવ્યાં, શિલ્પીકરે લોચન ઊઘડાવ્યાં. ૪૪
તે મૂર્તિનું પૂજન ત્યાં કરીને, નૈવેદ્ય નાનાવિધિનાં ધરીને;
પુરુષસૂક્તે સ્તુતિ તો ઉચ્ચારી, તે મૂર્તિયોને રથ માંહિ ધારી. ૪૫
વિપ્રો તણી મંડળી સાથ લીધી, પ્રદક્ષણા મંદિર કેરી કીધી;
પછી મહામંડપ માંહિ આવી, વેદી વિષે મુરતિયો ઠરાવી. ૪૬
જુદી જુદી ઢોલણિયો[1] ઢળાવી, તળાઈ ઓછાડ ભલા બિછાવી;
પ્રત્યેક મૂર્તિ તહિ તે સુવારી, ઓઢાડી પ્રત્યેક રજાઈ સારી. ૪૭
તે દેવના મસ્તકની દિશાયે, સ્થાપ્યા સુનિદ્રાહ્વય કુંભ ત્યાંયે;
તે પાસ થાપ્યા શુભ શાંતિકુંભ, તેમાં ભર્યાં અમૃતતુલ્ય અંભ[2]. ૪૮
સજ્યાથિ પશ્ચાજ્જળપાત્ર ધાર્યું, બે પાદુકા દર્પણ એક સારું;
ત્યાં ભક્ષ ને ભોજ્ય મુક્યાં અપાર, પોઢાડિયા શ્રીપ્રભુ તેહ ઠાર. ૪૯
તે કર્મ અંગે વળી હોમ કીધો, દિશાપતીને બળિભાગ દીધો;
એ તો ક્રિયા વાર રવીની જાણું, હવે શશી[3] વાસરની વખાણું. ૫૦
શુદી તિથી તો દશમી ગણાઈ, નિત્યક્રિયા સૌ કરી સુખદાઈ;
અગ્ન્યાદિનું પૂજન તો કરીને, જગાડી તે મૂરતિયો ફરીને. ૫૧

૧. નાના ઢોલિયા, ખાટલી ૨. જળ ૩. સોમવાર

જ્યાં મધ્ય વેદીપર શોભનારું, છે સર્વતોભદ્ર કરેલ સારું;
ત્યાં મૂર્તિયોને પધરાવી પ્રીતે, પૂજા કરી તે પછી રૂડી રીતે. ૫૨
તે ચાર કુંડો પ્રતિ બ્રાહ્મણોએ, કર્યો પછી હોમ તહાં ઘણોયે;
દ્વિજો તથા સંત સહુ જમાડ્યા, આનંદ સૌને પ્રભુએ પમાડ્યા. ૫૩
એકાદશી મંગળવાર આવ્યો, મહાપ્રભુના મન માંહિ ભાવ્યો;
અગ્ન્યાદિનું પૂજન તો કરીને, પછી તહાંથી વળી સંચરીને. ૫૪
મંદિરની આગળ જે બિરાજ્યા, વિપ્રો તણાં મંડળ મધ્ય છાજ્યા;
સુયંત્ર ત્યાં અછતથી કરાવ્યો, એકાશી ખાનાં રચીને બનાવ્યો. ૫૫
એકાશી એમાં કળશો ધરીને, તીર્થોનું આવાહન ત્યાં કરીને;
પૂજા કરી તેની કૃપાળુનાથે, વિપ્રો ભણે ત્યાં શ્રુતિમંત્ર સાથે. ૫૬
તે કુંભના નીર વડે વિશેષ, પખાળ્યું દેવાલયને અશેષ;
મંત્રો ભણી મંદિરકેરું પ્રીતે, કર્યું અધીવાસન રૂડી રીતે. ૫૭
મહાપ્રભુ મંદિરને કહે છે, જહાં લગી સૂર્ય શશી રહે છે;
તહાં સુધી તું રહેજે અખંડ, પાપો જનોનાં હરજે પ્રચંડ. ૫૮
તે કર્મ અંગે કરી હોમ ત્યાંય, પછી પુજા મંદિરની કરાય;
સુપુષ્પપત્રે શણગારી સારું, ધ્વજા ચડાવી સુણ તે ઉચારું. ૫૯

**પુષ્પિતાગ્રા :**

શ્રુતિમતપથ થાપનાર્થ કાજે, નરતનુ ધારી દયાળુ રાજરાજે;
નિજકર કૃતિ તે કરી બતાવી, સહુ જન જેથી કરે જ ચિત્ત લાવી. ૬૦

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે અષ્ટમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીલક્ષ્મીનારાયણાર્થે*
*પ્રાસાદાધિવાસનનિરૂપણનામ ષડ્વિંશતિતમો વિશ્રામઃ ॥૨૬॥*

**ઉપજાતિ :**

વર્ણી કહે સાંભળ ભૂપ ભ્રાત, કહું પ્રતિષ્ઠાની વિશેષ વાત;
એકાદશી મંગળવાર જ્યારે, ચડાવીયા શીખર કુંભ ત્યારે. ૧
શ્રીપેટલાદી વ્રજલાલ શેઠ, જેનો ઘણો નેહ અપાર નેટ[૧];
તેણે ઇંડું કાંચનનું ઘડાવ્યું, સૌથી ઉંચે તે શિખરે ચડાવ્યું. ૨

૧. મક્કમપણે

ધ્વજા તહાં સુંદર પંચરંગી, ચડાવી રાજા ઉનડે ઉમંગી;
કિરીટની ઊપર જેમ તોરો, તેવો દિસે તે ધ્વજ ચિત્તચોરો. ૩
જેમાં ભરેલા જરિયાન બૂટ્ટા, ક્યાંઇ સમીપે વળી ક્યાંઇ છૂટા;
કારીગરી એવી દિસે કરેલી, ધ્વજા શું તે સ્વર્ગથી ઊતરેલી. ૪
તે જીતનો શું શુભ વાવટો છે, કે તેહ તેના જયનો પટો છે;
ભવાબ્ધિનૌકા શઢ હોય સારો, તેવો દિસે તે ધ્વજ શોભનારો. ૫
ધ્વજા ફરુકે કહું તેહ કેવી, જાણે કરે છે સમશા જ એવી;
અહો જનો આ સ્થળ સર્વ આવો, કલ્યાણની જો ઉર આશ લાવો. ૬
બીજી ધજા સુરતના નિવાસી, લાવ્યા હતા તે પણ ખૂબ ખાસી;
મેરાઈ આત્મા પછી રામનામ, તેણે કરેલું અદભૂત કામ. ૭
તે કામમાં ખર્ચ ઘણું થયેલું, સંઘે મળીને ધન વાવરેલું;
મહાપ્રભુને મનમાં રિઝાવા, સત્સંગી સૌ સુરતવાસી લાવ્યા. ૮
ત્રીજી ધજા ભક્ત વડોદરાના, લાવ્યા હતા તે પણ તે સમાના;
બે સંઘમાં ત્યાં ઉપજ્યો વિવાદ, તેનું કહું કારણ જેમ યાદ. ૯
પ્રાસાદની દક્ષિણ દીશમાંય, મૂર્તિ હરિકૃષ્ણ તણી તહાંય;
સ્થાપીત થૈને કરશે નિવાસ, એવી થઈ વાત બધે પ્રકાશ. ૧૦
જે મૂર્તિનું ધ્યાન ધરી હમેશ, સત્સંગી સૌ ચિંતવશે વિશેષ;
સર્વોપરી ઈષ્ટ છબી ગણાશે, પ્રેમે પૂજા માનસી તો કરાશે. ૧૧
પ્રત્યક્ષમૂર્તિ નહિ પ્રાપ્ત જેને, તે મૂર્તિતો જીવનદોરી તેને;
એનો જ મોટો મહિમા મનાશે, કલ્યાણ તો તેહ થકી જ થાશે. ૧૨
ચડાવીયે તે શિખરે ધ્વજાય, તે કામ સર્વોપરિ તો ગણાય;
તે આપણે કામ જરૂર કીજે, બે લોકમાં અક્ષય કીર્તિ લીજે. ૧૩
વડોદરા સુરતના નિવાસી, બે સંઘનાને દઢ વાત ભાસી;
જ્યાં જાય છે એક ધ્વજા ચડાવા, આડા તહાં તો જન અન્ય આવ્યા. ૧૪
એકે કહ્યું કે ચડશે અમારી, બીજે કહ્યું જે ન ચડે તમારી;
અમે ઉભા આગળથી જ આવી, ધજા તમે પાછળથી મગાવી. ૧૫

**રોળાં :**

કહે સુરતી સંઘ અમે સુરતથી આવ્યા,
કરી નિશ્ચે નિરધાર ધજા ત્યાંથી આ લાવ્યા;

દક્ષિણ શિખરે આજ ધજા ચડશે જ અમારી,
ઉત્તરશિખરે એમ ચડાવો ધજા તમારી. ૧૬
વટપત્તનના વાસી બોલ્યા તે ટાણે,
આ શીખરને કાજ અમે પણ એ જ પ્રમાણે;
પ્રથમ કરી પરિયાણ ધજા ત્યાંથી કરી લાવ્યા,
તે માટે તમ થકી નહી હઠિયે જ હઠાવ્યા. ૧૭
કહે સુરતના ભક્ત સુણો હરિજન વટપુરના,
તજો તમે આ તરત મમત્વ તમારા ઉરનાં;
કહું એક દૃષ્ટાંત મર્મ તે મનમાં લાવો,
એક સમે અનકોટ દિવસ સૂરતમાં આવ્યો. ૧૮
તે દિવસે જે શાક પ્રભુને નહી ધરાય,
બાર માસ પર્યંત શાક તે નહી ખવાય;
ચૌટામાં હરિભક્ત શાક લેવા સંચરિયો,
પાપડિયો પાશેર હતિ ત્યાં લેવા ઠરિયો. ૧૯
આવ્યો વૈષ્ણવ એક માગી પાપડિયો તેણે,
બે જણને સંવાદ થયો વદતાં મુખ વેણે;
પૈસા બેથી પ્રથમ માગતાં મૂલે ચડિયા,
એક થકી તે એક હઠે નહિ એવા અડિયા. ૨૦
હરિભક્તે હરિઅર્થ ઘણી હીમત ત્યાં કીધી,
રૂપૈયા પંચાસ આપી પાપડિયો લીધી;
જુવાન હરિભક્ત સુરતના મમતી એવા,
ભારે મમત ભરાય હઠાવ્યા હઠે ન તેવા. ૨૧
તે માટે તે સાથ મમત મૂકો નિજ મનનો,
ચડે ધજાનો દંડ નકી સૂરતના જનનો;
વટપત્તનના વાસી કહે મન મમત ન આણો,
અમપુર તણા જુવાન એહ ઓછા નવ જાણો. ૨૨
શત આવે શ્રીમંત હઠાવ્યા અમે ન હઠિયે,
દેવાને દેવાર્થ કહો તો દ્રવ્ય પરઠિયે;

ચડશે ધજા અમારી ધારી છે તે ઠેકાણે,
તે માટે અમ સાથ મમત મૂકો આ ટાણે. ૨૩
કહે સુરતના જન સુરજ આથમણો ઉગે,
પર્વત વાણી વદે રહે બ્રહ્મા મુખ મુંગે;
નદીયોનાં જે નીર ચાલતાં ઉલટાં ચાલે,
અગ્નિ ઉષ્ણતા તજે તડિત ચંચળતા ટાળે. ૨૪
તજે ધરાધર[૧] ધરા રામશર[૨] ચોટ જ ચૂકે,
તોય સુરતના જન મમત મનનો નવ મૂકે;
માટે મૂકો મમત થવા દ્યો ધાર્યું અમારું,
વધી પડે વિક્ષેપ તેહ સમજો નહિ સારું. ૨૫

**ઉપજાતિ :**

એવી રીતે વાદ થયો અઘાત, પહોંચી તે તો પ્રભુપાસ વાત;
નિત્યાખ્યા સ્વામી મુનિ બ્રહ્મ સાથે, ત્યાં મોકલ્યા શ્રીવૃષવંશનાથે. ૨૬
લાગ્યા જઈ બે સમજાવવાને, બેમાંથી એકે કશુંયે ન માને;
કહે મુનિ બ્રહ્મ સુણો ઉમંગે, ન વાદ કીજે હરિભક્ત સંગે. ૨૭

**હરિભક્ત સાથે હારી છૂટવા વિષે :**

જે હાર્ય પામે હરિભક્ત સાથ, તેને રીઝે દેવ ત્રિલોકનાથ;
તે તો નહી હાર્ય સુવર્ણહાર, શોભા વધે તેથકી તો અપાર. ૨૮
માતા પિતા કે ગુરુ સંત સંગે, જે માનવી વાદ વદે ઉમંગે;
તેનાથી જીત્યો જન એ જ હાર્યો, હારી છુટ્યો એ જ જીત્યોજ ધારો. ૨૯
સદ્ધર્મ અર્થે ધન જે ગયું છે, ગયું નહી જાણ સદા રહ્યું છે;
યુદ્ધે મુવો તે જન જીવતો છે, હાર્યો હરિભક્તથી તે જીત્યો છે. ૩૦
જેઓ નમે છે હરિભક્ત પાસ, તે પામશે ઊર્ધ્વગતિ નિવાસ;
નીચું ફુવારે જળ ઊતરે છે, તે તેટલી ઉંચી ગતી કરે છે. ૩૧
પ્રભુ તણા ભક્ત તુલાની તુલ્ય, તોળી કરે તે જનકેરું મુલ્ય;
નમે નહી તે હલકું જ જાણો, નમ્યાથી ભારેપણું તે પ્રમાણે. ૩૨

૧. શેષ નાગ ૨. રામબાણ

સદા નમે છે ફળવાન વૃક્ષ, સદા નમે છે કુળવાન દક્ષ[૧];
નમે નહી સૂકલ કાષ્ઠ કોય, નમે નહીં જે જન મૂર્ખ હોય. ૩૩
જૈને નમે જે હરિભક્ત સામે, તો પુણ્ય પોતે પળ માંહિ પામે;
નવાણને[૨] કુંભ જઈ નમે છે, નમ્યા પ્રમાણે જળ તે લહે છે. ૩૪
હરી તણા છે હરિભક્ત અંગ, ન વાદ કીજે કદિ તેહ સંગ;
માહાત્મ્ય જાણી નમીયે જ નિત્ય, જોતે પ્રભુ ઊપર હોય પ્રીત. ૩૫

**વિમુખથી ન હારવા વિષે :**

નિત્યાખ્ય સ્વામી ઉચર્યા ઉમંગે, ન હારિયે કૃષ્ણવિમૂખ સંગે;
તે આપણી જો દઢતા મુકાવે, ન મૂકિયે જો કદિ જીવ જાવે. ૩૬
જો કોઈ નિંદા હરિની ઉચારે, તો લાવિયે ઊપર બોલ ત્યારે;
એવા કુસંગીથિ કદી દબાઈ, હાહા ન કીજે મન હાર્ય ખાઈ. ૩૭
ન હારિયે ઈંદ્રિયજૂથ સાથે, ન હારિયે સંકટ પામી માથે;
એવે સમે હીમત રાખી હૈયે, પોતા તણી ટેક તજી ન દૈયે. ૩૮
અધર્મનો સર્ગ અદર્શ આવે, તજાવવા ધર્મ દિલે ડરાવે;
તે આગળે જે ડરી હારી જાય, નામર્દ નિશ્ચે નર તે ગણાય. ૩૯
સત્સંગીનાં ચિહ્ન છુપાવી રાખે, શિથીલ વાણી વદનેથી ભાખે;
કુસંગિથી જે દિલમાં દબાય, છતે નરે વ્યંઢળ[૩] તે ગણાય. ૪૦
ક્ષત્રી ડરે જે રણમાં જઈને, દુઃખે ડરે જેહ જતી થઈને;
ના'તાં શિયાળે દ્વિજ જે ડરે છે, ધિક્કાર એને જન ઉચ્ચરે છે. ૪૧
પ્રહ્લાદને ધર્મ તજાવવાને, અસૂરનો માર્ગ મનાવવાને;
મહામહા દુઃખ દિધાં પિતાએ, તથાપિ તે તો ન ડર્યો જરાયે. ૪૨
પ્રહ્લાદ જેવા દઢ ભક્તરાજ, સત્સંગમાં છે અગણીત આજ;
સગા કુટુંબી બહુ દુઃખ દે છે, તથાપિ સત્સંગ સદા સજે છે. ૪૩

**વૈતાલીય :**

વળી તે મુનિએ તહાં કહ્યું, સુણી લેજો સુરતી જનો સહુ;
અહિં ઉત્તર મંદિરે હરિ, પ્રતિમાઓ પધરાવશે ખરી. ૪૪

૧. હોંશિયાર, ચતુર ૨. કૂવો, તળાવ ૩. નપુંસક

નિજ બાળસ્વરૂપની બની, છબી તેમાં શુભ વાસુદેવની;
પ્રભુજી પધરાવશે અહો, છબી તે શ્રીહરિકૃષ્ણની કહો. ૪૫
પ્રતિમા હરિકૃષ્ણ નામની, ગણીએ તે પણ મેઘશ્યામની;
છબીયો નહિ જુદી જાણવી, હરિની છે ગણી પ્રીતિ આણવી. ૪૬
સમજી મનમાં કરો મજા, સરખું પુણ્ય ગણી ધરો ધજા;
હઠિલાઈ તજો હવે તમે, કહિયે વાક્ય ખરે ખરું અમે. ૪૭
કરવા હરિ રાજી હોય તો, નમજો ભક્તસમીપ કોય તો;
રુદયે હરિ રાજી તો થશે, મનવાંછ્યું વરદાન આપશે. ૪૮
મતિસાગર સુરતી જનો, સમજ્યા મર્મ મુનીનિ વાતનો;
ઉચર્યા મુનિ પાસ તેટલું, હરિ આપે વરદાન એટલું. ૪૯
પ્રભુયે સુરતે પધારવું, પુરમાહત્મ્ય વળી વધારવું;
વિચરે અમઘેર આવીને, મુનિનાં મંડળ સાથ લાવીને. ૫૦
હરિ એ વરદાન આપશે, સુરતી ભક્ત સહુ ખુશી થશે;
મનમાં નિરમાન લાવીયે, ઉચરે ત્યાં જ ધજા ચડાવીયે. ૫૧
પછી સૌ પ્રભુ આગળે ગયા, પ્રણમીને સમીપે ઉભા રહ્યા;
મુનિયે બધી વાત ત્યાં કહી, હરિયે તે સહુ સાંભળી સહી. ૫૨
સુરતી જનને હરી કહે, વર માગો તમચિત્ત જે ચહે;
વર આપીશ હું ખુશી થઈ, મુદ પામો મનમાનતું લઈ. ૫૩
જન સુરતના તહાં કહે, અતિ ઈચ્છા ઉર એટલી રહે;
પ્રભુ સુરતમાં પધારવું, પુર માહાત્મ્ય વળી વધારવું. ૫૪
સુણી રાજી થયાજ શ્રીહરિ, વર દીધો પ્રભુ તે દયા કરી;
પુર સુરતમાં પધારશું, વળી ત્યાંનો મહિમા વધારશું. ૫૫
સુરતી જનતે રીઝ્યા ઘણા, નહિ આનંદ વિષે રહી મણા;
દિશ ઉત્તારમંદિરે જઈ, શિખરે ત્યાંજ ધજા ધરી લઈ. ૫૬
સુરતી[૧] જનની અહોનિશે, સુરતી[૨] શ્રીહરિને વિષે દિસે;
સુરતી[૨] સતશાસ્ત્રમાં ધરે, સુરતીર્થ[૩] સ્થળ દ્રવ્ય વાવરે. ૫૭
વટપત્તનના જને મળી, ધરી ત્રીજે શિખરે ધજા ભલી;
દ્વિજ ઠાકર રૂપરામ છે, શુભ જેનું ઉમરેઠ ધામ છે. ૫૮

૧. સુરત શહેરના ભક્તો ૨. પ્રેમ ૩. દેવમંદિર

કરમાં ધરિને ધજા ઘણી, સમિપે જૈ પ્રણમ્યા પ્રભુ ભણી;
ઉચર્યા વિનતી અવાજથી, કૃત મેં નિયમ એક આજથી. ૫૯
મુજ વંશપરંપરા સદા, પ્રતિવર્ષે ધ્વજ લાવીને મુદા;
શુભ આ શિખરે ચડાવવી, કદિયે ભૂલ નહી જ લાવવી. ૬૦
રહેશે મુજ દેહ જ્યાંલગી, ધ્વજ લૈ આવીશ હું જ ત્યાં લગી;
કુળમાં સતપુત્ર જે થશે, પ્રતિવર્ષે ધ્વજ તે ચડાવશે. ૬૧
સુણી શ્રીહરિ બોલિયા તહાં, ધ્વજ ધારો ધ્વજ છે ચડ્યા જહાં;
વળી ત્યાં શિખરો છ ઊપરે, ધ્વજ ધારો જઈ આપને કરે. ૬૨
હનુમાન ગણેશ થાપશું, ધ્વજ તે સ્થાન ધરોજી આપશું;
પછી ત્યાં જઈ તેહ ઠાકરે, ધ્વજ આરોપ કર્યા સઆદરે. ૬૩
સુણ ભૂપ ભલી ધજા સજી, સુત ગોવિંદજી તેહના હજી;
પ્રતિવર્ષ વિષે ચડાવવા, નવ ભૂલે વરતાલ આવવા. ૬૪

**સુપુત્રલક્ષણ : ઉપજાતિ :**

પિતૃપ્રતિજ્ઞા સુત જે ન પાળે, તથા પિતાનું ઋણ જે ન વાળે;
તીર્થે પિતૃશ્રાદ્ધ કરે ન જેહ, નિર્વંશિ જાણો મૃત તાત તેહ. ૬૫
માતાપિતાનું પરલોકમાંય, કલ્યાણ જે કૃત્ય કર્યાથી થાય;
જે પુત્ર એવું ન કરે જ કામ, તે પુત્રનું નક્કી કુપુત્ર નામ. ૬૬
ક્ષેત્રાદિ કૃષ્ણાર્પણ જે ધરેલું, કે કોઈને દાન કદી કરેલું;
તે પાછું લેવા સુત જે ચહાય, તે પુત્ર નિશ્ચે નરકે જ જાય. ૬૭
જે પુત્રનું પોષણ નિત્ય કીધું, કુપુત્ર થૈ તેહ વિસારી દીધું;
માતાપિતા કેરી સજે ન સેવા, સદા વસે જૈ નરકે જ એવા. ૬૮
માતાપિતાને સૂત ગાળ દે છે, માતાપિતાનો શિર શાપ લે છે;
તે પુત્રની શાપિત બુદ્ધિ થાય, મોક્ષે જવાનો ન સુજે ઉપાય. ૬૯
જે બાળકે બાળપણે કહેલાં, કુવાક્ય તે તો સઘળાં સહેલાં;
પિતા પછી વૃદ્ધપણાથી ભાખે, કુપુત્ર તે તો નહિ બોલ સાંખે. ૭૦
દુકાળમાં જો લવ અન્ન હોય, માતાપિતા દે સુતને જ તોય;
વૃદ્ધાપણે તે સુત જો ન પાળે, એ જાણવો રાક્ષસ એહ કાળે. ૭૧
જો થાય અગ્નીતણી વૃષ્ટિ ક્યારે, તો છત્ર થૈને સુતને ઉગારે;
માતાપિતાને પછી દુઃખ દે છે, તેને મહાપાપી સહુ કહે છે. ૭૨

ગોવિંદરામાખ્ય સપૂત એહ, પાળે પ્રતિજ્ઞા સ્વપિતાની તેહ;
વર્ણી કહે સાંભળ ભૂપ ભ્રાત, હવે કહું મંદિર કેરી વાત. ૭૩

**પુષ્પિતાગ્રા :**

પછી દશ દિગપાળની દિશાયે, ધ્વજ સહ ધારી પતાક તેહ ત્યાંયે;
હરિવર જળ હાથ માંહિ લીધું, અરપણ મંદિર દેવઅર્થ કીધું. ૭૪

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે અષ્ટમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીલક્ષ્મીનારાયણ-મંદિરે ધ્વજાપતાકાદિઆરોપણનામ સપ્તવિંશતિતમો વિશ્રામઃ ॥૨૭॥*



**ઉપજાતિ :**

આવ્યો પછી જ્યાં દિન દ્વાદશીનો, પ્યારો ઘણો તે કમળાપતિનો;
ઉઠી પ્રભાતે કરી નિત્યકર્મ, અગ્ન્યાદિ પૂજા કરી ધર્મવર્મ[1]. ૧
દેવપ્રતિષ્ઠાંગ કરાવી હોમ, આનંદ વાધ્યો અતિરોમરોમ;
જે પાઠ કીધા જપ જેહ કીધો, દશાંશ તે હોમ કરાવી લીધો. ૨

૧. ધર્મના બખ્તર શ્રીહરિ

આઠે દિશે મંદિરની સમીપ, રુડીરિતે અગ્નિ કરી પ્રદીપ;
ઘૃતે તિલે હોમતહાં કરાવ્યા, પછી મહામંડળ મધ્ય આવ્યા. ૩
ત્યાં મૂર્તિયોને હરિ આપ હાથે, કર્યો અભિષેક દ્વિજોની સાથે;
પૂજા કરી વેદઋચા ભણાવી, તે મૂર્તિયોને રથમાં ચડાવી. ૪
આચાર્યને આગળ તો ચલાવ્યા, બે બાજુયે ઋત્વિજને રખાવ્યા;
મહાપ્રભુ પાછળ ચાલી જાય, વાજિંત્રના નાદ વિશેષ થાય. ૫
ત્યાં બ્રાહ્મણો વેદઋચા ભણે છે, શ્રીજી ઘણા સ્નેહ થકી સુણે છે;
પ્રદક્ષણા મંદિરની કરીને, સૌ પૂર્વ દ્વારે જ રહ્યા ઠરીને. ૬
તે મૂર્તિને અર્ઘ્યપ્રદાન કીધું, સૌયે મળીને સનમાન દીધું;
તે મૂર્તિયો મંદિર માંહિ લાવી, જ્યાં જેહનું સ્થાન તહાં સ્થપાવી. ૭
લક્ષ્મીજી નારાયણ બેય રૂપ, તે મધ્યના મંદિરમાં અનુપ;
ત્યાંથી બીજો દક્ષિણ ખંડ જ્યાંય, બેસારી સારી ત્રણ મૂર્તિ ત્યાંય. ૮
રાધાજી વૃંદાવનના વિહારી, તથા સ્વમૂર્તિ હરિકૃષ્ણધારી;
તહાં ત્રીજા ઉત્તર ખંડમાંય, બેસારી રૂડી ત્રણ મૂર્તિ ત્યાંય. ૯
શ્રીભક્તિ ધર્માત્મજ વાસુદેવ, તે મૂર્તિયો ત્યાં ધરી તર્તખેવ;
શ્રીજી તણું બાળસ્વરૂપ તેહ, તે મર્મ જાણે જન જાણ જેહ. ૧૦
તે આગળે મંડપમાં પ્રમાણો, જુદા જુદા ખંડ વિષે જ જાણો;
વરાહજીને નરસિંહરૂપ, શ્રીશેષશાયી મુરતી અનૂપ. ૧૧
શ્રીકૂર્મને સૂર્યસ્વરૂપ મત્સ્ય, તે મૂર્તિયો ત્યાં પધરાવી સ્વચ્છ;
સુશોભિતો દક્ષિણ ખંડ ધારી, શ્રીજીની સજ્યા પધરાવી સારી. ૧૨
છે દુર્ગનું દ્વાર પ્રમુખ્ય જ્યાંય, ગણેશ થાપ્યા હનુમાન ત્યાંય;
રુડી રીતે તે હનુમાન વીર, સ્થાપ્યા જ ભૈભંજન નામ ધીર. ૧૩
તેને શિરે હાથ તહાં ધરીને, બોલ્યા કૃપાળુ કરુણા કરીને;
હે અંજનીનંદન વજ્રકાય, સત્સંગી સૌની કરજો સહાય. ૧૪
ગણેશ પાસે ગણનાથતાત, તથા તહાં પારવતીજી માત;
સ્થાપ્યાં સ્વરૂપો શુભ રૂડી રીતે, તે તો વિધી હું ઉચરું સપ્રીતે. ૧૫

**હરિગીત છંદ :**

સંવત્ અઢાર શતે તથા શુભ શાલ એકાશી તણી,
કાર્તિક શુદી તિથિ દ્વાદશી ઉત્તમ થકી ઉત્તમ ઘણી;

બુધવાર સૌથી સાર ને નક્ષત્ર નિરમળ તે કહું,
ભલું ભાદ્રપદ જે ઉત્તરા વળી યોગ હર્ષણ શુભ બહુ. ૧૬
ધનલગ્નમાં દિન પ્રહર ચડતાં કામ તે ઉત્તમ કર્યું,
આશ્ચર્યકારી એ સમે ત્યાં રૂપ ધર્મસુતે ધર્યું;
સ્થાપનકરણ થળ જેટલાં હરિ તેટલાં રૂપો ધરી,
સહુ મૂર્તિયોની એક કાળે ત્યાં પ્રતિષ્ઠા તો કરી. ૧૭
શ્રુતિમંત્રના ઉચ્ચાર વિપ્રો ઉચ્ચરે શુભ રીતથી,
પ્રતિમા વિષે સુરપ્રાણની કરી ત્યાં પ્રતિષ્ઠા પ્રીતથી;
શ્રીરુકમણીરૂપે રમા તે પાસ દ્વારામતિપતી,
એ રીત આવાહન કર્યુ આનંદ ઉર ધારી અતી. ૧૮
જે દેવની પ્રતિમા જહાં ત્યાં તેનું આવાહન કર્યું,
ઉપચાર સોળ પ્રકાર કરીને એનું અર્ચન આદર્યું;
શણગાર વિવિધ પ્રકાર ધરીને ધૂપ ને દીપક ધર્યા,
નૈવેદ્ય નાનાવિધ ધરાવી દેવને તર્પિત કર્યા. ૧૯
તે સર્વની એક જ સમે હરિયે ઉતારી આરતી,
તે સમયની શોભા સકળ તો ભાખી ન શકે ભારતી;
કોટાનકોટી શશાંક સૂર્ય સમાન તેજ તહાં દિસે,
શું આવી વશિયું આપ અક્ષરબ્રહ્મ એ મંદિર વિષે. ૨૦
નોબત નગારાં ઢોલ ત્રાંસાં ભેર ને ભુંગળ ભલી,
શરણાઈ ત્રુઈ શંખ વાજે ઘંટ ઘડિયાળો વળી;
ત્યાં તાલ ને મરદંગ વાજે નાદ ગાજે ગગનમાં,
જયજય કરે ઉચ્ચાર જન સૌ મન અતિશે મગનમાં. ૨૧
બહુ થાય બંદુકના ભડાકા કૈક પાડે તાળિયો,
અતિધન્ય જન અવતાર જેણે એહ અવસર ભાળિયો;
અજ હર અને ઇંદ્રાદિ દેવો દિવ્ય રૂપે આવિયા,
કુસેમે વધાવે કૃષ્ણને ભલી ભેટ તે પણ લાવિયા. ૨૨
વિબુધો વિશેષ વિમાનમાં ચડી આવિયા આકાશમાં,
તે કુસુમની વૃષ્ટિ કરે પ્રીતે કરી ચોપાસમાં[1];

૧. ચારે બાજુ

દેવો બજાવે દુંદુભી ગાંધર્વ ગુણ ગાવે ઘણા,
ઉછરંગી નાચે અપ્સરા મનમોદમાં ન દિસે મણા. ૨૩
દીસે પ્રફુલ્લિત દશ દિશા આકાશ સ્વચ્છ જણાય છે,
શીતળ સુગંધ સુમંદ એવો ત્રિવિધ વાયુ વાય છે;
સ્થાવર તથા જંગમ સહુ ભાસે ભલાં હરખે ભર્યાં,
આદિત્ય છાંડી ઉષ્ણતા શીતળ કિરણ સહુપર ધર્યાં. ૨૪
એ રીત હરિયે આરતી કરી રૂપ નિજ ધરિ ધ્યાનમાં,
પુષ્પાંજળી[1] કરી તે પછી ધરી ભેટ ભલી તે સ્થાનમાં;
સત્સંગી સૌયે મૂર્તિ આગળ ભેટ નાનાવિધ ધરી,
તે શેઠ નારાયણ દયાળજી નોંધ બે જણ મળી કરી. ૨૫
સારંગના રહેનાર તે ગરકાવ હરિના જ્ઞાનમાં,
જગદીશ તે પછી જૈ બિરાજ્યા સુભગ શજ્યા સ્થાનમાં;
પછી લક્ષ્મીનારાયણ તણી સ્તુતિ સંત સહુયે ઉચ્ચરી,
પણ પ્રથમ મુક્તાનંદમુનિયે એક શ્લોકે બે કરી. ૨૬
આખા જગતના જનતણું છે ઈચ્છનાર સદા ભલું,
સંભાળ લેજો સર્વની વરદાન માગ્યું એટલું;
મુનિ મુક્ત કરુણાયુક્ત કેવા જે પુરા પરમારથી,
નિજને જ માટે કાંઈ માગે હોય જે જન સ્વારથી. ૨૭

**અનુષ્ટુપ શ્લોક :**

વંદું જળધિજામાતા[2], કમળાવર દ્યો તમે;
જગજ્જનની સંભાળ, લ્યો સૌની માગીયે અમે. ૨૮

**અર્થ :** *નારાયણદેવ વિષે, સમુદ્રના જમાઈને હું વંદું છું, હે કમળાવર તમે એટલુ દ્યો કે આપ જગતના સર્વે જનોની સંભાળ લ્યો, એટલું અમે માગિયે છૈયે; લક્ષ્મીજી વિષે, હે સમુદ્રથી જનમેલી માતા હું તમને વંદું છું ને હે કમળા તમે વરદાન દ્યો, હે જગતની જનની કે' તાં માતા તમે સૌની સંભાળ લ્યો, એટલું અમે માગિયે છઈયે.*

૧. ફુલથી વધાવવું ૨. લક્ષ્મીજી તથા નારાયણ

**સંતમંડળકૃત લક્ષ્મીનારાયણની સ્તુતિ : વસંતતિલકા :**

સૌ સંતનાથ નમીયે જુગ જોડી હાથ,
હે નાથ પાપહર આપ અનાથનાથ;
સદ્ધર્મરક્ષક સદૈવ કરો સહાય,
શ્રીદ્વારિકેશ હૃષિકેશ રમેશ રાય. ૨૯

શ્રીમત્સ્ય કચ્છ તનુ સ્વચ્છ તમે જ ધારી,
મારી અદેવ સહુ દેવ લીધા ઉગારી;
છો શ્વેતદ્વીપપતિ શું ગતિ તે કળાય,
શ્રીદ્વારિકેશ હૃષિકેશ રમેશ રાય. ૩૦

નારાયણ પ્રભુ તમે નરવીર ધીર,
ભૂભારહારક તમે જ ધર્યાં શરીર;
ગોલોકવાસિ સુખરાશી તમે સદાય,
શ્રીદ્વારિકેશ હૃષિકેશ રમેશ રાય. ૩૧

લીલા તમે લલિત ગોકુળ માંહિ કીધી,
નંદાદિ ગોપજનને સુખશાંતિ દીધી;
મારી બકી[૧] બક[૨] તથા વન ચારિ ગાય,
શ્રીદ્વારિકેશ હૃષિકેશ રમેશ રાય. ૩૨

કંસાદિ મારી જઈ દ્વારમતી વસાવી,
કન્યા ઘણીક પરણ્યા ખળ મારી લાવી;
પોતે થયા પ્રભુજી પાંડવના સખાય,
શ્રીદ્વારિકેશ હૃષિકેશ રમેશ રાય. ૩૩

જ્યારે અધર્મ અવનીતળમાં વધે છે,
જ્યારે બળિષ્ટ અસુરો પ્રસરે બધે છે;
ત્યારે તમે તનુ ધરો પ્રભુ પૃથ્વીમાંય,
શ્રીદ્વારિકેશ હૃષિકેશ રમેશ રાય. ૩૪

જાણો મનોરથ તમે મનનો અમારો,
મોટો પ્રભુજી મહિમા બહુ છે તમારો;

૧. પુતના ૨. બકાસુર

તે તો જથાર્થ જનથી ઉચર્યો ન જાય,
શ્રીદ્વારિકેશ હૃષિકેશ રમેશ રાય. ૩૫
સ્નેહે સદૈવ પ્રભુ આ સ્થળમાં વિરાજો,
સૌને સદૈવ સુખદાયક આપ થાજો;
આ તીર્થ સૌથી અતિ ઉત્તમ તો ગણાય,
શ્રીદ્વારિકેશ હૃષિકેશ રમેશ રાય. ૩૬
હે કૃષ્ણ કૃષ્ણ કમળાવર હે કૃપાળ,
છોજી તમે સકળ વિશ્વવિહારીલાલ;
કીર્તિ તમારી શુક શારદ શેષ ગાય,
શ્રીદ્વારિકેશ હૃષિકેશ રમેશ રાય. ૩૭

**વૃંદાવનવિહારીની સ્તુતિ, શિખરિણી :**

રહો રાધા સાથે મુરલી નિજ હાથે શુભ ધરી,
અધારી મૂરારી મધુવન વિહારી મન હરી;
બહુનામી સ્વામી પ્રભુ ગરુડગામી અહિં રહો,
કરો સૌની રક્ષા સરસ વળી શિક્ષા પણ કહો. ૩૮

**હરિકૃષ્ણમહારાજની સ્તુતિ :**

અમારા હે ઈષ્ટ પ્રગટ હરિકૃષ્ણ પ્રભુ તમે,
સદા દ્યો સ્વાભીષ્ટ[૧] તવ પદ તણા આશ્રિત અમે;
અનેક બ્રહ્માંડ સ્થિતિ લય તણા કારણ અહો,
અમારે ચિત્તો આ મુરતિ રજની વાસર રહો. ૩૯

**ભક્તિધર્મની સ્તુતિ :**

અહો ભક્તિમાતા જનક હરિના શ્રીધરમ છો,
તમો બે સૌનાથી કરમ શુભવાળાં પરમ છો;
થયા જેના પુત્ર પ્રભુ અકળ જે અક્ષરપતિ,
સદા સૌને આપો સુખ સકળ થાઓ શુભમતિ. ૪૦

૧. અમારું ઈચ્છીત

**વાસુદેવની સ્તુતિ :**

નમો વાસુદેવ પ્રગટ વૃષભક્તિસુત તમે,
ધર્યું બાલ્યાવસ્થા સ્વરુપ નિરખ્યું તે શુભ અમે;
રહો સાજા તાજા સકળઅધિરાજા સુખનિધિ,
ભલે આવ્યા આંહી અમપર કૃપા આ અતિ કિધી. ૪૧

**વરાહની સ્તુતિ :**

હિરણ્યાક્ષે દુષ્ટે સુર સકળને સંકટ કર્યું,
તમે ત્યાં તેવારે વપુ નિજ વરાહ પ્રભુ ધર્યું;
ધરા ડાઢે ધારી સમર[૧] કરિ માર્યો અસુરને,
તમે તે વારાહ પ્રભુ સકળ કાઢો કસુરને[૨]. ૪૨

**નૃસિંહની સ્તુતિ :**

નૃસિંહાખ્ય શ્રીમાન્ સુરનરરિપૂમારણ નમો,
ઉગાર્યો પ્રહ્લાદ પ્રણતજનપાળ પ્રભુ તમો;
ભલાં એવાં કામો અધિક કરવા અંતર ધરો,
સહૂ સત્સંગીનાં સદયહૃદયે સંકટ હરો. ૪૩

**શ્રીશેષશાયીની સ્તુતિ :**

સુતા ક્ષીરાબ્ધીમાં અહિવરનિ[૩] શજ્યા શુભ કરી,
સજે લક્ષ્મી સેવા અભયવર લેવા દિલ ધરી;
અહીં એવે રૂપે સુખનિધિ બિરાજો પ્રભુ સદા,
છબી જોઈ જોઈ મુનિજન નમે સૌ મનમુદા. ૪૪

**કૂર્મદેવની સ્તુતિ :**

મથ્યો સિંધુ જ્યારે કમઠતન[૪] ત્યારે ધરિ હરિ,
ધર્યો પીઠે પોતે ગણિ અલપ મંદ્રાચળ ગિરી;
રુડા કાઢ્યાં રત્નો અધિક કરિ યત્નો સહુ મળી,
તમારું ઐશ્વર્ય પ્રભુજી ન શકે કોઈ જ કળી. ૪૫

---

૧. યુદ્ધ ૨. કસર, ખોટ ૩. શેષજી ૪. કાચબાનું શરીર

**સૂર્યનારાયણની સ્તુતિ :**

અહો ભાનૂદેવા પ્રગટ તમ જેવા સુર નહીં,
સજે છે સૌ સેવા અધિક સુખ લેવા જન અહીં;
રથે રાજો છોજી સુભગ વળી સપ્તાશ્વ[૧] સહિતે,
રહ્યા છો શ્રીવિષ્ણુ હિરણમયરૂપે જનહિતે. ૪૬

**શ્રીમત્સ્યદેવની સ્તુતિ :**

થઈ મત્સ્ય સ્વચ્છ પ્રબળ ખળ શંખાસુર હણ્યો,
ઉગાર્યા વેદોને જળજસુત તે તો જશ ભણ્યો;
તમારી તે શક્તિ નિરખી જન ભક્તિ ભલી કરે,
બિરાજો આ ઠામે ધરમમય ધામે મન ઠરે. ૪૭

**ગણપતિની સ્તુતિ : શાર્દૂલવિક્રીડિત :**

હે લંબોદર દેવ શંભુસુત છો સ્ત્રી બુદ્ધિ ને સિદ્ધિ છે,
દાસી બે તવ દેખિયે સમિપમાં તે ઋદ્ધિ ને વૃદ્ધિ છે;
પુત્રો બે શુભ લાભ લક્ષ કહિયે છો વિઘ્નહારી અહો,
સત્સંગી સહુને સદા સુખ કરો આ તીર્થ માંહી રહો. ૪૮

**શિવજીની સ્તુતિ : ચર્ચરી છંદ :**

જયજય જય જટિલ જોગી ધંતુરને ભાંગભોગી શંભુ છો સદા નિરોગી બુઢ્ઢા બાવા,
ઉજવળી ભભૂતિ અંગ સરસ દરસ શીશગંગ ભૂતપ્રેત આદિ સંગ લાગો ગાવા;
ભલકે શશિયર સુભાલ કંઠે વળગેલ વ્યાળ તેહ સાથ રુંડમાળ રૂડી રાજે,
જયજય કરધર પિનાક વાજે વર વીરહાક ડમરૂ ને ડાક અગડબંબં બાજે. ૪૯
ગાઓ સંગીત ગાન નાચો નટવા સમાન તાથેઈ તાથેઈ તાન લેતા લેતા,
ઘૂઘર પદ ઘમક ઘમક ચાલો છો ઠમક ઠમક ધરણી પદ ધમક ધમક દેતા દેતા;
શોભે નંદી સવારિ ગૌરી અર્ધાંગ ધારિ સિંહકેરિ અંગ સરરિ છાળા છાજે,
જયજય કરધર પિનાક વાજે વર વીરહાક ડમરૂ ને ડાક અગડબંબં બાજે. ૫૦
ભાવે કૈલાસવાસ કાં તો શમશાન પાસ દુનિયા પર દિલ ઉદાસ દીઠા દીઠા,
લોચન છે લાલ ચોળ અંગ ઉગ્ર છે અતોલ બોલો છો મૂખ બોલ મીઠા મીઠા;

૧. સાત ઘોડા

જાપો છો મંત્રજાપ ભીક્ષા આહારિ આપ આપ્યા ભોગો અમાપ ભક્તો કાજે,
જયજય કરધર પિનાક વાજે વર વીરહાક ડમરૂ ને ડાક અગડબંબં બાજે. ૫૧
બ્રહ્માવિષ્ણુ સ્વરૂપ આપ ત્રણે એક રૂપ ભગવન્ ત્રિભુવનભૂપ સંતો જાણે,
જેની મતિ છે જડત્વ સમઝે ન સર્વતત્વ તેવા તે તો મમત્વ મિથ્યા તાણે;
જયજય જુગ આદિદેવ સુર નર સૌ સજે સેવ રૂપ અકળ ને અભેવ ભોળા ભ્રાજે,
જયજય કરધર પિનાક વાજે વર વીરહાક ડમરૂ ને ડાક અગડબંબં બાજે. ૫૨
જયજય સર્વજ્ઞ શ્યામ વેદ વદે વામનામ[1] અસુર સુર કરે પ્રણામ પાસે આવી,
જયજય જોગીંદ્રવેષ મૃડ[1] હર શંભૂ મહેશ જશ વદે સદૈવ શેષ મનમાં લાવી;
જયજય જનમાતતાત અકળરૂપ છે અઘાત કુક્ષિમાં સમુદ્ર સાત ગંભિર ગાજે,
જયજય કરધર પિનાક વાજે વર વીરહાક ડમરૂ ને ડાક અગડબંબં બાજે. ૫૩
જયજય ગતિમાન ગહન વિશ્વનાથ વિશ્વવહન દૃષ્ટિમાંડિ મદન દહન કીધોધારી,
ત્રિપુરાસુર દૈત્ય દુષ્ટ પાપકર્મવંત પુષ્ટ સુર નરો કર્યા સંતુષ્ટ તેને મારી;
કરણતત્ત્વ મંત્રજાપ હરણ ભક્ત ત્રિવિધ તાપ આ સ્થળે ભલેજિ આપ આવ્યા આજે,
જયજય કરધર પિનાક વાજે વર વીરહાક ડમરૂ ને ડાક અગડબંબં બાજે. ૫૪
જયજય કરુણાનિધાન અમરપાળ છો ઈશાન આપનાર અભયદાન છોજી આપે,
કીધુ વિષ વિષમ પાન રાખવા સકળ જહાન કોણ આપના સમાન સંકટ કાપે;
દાતૃતા તમારી ધન્ય દાસનું નસાડ્યું દૈન્ય[2] દેખિ દેખિ દેવ અન્ય દાતા લાજે,
જયજય કરધર પિનાક વાજે વર વીરહાક ડમરૂ ને ડાક અગડબંબં બાજે. ૫૫
જયજય ગણનાથતાત પાસ યક્ષરક્ષવ્રાત અજર અમર ને અજાત છોજી છોજી,
તોડનાર મોહજાળ દાસને કરો નિહાલ વિશ્વમાં વિહારીલાલ છોજી મોજી;
સુંદર શોભે શરીર શ્વેત જેવું ગંગનીર હેમનંગ હીર ચીર અરુચી સાજે,
જયજય કરધર પિનાક વાજે વર વીરહાક ડમરૂ ને ડાક અગડબંબં બાજે. ૫૬

**દોહરો :**

હીર ચીર ને હેમથી, રહો સદૈવ વિરક્ત;
સૌ હરિજનને સુખ કરો, ભક્તિતનુજના ભક્ત. ૫૭

૧. શંકર ૨. દીનપણું

**હનુમાનની સ્તુતિ : ઇંદ્રવિજય સવૈયા :**

અંજનિનંદન છો જગવંદન સિંદુરચંદનચર્ચિત અંગે,
ત્રાસ હરો નિજદાસ તણા પ્રભુપાસ નિવાસ વસોજ ઉમંગે;
છો વિષયોથી વિરક્ત સદા હરિભક્ત હરિજનના ભયહારી,
હે હનુમાન મહાળબવાન દિયો સુખદાન દયા દિલ ધારી. ૫૮
ધર્મ તણા કુળદેવ સદૈવ અદેવ તણા રિપુ દેવસહાયી,
જંગપ્રસંગ[1] ઉમંગ ચડે અણભંગ લડો ધરી ધીરજ ધારી;
જ્યાં વૃષશીશ પડ્યું કશું સંકટ ત્યાં ઝટ આવી કરી કિકિયારી,
હે હનુમાન મહાબળવાન દિયો સુખદાન દયા દિલ ધારી. ૫૯
કાળિયદત્ત હતો ઉનમત્ત હરેક રીતે કરવા હરિહત્યા,
છઠ્ઠિ દિને હરિને હરવા કરવા દુખ પ્રેરિ કુઢંગિણિ કૃત્યા;
દુઃખનિવારણ કારણ ત્યાં પણ આવી હર્યું દુખ દુષ્ટ વિદારી,
હે હનુમાન મહાબળવાન દિયો સુખદાન દયા દિલ ધારી. ૬૦
જ્યાં સમર્યા હરિયે વનમાં મનમાં ધરી તર્ત તમે તહીં આવ્યા,
ભૂત પિશાચ ભયંકર ભૈરવ ધારી ગદા કર મારિ હઠાવ્યા,
શ્રીહરિ કરિને સુપ્રસન્ન હણ્યા અરિને ફરીને પડકારી,
હે હનુમાન મહાબળવાન દિયો સુખદાન દયા દિલ ધારી. ૬૧
કામ કરી ઘનશ્યામતણું નિજધામ ગયા પરણામ કરીને,
જ્યાં સમરે હરિરાય તહાં વળી આવી સહાય કરી જ ફરીને;
વીરવિજોગથી ધીર તજી હરિવીરની ધીરજ આવી વધારી,
હે હનુમાન મહાબળવાન દિયો સુખદાન દયા દિલ ધારી. ૬૨
જે વૃષવંશ તણા જનઅંશ અસંશય એની સહાય કરો છો,
થાય વિપત્તિ તણી ઉત્તપત્તિ વિપત્તિ હમેશ અશેષ હરો છો;
ધારિ મહાવૃત નારિ તણી કદિ યારિ કરી નહી છો બ્રહ્મચારી,
હે હનુમાન મહાબળવાન દિયો સુખદાન દયા દિલ ધારી. ૬૩
હે હરિદૂત મરૂત સપૂત કરો અદભૂત ક્રિયા ઝટ કૂદી,
ઇંદ્રિજીત અભીત સદા પ્રભુમાં દૃઢ પ્રીતની રીતજ જુદી;

---

૧. મોટું ધિંગાણું

છો ભયભંજન રાક્ષસગંજન નાથનિરંજન રંજનકારી,
હે હનુમાન મહાબળવાન દિયો સુખદાન દયા દિલ ધારી. ૬૪
શાસ્ત્રવિચક્ષણ સર્વસુલક્ષણ ભક્તનું રક્ષણ આપ કરો છો,
વર્મ[1] તમે સતકર્મ તણા મનમર્મ ધરી શુભ ધર્મ ધરો છો;
દુર્લભ દેવ ભજ્યા કરી સૂલભ વલ્લભ શ્રીવૃષલાલવિહારી,
હે હનુમાન મહાબળવાન દિયો સુખદાન દયા દિલ ધારી. ૬૫

**પુષ્પિતાગ્રા :**

વિધિવત બધી મૂર્તિ થાપી નાથે, સ્તુતિ કરી તેની સમસ્ત સંત સાથે;
હરિવરતણું તે ચરિત્ર સારું, મનન કરો મન સર્વદા અમારું. ૬૬

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે*
*અષ્ટમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે*
*શ્રીલક્ષ્મીનારાયણાદિ મૂર્તિસ્થાપનસંતમંડળકૃતસ્તુતિનિરૂપણનામ*
*અષ્ટાવિંશતિતમો વિશ્રામઃ ॥૨૮॥*

**હરિગીત :**

પછી સંત સજ્યા સ્થાન જૈ નિરખ્યા ધરમકુળના ધણી,
અહિંયાંજ અક્ષરધામ દીઠું જ્યોતિ ઝગમગતી ઘણી;
કોટાનકોટિ શશાંક સૂર્યસમાન તેજ દિસે સહી,
આશ્ચર્ય ઉપજ્યું અતિઘણું વર્ણન જથાર્થ બને નહીં. ૧
અગણીત અક્ષરમુક્ત અગણિત શક્તિયો સેવા સજે,
અગણીત બ્રહ્મા વિષ્ણુ શંકર ભાવથી પ્રભુને ભજે;

**લક્ષ્મીનારાયણકૃત હરિસ્તુતિ :**

લક્ષ્મીસહિત શ્રીદ્વારિકાપતિ એમ બોલ્યા એ સમે,
દિગ્વિજય કરતા નાથ જ્યારે દ્વારિકા આવ્યા તમે. ૨
મેં તે સમે તમને કહ્યું શુચિ સંતવૃંદ વસે જહાં,
મંદિર કરાવીને મને પધરાવજો પ્રભુજી તહાં;

૧. કવચ

સૌ તીર્થસુધાં તે સ્થળે આંહી થકી આવીશ હું,
ત્યારે તમે એવું કહ્યું જે નક્કી એમ કરીશ હું. ૩
શુભ વાક્ય પ્રભુ પોતાતણું તે સત્યસત્ય કર્યું સહી,
મંદિર કરાવીને અમારી મૂર્તિયો સ્થાપી અહીં;
વળી ગોમતી આદિકતણું સ્થાનક અહીં જ કરાવશો,
છાપો કમળ ને શંખ ચક્ર ગદાની આંહિ અપાવશો. ૪
હે કૃષ્ણ તે ક્યારે થશે ચિરકાળમાં કે હાલમાં,
સુણી એમ બોલ્યા શ્રીહરિ કરશું જ થોડા કાળમાં;
પછી લક્ષ્મિસાથે દ્વારિકાપતિ મુર્તિયોમાં જૈ રહ્યા,
વળી ભક્તિ સાથે ધર્મ પણ કરવા સ્તુતિ ઉભા રહ્યા. ૫

**ભક્તિધર્મકૃતસ્તુતિ : શાર્દૂલવિક્રીડિત :**

ભક્તિધર્મ કહે અહો પ્રભુ તમે જે પુત્રરૂપે થયા,
આપ્યા આપ અમાપ સૌખ્ય અમને દીલે ધરીને દયા;
સૌના માતાપિતા તમે જ પ્રભુ છો આદિ અજન્મા તમે,
લીલા માત્ર સુપુત્રરૂપ નિરખ્યા સર્વેશ જાણ્યા અમે. ૬

**મત્સ્યાદિ અવતાર તથા સૂર્યનારાયણકૃત સ્તુતિ :**

મત્સ્યાદી અવતાર સૂર્ય ઉચરે હે અક્ષરાત્મા હરી,
સૌના કારણરૂપ ભૂપ સહુના ઈશેશના ઊપરી;
આજ્ઞા આપ તણી સુણી શિર ધરી જે કૃત્ય કીધાં અમે,
તે પ્રત્યેક અતકર્ય કૃત્ય કરવા ઐશ્વર્ય આપ્યું તમે. ૭

**શિવજીકૃત સ્તુતિ :**

બોલ્યા શંકર તે શિવાસહિત ત્યાં હેતે હરીને નમી,
હે ધર્માત્મજ નિત્ય ધ્યાન ધરવા મૂર્તિ તમારી ગમી;
આવા અંતરમાં રહો વળી કહો જે કાંઇ તે કીજીયે,
નિત્યે દર્શન દાન આપ અમને દાતાર થૈ દીજીયે. ૮

**ગણપતિકૃત સ્તુતિ :**

બોલ્યા શ્રીગણનાથ હે હરિ તમે કીધી કૃપા કોટિધા,
દીધાં દર્શનદાન માન દઈને સ્થાપ્યા કૃતાર્થો કિધા;

સર્વે શક્તિ રહે સદા તમ વિષે સંકલ્પમાં સિદ્ધિ છે,
જાણી દાસ દયાથી આપ અમને દૈવી કળા દીધિ છે. ૯

**હનુમાનકૃત સ્તુતિ :**

બોલ્યા શ્રીહનુમાન માન દઈને પ્રેમે પ્રણામો કરી,
હે સ્વામી સુખના સમુદ્ર સહજાનંદ પ્રભો શ્રીહરિ;
સેવા આપ તણી સદૈવ સજવા ઉત્સાહ રાખું અહો,
રાખો આપ સમીપ શ્યામ મુજને કાં તો રુદેમાં રહો. ૧૦
બ્રહ્માદી સુર સર્વ તે સ્તુતિ તહાં એવી રિત્યે ઉચર્યા,
સૌએ શ્રીહરિને પ્રસન્ન અતિશે કાવ્યાદિ બોલી કર્યા;
જેની જ્યાં પ્રતિમા હતી જઈજઈ ત્યાં લીન તે તો થયા,
જેનું સ્થપાન જે સ્થળે કર્યું હતું તે દેવ ત્યાં જૈ રહ્યા. ૧૧

**ઉપજાતિ :**

વર્ણી કહે સાંભળ હે નરેશ, લીલા કરી જે હરિએ વિશેષ;
આશ્ચર્યકારી કહું એહ વાત, અતર્ક્ય લીલા પ્રભુની અઘાત. ૧૨
શજ્યાલયે છે વૃષનો દુલારો, જુવે મળીને જન ત્યાં હજારો;
કરે ગતિ ચંચળ વીજ જેમ, ઉઠી પ્રભુજી વિચર્યા જ એમ. ૧૩
બહુ પ્રભુ પાછળ લોક દોડ્યા, કોઈ થકી કાંઈ રહે ન ઓડ્યા[1];
કોઈ તણી પાઘડિયો પડી ત્યાં, તે ખોળતાં તર્ત નહી જડી ત્યાં. ૧૪
કોઈ તણા ખેશ ગયા ખશીને, કોઈ પડ્યા તેહ ઉઠ્યા હસીને;
કોઈ તણા અંગરખાની ચાળ, ફાટી ગઈ હે નૃપ તેહ કાળ. ૧૫
ભુલ્યા જનો તે તનકેરુ ભાન, દિસે દિવાના જનના સમાન;
શ્રીવાસુદેવપ્રતિમા જહાંય, હરી થયા લીન જઈ તહાંય. ૧૬
કોઈ કહે શ્રીહરિકૃષ્ણરૂપ, તેમાં સમાયા વૃષવંશભૂપ;
કોઈ કહે મંડપમાં ગયા છે, સભા વિષે કોઈ કહે રહ્યા છે. ૧૭
દીઠા પ્રભુ એમ અનેક ઠામ, છે વિશ્વવ્યાપી શુભ જેનું નામ;
આશ્ચર્ય પામ્યા જન સર્વ એથી, માહાત્મ્ય જાણ્યું અતિ ઉગ્ર તેથી. ૧૮

---

૧. રોકાવું, અટકવું

સંતો પછી મંદિરથી સિધાવ્યા, મળી મહામંડપ મધ્ય આવ્યા;
પ્રભુ પુનઃ પૂજન જ્યાં કરે છે, વેદોક્ત મંત્રો દ્વિજ ઉચ્ચરે છે. ૧૯
સર્વે પ્રકારે પછી શાસ્ત્ર રીતે, પૂર્ણાહુતી ત્યાં કરી પૂર્ણ પ્રીતે;
ત્યાં દક્ષણાદાન દ્વિજો સહુને, દીધાં દયાળુ હરિયે બહુને. ૨૦
બેઠા પ્રભુજી પછી ભદ્રપીઠે[1], દૃષ્ટિ ઠરે તે છબી સારી દીઠે;
વિપ્રો મળીને અભિષેક કીધો, વેદોક્ત ત્યાં આશિરવાદ દીધો. ૨૧
ધારૂ તળાવે હરિ ત્યાંથી ચાલ્યા, સાથે સખા સંત સુભક્ત પાળા;
વાજિંત્ર વાજે વિવિધ પ્રકાર, વિપ્રો કરે વેદઋચા ઉચાર. ૨૨
તળાવમાં સંચરી તેહ કાળે, અવભ્રથ સ્નાન કર્યું કૃપાળે;
તહાં કર્યાં દાન વળી વિશેષ, પછી કર્યો મંદિરમાં પ્રવેશ. ૨૩
દિસે દિશાપૂરવ રૂપચોકી, ત્યાં ઓટલો ઉત્તમ તે વિલોકી;
બિરાજિયા ત્યાં અતિ સૌખ્યકારી, સમીપ બેઠા જન કારભારી. ૨૪
શિલ્પી જનોને શિરપાવ દીધા, કંગાલતા કાઢી નિહાલ કીધા;
તે શિલ્પિયોનાં શુભ નામ જેહ, સુણો સુણાવું તમને હું તેહ. ૨૫
વડોદરાના જન શિલ્પી જાણો, નામે પુરૂષોત્તમ તે પ્રમાણો;
બીજા હતા કેવળદાસ નામ, નિવાસ જેનો નડિયાદ ગામ. ૨૬
હિરાજી શિલ્પી મરુદેશવાસી, ત્રણે મળી શિલ્પકળા પ્રકાશી;
છે કાનજી ચિત્રકળા સુજાણ, તે વિપ્ર તો ગોંડળના પ્રમાણ. ૨૭
ઈત્યાદિને પાઘડી શાલ આપી, કંઠે ભલી કાંચનકંઠી થાપી;
આપ્યા કડાં કાંચનનાં કૃપાળે, દીધી વળી ચાખડિયો દયાળે. ૨૮
અમૂલ્ય વસ્તુ વળી જેહ આપી, તેનૂ નહી મૂલ્ય શકાય માપી;
હેતે હરીયે શિરહાથ થાપ્યો, અહો વળી અક્ષયવાસ આપ્યો. ૨૯

**પુષ્પિતાગ્રા :**

કરી હરિનતિ[2] દેવ લક્ષ્મિનાથે, કરી વળી દેવ વૃષાદિ સર્વ સાથે;
અવભૃથ કરી સ્નાન દાન દીધાં, હરિવર ચારુ ચરિત્ર એમ કીધાં. ૩૦

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે અષ્ટમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીલક્ષ્મીનારાયણાદિકૃત હરિસ્તુતિપૂર્ણાહુત્યાદિનિરૂપણનામૈકોનત્રિંશતિતમો વિશ્રામઃ ॥૨૯॥*

૧. સોનાનો બાજઠ ૨. શ્રીહરિની સ્તુતિ

**ઉપજાતિ :**

શિલ્પી જનોને સિરપાવ દૈને, પ્રાસાદથી પશ્ચિમ પાસ જૈને;
હે ભૂપ જ્યાં શુભ છત્રી આજ, તહાં બિરાજ્યા વૃષવંશરાજ. ૧
શોભીત સિંહાસન ત્યાં વરિષ્ઠ, હતું હરિના જનને અભીષ્ટ;
તે માંહિ ગાદી તકિયો ધરાવી, બિરાજિયા નાથ તહાં જ આવી. ૨
ત્યાં કૃષ્ણના સામી સભા ભરાણી, બેઠા મુની શાસ્ત્રી તથા પુરાણી;
વર્ણી તણાં વૃંદ ગૃહસ્થ વૃંદ, બેઠા સહુ ત્યાં થઈને સ્વચ્છંદ. ૩
કૃપાનિધિયે કરતાળી પાડી, કહી ભલી વાત ભૂજા ઉપાડી;
સુણો તમે સેવક સૌ અમારા, વાર્તા કહું છું હિતની તમારા. ૪

**અથ શ્રીલક્ષ્મીનારાયણાદિમહિમાકથન :**

આ મંદિરે સ્થાપિત રૂપ જેહ, છે પૂજવા જોગ્ય સમસ્ત તેહ;
એ તો સહુ છે અવતાર મારા, અર્ચ્યા થકી વાંછિત આપનારા. ૫
તે માંહિ મૂર્તિ વળી વાસુદેવ, તથા હરિકૃષ્ણ તણી અભવે[૧];
એ બેયમાં ભેદ કશો ન જાણો, પ્રત્યક્ષ મારી મૂર્તિ પ્રમાણો. ૬
તેમાં રહી હું સુખ સર્વ દૈશ, પૂજા કરે તે પણ માની લૈશ;
એ મૂર્તિદ્વારે અગણીત કેરું, કલ્યાણ થાશે જગમાં ઘણેરું. ૭
પ્રત્યક્ષ દેખે મુજને ન જેહ, તે મૂર્તિનું ધ્યાન કરે જ તેહ;
જો માનસી પૂજન તેનું થાય, પ્રત્યક્ષ પૂજાસમ છે સદાય. ૮
આ લક્ષ્મીનારાયણરૂપ જે છે, શ્રીદ્વારિકાધીશ સ્વરૂપ તે છે;
ઈત્યાદિ મારા અવતાર જાણી, પૂજો ધરો ધ્યાન ઉમંગ આણી. ૯
મેં મૂર્તિયો સ્થાપિત જેહ સ્થાને, જે તેહને આદરથી ન માને;
ન જાણવો આશ્રિત તે અમારો, તે તો મરીને નરકે જનારો. ૧૦
આ તીર્થમાં જો મન ભાવ લાવી, કોઈ કરે તીરથ શ્રાદ્ધ આવી;
તેના બધા પૂર્વજ મોક્ષ પામે, જાત્રા થકી અક્ષય સુખ જામે. ૧૧
પ્રત્યેક માસે તિથિ પૂર્ણિમાયે, જો આ સ્થળે નિયમથી અવાયે;
આ દેવનાં દર્શન એહ ટાણે, કર્યા થકી સિદ્ધિ અભીષ્ટ માણે. ૧૨

૧. ભેદ વગરનું, એકતા

જો કોઈ શ્રીભાગવતાદિ કેરા, કરાવશે પાઠ અહીં ઘણેરા;
જપાવશે જો મુજ મંત્રજાપ, તો તેહ તેને ફળશે અમાપ. ૧૩
જો દ્વાદશી આદિતણે દહાડે, સુસંતને કે દ્વિજને જમાડે;
સુપાત્રને દાન કદાપિ દેશે, તે તો મનોવાંછિત અર્થ લેશે. ૧૪
જ્યાં જ્યાં ફર્યો હું સ્થળ તેહ જાણે, જાત્રા કરે આંહિ વિધિપ્રમાણે;
તેનાં બધાં સંચિત પાપ જાય, કાયા ધરી તેહ કૃતાર્થ થાય. ૧૫
એવી રીતે વાત વિશેષ કીધી, સુણી સહુયે મન ધારી લીધી;
પછી પ્રભુયે ચિતમાં વિચારી, બોલાવિયા નૈષ્ઠિક બ્રહ્મચારી. ૧૬
નારાયણાનંદ પ્રમુખ્ય જાણો, ને માધવાનંદ બીજા પ્રમાણો;
ત્રિજાતણું તો રણછોડ નામ, તેને કહે છે તહિં મેઘશ્યામ. ૧૭
હે વર્ણી છો આપ સુધર્મવાળા, જરૂર જીતેંદ્રિય મેં નિહાળ્યા;
તપસ્વી છો ને રસને તજો છો, નિષ્કામી થૈને મુજને ભજો છો. ૧૮
સદૈવ આ મંદિરદેવ સેવા, જરૂર છાજે[1] શુચી આપ જેવા;
માટે રહી આ સ્થળ એહ દેહે, સેવા સજો દેવ તણી સનેહે. ૧૯
ધર્મી ભલા પૂજક હોય જ્યાંય, રહે તહાં દૈવત દેવમાંય;
અધર્મીનો સ્પર્શ થકી જરૂર, દેવો તણું દૈવત જાય દૂર. ૨૦
અધર્મીનો સ્પર્શ અશુદ્ધ લાગે, ચાંડાળથી બ્રાહ્મણ જેમ ભાગે;
કામી રસાસ્વાદિ હરામી સેવે, તે મૂર્તિમાં વાસ વસે ન દેવે. ૨૧
સૌ આજ તો જોઈ ભલા લહું છું, ભવિષ્ય માટે પણ હું કહું છું;
રાખો અહીં પૂજક વર્ણી કેવા, નિઃસ્વાદિ નિર્માની અકામી એવા. ૨૨
જે દેવકેરો મહિમા ન જાણે, સેવ્યાની શ્રદ્ધા ઉરમાં ન આણે;
એવાની સેવા અમને ન ભાવે, ઉદાસતા અંતર માંહિ આવે. ૨૩
શ્રીમંત રાજા અતિ અંબરીષ, સ્વહસ્ત સેવા કરતો અધીશ;
એવી જ શ્રદ્ધા ઉર હોય જેને, સેવા તણો છે અધિકાર તેને. ૨૪
શાસ્ત્રી વડો કે ગુણવાન કોય, સેવા તણો જે અધિકારી હોય;
સ્વહસ્તસેવા હરિની કરે છે, માહાત્મ્ય મોટું મનમાં ધરે છે. ૨૫
દેહાભિમાની બટુ[2] જેહ થાશે, કરાવશે પૂજન શિષ્ય પાસે;
પોતે ગુરૂ થૈ સુખ સર્વ માણે, પૂજા પ્રભુની શિરવેઠ જાણે. ૨૬

૧. શોભવું ૨. બ્રહ્મચારી

માની થકી પૂજન તો ન થાય, કે થાળ માનીથી નહી કરાય;
સન્માર્જની[1] માની કરે ન ધારે, તો પાપ તેનાં પ્રભુ શું નિવારે. ૨૭
સેવા વિષે સ્નેહ ન હોય જેને, સત્સંગી જાણો નહિ કોઇ તેને;
એ તો વડો નાસ્તિકનો જ રાજ, વર્ણી થયો તે નિજપેટ કાજ. ૨૮
એવાનું જ્યારે અપમાન થાય, તે વૈર લેવા ચિતમાં ચહાય;
તે દેવનો માલ લુંટાવી દેશે, કાં તો દગો દૈ દિલ શાંતિ લેશે. ૨૯
તે તો મરીને નરકે જ જાય, કે જીવતો રાક્ષસ રૂપ થાય;
તે દેવ સાથે બહુ દ્વેષ રાખે, ભલા ગુરૂના પણ દોષ ભાખે. ૩૦
જે ભૂખના દુઃખથી વર્ણી થાય, તેણે રસાસ્વાદ નહી જીતાય;
પછી પ્રસાદી પણ ખાય ચોરી, એવી કરે મોટી હરામખોરી. ૩૧
જે દેવને વસ્તુ ધરી ન હોય, તે બ્રહ્મચારી પણ ખાય તોય;
ખરેખરો નાસ્તિક તે ગણાય, મુવા પછી મર્કટ તેહ થાય. ૩૨
જેના થકી સ્વારથ સાધિ લેશે, તેને પ્રસાદી પણ ગુપ્ત દેશે;
તે તો મરીને જનમે બિલાડો, કાં તો પખાલીધર થાય પાડો. ૩૩
જો મંદિરે સ્ત્રીપર દૃષ્ટિ ધારે, તેનું મહાપાપ ઘણું વધારે;
જો કલ્પકોટી નરકે વસાય, તથાપિ તે પાપ નહી છૂટાય. ૩૪
દેવાલયે ઉત્સવ હોય જ્યારે, આવે સ્ત્રીયો દર્શન કાજ ત્યારે;
જો દૃષ્ટિને વશ્ય નહી રખાય, તો વર્ણી ત્યાં તેહ સમે ન જાય. ૩૫
સંકલ્પથી કાંઇ કરાય પાપ, વર્ણી કરે તો ઉપવાસ આપ;
કરે નહી તો અઘ વજ્રલેપ, તે થાય તેનો ન ટળે જ ચેપ. ૩૬
સ્ત્રીયાદિનો અંતર ઘાટ હોય, મૂર્તિ તણો સ્પર્શ કરે જ તોય;
તે વર્ણી ચાંડાલ થશે મરીને, જૈ કુંભિપાકે પડશે ફરીને. ૩૭
જેને દિલે છે વિષયોનું ઝાળ, તેનો ધર્યો દેવ જમે ન થાળ;
ચાંડાળનું ભોજન હોય જેમ, જમે નહી બ્રાહ્મણ કોઇ તેમ. ૩૮
રજોગુણી પૂજન તો કરાય, પોતે રહે સત્ત્વગુણી સદાય;
જડત્વ રાખે ભરતાખ્ય જેવું, જો હોય કલ્યાણ જરૂર લેવું. ૩૯
શ્રૃંગાર સારા સુરને ધરાવે, ખામી રહે તો નહિ ખોટ આવે;
જો બ્રહ્મચર્યવ્રત કાંઇ ભૂલે, તો જન્મનાં પુણ્ય તમામ ડૂલે[2]. ૪૦

૧. સાવરણી ૨. નાશ પામે

જે દેવ કેરી મરજાદ તોડી, મનુષ્ય કોઇ સહ નેણ જોડી;
ગમાર જે ગ્રામ્યકથા કરે છે, તે જન્મ મુંગા જનનો ધરે છે. ૪૧
આ વાત સૌ અંતર ધારી લેજો, તપાસી સેવા અધિકાર દેજો;
જો તેહમાં દુષણ કાંઇ દેખો, કાઢી મુકો શ્વાન સમાન લેખો. ૪૨
રાજા તણા જેહ હજૂરી દાસ, કેવા ધરે છે ઉરમાં ઉલાસ;
પ્રભુની સેવાતણી પ્રાપ્તિ હોય, તે ભાગ્યશાળી નહિ તુલ્ય કોય. ૪૩
એવી સુણી શ્રીમુખકેરી વાત, નમ્યા પ્રભુને પદ વર્ણિવ્રાત;
આજ્ઞા કરી તે ધરી સર્વશીશ, એથી થયા પૂર્ણ પ્રસન્ન ઈશ. ૪૪
તે દ્વાદશીથી દિન ચાર રાય, જમાડિયા બ્રાહ્મણ સંત ત્યાંય;
ત્યાં દક્ષિણા બ્રાહ્મણને વિશેષ, દીધી દયાળુ હરિ અક્ષરેશ. ૪૫
જ્યાં ધર્મશાળા શુભ સંત કેરી, ત્યાં પંક્તિ થાતી મુનિની ઘણેરી;
સંતો તણી પંગત થાય જ્યારે, પોતે પ્રભુ પીરસવા પધારે. ૪૬
નાનાવિધિનાં પકવાન્ન મિષ્ટ, મહાપ્રભુજી પિરસે અભીષ્ટ;
પ્રભુ તણી તેહ પ્રસાદી જાણી, બ્રહ્માદિ ઈચ્છે ઉર ભાવ આણી. ૪૭
સાંઝે ભલી શ્રેષ્ઠ સભા ભરાય, ત્યાં જ્ઞાનની વાત વિચિત્ર થાય;
સત્સંગીયો પૂજન કાજ આવે, સુવસ્ત્રને ભૂષણ તે ધરાવે. ૪૮
વડોદરાના જન નારુપંત, સત્સંગી સારા બહુ બદ્ધિમંત;
તેડાવી તેણે નિજને ઉતારે, પૂજા કરીને ધરી ભેટ ભારે. ૪૯
જ્યાં ઊતર્યાતા જનસંઘ જેહ, તહાં પ્રભુને પધરાવી તેહ;
પૂજા કરી ભેટ ધરી અપાર, કૃપાનિધાને કરી અંગિકાર. ૫૦
સત્સંગી વૃત્તાલયવાસી જેહ, ઉત્સાહી છે અંતર માંહિ તેહ;
તેણે પ્રભુને નિજ ઘેરઘેર, તેડાવી પૂજ્યા બહુ રૂડિપેર. ૫૧
લીધાં સહુયે સુખ જેહ રાય, તે સર્વ જીભે વરણ્યાં ન જાય;
લે છે સુખો અક્ષરમુક્ત જેવાં, લીધાં જને ભૂતળ માંહિ તેવાં. ૫૨
સભા વિષે ત્યાં વળી એક ટાણે, બેઠા મહારાજ રિતી પ્રમાણે;
વડોદરાના જન તેહ ઠામ, આવ્યા મળીને કહું તેહ નામ. ૫૩
છે મુખ્ય તેમાં નર નારુપંત, ને નાથજી તે પણ બુદ્ધિમંત;
છે લક્ષ્મીરામજી લાલ છોટા, તે તો કહ્યા મેં હરિભક્ત મોટા. ૫૪

ઈત્યાદિ સૌયે પ્રભુપાસ આવી, સ્નેહે નમીને વિનતી સુણાવી;
પ્રભુ અમારા પુર માંહિ પુષ્ટ, વેરાગી જે છે મતવાદી દુષ્ટ. ૫૫
સત્સંગીથી વાદ વિવાદ માંડે, પાછા પડે તોય ન વાદ છાંડે;
ભણ્યા વિના પંડિત થૈ રહે છે, સભા ભર્યાનું અમને કહે છે. ૫૬
માટે ભણેલા મુનિરાજ કોય, સભા જીતે એમ સમર્થ હોય;
તે મોકલો આપ વડોદરામાં, સમાસ થાશે બહુ આ સમામાં. ૫૭
પછી પ્રભુયે મુનિ મુક્ત નામ, તેને ભળાવ્યું શુભ એહ કામ;
કહ્યું તમે મંડળ સાથ લૈને, કરો કથાવાત તહાં જ જૈને. ૫૮
ગયા મુનિ વેણ ચડાવી માથે, વડોદરાના સતસંગી સાથે;
આવ્યા હતા સંઘ અનેક જેહ, વિદાય કીધા હરિયે જ તેહ. ૫૯
વાટે જતાં ઉત્સવ કેરી વાત, કરે વખાણી સતસંગીવ્રાત;
સૌથી વડો ઉત્સવ તે વિશેષ, વિખ્યાત વાતો થઈ દેશદેશ. ૬૦
શ્રીઅક્ષરાનંદ મુનીંદ્ર પાસ, પ્રભુજીયે વેણ કર્યું પ્રકાશ;
આ ધામથી ઉત્તર માંહિ જ્યાંય, આંબા ઘણા બેઠક છે તહાંય. ૬૧
છે ધારુનામે સર જેહ છોટું, ખોદાવીને તે કરજો જ મોટું;
બોલ્યા મુનીજી નમી તેહ ટાણે, કરાવશું નાથ કહ્યા પ્રમાણે. ૬૨

**પુષ્પિતાગ્રા :**

કરી હરિ વરતાલમાં પ્રતિષ્ઠા, પરમકથા જનપાવની વરિષ્ઠા[1];
મન ધરી સુણશે તથા કહેશે, ઈહ પરલોક સદા સુખી રહેશે. ૬૩

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે અષ્ટમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીલક્ષ્મીનારાયણપ્રતિષ્ઠાંતે*
*દેવપૂજકધર્મનિરૂપણનામ ત્રિંશત્તમો વિશ્રામઃ ॥૩૦॥*

**પૂર્વછાયો :**

કહે અચિંત્યાનંદજી, સુણો ભૂપ અભેસિંહ ભ્રાત;
સુરતમાં હરિ સંચર્યા, હવે તેહ સુણાવું વાત. ૧

---

૧. ઉત્તમ, અત્યંત શ્રેષ્ઠ

**ચોપાઈ :**

દેવ લક્ષ્મીનારાયણ જ્યારે, સ્થાપ્યા શ્રીવરતાલમાં ત્યારે;
ધજા ચડાવતાં તેહ સ્થાન, સુરતીને દીધું વરદાન. ૨
અમે આવશું સુરત શેહેર, કરશું તહાં લીલા લહેર;
પાળવા તે પોતાનું વચન, કહે સુરતના હરિજન. ૩
અહો શ્રીહરિ સુરત ચાલ્યો, વરદાન દીધું છે તે પાળો;
કહે શ્રીહરિ આવશું અમે, જાઓ આગળથી તહાં તમે. ૪
કહી એ રીતે કીધા વિદાય, આવી કાર્તિક વદ દ્વિતિયાય;
ચાલ્યા વરતાળથી વૃષનંદ, લીધાં સંઘાતે સંતના વૃંદ. ૫
સાથે ધર્મ તણો પરિવાર, લીધા કાઠિ સખા અસવાર;
સાથે શાસ્ત્રી લીધા શોભારામ, વટપત્તનમાં જેનું ધામ. ૬
રુડા શાસ્ત્રી બીજા રઘુનાથ, લીધા શ્રીજીયે તેઓને સાથ;
નિત્યાનંદ આદિક જે ભણેલા, લીધા સદ્‌ગુરુઓ પણ ભેળા. ૭
બોચાસણમાં રહ્યા જઈ રાત, ત્યાંથી પરવર્યા ઊઠી પ્રભાત;
ગયા દેવાણ ધર્મદુલારો, કર્યો દરબાર માંહિ ઉતારો. ૮
રહ્યા ત્યાંથી કારેલિયે રાત, સઘળો સંઘ લૈને સંઘાત;
સરોવર થકી દક્ષિણમાંય, ત્રિભૂવનપતિ ઊતર્યા ત્યાંય. ૯
હરિજન રઘનાથ પટેલ, તેની પત્નિ નામે બાઈ વેલ;
દીધી સંતોને તેણે રસોઈ, રુડો અવસર ઉત્તમ જોઈ. ૧૦
અયોધ્યાપ્રસાદે રઘુવીરે, કર્યો થાળ તૈયાર તે ધીરે;
વળી ગોપાળજી મહારાજે, કરી બાટિયો શ્રીહરિ કાજે. ૧૧
જમ્યા જીવન જગતઆધાર, જમ્યો ધર્મ તણો પરિવાર;
નિજ ઘેર તેડી ઘનશ્યામ, પૂજા કીધિ પટેલ તે ઠામ. ૧૨
જ્ઞાનની વાત ત્યાં ઘણી કરી, બીજે દિવસ ચાલ્યા ત્યાંથી હરી;
ગયા ગિરધર ગજેરે ગામ, વિપ્ર કાળુ રહે તેહ ઠામ. ૧૩
વિનતી તેણે રાખવા કરી, પણ ત્યાં તો ટક્યા નહિ હરિ;
અણખી ગામની સીમમાંય, વાંસ નામે તળાવ છે ત્યાંય. ૧૪
સ્નાન આદિ કર્યું તેહ ઠામ, ગયા ત્યાંથકી અણખી ગામ;
ત્યાંના હરિજન હરખ્યા અપાર, પૂજ્યા પ્રેમથી પ્રાણઆધાર. ૧૫

પછી મા'નુભાવાનંદ પાસ, એમ બોલિયા શ્રીઅવિનાશ;
પત્ર સૌ સંતને મોકલાવો, શેહેર સુરતે સૌને તેડાવો. ૧૬
પાંચસે સંત જો ભેળા થાય, ત્યાંના હરિજન બહુ હરખાય;
ઘણો સામાન કીધો છે ત્યાંય, થોડા સંતે નહી રાજી થાય. ૧૭
વરતાલ છે સંત પચાસ, મોકલો તહાં માધવદાસ;
બીજા જ્યાં હોય ત્યાંય સિધાવે, સૌને તેડીને સુરત આવે. ૧૮
કહ્યું માધવદાસને જ્યારે, ગયા માધવદાસ તે ત્યારે;
ગયા આમોદ શ્રીમહારાજ, ત્યાં તો આવી મળ્યો તે સમાજ. ૧૯
વડહેઠ બિરાજિયા વાલો, ધર્મરક્ષક ધર્મનો લાલો;
હતા ત્યાં શેઠ હરજીવન, કર્યાં તેણે આવી દરશન. ૨૦
વિનતી તેણે રહેવાની કરી, ત્યારે બોલ્યા કૃપા કરી હરિ;
રસોઈ કરાવો તમે ઘેર, સંત સૌ જમશે શુભપેર. ૨૧
થૈશું આગળ ચાલતા અમે, ચવેણું આપો સ્વારોને તમે;
અતિઆગ્રહ શ્રીજીનો જાણી, બરફી મમરા આપ્યા આણી. ૨૨
હરિભક્ત વળાવીને વળિયા, ચાલ્યા શ્રીહરિ સ્વારને મળિયા;
બુવાગામ ભણી જતાં ત્યાંય, આવ્યો વિસામો મારગમાંય. ૨૩
બરફી જમ્યા ત્યાં બેસી નાથ, પછી સંચર્યા અસવાર સાથ;
અસવાર તો મારગમાંય, બરફી મમરા ખાતા જાય. ૨૪
અસવાર થઈ નાંગમાલો, એ તો સર્વેથી આગળ ચાલ્યો;
જુદા મારગ બે પડ્યા જ્યાંય, ઉભો દીઠો પુરુષ એક ત્યાંય. ૨૫
બૂવા ગામનો મારગ જાતાં, પૂછ્યો તેહને મમરા ખાતાં;
બોલ્યા ઊતાવળા તે અથાગ, ભાઈ મમરાનો કિયો માર્ગ. ૨૬
દાદોખાચર બોલ્યા તે વારે, માર્ગ મમરાનો મુખ તારે;
નથી મારગ તે કાંઈ છાનો, પૂછો મારગ ગામ બૂવાનો. ૨૭
હશ્યા તે સુણી સૌ અસવાર, હશ્યા કોટિ જગતકરતાર;
પછી મારગ પુછી સંચરિયા, પ્રભુ ગામ બુવે પરવરિયા. ૨૮
હતો પીપળો ભાગોળ માંય, બેઠા જૈને મહાપ્રભુ ત્યાંય;
હરિભક્ત આવ્યા તેહ ઠામ, તેઓમાં કહું મુખ્યનાં નામ. ૨૯

કાનદાસ ને ગુલાબભાઈ, દાસ ઈશ્વર ને દરુભાઈ;
નરસીદાસ ને લાલદાસ, દાજીભાઈ ને ભવાનીદાસ. ૩૦
દાસ કરશન ને વેરિભાઈ, અજુભાઈ બે આવિયા ધાઈ;
સામા એહ આદિ સહુ આવ્યા, વાજતે ગાજતે પધરાવ્યા. ૩૧
કાનદાસ તણી ડેલીમાંય, ઉતર્યા અક્ષરેશ્વર ત્યાંય;
હતા સંત તથા બ્રહ્મચારી, મેડા ઉપર કીધી પથારી. ૩૨
કાઠીયોને જેને ઘટે જેવા, આપ્યા સૌને ઉતારા તો એવા;
કાનજીદાસને કહે માવો, ખીચડી રોટલા જ કરાવો. ૩૩
કાનદાસ બોલ્યા રુડિપેર, કોઈ આવે છે જન અમઘેર;
ત્યારે મિષ્ટાન ભોજન થાય, રોટલા ન કદી પિરસાય. ૩૪
તમે રાજા તણા અધિરાજ, કેમ રોટલા કીજીયે આજ;
એવી વાત કરે છે જ્યાં કાંઈ, આવ્યા આમોદથી મોટાભાઈ. ૩૫
એ તો આમોદ કેરા અમીન, નામ નરહરદાસ પ્રવીન;
તેણે જાણ્યું જે શ્રીહરિ આવ્યા, તેથી વસ્ત્ર ભલાં ભલાં લાવ્યા. ૩૬
પ્રેમે પૂજવા શ્રીમહારાજ, લાવ્યા ચાદરો સંતને કાજ;
રસોઈ દુધપાકની દેવા, લાવ્યા ચારોળી આદિક મેવા. ૩૭
પ્રણમ્યા પ્રભુને પગે આવી, પુછ્યું શી છે રસોઈ કરાવી;
બોલ્યા મધુર વચન એમ માવો, ખીચડી રોટલા જ કરાવો. ૩૮
ત્યારે બોલિયા નરહરદાસ, વશિયે જ્યારે અક્ષરવાસ;
આપો ખીચડી રોટલા ત્યારે, તે તો નવ પચે પેટ અમારે. ૩૯
પછી શ્રીહરિએ રજા દીધી, ત્યારે સારી રસોઈ તે કીધી;
રસોઈનો તે સામાન કરવા, વળી દાળ ચોખાદિક છડવા. ૪૦
મળી બાઈયો મંડી ઉમંગે, તેનાં નામ કહું આ પ્રસંગે;
તેજબા તથા જીબા ગણાય, કાનદાસની પત્નિયો થાય. ૪૧
રુપબા તેની પુત્રીનું નામ, જેને વા'લા ઘણા ઘનશ્યામ;
દરુભાઈની માતા અવલ, ભગિનિ તો કેસર નિરમળ. ૪૨
બોન જીબા તો પત્નિ પવિત્ર, પ્રભુપદ જેનો પ્રેમ વિચિત્ર;
દત્તાબા ને હરીબા તે બેય, લાલભાઈની પત્નિયો છેય. ૪૩

મોટા ગુલાબભાઈની માતા, સખબા સહુને સુખદાતા;
કંકુબા અને સાકરબાઈ, તે તો પત્નિયો બેય ગણાઈ. ૪૪
દલબા ને જીબા નામે જેહ, મહાપાવન પુત્રિયો તેહ;
કર્યો સામાન સૌયે તૈયાર, જાણી જગના જીવન જમનાર. ૪૫
મેડી ગુલાબભાઈની જ્યાંય, જગ્યા સાફ કરાવીને ત્યાંય;
કર્યો ગોપાળજી મહારાજે, થાળ શ્રીહરિકૃષ્ણને કાજે. ૪૬
ભાળી ભાવ જમ્યા ભગવાન, ધર્મવંશી જમ્યા ધર્મવાન;
જમ્યા સંત રસોઈ કરીને, જમ્યા પાર્ષદ પ્રેમ ધરીને. ૪૭
મેડી ગુલાબભાઈની જ્યાંય, પોઢ્યા હિંડોળે શ્રીહરિ ત્યાંય;
ત્રીજે પો'ર ઉઠ્યા ગિરધારી, સજી ડેલા આગળ સભા સારી. ૪૮
પૂજા ત્યાં કરી નરહરદાસે, ભેટ સારી ધરી પ્રભુપાસે;
વસ્ત્ર ભૂષણ અર્પ્યાં તથાપી, સંતને વળી ચાદરો આપી. ૪૯
પછી સત્સંગીયે ઘેરઘેર, કરી પધરામણી રુડિપેર;
બીજે દિવસ સવારનાં નાથ, ગયા ના'વા સહુ સંત સાથ. ૫૦
કૂવો દીઠો તળાવમાં ત્યાંય, ના'યા બેસી હરિ થાળામાંય;
દુલેશ્વર શિવનાં દરશન, કરવા ગયા જગજીવન. ૫૧
પીપળે ચોતરો દીઠો ત્યાંય, બેઠા શ્રીજી સજીને સભાય;
મતવાદી બેઠા ઘણા આવી, ત્યારે શાસ્ત્રની ચર્ચા ચલાવી. ૫૨
જંબુસર અને આમોદ કેરા, બેઠા વૈષ્ણવ આવી ઘણેરા;
વાદ કરવા આવ્યા હરિ સાથે, સૌના સંશય ટાળિયા નાથે. ૫૩
આપ્યા ઉત્તર વિવિધ પ્રકાર, સૌને જીતી કર્યો જેજેકાર;
પ્રભુ આવિયા ત્યાંથી ઉતારે, ચાલ્યા તૈયાર થૈ પછી જ્યારે. ૫૪
આજ મંદિર છે જેહ ઠામ, આવ્યા તે સ્થળ શ્રીઘનશ્યામ;
હૈયામાં હરિ હરખિત હોઈ, ઘોડી ઊભી રાખી જગ્યા જોઈ. ૫૫
કાનદાસને કહે ગિરધારી, જગ્યા મંદિર જોગ્ય છે સારી;
માટે આ સ્થળ મંદિર કરજો, મારી આજ્ઞા સુણી અનુસરજો. ૫૬
કાનદાસ બોલ્યા પ્રભુ પાસે, હશે આપ ઈચ્છા એમ થાશે;
ત્યાંથી ચાલ્યા પછી ભગવાન, ગયા કેલોદ કરુણાનિધાન. ૫૭

તહાં ભાતું જમ્યા ભલી રીતે, ગયા ત્યાંથી ભરૂચમાં પ્રીતે;
દીઠો પીપળો નર્મદાતીર, બેઠા ચોતરે શ્યામશરીર. ૫૮
તહાં હરિજન દર્શને આવ્યા, ભેટ વિવિધ પ્રકારની લાવ્યા;
પછી ત્યાંથી ચાલ્યા જગતાત, અંકલેશ્વર જૈ રહ્યા રાત. ૫૯
વાવ્ય આગળ કીધો ઉતારો, ચાલ્યા વહાણામાં ધર્મદુલારો;
ગયા ચોકિયે સુંદર શ્યામ, ગયા ત્યાંથકી કોશાડ ગામ. ૬૦
કૃષ્ણ ત્યાંથી કાપોદરે આરે, તાપી ઊતરીને ગયા પારે;
વદી સપ્તમી ને શનિવાર, જ્યારે દિવસ ચડ્યો ઘડી ચાર. ૬૧
કાજુ કાર્તિક માસ તે જાણો, સાલ એકાશિમી તે પ્રમાણો;
સૌયે તાપી વિષે કર્યું સ્નાન, કરી નિત્યક્રિયા ભગવાન. ૬૨

**પુષ્પિતાગ્રા :**

સરિત સમિપ જોઈ શ્રેષ્ઠ સારો, રુસતમ બાગ વિષે કર્યો ઉતારો;
અવનિ ઉપર ધન્ય એહ બાગ, પ્રભુપદ અંકિત ભુમિ જેહ ભાગ. ૬૩

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે અષ્ટમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિતાપીનદીતટે રુસ્તમબાગે નિવાસનામૈકત્રિંશો વિશ્રામઃ ॥૩૧॥*

**પૂર્વછાયો :**

શ્રીહરિ રુસ્તમ બાગમાં, જઈ ઉતર્યા ઉત્તમપેર;
ત્યાંથકી દક્ષિણ દિશ વિષે, રહ્યું બે ગાઉ સુરત શેહેર. ૧

**ચોપાઈ :**

થયું સુરત શેહેરમાં જાણ, આવ્યા શ્રીહરિ પ્રગટ પ્રમાણ;
દરશન કરવા નરનારી, થયાં હરિજન આતુર ભારી. ૨
હરગોવિંદ નામે પટેલ, અતિશે જ ઉમંગ ભરેલ;
જગજીવન જે મહેતાજી, સુણી તેહ થયા રાજીરાજી. ૩
ભક્ત ગોવિંદ વાળંદ જેહ, ત્રણે જણ આવ્યા બાગમાં તેહ;
પ્રભુને કર્યા દંડપ્રણામ, પુછ્યું ક્યારે પધારશો શ્યામ. ૪

સુણી બોલિયા શ્રીભગવંત, ઘણા પાછળ રહી ગયા સંત;
આવતી કાલે આવશે જ્યારે, અમે શેહેરમાં આવશું ત્યારે. ૫
પછી તે ત્રણ શહેરમાં ગયા, સમાચાર તે સર્વને કહ્યા;
ત્યારે સૌ સતસંગીયો મળી, ચાલ્યા દરશન કરવાને વળી. ૬
લીધો સીધાનો સામાન સાથે, લીધા હાર તોરાદિક હાથે;
મુખ્ય શેઠ તો લક્ષમીચંદ, ભલા સત્સંગી ભક્ત ગોવિંદ. ૭
મારફતિયા રુડા દયારામ, એહ આદિક ચાલ્યા તમામ;
પ્રભુને કર્યા આવી પ્રણામ, સ્નેહે પૂજિયા શ્રીઘનશ્યામ. ૮
અન્યોઅન્ય પુછ્યા સમાચાર, સૌને આનંદ ઉપજ્યો અપાર;
સીધું આપીયું તે લીધું જોઇ, કીધી સર્વને કાજે રસોઇ. ૯
આવ્યાં ત્યાં મહાલક્ષમીબાઇ, લાવ્યાં કૃષ્ણને કાજે મીઠાઇ;
ભાવે ભૂધરને ભેટ કીધી, કૃપાનાથે કૃપા કરી લીધી. ૧૦
આવ્યા માણેકચંદ સુજાણ, તે તો લાવિયા ઘાસ જોગાણ;
થઇ ત્યાં તો રસોઇ તૈયાર, જમ્યા શ્રીજી ને સંત તે વાર. ૧૧
હતો બંગલો તાપીને તીર, થાળ ત્યાં જમ્યા શ્યામશરીર;
પોઢ્યા ત્યાંજ કૃપાના નિધાન, થોડીવારે જાગ્યા ભગવાન. ૧૨
અરદેશરજી તણો પત્ર, આવ્યો એ અવસર માંહિ તત્ર;
પ્રભુ કાલે થશે રવિવાર, કચેરી ન કરે સરકાર. ૧૩
તેથી સર્વે જનો સરકારી, સામા આવશું લૈને સવારી;
આપશું ઉતારો શેહેરમાંય, લાલકરશનની વાડીમાંય. ૧૪
પછી ઉત્તર એનો લખાવ્યો, તમે ઠીક વિચાર ઠરાવ્યો;
દાળિયા હરિજન દયારામ, નવો મેનો[૧] લાવ્યા તેહ ઠામ. ૧૫
ભગવાનને ભેટ તે દીધો, કૃપાનાથે અંગિકાર કીધો;
તેમાં બેસીને સૌ જન સાથ, નિલકંઠે ગયા મુનિનાથ. ૧૬
મહાદેવનાં દર્શન કરી, તહાં વાતો કરી સભા ભરી;
પછી પોઢિયા જૈને ઉતારે, શ્રીજી તાપીમાં ના'યા સવારે. ૧૭
જળક્રીડા કરી સખાસંગે, પછી વસ્ત્ર રુડાં ધર્યાં અંગે;
એવે અવસરે થૈ એક વાત, ત્યાંના તીર્થદેવો સાક્ષાત. ૧૮

૧. પેટી ઘાટની પાલખી

પ્રભુનું ચરણોદક પીધું, પછી સ્તવન તાપીતણું કીધું;
ના'યા પુરુષોત્તમ મહારાજ, તાપી થૈ તું કૃતારથ આજ. ૧૯

**શાલિની :**

ક્રોધી કામી કોઈ વામી હરામી, વેશ્યાગામી કે સદાચારખામી;
તુંમા નાયી જાય છે પાપ આપી, થૈ નિષ્પાપી આજ તાપી પ્રતાપી. ૨૦
તીર્થો જેના પાવનો સ્પર્શ ઇચ્છે, કીર્તી જેની પાર્વતીનાથ પ્રીછે;
તેણે તારાં નાંખિયા પાપ કાપી, થૈ નિષ્પાપી આજ તાપી પ્રતાપી. ૨૧
જેને જોવા જોગિયો મંત્ર જાપે, જેને જોવા તાપ પંચાગ્નિ તાપે;
તેણે તારે શીશ સદ્દૃષ્ટિ થાપી, થૈ નિષ્પાપી આજ તાપી પ્રતાપી. ૨૨
કૃષ્ણે તારા નીરમાં સ્નાન કીધું, પ્યારી જાણી પ્રીતથી પાણી પીધું;
રે'શે તારી વિશ્વમાં કીર્તિ વ્યાપી, થૈ નિષ્પાપી આજ તાપી પ્રતાપી. ૨૩

**ચોપાઈ :**

તીર્થદેવ કહે સુણ તાપી, અહીં સ્નાન જે કરશે કદાપી;
તેનાં પાપ સકળ બળી જાશે, દાનનું ફળ શતગણું થાશે. ૨૪
તીર્થદેવે સ્તુતિ એમ કરી, સૂર્યસુતાયે[૧] શ્રવણે ધરી;
પછી શ્રીજી તહાંથી સિધાવ્યા, સાથે સંત હરિજન આવ્યા. ૨૫
મહાદેવ અશ્વનીકુમાર, તેનાં દર્શન કીધાં તે વાર;
ગુપ્તેશ્વર અને રામનાથ, સોમનાથ ગયા સહુ સાથ. ૨૬
એમ દેવનાં દર્શન કરી, આવ્યા રુસ્તમ બાગમાં હરી;
સંતો રસ્તે રહ્યા હતા જેહ, આવ્યા એ સમે સૌ તહાં એહ. ૨૭
દક્ષણી એક તો હરિભાઇ, બીજા તો ઈસુજી આવ્યા ધાઈ;
તેણે સંતોને દીધી રસોઇ, બોલ્યા જીવન તે સમે જોઈ. ૨૮
અહો સંતો સુણો એહ વાર, સદ્ય કરજો રસોઇ તૈયાર;
જાવું છે આજ સુરતમાંય, માટે જમતાં વિલંબ ન થાય. ૨૯
સુણી સંતે તે સામાન લીધો, પછી પાકનો આદર કીધો;
નિષ્કુળાનંદે બાગ મોઝાર, કર્યો હિંડોળો સરસ તૈયાર. ૩૦

૧. તાપી નદી

હતી આંબલી એક વિશાળે, બાંધ્યો હિંડોળો તેહની ડાળે;
તહાં શ્રીજીને સંતે ઝુલાવ્યા, સર્વ હરિજન દર્શને આવ્યા. ૩૧
થયો તે સમે થાળ તૈયાર, જમ્યા જૈને જગતકરતાર;
સંતને રુડી રીતે જમાડ્યા, શ્યામ સૌને સંતોષ પમાડ્યા. ૩૨
પછી બેઠા સભા સજી સારી, કહ્યાં શિક્ષાનાં વચન ઉચ્ચારી;
સુણો સુરતના હરિજન, સંપ રાખજો સૌ અન્યોઅન્ય. ૩૩
કોઈને ઘેર મેમાન જાય, તેના ઘરમાં જો સંપ દેખાય;
ત્યારે મેમાન પામે ઉલ્લાસ, વસે વધતા દિવસ તહાં વાસ. ૩૪
દેખે ઘરમાં કુસંપ તે જ્યારે, ચાલી નીસરે મેમાન ત્યારે;
તેમ સંપ જો રાખશો તમે, રેહેશું વધતા દિન અમે. ૩૫
હરિભક્તને જાણવા કેવા, ધ્રુવ પ્રહ્લાદ અમરિષ જેવા;
મહિમા એવો જ્યારે જણાય, માંહો માંહિ કુસંપ ન થાય. ૩૬
મહિમા સમઝે નહિ જ્યારે, ઈરષા આવે અંતરે ત્યારે;
મહિમા સમઝ્યા વિના ભાઈ, થાય વિક્ષેપ સત્સંગીમાંઈ. ૩૭

**હરિભક્તોમાં સંપ રાખવા વિષે : ઉપજાતિ :**

ન સંપ રાખે સતસંગી થૈને, શું જ્ઞાન પામ્યા સતસંગ લૈને;
તીર્થે જઈ પાપ તજ્યું ન જ્યારે, શી તીર્થજાત્રા કરી તેહ ત્યારે. ૩૮
સંતાન જો સંપી વસે સદાય, માતાપિતા તેથકી રાજી થાય;
કુસંપી જો તેહ કરે કલેશ, માતાપિતા રાજી રહે ન લેશ. ૩૯
સતસંગીમાં સંપ દિસે સદાય, તો દેખીને ઈશ્વર રાજી થાય;
કદાપિ જો તેહ કુસંપ દેખે, તો ભક્ત સારા પ્રભુજી ન લેખે. ૪૦
સત્સંગીનો જો મહિમા મનાય, કદાપિ તો કેમ કુસંપ થાય;
જો મેઘ મોટાં ઘર પાડી નાખે, તથાપિ ઈચ્છા ઘન કેરી રાખે. ૪૧
સંસારમાં જે સમજુ ગણાય, વેઠે ઘસારો પણ સંપ ચા'ય;
તો જ્ઞાન પામી નહિ સંપ રાખે, તેને કહો કોણ સુભક્ત ભાખે. ૪૨
પ્રીતિ તજે તુચ્છ પદાર્થ માટે, કે સંપ છોડે અભિમાન સાટે;
તો જાણવો તે જન બુદ્ધિહીન, વેઠે પછી કષ્ટ મહા કઠીન. ૪૩
સત્સંગમાં સંપ ઘણો જણાશે, સત્સંગની વૃદ્ધિ વિશેષ થાશે;
સત્સંગથી સંપ જશે જ જ્યારે, દશા જણાશે પડતી જ ત્યારે. ૪૪

માટે કરો જો મુજને પ્રસન્ન, કુસંપ ક્યારે ધરશો ન મન;
જો કોઈ જાણો મહિમા અમારો, તો ભક્ત મારા પર પ્રેમ ધારો. ૪૫

**ચોપાઈ :**

બોલ્યા હરિજન સૌ જોડી હાથ, સંપી ચાલશું હે દીનાનાથ;
કદિ કોઈનો આવ્યો અભાવ, ક્ષમા કરજો તે નટવર નાવ. ૪૬
પછી અકેકે પાસે બોલાવી, પ્રભુજીયે પ્રતિજ્ઞા અપાવી;
બોલ્યા સૌ પ્રણમી પ્રભુ પાય, સંપી ચાલશું નાથ સદાય. ૪૭
મુક્તાનંદ પ્રત્યે કહે માવો, બંદોબસ્ત કરો તમે આવો;
કોઈ સંતના મંડળમાંઈ, વસ્તુ કોઈને જોઈયે કાંઈ. ૪૮
કહે તે નિજસદ્‌ગુરુ આગે, સતસંગી પાસે નવ માગે;
તમે સંત મળીને સમસ્ત, સારો એવો કરો બંદોબસ્ત. ૪૯
મુક્તાનંદજી આસને ગયા, સંત સર્વ ત્યાં એકઠા થયા;
કહે મુક્તમુની સુણો સંત, તમે છો સર્વ વૈરાગ્યવંત. ૫૦
ચકૂ[1] કાતર દોરા કે સોય, વસ્તુ કોઈને જોઈતી હોય;
નહિ માંગવી સત્સંગી પાસે, એવી આજ્ઞા કરી અવિનાશે. ૫૧
હોય મંડળમાં ગુરુ જેહ, તેની પાસે જ માંગવી તેહ;
ગુરુઓને જો જોગ્ય જણાશે, માગશે સ્વામી આનંદ પાસે. ૫૨
સતસંગીમાં મુખ્ય જે હશે, સ્વામી આનંદ તેને કહેશે;
વસ્તુ આપશે તેહ મગાવી, ગમે છે હરિને રીત આવી. ૫૩
પણ જેની તેની પાસે માગે, માગનારનું માન તે ભાગે;
વળી સંત તે લોભી જણાય, આપનારને સંશય થાય. ૫૪
એવી રીતે કરી બંદોબસ્ત, શ્રીજીને કહી વાત સમસ્ત;
સુણી રાજી થયા મહારાજ, જાણ્યું શુદ્ધ છે સંતસમાજ. ૫૫
ત્રીજો પો'ર થયો પછી જ્યારે, આવી અસ્વારી સન્મુખ ત્યારે;
અરદેશરજી કોટવાળ, જેની કીર્તિ વિશેષ વિશાળ. ૫૬
જેને માન આપે સરકાર, વળી આપ્યો ઊંચો અધિકાર;
કર્યું સરકારનું સારું કામ, જેથી તેને મળ્યાં ચાર ગામ. ૫૭

૧. ચપ્પું

અંગરેજી ભણેલ તે પૂરો, નહી ફારશી માંહિ અધૂરો;
મોટામોટા ગવર્નર જેવા, ઈલકાબ આપે ભલા એવા. ૫૮
જેને ખાનબહાદુર[૧] કહે, રાજી કંપની સરકાર રહે;
કારભારી થયા અને થાશે, એના જેવો તો એ જ ગણાશે. ૫૯
જેની બુદ્ધિનો પરમ પ્રકાશ, તે છે શ્રીજીનો દાસાનુદાસ;
સાથે મંડળ લૈ સરકારી, આવ્યા તેહ સજી શુભ સ્વારી. ૬૦
કોઈ દફતરદાર[૨] ગણાય, શિરસ્તેદાર[૩] કોઈ લખાય;
મુનસફ[૪] અને સદર[૫] અમીન[૬], કોઈ વકીલ વિશેષ પ્રવીણ. ૬૧
રસાલાના આવ્યા અસવાર, જમાદાર[૭] કોઈ સુબેદાર[૮];
ગારદીતણી[૯] પલટણ આવી, મોટાં વાજાં વિલાયતી લાવી. ૬૨
અરદેશરના સગા ભાઈ, પીરુશા આવિયા હરખાઈ;
બીજા પારશિયો નામદાર, આવ્યા હિંદુ મોટા સાહુકાર. ૬૩
આવ્યો નવાબ સાહેબ કેરો, રસાલો તે તો શોભે ઘણેરો;
વાજે નોબત ફરકે નિશાન, શોભે સરદાર મુસલમાન. ૬૪
જોવા આનંદ કેરા કલ્લોલ, આખું શેહેર ચડ્યું ચકડોળ;
ટોળેટોળાં મળી જન જાય, જતાં મારગમાં નહિ માય. ૬૫
સ્વારી રુસ્તમબાગમાં આવી, નમ્યા સૌ પ્રભુને ભાવ લાવી;
વિનતી અરદેશરે કરી, પધારો પુરમાં તમે હરી. ૬૬
મોટા સંત બોલ્યા મુનિબાવો, દયાસિંધુ દયા દિલ લાવો;
પ્રભુજી પુર માંહિ પધારો, સર્વ જનના મનોરથ સારો. ૬૭

**પુષ્પિતાગ્રા :**

વિનતિ સુણી દયાળુ કૃષ્ણદેવ, તતપર આપ થયા જ તર્તખેવ;
સુરતનગરવાસી લોક જેહ, દરશન પામી થશે કૃતાર્થ તેહ. ૬૮

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે અષ્ટમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે સુર્યપુરાત્શ્રીહરિ-સન્મુખઅસ્વારીઆગમનનામ દ્વાત્રિંશત્તમો વિશ્રામઃ ॥૩૨॥*

---

૧. મુસલમાન અને પારસીને અપાતો ખિતાબ ૨. કચેરીનો ઉપરી અમલદાર ૩. અમલદાર નીચે કામ કરનાર ૪. ન્યાયાધીશ ૫. પ્રમુખ ૬. એક પ્રકારનો અમલદાર ૭. સિપાહીઓની નાની ટુકડીનો ઉપરી ૮. પ્રાંતનો વડો ૯. તોપખાનાનો ઉપરી

**પૂર્વછાયો :**

શ્રીહરિ સૂરતમાં જવા, થયા માણકીયે અસવાર;
હરિજન હરખ્યા નિરખીને, સહુ ઉચ્ચરે જયજયકાર. ૧

**ચોપાઈ :**

હતા સદ્‌ગુરુ સંત જે ત્યાંય, બેઠા મેના ને પાલખીમાંય;
બેય ભાઈ તણા પુત્ર હતા, તાવદાનોમાં તેહ શોભતા. ૨
રથ માંહિ બેઠા કોઈ સંત, પગપાળા તો ચાલે અનંત;
ચાલ્યા સૌથી આગળ વાજાંવાળા, પછી પલટણના સહુ પાળા. ૩
રસાલાના પછી અસવાર, પછી શોભે ઘણા સરદાર;
પછી હરિજન કીર્તન ગાવે, ઘણા તાલ મૃદંગ બજાવે. ૪
પછી સંતનાં મંડળ ચાલે, માળા હાથમાં કોઈ તો ઝાલે;
ગાય ઝીલણિયાં કીરતન, તેથી ગાજી રહ્યું છે ભુવન. ૫
પછી ધર્મ તણો પરિવાર, પછી પાળા ધરી હથિયાર;
છડિદાર ઉંચે સ્વર બોલે, સુણતાં જનનાં શિર ડોલે. ૬
શોભે ઘોડી ઉપર ગિરધારી, કરે ચમર ત્યાં બે બ્રહ્મચારી;
મેઘાડંબર છત્ર છે શીશ, દિવ્યમૂર્તિ દિસે જગદીશ. ૭
આવી ભાગોળ સુરત તણી, કહે જેને કતારની[1] ભણી;
પેઠી ત્યાં થઈને અસવારી, રાજમારગમાં તે પધારી. ૮
ઘણાં માણસ દર્શને મળ્યાં, ઠામઠામ તે તો ટોળે વળ્યાં;
સાત માળની મેડિયો શોભે, જોતાં દેવ તણાં દિલ લોભે. ૯
શોભે સરસ અગાશી અટારી, કરે દર્શન ત્યાં ચડી નારી;
કોઈ દર્શન પ્રેમે કરે છે, કોઈ માવનાં મીઠડાં લે છે. ૧૦
ઉભા થૈ સહુ દુકાનદાર, કરે નાથજીને નમસ્કાર;
કોઈ હેતથી હાર ચડાવે, કોઈ પાગમાં તોરા ધરાવે. ૧૧
બહુ મારગે પુષ્પ વેરાય, જાણે પુષ્પોનો વરસાદ થાય;
મુખ્ય મારગે એ રીતે થૈને, ઘણા લોકને દર્શન દૈને. ૧૨
વાડી લાલકર્શન તણી સારી, આવી ત્યાં હરિની અસવારી;
કર્યો ત્યાં શ્રીહરિએ ઉતારો, જોતાં સર્વને લાગ્યો તે સારો. ૧૩

૧. સુરત પાસે આવેલ ગામ

તહાં સારાં બિછાનાં કરેલ, ગાલિચા ગાદિ તકિયા ધરેલ;
બિરાજ્યા તહાં શ્રી ભગવંત, બેઠા સતસંગી ને બેઠા સંત. ૧૪
સૌના નેણમાં નેહ ન માય, ઉર આનંદ તો ઉભરાય;
અરદેસર કહે શિર નામી, આપ આવ્યા ભલે બહુનામી. ૧૫
ઘણા દિવસની આશા અમારી, આજ સુફળ થઇ ગિરધારી;
એમ બોલે થઇને અધીર, ખરે નેહનાં નેણથી નીર. ૧૬
તેનો પ્રેમ જોઇ એહ ઠામે, મોટા મુનિવર અચરજ પામે;
પ્રેમ એવો તો અદ્‌ભૂત લાગે, રમા રાધા એવો પ્રેમ માગે. ૧૭
પ્રભુને પ્રણમી રુડીપેર, સરદાર ગયા સહુ ઘેર;
રાત્રીયે હરિજન સહુ આવી, દિનપ્રત્યે રસોઇ લખાવી. ૧૮
ત્યારે શ્રીજીએ સંતને કહ્યું, આંહિના જન પ્રેમી છે બહુ;
નિજશક્તિ વિચારે ન કોઇ, ઘણું ખર્ચીને દેશે રસોઇ. ૧૯
તેની શક્તિ તપાશીને લેજો, ઝાઝું લાવે તેને પાછું દેજો;
બીજો રાખજો એહ વિચાર, રહેશું દિન આઠ આ ઠાર. ૨૦
આપે ઝાઝા મળી દિન એકે, એવો કરજો ઠરાવ વિવેકે;
પછી શ્રીજીની આજ્ઞા પ્રમાણે, આનંદાનંદે કીધું એ ટાણે. ૨૧
રાત વીતી ને પ્રગટ્યું પ્રભાત, તિથિ તો થઇ નવમી વિખ્યાત;
ભાણાભાઇ સુભક્ત સુતાર, કરી લાવ્યા હિંડોળો તૈયાર. ૨૨
સામા બંગલામાં ઉભો કર્યો, પ્રભુને ઝુલવા જોગ ઠર્યો;
હરિને તહાં હેતે ઝુલાવ્યા, સર્વ સત્સંગી દર્શને આવ્યા. ૨૩
બહુ તાલ મૃદંગ બજાવે, પુરના જન દર્શને આવે;
તેજોમય મુરતી ભલી ભાસે, જોતાં જનમન જ્ઞાન પ્રકાશે. ૨૪
થઇ ત્યાં તો રસોઇ તૈયાર, જમ્યા કોટિ ભુવન કરતાર;
જમ્યા સંત ને પાર્ષદ સહુ, જમ્યા શ્રીહરિના સખા બહુ. ૨૫
સાંઝે સાંઝે સભા તો ભરાય, પ્રશ્નઉત્તર બહુવિધિ થાય;
થઇ દશમી ને મંગળવાર, આવ્યા ગાંધર્વ ત્યાં રહેનાર. ૨૬
બહુ સારી રીતે કર્યું ગાન, સુણી રાજી થયા ભગવાન;
તેને સીધાં ને દક્ષિણા આપી, જાણ્યા શ્રીજીને પરમ પ્રતાપી. ૨૭

શહેર પાસે કતાર છે ગામ, તહાં વિપ્ર વલભભાઈ નામ;
તેણે ત્યાં પધરામણી કરી, હેત દેખીને જૈ આવ્યા હરિ. ૨૮
પછી એકાદશી આવી જ્યારે, સભા શાસ્ત્રીયોની કરી ત્યારે;
શાસ્ત્રી જે ભટ આણંદ નામ, એહ આદિક આવ્યા તમામ. ૨૯
સામા શ્રીજીના શાસ્ત્રીયો જેહ, બેઠા જે જે કહું હવે તેહ;
આતમાનંદ ભગવદાનંદ, કપિલેશ્વરાનંદ સ્વછંદ. ૩૦
જોગાનંદ શિવાનંદ સાથ, શોભારામ તથા રઘુનાથ;
કોઈ તો શબ્દશાસ્ત્ર ભણેલા, કોઈ તો ન્યાયશાસ્ત્રી બનેલા. ૩૧
કોઈ વિપ્ર વેદાંતના વાદી, પૂરાં કોઈ જાણે પુરાણાદી;
પ્રશ્ન વિવિધ પ્રકારના પૂછે, અન્યોઅન્યને જીતવા ઈચ્છે. ૩૨
તેમાં મોટો વાંધો પડે જ્યારે, હરે શ્રીહરિ સંશય ત્યારે;
પૂછે કોઈ પ્રભુજીને એમ, થયા છો પરમેશ્વર કેમ ? ૩૩
એનો ઉત્તર શ્રીહરિ આપે, સૌના મન તણો સંશય કાપે;
એમ ચરચા ચાલી ઘણિવાર, કર્યો શ્રીજિયે જયજયકાર. ૩૪
પછી દક્ષિણા વિપ્રોને આપી, સર્વ સંભારે છે તે અદ્યાપી;
દ્વાદશી દિન પારણા કરી, જ્યારે બેઠા હરિ સભા ભરી. ૩૫
એવા માંહિ વિશેષ વાકેબ, વિવેકી જે નવાબ સાહેબ;
નામ તો અફજુલ દિનખાન, આતમારામ તેના દિવાન. ૩૬
તેની આગળ વાત ઉચ્ચારી, તમે જાઓ સજીને સવારી;
જેનું સ્વામિનારાયણ નામ, જૈને તેને કરીને પ્રણામ. ૩૭
અમારી વતી વિનતી સુણાવો, એહ વાડી વિષે તેડી લાવો;
એવી આજ્ઞા સુણી શિર ધારી, સજી સારી દિવાને સવારી. ૩૮
સજી પાયગા ડંકો નિશાન, સજ્યા હાથી મેના તાવદાન;
પરમેશ્વરની પાસે આવી, વિનતી કર જોડી સુણાવી. ૩૯
જે છે સુરત કેરા નવાબ, જેને છે ઉમદા ઈલકાબ;
ઈચ્છે આપનાં દર્શન આજ, માટે વિચરો તહાં મહારાજ. ૪૦
વિનતી સુણી વિશ્વઆધાર, થયા માણકીયે અસવાર;
આજ્ઞા બે ભ્રાતપુત્રને થઈ, બેસો હાથી ઉપર તમે જઈ. ૪૧

હતા સદ્‌ગુરુ જેહ પધાર્યા, મેના પાલખી માંહિ બેસાર્યા;
દાદાખાચર આદિ ઉમંગે, થયા અસ્વાર શ્રીહરિસંગે. ૪૨
સંત હરિજન કીર્તન ગાય, તેની શોભા વરણવી ન જાય;
રુડી વાડી નવાબની જયાંય, પધાર્યા પરમેશ્વર ત્યાંય. ૪૩
મહારાજ તણો કર ઝાલી, સાથે નવાબ મર્યાદે ચાલી;
નિજ દિવાનખાનામાં લાવ્યા, હેમખુરશી ઉપર પધરાવ્યા. ૪૪
પૂજા કરવાને ચોખે સામાને, દિનબંધુને પૂજ્યા દિવાને;
નવાબે પુષ્પતોરા ને હાર, ધરાવ્યા ધરી પૂરણ પ્યાર. ૪૫
મેવા મીઠાઈના થાળ ભરી, ભેટ શ્રીહરિ આગળ ધરી;
માંગ્યુ વરદાન એવું સુજાણ, પ્રભુ કરજો અમારું કલ્યાણ. ૪૬
વાલો વરદાન દૈને સિધાવ્યા, વળાવાને નવાબ તે આવ્યા;
તેને ચાલતા આવતા ભાળ્યા, વાડી બહાર જઈ પાછા વાળ્યા. ૪૭
પીરુશાયે ત્યાં વિનતિ ઉચારી, કરો પાવન વાડી અમારી;
પછી વિચર્યા મહાપ્રભુ ત્યાંય, બેઠા ખુરશીયે બંગલામાંય. ૪૮
બેય ભાઈયો અધિક હુલાસે, પ્રણમીને બેઠા પ્રભુપાસે;
મહેતાજી તેના અંબારામ, તેણે પૂજ્યા પ્રભુ તેહ ઠામ. ૪૯
અરદેશર ને પિરુશાયે, સ્તુતિ કીધી ઘણી ઘણી ત્યાંયે;
અતિ રાજી થયા ભગવાન, ત્યારે માંગી લીધાં વરદાન. ૫૦
દાદાખાચરને ગતિ જેવી, અમને પણ આપજો એવી;
ભાળ્યો શ્રીહરિએ પ્રેમ ભારે, તથાઅસ્તુ કહ્યું તેહ વારે. ૫૧
પછી અસવાર થૈ હરિ ત્યાંય, ઘોડી ફેરવી તે બાગમાંય;
શેઠ બેય પ્રત્યે બોલ્યા હરિ, છબી આ ઉર રાખજો ધરી. ૫૨
આરતી ધુન્ય પણ કરી ત્યાંય, થયા તે પછી નાથ વિદાય;
પ્રગટાવી ઘણીક મશાલો, આવ્યા ઉતારે ધર્મનો લાલો. ૫૩
દ્વાદશી[૧] તો એવી રીતે ગઈ, બીજે દિવસ ત્રયોદશી[૨] થઈ;
હવે તે દિન કેરું ચરિત્ર, તમને હું સુણાવીશ મિત્ર. ૫૪

૧. બારસ ૨. તેરસ

**પુષ્પિતાગ્રા :**

સુરત શહેરમાં વિરાજી શ્યામ, કૃત અતિ ચારુ ચરિત્ર પૂર્ણકામ;
કરી કરી વિસતાર જો કહીજે, કદિ નહિ પાર કથા તણો લહીજે. ૫૫

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે*
*અષ્ટમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે*
*શ્રીહરિસૂર્યપૂરવિચરણનામ ત્રયસ્ત્રિંશત્તમો વિશ્રામઃ ॥૩૩॥*

**પૂર્વછાયો :**

તેરશ દિન ત્રિભુવનપતિ, વસી સુરતમાં સુખધામ;
જીવન જ્યાં જ્યાં વિચરિયા, કહું એહ કથા અભિરામ. ૧

**ચોપાઈ :**

જીલ્લાજડજ[૧] એંડરસન નામ, તેણે કા'વ્યા પ્રભુને પ્રણામ;
મોકલી પોતાનો ચોપદાર, તેણે કહાવ્યા એવા સમાચાર. ૨
અમને મળવાની છે આશ, માટે આવો અમારે આવાસ;
નહી આવી શકાય જો તમે, આપ આગળ આવીયે અમે. ૩
સુણી બોલિયા શ્રીભગવાન, અમે આવશું એને મકાન;
અમે નિર્માની ફકીર છૈયે, કોઇ તેડાવે ત્યાં અમે જૈયે. ૪
પછી સાહેબે સમય ઠરાવ્યો, કહ્યું ચાર વાગે તમે આવો;
શ્રીજી તે સમે તૈયાર થૈને, દાદાખાચર આદિક લૈને. ૫
વાડીમાં હતો બંગલો જ્યાંય, પધાર્યા પુરુષોત્તમ ત્યાંય;
શાણા સાહેબ સન્મુખ આવ્યા, કર ઝાલી પ્રભુ પધરાવ્યા. ૬
ટોપી ઉતારી કીધા પ્રણામ, ઘણો સ્નેહ જણાવ્યો તે ઠામ;
કહે સાહેબ આપણે જ્યારે, મળ્યા હતા ડભાણમાં ત્યારે. ૭
જુવાનીમાં હતા મહારાજ, હવે વૃદ્ધ જણાઓ છો આજ;
ઘણે વરસે મળ્યા આજ તમે, તેથી રાજી થયા બહુ અમે. ૮
પછી સાહેબે આણિને પ્યાર, પહેરાવિયો પુષ્પનો હાર;
પુષ્પ ગુચ્છ આપ્યો રુડે રંગે, પછી અત્તર છાંટિયું અંગે. ૯

૧. જીલ્લાના ન્યાયાધિશ

ખૂમચા ભરી મેવા મિઠાઇ, હરિને અરપ્યા હરખાઇ;
હાથ ઝાલી વળાવાને આવ્યા, પછી શ્રીહરિ ત્યાંથી સિધાવ્યા. ૧૦
શાણા સાહેબ સદર[1] તણા, હતા બેય વિચક્ષણ ઘણા;
એક સેમર સાહેબ નામ, બીજો એરણ સદ્‌ગુણધામ. ૧૧
તેણે મોકલીયો ચોપદાર, આપો દરશન અમને ઉદાર;
તેની વાડીયે બંગલામાંય, પધાર્યા પુરુષોત્તમ ત્યાંય. ૧૨
તેઓએ પણ સન્માન દીધું ટોપી ઉતારી વંદન કીધું;
પધરાવી પૂજા કરી પ્રિતે, જથાજોગ્ય સ્વદેશની રીતે. ૧૩
વળી વિવિધ પદારથ લાવી, ખૂમચા ભરી ભેટ ધરાવી;
હતી એ સ્થળે એની કચેરી, રહ્યા તેથી ઘણા જન હેરી. ૧૪
પછી ત્યાંથી પધારીયા નાથ, વળાવા આવ્યા ઝાલીને હાથ;
પછી તેઓને શ્રીમહારાજે, પાછા વાળ્યા જતાં દરવાજે. ૧૫
રસ્તે આવતાં એ અવસર, આવ્યું ભીખારીદાસનું ઘર;
પધરામણી ત્યાં તેણે કરી, કરી અર્ચન બહુ ભેટ ધરી. ૧૬
વિચર્યા ત્યાંથી સુંદરશ્યામ, અંબારામ મેતાજીને ધામ;
પછી ત્યાંથી પધાર્યા સુપેર, પરશોતમ શેઠને ઘેર. ૧૭
પછી ત્યાંથી પધાર્યા ઉતારે, સંધ્યા સમય થયો જેહવારે;
આરતી ધૂન્ય એ સ્થળે કરી, જ્ઞાનવાત બોલ્યા બહુ હરી. ૧૮
પોઢી ઊઠિયા પ્રાણઆધાર, થઈ ચૌદશ ને રવિવાર;
ત્રવાડી નથુરામના પુત્ર, નિરભેરામ નામ પવિત્ર. ૧૯
તેણે વિનતિ કરી જોડી હાથ, મારે ઘેર જમો આજ નાથ;
પછી ત્યાં જમવાને પધાર્યા, રુપા બાજોઠે તેણે બેસાર્યા. ૨૦
કરીઅર્ચન ભોજન દીધું, એમ સુફળ જીવન નીજ કીધું;
પછી ઉતારે જૈ મહારાજા, સભા સારી સજીને બિરાજ્યા. ૨૧
પછી દિવસ અમાસનો આવ્યો, ભલો ભક્તજન મન ભાવ્યો;
અતિ ઉત્તમ અવસર જોઈ, આપે હરિજન ચડતી રસોઈ. ૨૨
બરફીચુરમું દુધપાક, ઘારીપુરી અને ઘણાં શાક;
બહુ પાપડિયો વખણાય, જેનો સ્વાદ કહ્યો નવ જાય. ૨૩

૧. સભાપતિના હોદ્દાવાળા

બાસુદીપુરી સરસ બિરંજ, બરફી તો બહુ મનરંજ;
હરિભક્ત હૈયે એમ જાણે, અહો શું કહિયે એહ ટાણે. ૨૪
લૈયે લેવાય તેટલો લાવો, ફરી અવસર ક્યાં મળે આવો;
હાર તોરા હરિને ચડાવે, એકએક રુપૈયાના લાવે. ૨૫
મેવો મોંઘામાં મોંઘો જે જાણે, લાવી ભેટ કરે તેહ ટાણે;
ભાવ સુરતના ભક્તનો ભાળી, બીજા ભક્ત કહે હદ વાળી. ૨૬
હોય નિર્ધન તોય ઉદાર, ધન ખરચતાં લાગે ન વાર;
મોટા ભક્ત જે ગિરધરલાલ, તેણે વિનતિ કરી તેહ કાળ. ૨૭
દયાસિંધુ દયા દિલ ધારો, આજ ઘેર અમારે પધારો;
પછી લૈ સાથે સંતસમાજ, તેને ઘેર ગયા મહારાજ. ૨૮
પધરાવીને પૂજીયા પુષ્પે, ભલી ભેટ ધરી રુડી રીતે;
પછી બાઈયોનું મંદિર જ્યાંય, કૃપાનાથ પધારિયા ત્યાંય. ૨૯
ફરીને બધી જગ્યા નિહાળી, પછી ત્યાંથી ચાલ્યા વનમાળી;
ભાઈચંદભાઈને ઘેર ગયા, જોઈ ભક્તનું ઘર રાજી થયા. ૩૦
જગ્યા સાધુને ઊતરવાની, પછી ત્યાં ગયા કરુણાનિધાની;
મુરતી લાલજીતણી હતી, પ્રણમ્યા તેને સંતના પતી. ૩૧
આજ છત્રી દિસે છે જે ઠામ, બિરાજ્યા તહાં સુંદરશામ;
હરિભક્તોએ શ્રીહરિ કેરી, કરી પૂજા તે પ્રીતે ઘણેરી. ૩૨
ભક્ત બોલ્યા પછી રુડિપેર, મહારાજ આ મોટું છે શહેર;
મોટી મૂરતિ આંહિ સ્થપાય, અમોને ત્યારે સંતોષ થાય. ૩૩
સુણી બોલિયા સુંદરશ્યામ, થશે આ સ્થળમાં મોટું ધામ;
મોટી મૂર્તિયો તેમાં સ્થપાશે, મોટા ધામમાં તેહ ગણાશે. ૩૪
એવી વાત વિશેષ ઉચ્ચારી, ગયા ઊતારે ગિરિવર ધારી;
પડવેનો દિવસ થયો જ્યારે, અરદેશર બોલિયા ત્યારે. ૩૫
અહો વાલમા વાડી અમારી, કરો પાવન પદરજ ધારી;
પીરુશાજીની વાડીએ જેમ, વિચર્યા વિચરો પ્રભુ તેમ. ૩૬
દીનબંધુ દયાના છે દરિયા, તેથી વાડીયે તે પરવરિયા;
દીપતું હતું દીવાનખાનું, તેમાં સારું કરેલું બિછાનું. ૩૭

હતો સંધ્યાસમો તેહ વાર, તેથી દીપક પ્રગટ્યા અપાર;
આરતી ધુન્યતે સ્થળ કરી, પછી કોચ[1] ઉપર બેઠા હરિ. ૩૮
અરદેશજી પૂછે પ્રશ્ન, આપે ઉત્તર શ્રીહરિકૃષ્ણ;
ફારશી અંગરેજી ભણેલા, ઘણા તર્ક વિતર્ક સુણેલા. ૩૯
વળી નાસ્તિક કેરા વિચાર, સાંભળેલા કોઈ કોઈવાર;
સર્વ શંકાઓ તે પુછી લિધી, પુછતાં કાંઈ શરમ ન કીધી. ૪૦
નાથે સંશય સર્વ નિવાર્યા, તેથી નિશ્ચે ખુદા એમ ધાર્યા;
વારેવારે કરીને પ્રણામ, કહ્યું હું આપનો છું ગુલામ. ૪૧
મારી સંભાળ લેજો સદાય, તથાઅસ્તુ બોલ્યા હરિરાય;
પછી ઊતારે શ્યામ સિધાવ્યા, વળાવા અરદેશર આવ્યા. ૪૨
શુદિ બીજ તિથિ આવી સારી, કરી શ્રીજીએ જાવા તૈયારી;
કહે સત્સંગી સર્વ સમાજ, રહો બે દિન શ્રીમહારાજ. ૪૩
સુણી બોલિયા શ્રીઅવિનાશી, મને સંભારે ગઢપુરવાસી;
મારે વિરહે આતુર અતિ હોઈ, અન્ન જળ તજી બેઠા છે કોઈ. ૪૪
જવું પડશે તરત હવે ત્યાંય, એકે પ્રહર અહીં ન ટકાય;
આવ્યા ત્યાં શેઠ લક્ષમીદાસ, કર જોડી બોલ્યા પ્રભુપાસ. ૪૫
દીનબંધુ દયા દિલ ધારો, પ્રભુજી મારે ઘેર પધારો;
પૂજા કરવાનો છે મારે પ્રેમ, બીજા સત્સંગીએ કરી જેમ. ૪૬
સુણી બોલિયા પ્રાણજીવન, તમે છો મારા ભક્ત અનન્ય;
મને કરવા ઈચ્છો જો પ્રસન્ન, કરો આ સ્થળમાં જ પૂજન. ૪૭
એવી ઈચ્છા જ્યારે જાણી લીધી, પૂજા તે સ્થળમાં તેણે કીધી;
વસ્ત્ર આદિ ધરી ભેટ સારી, પછી આરતી પ્રેમે ઉતારી. ૪૮
આપ્યો હરિએ પ્રસાદીનો હાર, આપ્યાં છાતીમાં ચરણ તે વાર;
જમ્યા શ્રીહરિ શેઠનો થાળ, શેઠ રાજી થયા તતકાળ. ૪૯
પછી શ્રીહરિ ત્યાંથી સિધાવ્યા, વળાવા અરદેશર આવ્યા;
સ્વારી સામૈયામાં હતી જેવી, વળાવા પણ લાવીયા તેવી. ૫૦

૧. છત્રી પલંગ

**પુષ્પિતાગ્રા :**

સુરત નગર માંહી સારી રીતે, જયજયકાર કરી પછી હરિ તે;
બહુજન સનમાની જેમ લાવ્યા, અતિ સનમાનિથી એ રીતે સિધાવ્યા. ૫૧

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે*
*અષ્ટમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે*
*શ્રીહરિસૂર્યપુરાત્ વિચરણનામ ચતુસ્ત્રિંશત્તમો વિશ્રામઃ ॥૩૪॥*



**પૂર્વછાયો :**

સુરત શહેરથી સંચર્યા, સખા સંત સહિત અવિનાશ;
વળાવા હરિજન આવિયા, દિસે અંતર સૌના ઉદાસ. ૧

**ચોપાઈ :**

જ્યારે નીસર્યા સુરત બહાર, ત્યારે કોઈએ કીધો ઉચ્ચાર;
ઘણા ભક્ત વળાવાને કાજ, હજી પાછળ છે મહારાજ. ૨
માટે રુસ્તમ બાગ મોઝાર, વૃષપુત્ર વસો થોડી વાર;
સુણીને શ્રીહરિ રાજી થઈ, બેઠા રુસ્તમબાગમા જઈ. ૩

બેઠા સંત ને હરિજન બહુ, નિરખે હરિને જન સહુ;
અરદેશરે એવો વિચાર, નિજ ઉરમાં કર્યો એહવાર. ૪
આપી ભરતને પાદુકા જેમ, મને કાંઇ આપે પ્રભુ તેમ;
તો હું નિત્ય પૂજા તેની કરું, નિરખી નિજ અંતરે ધરું. ૫
વાત અંતરજામીયે જાણી, તેથી દિલમાં દયા ઘણી આણી;
નિજ મસ્તકથી પાઘ દીધી, પૂજવા અરદેશરે લીધી. ૬
હરિભક્તોએ હેતે ધરેલા, તોરા ફૂલના ઝુકી રહેલા;
અરદેશરે તે પાઘ લૈને, ઉરમાં ચાંપી આતુર થૈને. ૭
જેમ રંકને રિદ્ધિ તે જડે, અતિહર્ષિત થાય તે વડે;
એમ આનંદ ઉપજ્યો અપાર, થયું રોમાંચ તન તેહ વાર. ૮
એવી શ્રીહરિની દેખી દયા, સર્વ હરિજન વિસ્મિત થયા;
સુણો રાય ધરી અનુરાગ, અરદેશનાં મહાભાગ્ય. ૯

**શાર્દૂલવિક્રીડિત :**

આપી ઉત્તમ પાદુકા ભરતને શ્રીરામ રાજી થઈ,
આપી તેલકટોરી વાયુસુતને સીતાની સુદ્ધી લઈ;
મે'તા શ્રીનરસિંહને કુસુમની માળા જ આપી ખરી,
આ અર્દેશરને સ્વમસ્તક તણી તે પાગ આપી હરી. ૧૦

**ચોપાઈ :**

તેવે ટાણે ઉભા હતા પાસ, એક પટેલ કરશનદાસ;
બીજાનું જગજીવન નામ, ભેટ ધરવા આવ્યા એહ ઠામ. ૧૧
એક પાગ લાવ્યા હતા એહ, બહુનામીને બંધાવી તેહ;
પછી પરવર્યા સુંદરશ્યામ, રહ્યા રાત તો કોશાડ ગામ. ૧૨
અરદેશરે જૈ નિજ ઘેર, પાગ સાચવવા શુભપેર;
મુકી વાંસના કંડિયા માંહિ, નિત્ય પૂજા કરે ચિત ચાહી. ૧૩
કોઈ સંત કે સત્સંગી જેહ, જાય સુરત શેહેરમાં તેહ;
પાગનાં ચિતે દર્શન ચાય, અરદેશને ઘેર જાય. ૧૪
તેનું ઘર થયું તીરથરૂપ, ધન્યધન્ય તે ભૂમિકા ભૂપ;
વળી જે દિવસે કૃપાનાથ, ચાલ્યા સુરતથી સહુ સાથ. ૧૫

બની એ જ દિવસ એક વાત, એ તો આશ્ચર્યકારી અઘાત;
ગઢપુરજન આતુર થયા, અન્ન જળ તજી કેક તો રહ્યા. ૧૬
કરે વિનતિ તે ગદગદ થૈને, આવો હે કૃષ્ણ સૌ સાથ લૈને;
નહિ આવો જો શ્યામ સુજાણ, તજશું અમે નિશ્ચય પ્રાણ. ૧૭
ત્યારે બીજે રૂપે મહારાજ, ગયા ગઢપુર સહિત સમાજ;
માગશર શુદિ બીજે ત્યાં હરી, બેઠા દરબારમાં સભા ભરી. ૧૮
ભ્રાતૃપુત્રોયે પૂછિયા પ્રશ્ને, આપ્યા ઉત્તર એના શ્રીકૃષ્ણે;
વચનામૃત તેનું લખાણું, નથી કોઈનું તે તો અજાણ્યું. ૧૯
એક દિન દઈ દરશનદાન, થયા ત્યાંથકી અંતરધાન;
એ જ દિવસે સુરતથી સિધાવ્યા, વળાવા સર્વ સત્સંગી આવ્યા. ૨૦
તેમાંના પણ હરિજન આજ, કોઈ જીવતા છે અહોરાજ;
મછિયાવ ને શ્રીપુર જેમ, બેરૂપે દીધાં દર્શન તેમ. ૨૧
વળી આખે અને પિપળાણે, દીધાં દર્શન એક જ ટાણે;
ગઢપુર ને સુરત એ જ રીતે, દીધાં પ્રીતમે દર્શન પ્રીતે. ૨૨
અતિ અદ્ભુત ઐશ્વર્ય જેમાં, કરે તે તો નવાઈ શી તેમાં;
એવી લીલા તો અપરમપાર, કરે શ્રીહરિ વારમવાર. ૨૩
ગામ કોશાડથી સહુ સાથ, ચાલ્યા ત્રીજને દિન મુનિનાથ;
કીમ નદિયે કર્યું જઈ સ્નાન, તહાં ભાતું જમ્યા ભગવાન. ૨૪
મોકો ખાચર ધ્યાન ધરીને, બેઠા ઘૂંઘટો ખૂબ કરીને;
નાંગમાલે કહ્યું વસ્ત્ર તાણી, સામા બેઠા છે સારંગપાણી. ૨૫
આંખો બંધ કરી જોવા કાજ, તે તો આંખો સામે બેઠા આજ;
આડો પડદો કરીને આ સમે, કેનું ધ્યાન ધરો છો આ તમે. ૨૬
માટે ઘુંઘટો મુખથકી ટાળો, સનમુખ છે તે મૂર્તિ નિહાળો;
કહી એવું એને સમજાવ્યા, પછી શ્રીહરિ ત્યાંથી સિધાવ્યા. ૨૭
અંકલેશ્વરમાં રાત રહ્યા, બીજે દિવસ ભરૂચમાં ગયા;
આજ મંદિર છે જેહ ઠામ, ઉતર્યા તહાં શ્રીઘનશ્યામ. ૨૮
કહ્યું આનંદસ્વામીને ત્યાંયે, આંહિ યજ્ઞ કર્યો બળિરાયે;
તેહ માટે તમે એહ ઠામ, કરજો એક ઉત્તમ ધામ. ૨૯

એમ કહી ચાલ્યા કરતા વિનોદ, રહ્યા રાત તો ગામ કેલોદ;
શેખ વલ્લીભાઈ વસે વાસ, તેણે સારી કરી બરદાસ. ૩૦
ચાલ્યા બીજે દિવસ બહુનામી, ગયા આમોદ અંતરજામી;
શેઠજી હરજીવન સાથ, ભટ્ટ સામા આવ્યા દિનાનાથ. ૩૧
રૂડા સત્સંગી ગણપતરાત, એહ આદિક આવ્યા તમામ;
પછી પટેલ ગુલાબને ઘેર, આપ્યો ઉતારો ઉત્તમ પેર. ૩૨
હરજીવન શેઠે રસોઈ, આપી ઉત્તમ અવસર જોઈ;
પછી સત્સંગીએ ઘેરઘેર, કરી પધરામણી રુડીપેર. ૩૩
ગણનાથનું મંદિર જ્યાંય, ગયા દર્શન કરવાને ત્યાંય;
સુંઢ જમણીના જોઈ ગણેશ, રુદે રાજી થયા અક્ષરેશ. ૩૪
એહ જગ્યાની જે મધ્ય બારી, બેઠા તે સ્થળ બહુ સુખકારી;
ભટજી ત્યાં જગન્નાથ જેહ, ગાયત્રીનું પુરશ્ચરણ તેહ. ૩૫
કરતા હતા તેહ સમામાં, ગણનાયક કેરી જગ્યામાં;
જોઈ બોલિયા શ્રીઘનશ્યામ, દીનાનાથ પ્રત્યે તેહ સ્થાન. ૩૬
અહો ભટ્ટ તમારા આ કાકા, દિસે પૂરા તપસ્વી તે પાકા;
જગન્નાથ બોલ્યા જોડી હાથ, હું છું દાસ તમારો હે નાથ. ૩૭
ચાલ્યા આમોદથી અવિનાશ, કર્યો કારેલિયે રાત વાસ;
બીજે દિવસે બદલપૂર ગયા, ત્રીજે ખંભાતમાં જઈ રહ્યા. ૩૮
હરિભક્તોયે આજ જે ઠામ, કરાવેલો છે રૂડો આરામ;
તેમાં છત્રી કરાવી છે જ્યાંય, ઉતર્યા જગજીવન ત્યાંય. ૩૯
હરિભક્ત મળી તહાં આવ્યા, પુરમાં પ્રભુને પધરાવ્યા;
વાજાં વિવિધ પ્રકારનાં વાજે, છબિલાની છબી ભલી છાજે. ૪૦
ફરતાં ફરતાં પુરમાંય, આવ્યા મંદિર છે આજ ત્યાંય;
તહાં જોઈને સારુ મેદાન, ભક્તજનને કહે ભગવાન. ૪૧
હરિમંદિર આંહિ અમારું, મળી સર્વ કરાવજો સારું;
હરિભક્ત બોલ્યા જોડી હાથ, કૃપા કરશો તો તે થશે નાથ. ૪૨
પછી શ્રીહરિ આવ્યા ઉતારે, જમ્યા સંત સહિત તેહ વારે;
હરિજન તણો આગ્રહ જાણી, રહ્યા રાત ત્યાં સારંગપાણી. ૪૩

ગયા ગિરધર ગુડેલ ગામ, રહે જીભાઈ ભક્ત તે ઠામ;
તેની મેડીયે કીધો ઉતારો, આપ્યો સંતોને ઊતારો ન્યારો. ૪૪
રઘુવીરજીને કહે શ્રીજી, આજ ઈચ્છા અમારી છે બીજી;
રાંધિ જમશું સ્વહસ્ત અમારે, તમે જૂદે રસોડે તમારે. ૪૫
જગ્યા મેડી વિષે શુદ્ધ જોઈ, પછી શ્રીજીયે કીધી રસોઇ;
કર્યું શાક વૃંતાક મગાવી, બાટિયો બહુ સારી બનાવી. ૪૬
જમ્યા ભાવસહિત ભગવાન, જમ્યા બીજા જનો તો મિષ્ટાન્ન;
શાક ને બાટી જાણીને સ્વાદી, સુરાભક્તને આપી પ્રસાદી. ૪૭
મહિમા સમજાય જ જેને, લાગે સ્વાદ પ્રસાદીનો તેને;
સુરોભક્ત કહે સત્ય કહું, જમ્યા સુરતમાં મિષ્ટ બહુ. ૪૮
તેથી સાકર ખાંડ ઉપરથી, અરુચી થઈ મારે અંતરથી;
તીખું તમતમું ખાટું ને ખારું, હવે ભોજન લાગે છે સારું. ૪૯
પુડા ભજીયાં વડા ને ઢોકળાં, મળે તો હવે ભાવે તે ભલાં;
બોલ્યા શ્રીહરિ સાંભળી એવું, કાલે તમને જમાડિશ તેવું. ૫૦
પછી રાતે શયન કર્યું જ્યારે, ધોલેરે થયું આશ્ચર્ય ત્યારે;
અજુબા પુંજાભાઈની બેન, તેણે સ્વપ્ને દીઠા સુખદેણ. ૫૧
કર જોડીને કીધા પ્રણામ, ત્યારે બોલિયા શ્રીઘનશ્યામ;
કાલે સાંજે તો સંત સહિત, અમે આવશું આંહી ખચીત. ૫૨
માટે કાઠિયોને કાજે જોઈ, કહું તે તમે કરજો રસોઈ;
ભજિયાં વડાં પુડલા ખારા, બાજરા તણા રોટલા સારા. ૫૩
એમ કહી થયા અંતરધાન, બાઈ જાગી થયાં સાવધાન;
પુંજાભાઈ પાસે વાત કરી, સાંઝે આવશે આંહિ શ્રીહરી. ૫૪
મને સ્વપ્ને દીધું દરશન, મિથ્યા થાય ન મારું સ્વપ્ન;
ફરસું[૧] કરવાને ભોજન, મને કૃષ્ણે કહ્યું છે વચન. ૫૫
પુંજાભાઈ કહે પ્રભુ ક્યાં છે ? એ તો સુરત શહેર ગયા છે;
આજ સાંજે ક્યાંથી આવે આંહી, થાય દર્શન તો સ્વપ્ન માંહી. ૫૬
બેન બાપજીભાઈજીની જેહ, તે સમે ફુલિબા બોલ્યાં તેહ;
અજુબાનું તો સ્વપ્ન ફળે છે, વાત જે જે કહે તે મળે છે. ૫૭

૧. ગળપણ ન હોય તેવું ખારા સ્વાદનું ભોજન

સાંજે નિશ્ચે પધારશે માવો, કહિ છે તે રસોઇ કરાવો;
ત્યારે આપિયો સામાન લાવી, અજુબાયે રસોઇ બનાવી. ૫૮
પછી સાંજ સમો થયો જ્યારે, કૃપાનાથ પધારીયા ત્યારે;
કર્યું સામૈયું ત્યાં શુભપેર, ઉતર્યા પુંજાભાઇને ઘેર. ૫૯
ધર્મવંશીયે ત્યાં કર્યો થાળ, જમ્યા જીવન જનપ્રતિપાળ;
પુંજાભાઇ તણે દરબાર, જમ્યા કાઠિયો સૌ જમનાર. ૬૦
ભજીયાં વડાં રોટલા જોઇ, થયા વિસ્મિત તે સહુ કોઇ;
જ્યારે જાણી સ્વપ્નતણી વાત, જાણ્યો મહિમા પ્રભુનો અઘાત. ૬૧
અમે સૌને હરખ ઉપજાવ્યા, પ્રભુ ત્યાંથી પ્રભાતે સિધાવ્યા;
કારિયાણીયે જૈ રાત રહ્યા, બીજે દિવસ તો ગઢપુર ગયા. ૬૨
કરી શ્રીહરિનાં દરશન, સર્વ રાજી થયા હરિજન;
લીલા સુરતમાં કરી જેહ, સંભળાવી સંતે સૌને તેહ. ૬૩
સુણી શ્રીજીનો પ્રૌઢ પ્રતાપ, ઉપજ્યો સૌને હરખ અમાપ;
સુરતી હરિભક્તનો પ્રેમ, સાંભળ્યો અતિ ઉત્તમ એમ. ૬૪
બીજા પ્રેમીયોનો પ્રેમ જેહ, જાણ્યો સુરતીથી લઘુ તેહ;
પ્રભુને વિનવી પાયે લાગે, સુરતીના જેવો પ્રેમ માગે. ૬૫
કહે વર્ણી સુણો નૃપ વાણી, લીળા સુરતની જે વખાણી;
સ્નેહે જે સાંભળે સંભળાવે, તેનાં જન્મમરણ દુઃખ જાવે. ૬૬
શ્રીજીનો મહિમા સમજાય, દૃઢ નિશ્ચય અંતરે થાય;
લીલા એહ સંભારે વિચિત્ર, તેનું અંતર થાય પવિત્ર. ૬૭

**પુષ્પિતાગ્રા :**

સુરત નગરમાં સખા સહીત, વિચરી મહાપ્રભુ આપ રૂડી રીત;
કૃત અદભુત તે ચરિત્ર રાય, ગણી ગણી અક્ષરધામમાં ગવાય. ૬૮

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે અષ્ટમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિસૂર્યપુરાત્ દુર્ગપુરાગમનનામ પંચત્રિંશત્તમો વિશ્રામઃ ॥૩૫॥*

**પૂર્વછાયો :**

સુરત જઈ આવ્યા પછી, માવે એક સમય મોઝાર;
વાસ વસી ગઢપુર વિષે, વળી ચિત્તમાં કીધો વિચાર. ૧

**ચોપાઈ :**

વાલે ચિત્તમાં કીધો વિચાર, ચિત્રમૂર્તિ પુજાવું આવાર;
જે જે રૂપ થાપ્યાં છે મેં મારાં, તે છે કલ્યાણનાં કરનારાં. ૨
મૂર્તિ અષ્ટ પ્રકારની થાય, ચિત્રમૂર્તિયો તેમાં ગણાય;
એવા શાસ્ત્રના મત અનુસારે, ચિત્રપ્રતિમા પૂજાવવી મારે. ૩
બીબાં ધાતુનાં સારાં કરાવું, મારી મૂર્તિયો તેથી છપાવું;
કરે સંત ને હરિજન સેવા, નિત્ય દર્શનનો લાભ લેવા. ૪
ભુજના નારાયણજી સુતાર, રહે છે જૂનાગઢની મોઝાર;
કરી જાણે ઉત્તમ કામ આવું, માટે તેહને આંહી તેડાવું. ૫
એવું ધારીને તેને તેડાવી, છાપો નવ કરવાની ઠરાવી;
બોલ્યા નારાયણજી પ્રતિ આપ, એક તો કરી છે તમે છાપ. ૬
તેમાં શિક્ષાના વચન અમારાં, બનાવ્યાં છે તમે બહુ સારાં;
રાધાકૃષ્ણ હરિકૃષ્ણ રૂપ, સમજી બેય મારાં સ્વરૂપ. ૭
કહ્યું એક કરો છાપ એવી, જેમાં જુક્તિ દિસે જોયા જેવી;
બીજી છાપ માંહી કરો સારી, ભક્તિધર્મ સહિત છબી મારી. ૮
ત્રીજી નરનારાયણ પાસ, હોય ઉદ્ધવ નારદદાસ;
ચોથી નર ને નારાયણકેરી, કરો ત્રીજીથી તેહ નાનેરી. ૯
કરો પાંચમી છઠ્ઠી રુપાળી, ભકિતધર્મવાસુદેવવાળી;
સાતમી તો તપસ્વી આકારે, કરો મૂર્તિ તે મુજ અનુસારે. ૧૦
સહજાનંદ નામ પ્રકાશ, ભકિત ધર્મ ઉભાં હોય પાસ;
આઠમી શિક્ષાપત્રીની મૂર્તિ, જેને જોતાં મારી થાય સ્ફુરતિ. ૧૧
નવમી છાપમાં મુજ પાય, જેમાં રેખાઓ ચિહ્ન જણાય;
નવ મુદ્રા એવી રીતે કરવી, મારી આજ્ઞા સુણી અનુસરવી. ૧૨
સુણી આજ્ઞા નારાયણભાઈ, મુદ્રા કરવા માંડી હરખાઈ;
હવે વરતાલની કહું વાત, સાંભળોજી અભેસિંહ ભ્રાત. ૧૩

અક્ષરાનંદને મહારાજે, કહેલું સર ખોદાવા કાજે;
તેણે જાણા[1] જોશીને બોલાવ્યા, જોશી ગોર તે વનમાળી આવ્યા. ૧૪
તેણે મુહુરત શુભ જોઇ દીધું, ખાતપૂજન તે દિન કીધું;
વનમાળીની પુત્રીનો તન, હરિશંકર નામ પાવન. ૧૫
તેના હસ્તક અક્ષરાનંદે, ખાતપૂજા કરાવી સ્વછંદે;
પછી ખોદાવા માંડ્યું તળાવ, ભક્તિ કરવામાં સૌનો છે ભાવ. ૧૬
મંડ્યા સંત તથા સતસંગી, તેહ કામમાં મમતે ઉમંગી;
ખેડૂતો સરમાં હળ હાંકે, કામ કરતાં તે કોઈ ન થાકે. ૧૭
ટોપલા ભરી જન લેઇ જાય, મુખે કૃષ્ણનાં કીર્તન ગાય;
પરગામના હરિજન જેહ, ભક્તિ કરવાને આવિયા તેહ. ૧૮
મચ્યા કામે ગરીબ શ્રીમંત, જેને વા'લા ભલા ભગવંત;
કોડે કરવા લાગ્યા તેહ કામ, જાણી ભક્તિનો સમય આ ઠામ. ૧૯
ઘેર તરણું તોડે નહી જેહ, માથે ટોપલીયો લે છે તેહ;
મંડ્યા કામે હજારોહજાર, જેજેકાર કરે છે ઉચ્ચાર. ૨૦
ગર્જના થકી બ્રહ્માંડ ગાજે, આવ્યા દેવો મળી જોવા કાજે;
કોઈ તો પુષ્પવૃષ્ટિ કરે છે, કોઈ તો ધન્ય ધન્ય કહે છે. ૨૧
કૈક અક્ષરધામના મુક્ત, આવી કામ કરે પ્રીતિયુક્ત;
એવી ભક્તિ કરી એહ ટાણે, ધન્ય ભાગ્ય પોતા તણાં જાણે. ૨૨
ઇંદ્ર બ્રહ્મા ગણેશ મહેશ, આવે સંત તણો ધરી વેશ;
કરે કામ કહે જન જોઈ, ક્યાંથી આવ્યા નવા સંત કોઈ. ૨૩
કૈક તો નર એવું નિહાળે, પરમેશ્વર બેઠા છે પાળે;
કરે છે જન તે મળી કામ, જુવે છે પ્રભુ તે તો તમામ. ૨૪
જનો આનંદમાં મસતાન, ભૂખ તરશ તણું નહિ ભાન;
ભક્તિરસમાં થયા લીન ભારે, ઘરકામ તે કોણ સંભારે. ૨૫
સાંઝે જન મળી પુરમાં સિધાવે, કામ કરવા દેવો ત્યારે આવે;
ખોદી રાખેલી મૃત્તિકા જેહ, પાળે નાખે ઉપાડીને તેહ. ૨૬
જનો આવે સવારમાં જ્યારે, પામે અચરજ અતિશય ત્યારે;
તેનો મર્મ સકળ તેહ ટાણે, અક્ષરાનંદ જેવા તો જાણે. ૨૭

૧. જાણનાર

વળી કોઇ સમે રાતમાંય, જેજેકાર કરે દેવ ત્યાંય;
ઘણા જન સાંભળે તેહ જ્યારે, કરે વાત પરસ્પર ત્યારે. ૨૮
મહારાજને રીઝાવા કાજ, સર ખોદે છે દેવસમાજ;
જેને હોય જો કલ્યાણ લેવું, કામ કોણ કરે નહિ એવું. ૨૯
ચાલ્યું કામ ઘણું તડામાર, માસ બેમાં તો કીધું તૈયાર;
પછી અક્ષરાનંદ મુનીશે, પત્ર મોકલ્યો શ્રીહરિ દીશે. ૩૦
લખ્યું તે પત્ર માંહિ સુજાણે, પ્રભુ આપની આજ્ઞા પ્રમાણે;
સર ખોદાવી કીધું તૈયાર, હતા જન તો હજારોહજાર. ૩૧
આપકેરી પ્રસન્નતા કાજ, કામ કરતો તો સુરનો સમાજ;
એવો પત્ર લઈ જન ગયો, હરિ આગળ હાજર થયો. ૩૨
પત્ર આપ્યો કરીને પ્રણામ, વાંચી રાજી થયા ઘનશ્યામ;
વાલે ઉત્તર એનો લખાવ્યો, તેમાં રાજીપો ખૂબ જણાવ્યો. ૩૩
વળી એવું લખાવ્યું એમાંય, તમે દીઠા ચમત્કાર ત્યાંય;
એવા તો હજી બીજા અપાર, તહાં થનાર છે ચમત્કાર. ૩૪
વાંચ્યો પત્ર તે અક્ષરાનંદે, મનમગ્ન થયું તે આનંદે;
આવી પંચમી જ્યારે વસંત, આવ્યા ગઢપુર સંઘ અનંત. ૩૫
અતિ ઉત્તમ ઉત્સવ કીધો, સંતે ખેલ કરી લાવ લીધો;
નવ મૂર્તિની છાપો તૈયાર, લાવ્યા ત્યાં નારાયણજી સુતાર. ૩૬
રીઝ્યા જોઈને ધર્મદુલારો, આપ્યો તેહને સરપાવ સારો;
વાલે છાપો તે હાથમાં લીધી, કૃપાનાથે પ્રસાદીની કીધી. ૩૭
વળી બોલ્યા શ્રીનવઘનરંગી[૧], સુણો સંતો સુણો સતસંગી;
એહ સર્વે મારાં રૂપ જાણી, નિત્ય પૂજજો ઉર ભાવ આણી. ૩૮
એથી હું બહુ થૈશ પ્રસન્ન, તમે જાણજો સૌ મુજજન;
એવી આજ્ઞા કરી જગદીશ, સુણી સૌએ ચડાવી તે શીશ. ૩૯
આધારાનંદને છાપો આપી, કહ્યું કાગળમાં દેજો છાપી;
મુનિએ મૂર્તિયો છાપી દીધી, પ્રેમે પૂજવા સૌ જને લીધી. ૪૦

૧. નવિન મેઘ (વાદળ) સમાન શરીરવાળા ભગવાન

**શાર્દૂલવિક્રીડિત :**

હે રાજા હરિકૃષ્ણ એક સમયે એકાંતમાં સંચરી,
જ્યાં છે અક્ષર ઓરડો નિજ તણો ત્યાં તેહ બેઠા ઠરી;
કીધો ચિત્તવિચાર જેહ દિનમાં દ્વારામતી હું ગયો,
ત્યાં દ્વારામતિ ઈશનો શુભ સમે મેળાપ મારે થયો. ૪૧
બોલ્યા દ્વારમતી પતી અતિ અહી વાસો અધર્મે કર્યો,
માટે મેં અહિથી હવે નિસ્રવા નિઃશંક નિશ્ચે ધર્યો;
માટે મંદિર કોઈ ઠામ કરીને જો આપ થાપો મને,
લક્ષ્મીજી સહિતે નિરંતર રહું તો આવીને ત્યાંકને. ૪૨
ત્યારે મેં તતકાળ ત્યાં કહ્યું હતું સ્થાપીશ સારે સ્થળે,
તે તો મેં વરતાલ તેની પ્રતિમા સ્થાપી સુસારી પળે;
તે વાર્તા જગમાં પ્રસિદ્ધ કરવા યુક્તિ પ્રયુક્તિ કરું,
જે જાણ્યાથી વળી વિશેષ જનનું ત્યાં ચિત્ત ચોટે ખરું. ૪૩
તીર્થો ગોમતી આદિ દ્વારમતિનાં તેણે મને તે સમે,
એવું આવી કહ્યું હતું તમ કને ત્યાં આવશું સૌ અમે;
આપ્યું મેં પણ તેહને વચન ત્યાં તે વેણ સાચું કરું,
આવે શ્રીવરતાલમાં તિરથ તે ઊપાય હું આદરું. ૪૪
એવું ધારી સભા વિષે વિચરીને માહાત્મ્ય તીર્થો તણું,
ભાખ્યું શ્રીભગવાન દ્વારમતિના તીર્થો તણું તો ઘણું;
ત્યાં ગોપાળજી નંદરામ હરિના ભત્રીજા બેઠા હતા,
તેને દ્વારમતી જવા ઉર થઈ અત્યંત ઉત્કંઠતા. ૪૫

**ચોપાઈ :**

પ્રભુને પદ કરીને પ્રણામ, બોલ્યા બેય જણા તેહ ઠામ;
આપો આજ્ઞા જો શ્રીહરિ તમે, જૈયે દ્વારિકા તો સહુ અમે. ૪૬
સુણી રાજી થયા મહારાજ, આપ્યું ધન બહુ ખરચવા કાજ;
આપી ગાડી અને આપ્યા પાળા, શસ્ત્રબંધ તે બખતરવાળા. ૪૭
પંથ દ્વારિકાનો જાણનાર, સચ્ચિદાનંદસ્વામી ઉદાર;
સાથે મોકલ્યા તેહને નાથે, ચાલ્યા છઠને દિવસ સહુ સાથે. ૪૮

ગયા સંગે શુકલ દયારામ, ઉમરેઠમાં જેહનું ધામ;
મહારાજની આજ્ઞા તે માગી, ચાલ્યા સર્વે જનો પગે લાગી. ૪૯
રહે જ્યાં જઈને રાતવાસ, સતસંગી કરે બરદાશ;
કેટલાએક દિન એમ થયા, ત્યારે દ્વિજવર દ્વારિકા ગયા. ૫૦

**પુષ્પિતાગ્રા :**

વૃષકુળ જન દ્વારિકા પધાર્યા, નિજમન મોદ વિશેષ ત્યાં વધાર્યા;
ગતિ અતિ હરિની અહો અઘાત, સુર મુનિ કોઈ કળી શકે ન વાત. ૫૧

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે*
*અષ્ટમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે*
*ધર્મકુળદ્વારિકાગમનનામષટત્રિંશત્તમો વિશ્રામઃ ॥૩૬॥*

**પૂર્વછાયો :**

દ્વારામતીમાં જૈ સહુ, એક ધર્મશાળા મોઝાર;
કર્યો ઉતારો કોડથી, અહો સાંભળ ભૂપ ઉદાર. ૧

**ચોપાઈ :**

ધર્મશાળાનો સંભાળનાર, એક વિપ્ર હતો તેહ ઠાર;
તેણે જાણ્યા મેમાન શ્રીમંત, જાણ્યું દક્ષિણા દેશે અત્યંત. ૨
તેણે બરદાસ તો બહુ કીધી, વસ્તુ જોઈએ તે લાવી દીધી;
સચ્ચિદાનંદ આકળા થયા, ના'વા ગોમતીમાં તે તો ગયા. ૩
તહાં વિપ્રમંડળ આવી લાગ્યું, તેણે સાધુ પાસે ધન માગ્યું;
કહ્યું ના'વાનો કર જ્યારે લેશું, ત્યારે ગોમતીમાં ના'વા દેશું. ૪
કર્યું સંતનું બહુ અપમાન, ધર્યું ત્યારે તેણે હરિધ્યાન;
ત્યારે થઈ સમાધી તેહ ઠાર, નાડીપ્રાણ ન ચાલે લગાર. ૫
વિપ્રે જાણ્યું નથી જીવ જરિયે, રખે સર્વે ગુનેગાર ઠરિયે;
એવું જાણીને ભયભીત થયા, તેથી તેના થકી દૂર ગયા. ૬
ધર્મવંશી પરસ્પર પૂછે, આંહી સ્વામી નથી તેહ શું છે;
કહે કોઈ ઉતાવળા થયા, તેથી તે એકલા ના'વા ગયા. ૭

પછી ધર્મવંશીનો સમાજ, ગયો ગોમતીયે ના'વા કાજ;
સમાધીમાં દિઠા મુનિરાય, બીજું કોઈ પાસે ન જણાય. ૮
કર આપી કર્યું સૌયે સ્નાન, દીધાં વિપ્રોને દક્ષિણાદાન;
એક ઝોળીમાં સંતને ધરી, ધર્મશાળામાં લઈ ગયા ફરી. ૯
સુવાર્યા આસને સવિવેક, સારું વસ્ત્ર ઓઢાડિયું એક;
તહાં વિપ્ર જમાડ્યા અથાક, પછી પોતે જમ્યા કરી પાક. ૧૦
ધર્મશાળાનો સંભાળનાર, તેને દક્ષિણા દીધી અપાર;
પછી સૌ મળી વિચારે એમ, કરવું મુનિનું હવે કેમ. ૧૧
સમાધી એને થાય છે જ્યારે, જાગે છે કદિ દિન દશ બારે;
કોઈ વખતે તો પક્ષે કે માસે, સમાધીમાંથી જાગતા ભાસે. ૧૨
એને મુકીને કેમ જવાય, કેમ માસ સુધી રહેવાય;
એમ ચિંતામાં સૌ પડ્યા બહુ, ધર્મશાળના રક્ષકે કહ્યું. ૧૩
તેની ચિંતા તજો તમે હાલ, અમે રાખશું એની સંભાળ;
તમે જાત્રા કરી આવો આંહી, રાખશું તેને આ સ્થળ માંહી. ૧૪
અમે સાચવશું જીવ સાટે, તમે ચિંતા તજો તેહ માટે;
જાગશે તો જમાડીને જમશું, સાધુને માટે સંકટ ખમશું. ૧૫
વૃષવંશી રાજી થયા મન, વળી આપ્યું તેને ઘણું ધન;
પછી સૌ ત્યાંથી વીદાય થઈ, લીધી છાપો આરામડે[1] જઈ. ૧૬
છાપો લીધાનો કર દિધો જ્યારે, છાપો દીધી દેનારાએ ત્યારે;
ધર્મવંશી વિદાય તે થયા, નાવમાં બેસી બેટમાં[2] ગયા. ૧૭
કર આપીને દર્શન કીધાં, જાણ્યું જે સહુ કારજ સીધ્યાં;
તહાં પાંચ દિવસ કરી વાસ, ચાલ્યા સચ્ચિદાનંદની પાસ. ૧૮
હવે સચ્ચિદાનંદની વાત, કહું તે તમે સાંભળો ભ્રાત;
ધર્મવંશી થયાથી વિદાય, ચોથે દિવસ જાગ્યા મુનિરાય. ૧૯
જાગીને ત્યાં જોયું આસપાસ, કોઈ માણસ દીઠું ન પાસ;
ધર્મશાળા તણો રખવાળ, ક્યાંઈ કામે ગયેલો તે કાળ. ૨૦
ત્યાંથી ચાલિયા તે મુનિરાજ, ગયા ગોમતીયે ના'વા કાજ;
કર લેનારે ત્યાં અટકાવ્યા, તેથી નાહ્યા વિના તે સિધાવ્યા. ૨૧

૧. આરંભડા તીર્થસ્થાન ૨. બેટ દ્વારકા

ગયા આરામડે છાપો લેવા, પણ પાસે નહી ધન દેવા;
છાપો દીધી નહી લાંચખોરે, બેઠા ત્યાં મુનિ લાંઘણચોરે. ૨૨
ધર્મશાળાનો રક્ષક જયારે, ધર્મશાળાયે આવિયો ત્યારે;
મુનિને નવ દીઠા તે ઠાર, ચિંતા કરવાને લાગ્યો તે વાર. ૨૩
જાણ્યું જે તે મુની જતા રહેશે, ધર્મવંશી તો ધન નહિ દેશે;
વળી ઠપકો દેશે મને ઘણો, ઓશિયાળો થઈશ તે તણો. ૨૪
તેથી જોઈ વળ્યો આસપાસ, પણ ક્યાંઈ ન લાગ્યો તપાસ;
ઘણા જાત્રાળુ સેવવા એને, તેથી નવરાશ પણ નહી તેને. ૨૫
એમ ચિંતવે તે દ્વિજરાજા, હોઠે સાજા તો ઉત્તર ઝાઝા;
એવી રીતે તેણે મન વાળ્યું, ચિતે ચિંતા તણું દુખ ટાળ્યું. ૨૬
મુનિયે ચાર લાંઘણો[૧] કીધી, છાપ દેનારે છાપ ન દીધી;
છાપવગર તે થૈને નિરાશ, બેઠા નાવમાં થૈને ઉદાસ. ૨૭
ગયા બેટમાં દર્શન કરવા, આવ્યા ગૂગળી ત્યાં ધન હરવા;
દરવાજે તેણે અટકાવ્યા, કહ્યું છાપો વગર કેમ આવ્યા ? ૨૮
કર દર્શન કેરો અપાશે, ત્યારે દેવનાં દર્શન થાશે;
એક હાટે તે દ્વારથી બહાર, બેસીને કરી લાંઘણ ચાર. ૨૯
એમ લાંઘણો કીધી અગ્યાર, વળી ચિતમાં કીધો વિચાર;
મને શ્રીજીની આજ્ઞા છે એવી, કરવાં દરશન છાપો લેવી. ૩૦
વિના દર્શન પાછું જવાય, તો મેં આજ્ઞા ઉલંઘી જણાય;
એવું ધારી બેઠા એહ સ્થાન, દ્વારિકાધીશનું ધરી ધ્યાન. ૩૧
માઘકૃષ્ણ એકાદશી હતી, દીઠા સ્વપ્નમાં દ્વારિકાપતિ;
શંખ ચક્રાદિ ધાર્યાં છે હાથે, શોભે રુકિમણીજી પણ સાથે. ૩૨
કૃષ્ણ દર્શન પામિયા હર્ષ, દેવ તરત થયા ત્યાં અદર્શ;
તેના વિરહ થકી મુનિરાય, અતિ અંતરમાં અકળાય. ૩૩
જોગીરાજ તે સ્વપ્નથી જાગ્યા, સ્તુતિ કૃષ્ણની કરવાને લાગ્યા;
આવ્યાં નેહથી નેણમાં નીર, ઉચ્ચરે સ્તુતિ થૈને અધીર. ૩૪

૧. ઉપવાસ

**શાર્દૂલવિક્રીડિત :**

વંદુ વંસિધરા સદા સુખકરા ભીતીહરા ભૂધરા,
સેવે સિદ્ધવરા સુરા નરવરા સૌ ભૂચરા[1] ખેચરા[2];
છો આપે અજરામરા નિરડરા વિશ્વેશ્વરા શ્રીશ્વરા,
જે જે શ્રીકરુણાકરા ગિરિધરા હે દ્વારિકાધીશ્વરા. ૩૫

**ઉપજાતિ :**

એવી રીતે જે સ્તુતિ ઝાઝિ કીધી, શ્રીદ્વારિકેશે દિલ ધારી લીધી;
સ્વપ્નાંતરે દર્શિત રૂપ જેવું, દેખાડ્યું પ્રત્યક્ષ પ્રમાણ તેવું. ૩૬
પ્રેમે કર્યો ત્યાં મુનિયે પ્રણામ, જીભે કહીને જય મેઘશ્યામ;
કહે કૃપાળુ વરદાન માગો, ચિંતા તમે હે મુનિરાજ ત્યાગો. ૩૭
કહે મુની જે ગુરુ છે અમારા, સર્વોપરી પૂરણબ્રહ્મ પ્યારા;
તેણે કહ્યુ વૈષ્ણવ જેહ થાય, તે દ્વારિકાતીર્થ જરૂર જાય. ૩૮
નહાય જૈ ગોમતીમાં ઉમંગે, છાપો ધરે શંખગદાદિ અંગે;
નિર્ખે પછી જૈ પ્રભુ દ્વારિકેશ, ગણાય તે વૈષ્ણવ તો વિશેષ. ૩૯
ગૃહસ્થ ત્યાગી જનજાતી જેવી, આજ્ઞા કરી છે સહુ શીશ એવી;
તે કારણે હું હરિ આંહિ આવ્યો, વિના ધને અર્થ કશો ન ફાવ્યો. ૪૦
શ્રીગોમતીસ્નાન નહી કરાયું, છાપો વડે અંગ નહી છપાયું;
ને દેવનાં દર્શ થવા ન દીધાં, અગ્યાર મેં તો ઉપવાસ કીધા. ૪૧
જો ત્યાગીથી દ્રવ્ય કદી રખાય, તો ત્યાગીનો ધર્મ જરૂર જાય;
વિના ધને તીર્થ અહીં ન થાય, કહો પ્રભુ શો કરીયે ઉપાય ? ૪૨
કરો કૃપાના નિધિ કાંઇ એમ, સુખે કરે દર્શન સર્વ જેમ;
એ માગું છું હું વર આપપાસ, નથી બીજી અંતર કાંઇ આશ. ૪૩
તથાસ્તુ બોલ્યા તહિં દ્વારિકેશ, વળી મુખેથી ઉચર્યા વિશેષ;
જે ધર્મના રક્ષક ધર્મલાલ, આવ્યા હતા આ સ્થળ જેહ કાળ. ૪૪
ત્યારે કહ્યું મેં પણ તેહ પાસ, રહું છું હું આ સ્થળમાં ઉદાસ;
અધર્મી લોભી વ્યસની વિકારી, સેવા કરે છે જન તે અમારી. ૪૫
એવા તણો સ્પર્શ હમેશ થાય, તે સ્થાનમાં કેમ રહી શકાય;
માટે રહે જ્યાં શુચી સંતવૃંદ, ઈચ્છું સદાવાસ તહાં સ્વછંદ. ૪૬

૧. પૃથ્વી ઉપર ફરનાર મનુષ્ય આદિક ૨. આકાશમાં ફરનારા દેવો આદિક

એવે સ્થળે મંદિર જો કરાવો, ત્યાં મૂર્તિયો મારી તમે સ્થપાવો;
તો ગોમતી આદિક તીર્થ લૈને, વસું સદા તે સ્થળ રાજી થૈને. ૪૭
ત્યારે હરિયે પણ વેણ દીધું, તે માટે વૃત્તાલય ધામ કીધું;
સ્થાપી તહાં બે પ્રતિમા અમારી, ત્યાં હું રહું છું દૃઢ ચિત્ત ધારી. ૪૮
તથાપિ તે વાત પ્રસિદ્ધ થાવા, ઘણા જનોને વળી તે જણાવા;
જાત્રા નિમિત્તે તમને દયાળે, છે મોકલ્યા આ સ્થળ એહ કાળે. ૪૯
આવીશ હું ત્યાં તમસંગ આજ, લૈ ગોમતી આદિક સૌ સમાજ;
માટે સિધાવો તજીને ઉચાટ, જુવે તમારી વૃષવંશી વાટ. ૫૦
એવું કહી દેવ થયા અદર્શ, વધ્યો મુનીના મન માંહિ હર્ષ;
પછી મુની ત્યાંથી વિદા થઈને, બેઠા ભલા નાવ વિષે જઈને. ૫૧

**ચોપાઈ :**

ધર્મવંશી ત્યાંથી ફરી જ્યારે, ગયા ધર્મશાળા માંહિ ત્યારે;
ન દિઠા સચ્ચિદાનંદસ્વામી, દ્વિજને પુછ્યું દિલગિરી પામી. ૫૨
કહે વિપ્ર ચોથા દિનમાંઇ, ઉઠી ગુપ્ત ગયા એ તો ક્યાંઈ;
અમે શોધવા બહુ થળ ગયા, પણ ક્યાંઇ ભેળા નવ થયા. ૫૩
ધર્મવંશી થયા તે ઉદાસ, પછી તેહનો કરવા તપાસ;
કર્યો બે ત્રણ દિન ત્યાં મુકામ, ઘણો શોધ કર્યો ઠામઠામ. ૫૪
દ્વાદશી દિન પારણું કરવા, તહાં માંડી રસોઈ આદરવા;
થયો કાંઈક મધ્યાહ્ન કાળ, ધર્યો ઠાકોરજી પાસે થાળ. ૫૫
સચ્ચિદાનંદસ્વામી તે ટાણે, આવી ઉભા રહ્યા એ ઠેકાણે;
મુનિને કર્યો સૌયે પ્રણામ, અતિ આનંદ વાધ્યો એ ઠામ. ૫૬
મુનિને ભલું ભોજન દીધું, પછી પાંડેયે પારણું કીધું;
પછી દ્વારામતી તણી વાત, મુનિયે કરી સર્વ વિખ્યાત. ૫૭

**પુષ્પિતાગ્રા :**

સુણી મુનિ તણી કષ્ટની કહાણી, દિલગિરિ સૌ જનને દિલે ભરાણી;
પણ વિચરણ દ્વારિકેશ કેરું, સુણી ઉપજ્યું સુખ સર્વને ઘણેરું. ૫૮

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે*
*અષ્ટમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે*
*ધર્મવંશીયાત્રાકરણનામસપ્તત્રિંશત્તમો વિશ્રામઃ ॥૩૭॥*

**પૂર્વછાયો :**

એક કથાંતર હું કહું, સુણો ભુપ થઇ સાવધાન;
ઉત્તમ નૃપના લગ્નનું, અતિ ઉત્તમ છે આખ્યાન. ૧

**ચોપાઈ :**

દાદાખાચરને એક નારી, કુંવરબાઇ પતિવ્રતધારી;
નોતું તેને કશુંયે સંતાન, પતિ પ્રત્યે બોલી ગુણવાન. ૨
પિયુજી આપણો દરબાર, સતસંગનો એ છે આધાર;
પુત્ર વગર તે પરઘેર જાશે, ત્યારે સતસંગનું કેમ થાશે ? ૩
કોણ કહેશે વિચારીને મર્મ, મારા બાપનો છે એ તો ધર્મ;
એવો કોણ મમત્વ તે ધરશે, કોણ સંતોનું રક્ષણ કરશે. ૪
માટે પત્નિ કરો તમે બીજી, કહું છું અતિ અંતરે રીઝી;
દાદોખાચર બોલીયા ત્યારે, નથી તૃષ્ણા સંસારની મારે. ૫
કોણ જાણે કેવા પુત્ર થાય, તે તો નક્કી કહી ન શકાય;
કુળદીપક સુત અવતરે, સતસંગનું રક્ષણ કરે. ૬
પણ થાય કુપુત્ર કદાપી, તજી સતસંગ થૈ જાય પાપી;
કુળકીર્તિ કરે નાશ સોય, તેથી તો ભલું પુત્ર ન હોય. ૭
માટે સંસાર હું તો તજીશ, ભગવાનની ભક્તિ કરીશ;
રાણીયે વળી બહુ કહી વાણી, દાદાખાચરે તે ન મનાણી. ૮
પછી રાણીયે શ્રીપ્રભુ પાસ, કરી વાત તે સર્વ પ્રકાશ;
ભાળી આગ્રહ એહનો ભારી, મળ્યા દાદાખાચરને મુરારી. ૯
જેમ અર્જુનને હૃષિકેશ, યુદ્ધ કરવા દીધો ઉપદેશ;
કહ્યું અન્ય ધરમ પરહરો, એક હું જ કહું તેમ કરો. ૧૦
એવા શબ્દ કહ્યા અતિ જ્યારે, દાદોખાચર ઉચર્યા ત્યારે;
તમે જો પ્રભુ જાનમાં આવો, મને પાસે રહી પરણાવો. ૧૧
તો હું પાણિગ્રહણ તે કરીશ, આજ્ઞા આપની માથે ધરીશ;
કહે કૃષ્ણ હું જાનમાં આવું, પાસે રહી તમને પરણાવું. ૧૨
હાંક્યો અર્જુનનો રથ જેમ, તમારો રથ હાંકીશ તેમ;
એમ ચર્ચા ચાલી ઘણા માસ, કીધો કન્યાનો સઘળે તપાસ. ૧૩

ભટવદર નામે છે ગામ, જાણી કન્યા કુંવારી તે ઠામ;
મહામુક્ત તે જનતનધારી, જસુ નામે તે સદ્‌ગુણી સારી. ૧૪
નાગપાળ વરુ કાઠિરાય, તેની પુત્રી તે તો કહેવાય;
બોલ્યા આવીને કન્યાનો બાપ, મારી કન્યા વરો નૃપ આપ. ૧૫
તેની સાથે તો સગપણ કીધું, સારે મુહુરતે શ્રીફળ લીધું;
પછી લગ્ન સારું જોવરાવ્યું, માઘશુક્લ દસમ દિન આવ્યું. ૧૬
લખી કંકોતરી બહુ ઠામ, સગા વહાલા તેડાવ્યા તમામ;
આવી વસંતપંચમી જ્યારે, આવ્યા તે સહુ ગઢપુર ત્યારે. ૧૭
આવ્યા કાઠી ગરાશિયા ઘણા, જેહ આશ્રિત શ્રીહરિ તણા;
ધર્મવંશીને દ્વારિકાધામે, છઠને દિન મોકલ્યા શ્યામે. ૧૮
આવી આઠમ ઉજવળી જ્યારે, કરી જાનની તૈયારી ત્યારે;
સતસંગી સારા સાહુકાર, કર્યા જાનમાં જાવા તૈયાર. ૧૯
પૂજ્યા પગરણ[1] માંહિ ગણેશ, રચ્યો મંડપ સારો વિશેષ;
રાયે ગોત્રજ[2] પૂજન કર્યું, ધ્યાન શ્રીજીતણું ઉર ધર્યું. ૨૦
માતાજી દાદાખાચર કેરાં, સુરબાઈ સુજાણ ઘણેરાં;
તેણે તૈયારી જાવાની કીધી, સર્વ બાઈયોને બોલાવી લીધી. ૨૧
કૃષ્ણે પાર્ષદ સર્વને કહ્યું, શસ્ત્ર ધારીને આવજો સહુ;
સંતને કહે શ્રીમહારાજ, થાજો તૈયાર સર્વ સમાજ. ૨૨
જે જે ગામમાં કરીયે પ્રવેશ, દૈવીને કરવો ઉપદેશ;
સતસંગ વધે ઠામોઠામ, એ જ છે મુખ્ય આપણું કામ. ૨૩
બ્રહ્માનંદ જાણે રાજનીતિ, આનંદાનંદ સંતની રીતિ;
નિષ્કુળાનંદ વૈરાગ્યવાન, ત્રણેને સતસંગનું તાન. ૨૪
તેઓને કહે શ્રીકૃપાનાથ, તમે ચાલો સહુ અમસાથ;
તમજેવા સાથે હોય જ્યારે, સતસંગ વધે બહુ ત્યારે. ૨૫
વાટે ઘાટે મળે જનજાત, કરજો તેને ધર્મની વાત;
સુણી આજ્ઞા ધારી સંતે માથે, થયા તૈયાર જાવાને સાથે. ૨૬
ગામ મુખ્ય તો માંડવધાર, તહાં પત્ર લખ્યા તેહવાર;
ગાડાં અગણિત ત્યાંથી મંગાવ્યાં, ભારખાનાં તે માંહિ ભરાવ્યા. ૨૭

૧. મંગળ કાર્યનો પ્રારંભ ૨. કુળદેવી

લખુભાઈ ને જેચંદભાઈ, એ બે કંદોઈ બોલાવ્યા ચાઈ;
શીરો ખાંડનો સરસ કરાવ્યો, મોટાં પાત્ર ભલાંમાં ભરાવ્યો. ૨૮
દાળ ભાત સારાં સારાં શાક, એહ ટાણે કરાવ્યાં અથાક;
આખા ગામને નોતરું દીધું, સૌયે આવીને ભોજન કીધું. ૨૯
આવ્યા જમવાને વરણ અઢાર, આવે પીરસતાં નહિ પાર;
થયા બ્રાહ્મણના જુદા પાક, જમ્યા એ સમે વિપ્ર અથાક. ૩૦
આસપાસના ગામ મોઝાર, ગયા જમણ તણા સમાચાર;
એથી ઊલટ્યા વર્ણ અઢાર, જમે કોઈ તો બે ત્રણ વાર. ૩૧
જમે જૂથ જમી જમી જાય, તાજો શીરો ત્યાં તૈયાર થાય;
ભરી પાત્રને લૈ જાય કોય, અટકાવે નહીં તેને તોય. ૩૨
જમવા માંડ્યું થાતાં પ્રભાત, જમ્યાં જ્યાં સુધી ગઈ અર્ધરાત;
પણ રાત જતાં ઘડી ચાર, ચાલી જાન થઈને તૈયાર. ૩૩
ભાતા માટે મોતૈયા કરેલા, હતા તેના પટારા ભરેલા;
ગળપાપડી[1] ગાંઠિયા લાવ્યા, પટારા ભરી ગાડે ચડાવ્યા. ૩૪
સાથે શોભે અનેક મશાલ, દીસે જાનનો ઉત્તમ તાલ;
ઘણા શોભે છે ડંકા નિશાન, ઢાઢી[2] લંઘા[3] કરે ગુણગાન. ૩૫
શોભે અશ્વ ભલા શણગાર્યા, શોભે સાજ ને શણગાર ધાર્યા;
ધર્મરક્ષક ધર્મકુમાર, થયા માણકીયે અસવાર. ૩૬
ચાલે તેહના આગળ પાળા, સારાં શસ્ત્ર ને બખ્તરવાળા;
અસવાર થયા વરરાય, લીધું શ્રીફળ બે હાથમાંય. ૩૭
ખમા ખમા વદે છડિદાર, શોભે છત્ર ને ચામર સાર;
વાજાં વિવિધ પ્રકારનાં વાજે, તેના નાદે આખું ગામ ગાજે. ૩૮
અલબેલા શોભે અસવાર, રથ પાલખીનો નહિ પાર;
ધોરીના[4] કંઠ માંહિ વિશાળ, વાજે ધમધમ ઘૂઘરમાળ. ૩૯
શોભે રથ પર કળશ તે કેવા, સોના કળશ દેવળ પર જેવા;
રથ માંહિ ગૌરી[5] ગાય ગીત, સ્વર કોકિલાસમ શુભ રીત. ૪૦
જાન ઊઘલીને[6] એહ ટાણે, રુડી રીતે ગઈ રળીયાણે;
ગઈ ગામ ગુંદાળે તે જ્યાંય, મૂળૂખાચર આવિયા ત્યાંય. ૪૧

૧. સુખડી ૨. ગાઈ બજાવી આજીવિકા ચલાવનાર ૩. એ નામની હલકી જાત ૪. બળદ ૫. સ્ત્રીઓ

તેણે તાણ કરી ભલી ભાત, કહ્યું આંહિ રહો આજ રાત;
મહારાજ બોલ્યા રાજી થઈ, રાત રહેશું માલપરે જઈ. ૪૨
મોકલ્યો છે અગાડિ[1] સામાન, માટે આંહિ રહે નહિ જાન;
બોલ્યા મૂળૂખાચર જોડી હાથ, મારે ઘેર પધારોજી નાથ. ૪૩
મારું આંગણું પાવન કરી, પાછા તરત પધારજો હરી;
સુણી શ્રીહરિએ કરી દયા, તેના દરબારમાં તર્ત ગયા. ૪૪
હતો લીંબડો દરબારમાંય, માણકીને ઉભી રાખી ત્યાંય;
હરિ ત્યાંથકી ઊતરી હેઠા, દરબારને ઓરડે પેઠા. ૪૫
મૂળૂખાચર પણ સાથે આવ્યા, પ્રીતે પ્રીતમને પધરાવ્યા;
કરી પૂજા પુરો ધરી પ્યાર, ભલી ભેટ ધરી તેહ ઠાર. ૪૬
સતી તેહની સુમરીબાઈ, આવ્યાં તે તો હૈયે હરખાઈ;
પુત્ર બે તેડી લાવ્યાં તે ઠામ, દાદોખાચર એકનું નામ. ૪૭
તેનું નામ સામત પણ જાણો, પુત્ર સોમલો બીજો પ્રમાણો;
પગે બેને લગાડિયા સાથે, મહારાજે મુક્યા હાથ માથે. ૪૮
દાદાખાચરને જોઈ દેવ, વળી બોલ્યા તહાં તતખેવ;
હરિભક્ત ભલો આતો થાશે, સતસંગીમાં શ્રેષ્ઠ ગણાશે. ૪૯
સુણો ભૂપ કહે બ્રહ્મચારી, થતાં મોટા થયા ભક્ત ભારી;
ભારેભારે આભૂષણ લાવી, ગોપીનાથને અર્પિયાં આવી. ૫૦
નીરમાનિપણું ધર્યું કેવું, મોટા જોગી વિષે હોય જેવું;
કથા ચાલતી તે હવે કહું, સુણો સ્નેહ ધરી તમે બહું. ૫૧
મૂળુખાચરને કહે માવો, સજ્જ થૈ તમે જાનમાં આવો;
અતિ આગ્રહ જોઈ એ ઠાર, જવાને થયા તેહ તૈયાર. ૫૨
ચાલ્યા શ્રીહરિ જાન સંઘાત, રહ્યા માલપરે જઈ રાત;
વાયુ ખૂણમાં ત્યાં ખળાવાડ, જોયાં ત્યાં વળી સુંદર ઝાડ. ૫૩
કર્યો જાને જઈ ત્યાં ઉતારો, બિરાજ્યા તહાં ધર્મદુલારો;
તેહ ગામ તણા જે પટેલ, હરિભક્ત ભલાતે થયેલ. ૫૪
સાખે ડોબરિયા કહેવાય, નામ કરશન તેનું લખાય;
વિપ્ર મોનજી આદિક આવ્યા, શ્રીજીને કાજે સામાન લાવ્યા. ૫૫

૧. આગળ, અગાઉ

સૌની સરભરા તો સારી રીતે, કરી તેઓએ પૂરણ પ્રીતે;
વળી બોલ્યા પટેલ તેવાર, ઘોડાં બળધને ચરવાને ચાર. ૫૬
લેવા મોકલો અમારી સાથ, ગાડિવાનો અસ્વારોને નાથ;
પછી સૌ ગાડિવાન ને સ્વાર, ઘાસ લેવા ગયા તેહવાર. ૫૭
ઘણા શ્રમથી પટેલે કરેલો, વાઢ શેલડીનો સુધરેલો;
જૈને બોલ્યા પટેલ તે સારા, બાંધો શેલડી વાઢીને ભારા. ૫૮
ગાડીવાન કહે ન કપાય, કાપીયે તો ખીજે હરિરાય;
ત્યારે બોલિયા પ્રેમી પટેલ, વાઢ આ તો અમે છે કરેલ. ૫૯
આજ ધન્ય દિવસ છે અમારે, ક્યાંથી શ્રીહરિ આંહિ પધારે;
વસ્તુ સારામા સારી ગણાય, તે તો શ્રીજીને અર્પણ થાય. ૬૦
નથી મળતું આંહી બીજું ઘાસ, રાજી થૈને કહું તમ પાસ;
બાંધો શેલડી કાપીને ભારા, માનો સત્ય કહ્યાથકી મારા. ૬૧
એવું સાંભળી સૌ ગાડીવાને, કાપી શેલડીયો તેહ સ્થાને;
ભારા લૈને ગયા જ્યાં ઉતારે, દીઠા દષ્ટિયે ધર્મદુલારે. ૬૨
કહે શ્રીહરિ શું કરી આવ્યા ? શીદ શેલડિયો કાપી લાવ્યા;
સુણી બોલ્યા તેઓ સહુ સાથી, લાવ્યા છૈયે ધણીના કહ્યાથી. ૬૩
પછી આવ્યા પટેલ તે જ્યારે, તેને શ્રીહરિયે કહ્યું ત્યારે;
વેળા કઠણ વરસની છે આવી, શાને માટે શેલડિયો કપાવી. ૬૪
કોસ તાણી પાયું હશે પાણી, મોંઘી શેલડી શા માટે આણી ?
તહાં બોલ્યા પટેલ તે ત્યારે, આવે શ્રીહરિ કે સંત જ્યારે. ૬૫
એના ઉપયોગમાં નહિ આવે, વસ્તુ તે બધી વ્યર્થ કહાવે;
એવો અવસર તો વહી જાય, પેટમાં પછી પસ્તાવો થાય. ૬૬

**સંતસેવા વિષે ઉપજાતિ :**

જ્યારે હરિ કે હરિભક્ત આવે, સમો અતી ઉત્તમ તે કહાવે;
ગૃહસ્થ જ્ઞાની ઉર એમ જાણે, સેવા અહો શી કરું એહ ટાણે. ૬૭
વર્ષો ઘણે સંચિત દ્રવ્ય જેહ, જાણે સમો વાવરવા સુતેહ;
બીજા કરે ખર્ચ વિવાહ ટાણે, સંતો મળે ભક્ત સુજોગ જાણે. ૬૮

જો સંત અર્થે નહિ દ્રવ્ય આવ્યું, તે તો ગણે વ્યર્થ બંધું ગુમાવ્યું;
સ્ત્રી પુત્ર કે અન્ય સગા જ ખાય, તે ભક્ત જાણે ધન વ્યર્થ જાય. ૬૯
જે અન્ય તો ક્ષેત્ર વિષે વવાય, તે પાકતાં અન્ન ઘણું પમાય;
જો સંત અર્થે વવરાય જેહ, અતી ઘણું અક્ષય થાય એહ. ૭૦
મેં સાંભળ્યું છે વળી કોઈ સ્થાને, પાટો પ્રભુને કર બાંધવાને;
પંચાળિયે ચીર નવીન ફાડ્યું, તેનું પ્રભુયે ફળ તે પમાડ્યું. ૭૧
દીધું દધીચી ઋષિ ઈન્દ્ર અર્થે, વાંસા તણું અસ્થિ મહાસમર્થે;
તો સંત અર્થે નહિ શું અપાય, જો સંત કેરો મહિમા જણાય. ૭૨
તો શેલડીયો અતિ અલ્પમાત્ર, ક્યાંથી મળે શ્રીહરિ જેવું પાત્ર;
વૃષ્ટિ થશે ને શુભ વર્ષ થાશે, પ્રભુ તણું આગમ[૧] ક્યાં પમાશે. ૭૩
ઠગી જશે સૌ ધન તો ઠગારા, લૂંટી જશે સ્વારથિયા લુંટારા;
જે સંત અર્થે હરિઅર્થ થાશે, ખરી કમાણી કરી તે ગણાશે. ૭૪
સારે સમે ચેતી શકે ન જ્યારે, શો દેહનો છે નિરધાર ત્યારે;
ધર્યું રહેશે ધન ભૂમિ માથે, હાથે કર્યું પુણ્ય જવાનું સાથે. ૭૫
રાજી થયા તે સુણી મેઘશ્યામ, બોલ્યા કૃપાળુ પ્રભુ તેહ ઠામ;
બુદ્ધિ તમારી બહુ ધન્ય ધન્ય, દિસો તમે ભક્ત ભલા અનન્ય. ૭૬

**પુષ્પિતાગ્રા :**

સુણી નરપતિ વર્ણીરાજ વાણી, પરમ પવિત્ર પરોપકારી જાણી;
હરિહરિજનમાં વિશેષ હેત, ઉર ઉપજ્યું મહિમા મહા સમેત. ૭૭

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે અષ્ટમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે ઉત્તમરાજવિવાહાર્થશ્રીહરિવિચરણનામ અષ્ટત્રિંશત્તમો વિશ્રામઃ ॥૩૮॥*

૧. આવવું



દાદાખાચરની જાનમાં વેલડુ ચલાવતા
શ્રીજી મહારાજ તથા સંતો-ભક્તો.

**પૂર્વછાયો :**

રાત રહ્યા રુડી રીતથી, ગામ માલપરે મહારાજ,
ઉઠી પ્રભાતે પરવર્યા, સુખસાગર સહિત સમાજ. ૧

**ચોપાઈ :**

પહોંચ્યા પ્રભુ પાટણે ગામ, કાળુભાર નદી જેહ ઠામ;
શિવની દેરી છે તટ સામે, રથ છોડ્યો જઈ તેહ ઠામે. ૨
કરી સ્નાન ક્રિયા સહુ સાથે, કરી નિત્યક્રિયા મુનિનાથે;
ઢસે ગામ ગયા ગિરધારી, આવ્યાં નિર્ખવા બહુ નરનારી. ૩
જે જે ગામ સમીપ સિધાવે, ત્યાંના લોકો ત્યાં દર્શને આવે;
સુણી સ્વામિનારાયણ નામ, કરે આવીને પ્રેમે પ્રણામ. ૪

સંત તેઓને વાતો કરે છે, સુણીને જન આશ્રય લે છે;
જાણે પ્રગટ પ્રભુનો પ્રતાપ, વધે સત્સંગ એમ અમાપ. ૫
ઢસેથી ગયા મેથળી ગામ, બધી જાન સહિત ઘનશ્યામ;
અવિનાશી ગયા ઇંગોરાળે, જેનાં ભાગ્ય ભલાં તેહ ભાળે. ૬
ગામથી જઇ પશ્ચિમ પાસ, થોડી વાર કર્યો ત્યાં નિવાસ;
ત્યાંના ભક્ત આવ્યા તેહ ઠામ, નરનાથ સુણો તેનાં નામ. ૭
શેઠ સુંદરજી શેઠ લાલો, વૃષનંદન જેને વહાલો;
કાનજી ને કલો બે પટેલ, સતસંગી તે સારા થયેલ. ૮
સાખે હીરપરા સહુ જાણે, પ્રભુના ભક્ત પંચ પ્રમાણે;
મુખી જાગાણી નામ કુંવરજી, જેને પ્રભુ ભજવાની જ મરજી. ૯
એહઆદિક હરિજને આવી, પ્રભુને ભલી ભેટ ધરાવી;
કહ્યું રાત રહો આંહિ હરી, જવા નાથે ઉતાવળ કરી. ૧૦
એકલેરે ગયા અવિનાશ, ખળાવાડ દિઠી ગામ પાસ;
અન્ન પુષ્કળ જોઈ ઉચ્ચાર્યું, આંહી તો અન્ન પાક્યું છે સારું. ૧૧
ગયા ક્રાંકશ શ્રીગિરધારી, વહે શેત્રુજી જ્યાં નદી સારી;
સામે તીર ગયા ઘનશ્યામ, રથ છોડાવ્યો ત્યાં એક ઠામ. ૧૨
મળે ગાગડિયો જેહ સ્થાન, ત્યાંથી દક્ષિણમાં કર્યું સ્નાન;
નાહ્યા સંત ને જાનના જન, કર્યું તે સ્થળ તીર્થ પાવન. ૧૩
કરી નિત્યક્રિયા તેહ સ્થાને, ભાતું સૌને દીધું ભગવાને;
જમી ભાતું ભલું જળ પીધું, પછી ચાલવાનું મન કીધું. ૧૪
ત્યાં તો હરિજન દર્શને આવ્યા, શેલડીનાં ગાડાં ભરી લાવ્યા;
ત્રવાડી આવિયા રણછોડ, જેને કૃષ્ણ ભજ્યાનો છે કોડ. ૧૫
વશરામ પટેલ સાકરિયો, જેણે શિરસાટે સત્સંગ કરિયો;
વળી આવિયા વેલો સુરાણી, જેની ભક્તિ ભલી વખણાણી. ૧૬
સ્નેહે આવિયા સોની સગાળ, જેને વાલા છે જનપ્રતિપાળ;
આવ્યા રાઠોડ આણંદ આપ, જપે જે હરિનામનો જાપ. ૧૭
ધરી શેલડીયો ભેટ જેહ, વહેંચી વાલે સર્વને તેહ;
હરિભક્તોને દર્શન દૈને, પછી શ્યામ ચાલ્યા સજ થૈને. ૧૮

દાદાખાચરને રથમાંય, બેસાર્યા બહુનામીયે ત્યાંય;
ભગવાન છે ભક્તઆધીન, એવું દેખાડવા એહ દિન. ૧૯
બેઠા શ્રીહરિ સારથી થઈ, હાંકે બળદને ચાબકો લઈ;
હાંક્યો અર્જુનનો રથ જેમ, દાદાખાચરનો હાંક્યો તેમ. ૨૦
સંત હરિજન દર્શન કરે, છબી જોઈને અંતરે ધરે;
જતાં સીમ કેરાળાની આવી, સારી શ્રીહરિયે તે શોભાવી. ૨૧
હરિજન દેવરાજ ધડૂક, પાડતા હતા ઘૌં તણો પોંક;
તેણે ઓળખ્યા અંતરજામી, લાવ્યા પોંક પુરો હર્ષ પામી. ૨૨
કૃપાનાથને અર્પણ કીધો, માવે સૌને મુઠી મુઠી દીધો;
ત્યાં તો ગામ વિષે થયું જાણ, જાન સાથે છે જીવનપ્રાણ. ૨૩
તેથી સૌ મળીને સામા આવ્યા, વાજાં વિવિધ પ્રકારનાં લાવ્યા;
આવ્યા ભોજ ને વીરો ખુમાણ, આવિયા કાનો શેઠ સુજાણ. ૨૪
જસો ભક્ત ગોપાળ પટેલ, જેને પ્રભુપદ લગની લાગેલ;
સાખે તે કહિયે ચોરવડિયા, ભગવાન પટેલ દોમડિયા. ૨૫
એહ આદિક આવ્યા એ ઠામ, કર્યા પ્રેમે પ્રભુને પ્રણામ;
કહ્યું રાત રહો આંહિ આજે, પણ માન્યું નહી મહારાજે. ૨૬
પછી ઘી લાવી બળદોને પાયું, આપ્યું ભાતું જનોને સવાયું;
વિચર્યા ત્યાં થકી જગવંદ, ધાર ગામ ગયા ધર્માનંદ. ૨૭
ગામથી પૂર્વમાં શુભ ઠામે, રથ રાખ્યો ઉભો ઘનશ્યામે;
આવ્યા ગામના હરિજન ત્યાંય, તેનાં નામ કહું સુણો રાય. ૨૮
જેઠો લીંબો ઠુંમર કહેવાય, ડાહ્યો રંઘાણી સાખે લખાય;
સાખે મુંજપરો છે ગોપાળ, પ્રિય ચારેને કૃષ્ણ કૃપાળ. ૨૯
એહઆદિકે આવી એ ઠામ, કર્યા પ્રેમે પ્રભુને પ્રણામ;
કહ્યું સાંજ પડી ઘનશ્યામ, માટે રાત રહો એહ ઠામ. ૩૦
કહે કૃષ્ણ પીઠવડી અમે, ઊંટ મોકલ્યો છે પ્રાતસમે;
માટે જોતા હશે સહુ વાટ, રહિયે તો કરે તે ઉચાટ. ૩૧
પછી ભક્તે મશાલો મંગાવી, ઘણું તેલ પુરી પ્રગટાવી;
સહુ સાથે વળાવાને ગયા, તેથી રાજી કૃપાનાથ થયા. ૩૨

થયું પીઠવડિ માંહિ જાણ, પ્રભુ આવે છે પુરુષ પુરાણ;
સર્વ સત્સંગી એકઠા થયા, સૌને સારા સમાચાર કહ્યા. ૩૩
ભક્ત પીઠવડિ તણા જેહ, તેનામ નામ કહું સુણો તેહ;
જોશી શીવો ને ગોવરધન, મોનજી દેવરામ જીવન. ૩૪
દેવકૃષ્ણ રાઘવજી એક, ઝિણા આદિક વિપ્ર અનેક;
હવે કાઠિ તણાં કહું નામ, જેને વા'લા ઘણા ઘનશ્યામ. ૩૫
જીવો ચાંદુ ને કાંધો ખુમાણ, નાગપાળ ને પુંજો સુજાણ;
સોની સામત ને સુત પુંજો, જેને સત્સંગ મારગ સૂજ્યો. ૩૬
કોઠારી પ્રેમજી તથા વાલો, ધણી ધાર્યા જેણે ધર્મલાલો;
હીરો પુંજા બે જાણો પટેલ, સારો અર્જુન પણ સમજેલ. ૩૭
વાઘો રામજી જાદવ જાણો, દેવરાજ ને ડાહ્યો પ્રમાણો;
પાંચો ઠાકરશી અને વસ્તો, જેણે જાણ્યો છે મોક્ષનો રસ્તો. ૩૮
પ્રભુભક્ત પટેલ જેરામ, તેના પુત્રનું અર્જુન નામ;
ગોવો દેવશી ને ભગો જસો, જેના જીવમાં સત્સંગ ઠશ્યો. ૩૯
એ તો સર્વે સુવાગિયા સાખે, પ્રીતિ પ્રભુપદમાં બહુ રાખે;
ભગો મૂળો પટેલ કલ્યાણ, વળી પ્રેમજી પોંકિયો જાણ. ૪૦
ખીમો ખૂંટ ભગો રાજો કલો, હરજી લીંબો માલાણી ભલો;
રુડો સાવલિયો મહામુક્ત, ચાર પુત્ર તેના હરિભક્ત. ૪૧
રાજો દેવજી કરશન કાનો, ભક્ત એકે નથી એમાં છાનો;
ભાયો સાવલિયો સુત નરસી, તેના પુત્ર આંબો ને ધરમશી. ૪૨
સાખે શીંગાળાના કહું નામ, ધનો, બેચર ને વિશરામ;
વિશરામ તણો સુત વસ્તો, તે તો ધર્મને મારગે ધસ્તો. ૪૩
એહઆદિક ત્યાંના નિવાસી, મળ્યા નિર્ખવાને અવિનાશી;
પરગામથી આવેલા જેહ, તેનાં નામ કહું સુણો તેહ. ૪૪
બધા ગણતાં તો આવે ન પાર, કહું મોટા મોટા સરદાર;
સેંજળેશ સાદૂળે ખુમાણ, જેની ભક્તિનાં થાય વખાણ. ૪૫
જેણે કરવા પ્રભુને પ્રસન્ન, કર્યા અર્પણ તન મન ધન;
જોતાં જેહનું ઉત્તમ જ્ઞાન, પડે ઝાંખા પ્રહ્લાદ સમાન. ૪૬

ત્રણ પુત્ર તેનાં કહું નામ, માણશીયો કાંથડ ને મેરામ;
શેલણે વાજસુર ખુમાણ, ભમોદ્રાના તો ઓઘડ જાણ. ૪૭
મોટા ભક્ત તે બે થયા કેવા, અંબરીસ ને જનકજી જેવા;
એનો ભાળીને ઉત્તમ ભાવ, મન રીઝે મનોહર માવ. ૪૮
તેના દિલમાં દિસે નહી દંભ, થયા બે સતસંગના થંભ;
પછી તેનો થયો પરિવાર, ભલો તે પણ ભક્ત ઉદાર. ૪૯
ઝીંઝુડાના તો ખૂમાણ દાનો, વાઘો માતરો તે પણ ત્યાંનો;
કાઠિ હાથીયો પણ સાથ હતા, જોવા કૃષ્ણને આતુર થતા. ૫૦
વંડા ગામના ઉનડ ધીર, તેના પુત્ર મામૈયો હમીર;
એહ આદિક જે હતા આવ્યા, થયા સજ્જ સામૈયામાં જાવા. ૫૧
ચાલ્યા સામૈયે સૌ સજ થઇ, વાજાં વિવિધપ્રકારનાં લઇ;
સરદારો થયા અસવાર, પ્રગટાવી મશાલો અપાર. ૫૨
ઘણા હરિજન ચરણથી ચાલે, હાથે પૂજાનો સામાન ઝાલે;
કોઇયે લીધા પુષ્પના હાર, લીધાં કોઇયે શ્રીફળસાર. ૫૩
કોઈ તાળ મૃદંગ બજાવે, કોઈ ગરબી તાળી પાડી ગાવે;
દસરાની જેવી અસવારી, સામૈયું ચાલ્યું એ અનુસારી. ૫૪
વાટે દેવા મશાલીને તેલ, કુડલાં ધર્યાં ગાડે ભરેલ;
વસે વાણિયા ઝીંઝૂડે ગામ, કરે તેલ દીધાનું તે કામ. ૫૫
મોદી આંબો ને વીઠ્ઠલ બેય, લાધો સોરઠિયો તહાં છેય;
સુત જાણો તેનો જીવરાજ, કરે તે પણ ત્યાં તેહ કાજ. ૫૬
એક રાઠોડ ભક્ત કલ્યાણ, રહે પીઠવડીમાં સુજાણ;
તેના પુત્ર ભલા ભગો લાધો, જેણે સ્નેહથી સત્સંગ સાધ્યો. ૫૭
કરે રાઠોડ જનનો સમાજ, દારુખાનું છોડ્યા તણું કાજ;
તેમાં કલ્યાણ તો કાવ્ય કરે, કોઠી દારુની કર માંહિ ધરે. ૫૮
પાંચ પીપરનો કુવો જ્યાંય, ગયું સામૈયું તે બધું ત્યાંય;
અવિનાશી તણી અસવારી, ત્યાં તો જાન સહીત પધારી. ૫૯
ગંગા સાગરમાં મળે જેમ, મળી તે બેય અસ્વારી તેમ;
એહ શોભાની શી કહું વાત, શેષનાગ ન કહિ શકે ભ્રાત. ૬૦

**પુષ્પિતાગ્રા :**

મિલિત સુજનવૃંદ જેહ ઠામ, હરિવરને હરખી કરે પ્રણામ;
નિરધન જનને નિધાન[1] જેમ, હરખ વધે મળવાથી થાય તેમ. ૬૧

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે અષ્ટમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિઉત્તમરાજ-પીઠવડીપુરગમનનામૈકોનચત્વારિંશો વિશ્રામઃ ॥૩૯॥*

**પૂર્વછાયો :**

શોભા શ્રીહરિની સ્વારીની, જીભે વરણવી નવ જાય;
શોભા સામૈયાની વળી, જોતાં તે પણ સરસ જણાય. ૧

**ચોપાઈ :**

થાય બંદૂક કેરા બહાર, વાજાં વાજે ત્યાં વિવિધપ્રકાર;
સંત હરિજન કીર્તન ગાય, જયકાર તણી ધુન્ય થાય. ૨
મશાલો ઘણી શોભે છે કેવી, નભમાં તારામંડળ જેવી;
મીન મેષ વૃષભ કહેવાય, મિથુન કર્ક ને સિંહ જણાય. ૩
જેમ રથમાં શોભે વરરાય, ચંદ્ર શોભે છે રોહિણીમાંય;
અવની નભ જોઇયે નિરખી, શોભા બેયની દીસે છે સરખી. ૪
હરિભક્ત હવાઇ ચડાવે, તારા તેમાંથી ખરતા જ આવે;
જાણે કૃષ્ણનાં દર્શન કાજ, તારા આવે છે અવનીમાં આજ. ૫
દુરથી દેખી વિશ્વઆધાર, ઉતર્યા સરવે સરદાર;
જય જય ઉચ્ચરી એહ ઠામ, પ્રભુને કરે દંડપ્રણામ. ૬
કદિ કોઈને જે નહિ નમે, નમ્યા શ્રીહરિને તેહ સમે;
કોઇ હાર ચડાવે છે આવી, કોઈ ભેટ ધરાવે છે લાવી. ૭
તોરો પાઘમાં કોઈ ધરાવે, કોઈ ભૂષણ શુભ પહેરાવે;
જેને રીઝે બહૂ વનમાળી, તેને ભેટે ભુજા માંહી ઘાલી. ૮
નમ્યા સંતોને સૌ હરિજન, કહી જયજયકાર વચન;
વરને મળ્યા સૌ જન પ્રીતે, મળ્યા જાનૈયાને રુડી રીતે. ૯

૧. ધનનો ખજાનો

આપ આપના વાહનપર, અસવાર થયા સહુ નર,
રથમાં ગૌરિયો ગીત ગાય, તેની શોભા વરણવી ન જાય. ૧૦
ગામમાં ચાલી તે અસવારી, મળ્યાં જોવા બહુ નરનારી;
જૂથજૂથ મળી જોવા જાય, ભારે રસ્તામાં ભીડ ભરાય. ૧૧
સખી પ્રત્યે કહે સખી કોઈ, આવી શોભા કદી નવ જોઇ;
રુડા સાવલિયા તણે ઘેર, ઉતર્યા પ્રભુજી રુડીપેર. ૧૨
પછી જેને જહાં ઘટે જેવો, આપ્યો ઊતારો સર્વને એવો;
કરી સૌની સારી બરદાશ, તેમાં કાંઈ ન રાખી કચાશ. ૧૩
ત્યાંની બાઈયો જે સતસંગી, તેઓ સર્વ મળીને ઉમંગી;
કરી રાખેલ સીધું સામાન, તેનાં નામ સુણો ધરી કાન. ૧૪
પુત્રી રૂડા પટેલની જેહ, નામે કૃષ્ણા કહે સહુ તેહ;
બીજી અમરબાઈ બોલાવી, કલુ રાણી ને દેવકી આવી. ૧૫
કરી જાણે રસોઈ જે સારી, બોલાવી રસોઇ કરનારી;
પુતળી શિવા જોશીની માય, મોંઘી મોનજીની અંગનાય[૧]. ૧૬
એહ બેયે રસોઈ બનાવી, ધર્યો થાળ પ્રભુજીને લાવી;
જમ્યો સંતનો સર્વ સમાજ, જમી જાન તથા વરરાજ. ૧૭
પછી સૌ બેઠા શ્રીહરિ પાસ, પ્રભુએ કર્યું જ્ઞાનપ્રકાશ;
વળી દેખાડ્યો પરમ પ્રતાપ, દીઠું સૌ જને તેજ અમાપ. ૧૮
સતસંગી ઘણા તેથી થયા, ધરી નિયમ ને નિજઘેર ગયા;
ભગા મૂળાને ઘેર પધારી, પોઢ્યા ત્યાં જ પલંગે મુરારી. ૧૯
કહે વર્ણી સુણો નરરાજ, જ્યાં છે ઓટો મંદિર માંહિ આજ;
ભગા મુળાનાં ત્યાં હતાં ઘર, પોઢ્યા ત્યાં હતા શ્યામ સુંદર. ૨૦
સેવા કરવાને સરદારો પાસ, રહ્યા કુંભાર જે હરિદાસ;
એક માવો અને બીજો નાજો, જેને પ્રભુપદમાં પ્રેમ ઝાઝો. ૨૧
કરી સેવા તેણે ભક્ત જાણી, આપ્યાં પાત્ર આપ્યું જળ આણી;
પછી પોઢી રહ્યા સહુ રાતે, ઉઠ્યા ભજન તે કરતા પ્રભાતે. ૨૨
કરી ચાલવા તૈયારી જ્યારે, ત્યાંના ભક્ત બોલ્યા સહુ ત્યારે;
ક્યારે આંહી પધારશો ફરી, રહેશો દિન બે ત્રણ ઠરી. ૨૩

૧. પત્નિ

ઘણા જનને રસોઇ છે દેવી, આશા ક્યારે પુરી થશે એવી;
સાથે ઉત્તમરાયની જાન, એવો જોગ ક્યાંથી ભગવાન. ૨૪
સુણી બોલિયા સુંદરશ્યામ, લગ્ન કેરું છે આજ તો કામ;
વળતાં વળી આવશું જ્યારે, સૌની લેશું રસોઇયો ત્યારે. ૨૫
એવું સાંભળી વાલાનું વેંણ, લાગ્યું સૌને દિલે સુખદેણ;
પછી હરજી પટેલ સુજાણે, પૂજા કીધી પ્રભુની તે ટાણે. ૨૬
પૂરી પાંચસેં કોરિયો લાવી, ભગવાનને ભેટ ધરાવી;
કહે કૃષ્ણ આ કોરિયા લેશું, ઢાઢી લંઘાઓને વેંચી દેશું. ૨૭
બોલ્યા હરજી જોડીને હાથ, કરો જેમ ગમે તેમ નાથ;
હું તો અક્ષરધામ મોઝાર, એનું ફળ આપ પાસ લેનાર. ૨૮
પછી પાર્ષદે કોરિયો લીધી, ચાલવાની તૈયારી ત્યાં કીધી;
જેવી અસ્વારીએ હરિ આવ્યા, એવી શોભા સહીત સિધાવ્યા. ૨૯
ઘણા લોકે કર્યાં દરશન, ઘણા આવ્યા વળાવાને જન;
ત્યાંના ભક્તોનો ભાળીને ભાવ, રુદે રીઝ્યા મનોહર માવ. ૩૦

**પૂર્વછાયો :**

ગાધકડાને મારગે, વાડી સુધી ગયા શુભ પેર;
પીઠવડીના ભક્તને, પાછા વાળ્યા પ્રભુએ ઘેર. ૩૧

**ચોપાઈ :**

બીજા જે જે વળાવાને આવ્યા, પ્રભુએ સૌને પાછા વળાવ્યા;
ગયા ગાધકડે ગિરધારી, નાહ્યા ત્યાં નદી માંહિ મુરારી. ૩૨
આવ્યા હરિજન દર્શન કાજ, તેનાં નામ કહું સુણો રાજ;
વિપ્ર નાગજી જ્યોતિષ જાણ, સતસંગી સંપૂર્ણ પ્રમાણ. ૩૩
જેણે સો વર્ષના ભાવ ભાખ્યા, સારા કુંડળિયા કરી રાખ્યા;
સામુદ્રિક ચિહ્ન જોઈ નિદાન, જેણે જાણિયા શ્રીભગવાન. ૩૪
ધન્ય ધન્ય ડહાપણ એનું, ધન્ય જોતિષનું જ્ઞાન તેનું;
આવ્યા દર્શને ખોડો ખુમાણ, આવ્યા આહિર ભક્ત સુજાણ. ૩૫

રુડો હીરો પુનો અને રાણો, હીરો કાતરિયો ભક્ત જાણો;
મહાભક્ત છે રાણો મેરાઈ, એહ આદિક આવિયા ધાઈ. ૩૬
પ્રભુને કર્યા દંડપ્રણામ, ભલી ભેટ ધરી તેહ ઠામ;
પછી સૌ થઈને સાવધાન, ચાલી ગામ વચે થઈ જાન. ૩૭
શોભે જાનમાં હરિ સુખકારી, કરે દર્શન સૌ નરનારી;
સૌને દૈને ત્યાં દર્શનદાન, ગયા ગોરડકે ગુણવાન. ૩૮
ગામથી દિશા પશ્ચિમમાંય, નદીને તટ વાડીમાં ત્યાંય;
કર્યો વાલાએ જૈને વિરામ, ભક્ત ગામના આવ્યા તે ઠામ. ૩૯
કાઠિ માતરો કડવો ને દાનો, ત્રણેની સાખ્ય ચાંદુ તે માનો;
મહાભક્ત મેઘો કુંભકાર, રામાનંદનો શિષ્ય ઉદાર. ૪૦
એહ આદિક આવ્યા સુજાણ, કરી ભોજનની બહુ તાણ;
સુણી બોલિયા શ્રીમહારાજ, સાંઝે લગ્ન થવાનું છે આજ. ૪૧
માટે જમવા નહી રહેવાય, જમી ભાતું ને થાશું વિદાય;
પછી સૌને તહાં ભાતું દીધું, પ્રભુએ પણ ટીમણ કીધું. ૪૨
ગામ સોંસરો મારગ જાણી, ચાલ્યા ગામમાં સારંગપાણી;
ઉગાચાંદુ તણું પુછી ઘર, ગયા ત્યાં ચાલી ધર્મકુંવર. ૪૩
વિધવા જે ઉગાચાંદુ તણી, લાડુબાઈ પવિત્ર તે ઘણી;
તેણે કીધા પ્રભુને પ્રણામ, ભલે આવ્યા કહ્યું ઘનશ્યામ. ૪૪
બોલ્યા તે સમે વિશ્વઆધાર, ગઢપુરમાં અમે એકવાર;
મળ્યા ઉગાચાંદુને તે જ્યારે, તેણે માંગ્યું હતું એવું ત્યારે. ૪૫
કરુણા કોઈ અવસરે કરી, મારે ઘેર પધારવું હરિ;
તેને દીધું વચન તેહ વારે, અમે આવશું ઘેર તમારે. ૪૬
તમે ઘેર હશો કે ન હશો, તેનો તો નહિ નિશ્ચય કશો;
બોલ્યું પાળવા તેહ પ્રમાણે, અમે આવ્યા છૈયે એહ ટાણે. ૪૭
એવું સાંભળી બાઈ વિચારે, અંત અવસરે મુજ ભરતારે;
સો રુપૈયા ને વેઢ સોનાનો, મને આપ્યો છે સર્વથી છાનો. ૪૮
કહ્યું છે આ પટારામાં ધરજો, કૃષ્ણ આવે ત્યારે ભેટ કરજો;
કૃષ્ણ અંતરજામી જો હશે, મારી પાસેથી તેહ માગશે. ૪૯

બાઈએ એવું અંતરે આણ્યું, તે તો અંતરજામીએ જાણ્યું;
મુખ મલકાવીને બોલ્યા માવો, રુપૈયા શત ને વેઢ લાવો. ૫૦
કહ્યા છે ઉગાચાંદુએ જેહ, તમે મુક્યા પટારામાં તેહ;
સુણી બાઈ તો આશ્ચર્ય પામી, આપ્યું તે પ્રભુને શિર નામી. ૫૧
પછી રથમાં બેશી તેહ ટાણે, મહારાજ ગયા મેરિયાણે;
ખળાવાડમાં રથ ત્યાં રખાવ્યા, ત્યાંના હરિજન દર્શન આવ્યા. ૫૨
ભલા ભક્ત પ્રજાપતિ જેહ, હાજો માંડવિયો આવ્યા તેહ;
ભગો દેવજી તેના બે તન, આવ્યા કરવાને હરિદર્શન. ૫૩
આવ્યા સાજણ પાંડવ સાખે, ઘણી પ્રીતિ પ્રભુપર રાખે;
ત્રણ પુત્ર તેના ગુણવંત, કાનો કરસન ત્રીજો સામંત. ૫૪
પુનો પાંડવ ને પુત્ર હાજો, જેનો પ્રેમ પ્રભુપદે ઝાઝો;
ભક્ત આણંદ સાખે જે વીરો, ત્યાંના સત્સંગીનો શિર તોરો. ૫૫
એહઆદિ પ્રજાપતિ આવ્યા, દેવા પાંડવને સાથે લાવ્યા;
બીજા જે હતા ત્યાં સતસંગી, આવ્યા દર્શન કરવા ઉમંગી. ૫૬
પ્રભુને કરી પ્રેમે પ્રણામ, કહ્યું જમવા રહો એહ ગામ;
મહારાજ ઉતાવળા થયા, તેથી ત્યાંથી ભમર ગામ ગયા. ૫૭
જગો રાઠોડ ત્યાં હરિજન, તેને દીધાં જઈ દરશન;
પછી ત્યાંથી ગયા સુખધામ, ગામ ઘાણલે શ્રીઘનશ્યામ. ૫૮
ગામથી જઈ પુર્વે દિશાયે, રથ રાખ્યો ઉભો હરિરાયે;
આવ્યા હરિજન કરવા પ્રણામ, વિપ્ર મેવાડા ગોવિંદરામ. ૫૯
માણસૂર કાઠી ત્રંબગડિયા, ગીગા સુત સુધાં પગે પડિયા;
સાંખે વરિયા પ્રજાપતિ જેહ, આવ્યા હીરો પટેલ ત્યાં તેહ. ૬૦
ભક્ત પીઠો ભગો પણ એવો, ભગાના સુત રૈયો ને દેવો;
કૃપાનંદનું મંડળ હતું, આવ્યું તે પણ હરખિત થતું. ૬૧
સૌને દર્શન દૈ સુખધામ, ચાલ્યા રાજુલે પૂરણકામ;
રસ્તો દેખાડવા ભલી ભાંતે, હીરા ભક્તને લીધા સંઘાથે. ૬૨

**પુષ્પિતાગ્રા :**

સુખનિધિ હરિ રાજુલે સિધાવ્યા, સનમુખ સૌ સતસંગી ત્યાંથી આવ્યા;
કરી દર્શન કૃષ્ણદેવ કેરાં, જનમન તો હરખ્યાં તહાં ઘણેરા. ૬૩

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે અષ્ટમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિઉત્તમરાજ્ઞા સહ*
*રાજુલાગ્રામપ્રાપ્તનામ ચત્વારિંશત્તમો વિશ્રામઃ ॥૪૦॥*

**પૂર્વછાયો :**

રાજુલાના સતસંગી સૌ, બાઈ ભાઈ આવ્યાં મળી જેહ;
મુખ્ય હતા હરિભક્ત જે, તેનાં નામ સુણાવું તેહ. ૧

**ચોપાઈ :**

દેવજી ને વીઠલ રાજગર, આવ્યા તે તહાં આનંદભર;
આવ્યા રાઠોડ ગોર તે ઠામ, ભગો ગીગો કલો તેનું નામ. ૨
નાગદાન સોની તણી નારી, સતસંગી તે તો બહુ સારી;
તેના પુત્ર તણો પુત્ર રામ, આવ્યો દર્શન કરવા તે ઠામ. ૩
તેને પૂછે ધર્મદુલારો, કહો ક્યાં ગયા દાદો તમારો;
બોલ્યા રામ સોની જોડી હાથ, ગયા છે તે તો મુંબઈ નાથ. ૪
કહે શ્રીજી સુણો કહું વાત, તેને માથે વિતી મોટી ઘાત;
નાવમાંથી પડ્યા નિધિમાંય, તેની રક્ષા કરી અમે ત્યાંય. ૫
તેને સ્વપ્ન વિષે કહ્યું અમે, ભટવદર આવજો તમે;
નૃપ ઉત્તમ પરણાવા જાશું, તહાં આવશો તો ભેળા થાશું. ૬
માટે દર્શન કરવા ચહાઈ, ભટવદરે આવશે ભાઈ;
તમે ચિંતા ન કરશો લગાર, સારા જાણજો આ સમાચાર. ૭
બોલ્યા સર્વે કરીને પ્રણામ, ઘણું સારું કર્યું ઘનશ્યામ;
તમે ભક્તવત્સલ ભગવાન, ઘો છો દાસને જીવનદાન. ૮
પછી શ્રીહરિ ગામ મોઝાર, જહાં આથમણી છે બજાર;
કુંભનાથની આગળ થઈ, ચાલ્યા સર્વને દર્શન દઈ. ૯
પછી ત્યાંથી વિદાય તે થયા, પ્રભુ બારપટોળિયે ગયા;
ગામથી દિશા દક્ષિણમાંય, રથ રાખ્યો ઉભો હરિ ત્યાંય. ૧૦

કાળુ વાવડિયાનું તે ગામ, પણ તે ન હતા તેહ ઠામ;
ખીમો વાઘ જે તેનો ભાણેજ, આવ્યા શ્રીહરિ આગળ એ જ. ૧૧
કહ્યું તેણે કરીને પ્રણામ, પ્રભુ જમવા રહો એહ ઠામ;
કહ્યું કૃષ્ણે નહી રહેવાય, વેળા લગ્ન તણી વહી જાય. ૧૨
ખીમો વાઘ કહે હરિરાય, બળદો બહુ થાકયા જણાય;
માટે ઘી ગોળ હું જઈ લાવું, ખુબ બળદોને તે ખવરાવું. ૧૩
એટલું તો કરો અંગીકાર, કરુણાનિધિ જગતકરતાર;
પછી ઘી ગોળ જૈ લઈ આવ્યા, બળદોને તો તૃપ્ત કરાવ્યા. ૧૪
પછી તાણ કરી કૃપાનાથે, લીધા જાનમાં તેહને સાથે;
ભટવદર ગૈ જયારે જાન, આવ્યું સામૈયું દેવાને માન. ૧૫
ગાજતે વાજતે રુડી રીતે, ગામમાં પધરાવિયા પ્રીતે;
જેહને ઘટે જયાં શુભ જેવો, આપ્યો ઉતારો સર્વને એવો. ૧૬
જાણ્યું આવ્યા જગત કરતાર, ત્યારે હરખ્યા સકળ નરનાર;
ઉછરંગ થયો ઉરમાંથી, કહે કૃષ્ણનાં દર્શન કયાંથી. ૧૭
ધન્ય ધન્ય ત્રિભુવનભૂપ, કર્યું ગામ આ તીરથરૂપ;
પછી તો કુળાચાર પ્રમાણે, કરી લગ્નવિધિ તેહ ટાણે. ૧૮
સારા સારા ત્યાં વિપ્ર તેડાવી, હતી રાખી રસોઈ કરાવી;
ભાતભાત તણાં પકવાન, ભગવાન જમ્યા જમી જાન. ૧૯
વિવાવર્ણન જો આંહિ થાય, મોટો ગ્રંથ બહુ વધી જાય;
માટે એટલું ઉચ્ચરું આંહિ, એવો વિવા થયો નથી કયાંઈ. ૨૦
ધારે અંતરે શ્રીઘનશ્યામ, ઉતાવળથી જવાનું છે કામ;
બીજે દિવસ એકાદશી આવી, તોય નાથે વરોઠી[૧] ઠરાવી. ૨૧
પછી નોતરિયું આખું ગામ, જમ્યા આવીને લોક તમામ;
આસપાસ તણાં ગામ કેરા, જમ્યા આવીને લોક ઘણેરા. ૨૨
કહે ભૂપ સુણો બ્રહ્મચારી, વ્રત કેમ લોપાવ્યું મુરારી;
ત્યારે વર્ણી કહે સુણો મર્મ, આજ્ઞા શ્રીહરિની એ જ ધર્મ. ૨૩

૧. ખુશાલીમાં અપાતું ભોજન

**પ્રભુની આજ્ઞા એ જ ધર્મ તે વિષે : ઉપજાતિ :**

આજ્ઞા કરે શ્રીહરિ જે પ્રમાણે, તે ધર્મ છે ઉત્તમ તેહ ટાણે;
આજ્ઞા પ્રમાણે વરતે જ જેહ, પામે પ્રભુધામ નિવાસ તેહ. ૨૪
શો વાનરાએ શુભ ધર્મ ધાર્યો, પુલસ્તનો વંશ વિશેષ માર્યો;
તથાપિ રીઝ્યા રઘુનાથ તેથી, પામ્યા સહુ ઉત્તમ ધામ એથી. ૨૫
ગોવાળ ગોપી વ્રજવાસી જેહ, શી સાધનાઓ કરતા જ તેહ;
તથાપિ આજ્ઞા પ્રભુજીની પાળી, તો પાપ નાખ્યાં સઘળાં પ્રજાળી. ૨૬
અષ્ટાંગ જોગી જન જોગ સાધે, તથાપિ તેને નહિ ધામ લાધે;
તે ધામ પામી કુબજા કુનારી, જો કૃષ્ણ આજ્ઞા નિજશીશ ધારી. ૨૭
જો અર્જુને ધારી સુધર્મનિષ્ઠા, પ્રીતિ ન દીઠી પ્રભુની વરિષ્ઠા;
ધર્યાં સુશસ્ત્રો પ્રભુના કહ્યાથી, ત્યારે ગયા મોક્ષ પ્રભુકૃપાથી. ૨૮
પ્રભુની આજ્ઞા તપ જાપ તેહ, પ્રભુની આજ્ઞા વ્રત સર્વ એહ;
આજ્ઞાથી સૌ સાધનસિદ્ધિ થાય, સર્વે પદો હસ્તિપદે સમાય. ૨૯
આજ્ઞા ધરે સૌ સુરને સુરેશ, આજ્ઞા ધરે શેષ તથા મહેશ;
આજ્ઞા થકી સૂર્ય કરે પ્રકાશ, આજ્ઞા થકી મૃત્યુ કરે વિનાશ. ૩૦
પ્રભુની આજ્ઞા શુભ એ જ ધર્મ, પ્રભુની આજ્ઞા શુભ એ જ કર્મ;
પ્રત્યક્ષ જ્યારે પ્રભુ આંહિ હોય, આજ્ઞા કરે તે શ્રુતિ સત્ય સોય. ૩૧

**ચોપાઈ :**

પ્રભુ સ્વેચ્છા પ્રમાણે આચરે, કરે ન કરે ને અન્યથા કરે;
પ્રભુ જે કહે તે ધર્મ ધરવો, એમાં સંશય કાંઈ ન કરવો. ૩૨
વરોઠી કરીને જશ લીધો, ડંકો દેશ બધા માંહિ દીધો;
દ્વિજને બહુ દક્ષિણા દીધી, રાજા ઉત્તમે આશિષ લીધી. ૩૩
આવ્યા ત્યાં બહુ માગણ જાત, ભાટ ચારણ આદિ પ્રખ્યાત;
તેને દેવા માંડી પછી દાત[૧], ધન વસ્ત્ર ભૂષણ ભાતભાત. ૩૪
નાગાજણ નામે રાવળ ભક્ત, જનમેલો દિસે કોઈ મુક્ત;
ગાય લૈને રવાજ[૨] તેપાસ, નારી પીશાચા મત કરો આશ. ૩૫
ત્યારે તેને કહે હરિરાય, એહ અવસરે તે ન ગવાય;
જેવું ટાણું તેવું ગાન કરીયે, એવો વિવેક અંતર ધરિયે. ૩૬

૧. દાન ૨. તારવાળું વાદ્ય

ત્યારે ગાયો તેણે બીજો ભાવ, તેને આપ્યો સારો સિરપાવ;
કરે કવિજન કીર્તિ ઉચ્ચાર, આપ્યા અશ્વ સજી શણગાર. ૩૭
હતા જાનમાં જે સરદાર, તેણે પણ દીધાં દાન અપાર;
હતા અસ્વાર જેહ રુપાળા, આપિ અશ્વ પોતે થયા પાળા. ૩૮
માથે બાંધેલાં મંડિલ રેટા[૧], તે તો આપી માથે બાંધ્યા ફેંટા;
કડાં વેઢ વીંટી હતાં હાથે, કવિયોને દીધાં સહુ સાથે. ૩૯
આપ્યાં અંગનાં વસ્ત્ર ઉતારી, તેથી કીર્તિ વધી બહુ સારી;
જેમ છોડથી પુષ્પ ઉતારે, જશ છોડનો વિસ્તરે ભારે. ૪૦
પહેરામણી વેવાઈએ કીધી, વસ્તુ વિવિધપ્રકારની દીધી;
વરરાજાને બહુ ધનમાલ, આપ્યાં ભૂષણ મંદિલ શાલ. ૪૧
દાયજો[૨] પુર્યો અપરમપાર, જોવા જાય ઘણાં નરનાર;
સગાવાલાએ હરખ સમેત, હાથગરણું[૩] કર્યું ધરી હેત. ૪૨
દાદાખાચરને ભગવાને, આપ્યો સોનાનો દોરો તે સ્થાને;
જસુબાઈને ઊતરી આપી, ભક્ત પોતા તણી કરી થાપી. ૪૩
પછી બીજાએ પણ રુડી રીતે, હાથગરણું કર્યું પુરી પ્રીતે;
પછી પાદર કૃષ્ણ પધારી, સભા મેદાનમાં ભરી સારી. ૪૪
બેઠા સંત ને સૌ સરદાર, બેઠા ગામના લોક અપાર;
પરગામના પણ બહુ જન, આવેલા કરવા દરશન. ૪૫
રાજુલા ને બીજા ગામકેરા, હતા હરિજન આવ્યા ઘણેરા;
સભા માંહિ બેઠા જન સહુ, જ્ઞાનવાત કરે પ્રભુ બહુ. ૪૬
કોઈ સદગુરુ પણ કરે વાત, જેથી જ્ઞાન પામે જનવ્રાત;
પછી કીર્તન પણ કોઇ ગાય, કોઈ જનને સમાધિ ત્યાં થાય. ૪૭
અતિ પ્રૌઢ પ્રતાપ જણાય, તેથી બહુજન સત્સંગી થાય;
કરે વારતા શ્રીઘનશ્યામ, બ્રહ્મરસ વરસે તેહ ઠામ. ૪૮
એવામાં તો સોની નાગદાન, આવ્યા મુંબઈથી તેહ સ્થાન;
હતા ખારવા બે તેની સાથ, નમ્યા હેતે જોડી સહુ હાથ. ૪૯
પ્રેમઆતુર સર્વે જણાય, પ્રેમઆંસુ આંખે વહ્યાં જાય;
કહે કૃષ્ણ કહો ક્યાંથી આવ્યા, ક્યાંથી ખારવા બે સાથે લાવ્યા. ૫૦

૧. કસબી કિનારનો ફેંટો ૨. વિવાહની ભેટ ૩. લગ્નમાં વર-કન્યાને અપાતી રોકડ રકમ કે વસ્તું

નાગદાન બોલ્યા જોડી હાથ, આપ અંતરજામી છો નાથ;
અજાણ્યું નથી આપનું કાંઇ, તોય વાત કહું છું હું આંહી. ૫૧
નાવમાં બેસી મુંબઈ જાતાં, કાંઠે નાવને જૈને ડોકાતાં;
નિધિમાં પડ્યો હું મહારાજ, ગયું બે ગાઉ દૂર જહાજ. ૫૨
ખારવા મુજને ઓળખતા, તેઓ શીયાળ બેટના હતા;
જોયું ખારવાએ નાવમાંય, મુજને તો દીઠો નહિ ત્યાંય. ૫૩
પડ્યો નાવથી અંતરે આવ્યું, ત્યારે નાવ તે પાછું ચલાવ્યું;
મુજપાસ આવ્યું નાવ જ્યારે, મુજને દીઠો ખારવે ત્યારે. ૫૪
જેમ કેડ સુધી જળ હોય, તેમાં ઉભો રહે જન કોય;
તેમ ઉભો દિઠો મને તેણે, લીધો નાવમાં એ સમે એણે. ૫૫
મને તરતાં ન આવડે નાથ, નવ જાણું હલાવી હું હાથ;
હું તો જાણું છું હે વનમાળી, તમે રાખ્યો તહાં મને ઝાલી. ૫૬
નહિ તો નહિ ત્યાં ઉગરાય, નકી જીવનું જોખમ થાય;
એવું સાંભળી શ્રીઅવિનાશ, મંદમંદ કર્યું મુખહાસ. ૫૭
નાગદાન વદે મુખ વાણી, વળી સાંભળો સારંગપાણી;
મને પૂછ્યું આ ખારવે ત્યારે, ઈષ્ટદેવ છે કોણ તમારે. ૫૮
ત્યારે મેં લીધું આપનું નામ, ઈષ્ટદેવ મારા ઘનશ્યામ;
સર્વ અવતારના અવતારી, એ જ રક્ષા કરે છે અમારી. ૫૯
સુણી બોલ્યા આ ખારવા બેય, નકી તે પ્રભુ સમરથ છેય;
નહિ તો નિધિ માંહિ અઘાત, આમ જીવે નહિ જનજાત. ૬૦
એવા શ્રીહરિનાં કોઇ સમે, ક્યાંથી દર્શન પામીયે અમે;
એમ વાત ઉચ્ચારતા બહુ, ગયા મુંબઈમાં અમે સહુ. ૬૧
ચાર પુત્ર મળ્યા નિધિતીર, આલો લાખો ને ભગો હમીર;
સૌએ જાણ્યો બનેલો બનાવ, આપ્યો ખારવાને સરપાવ. ૬૨
વિત્યા સાત દિવસ તહાં અમને, ત્યાં તો મેં દિઠા સ્વપ્નમાં તમને;
તમે એમ કહ્યું મહારાજ, દાદાખાચરના વિવાકાજ. ૬૩
ભટવદરમાં અમે જાશું, તહાં આવશો તો ભેળા થાશું;
તેથી નાવમાં બેસવા જ્યારે, ગયો બંદર ઊપર ત્યારે. ૬૪
એ જ નાવ મને મળી આવ્યું, તેમાં બેઠો ને નાવ ચલાવ્યું;
ત્યારે ખારવાને વાત કરી, ભટવદર આવશે હરી. ૬૫

અમે શીયાળબેટ ઉતરીયા, તમ દર્શને આંહિ સંચરીયા;
સુણી સૌ જન આશ્ચર્ય પામ્યા, ઉર આનંદના ઓઘ જામ્યા. ૬૬
થયા ખારવા તે સતસંગી, વળી વંદ્યા પ્રભુને ઉમંગી;
તેહ ખારવાને સુખદાની, રેટો બંધાવિયો જરિયાની. ૬૭

**પુષ્પિતાગ્રા :**

અચરજમય કામ કૃષ્ણ કીધાં, નિજજનને સુખ તો અનંત દીધાં;
બહુજન સતસંગ તો કરાવ્યો, પ્રગટ પ્રતાપ અતિ ઘણો જણાવ્યો. ૬૮

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે અષ્ટમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિઉત્તમરાજ-*
*વિવાહકરણનામેકચત્વારિંશત્તમો વિશ્રામઃ ॥૪૧॥*

**પૂર્વછાયો :**

સભા વિષે સુખના નિધિ, દૈને સર્વને દર્શનદાન;
જામનીમાં પુરમાં જઈ, પછી પોઢી રહ્યા ભગવાન. ૧

**ચોપાઈ :**

પછી પોઢી ઉઠીને પ્રભાતે, જવા માંગી રજા જગતાતે;
નાગપાળવરૂ જેનું નામ, તેણે કીધા પ્રભુને પ્રણામ. ૨
ઉપજ્યો ઉર પ્રેમ ઘણેરો, કર્યો આશ્રય શ્રીહરિ કેરો;
પછી જાનને કીધી વિદાય, વળાવી વળી કન્યાને ત્યાંય. ૩
હતા જે જન દર્શને આવ્યા, કરી દર્શન સર્વ સિધાવ્યા;
રથ હાંકવા શ્રીહરિ બેઠા, ચાલે હરિજન કૈક તો હેઠા. ૪
પ્રભુ બારપટોળિયે આવ્યા, ત્યાંના હરિજનને હરખાવ્યા;
કાળુ વાવડિયો આવ્યા દોડી, પરણામ કર્યા કર જોડી. ૫
તેને શ્યામે પુછ્યા સમાચાર, કેવું છે સુખ તમને આ ઠાર;
કાળુ ઉચ્ચર્યા સાંભળી એવું, મને લાગે છે કુગ્રામ જેવું. ૬
આંહિથી હું ઉચાળો ભરીશ, બીજે ગામ નિવાસ કરીશ;
સુણી બોલિયા સુંદરશ્યામ, તમે જાશો નહી બીજે ગામ. ૭

સુખ પામશો આ સ્થળે સારું, માટે માનજો વચન અમારું;
કહે કાળુ હું એમ કરીશ, વેણ આપનું માથે ધરીશ. ૮
ત્યારે બોલિયા ધર્મદુલારો, રસ્તો રાજુલાનો કિયો સારો;
કાળુ વાવડિયે ત્યારે કહ્યું, શીધો મારગ વસમો છે બહુ. ૯
ગામ હિંડોરડે થૈ પધારો, તો તે મારગ છે બહુ સારો;
રસ્તો એમ કહીને બતાવ્યો, રથ શ્રીહરિયે ત્યાં ચલાવ્યો. ૧૦
આવ્યા ગામને સીમાડે જ્યાંય, રાઘો વાઘ આવી મળ્યા ત્યાંય;
રથ રાખી ઉભો એહ ઠામ, પૂછે રાઘાને શ્રીઘનશ્યામ. ૧૧
શિવ ચાંચુડિયો જે કહે છે, તેનું સ્થાનક આશું દિસે છે;
રૂપ વારાહનું કહેવાય, હશે તે પણ આ જે દેખાય. ૧૨
રાઘો વાઘ કહે ભગવાન, કહો છો આપ એ જ એ સ્થાન;
વળી બોલિયા શ્રીઘનશ્યામ, અમે આવ્યા હતા વડગામ. ૧૩
નદી કાંઠે મશીદ છે જ્યાંય, અમે પોઢ્યા હતા વળી ત્યાંય;
વડગામ થકી રામપરે, અમે સંચર્યા એ અવસરે. ૧૪
ગામથી દિશા પૂરવમાંય, હતો ખીજડો બેઠા'તા ત્યાંય;
એવી વાતો કરી રાજી થયા, રથ હાંકી હિંડોરડે ગયા. ૧૫
શિષ્ય ત્યાં આતમાનંદ કેરો, હતો એક તે જૂનો ઘણેરો;
તેને રાત્રી વિષે સ્વપ્ન થયું, સ્વપ્નમાં આતમાનંદે કહ્યું. ૧૬
રથ હાંકીને આવે છે જેહ, તમે જાણજો છે પ્રભુ તેહ;
તેથી તે હરિસન્મુખ ગયો, પ્રણમી પ્રભુઆશ્રિત થયો. ૧૭
ગયા રાજુલે શ્રીમહારાજ, આવ્યો દર્શને ભક્તસમાજ;
કર જોડી કહે નાગદાન, આંહી રાત રહો ભગવાન. ૧૮
શીધું કીધું છે સર્વ તૈયાર, ન જમો તો બગાડ થનારા;
સુણી બોલિયા સુંદરશ્યામ, ઉતાવળથી જવાનું છે કામ. ૧૯
ભલે લાવો સિધું તમે ભ્રાત, જમશું રહેશું જહાં રાત;
સુણી ગામમાં તેહ સિધાવ્યા, હતું તૈયાર તે સીધુ લાવ્યા. ૨૦
ભારખાનામાં હરિયે ભરાવ્યું, ગાડું ચોંપથી તે તો ચલાવ્યું;
વિચર્યા તહાંથી જગવંદ, આવ્યા વાવેરે વૃષકુળચંદ. ૨૧

શિવનું એક દેવળ ભાળી, ઉતર્યા તહાં જૈ વનમાળી;
ગાડાં પાછળ બહુ રહી ગયાં, પાછું જોતાં તે નજરે ન થયાં. ૨૨
ત્યારે તે ગાડાં જોવાને કાજ, ચડ્યા દેરા ઉપર મહારાજ;
ભૂધરે ગાડાં આવતાં ભાળ્યાં, કહ્યું ચોંપથી આવે છે ચાલ્યાં. ૨૩
ગાડાં આવ્યાં તહાં થોડીવારે, કરાવી ત્યાં રસોઈ તે ત્યારે;
જમીને રહ્યા સૌ તહાં રાત, પછી પરવર્યા ઊઠી પ્રભાત. ૨૪
ગયા ઘાણલે શ્રીઘનશ્યામ, ત્યાંના હરિજન આવ્યા તે ઠામ;
હીરે જાદવે ને ભગે આવી, પ્રણમી ભલી ભેટ ધરાવી. ૨૫
પ્રભુયે બબે પોસ સોપારી, તેને આપી પ્રસાદિની ધારી;
ગામ ભમર ગયા ભગવાન, જાંબવાળી વિષે કર્યું સ્નાન. ૨૬
તહાં ટીમણ સર્વને દીધું, પ્રભુયે પણ તે જમી લીધું;
સજી ઘોડી ઉપર અસવારી, મેરિયાણે ગયા ગિરધારી. ૨૭
ગયા ત્યાં થકી શ્રી ઘનશ્યામ, નામે ગોરડકું જહાં ગામ;
વસે ત્યાં મિસરી કુંભકાર, ઉતર્યા તેની વાડી મોઝાર. ૨૮
ડોસી પુનમતી એક નામ, તેણે શ્રીઘનશ્યામને કામ;
થાળ વિપ્રની પાસે કરાવ્યો, વિપ્રે શ્રીહરિને તે ધરાવ્યો. ૨૯
જમવા બેઠા જીવન જ્યારે, સખા દર્શને આવિયા ત્યારે;
દાદોખાચર ને મુક્તાનંદ, એહઆદિ આવ્યું જનવૃંદ. ૩૦
જમ્યા જુગતીયે વિશ્વનિવાસ, લીધો શ્રીમુખમાં મુખવાસ;
બેઠા આસન ઉપર જ્યારે, આવી પુનમતી ડોશી ત્યારે. ૩૧
પાંચ કોરી મુકી શિર નામી, ત્યારે ઉચર્યા અંતરજામી;
મુક્તાનંદ સુણો મર્મ એ છે, ડોશી આ પ્રભુનેય ઠગે છે. ૩૨
જ્યારે બાળને બળિયા નિકળીયા, ઘણા દિવસ લગી નહિ ટળીયા;
ત્યારે તે સમે અમને સંભારી, કરી માનતા તેણે અમારી. ૩૩
જીવશે બાળ જો જગદીશ, કોરી સાત હું ભેટ ધરીશ;
એવી માનતા એ સમે કીધી, તેમાં પાંચ આ રોકડી દીધી. ૩૪
કોરી બે ગણી આ થાળ તણી, એમ સાત કોરી પુરી ગણી;
પણ એવો વિચાર ન પામી, ઠગાશે કેમ અંતરજામી. ૩૫

**પ્રભુને ઠગવા વિષે ઉપજાતિ :**

જે વાત તો અંતરકેરી જાણે, ઠગાય તે તો નહિ કોઈ ટાંણે;
તેને જ જો છેતરવાનું ધારે, તો તેહને પાતક થાય ભારે. ૩૬
જે માનતા રોકડની કરાય, તેમાંથી બીજું નહિ ખર્ચ થાય;
જો માનતા શ્રીફળકેરી હોય, તે સાટ પૈસા ધરીયે ન તોય. ૩૭
દશાંશ વીશાંશ શ્રીકૃષ્ણઅર્થે, જે આપવાનું ગરીબે સમર્થે;
તે વાવરે સંત જમાડવાને, તો તે પ્રભુ તેની ઠગાઈ માને. ૩૮
મોટાં અમે મંદિર જે કર્યાં છે, તેને નિભાવા ધન ક્યાં ધર્યાં છે;
દશાંશ વીશાંસ જનો ન આલે, તો કેમ તેનો વ્યવહાર ચાલે. ૩૯
આચાર્યને ખર્ચ નિભાવવાનો, ઠરાવશું અર્ધક આપવાનો;
તે ભેટ મુકી મનમાં ફુલાય, તો નામનો તેહ નહી ગણાય. ૪૦
જો ઈષ્ટ સાચા અમને જ જાણે, આજ્ઞા અમારી નિજ ઊર આણે;
માયા કહે કાંઈ કરી પ્રવેશ, માને નહી તે મુજ ભક્ત લેશ. ૪૧
સત્સંગ જ્યારે જન કોઈ ધારે, સર્વે સમર્પે તન દ્રવ્ય ત્યારે;
પછી કરીને કદી લોભ તેનો, આજ્ઞા તજે તે સતસંગી શેનો. ૪૨
અનેક જન્મે કૃત પાપ જેહ, તે તો સમર્પે અમને જ તેહ;
આજ્ઞા અમારી પછી જો ન પાળે, તો પાપ તેનાં પણ કોણ ટાળે. ૪૩
દશાંશ વીશાંશથી કોઈ કાળ, શ્રીકૃષ્ણ કાજે કરવો ન થાળ;
આજ્ઞા અમારી સુણી એહ લેવી, સત્સંગી સૌયે ન વિસારી દેવી. ૪૪
જે માનતા રોકડકેરી માની, એમાંથી ઓછી કરવી ન આની;
જો થાય કે કાંઈ બીજું કરે છે, તો તે પ્રભુને ઠગવા ઠરે છે. ૪૫

**ચોપાઈ :**

વાત તે ડોશીયે સુણી લીધી, કોરી બે લાવીને ભેટ કીધી;
જમી જાન રસોઈ કરાવી, પછી ત્યાંથકી જાન ચલાવી. ૪૬
ગયા ગાધકડે ગિરિધારી, ગામ સોંસરી ચાલી સવારી;
ગયા પીઠવડીયે કૃપાળ, દેવા દર્શન દીનદયાળ. ૪૭
આજ મંદિર દીસે છે છતું, ભગા મૂળાનું ત્યાં ઘર હતું;
તહાં ઊતર્યા શ્રીઅવિનાશ, બીજા જૈ ઉતર્યા આસપાસ. ૪૮

આજ બેઠક છે જેહ ઠામ, તહાં થાળ જમ્યા સુખધામ;
હરિભક્તોયે દીધી રસોઇ, જમ્યા જાનમાં જે હતા કોઈ. ૪૯
સભા ત્યાં તો સજી ભલી ભાત, કરી વાલાયે જ્ઞાનની વાત;
સુણી સૌયે ધાર્યું એહ ઠામ, પાંચ દિન રાખવા પૂર્ણકામ. ૫૦
કરી સૌ મળી વિનતિ વિશેષ, પાંચ દિવસ રહો પરમેશ;
કહ્યું હતું અહિંથી નિકળતાં, લેશું સૌની રસોઈયો વળતાં. ૫૧
ઝાઝા દિવસ રહો નહિ જોય, પાંચ દિવસ રહો પ્રભુ તોય;
કહે કૃષ્ણ ક્યાં સુધી રહેશું, તે તો તમને વિચારીને કહેશું. ૫૨
સભા તે તો વિસર્જન થઈ, વિચાર્યું વાલે એકાંતે જઈ;
પ્રેમી છે આંહિના હરિજન, બહુ ખર્ચશે આ સમે ધન. ૫૩
વળી જોશીને પૂછિયું ત્યાંય, કિયે દિન ગઢપુરમાં જવાય;
ત્યારે જોશિ કહે જોડી હાથ, શુભ પરમ દહાડો છે નાથ. ૫૪
તેહ દિવસે નહીં જો જવાય, પછી પાંચ દિવસ ન પેસાય;
વરમાતા જે સુરબાઈ નામે, વાત તેને કહી ઘનશ્યામે. ૫૫
ત્યારે તે બોલિયાં તેહ સ્થાન, ઝાઝા દિવસ રોકાય ન જાન;
માટે ચાલવું ઊઠી પ્રભાતે, આંહી રહેવું નહિ કોઈ વાતે. ૫૬
શ્યામે સૌ હરિજનને બોલાવ્યાં, આજ્ઞા સાંભળીને સહુ આવ્યા;
કહી વાલાયે તેહને વાત, અમે ચાલશું ઉઠીને પ્રભાત. ૫૭
કહે હરિજન જોડીને હાથ, એવુ તમને ઘટે નહિ નાથ;
કહ્યું સૌની રસોઈયો લેશું, વાલા વચન તે વ્યર્થ થશે શું. ૫૮
સુણી શ્રીહરિ ઉચર્યા આવું, ગઢપુરમાં પરમ દિન જાવું;
નથી આવતું મુહુરત અન્ય, માટે માનો તમે મુજ જન. ૫૯
બોલ્યા ભક્તો વચન શિર ધરશું, આપ રાજી થશો તેમ કરશું;
પ્રભુને કરવા છે પ્રસન્ન, નથી રીઝવવું નિજમન. ૬૦
ચાલવાનું જો ધારો પરભાત, માનો એક અમારી તો વાત;
જેને જેને દેવી છે રસોઈ, દૈયે કીમત તે સહુ કોઈ. ૬૧
ગઢપુર જઈને ભગવાન, સંત સહિત જમાડજો જાન;
કહે શ્રીહરિ શકત્યનુસારે, મુલ દેવું ન દેવું વધારે. ૬૨

એમ આપશો તો અમે લેશું, નહી તો તમને પાછું દેશું;
સુણી હરિજન ઘેર સિધાવ્યા, જૈને કોરિયો રોકડી લાવ્યા. ૬૩
થઈ સંખ્યા સહસ્ર તે ચાર, હરિયે લીધી બેજ હજાર;
પછી પોઢી રહ્યા પ્રભુ રાતે, પંથે પરવર્યા ઊઠી પ્રભાતે. ૬૪
ગયા ધારે થઈને કેરાળે, જોયું સાવર ગામ કૃપાળે;
સામા આવિયા ઊગો ખુમાણ, સાથે જીવણો ભક્ત સુજાણ. ૬૫
મારુ હરજી રુડા રજપુત, જેનો ભાવ ભલો અદભૂત;
ભાણોજી લખમણજી હદોજી, જેણે પ્રભુપદ પ્રેમ કર્યોજી. ૬૬
નારાયણજી સાકરીયો પટેલ, હતા તે પણ સામા આવેલ;
વળી આવ્યા સુવાગિયો વેલો, અતિ આનંદ ઉરમાં ભરેલો. ૬૭
એહ આદિક હરિજન આવી, પ્રણમી ભલી ભેટ ધરાવી;
જમવાની કરી ઘણી તાણ, ન રહ્યા તહાં શ્યામ સુજાણ. ૬૮
લીલિયે ને લુવારિયે થઈ, જોયું ગામ અકાળુ તે જઈ;
તહાં સત્સંગી ગોવો વહોયો, જેણે મોક્ષનો મારગ જોયો. ૬૯
બીજો સત્સંગી જીવો શિંગાળો, પ્રભુપદમાં અતિ પ્રેમવાળો;
હરિને નમ્યા જોડીને હાથ, પછી સંચર્યા શ્રીહરિ સાથ. ૭૦
આસોંદર ગયા શ્રીઅવિનાશ, રહે જ્યાં કણબી નિજદાસ;
રુડો ગોલવિયો ગુણવાન, જીવો ડાવરો તેહ સમાન. ૭૧
નમ્યા બેય તે પ્રભુપદ આવી, જમવાને રસોઇ કરાવી;
કરુણા કરી કરુણાનિધાન, જમ્યા જાન સહિત ભગવાન. ૭૨
ભક્તે શેલડીનો વાઢ કાપ્યો, ચારો લાવી તે બળદોને આપ્યો;
જાણે સેવા સજુ કેવી પેર, ધન્ય ભાગ્ય પ્રભુ આવ્યા ઘેર. ૭૩
ભલા ગોળે ગાડું એક ભર્યું, બેય બળદ સુધાં ભેટ કર્યું;
ચાલ્યા દૈ હરિદર્શન દાન, ગયા ભૂરખિયે ભગવાન. ૭૪
ત્યાંથી આંબરડી ગામ ગયા, ત્યાંના હરિજન હરખિત થયા;
દેવજી તળાવીયો તે ઠામ, સુત પાંચો ને બેચરનામ. ૭૫
વેલાના સુત માંડણ ગીગો, પાતો ધર્મશિનો સુત ધીંગો;
દેવજી ગજેરો ખીમો વીરો, હરિભક્ત તે પ્રત્યેક હીરો. ૭૬

ગામપાદર છે વડ જયાંય, પ્રણમ્યા પ્રભુને આવી ત્યાંય;
ગાડાં અગ્યાર શેલડી ભરી, કૃપાનાથને અર્પણ કરી. ૭૭
લૈને ત્યાંથી પ્રભુ પરવરે, ઢસે થૈને ગયા માલપરે;
વિપ્ર મોનજીને ઘેર રાતે, જમી ગઢડે ગયા પરભાતે. ૭૮
વિવાને મિષે શ્રીમહારાજ, સતસંગ વધારવા કાજ;
ભટવદરમાં જઈ આવ્યા, ઘણા જનને ધરમ સમજાવ્યા. ૭૯

**પુષ્પિતાગ્રા :**

ધરમતનુજ ધર્મ થાપવાને, બહુ વિચર્યા નૃપના વિવાહ બાને;
પુનિત ચરિત તે સુણે સુણાવે, સકળ અઘો હરિ તેહનાં શમાવે. ૮૦

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે*
*અષ્ટમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે*
*ઉત્તમરાજવિવાહવર્ણનનામ દ્વિચત્વારિંશત્તમો વિશ્રામઃ ॥૪૨॥*

**પૂર્વછાયો :**

ભૂત ભવિષ્યની વારતા, સર્વ જાણે છે શ્રીમહારાજ;
જાણ્યું આવે છે દ્વારિકાપતી, સાથે તીર્થનો લઈને સમાજ. ૧

**ચોપાઈ :**

સભામાં કહે શ્રીજગદીશ, અહીં આવે છે દ્વારિકાધીશ;
ગોમતી આદિ તીર્થ છે પાસ, કરશે વરતાલમાં વાસ. ૨
આપણે પણ સૌએ વિચારી, જવા વરતાલ કરવી તૈયારી;
એવું સાંભળી સૌ નરનાર, થવા લાગ્યાં જવાને તૈયાર. ૩
તપ્તમુદ્રા ત્યાં જનને અપાવા, મહારાજે તે માંડી કરાવા;
શંખ ચક્ર ગદા પદ્મ જેહ, છાપો ચાર કરાવી ત્યાં તેહ. ૪
ડાબે હાથે ઉપર શંખ છાજે, તેહ નીચે ત ચક્ર બિરાજે;
જમણે ભુજે પદ્મ ને ગદા, તપ્તમુદ્રા ધરે જન સદા. ૫
શંખ પદ્મમાં શ્રીકૃષ્ણ નામ, શોભે અક્ષર ત્રણ સુખધામ;
હવે દ્વારિકાની કહું વાત, ધર્મવંશી રહ્યા છે જ્યાં રાત. ૬
કરી પારણું ચાલિયા પ્રીતે, મુનિ સચ્ચિદાનંદ સહીતે;
રાત વાસો જહાં રહેવાય, સૌને સ્વપ્નમાં દર્શન થાય. ૭

તેહ ગામના પણ કોઈ જન, સ્વપનામાં કરે દરશન;
જાણે આવિયા દ્વારિકાનાથ, ગોમતી આદિ તીર્થ છે સાથ. ૮
પગે લાગીને અચરજ પામે, પ્રભુ ક્યાંથી આવ્યા એહ ઠામે;
કરે તર્ક વિતર્ક તે ટાણે, ગામના જન મર્મ ન જાણે. ૯
એમ કરતા મુકામ મુકામ, દ્વિજ આવ્યા દુરગપુર ધામ;
તિથિ ફાગણ શુદિ છઠ જ્યારે, પહોંચ્યા તેહ ગઢપુર ત્યારે. ૧૦
કર્યાં શ્રીજી તણાં દરશન, મળ્યા ગઢપુરના હરિજન;
વાસુદેવ નારાયણ તણી, સાંઝે આરતી થઈ શુભ ઘણી. ૧૧
તેહ ઓરડામાં તેહ ટાણે, કોટિ સૂર્ય શશાંક પ્રમાણે;
સૌએ તેજ નિહાળ્યું ત્યાં અતિ, દીઠાં લક્ષ્મી ને દ્વારિકાપતિ. ૧૨
ગોમતી આદિ તીર્થ જણાયાં, પછી તે સહુ ત્યાં જ સમાયાં;
પૂછે હરિજન હે મહારાજ, ક્યાંથી આવ્યો એ સર્વ સમાજ. ૧૩
સુણી બોલિયા શ્રીજી સાક્ષાત, સચ્ચિદાનંદને પુછો વાત;
મુનિને પછી પુછિયું તહી, ત્યારે તે મુનિએ કથા કહી. ૧૪
દીધું વરદાન દ્વારિકાનાથે, જેવી રીતે ચાલ્યા વળી સાથે;
વિગતે બધી વાત ઉચારી, ધર્મવંશી બોલ્યા મનધારી. ૧૫
વાટે જ્યાં અમે રાત રહ્યાતા, સ્વપને દ્વારિકેશ દેખાતા;
તેહ ગામના લોકોને ત્યાંય, દીધાં દરશન સ્વપનામાંય. ૧૬
સુણી સૌ જન હરખ્યા અત્યંત, બોલ્યા ભક્તિતનુજ ભગવંત;
કાલે વરતાલની લેશું વાટ, સાથે આવજો સૌ તેહ માટ. ૧૭
લાધાઠક્કરને ત્યાં બોલાવી, કંકોતરિયો કૃપાળે લખાવી;
એમાં એવું લખાવ્યું વિશેષ, ગોમતીજી સુદ્ધાં દ્વારિકેશ. ૧૮
ફુલડોળ ઉપર તતકાળ, આવશે વસવા વરતાલ;
માટે તે સમે ત્યાગી ગૃહસ્થ, તહાં આવજો ભક્ત સમસ્ત. ૧૯
કંકોતરિયો એ રીતે લખાવી, દેશોદેશ વિષે મોકલાવી;
પછી ચાલ્યા પ્રભાતમાં નાથ, સંત હરિજન સૌ લઈ સાથ. ૨૦
દાદાખાચર આદિક ભાઈ, લલિતા જયા આદિક બાઈ;
ધર્મવંશી સરવ નરનારી, સાથે લૈ સંચર્યા ગિરધારી. ૨૧

રહ્યા સારંગપુર સુખધામ, બીજે દિવસ સુંદરિયાણે ગામ;
હીમરાજશાયે પૂંજાશાયે, સેવા શ્રીહરિની સજી ત્યાંયે. ૨૨
જ્યાં જ્યાં રાત રહે હરિરાય, દ્વારિકાપતિ જનને દેખાય;
ચાલ્યા સુંદરિયાણેથી શ્યામ, સાથે લૈ નિજસંઘ તમામ. ૨૩
દોઢ પો'ર ચડ્યો દિન જ્યારે, આવ્યું એક તળાવ ત્યાં ત્યારે;
ગાંફ પછિમ ને ગામ ખસતું, ત્રણ ગામને સીમાડે વસતું. ૨૪
સર પીંપરિયું તેનું નામ, ઠર્યા પિંપર છાંયે તે ઠામ;
તહાં સર્વે જને કર્યું સ્નાન, કરી નિત્યક્રિયા તેહ સ્થાન. ૨૫
બેઠા સૌ ભાતું જમવાને કાજે, ત્યારે લૈ બરફી મહારાજે;
સંત વર્ણી પાળાઓને દીધી, સૌએ સમજી પ્રસાદી તે લીધી. ૨૬
રઘુવીર અયોધ્યાપ્રસાદ, તેને આપ્યો પ્રભુએ પ્રસાદ;
પછી ગોપાળજી નંદરામ, તેને આપી પ્રસાદી તે ઠામ. ૨૭
બની ત્યાં એક આશ્ચર્ય વાત, કહું તે તમે સાંભળો ભ્રાત;
તેહ ગોપાળજી નંદરામ, કરવા લાગ્યા પુજાનું કામ. ૨૮
ઘશી ચંદન કીધું તૈયાર, પાસે લૈ બેઠા પુષ્પના હાર;
પછી સંપુટ[૧] લાલજી કેરાં, ન જડ્યાં બેયે શોધ્યાં ઘણેરાં. ૨૯
પછી તો ચિત માંહિ વિચાર્યા, એ તો સુંદરિયાણે વિસાર્યા;
લાલજીની પૂજા ન કરાય, ત્યાં લગી બરફી ન ખવાય. ૩૦
પછી સંપુટ લેવાને કાજે, સ્વાર મોકલિયો મહારાજે;
ચિત્તે વિચાર્યું ગોપાળજીએ, પ્રભુ પ્રત્યક્ષને જ પૂજીએ. ૩૧
એ છે અવતારના અવતારી, નથી એથી અધિક સુખકારી;
પછી ચંદન પુષ્પ લઈને, પૂજ્યા પ્રગટ પ્રભુને જઈને. ૩૨
નેહથી નાથને પગે નમ્યા, પછી બરફી પ્રસાદીની જમ્યા;
નંદરામે ત્યાં એમ ઉચ્ચાર્યું, જમ્યા તે તમે નવ કર્યું સારું. ૩૩
ઉપવાસ ભલે સાત થાય, લાલજી પૂજ્યાવીણ ન જમાય;
કહે ગોપાળજી શું વખાણું, હું તો લાલજી શ્રીજીને જાણું. ૩૪
લાલજીને હું પૂજું છું જેહ, રૂપ શ્રીજીનું જાણીને તેહ;
માટે શ્રીજીનું પૂજન કીધું, પછી અશન[૨] પ્રસાદીનું લીધું. ૩૫

૧. પૂજાની પેટી ૨. ભોજન

પછી લાલજીનું નંદરામે, બેસી ધ્યાન ધર્યું તેહ ઠામે;
થયું લાલજીનું દરશન, દેઠા પ્રત્યક્ષ નંદનંદન. ૩૬
કહ્યું તે કૃષ્ણે ઉભા રહીને, કેમ નિંદો છો ગોપાળજીને;
સર્વ અવતારના અવતારી, એણે પૂજ્યા પ્રભુ ભાવ ધારી. ૩૭
પછી ભોજન મુખ માંહિ લીધું, ખોટું એણે નથી કાંઇ કીધું;
એમ કહિ થયા અંતરધાન, નંદરામને ઉપજ્યું જ્ઞાન. ૩૮
સરવોપરિ શ્રીજીને જાણી, કરી પૂજા ભલો ભાવ આણી;
જમ્યા બરફી પ્રસાદીની લઇ, એમ કરતાં ઘણી વાર થઇ. ૩૯
લૈને સંપુટ આવિયો સ્વાર, આપ્યાં બેયને તે તેહ વાર;
જોયાં સંપુટ ઉઘાડી જ્યારે, તાજાં પુષ્પ ચંદન દીઠાં ત્યારે. ૪૦
ચડાવ્યાં હતાં શ્રીજીને જેહ, દીઠાં લાલજી ઊપર તેહ;
જાણ્યું પૂજ્યા શ્રીવૃષકુળરાયા, તેથી લાલજી દીસે પૂજાયા. ૪૧
એવી અદ્‌ભુત લીળાઓ ઘણી, કેટલી સંભળાવું તે ગણી;
પછી ત્યાંથી પ્રભુ પરવરિયા, મોટીબોરુયે આવી ઉતરિયા. ૪૨
ગામથી અગનીકોણ ભાગ, ત્યાં છે સુંદર એક તડાગ;
ઉતર્યા ત્યાંથી કાંઇક દૂર, આવ્યા હરિજન હરખીને ઊર. ૪૩
સૌએ સ્નેહ ધરી સેવા કીધી, રુડી રીતે રસોઇ ત્યાં દીધી;
વરિયાળી સુવાસિની બાઇ, પ્રભુની નાની મોટી ભોજાઇ. ૪૪
તેણે કીધો રુડી રીતે થાળ, બેઠા જમવાને જનપ્રતિપાળ;
સૌએ કૌતુક દીઠું તે ઠાર, કહું સાંભળો ભૂપ ઉદાર. ૪૫
રમા ગોમતી દ્વારિકાનાથ, જમતા દીઠા શ્રીહરિ સાથ;
જોઇ અચરજ પામિયાં સહું, કેટલુંક વખાણીને કહું. ૪૬

**પુષ્પિતાગ્રા :**

અચરજમય કૃષ્ણકેરી લીળા, શુભ સુણશે હરિભક્ત જે રસીલા;
અતિહરખિત તેહ સર્વ થાશે, અસુરજનો સુણતાં દિલે દઝાશે. ૪૭

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે અષ્ટમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિદ્વારિકેશસહ-*
*વૃત્તાલયગમનનામત્રિંચત્વારિંશત્તમો વિશ્રામઃ ॥૪૩॥*



**પૂર્વછાયો :**

વર્ણી કહે નૃપ સાંભળો, ચાલ્યા બોરુ થકી બળવંત;
એકાદશીએ સંધ્યા સમે, વરતાલ આવ્યા ભગવંત. ૧

**ચોપાઈ :**

વરતાલ વિષે થઈ વાત, આવે છે સંઘ લઈ જગતાત;
સતસંગી ને સંતસમાજ, ગયા સામૈયું કરવાને કાજ. ૨
કરાવી અગણીત મશાલો, અન્યોઅન્ય કહે ચાલો ચાલો;
લીધા પુષ્પના તોરા ને હાર, લીધાં વાજિંત્ર વિવિધ પ્રકાર. ૩
પ્રભુને કર્યા જૈને પ્રણામ, પૂજ્યા પ્રેમથી શ્રીઘનશ્યામ;
હાર તોરા ચડાવ્યા હરીને, મળ્યા સર્વને સ્નેહ કરીને. ૪
આવ્યા મંદિર માંહી જીવન, કર્યાં દેવ તણાં દરશન;
થોડીવાર ઉભા રહી ત્યાંય, ઉતર્યા હરિમંડપમાંય. ૫

બીજા સૌને જેને ઘટે જેમ, આપ્યા ઉતારા ઉત્તમ એમ;
એ જ અવસરે વટપુર થકી, મુક્તાનંદ આવ્યા તહાં નકી. ૬
મતવાદીઓને જીતી આવ્યા, સારો સંદેશો ભૂપનો લાવ્યા;
પ્રભુને કહ્યું પ્રણમીને પાય, ભૂપ આપને મળવા ચહાય. ૭
વારેવારે કહ્યું મુજકને, ક્યારે મળશે મહાપ્રભુ મને;
તેડાવ્યાનો કરે છે વિચાર, પેખ્યો ભૂપનો પૂરણ પ્યાર. ૮
મતવાદીને જીતિયા જેહ, જાણી રાજી થયા પ્રભુ તેહ;
આપ્યો ઉરથી પ્રસાદીનો હાર, પ્રશંસા કરી વારમવાર. ૯
તેના મંડળના સહુ સંત, ભેટ્યા તેઓને શ્રીભગવંત;
એ જ એકાદશી તણી રાતે, વરતાલમાં સૌ જન જાતે. ૧૦
દીઠાં રુકમણી દ્વારિકાનાથ, ગોમતી આદિ તીરથ સાથ;
જન જાગિયા જ્યારે પ્રભાત, કરિ તેહ પરસ્પર વાત. ૧૧
દ્વાદશી દિન શ્યામશરીર, ગયા ધારુ તળાવને તીર;
આંબાનું વન છે તેહ ઠામ, બેઠા સિંહાસને સુખધામ. ૧૨

**શાર્દૂલવિક્રીડિત :**

આંબાનાં ઝાડઝુંડ ઝુકિયા છે મોર બેઠો ઘણો,
કૂકૂકૂ સ્વર કોકિલા બહુ કરે તેવો મયૂરો તણો;
સૌખ્યે ત્યાં શુક સારિકા બહુ વસે વાયૂ ત્રિધા ત્યાં વહે,
શ્રીજી ધારુતળાવ નેણ નિરખી છે સારું સારું કહે. ૧૩

**ઉપજાતિ :**

શ્રી અક્ષરાનંદ મુનીંદ્ર જેહ, ખોદાવીયું ખૂબ તળાવ તેહ;
નિહાળીને રાજી થયા દયાળ, કહે પ્રભુજી વળી તેહ કાળ. ૧૪
આ ખોદવાનું હજી છે અધૂરું, હવે કરાવો મુનિ તેહ પુરુ;
માંડ્યું મુનિએ સુણીને કરાવા, મહાપ્રભુને મુદ ઊપજાવા. ૧૫
પછી પ્રભુ મંદિર સંચરીને, બેઠા સુશોભીત સભા ભરીને;
બોલ્યા હરી હાથ ઉંચા કરીને, સુણો તમે સ્વસ્થ ચિતે ઠરીને. ૧૬
શ્રીદ્વારિકાધીશ પ્રસન્ન થ્યને, આવ્યા અહીં સર્વ સમાજ લૈને;
સદા અહીં તે કરશે નિવાસ, પ્રતાપ પૂરો કરશે પ્રકાશ. ૧૭

કહે જનો સત્ય કહી કથા તે, અમે કર્યાં દર્શન આજ રાતે;
તેનો અમે મર્મ કશો ન જાણ્યો, ભલે પ્રભુ શ્રીમુખથી વખાણ્યો. ૧૮
શ્રીજી કહે સૌ સુણજો સમાજ, કહું તમારા હિતને જ કાજ;
દ્વારામતી આ વરતાલ જાણો, એમાં નહી સંશય કાંઇ આણો. ૧૯
શ્રીલક્ષ્મીનારાયણદેવ જે છે, શ્રીદ્વારિકાધીશ સ્વરૂપ તે છે;
શ્રીગોમતીજી પણ દિવ્ય વેશે, છે આવિયાં તે અહિં જન્મ લેશે. ૨૦
તે જન્મ લૈને જળરૂપ થાશે, ત્યારે સદા સૌ જનને જણાશે;
તે માટે તેને વસવાનું ઠામ, કરો મળીને સહુ પૂર્ણકામ. ૨૧
જો કાલથી પૂનમ સુધી થાય, તો કામ સંપૂરણ તે કરાય;
પ્રતીપદાને દિન જન્મ લેશે, તે ગોમતી તે સ્થળમાં રહેશે. ૨૨
બોલ્યા જનો હે હરિ મેઘશ્યામ, પ્રભાતથી તે કરશું જ કામ;
એવું કહી સર્વ ગયા ઉતારે, જાગ્યા થયો કાળ પ્રભાત જ્યારે. ૨૩
નિત્યક્રિયા તે કરી સજ્જ થૈને, મંડ્યા સહુ ધારુતળાવ જૈને;
મહાપ્રભુ તેહ તળાવ પાળે, બિરાજિયા જૈ વળી તેહ કાળે. ૨૪
મંડ્યા હરિભક્ત તહાં હજારો, રીઝાવવા ધર્મ તણો દુલારો;
લૈ ટોપલા ગાળ ઉપાડી જાય, પ્રત્યેક સાથે મમતે ભરાય. ૨૫
મટોડી ત્યાં શ્રીહરિએ ઉપાડી, ઘણાક શ્રીમંત હતા અગાડી;
ઓઢેલ શેલાં વળી શાલ જેણે, તેમાં ભરી લીધી મટોડી તેણે. ૨૬
વડોદરાના નર નારુપંત, મહીપતી ઉત્તમ દ્રવ્યવંત;
એવા હતા તે પણ તેહ ટાણે, તે કામમાં મંડી પ્રમોદ આણે. ૨૭
ઉંચે સ્વરે સૌ જયકાર બોલે, આનંદ સૌને ઉપજ્યો અતોલે;
જૈ સર્વને દર્શન કૃષ્ણ દે છે, કૃપાની દૃષ્ટીથી ખુશી કરે છે. ૨૮
ત્યાં એક ખોદી વળી ખાડ એવી, જોતાં દિસે આકૃતિ વાવ્ય જેવી;
એવી રીતે કામ અનેક ઠામ, કરે જનો કૃષ્ણ પ્રસન્નકામ. ૨૯
સારી રીતે પૂનમ સુધી ત્યાંય, ચાલ્યું ઘણું કામ તળાવમાંય;
ત્યાં પુષ્પદોલોત્સવ દિન આવ્યો, ભલો સહુના મન માંહિ ભાવ્યો. ૩૦
પ્રભાતમાં ઊઠી કૃપાનિધાન, કરી લિધી નિત્યક્રિયા નિદાન;
સાથે લઇ વાડવ[૧] વેદજાણ, તળાવ ચાલ્યા વૃષવંશ ભાણ[૨]. ૩૧

૧. બ્રાહ્મણ ૨. રાજા

સાથે લિધો સંત તણો સમાજ, સાથે લિધો પૂજન કૃત્ય સાજ;
જે ધર્મવંશી નર ત્યાં હતા તે, ચાલ્યા પ્રભુ સાથ ખુશી થતા તે. ૩૨
આવ્યા હતા દર્શન કાજ જેહ, ગયા તળાવે જન સર્વ તેહ;
ગયા વળી ઉત્સવિયા સહુ ત્યાં, વાજિંત્રવાળા જન તો બહુ ત્યાં. ૩૩
જ્યાં વાવ્ય આકાર ખણેલ સારો, ઉભા તહાં જૈ વૃષનો દુલારો;
છે ખોદતા ત્યાં વળી કૈક પાળા, કોદાળી આદી લઈ પ્રેમવાળા. ૩૪
તેમાં હતા પાર્ષદ ભીમભાઇ, તેને કહે શ્રીહરિ સૂખદાઇ;
તમે ખણો આ સ્થળ એકવાર, થશે તહાંથી જળકેરી ધાર. ૩૫
આજ્ઞા પ્રમાણે કર્યું એમ જ્યારે, જોરેથી છૂટી જળધાર ત્યારે;
જાણે તહાંથી થઈ બાણગંગા[૧], પ્રભુપ્રસન્નાર્થ પવિત્ર અંગા. ૩૬
દેખાઇ ત્યાં ગોમતી મૂર્તિમાન, અત્યંત તે તેજ તણું નિધાન;
ગોપાળજી ને વળી નંદરામ, મળી કર્યું પૂજન તેહ ઠામ. ૩૭
વિપ્રે કહી વેદવિધિ પ્રમાણે, તહાં કર્યું સ્થાપન તેહ ટાણે;
તે દેવીએ ત્યાં હરિકૃષ્ણ કેરી, ઉચ્ચારી એ ઠામ સ્તુતિ ઘણેરી. ૩૮

**માલિની :**

જય જય ભયહારી સર્વદા સૌખ્યકારી,
વૃષકુળતનુધારી મુક્તિદાતા મુરારી;
અગણિત નરનારી આ સમામાં ઉદ્ધારી,
વચન નિજ વિચારી સુદ્ધ લીધી અમારી. ૩૯

**ઉપજાતિ :**

એવી રીતે ઊચરી એહ ઠામ, પ્રેમે પ્રભુને કરીને પ્રણામ;
નારી મટીને થઈ નીરરૂપ, ધારા વછૂટી બહુધા અનૂપ. ૪૦
શિરે હરિને અભિષેક કીધો, સ્વચિત્તે જાણે શુભ લાભ લીધો;
એવું વધ્યું ત્યાં જળ કેરું પૂર, જનો ગયા સૌ ડરી ત્યાંથી દૂર. ૪૧
શ્રીગોમતીનો શુભ જન્મ જાણી, જનો વદે સૌ જયકાર વાણી;
બહુ થયા બંદુકના બહાર, વાજિંત્ર વાજે વળી ત્યાં અપાર. ૪૨
કોઇ જનો પુષ્પ વડે વધાવે, કોઇ જનો શ્રીફળ લૈ ચડાવે;
ત્યાં ઉત્સવો ઉત્સવિયા કરે છે, આનંદ ઝાઝો ઉરમાં ધરે છે. ૪૩

૧. હિમાલયના સોમેશ્વર શિખરેથી રાવણના બાણપ્રહારથી નીકળતી ગંગા

આકાશમાં દેવવિમાન છાયાં, રંભા[1] મળી મંગળગીત ગાયાં;
રાજી થયા સૌ સુરને સુરેશ, પુષ્પો તણી વૃષ્ટિ કરે વિશેષ. ૪૪
શ્રીજી બિરાજ્યા સર કેરી પાળે, સિંહાસને વેદી વિષે વિશાળે;
બેઠા સમીપે સહુ આવિ દાસ, બોલ્યા પ્રભુ તે જન સર્વ પાસ. ૪૫
આવ્યાં જુઓ ગોમતી એહ ઠામ, તો ગોમતી આ સર કેરું નામ;
જે આવીને આ સરમાં નહાશે, તો ગોમતી તીર્થનું પુણ્ય થાશે. ૪૬
વૃત્તાલ દ્વારામતિથી વિશેષ, છે લક્ષ્મીનારાયણ દ્વારિકેશ;
આ ગોમતી ઉત્તમ તીર્થદેવી, આંહી જ શંખાદિક છાપ લેવી. ૪૭
જે તપ્તમુદ્રા અહિં આવી લેશે, દૂરે ડરીને જમડા રહેશે;
તેને જ સત્સંગી ગણીશ મારો, માટે તમે સૌ જન છાપ ધારો. ૪૮
હુતાશનીની પડવે પ્રમાણો, તે ગોમતીનો દિનજન્મ જાણો;
તે વાસરે જે જન આહિ આવે, પૂજા કરી ઉત્સવને કરાવે. ૪૯
સંતો તથા બ્રાહ્મણને જમાડે, તે પૂર્વનાં પાપ બધાં મટાડે;
પુત્રાદિ પામે ધન ધાન્ય પામે, અંતે વસે અક્ષરનામ ધામે. ૫૦
વૈકુંઠવર્ણી બટુ વાસુદેવ, તેને કહે શ્રીહરિ તર્તખેવ;
આપો તમે સૌ નરઅંગ છાપ, જેથી ટળે ચિત્ત તણા ઉતાપ. ૫૧
તે વર્ણીયોએ પછી છાપ દીધી, તે ધ્રૂમવંશી નર સર્વ લીધી;
સંતે તથા સૌ સતસંગીયોએ, લીધી વળી સૌ વરણી જનોએ. ૫૨
ગંગાખ્ય માતા હરિભક્ત બાઈ, તેને કહે શ્રીહરિ સૌખ્યદાઈ;
દાદા દવેની જમનાં તનૂજા, છાપો તમે બાઈ જનોની ભૂજા. ૫૩
તે બે મળીને કૃત તેહ કામ, રાજી થયા તેથકી મેઘશ્યામ;
વર્ણીંદ્ર બોલ્યા વળી વાસુદેવા, કહ્યું તમે હે હરિ છાપ લેવા. ૫૪
માટે કહું તે કરશો ઉપાય, તો છાપ સૌથી સુગમે ધરાય;
જે ધામ કીધાં વળી જેહ થાશે, જો છાપ સર્વ સ્થળમાં અપાશે. ૫૫
તો જેહને જ્યાં અનુકૂળ આવે, ત્યાં તે જઈને તવ છાપ લાવે;
કહે હરિ એમ કદી ન થાય, જ્યાં જે ક્રિયા યોગ્ય તહાં કરાય. ૫૬
જ્યાં દ્વારિકા ગોમતી તીર્થ જ્યાં છે, છાપ, તણો તો અધિકાર ત્યાં છે;
જે મારી આજ્ઞા જ વિષે રહેશે, તે આવીને છાપ અહીં જ લેશે. ૫૭

૧. સ્વર્ગની એક અપ્સરા

તેને જ હું ભક્ત ગણીશ મારો, એ રીત બોલ્યા વૃષનો દુલારો;
વૃતાલના વાસી કુબેરદાસ, તથા પગી જોબન તેહ પાસ. ૫૮
નારાયણાખ્યો ગિરી સૌ મળી ત્યાં, દીધી રસોઇ હરિને વળી ત્યાં;
રસોઇ નારાયણ બાગમાંઇ, થૈ ધર્મવંશી જન કાજ ભાઇ. ૫૯
છે આમ્રની વાડી તળાવ ઘાટે, કીધી રસોઇ તહિં સંત માટે;
સમસ્ત વિપ્રો અરથે રસોઇ, તહાં કરાવી શુભ ભૂમિ જોઇ. ૬૦
નારાયણાનંદ બટુ મહાંત, તે આવી બોલ્યા પ્રભુપાસ શાંત;
છે જન્મદા'ડો બદરીશ કેરો, ઉત્સાહ છે સૌ જનને ઘણેરો. ૬૧
રંગે રમ્યાનો દિન આજ સારો, માટે પ્રભુ મંદિરમાં પધારો;
સુણી ગયા મંદિરમાં ઉમંગે, રમ્યા સખા સંગ વિશેષ રંગે. ૬૨
પછી પ્રભુ ગોમતીયે જઇને, ના'યા સહુ સાથ ખુશી થઇને;
પછીથી નારાયણબાગમાંય, પધારિયા શ્રીવૃષવંશરાય. ૬૩
પછી અયોધ્યાખ્યપ્રસાદ કેરી, નામે સુનંદા સુશીલા ઘણેરી;
વીર્જા રઘુવીર તણી સુપત્ની, જે છે પ્રભુને ભજવા પ્રયત્ની. ૬૪
રસોઇ તે બેય મળી બનાવી, જમ્યા પ્રભુ ભાવ વિશેષ લાવી;
થયા દ્વિજોના પણ પાક સિદ્ધ, સંતો તણા પાક થયા પ્રસિદ્ધ. ૬૫
થૈ પંક્તિયો ગોમતી કેરી પાળે, આશ્ચર્ય પામી જન સૌ નિહાળે;
દીધી દ્વિજોને બહુ દક્ષિણાઓ, કૃતાર્થ તે વિપ્ર થયા ઘણાઓ. ૬૬
સાયં સમે મંદિર માંહિ જૈને, બેઠા સભામાં હરિ સ્વસ્થ થૈને;
પૂજા કરી સૌ સતસંગીવૃંદે, કરી સુવાર્તા વૃષવંશચંદે. ૬૭
સત્સંગીના સંઘ કર્યા વિદાય, રહ્યા હરિ શ્રીવરતાલમાંય;
શ્રીગોમતી સ્થાપન જેહ કીધ, સર્વત્ર તે વાત થઈ પ્રસિદ્ધ. ૬૮

**પુષ્પિતાગ્રા :**

વૃતપુર કૃત ગોમતી નિવેશ, રુકમણિ યુક્ત પ્રસિદ્ધ દ્વારિકેશ;
પુનિત ચરિત તે સુણે સુણાવે, ફરી ભવ માંહિ કદાપિ તે ન આવે. ૬૯

*ઈતિ શ્રીવિહારીલાલજી આચાર્યવિરચિતે હરિલીલામૃતે અષ્ટમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે*
*ધારુતડાગેશ્રીગોમતીપ્રતિષ્ઠાનિરૂપણનામ ચતુશ્ચત્વારિંશત્તમો વિશ્રામઃ ॥૪૪॥*

**પૂર્વછાયો :**

ગોમતીની કરી સ્થાપના, પછી વાલો વશ્યા વરતાલ;
ચરિત્ર ત્યાં જે જે કર્યાં, સુણો ભાવસહિત ભૂપાળ. ૧

**ચોપાઈ :**

ગોમતી તણું કામ ચલાવે, વળી મંદિર પૂર્ણ કરાવે;
હરિનવમી તણો દિન આવ્યો, ત્યારે સારો સમૈયો શોભાવ્યો. ૨
નડીયાદના મોહનરામ, ગંગારામ તો ભાઈનું નામ;
વાઘા જરિયાનિ દેવને કાજે, લાવ્યા તે બહુ ઉત્તમ છાજે. ૩
વટપત્તાન શ્રીપુર કેરા, હરિજન પણ લાવ્યા ઘણેરા;
દેવને તે ધરાવિયા જ્યારે, જન રીઝિયા જોઈને ત્યારે. ૪
સભા શ્રીજીની પાસે ભરાઈ, બેઠાં યોગ્ય રીતે બાઈ ભાઈ;
ઈચ્છારામના સુત ગુણવાન, નામ ગોપાળજી મતિમાન. ૫
થયો સંકલ્પ તેને તે ઠામ, દ્વારિકામાં તો કૃષ્ણ છે શ્યામ;
આંહી લક્ષ્મીનારાયણ રૂપ, શ્વેત મૂર્તિ છે એ તો અનૂપ. ૬
ધાર્યું લક્ષ્મીનારાયણ નામ, નથી રણછોડજી એહ ઠામ;
એવો લોકોને સંશય થાશે, રણછોડજી કેમ મનાશે. ૭
માટે રણછોડજી નામ ધારી, શ્યામ મૂર્તિ સ્થપાય તો સારી;
વાત અંતરજામીએ જાણી, બોલ્યા ગોપાળજી પ્રતિ વાણી. ૮
કૃષ્ણ છે તે નારાયણ જાણો, નારાયણ એ જ કૃષ્ણ પ્રમાણો;
એમાં ભેદ નથી કાંઇ ભાઈ, તોય શંકા જે તમને જણાઈ. ૯
તમે સંકલ્પ મન કર્યો જેહ, સિદ્ધ થાશે સરવ વાત તેહ;
રણછોડજી આંહિ સ્થપાશે, શ્યામરંગે તે મૂર્તિ સોહાશે. ૧૦
રીઝ્યા ગોપાળજી મહારાજ, પામ્યો અચરજ સર્વ સમાજ;
ચૈત્રશુકલ દશમ દિન જોઈ, સીતારામને દીધી જનોઈ. ૧૧
રચ્યો મંડપ મોટો મેદાન, સર્વ જાણીને વેદવિધાન;
ઈચ્છારામને વળિયાળીબાઈ, ગ્રહશાંતિ[1] કરી સુખદાઈ. ૧૨

**૧.** ગ્રહોની શાંતિ અર્થે કરાતી દાન આપવા વગેરેની ક્રિયા

કર્યા સંસ્કાર એણે અશેષ, દીધો શ્રીજીએ મંત્રોપદેશ;
પોંચી ને દોરો કાંચન કેરો, આપ્યો પોશાક સરસ ઘણેરો. ૧૩
હરિભક્તોએ પણ તેહ કાળ, આપ્યા પોશાક ને ધનમાલ;
તેહ લખવાને બેઠા ઠક્કર, ગામ બૂધેજના પીતાંબર. ૧૪
આવી ઊભી તહાં અષ્ટિસિદ્ધિ, જહાં કૃષ્ણ તહાં નવ નિધિ;
સંત બ્રાહ્મણ ભોજન કીધાં, દક્ષિણા દાન વિપ્રોને દીધાં. ૧૫
પછી એકાદશી દિન આવ્યો, ત્યારે ઉત્સવ સરસ કરાવ્યો;
દ્વાદશીને દિને ઈચ્છારામ, કહે હરિને કરીને પ્રણામ. ૧૬
મારી પુત્રી જે ફુલઝરી છે, તેને સાસરે મોકલવી છે;
માટે આજ્ઞા આપો મહારાજ, તો હું જાઉં સ્વદેશમાં આજ. ૧૭
સુણી બોલિયા શ્રીઅવિનાશ, તમારે રહેવું મુજ પાસ;
તહાં મોકલો ગોપાળજીને, આવશે એહ કામ કરીને. ૧૮
નિજકુટુંબ આદિક જેહ, સાથે તેડીને આવશે તેહ;
સુણી આજ્ઞા ધરી નિજ શીશ, જાણે છે શ્રીજીને જગદીશ. ૧૯
માને આજ્ઞા બ્રહ્માંડના રાય, તેની આજ્ઞા તે કેમ લોપાય;
નંદરામ ગોપાળજી ભાઈ, ત્રીજાં તો વળી ફુલઝરી બાઈ. ૨૦
જવા ત્રણેને તૈયાર કીધાં, દ્રવ્ય ખરચી માટે ઘણાં દીધાં;
જવા નીકળ્યા તે પછી જ્યારે, વળાવાને ગયા સહુ ત્યારે. ૨૧
જોળ્ય મુક્યા પછી આંબાવાડી, જતાં રસ્તામાં આવી અગાડી;
ગયા ત્યાં સુધી સુંદરશ્યામ, ભેટ્યા ભત્રીજને સુખધામ. ૨૨
બોલ્યા શ્રીહરિ સ્નેહ ધરીને, વે'લા આવજો કામ કરીને;
સાથે લાવજો સૌ પરિવાર, જેઓને મુજ પર બહુ પ્યાર. ૨૩
બોલ્યા ગોપાળજી નંદરામ, અહો શ્રીહરિ સુંદરશ્યામ;
કેમ તમને તજીને જવાશે, અતિ અંતર તો અકળાશે. ૨૪
આડિ પાંપણો નિરખતાં આવે, એટલું પણ અમને ન ભાવે;
અમે જીવીયે જોઈને તમને, કેમ દૂર કરો છો જી અમને. ૨૫
એમ ઉચ્ચરતાં તજી ધીર, વહેવા લાગ્યાં નેણથી નીર;
સુણી બોલિયા શ્રીજી વચન, દૈશ અંતરમાં દરશન. ૨૬

માટે ધીરજ અંતરે લાવો, સિદ્ધ કામ કરી સદ્ય આવો;
કહી એમ કરીને વિદાય, આવ્યા મંદિરમાં હરિરાય. ૨૭
કેટલાએક દિન અવિનાશ, કર્યો વરતાલ માંહિ નિવાસ;
પછી સંતમંડળ લઈ સાથ, ચાલ્યા દુર્ગપુરે દીનનાથ. ૨૮
સતસંગીનાં જ્યાં આવે ગામ, કરે રાત્રિએ ત્યાં જ વિરામ;
ગયા ગઢપુરમાં ગિરધારી, જોઈ રાજી થયાં નરનારી. ૨૯
શુદિ વૈશાખી ચૌદશ જેહ, નરસિંહજયંતિ તો તેહ;
એ જ પૂનમે કૂર્મજયંતિ, હરિભક્તને હરખ કરંતી. ૩૦
એ બે ઉત્સવ ગઢપુરમાંય, કર્યા શ્રીહરિયે વશી ત્યાંય;
એવામાં જુનેગઢ જેનો વાસ, ઝીણોભાઈ આવ્યા પ્રભુપાસ. ૩૧
પુંજોભાઈ આવ્યા ધોળેરાથી, થયા મગ્ન પ્રભુને મળ્યાથી;
નમિ બેય બોલ્યા તેહ ઠામ, અમારા ગામમાં કરો ધામ. ૩૨
મોટું મંદિર શીખરવાળું, કૃપાનાથ કરાવો રુપાળું;
સંતમંડળ મોકલો એક, જાણે જુક્તિયો જેહ અનેક. ૩૩
આશા દાસ તણી પુરનારા, પ્રભુ પૂરો મનોરથ મારા;
વિનતી બેયની સુણી લીધી, કૃપાનાથે કૃપા ઘણી કીધી. ૩૪
બ્રહ્માનંદજીને ભગવાન, કહે જાઓ જુનેગઢ સ્થાન;
કરો મંદિર માની વચન, તેથી હું ઘણો થૈશ પ્રસન્ન. ૩૫
અદ્‌ભુતાનંદ નિષ્કુળાનંદ, તેઓને કહે વૃષકુળચંદ;
તમે ધોળેરે સદ્ય સિધાવો, રુડું મંદિર જૈને રચાવો. ૩૬
જગ્યા આપી છે શ્રીસરકારે, તેમાં કહેવાનું એ છે અમારે;
અમે બેઠાતા જેહ જગ્યાય, દેવનું ત્યાં સિંહાસન થાય. ૩૭
એવી રીતે કરાવજો તમે, થાશું તમને પ્રસન્ન તો અમે;
કામ મંદિરનું તે કરાય, મુરતી સ્થાપવા જોગ્ય થાય. ૩૮
ત્યારે લખજો આંહિ સમાચાર, કહે બેયને ધર્મકુમાર;
કહી એમ મંડળ મોકલાવ્યાં, ધામ બેય કરાવા મંડાવ્યાં. ૩૯
જનમાષ્ટમી દસરા દિવાળી, વશ્યા ગઢપુરમાં વનમાળી;
અન્નકૂટનો ઉત્સવ કીધો, હરિભક્તે ભલો લાવ લીધો. ૪૦
એક રજનીમાં ધર્મકુમાર, બેઠા અક્ષરભુવન મોઝાર;
ત્યાંરે ચિત્તમાં કીધો વિચાર, લીધો જે માટે મેં અવતાર. ૪૧

તે તો કામ થયું હવે પૂંરુ, એમાં શું શું રહ્યું છે અધૂરું;
ધર્મસ્થાપન ધરણીમાં કર્યું, વળી અસુર તણું બળ હર્યું. ૪૨
મોટા ધામમાં દેવ સ્થપાયા, એ તો સત્સંગના ઉંડા પાયા;
હવે ધર્મની ધુર ધરનાર, આચારજ સ્થાપવા એહ ઠાર. ૪૩
સમૈયો પ્રબોધિનીનો થાય, અભિપ્રાય ત્યાં સૌના લેવાય;
સૌને ગમતું આવે મનમાંય, તેને આચાર્ય પદવી અપાય. ૪૪
પછી લાધાઠક્કરને બોલાવી, દેશોદેશ કંકોત્રી લખાવી;
સમૈયો મોટો વરતાલ ભરશું, ગાદિના ત્યાં આચારજ કરશું. ૪૫
માટે આવવું સૌએ જરૂર, અતિ આનંદ રાખીને ઊર;
એમ પત્રો લખ્યા ભલી ભાતે, પછી કાર્તકિ ત્રીજે પ્રભાતે. ૪૬
ચાલ્યા વરતાલ શ્રીઘનશ્યામ, સાથે લીધા તેના કહું નામ;
રામપ્રતાપ ને ઈચ્છારામ, તેઓના પુત્ર સદ્‌ગુણધામ. ૪૭
અયોધ્યાપ્રસાદ રઘુવીર, મહા ધર્મધુરંધર ધીર;
સાથે સંચર્યા ઉત્તમરાય, સંત પાર્ષદના સમુદાય. ૪૮
ગોપઅષ્ટમી કાર્તિક માસ, આવ્યા વરતાલમાં અવિનાશ;
દેવભુવનથી નૈરુત માંય, હરિમંડપ છે ભલો જ્યાંય. ૪૯
કર્યો ત્યાં શ્રીહરિએ ઉતારો, જાણી ઊતરવા જોગ્ય સારો;
અગ્નિકોણમાં દેવમંદિરથી, નારાયણમો'લ છે નામ ધરથી. ૫૦
તહાં ઊતર્યા રામપ્રતાપ, પરિવાર સહીત તે આપ;
મેડી ધામથી પશ્ચિમમાંય, સકુટંબ ઈચ્છારામ ત્યાંય. ૫૧
દાદાખાચર આદિક એમ, ઉતર્યા તે જેને ઘટે જેમ;
નવમી તથા દશમી દન, દેશદેશના આવિયા જન. ૫૨

**પુષ્પિતાગ્રા :**

હરિદરશન કાજ સંઘ આવ્યા, વિવિધ પ્રકારની ભેટ તેહ લાવ્યા;
સરવર તટમાં કર્યા ઉતારા, તરુવરના સમુદાય જોઈ સારા. ૫૩

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે અષ્ટમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિસ્વાચાર્યસ્થાપનાર્થે વૃત્તાલયઆગમનનામ પંચચત્વારિંશત્તમો વિશ્રામઃ ॥૪૫॥*



**પૂર્વછાયો :**

કહે અચિંત્યાનંદજી, મહીનાથ સુણો ધરી મન;
આચારજ બે સ્થાપિયા, કહું એહ કથા પાવન. ૧

**ચોપાઈ :**

જ્યારે રાત્રી દશમ તણી થઈ, પ્રભુ બેઠા પલંગ પર જઈ;
પોતે ધારેલું કરવાને કામ, કરી ઈચ્છા તે શ્રીઘનશ્યામ. ૨
પછી સદગુરુઓને બોલાવ્યા, મોટા સત્સંગીયોને તેડાવ્યા;
પુછી સર્વને સંમતિ એવી, કેને ધર્મ તણી ધુર દેવી. ૩
ત્યારે સૌ જન ઉચ્ચર્યા એમ, કરો આપ દિલે રુચે જેમ;
એવું સાંભળીને કહ્યું હરિએ, સદગુરુઓને આચાર્ય કરીએ. ૪

૧. સંન્યાસી

બોલ્યા સદગુરુઓ જોડી હાથ, એમ ધર્મ રહે નહિ નાથ;
જુઓ શંકરસ્વામીની વાત, કર્યા ગાદિપતી તો શ્રિપાત[1]. ૫
લખ્યા ધર્મ સંન્યાસીના જેહ, તલમાત્રે રહ્યા નહિ તેહ;
વસ્ત્ર ભગવાં કર્યા જરિયાની, કડાં કંઠી ધરે છે સોનાની. ૬
સંન્યાસીને જે કાંચન આપે, જાય નરકમાં તે તેહ પાપે;
એવું શંકરસ્વામીએ કહ્યું, તે તો પાળવાનું નવ રહ્યું. ૭
વિધવાઓ કરે પગસેવા, થયા સંન્યાસી આચાર્ય એવા;
માટે સ્થાપો આચાર્ય ગૃહસ્થ, ધર્મ પાળે પળાવે તે સ્વસ્થ. ૮
કદિ એમ કહો મહારાજ, આચારજ જે ગૃહસ્થ છે આજ;
તેઓમાં પણ સદ્ધર્મ ક્યાં છે, વ્યભિચારાદિ દોષ તેમાં છે. ૯
તેનું કારણ તો એક એ છે, સ્ત્રીયોને મંત્રઉપદેશ દે છે;
માટે એવા આચારજ જોઈએ, પરનારિથી બોલે ન કોઈએ. ૧૦
વળી જો કહેશો આપ એમ, ત્યાગીના ગુરુ ગૃહસ્થ કેમ;
કહીએ તે વિષે સુવિચાર, શ્રુતિ શાસ્ત્ર તણે અનુસાર. ૧૧
થાય છે પ્રથમાશ્રમધારી, ત્રણ વર્ણ જ્યારે બ્રહ્મચારી;
હોય આચાર્ય ગૃહસ્થ જેહ, ઉપદેશ તો આપે છે એહ. ૧૨
કહે છે તજજે સ્ત્રીનો સંગ, એકભુક્ત[1] થૈ તજજે પલંગ;
ગૃહસ્થાચાર્ય એમ કહે છે, બટુ સાંભળી બાઢં વદે છે. ૧૩
રાખે શિખા જનોઈ જે કોય, તેનો આચાર્ય ગૃહસ્થ હોય;
શિખા સૂત્ર તજે થૈ ઉદાસી, તેનો આચાર્ય થાય સંન્યાસી. ૧૪
વેદસૂત્રનો એ છે આધાર, ત્યાગીને ગૃહી દીક્ષા દેનાર;
વળી પત્નિ આચાર્યની જેહ, લૈને આજ્ઞા પતિ તણી તેહ. ૧૫
સ્ત્રીયોને મંત્રઉપદેશ દેશે, તેથી સર્વેનો ધર્મ રહેશે;
વંશપરંપરાનો વિચાર, કરવો ઘટે છે એહ ઠાર. ૧૬
કદિ એક જ ગાદિ સ્થપાય, અને આચાર્ય ઉન્મત થાય;
તેહ ધર્મ વિષે નવ રહે, શિષ્યો ક્યાં જઈને દુઃખ કહે. ૭
માટે આચાર્ય સ્થાપવા બેય, અન્યોઅન્યને દાબે રહેય;
ધર્મવંશી છે વિપ્ર પવિત્ર, ધર્મવંત છે સર્વના મિત્ર. ૧૮

૧. એકવાર જમવું

તેમાંથી બેને દત્તક કરો, તેઓને નિજગાદિએ ધરો;
છે તો સર્વજ્ઞ શ્રીઘનશ્યામ, સૌને પૂછી લીધું તોય આમ. ૧૯
બેય ભાઈને બોલાવી પાસ, પછી એમ બોલ્યા અવિનાશ;
આપો પુત્ર તમારો અકેક, ગાદિનો કરવા અભિષેક. ૨૦
મોટા ભાઈએ આણિ આહ્લાદક, આપ્યા પુત્ર અયોધ્યાપ્રસાદ;
નાનાભાઈએ શ્રીરઘુવીર, આપ્યા પુત્ર ધરી મન ધીર. ૨૧
શ્રીહરિ હરિજનને કહેય, કરો દેશ તણા ભાગ બેય;
ભાગ ઉત્તરદેશનો જેહ, ગણો નરનારાયણ તણો તેહ. ૨૨
દેશ લક્ષ્મીનારાયણ તણો, તે તો દક્ષિણભાગને ગણો;
પછી ભક્તોએ બે ભાગ પાડ્યા, જેમ શ્રીજીએ મનમાં સુજાડ્યા. ૨૩
કલકત્તાથી દ્વારિકા ધામ, લખ્યા વચમાં શીમાડાનાં ગામ;
ભાગ ઉત્તર દક્ષિણ કરી, પછી ચીઠીયો તે માંહિ ધરી. ૨૪
આવ્યો ચીઠીયોથી હે નરેશ, રઘુવીરને દક્ષિણદેશ;
ચિઠી નાંખી ફરી પાંચવાર, દેશ આવિયા એ જ પ્રકાર. ૨૫
અક્ષરાનંદને કહે હરિ, કહું તે સાંભળો ચિત્ત ધરી;
કરશું કાલ દત્તવિધાન, દેશું આચાર્યપદવીનું દાન. ૨૬
થશે દ્વાદશીનો દિન જ્યારે, સાધુ વિપ્ર જમાડશું ત્યારે;
માટે સામાન કરજો તૈયાર, વિપ્ર આવશે જમવા અપાર. ૨૭
ધર્મદેવનો જન્મ છે કાલ, તેનો ઉત્સવ કરવો વિશાળ;
મુનિ બોલ્યા નમાવીને શીશ, આપ આજ્ઞા પ્રમાણે કરીશ. ૨૮
ઉમરેઠમાં જેનો નિવાસ, હરીભાઈને બોલાવ્યા પાસ;
કહે કૃષ્ણ અહો વિદવાન, કાલે કરવું છે દત્તવિધાન. ૨૯
માટે છે કાલ મુહુરત કેવું, કહો જોઈ જથારથ જેવું;
હરિભાઈએ જોઈને કહ્યું, કાલે મુહુરત સારું છે બહુ. ૩૦
તમે છો પ્રભુ સર્વજ્ઞ સ્વામી, આપે ધાર્યું એમાં નોય ખામી;
ત્યારે ઉચ્ચર્યા વિશ્વ આધાર, સર્વ સામગ્રી કરજો તૈયાર. ૩૧
સુણો સૌ પગે લાગીને ગયા, પરમેશ્વર પણ પોઢી રહ્યા;
જ્યારે જાગીને ઉઠ્યા પ્રભાતે, નિત્ય કર્મ કર્યું ભલી ભાતે. ૩૨

વેદપુરુષ હરીભાઈ નામ, પ્રેમે બોલ્યા કરીને પ્રણામ;
દત્તપુત્રનું કરવા વિધાન, પધારો પ્રભુ મંડપ સ્થાન. ૩૩
સર્વ સામગ્રી કીધી તૈયાર, ભાઈ બેય બેઠા છે તે ઠાર;
અયોધ્યાપ્રસાદ રઘુવીર, આવી બેઠા છે પરમ સુધીર. ૩૪
ગયા મંડપમાં ભગવાન, કર્યું શાસ્ત્ર પ્રમાણે વિધાન;
તેની રીતી કહું રાય સુણ્ય, કીધાં વિપ્રનાં પ્રથમ વરુણ. ૩૫
પ્રભુએ કર્યું વિષ્ણુપૂજન, આચાર્યે કર્યું અગ્નિ સ્થાપન;
કરી સર્વે કુશાંડીની રીત, ચડાવ્યો ચરુ ધારીને પ્રીત. ૩૬
ભાઈ બે પુત્ર આપવાવાળા, તેણે પૂજ્યા ગણેશ સૂંઢાળા;
પછી શ્રીજીનું પૂજન કીધું, દાન બન્નેએ પુત્રનું દીધું. ૩૭
દેવસ્ય ત્વા ભણી મંત્ર નાથ, ઝાલ્યા બે દત્તપુત્રના હાથ;
વસ્ત્ર ભૂષણથી શણગાર્યા, પ્રભુએ નિજ પાસ બેસાર્યા. ૩૮
પછી પુત્ર પ્રતિગ્રહ અંગે, કર્યા હોમ આચાર્યે ઉમંગે;
કરી હોમ સમાપન ત્યાંય, દિધી આચાર્યને દક્ષિણાય. ૩૯
વિપ્ર ભોજનસંકલ્પ કરી, હૈયા માંહી રાજી થયા હરિ;
પછી ગાદી તણો અધિકાર, આપ્યો તેનો કહું છું પ્રકાર. ૪૦
હરિમંડપ છે જેહ સ્થાન, તેની આગળ મોટું મેદાન;
પાસેપાસે બે પાટ્યો ઢળાવી, તકિયા અને ગાદી બિછાવી. ૪૧
તહાં આવ્યા પછી કૃપાનાથ, બેઉ પુત્ર તણા ગૃહી હાથ;
તેને વેદવિધી અનુસાર, સોંપ્યા ગાદી તણા અધિકાર. ૪૨
ઉભા પશ્ચિમાભિમુખ નાથ, પાટ દક્ષિણમાં ડાબે હાથ;
તહાં બેસાર્યા શ્રીરઘુવીર, જાણી ધર્મધુરંધર ધીર. ૪૩
પાસે ઉત્તરમાં બીજી પાટ, માંડેલી બીજા પુત્રને માટ;
ત્યાં અયોધ્યાપ્રસાદ બેસાર્યા, મહાધર્મધુરંધર ધાર્યા. ૪૪
બેઠા પૂર્વમુખે તેહ બેય, બેય ઈશવરમૂર્તિયો છેય;
શોભે વસ્ત્ર આભૂષણ અંગે, કડાં આદિ જડેલાં છે નંગે. ૪૫
હરિઆજ્ઞાથી ચામર ધારી, ઉભા બે પાસે બે બ્રહ્મચારી;
રઘુવીર પાસે રહ્યા જેહ, અખંડાનંદ નામે છે એહ. ૪૬

બીજા વાસુદેવાનંદ જાણો, પાસે અવધપ્રસાદ પ્રમાણો;
ઉભા કુબેરજી છડી લૈને, તે તો અવધપ્રસાદના થૈને. ૪૭
વટપત્તનના પ્રભુદાસ, છડી લૈ ઉભા રઘુવીર પાસ;
પોતપોતાના આચાર્ય તણો, જયજયકાર ઉચ્ચારે તે ઘણો. ૪૮
શિર અવધપ્રસાદને છત્ર, જોરાજીયે ધર્યું ભલું તત્ર;
રઘુવીરને ગૂમાનજીએ, ધર્યું છત્ર તે રૂડી રીતીયે. ૪૯
બેય પુત્રમાં શ્રીબળવંતે, મુક્યું તેજ પોતાનું અત્યંતે;
જેવી સૂર્યશશી તણી જોડ, લાજે દેખીને કંદર્પ[1] ક્રોડ. ૫૦
રાજે અદ્ભૂત રૂપ અંબાર, કોણમાત્ર અશ્વિનીકુમાર;
રામ લક્ષ્મણની જોડ જેવી, ઉપમા ભલી સંભવે એવી. ૫૧
જેવા પ્રદ્યુમ્ન ને અનિરુદ્ધ, એવા શોભે વિશેષ વિબુદ્ધ;
પૂજા શ્રીજીએ બેયની કીધી, પછી આરતી હાથમાં લીધી. ૫૨
આરતી બેયની ત્યાં ઉતારી, જેજેકાર વદે નરનારી;
તહાં વાજિંત્ર વાજે અપાર, થાય બંદુક કેરા બહાર. ૫૩
છાયાં દેવવિમાન આકાશ, કરે પુષ્પની વૃષ્ટિ ચોપાસ;
નાચે અપસરા ગાંધર્વ ગાય, સૌના હેયામાં હરખ ન માય. ૫૪
હરિમંડપમાં હરિ પેઠા, કઠેરામાં સિંહાસને બેઠા;
બેસે મંચ ઉપર હરિ જેમ, નીચે શ્રેષ્ઠ સભા થાય તેમ. ૫૫
કઠેરામાં રાજે ભગવંત, સભા ચોકમાં શોભે અત્યંત;
જન નિરખે હજારો હજાર, બોલ્યા એ સમે વિશ્વઆધાર. ૫૬
તાળી પાડી કહે ભગવાન, સુણો સૌ જન થૈ સાવધાન;
કર્યો છે અમે દેશવિભાગ, કલકત્તા થકી બેટ[2] લાગ[3]. ૫૭
વચ માંહિ શિમાડાનાં ગામ, તેનાં જાણી લહો સુણી નામ;
તેને લૈને દક્ષિણદેશ જેહ, લક્ષમીનારાયણનો છે તેહ. ૫૮
જન જેહ નિવાસી છે તેના, રઘુવીર આચારજ એના;
એથી ઉત્તરદેશ પ્રમાણો, નરનારાયણનો તે જાણો. ૫૯
તેના આચાર્ય અવધપ્રસાદ, એમ બાંધી છે મેં મરજાદ;
પોતપોતાના આચાર્ય તણું, કરો પૂજન પ્રીતથી ઘણું. ૬૦

૧. કામદેવ ૨. દ્વારકા ૩. સુધી

એને પ્રેમથી પૂજશો તમે, પૂજા માની લેશું તે તો અમે;
સંત હરિજનના સમુદાય, એની આજ્ઞામાં રહેજો સદાય. ૬૧
બ્રહ્માનંદમુની જે પ્રમાણો, જીભ અવધપ્રસાદની જાણો;
હસ્ત મા'નુભાવાનંદ જેહ, બીજા વર્ણી વાસુદેવ તેહ. ૬૨
નિત્યાનંદ ને અખંડાનંદ, ભાઈ જે સોમપ્રકાશાનંદ;
રઘુવીરજીનાં એ તો અંગ, એક જીભ ભુજા બે છે સંગ. ૬૩
તેઓયે રહેવું તેહ પાસે, કહે કામ તે કરવું હુલાસે;
બેબે સદ્‌ગુરુ જે કહ્યા સંત, વળી તેને કહે ભગવંત. ૬૪
નિજ આચાર્યની પાસે આવો, સૌને તેઓની પૂજા કરવો;
સુણી આજ્ઞા તે શીશ ચડાવી, પાસે રહીને પૂજાઓ કરાવી. ૬૫
પછી સૌ સંત પૂજવા આવ્યા, ચર્ચી ચંદન હાર ચડાવ્યા;
લાગ્યા પૂજવા સૌ હરિજન, અર્પે ભૂષણ વસ્ત્ર ને ધન. ૬૬
જોઈ જોઈ શ્રીજી રાજી થાય, તેમ હરિજન મન હરખાય;
એ જ ચોકભાગે ઉતરાદે, સ્ત્રીઓની સભા થૈ મરજાદે. ૬૭
પત્નિ અવધપ્રસાદની જેહ, સતી નામે સુનંદા છે તેહ;
વીરજા રઘુવીરની નારી, જે છે પરમ પતિવ્રત ધારી. ૬૮
સાંગામાંચિયોયે બેઠાં બેય, બેય આચાર્યની રીતે તેય;
સભા તેઓ સમીપ ભરાઈ, બેઠી હરિજન ત્યાં બહુ બાઈ. ૬૯
હરિભક્તને બોલાવ્યા શ્યામે, કહું તેહ તણાં સુણો નામે;
દામોદર તો શ્રીપૂરના જાણો, મેમદાવાદના ભાઈ ભાણો. ૭૦
વનમાળી તો પીજ નિવાસી, તેઓ પ્રત્યે કહે અવિનાશી;
જૈને બાઈયોને સમઝાવો, પૂજવા તણી રીત બતાવો. ૭૧
નિજ આચાર્યપત્નિને પ્રિતે, પૂજે બાઈયો તે રુડી રીતે;
પછી તેઓયે જૈ કહ્યું જેમ, બાઈયોએ પૂજા કરી તેમ. ૭૨
નામે રેવા ને જમનાજી બાઈ, નડિયાદ વસોની ગણાઈ;
વીરજાજી પાસે ઉભાં આવી, સર્વ બાઈયોને પૂજા કરાવી. ૭૩
ઉંઝાની દ્વિજ કુંવર્યબાઈ, રહે એક જ શિંઘોડું ખાઈ;
તેહ બાઈ તથા ગંગામાય, સુનંદાની કરાવે પૂજાય. ૭૪

ધર્મદેવના જન્મનું ટાણું, તહા મધ્યાન કાળે ગણાણું;
ભલો ઉત્સવ તેહનો કર્યો, અતિ જનમન આનંદ ભર્યો. ૭૫

**પુષ્પિતાગ્રા :**

સહજ[1] તનુજ[2] દત્તપુત્ર લીધા, પ્રભુ નિજગાદિ તણા અધીશ કીધા;
ચરિત્ર પુનિત કૃષ્ન કેરું સારું, સ્મરણ કર્યાથી સુસૌખ્ય આપનારું. ૭૬

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે અષ્ટમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિનિજસંપ્રદાય-આચાર્યસ્થાપનનામ ષટ્ચત્વારિંશત્તમો વિશ્રામઃ ॥૪૬॥*

**પૂર્વછાયો :**

કૃષ્ણે આચારજ બે કર્યા, ભ્રાતપુત્રને લઈ ભલી ભાત;
એ જ એકાદશી દિવસની, વળી વિશેષ વર્ણવું વાત. ૧

**ચોપાઈ :**

રહ્યો પાછલો દિન ઘડિ ચાર, ઘનશ્યામે સભા સજી સાર;
ધામ પાછળ છત્રી છે જ્યાંય, બેઠા સિંહાસને હરિ ત્યાંય. ૨
બેઠા આગળ હરિજન સંત, બેઠા ધર્મવંશી ગુણવંત;
બેઠા પાર્ષદ ને બ્રહ્મચારી, બેઠી વેગળે હરિજન નારી. ૩
ભાખે એ અવસર ભગવંત, સુણો હરિજન વર્ણી ને સંત;
અમે સ્થાપ્યા બે આચાર્ય જેહ, તમો સર્વેએ માનવા તેહ. ૪

**શિખરિણી :**

કહે શ્રીજીસ્વામી મુનિજન અકામી સહુ સુણો,
સુપુત્ર બે મારા તનમન તમારા ગુરુ ગણો;
સદા એની આજ્ઞા સુણી સુણી સુખેથી અનુસરો,
કદી તેની સાથે વચનથી વિવાદે નવ કરો. ૫
મહાન્તાઈ આપે કદિ વળી ઉથાપે તહિં થકી;
તમે ચિત્તે તેથી સુખદુખ ન રાખો લવ નકી;

---

૧. ભાઈ ૨. દીકરા

રહો રાજી કેવા જડભરત જેવા ગુણ ધરી,
ન બંધાવું ક્યાંઈ વરસ બહુ એક સ્થળ ઠરી. ૬
અમારે શું એમાં બગડતું દિસે છો બગડતું,
કદી એવું ધારી મનથકી ન મેલો રખડતું;
તમે જો સૌ આવા મુજમન રીઝાવા મન ચહો,
સદા આવી રીતે મમત નિજચિત્તે ધરી રહો. ૭
પછી આચાર્યોને વચન શિખનાં શ્રીહરિ કહે,
અમારી ગાદીયે ગુરુપદ ધરી જે જન રહે;
અસંબંધી સ્ત્રીથી વચન ન વદે દૃષ્ટિ ન ધરે,
ન એકાંતે ક્યારે દરશન દિયે સ્પર્શ ન કરે. ૮
ધરે એવો વેષ પ્રગટ દરસે પંડિત તણો,
ન રાખે તે મેલો રજગુણ ન રાખે પણ ઘણો;
નહી મૂછો મોટી નહિ વળિત વાંકીય ધરવી,
શિરે મોટી ચોટી કદિ પણ વધારી ન કરવી. ૯
મહાંતો જે સંતો તવ ચરણમાં મસ્તક ધરે,
ન છાજે તે માટે રજગુણ તમારા તન પરે;
ન થાવું સ્વચ્છંદી સહુ મળી કહે તે સમઝવું,
કરે લોકો નિંદા તરત તક તે કૃત્ય તજવું. ૧૦
સવારે ને સાંજે હરિગુણ કથાની તક સહી,
તજીને તે ટાણે જહિતહિ તમારે જવું નહીં;
નહી રસ્તે જાતાં નટવિટ[૧] તમાસા નિરખવા,
નહી જોવા મેળા અવર જન લાગે પરખવા. ૧૧
ગજેંદ્રે અસ્વારી કરી નગરમધ્યે વિચરતાં,
ધરો દૃષ્ટી નીચી નજર ચહુ પાસે ન કરતાં;
સ્વનારીને વશ્ય સ્વમતિ બળ ખોઈ થવું નહી,
કહે સંતો રસ્તો બળથી તજી બીજે જવું નહી. ૧૨

૧. દોરડા ઉપર રમત કરનાર

**ઉપજાતિ :**

ગૃહસ્થ આચાર્ય ઘણા ફરે છે, શિષ્યો તણા તે ધનને હરે છે;
દીસે ભવાયાસમ વેષ કેવા, તમે ન થાશો કદિ છેલ એવા. ૧૩
સત્સંગી શ્રીમંત ગરીબ હોય, તે જાણજો બેય સમાન તોય;
જણાય જુદી સનમાન રીતી, તથાપિ તે સાથ સમાન પ્રીતી. ૧૪
શ્રદ્ધાથી આપે જન તે જ લેવું, વિશેષ લેવા નહિ દુઃખ દેવું;
જે ધર્મ પાળે સતસંગી મોટો, ન ધર્મ પાળે ધનવંત ખોટો. ૧૫
કરે તમારી પધરામણી તો, કરો ન આપ્યાતણી પંઠણી[૨] તો;
તેડાવશે તે જન ઘેર જાવું, શ્રદ્ધાથી આપે લઈ તુષ્ટ થાવું. ૧૬
વિદ્યા તણો તો અભિયાસ રાખો, જ્યાં ત્યાં ઘણી ગ્રામ્યકથા ન ભાખો;
સદ્ધર્મના ગ્રંથ રચો રચાવો, સત્સંગની પુષ્ટિ સદા કરાવો. ૧૭
આચાર્ય તો ધર્મ્ થકી જ શોભે, શોભે નહી દ્રવ્ય વિશેષ લોભે;
આચાર્ય જો વૈભવથી મનાય, તો સર્વ શ્રીમંત જનો પુજાય. ૧૮
માહાત્મ્ય જાણો વળી સંત કેરું, હું જાણું છું તેહ તણું ઘણેરું,
સંતપ્રતાપે સતસંગ થાય, સંતપ્રતાપે શુભ સંપ્રદાય. ૧૯
સંતો કરે દંડપ્રણામ જ્યારે, ઉભા થવું તર્ત તહાં તમારે;
ન કોઈને તો કરવો ટુંકારો, ન કોઈને ગાળ કદી ઉચારો. ૨૦
જો કોઈમાં ચૂક કદાપિ આવે, તજ્યાનું જો પંચ મળી બતાવે;
બોલી મીઠાં વેણ કરો વિદાય, જેથી ઘણો તે નહી દ્રોહી થાય. ૨૧
સન્માન દે શિષ્ય રુચીસમાન, માગો ન લેવા કદિ શ્રેષ્ઠ માન;
જે માનવી માન ઘણું ચહાય, જરૂર એનું અપમાન થાય. ૨૨
નિર્માનીને માન ઘણું મળે છે, માની તણું માન સદા ટળે છે;
ગંભીરતા સાગર જેવી રાખો, અજ્ઞાનીના બોલ સદૈવ સાંખો. ૨૩
જે માન મોહાદિ અધર્મ અંગ, અમે કર્યું છે બહુ માનભંગ;
તે વૈર લેવા કરશે ચડાઈ, જો ચેતશો તો વધશે વડાઈ. ૨૪
કહે મળી સદ્‌ગુરુ પંચ સંત, કે પંચ સત્સંગી સુબુદ્ધિમંત;
તે વાતને અંતર માની લેવી, ક્રિયા સદાયે કરવી જ એવી. ૨૫

૧. બોલી, કરાર

ભાસે ક્રિયા જે નિજચિત્ત શુદ્ધ, તથાપિ સત્સંગ થકી વિરુદ્ધ;
તેવી ક્રિયા તો તજવી જરૂર, કરો નહી આગ્રહ રાખી ઊર. ૨૬
જે ધર્મ પાળે જન તે અમારો, પાપીથી હું દૂર સદા થનારો;
સગો અમારે નહિ કોઈ કાળે, સગો ગણું જે શુભ ધર્મ પાળે. ૨૭
છે ધર્મ પોતે જ પિતા અમારા, તેના જ શત્રુ જન જે થનારા;
તે સાથ હું કેમ કરૂં જ પ્રીત, પ્રીતિ કરે તેહ કુપુત્ર રીત. ૨૮
હતા સહુએ ગુરુઓ કરેલા, તે સર્વ જાણ્યા કપટે ભરેલા;
તેને તજી શિષ્ય થયા અમારા, તે શિષ્ય જાણો સરવે તમારા. ૨૯
સદા તમે સદ્‌ગુરુની જ રીત, તે માટ રાખો ચિત્તમાં ખચીત;
બીજા ગુરૂથી વ્રત શાં વિશેષ, વિચારજો તે મનમાં હમેશ. ૩૦
રાખો સદા વૃદ્ધ તણો પ્રસંગ, તજો ઘણો સંગ જુવાન અંગ;
શાસ્ત્રો ગુણો વાંચી વળી વિચારો, તે તો સદા ધર્મ ભલો તમારો. ૩૧
તમે સહુને ઉપદેશ આપો, શિષ્યો તણા સંશય સર્વ કાપો;
આચાર્યના તો ગુણ નિત્ય એ છે, સચ્છાસ્ત્રવાદી કવિયો કહે છે. ૩૨
જુઠી જ કાયા વળી જૂઠી માયા, પદાર્થ જૂઠાં જગમાં જણાયાં;
એવો તમારો સુણી ઊપદેશ, વૈરાગ્ય થાશે જનને વિશેષ. ૩૩
જો દ્રવ્ય માટે લડશો તમે જ, તો વ્યર્થ થાશે ઉપદેશ એ જ;
પછી કહ્યું કેમ કરી મનાશે, તેથી તમારો વિશવાસ જાશે. ૩૪
અન્યોન્યના દેશ વિષે તમારે, જવું પડે કોઈ સમે જ ત્યારે;
ત્યાંના જનો ભોજન દેજ જેવું, તે લેવું ને દ્રવ્ય કદી ન લેવું. ૩૫
જો ધાતુના લાલજી હોય પાસ, તેને ધરે ભેટ તહાંજ દાસ;
એવે પ્રકારે કરી કાંઈ બાનું, લેવું નહીં દ્રવ્ય કદી તહાંનું. ૩૬
જે મંદિરે સ્થાપિત મુર્તિ હોય, ત્યાં આવીને ભેટ ધરે જ કોય;
તે દેવનો માલ સદા ગણાય, તેમાં નહી બાધ કશો જણાય. ૩૭
બે દેશમાં જે નૃપરાજ હોય, જે દેશમાં હોય નિવાસ તોય;
તે જો બીજાને કદિ ભેટ મૂકે, લેનારા દેનાર સ્વધર્મ ચૂકે. ૩૮
જે ગામ આચારજ દેશમાંય, આચાર્ય આપે કદિ જાય ત્યાંય;
ત્યારે તહાં જો નૃપ કાંઈ દેય, તો તે સ્થળે તેહ સુખેથી લેય. ૩૯

બીજે સ્થળે દે ફળઆદિ મેવા, તે તો તમે લાયક જાણી લેવા;
તથાપિ તેવે પણ કાંઈ બાને, ઝાઝું ન લેવું કદિ એહ સ્થાને. ૪૦
આજ્ઞા ઉલંઘી કદિ કોઈ લેશે, કે પુણ્ય જાણી હરિભક્ત દેશે;
તો પુણ્ય સાટે બહુ પાપ થાય, એકે અમારો નહિ તે ગણાય. ૪૧
ગુરૂનું નાણું કરજે ન લેવું, તથા ગુરૂએ કરજે ન દેવું;
સુણો તમે સૌ ગુરુ શિષ્ય ભાઈ, અમારી આજ્ઞા અતિ સૌખ્યદાઈ. ૪૨
ન વસ્ત્ર કે વાહન માંગી લેવું, જો કોઈ માગે ગુરુએ ન દેવું;
આ શાસ્ત્રનું વેણ તમે ઉથાપી, તે માટ એવું ન કરો કદાપી. ૪૩
સત્સંગી કે કોઈ કુસંગી હોય, તમે ગણો શિષ્ય સમસ્ત તોય;
અન્યોન્યના દેશ વિષે રહે તે, લેવું નહી દ્રવ્ય કદાપિ દે તે. ૪૪
વિદ્યાની શાળા ભલી ભાત થાપો, વિદ્યા તણું દાન વિશેષ આપો;
જે કામ માટે પરઠી મજૂરી, તેમાં ન દેશો જરિયે અધૂરી. ૪૫
ન રાખવી થાપણ કોઈ કેરી, જમાન થાવું નહિ કોઈ ફેરી;
અન્નાર્થી આવે જન જે ભિખારી, તો અન્ન દેવું કરુણા જ ધારી. ૪૬
કોઈ વિષે ક્રૂર કદી ન થાવું, ગરીબના વત્સલ તો ગણાવું;
ભિક્ષા જમો આપદ કાળમાંઇ, માથે કદી દેણું કરો ન કાંઈ. ૪૭
જે ભૂમિમાં છે શરવાર દેશ, તે ભાગ તો ઉત્તરમાં હમેશ;
તથાપિ જૂનું વતને તમારું, વિશેષ કાંઈ કહું તેહ સારું. ૪૮
સગા તથા આશ્રિત હોય તેના, તે શિષ્ય થાશે પ્રિય જેહ જેના;
તે કાંઈ આપે સુખથી જ લેવું, તેમાં નથી કિંચિત બાધ જેવું. ૪૯
તે દેશમાં ખેતર કે ગરાસ, વેચાતું રાખો લઈ કોઈ પાસ;
કે કોઈ રાખો કદિયે ઘરાણે, તો કોઈ તેમાં નહિ શંક આણે. ૫૦
સગા વિનાના ધનમાલ દેય, તે લક્ષ્મિનારાયણના ન લેય;
આજ્ઞા અમારી શુભ એહ જાણો, વિચારીને અંતર માંહિ આણો. ૫૧
આચાર્ય બેને કદિ કાંઈ વાંધો, પડ્યાથી તૂટે વ્યવહાર સાંધો;
તો બેયને જેની પ્રતીત આવે, એવા ગૃહસ્થો વચમાં ઠરાવે. ૫૨
શબ્દો તણા અર્થ અનેક થાય, માટે પડે સંશય તેહમાંય;
તો તેહનો નિર્ણય પંચ પાસે, કરાવવો ઉત્તમ એહ ભાસે. ૫૩

આચાર્યને હોય સુતો ઘણાય, આચાર્ય તો સદ્ગુણી તે જ થાય;
જો ગાદિને યોગ્ય ન હોય એવો, તો ધર્મવંશીથકી દત્ત લેવો. ૫૪
જો આ અમારાં વચનો વિચારી, તે પાળશો તો અતિ સૌખ્યકારી;
એકે ઘડી કેમ કુસંપ થાશે, દુરાગ્રહે દુઃખ ઘણું જણાશે. ૫૫
આચાર્ય બે છો બહુ બુદ્ધિમંત, વળી તમે છો શુભ ધર્મવંત;
તથાપિ મેં વંશપરંપરાને, માટે કહ્યું છે બહુ એહ સ્થાને. ૫૬
આચાર્યપત્ની પણ એ જ રીતે, પાળે સદાચાર વિશેષ પ્રીતે;
સંબંધિયોથી નર અન્ય જેહ, તેને તજે અષ્ટપ્રકાર એહ. ૫૭
સત્સંગી સર્વે સુણજો અમારા, આચાર્ય આ એ જ ગુરૂ તમારા;
તે પાળશે ધર્મ પળાવી જાણે, કલ્યાણદાતા કહી સૌ વખાણે. ૫૮
જે જે તમે ઉદ્યમથી કમાઓ, જો શિષ્ય સાચા મુજના ગણાઓ;
દશાંશ વીશાંશ ગજા પ્રમાણે, દેવાર્થ દેજો ધન તેહ ટાણે. ૫૯
કુટુંબ માંહી જન જેહ હોય, તે બાળ કે વૃદ્ધ જુવાન કોય;
પ્રત્યેક નામે ગણિ આઠ આના, દેજો ગુરૂને પ્રતિવર્ષ દાના. ૬૦
એવી રીતે વાત કરી વિશેષ, સૌએ ધરી ચિત્ત સુણી અશેષ;
બીજે દિને દ્વાદશી જાણી નેક, જમાડિયા સંત દ્વિજો અનેક; ૬૧
જે વેદમૂર્તી હરિભાઇ નામ, તેને દિધાં વસ્ત્ર વિચિત્ર દામ.
તે માંહિ દીધી ડગલી રુપાળી, રાજી થયા સૌ હરિભક્ત ભાળી. ૬૨
બીજા દ્વિજોને પણ દ્રવ્યદાન, દીધાં કૃપાથી કરુણાનિધાન;
એ રીત આચારજ બેય થાપ્યા, વિભાગ પાડી જુગ દેશ આપ્યા. ૬૩

**પુષ્પિતાગ્રા :**

ગુરુપદ જુગભ્રાતૃપુત્ર થાપ્યા, કરી સુવિભાગ અશેષ દેશ આપ્યા;
પુનિત ચરિત તે સુણે સુણાવે, ફરી ભવમાં જન તે કદી ન આવે. ૬૪

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે*
*અષ્ટમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે*
*આચાર્યશિક્ષા નિરૂપણનામસપ્તચત્વારિંશત્તમો વિશ્રામઃ ॥૪૭॥*



**પૂર્વછાયો :**

પવિત્ર કાર્તિકી પૂર્ણિમા, દિન સભા સજી ઘનશ્યામ;
સંત તથા સતસંગીયો, બેઠા પ્રભુને કરીને પ્રણામ. ૧

**ચોપાઈ :**

નારુપંત બોલ્યા મતિમંત, મુકતાનંદ સુણો મહાસંત;
વટપત્તનમાં જેહ વારે, ગયે વર્ષ તમે હતા ત્યારે. ૨
મહારાજ શિયાજીરાવે, કહ્યું હતું હરિ આંહિ આવે;
ભૂપે ભાવ જણાવ્યો અઘાત, તમે જાણો છો તે સર્વ વાત. ૩
વળી આ અવસર પણ પત્ર, મુજ સાથે છે મોકલ્યો અત્ર;
માટે ત્યાં મહારાજ પધારે, એવી યુક્તિ તો કરવી તમારે. ૪

દૃઢ એવો કરીને વિચાર, આવ્યા તે બે સભાની મોઝાર;
નારુપંતે પ્રણામ ત્યાં કીધો, પછી પત્ર પ્રભુજીને દીધો. ૫
વળી વદને કહ્યા સમાચાર, ભૂપતીનો છે ભાવ અપાર;
મુક્તાનંદ કહે અહો હરિ, નારુપંતની વાત છે ખરી. ૬
ઘણો ભાવ છે ભૂપને ઉર, માટે જાવું તો જોઈએ જરૂર;
પત્ર વાંચીને બોલિયા માવ, ભૂપ છે પણ કેવો છે ભાવ. ૭
નારુપંત સિધાવોજી તમે, વટપતન આવશું અમે;
જઈ ભૂપતિને કરો જાણ, અમે આવશું વચન પ્રમાણ. ૮
ગયા વટપુર તે નારુપંત, ત્રીજે દિન વિચર્યા ભગવંત;
લીધા બેય આચારજ સાથે, સંત વૃંદ લીધાં મુનિનાથે. ૯
રહ્યા સાંકરદે સરવેશ, ત્યાં તો ભક્ત પટેલ ગણેશ;
બીજા ભક્ત ત્યાં દુલ્લભભાઈ, તેણે સેવ્યા પ્રભુ સુખદાઈ. ૧૦
ગામ છાંણી ગયા ગિરધારી, સામી આવી ત્યાં નૃપની સવારી;
હાથી ઘોડા ને ડંકો નિશાન, રથ પાલખિયો તાવદાન. ૧૧
સવારી લૈને આવ્યા નારુપંત, માનિતા ભૂપના તે અત્યંત;
એહ સ્વારી તણી શોભા જેહ, લખી છે ઘણા ગ્રંથમાં તેહ. ૧૨
તમે સાંભળી છે બહુવાર, માટે સંક્ષેપમાં કહું સાર;
વટપત્તનમાં પ્રભુ ગયા, પુરવાસી બહુ રાજી થયા. ૧૩
શિયાજીરાવ સન્મુખ આવ્યા, દેવઘરમાં પ્રભુ પધરાવ્યા;
પછી ભૂપતિયે જઈ સાથ, મસ્તુબાગમાં ઉતાર્યા નાથ. ૧૪
મોટા તંબુ ત્યાં ઉભા કરેલા, કુંભ કનકના ઉપર ધરેલા;
ઘણો શોભિત તે બાગ સારો, તહાં ઊતર્યા ધર્મદુલારો. ૧૫
કરી સરભરા સર્વ પ્રકારે, પછી રાય ગયા દરબારે;
મોકલી બીજે દિન અસવારી, તેડ્યા દરબારમાં ગિરધારી. ૧૬
પ્રભુ પૂજીયા પ્રેમ સહીત, દીધાં વસ્ત્ર ભૂષણ ભલી રીત;
હતા રાજકુમાર જે ચાર, પ્રભુને પ્રણમ્યા તેહવાર. ૧૭
દત્તપુત્ર પૂજ્યા પ્રભુ કેરા, ભૂપે પૂજિયા સંત ઘણેરા;
પ્રભુ ત્યાંથી પધાર્યા ઉતારે, મતવાદી આવ્યા ભારે ભારે. ૧૮

સૌને જીતી કર્યો જેજેકાર, ત્રણ દિવસ રહ્યા કરતાર;
ધામધૂમે આવ્યા હતા જેમ, પાછા શ્રીજી સિધાવિયા તેમ. ૧૯
નારુપંત વળાવાને આવ્યા, અસવારી સારી સજી લાવ્યા;
દિગવિજય કરી દીનનાથ, ચાલ્યા મધ્યાને સૌ જન સાથ. ૨૦
હાથીથી ઉતર્યા હરિ જ્યારે, બેઠા માણકી ઘોડીયે ત્યારે;
ચાલ્યા ઝડપથી ધર્મકુમાર, રહ્યા સાથે સહુ અસવાર. ૨૧
થઈ શીતળ આરતી જ્યારે, વરતાલ આવ્યા વાલો ત્યારે;
હનુમાન તણે દરવાજે, આવી જય કહી મિત્રસમાજે. ૨૨
ઊંચા સ્વરનો સુણી જયકાર, જાણ્યું આવિયા જગતઆધાર;
કર્યાં સૌ જને દર્શન ત્યાંય, પધાર્યા પ્રભુ મંદિરમાંય. ૨૩
તહાં દેવનાં દર્શન કરી, થોડી વાર ઉભા રહ્યા હરી;
ઉચ્ચર્યા નારાયણ બ્રહ્મચારી, દૂધ પૂરી જમો ગિરધારી. ૨૪
સુણી હા કહી વૃષકુળચંદે, ઉષ્ણોદક આણ્યું માધવાનંદે;
રૂપચોકી જે દક્ષિણકેરી, તહાં બેશીને નાહ્યા લહેરી. ૨૫
રુડું અંગે પીતાંબર ધારી, ગયા મંદિર માહિ મુરારી;
કોળી[1] લક્ષ્મીનારાયણ તણી, જમ્યા ત્યાં બેશી વૃષકુળમણી. ૨૬
પ્રભુ કહે અક્ષરાનંદ પાસ, કરો મેમાનની બરદાસ;
જેને જે જોઈયે તેહ આપો, સારા ઉતારા દૈ સ્થિર થાપો. ૨૭
સુણી આજ્ઞા અંતર માંહિ ધરી, બરદાશ મેમાનોની કરી;
હરિમંડપમાં જઈ હરી, પલંગે પોઢ્યા આનંદભરી. ૨૮
વટપત્તાનની વાટે જેહ, પછવાડે રહ્યા હતા તેહ;
બીજે દિન વરતાલે તે આવ્યા, ભલા શ્રીહરિને મન ભાવ્યા. ૨૯
બીજે દિવસ પછી બળવંતે, ભાખ્યું ભક્તપ્રતિ ભગવંતે;
દાદાખાચર આદિક જેહ, પરગામથી આવ્યા છો તેહ. ૩૦
જાઓ પોતપોતા તણે ગામ, કરો જૈ વ્યવહારિક કામ;
એમ કહી કર્યા સૌને વિદાય, રહ્યા વરતાલ વૃષકુળરાય. ૩૧
વટપત્તાનથી વસ્ત્ર જેહ, શિયાજીરાવે અર્પેલાં એહ;
રઘુવીરજીને સર્વ દીધાં, પ્રસાદી પ્રભુની જાણી લીધાં. ૩૨

૧. દેવ અને ઘુંમટની વચ્ચેનો જાળીની અંદરનો ભાગ

ધર્મવંશી સરવ જન સાથે, પછી ગઢપુર મોકલ્યા નાથે;
નિત્યાનંદ કહે મહારાજ, કરશે કોણ થાળનું કાજ. ૩૩
કેના હાથની જમશો રસોઇ, એક નક્કી કરો જન કોઇ;
કહે કૃષ્ણચિંતા કરો એ શી, નરનારાયણના જે દેશી. ૩૪
થાળ આપવા ચિત્ત ચહાય, ત્યારે તો રાંધશે ગંગામાય;
દેશી લક્ષ્મીનારાયણ તણો, આપે થાળ ધરી ભાવ ઘણો. ૩૫
નડિયાદવાસી રેવા ત્યારે, કરે થાળ તે અરથે અમારે;
અથવા કરે જમનાંબાઇ, વસોની જે નિવાસી ગણાઇ. ૩૬
પછી મંદિરને પછવાડે, હવેલી હતી જે તે દહાડે;
નીચે ઓરડા બે હતા સારા, પ્રભુને પ્રિય પૂરવદ્વારા. ૩૭
આપ્યા બે ભાઈઓને રહેવા, પ્રભુને થાળ ત્યાં કરી દેવા;
ઓસરીમાં બેસે હરિ જમવા, હરિભક્તને અંતરે ગમવા. ૩૮
એમ વીત્યા થોડા દિન જ્યારે, આવ્યા ગોપાળજી તેહ વારે;
સાથે લૈને આવ્યા પરિવાર, મેના નામે છે તેહની નાર. ૩૯
ઈચ્છારામનો ઊતારો જ્યાંય, ઉતર્યા એ જ હવેલી માંય;
દેશમાંથી આવ્યા ઘણે માસે, માટે શ્રીજીએ રાખિયા પાસે. ૪૦
કહે ગોપાળજી જોડી હાથ, દયાસિંધુ સુણો દીનનાથ;
ધર્મવંશમાં અવતર્યા તમે, પણ લાવ લીધો નહિ અમે. ૪૧
બીજી બાઈયો કરે થાળ જ્યારે, ત્યારે શો પ્રભુ લાવ અમારે;
સુણી બોલિયા જનપ્રતિપાળ, તમારો ત્રીજે દિન જમું થાળ. ૪૨
ત્રણ દિન તણો કીધો ઠરાવ, ત્રણેનો ભાળી ઉત્તમ ભાવ;
બોલ્યા ગોપાળજી રુડી રીતે, નિજપત્નિની આગળ પ્રીતે. ૪૩
મોટા જજ્ઞ વિષે જમનાર, જેનો મહિમા છે અપરમપાર;
કહે છે જેને કાળના કાળ, જમશે તે તો આપણો થાળ. ૪૪
અહો આપણાં ભાગ્ય અપાર, એમ ધારું છું હું નિરધાર;
હિંદુસ્થાની રસોઈની રીત, તમે જાણો છો સારી ખચીત. ૪૫
ગુજરાતી રસોઇ અભ્યાસ, કરજો રેવા બાઈની પાસ;
મેનાએ કહી રેવાને વાત, જે છે પ્રગટ પ્રભુ સાક્ષાત. ૪૬

ત્રીજે દિવસ અમારો તે થાળ, જમશે પ્રભુ જનપ્રતિપાળ;
હસી રેવાએ બોલ સુણાવ્યો, તમે ભક્તિમાં ભાગ પડાવ્યો. ૪૭
પછી રેવા સ્વદેશની રીતે, પાક શિખવતાં ઘણી પ્રીતે;
કાર્તિકી કૃષ્ણ એકાદશીથી, કથા વંચાવી કૃષ્ણે પ્રીતીથી. ૪૮
ભાગવત દશમસ્કંધ જેહ, પ્રાગજી દવેયે વાંચ્યો તેહ;
દોઢ માસે દશમ પૂરો કીધો, પછી પંચમ વાંચવા લીધો. ૪૯
આવી વસંતપંચમી જયારે, થયો તે પણ પૂરણ ત્યારે;
સાંજે સાંજે સભામાં વંચાય, તેનો મર્મ કહે હરિરાય. ૫૦
ઘણા જીવના કલ્યાણ કાજે, વિચાર્યું મનમાં મહારાજે;
શીક્ષાપત્રી રચું એક સારી, સર્વ શાસ્ત્રનો સાર ઉદ્ધારી. ૫૧
જેમ પાર પમાડવા હેતુ, રચે સાગર ઉપર સેતુ;
શીક્ષાપત્રી પ્રમાણે જો ચાલે, ભવપાર પામે કળિ કાળે. ૫૨
એવું અંતર માંહિ વિચારી, લખવા માંડી પત્રી મુરારી;
કૃપાનાથે કૃપા કરી ત્યાંય, કર્યો આરંભ કાર્તિકમાંય. ૫૩
નારાયણમો’લ માંહિ પ્રભાતે, લખે પત્રી પ્રભુ ભલી ભાતે;
સાલ બ્યાશીયાની હતી જયારે, આવી વસંતપંચમી ત્યારે. ૫૪
થઈ તે દિન પત્રી તે પુરી, એમાં કાંઇ રહી ન અધૂરી;
લખ્યા ચારે વરણ તણા ધર્મ, લખ્યો ત્યાગી ગૃહસ્થનો મર્મ. ૫૫
ધર્મ ભક્તિ ને જ્ઞાન વૈરાગ, લખ્યો તેહના ભેદનો ભાગ;
લખ્યા આચાર્યના ધર્મ તેહ, લખ્યું આ રીતે વર્તે ન જેહ. ૫૬
સતસંગથી તે છે વિમુખ, નરકે જઈ પામશે દુઃખ;
બિરાજી હરિમંડપ માંય, શિક્ષાપત્રી શોધી પછી ત્યાંય. ૫૭
નિત્યાનંદ આદિક વિદવાન, કહે સૌ પ્રત્યે શ્રીભગવાન;
આમાં ભૂલ જે કાઢે એકાદી, તેને આપું હું થાળ પ્રસાદી. ૫૮
પછી સર્વેયે પત્રી તપાશી પણ ભૂલ કશી નહિ ભાસી;
ત્યારે સર્વે બોલ્યા શિર નામી, આપ સર્વજ્ઞ અંતરજામી. ૫૯
વાણી આપની તે વેદવાણી, એમાં ભૂલ કશી નવ જાણી;
સવિત્રાનંદ આદિક સારા, જે જે સંત હતા લખનારા. ૬૦

તેની પાસે ઘણીક લખાવી, દેશદેશ પ્રત્યે મોકલાવી;
સર્વ સંત તથા બ્રહ્મચારી, સૌને આપી બોલ્યા ધર્મ ધારી. ૬૧
ભણેલા નિત્ય પાઠ તે કરજો, ન ભણેલા તે શ્રવણ આદરજો;
મારી વાણી સ્વરૂપ છે મારું, માનજો હિત ચાહિ તમારું. ૬૨
પાઠનિયમ ચુકે કોઈ દાસ, કરે એક દિવસ ઉપવાસ;
એવું ઉચ્ચરી નિયમ ધરાવ્યા, પાઠ કરવાના નિત્ય ઠરાવ્યા. ૬૩

**પુષ્પિતાગ્રા :**

લખી હરિ નિજધર્મપત્રી શીક્ષા, નિજમત કેરી ધરે જ જેહ દીક્ષા;
કૃત દરશિત સર્વ ધર્મ તેના, સુણી વરતે અઘબંધ મુક્ત જેના. ૬૪

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે*
*અષ્ટમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે*
*હરિવટપુરવિચરણ તથા વૃત્તાલયે શીક્ષાપત્રીલેખનનામ*
*અષ્ટચત્વારિંશત્તમો વિશ્રામઃ ॥૪૮॥*

**પૂર્વછાયો :**

કહે અચિંત્યાનંદજી, સુણો અભયસિંહ ભૂપાળ;
વસંતપંચમી બ્યાશિયે, હરિવરે કરી વરતાલ. ૧

**ચોપાઈ :**

સમૈયો પણ સારો ભરાયો, રંગખેલ રુડો વખણાયો;
બાપુભા મછિયાવના રાય, તથા શ્રીપુર જનસમુદાય. ૨
આવેલા હતા દરશન કરવા, શ્રીજી પાસે તે લાગ્યા ઉચરવા;
ફુલદોળનો ઉત્સવ આવે, કહે રાય કરો મછિયાવે. ૩
બોલ્યા શ્રીપુરના હરિજન, કરો શ્રીપુરમાં ભગવન;
હઠ બેય જણે બહુ લીધો, કૃષ્ણે તે બેયને કોલ દીધો. ૪
ફુલદોળનો ઉત્સવ એહ, કરશું તમારે ગામ તેહ;
એમ કહી કર્યા તેને વિદાય, બેય ઠેકાણે સામાન થાય. ૫
હોળી તો આવી ઢુંકડી જ્યારે, કહ્યું ગોપાળજીને તે વારે;
તમે સકુટુંબ ગઢપુર જાઓ, મારું વચન માની રાજી થાઓ. ૬

ગયા ગોપાળજી તે સુજાણ, દીનબંધુ પધાર્યા ડભાણ;
ગયા ત્યાં થકી મેમદાવાદ, દેવા દાસને દર્શન સ્વાદ. ૭
પ્રભુએ પછી બે રૂપ ધર્યાં, સખા સંતનાં પણ તેમ કર્યાં;
એક રૂપે શ્રીપુર ગયા માવ, બીજે રૂપે ગયા મછિયાવ. ૮
આખે પીપળાણે ગામે જેમ, બે રૂપે વિચર્યા હતા તેમ;
કર્યા ઉત્સવ બેય ઠેકાણે, અકળિત કળા કોણ જાણે. ૯
અમદાવાદમાં ગયા જ્યારે, કર્યાં દેવનાં દર્શન ત્યારે;
ઉતર્યા હરિ મંદિરમાંય, દ્વાર ઊપર મેડો છે ત્યાંય. ૧૦
ફુલદોળનો ઉત્સવ આવ્યો, માવે રંગનો ખેલ મચાવ્યો;
આવ્યા હરિજનસંઘ હજારો, સમૈયો થયો તે પણ સારો. ૧૧
ભલી સ્વારી સજી ભગવાન, કર્યું સાભ્રમતી જઈ સ્નાન;
ત્યાંથી આવી જમ્યા મહારાજ, જમાડ્યો પછી સંતસમાજ. ૧૨
સાંઝે બેઠા પ્રભુ સભા ભરી, પ્રેમે હરિજને પૂજાઓ કરી;
એમ લીળા કરે નિત્ય નવી, કરે ગાન મહામુની કવી. ૧૩
આવી ચૈત્ર શુદી દ્વિતીયાય, ત્યારે સંઘને કીધા વિદાય;
શ્યામ સંચરિયા સંત સાથ, કમિયાળે ગયા કૃપાનાથ. ૧૪
સામા આવ્યા હરિજન જેહ, તેનાં નામ કહું સુણો તેહ;
સારા ભક્ત જે સેંસો વણાર, હઠિભાઈનો પૂરણ પ્યાર. ૧૫
ગઢવી નથુ ને ખીમરાજ, મોડભાઈ ભક્તશિરતાજ;
ગાજતે વાજતે પધરાવ્યા, સૌને ઉતારા સારા અપાવ્યા. ૧૬
વિનતી સહુએ મળી કરી, હરિનૌમી કરો આંહિ હરી;
માનિ વિનતિ તે શ્રીઘનશ્યામે, વાત વ્યાપી ગઈ ઠામેઠામે. ૧૭
ભાલ દેશના ભક્ત હજારો, આવ્યા જાણી સમૈયો થનારો;
મનુભા ગાંફના દરબાર, સજી આવ્યા તે અસ્વારી સાર. ૧૮
સાથે પુત્ર હતા ત્રણ જેહ, એક તો બાપજીરાજ તેહ;
બીજા અર્જુનસિંહજી જાણો, રૂપસિંહજી ત્રીજા પ્રમાણો. ૧૯
પીપળીના આવ્યા દાદાભાઈ, બીજા પણ બહુ ભાઈ ને બાઈ;
પુંજાભાઈ આવ્યા ધોળેરાથી, આવ્યા અદ્ભુતાનંદ તહાંથી. ૨૦

થયો ઉત્સવ નવમીનો સારો, હરિજનને હરખ આપનારો;
હરિભક્તે રસોઈયો દીધી, પૂજા પ્રેમે પ્રભુ તણી કીધી. ૨૧
સભા નિત્ય સજે ઘનશ્યામ, જ્ઞાનવાત કરે તેહ ઠામ;
ઘણી લીલા કરી કમિયાળે, ધર્મરક્ષક ધર્મને લાલે. ૨૨
ધન્ય ધન્ય ત્યાંના હરિજન, વળી ત્યાંની ધરા ધન્ય ધન્ય;
તે તો તીરથભૂમિ ગણાય, વ્રજતુલ્ય સદા વખણાય. ૨૩
વિશ્વમાં જેની લીળા વંચાશે, મોટા મોટા મુનિવર ગાશે;
ચૈત્રી પૂનમનો દિન આવ્યો, વાલે ત્યાં સુધી વાસ ઠરાવ્યો. ૨૪
અદ્‌ભુતાનંદ ને પુંજોભાઈ, કહે સાંભળો જનસુખદાઈ;
ધોળેરામાં જે થાય છે ધામ, થયું તૈયાર ઘણું ખરું કામ. ૨૫
માટે આપ તહાં હવે આવો, પ્રતિમાઓ રુડી પધરાવો;
હશે મંદિર કાંઈ, અધુરું, ધીમે ધીમે કરાવશું પુરું. ૨૬
એવી વિનતિ સુણી તેહ વાર, ગયા ધોળેરે ધર્મકુમાર;
સામૈયું લઈ સત્સંગી આવ્યા, વાજતે ગાજતે પધરાવ્યા. ૨૭
પુંજાભાઈ તણે દરબાર, ઉતર્યા જઈ વિશ્વઆધાર;
જોવા મંદિર શ્રીમહારાજ, ગયા લૈ સાથે મિત્રસમાજ. ૨૮
ઝાલી અદ્‌ભુતાનંદનો હાથ, ફર્યા મંદિરમાં મુનિનાથ;
અદ્‌ભુતાનંદ નિષ્કુળાનંદ, તેહ પ્રત્યે બોલ્યા જગવંદ. ૨૯
થયું મંદિર તો બહુ સારું, જોઈ રાજી થયું મન મારું;
ઉતારે પછી શ્રીહરિ આવ્યા, નારાયણ જોશીને ત્યાં બોલાવ્યા. ૩૦
પ્રતિષ્ઠાનું મુરત જોવરાવ્યું, શુદિ તેરશ વૈશાખે આવ્યું;
સારો તે દિવસે શુક્રવાર, સુણી રાજી થયાં નરનાર. ૩૧
પણ મુહુરત વેગળું જાણી, બોલ્યા સૌ પ્રત્યે સારંગપાણી;
અમે એટલા દિન ન ટકાય, માટે હમણાં તો થાશું વિદાય. ૩૨
ત્યારે બોલ્યા કરીને પ્રણામ, કહું તેહ તણાં સુણો નામ;
પુંજાભાઈ તથા ભોજોભાઈ, બાપજીભાઈ વરહાભાઈ. ૩૩
બાપુજી ને કાંયોભાઈ નામ, હતા તે પણ ક્ષત્રી તે ઠામ;
અજુબા ફુલજીબા છે કેવાં, લક્ષ્મી અને રાધિકા જેવાં. ૩૪

ખીમોભાઇ તથા વનમાળી, ભક્તિ જીવણની ભલી ભાળી;
ગગો ત્રિકમ ભક્ત કલ્યાણ, ડોસા આદિક શેઠ સુજાણ. ૩૫
ગગજી રત્નજી અને દામો, કાનજી માનજી રુડાં નામો;
એહ આદિ ઘણા પાટિદાર, સ્નેહથી હરિને સેવનાર. ૩૬
આત્માનંદ ને અદ્‌ભુતાનંદ, ત્રીજા નિષ્કુળાનંદ સ્વચ્છંદ;
બોલ્યા સૌ હેતે જોડીને હાથ, અહો કૃષ્ણ સુણો કૃપાનાથ. ૩૭
પ્રતિષ્ઠા સુધી રહેવાનું ધારો, પછી ગઢપુર આપ પધારો;
ભક્તવત્સલ છો ભગવાન, માટે દ્યો એટલું સુખદાન. ૩૮
એવી વિનતિ સુણી એહ ઠામ, રહ્યા ધવળપુરે સુખધામ;
વળતી કહ્યું વૃષકુળરાજે, ધોળેરાના જ મંદિર કાજે. ૩૯
રાધાકૃષ્ણની મૂર્તિયો જેહ, ગઢપુર માંહિ રાખી છે તેહ;
લેવા મોકલો બે અસવાર, સુણી અસ્વાર કીધા તૈયાર. ૪૦
કહ્યું મૂર્તિયો લૈ ઝટ આવો, ધર્મવંશીયોને તેડી લાવો;
દાદાખાચરને રુડી રીતે, તેડી લાવો કુટુંબસહિતે. ૪૧
થયા અસ્વાર ત્યાંથી વિદાય, પહોંચ્યા જઇ ગઢપુરમાંય;
થોડા દિવસમાં મૂર્તિયો લૈને, આવ્યા ધોળેરે હર્ષિત થૈને. ૪૨

**પુષ્પિતાગ્રા :**

ગુરુ લઘુ હરિના જ બેય ભાઈ, સહપરિવાર પધારિયા ચહાઈ;
અભય તનુજ આદિ ભક્ત જેહ, ગઢપુરથી સહુ આવિયા જ તેહ. ૪૩

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે અષ્ટમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિમૂર્તિપ્રતિષ્ઠાર્થે ધવળપુરવિચરણનામૈકોનપંચાશત્તમો વિશ્રામઃ ॥૪૯॥*

**પૂર્વછાયો :**

પાંડે અયોધ્યાપ્રસાદજી, રઘુવીરજી જેનું નામ;
આવ્યા ધવળપુરમાં મળી, કર્યા પ્રભુને દંડ પ્રણામ. ૧

**ચોપાઈ :**

દેખી રાજી થયા દીનનાથ, મુક્યા બેયને મસ્તકે હાથ;
શિક્ષાપત્રીયો બેય મંગાવી, આપી બેયને હેતે બોલાવી. ૨

કહ્યું પાઠ તમે નિત્ય કરજો, એમાં છે લખ્યું એમ આચરજો;
જે જે શિષ્ય તમારા ગણાય, વરતાવજો તેને સદાય. ૩
દાદાખાચરને પછી આપી, કહ્યું વર્તજો એમ સદાપી;
સર્વે લાગ્યા પ્રભુજીને પાય, કહ્યું વર્તશું એમ સદાય. ૪
રાધાકૃષ્ણની મૂર્તિયો જેહ, ગઢપુર થકી લાવિયો તેહ;
ગાંફના દેવકૃષ્ણજી વ્યાસે, હાલ છત્રી કરાવેલી ભાસે. ૫
હતો ઓરડો ઉત્તમ ત્યાંય, મુકી મૂર્તિયો લાવી તે માંય;
મૂર્તિ જોવા આવ્યા મુનિનાથ, હેતે ફેરવ્યો ઊપર હાથ. ૬
રાજી થૈ બોલ્યા વિશ્વવિહારી, મૂર્તિ છે ઘણી ચમતકારી;
વધશે એનો પ્રૌઢ પ્રતાપ, કીધે દર્શન ટાળશે પાપ. ૭
ઉતારે આવી ધર્મકુમારે, હરિભક્તોને કહી તેહવારે;
કંકોતરિયો ઘણીક લખાવી, દેશોદેશ વિષે મોકલાવી. ૮
ચાલે મંદિરનું નિત્ય કામ, પાસે બેસી જુવે ઘનશ્યામ;
દિસે મંદિર ઉત્તરદ્વારે, ઓપે મેરુ શિખરને આકારે. ૯
થોડા દિવસ આડા રહ્યા જ્યારે, વાલે મનમાં વિચારીને ત્યારે;
ઉમરેઠવાસી હરિભાઈ, વેદપુરુષ તેડાવિયા ચહાઈ. ૧૦
તેણે મંડપ કુંડ કરાવ્યો, શુદ્ધ શાસ્ત્ર પ્રમાણે બતાવ્યો;
બીજા વિપ્ર ઘણાક તેડાવ્યા, તેઓને વરુણીમાં વરાવ્યા. ૧૧
વિપ્ર આવિયા જે વિદવાન, તેનાં નામ સુણો ધરી કાન;
દવે નાગજી ધોળેરાવાસી, વરુણીમાં વર્યા ગુણરાશી. ૧૨
વળી તેના હતા ત્રણ પુત્ર, વરુણીમાં વર્યા તેહ તત્ર;
વિરજી દેવેશ્વર અને ઘેલો, તેહ પ્રત્યેક શાસ્ત્ર ભણેલો. ૧૩
દેવેશ્વરનું આપું ઓળખાણ, તમે સાંભળો ભૂપ સુજાણ;
બાળાપણથી તે વૈરાગ્યવંત, વિદ્યાવંત ને જ્ઞાની અત્યંત. ૧૪
શ્રીજી ધામ ગયા પછી એહ, ઈચ્છ્યા સંસાર તજવાને તેહ;
રઘુવીરજી આગળ તાતે, તેને સોંપ્યા જઈ ભલી ભાતે. ૧૫
દીધી નૈષ્ઠિક દીક્ષા સ્વચ્છંદ, નામ પાડિયું નિષ્કામાનંદ;
શિષ્ય નારાયણાનંદ કેરા, થૈને તે વખણાયા ઘણેરા. ૧૬

દેવ લક્ષ્મીનારાયણ પાસ, સદા વરતાલમાં કર્યો વાસ;
કથા ચાલતી તે હવે કહું, સાંભળો ધરીને સ્નેહ બહુ. ૧૭
વરુણીમાં વર્યા બીજા જેહ, કહું નામ તેનાં સુણો તેહ;
ગાંફ ગામના રાવળ વસ્તો, જાણે વેદવિધાનનો રસ્તો. ૧૮
ભાઈજી મેઘજી અને જગો, પુંજા નાગજી ને વ્યાસ ગગો;
પંડ્યા નાથજી હીરજી નામ, તથા ઓધવજી ગુણધામ. ૧૯
પરશોત્તમ ઠાકર જાણો, નામે બેચર બેય પ્રમાણો;
દેવકૃષ્ણ જગો બેય વ્યાસ, કરું શુકલનાં નામ પ્રકાશ. ૨૦
નારાયણજી અને હરિરામ, જગો શુકલ તથા આશારામ;
પંડ્યા પીંપળીના લક્ષ્મીરામ, બીજા કેશવજી ગુણધામ. ૨૧
માવજી તથા જીવણ જાની, મે'તા ભાઈજી પણ બહુ જ્ઞાની;
ગામ પછિમના હરિજન, વિપ્ર જાદવ હરજીવન. ૨૨
જેઠો ઓધવજી રાજારામ, હવે રોઝકાનાં કહું નામ;
પુરાણી શિવશંકર બેય, એક ગોવિંદરામ કહેય. ૨૩
ત્રવાડી જયશંકર જગો, જાણે શાસ્ત્ર ઘણાં ભટ ગગો;
પંડ્યા વસ્તો રાઘવજી ભાણજી, પંડ્યા બેચર ને નારાયણજી. ૨૪
કૃષ્ણજી પરશોતમ મે'તા, રોઝકાના વાસી બ્રહ્મવેત્તા;
જોશિ ગામ ખડોળના જેહ, કૃષ્ણજી હરિ મેઘજી તેહ. ૨૫
હરિરાવળ હરિના ઉપાસી, હવે ભડિયાદના કહું વાસી;
પરશોતમ ને મયારામ, જયશંકર જાદવ નામ. ૨૬
કહું ખરડના ભક્ત અખંડા, દવે બેચર ભીમજી પંડ્યા;
ગામ ચોકડીના વિપ્ર ચારુ, રામેશ્વર નારાયણ અધ્યારુ. ૨૭
મહા ભક્ત મે'તા નંદરામ, રટે સ્વામિનારાયણ નામ;
અણિયાળીના જગજીવન, વજેરામ ભલા હરિજન. ૨૮
નારાયણ પરશોતમ પ્રીત, દમો રાઘવ બેય દીક્ષિત;
ગામ ઝીંઝરના હરિરામ, હંસરાજનું ભોળાદ ગામ. ૨૯
એહ આદિ વરુણિમાં વરિયા, જપ હોમ અનેક આદરિયા;
સ્થાપ્યા લક્ષ્મીનારાયણ જ્યારે, ક્રિયા જેવી કરી હતી ત્યારે. ૩૦

ક્રિયા એવી જ સર્વે કરાવી, મૂર્તિ મંદિરમાં પધરાવી;
નામ મદનમોહન મહારાજ, ધાર્યું શ્રીજીયે જન હિતકાજ. ૩૧
તેમાં અદ્‌ભુત દેખાયું તેજ, જાણે શ્રીહરિ પ્રત્યક્ષ એ જ;
આરતી મહારાજે ઉતારી, સ્તુતિ સંતે મળીને ઉચ્ચારી. ૩૨
વાજાં વિવિધ પ્રકારનાં વાજે, દેવદુંદુભી આકાશે ગાજે;
થાય બંદુક કેરા બહાર, થાય પુષ્પની વૃષ્ટિ અપાર. ૩૩
પુંજાભાઈ આદિક હરિજને, ધરી ભેટ ભૂષણ પટ ધને;
ભાલ દેશના ભક્ત અપાર, જે જે આવ્યાં હતાં નરનાર. ૩૪
સૌએ ભેટ ધરી ભલી ભાતે, નહિ ખામી રહી કોઈ વાતે;
હરિભક્તો પ્રત્યે મહારાજે, કહ્યું સાંભળતાં સૌ સમાજે. ૩૫
રૂપ મદનમોહન જાણો મારૂં, પૂજવાથી આશા પુરનારૂં;
ધોળેરા પણ છે મુજ ધામ, જન જાત્રા કરે એહ ઠામ. ૩૬
મહિમા એનો મુનિવર જાણે, શતાનંદજી સરખા વખાણે;
જપ તપ વ્રત જે આંહી કરશે, તે તો માયાને પાર ઉતરશે. ૩૭
મોટાં ધામ થયાં અને થાશે, તેમાં આ પણ મોટું ગણાશે;
એવી વાત ઘણી ઘણી કરી, સુણી સૌ જને અંતરે ધરી. ૩૮
પછી વિપ્ર તણી સર્વ નાત, જમાડી પ્રભુયે ભલીભાત;
સંત વર્ણીને ભોજન દીધું, દ્વિજોને દક્ષિણાદાન કીધું. ૩૯
નરસિંહચતુર્દશી આવી, રીઝ્યા ઉત્સવ એનો કરાવી;
પછી પુનમે પારણું કીધું, સભામાં બેસી દર્શન દીધું. ૪૦
અદ્‌ભુતાનંદ નિષ્કુલાનન્દ, તેહ પ્રત્યે બોલ્યા જગવંદ;
તમે મંદિરનું બધું કામ, રહી પૂરૂં કરાવો આ ઠામ. ૪૧
કરી આજ્ઞા તે શીશ ચડાવી, લીધો લાવ પ્રભુને રીઝાવી;
ધોળેરા માંહિ ધર્મકુમાર, કર્યો એ રીતે જયજયકાર. ૪૨
ધન્ય ધોળેરાનાં હરિજન, જેણે અરપિયાં તન મન ધન;
ધન્ય ધન્ય તે ધોળેરા ધામ, કરી લીલા ઘણી ઘનશ્યામ. ૪૩
ત્રીજે પો'ર ત્યાંથી વિદા થયા, પડવે દિન ગઢપુર ગયા;
કરે એવાં ચરિત્ર વિચિત્ર, ગાતાં સુણતાં થવાય પવિત્ર. ૪૪

**પુષ્પિતાગ્રા :**

ધવળપુર વિષે પધારી પ્રીતે, કૃત હરિકૃષ્ણ ચરિત્ર રૂડી રીતે;
મન ધરી જન જે સુણે સનેહે, ભવજળપાર પડે જ એહ દેહે. ૪૫

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે અષ્ટમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિધવળપુરે મદનમોહનદેવપ્રતિષ્ઠાકરણનામ પંચાશત્તમો વિશ્રામઃ ॥૫૦॥*

**પૂર્વછાયો :**

સ્થાપિ ધોળેરા ધામમાં, શુભ મૂર્તિયો શ્રીમહારાજ;
પછી વશ્યા ગઢપુર વિષે, સાથે લઈને સંતસમાજ. ૧

**ચોપાઈ :**

વરષાઋતુ ચાતુરમાસ, કર્યો ગઢપુર માંહિ નિવાસ;
જન્માષ્ટમી આદિક જેહ, કર્યા ત્યાં સર્વ સમૈયા તેહ. ૨
અન્નકોટનો ઉત્સવ કીધો, હરિભક્તે ભલો લાવ લીધો;
પછી પ્રબોધની પર શ્યામે, જવા ધાર્યું શ્રીવરતાલ ધામે. ૩
કહ્યું સૌ જનને એહ કાળ, અમે જાશું હવે વરતાલ;
છડી[1] અસ્વારી સંઘાતે લૈને, સમૈયો કરશું તહાં જૈને. ૪
માટે જે અસવાર કે પાળા, હોય ચોંપથી ચાલવા વાળા;
તેવા હોય તે થાઓ તૈયાર, જવું કાલે નથી હવે વાર. ૫
સંતમંડળ પ્રથમ સિધાવો, ગાડાં ભારખાનાનાં ચલાવો;
પછી સંત પરોઢીએ ચાલ્યા, વરતાલના મારગ ઝાલ્યા. ૬
કરી ભોજન શ્યામ સુજાણ, ત્રીજે પહોર કર્યું પરિયાણ;
સાથે કાઠી સખા અસવાર, તથા બે દત્તપુત્ર કુમાર. ૭
ત્રીજા ગોપાળજી મહારાજ, તથા પાર્ષદ કેરો સમાજ;
રહ્યા સારંગપુર જઈ રાત, ત્યાંથી ચાલિયા ઊઠી પ્રભાત. ૮
કર્યો સુંદરિયાણે વિરામ, રહ્યા રાત તો પછિમ ગામ;
પ્રભુ ઊતર્યા સરવર પાળે, ત્યાંના ભક્ત આવ્યા એહ કાળે. ૯

૧. રસાલા વિના

તેણે સેવા સજી સારી રીતે, પુરુષોત્તમ જાણીને પ્રીતે;
પછી પોઢી રહ્યા પ્રભુ જ્યારે, વારાફરતી જાગે કાઠી ત્યારે. ૧૦
એમ કરતાં વિતી મધ્યરાત, એવામાં બની અદ્ભુત વાત;
ભક્ત સોમલાનો આવ્યો વારો, સુતો જૈને બીજો જાગનારો. ૧૧
નાનાં બાળક અપરમપાર, આવ્યાં શ્રીજીની પાસે તે વાર;
તેઓને માથે ફેરવી હાથ, બોલ્યા નેહથી જટવર નાથ. ૧૨
સતસંગમાં જૈ જન્મ ધરો, ભાવે ભક્તિ ભલી મારી કરો;
તેથી થાશે તમારું કલ્યાણ, નકી પામશો પદ નિરવાણ. ૧૩
પ્રભુજીને કરીને પ્રણામ, ગયાં બાળક તે કોઈ ઠામ;
ભક્ત સોમલે અચરજ પામી, પૂછ્યું શ્રીહરિને શિર નામી. ૧૪
કહો બાળક તે કોણ હતાં, ક્યાંથી આવિયાં તે અણછતાં;
અતિ અદ્ભુત અચરજ એહ, મહારાજ મટાડો સંદેહ. ૧૫
કહે શ્રીહરિ સાંભળો ભ્રાત, કહું તે બાળકો તણી વાત;
બાળકો વ્રજદેશ મોઝાર, પૂતનાએ જે માર્યા અપાર. ૧૬
પાપિણીને હાથે મરી ગયાં, તેથી તે મરીને ભૂત થયાં;
આવ્યા આજ મળી અમ પાસે, ગતિ ઉત્તમ પામવા આશે. ૧૭
લેશે સત્સંગમાં અવતાર, પછી એહનો થાશે ઉદ્ધાર;
સોમલો કહે જોડીને હાથ, તમે ધન્ય દયાળુ છો નાથ. ૧૮
કહે વર્ણી સુણો નૃપ આપ, એવો શ્રીજીનો પ્રૌઢ પ્રતાપ;
એવા તો ઘણા ચમતકાર, વારેવારે જુવે નરનાર. ૧૯
વિચર્યા વાલો ત્યાંથી વહાણે, ગયા સાભ્રતટે ગળિયાણે;
તહાં ભાઠા[1] વિષે ઉગનારાં, દીઠાં સોમલે વૃંતાક સારાં. ૨૦
લીધાં એક રુપૈયાનાં એહ, ભેટ ભગવાનને કર્યાં તેહ;
રાખ્યા ત્યાં હરિભક્તોએ રાત, આપ્યું ભોજન પણ ભલી ભાત. ૨૧
આપ્યાં ઘોડાંને ચંદી ને ઘાસ, કોઈ વાતે ન રાખી કચાશ;
તહાં ગોપાળજી મહારાજે, કરી બાટિયો જમવાને કાજે. ૨૨
રીત પૂરવદેશની જેવી, કરી બાટિયો ઉત્તમ એવી;
આપ્યાં સોમલે જેહ વૃંતાક, કર્યું સ્વાદિષ્ટ તેહનું શાક. ૨૩

૧. નદીના કાંઠાની જમીન

જમ્યા જીવન બેસી તે ઠામે, બહુ શાક વખાણીયું શ્યામે;
જાણ્યો સોમલાનો પૂરો પ્યાર, તેથી શાકમાં સ્વાદ અપાર. ૨૪
રઘુવીર અયોધ્યાપ્રસાદ, જમ્યા તે પણ આણી આહ્લાદ;
જમ્યા ગોપાળજી ગુણવાન, આપી સૌને પ્રસાદી તે સ્થાન. ૨૫
સુખે કીધું પછીથી શયન, પ્રભાતે ચાલ્યા પ્રાણજીવન;
વરતાલ આવ્યા વૃષનંદ, ગયા સામા મળી જનવૃંદ. ૨૬
વાજતે ગાજતે પધરાવ્યા, મહારાજ મંદિર માંહિ આવ્યા;
તહાં દેવનાં દર્શન કરી, હરિમંડપે ઉતર્યા હરી. ૨૭
બીજા જેને ઘટે વળી જેવા, ઉતારા સૌને આપિયા એવા;
પછી આવી પ્રબોધિની જ્યારે, આવ્યા સંઘ ઘણાઘણા ત્યારે. ૨૮
સમૈયો થયો તે બહુ સારો, આવ્યા હરિજન સંત હજારો;
રાતે રાસમંડળ તણી રીતે, ગાયાં સંતોએ કીર્તન પ્રીતે. ૨૯
ઘણી રાત ગાતાં ગઈ જ્યારે, રાજી થૈને બોલ્યા હરિ ત્યારે;
આજ છે સહુને ઉપવાસ, ગાવું રાખો પડે છે પ્રયાસ. ૩૦
એમ કહી ગાવું બંધ રખાવ્યું, અતિ પ્રસન્નપણું દરશાવ્યું;
પછી જ્ઞાનકૂપ કેરી પાસ, ભેટ્યા સંતોને શ્રીઅવિનાશ. ૩૧
પછી પોઢી રહ્યા ભગવંત, સુતા હરિજન ને સુતા સંત;
સવારે ઉઠીને સહુ સાથ, ના'વા ગોમતીયે ગયા નાથ. ૩૨
નિત્ય ગોમતી સરને ગળાવે, બહુ જન કામ કરવાને આવે;
મૃતિકા પ્રભુ પોતે ઉપાડે, અતિ ઉત્સાહ એવો દેખાડે. ૩૩
શરીરે ગારો વળગેલો જેને, તોય ભેટે મહાપ્રભુ તેને;
આપે ઉરથી પ્રસાદીના હાર, એમ હેત જણાવે અપાર. ૩૪
હોંશે હોંશે કરે જન કામ, જાણે રીઝાવું સુંદરશ્યામ;
આવે મંદિરમાં હરિરાય, તહાં સંતની પંક્તિયો થાય. ૩૫
નિત્યનિત્ય નવાં પકવાન, પીરસે સંતને ભગવાન;
સભા માંહિ બિરાજિયા શ્યામ, બેઠા સત્સંગી સંત તમામ. ૩૬
ગામ ગુડેલવાસી જીભાઈ, ભલી ઘોડી લાવ્યા હરખાઈ;
સાજ શોભિત ઊપર ધરી, ઘોડી શ્રીહરિને ભેટ કરી. ૩૭

કૃપાનાથે કરી અંગિકાર, જન સૌએ વખાણી અપાર;
થોડા દિવસ કરીને નિવાસ, ચાલ્યા ગઢપુર શ્રીઅવિનાશ. ૩૮
નવી ઘોડીયે બેશીને નાથ, ચાલ્યા પાર્ષદ ને સંત સાથ;
ગાડા ગામભણીનિજ જેહ, સંજીવાડા તણી સીમ તેહ. ૩૯
ખડીયાળું[1] છે ખેતર જેમાં, દિઠો ખિજડો ઉત્તમ એમાં;
ઘોડી ફેરવી તે તરુ ફરતી, ઘણી ચાતુરતાથી વિચરતી. ૪૦
સખામંડળ ને સંતવૃંદ, અતિ પામિયા જોઈ આનંદ;
ઘોડી કુંડે ફેરાવી કૃપાળે, ચતુરાઈથી ધર્મને લાલે. ૪૧
ભલાભલા કાઠી અસવાર, જોઈ અચરજ પામ્યા અપાર;
મુનિજન જોઈને એમ ધારે, ખીજડાનું હશે તપ ભારે. ૪૨
કોટિ બ્રહ્માંડના કરતાર, જેને ફેરા ફર્યા બહુવાર;
સંજીવાડે ગયા જગભૂપ, ભક્ત બારોટ જ્યાં જગરૂપ. ૪૩
તેણે સેવા સજી ઘણી સારી, રાતવાસો રહ્યા ગિરધારી;
પછી ત્યાંથી ચાલ્યા ઘનશ્યામ, રહે જ્યાં હરિભક્તનાં ગામ. ૪૪
ગઢડે પહોંચ્યા ગિરધારી, જોઈ રાજી થયાં નરનારી;
વાલે ગઢપુરમાં કર્યો વાસ, કરે દર્શન પ્રતિદિન દાસ. ૪૫

**પુષ્પિતાગ્રા :**

ગિરધર ગઢપત્તને વિરાજી, નિજજન સંગ સુરંગથી રમ્યાજી;
વિગતિ સહિત તે હવે કહીશ, મન ધરી તેહ સુણો વળી મહીશ. ૪૬

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે અષ્ટમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિવૃત્તાલયે પ્રબોધિની ઉત્સવકરણનામૈકપંચાશત્તમો વિશ્રામઃ ॥૫૧॥*

**પૂર્વછાયો :**

એક સમે વાલે વસંતનો, ખરી ખાંતે કર્યો ખૂબ ખેલ;
અમર મળી આકાશમાં, તેહ નિરખવા આવેલ. ૧

૧. ખાડા ટેકરાવાળું

**ચોપાઈ :**

પાંડે ગોપાળજી તણા મામા, દીસે સદ્‌ગુણી સુફળ સુનામા;
તેની સાથે રમ્યા હરિ રંગે, રસબસ થયા એ થકી અંગે. ૨
જેમ ભરતને શ્રીભગવાને, પાદુકાઓ દીધી પૂજવાને;
તેમ સુફળને શ્રીમહારાજે, આપી પાદુકા પૂજવા કાજે. ૩
સભા સાંજે સજી સુખકારી, જથાયોગ્ય બેઠાં નરનારી;
રઘુવીરજીના લઘુ ભાઈ, બદરીનાથ વય લઘુતાઈ. ૪
રુની ગાદલી મસ્તકે લૈને, નિસર્યા સભા આગળ થૈને;
તેને પૂછિયું નટવર નાથે, ગાદલી કેમ લીધી છે માથે ? ૫
તેણે ઉત્તર આપિયો ત્યાંય, ગાદલી જમના લઈ જાય;
માવો બોલિયા મર્મવચન, તારી ગાદલી લે નહિ અન્ય. ૬
તેમાં તાત્પર્યતા એવી હતી, તારો પુત્ર થશે ગાદિપતી;
કહે સુફળ સુણો મુનિનાથ, હેતે વિનતી કરું જોડી હાથ. ૭
બદરીનાથને દ્યો જનોઈ, ઘણું સારું મુહૂરત જોઈ;
સીતારામ વૃંદાવન જેહ, ત્રીજા તો બદરીનાથ તેહ. ૮
શરવારમાં જૈ પરણાવું, ત્રણે કન્યાઓ તેડીને લાવું;
મેનાયે અને વિરજાયે જેમ, કર્યાં દર્શન તે કરે તેમ. ૯
ઈચ્છારામ બોલ્યા વાણી એવી, મારી ઈચ્છા છે તે પણ તેવી;
ત્રણ પુત્રની પત્નિયો આવે, કરે દર્શન આપનાં ભાવે. ૧૦
લાગી શ્રીજીને તે વાત સારી, ઉપવીતની કીધી તૈયારી;
વાલે ઉત્તામ મુહૂરત જોઈ, બદ્રીનાથને દીધી જનોઈ. ૧૧
પ્રભુજીએ સુફળજીને જ્યારે, ચાખડીયો આપી હતી ત્યારે;
આશા ગોપાળજી ઉર ધારી, મને ચાખડી આપે મુરારી. ૧૨
ઘણા દિવસ ઈચ્છા એમ કીધી, તોય ચાખડી નાથે ન દીધી;
એક દિન જમવા બેઠા હરી, ત્યારે જુક્તિ ગોપાળજી કરી. ૧૩
છાંની રીતે ચાખડીયો ઉપાડી, એક કોઠીમાં તે તો સંતાડી;
જમી ઊઠ્યા જ્યારે વનમાળી, ત્યારે ચાખડિયો નવ ભાળી. ૧૪

વાત જાણે છે અંતરજામી, તોય સૌને પૂછે બહુનામી;
મારી ચાખડિયો લિધી કેણે, સાચું બોલો લિધી હોય જેણે. ૧૫
બોલ્યા ગોપાળજી જોડી હાથ, તે મેં લીધી છે ચાખડી નાથ;
જેમ સુફળ કરે છે પૂજન, તેમ પૂજવાનું મારે મન. ૧૬
ઘણી આશા મેં રાખી તથાપી, આપે ચાખડીયો નવ આપી;
ત્યારે આ ઠામથી મેં ઉપાડી, અને આ કોઠી માંહિ સંતાડી. ૧૭
પછી ચાખડીયો લાવ ધરી, કૃપાનાથે અંગિકાર કરી;
પાવ ધારીને પરમ પ્રતાપી, પછી ગોપાળજીને તે આપી. ૧૮
કહ્યું પૂજા આની નિત્ય કરજો, મહિમા તેનો મન માંહિ ધરજો;
કહે વર્ણી સુણો મહિપાળ, દીનબંધુ છે એવા દયાળ. ૧૯
હરિનૌમી ઉપર પછી હરી, જવા વરતાલ તૈયારી કરી;
ધર્મવંશી પ્રત્યે બોલ્યા નાથ, તમે સર્વ ચાલો મુજ સાથ. ૨૦
શરવાર જવું હશે જેને, રજા આપશું ત્યાં થકી તેને;
સૌને સાથે લિધા કહી એમ, દાદાખાચરને પણ તેમ. ૨૧
જયા લલિતાદિને કહે વાલો, તમે પણ સૌ વરતાલે ચાલો;
વળી અમર અમુલાને એમ, કહ્યું શ્રીહરિયે ઘટે તેમ. ૨૨
પછી તે સહુને સાથે લઈ, ચાલ્યા વરતાલ તતપર થઈ;
સાથે સંતમંડળ તથા પાળા, લીધા તરવાર બંદુકવાળા. ૨૩
રાધાવાવ્ય પાસે પ્રભુ આવ્યા, સચ્ચિદાનંદે હાર ધરાવ્યા;
ઉગામેડીયે જૈ ગિરિધારી, પીધું વાવ્યનું નિર્મળ વારી. ૨૪
ગયા ત્યાં થકી ગામ નિંગાળે, નદીને સામે કાંઠે રુપાળે;
જઈ ઉતર્યા થોડીક વાર, બન્યો એક બનાવ તે ઠાર. ૨૫
રઘુવીરજીનો એક જન, રુડું નામ જેનું અરજુન;
એના અંતરની વાત જાણી, લાગ્યા પૂછવા સારંગપાણી. ૨૬
તજી સંસાર આવ્યા છો આંઈ, તોય સાંભરે છે વળી કાંઈ;
સાચેસાચું કહો હોય જેમ, સુણી બોલ્યો તે અર્જુન એમ. ૨૭
સ્વામી સર્વજ્ઞ છો સાક્ષાત, તમથી છાની શી રહે વાત;
તોય પૂછ્યું તેથી કહું છુંય, મારે ઘેર હતો જ્યારે હુંય. ૨૮

ત્યારે ગાયો ચરાવાને જાતો, તહાં દૂધ પીને તૃપ્ત થાતો;
તે તો સાંભરે છે મનમાંઇ, બીજું સાંભરતું નથી કાંઇ. ૨૯
પછી તે જેમ વીસરી જાય, કર્યો મહાપ્રભુએ ઉપાય;
ગવરાવ્યાં પદો પંથ આખે, સાચા હરિજન હીમત રાખે. ૩૦
તેથી સૌ સમઝયા મનમાંય, જ્યારે સંસારી સંકલ્પ થાય;
ત્યારે જો આવાં કીર્તન ગાય, તેના સંકલ્પ સૌ ટળી જાય. ૩૧
ઝીંઝાવદર શ્યામ સિધાવ્યા, તહાં કેરિયાના ભક્ત આવ્યા;
ભારા શેલડીના ભેટ કીધા, શ્યામે સૌ જનને વહેંચી દીધા. ૩૨
ધર્મવંશીની નારીસમાજે, કર્યો થાળ મહાપ્રભુ કાજે;
જમી પરવર્યા સારંગપાણી, રાતવાસો રહ્યા કારિયાણી. ૩૩
વસ્તાખાચરને દરબાર, ઉતર્યા જઇ ધર્મકુમાર;
બીજે દિન સંતને ઘનશ્યામે, લાડુ ખૂબ જમાડ્યા તે ઠામે. ૩૪
ત્યાંથી પરવર્યા પ્રાતસ કાળે, ગયા શ્રીહરિ સમઢિયાળે;
આવ્યા કુંડળના સતસંગી, બરવાળાના આવ્યા ઉમંગી. ૩૫
કહ્યું એકે કરીને પ્રણામ, ચાલો હે હરિ કુંડળગામ;
ચાલો બીજા કહે બરવાળે, કર્યો આગ્રહ એમ તે કાળે. ૩૬
ત્યારે બોલ્યા ધરમકુળમણી, ઘોડી ચાલશે જે ગામ ભણી;
અમે આવશું એ ગામ ભાઈ, એમ બોલિયા જનસુખદાઈ. ૩૭
ઘનશ્યામે ચલાવી જ્યાં ઘોડી, બરવાળા દિશે તે તો દોડી;
વીરો ભૂતો ને દ્વારકો ભૂતો, જોઈ રાજી થયા તે સહુ તો. ૩૮
બરવાળે ગયા બળવાન, દિધાં ત્યાં સૌને દર્શનદાન;
સેવા સૌની અંગીકાર કરી, ગામ નાવડે સંચર્યા હરી. ૩૯
કર્યો લીંબડીયોમાં ઉતારો, થાળ ત્યાં જમ્યા ધર્મદુલારો;
લાડુ સંતને પીરશ્યા પ્રીતે, જમ્યા પાર્ષદ પણ રુડી રીતે. ૪૦
પછી ચાલ્યા પ્રભુ પ્રખ્યાત, રહ્યા સામરસદ જઇ રાત;
ગયા ધોળેરે ધર્મદુલારો, કર્યો મંદિર માંહિ ઉતારો. ૪૧
કહે ખેડુઓને મહારાજ, ચુનો કરવાને મંદિર કાજ;
બરવાળેથી કાંકરી લાવે, તે તો ભક્ત ભલા મને ભાવે. ૪૨

આપું ચરણ છાતી માંહિ તેને, બોલો હોય જવા રુચી જેને;
પછી જે જે જને પાડી હાય, તેને ચરણ દીધાં છાતીમાંય. ૪૩
એમ સૌને કરીને પ્રસન્ન, ગયા આંબળી ગામ જીવન;
પછી પીપળિયે રહ્યા રાત, ત્યાંથી પરવર્યા ઊઠી પ્રભાત. ૪૪
ભોગાવો ઉતરી ભગવાન, ગયા વારણે કરુણાનિધાન;
ગયા ત્યાંના તળાવની પાળે, દીઠી મેડી ત્યાં દીનદયાળે. ૪૫
ધણી તેનો અતીત તે સારો, કર્યો શ્રીહરિયે ત્યાં ઉતારો;
ધર્મવંશીએ ત્યાં કર્યો થાળ, જમ્યા જીવન જનપ્રતિપાળ. ૪૬
બીજે દિન વિચર્યા બળવાન, જઈ સાભ્રમતી કર્યું સ્નાન;
ગયા વરસડે વૃષનો દુલારો, કર્યો સરોવર પાળે ઉતારો. ૪૭
બીજે દિન ચાલ્યા થૈને તૈયાર, ઈંદણજ ગયા વિશ્વઆધાર;
સંજીવાડે આવ્યા ત્યાંથી શ્યામ, ત્યાંથી વરતાલ પૂરણકામ. ૪૮
રમાનાથનાં દર્શન કરી, હરિમંડપે ઉતર્યા હરી;
વીત્યા વાસર જ્યાં ત્રણ ચાર, ધર્મવંશીયે કીધો વિચાર. ૪૯
કોણ કોણ જશે શરવાર, રહે કોણ આ દેશ મોઝાર;
ઈચ્છારામને કહે અવિનાશ, તમે તો રહો અમારી પાસ. ૫૦
વળી આચાર્ય બે કહેવાય, તેમાંથી કોઈએ ન જવાય;
બોલ્યા સુફળ સુણો વનમાળી, આવે ગોપાળજી વરિયાળી. ૫૧
કામ સરશે તેઓ બેય વડે, ત્રીજા કોઈનું કામ ન પડે;
વૃંદાવન બદરી સીતારામ, તેને પરણાવવાનું છે કામ. ૫૨
વળી હું મનમાં એમ ધારું, સાથે મેનાં આવે તોય સારું;
સુણી બોલિયાં તે મેનાં બાઈ, હમણાં નહિ આવું હું ભાઈ. ૫૩
પ્રભુદર્શનનો લાભ જેહ, નથી પૂરો લીધો મેં તો તેહ;
તમે આવશો થોડેક માસે, માટે હું તો રહું પ્રભુ પાસે. ૫૪
વળી એક કહું સુણો વાત, જે છે અવધપ્રસાદના ભ્રાત;
જેનું નામ છે ઠાકોરરામ, શિવકુંવર્ય તેની સ્ત્રીનું નામ. ૫૫
તેને સંતાન નવ થયું જ્યારે, મારી બેહેનને પરણ્યા તે ત્યારે;
તેનું નામ છે કૈલાસી બાઈ, તેડી આવજો તેહને ભાઈ. ૫૬

મહારાજનું દર્શન કરે, તેથી અંતર તેહનું ઠરે;
કહે સુફળ ધરો વિશવાસ, તેડી લાવું તેને તમપાસ. ૫૭
પછી બોલ્યા વચન વનમાળી, જાય સુફળ તથા વરિયાળી;
સાથે ગોપાળજીએ સિધાવે, ત્રણ ભાઈને પરણાવી આવે. ૫૮
તેહ છ જણને કરતાં વિદાય, વળી બોલિયા વૃષકુળરાય;
તમે શરવારદેશ સિધાવો, કામ સિદ્ધ કરી સદ્ય આવો. ૫૯
સાથે લાવજો સૌ પરિવાર, કરે દર્શન આવી આ ઠાર;
વિચર્યા પછી શરવારવાશી, વરતાલ વશ્યા અવિનાશી. ૬૦
જન આવે ચરોતર કેરા, કરી દર્શન હરખે ઘણેરા;
વરતાલમાં વિશ્વઆધારે, કરી લીલા અનંતપ્રકારે. ૬૧

**પુષ્પિતાગ્રા :**

હરિવર વરતાલમાં વશીને, નિજજનના મનમાં બહુ ઠશીને;
અદભુત સુખ સર્વનેય આપ્યાં, અજ હર આદિ થકી ન જાય માપ્યાં. ૬૨

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે*
*અષ્ટમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે*
*બદરીનાથયજ્ઞોપવીત ધારણનામ દ્વિપંચાશત્તમો વિશ્રામઃ ॥૫૨॥*

**પૂર્વછાયો :**

વાસ વશી વરતાલમાં, સુખદાયક શ્રીઘનશ્યામ;
અધુરું જે મંદિર તણું, તેહ પૂરું કરાવે કામ. ૧

**ચોપાઈ :**

ભક્તિ કરવાની ભક્તને રીત, પોતે શીખવે ધારીને પ્રીત;
પોતે ભક્તિ કરીને બતાવે, જોઈ સંતને ઉમંગ આવે. ૨
કડિયા કરતા હતા કામ, તેણે ચૂનો માગ્યો તેહ ઠામ;
કોઈ દીઠું નહી આપનારું, ત્યારે શ્રીજીએ આપ્યું તગારું. ૩
દોડી આવ્યા નિત્યાનંદસ્વામી, કહ્યું શ્રીહરિને શિર નામી;
તગારાં આપશું પ્રભુ અમે, શીદ લ્યો છો એવો શ્રમ તમે. ૪

સુણી બોલિયા સુંદરશ્યામ, અમને રુચે ભક્તિનું કામ;
જ્યારે દેહથી ભક્તિ કરાય, ત્યારે સાર્થક દેહ ગણાય. ૫
નિત્યાનંદ કહે અહો શ્યામ, પોતે છો પ્રભુ પૂરણકામ;
પણ અમારા હિતને કાજ, ભક્તિ શીખવો છો મહારાજ. ૬
પછી જોવા બેઠા ઘનશ્યામ, બહુ જન લાગ્યા કરવાને કામ;
એક દિવસ ઇંટો ખુટી જ્યારે, ઇંટવાડે ગયા પ્રભુ ત્યારે. ૭
હતો તે જ્ઞાનબાગની પાસે, લીધી ઇંટો તહાં અવિનાશે;
સંત પાર્ષદ ને સતસંગી, સૌએ ઇંટો ઉપાડી ઉમંગી. ૮
લૈને આવતાં મારગમાંય, નિત્યાનંદ સ્વામી બોલ્યા ત્યાંય;
મારી પાસે તો ઓછી છે છેક, માટે આપો પ્રભુ ઇંટ એક. ૯
એક ઇંટ વાલે તેને દીધી, બ્રહ્માનંદે બીજી માગી લીધી;
કર્યો મંદિર પાસે અંબાર[1], લેવા ચાલ્યા પ્રભુ બીજી વાર. ૧૦
ગંગામા બોલ્યાં જોડીને હાથ, મારી વિનતિ સુણો કૃપાનાથ;
ભક્તિ પુરુષ કરે મળી જ્યારે, બાઈયોનાં તે શાં પાપ ત્યારે. ૧૧
માટે ઇંટો ન લાવશો તમે, બાકી છે તે તો લાવીયે અમે;
દયા લાવીને શ્યામ સુજાણ, લેવા દ્યો અમને એહ લાણ[2]. ૧૨
વિનતી હરિએ ઉર ધરી, આજ્ઞા બાઈયોને પછી કરી;
ચાલી અબળા મળીને અપાર, કર્યો ઇંટોનો લાવી અંબાર. ૧૩
થાય મંદિરનો પરથાર, કામે લાગિયા સંત અપાર;
કોઇ સંત તો ત્યાં ઇંટો ચાંપે, કોઈ ગારો ભરી ભરી આપે. ૧૪
થાય ગારાળાં વસ્ત્ર ને અંગ, તોય ભક્તિ કર્યાનો ઉમંગ;
જોઇ રીઝે તે કરુણાનિધાન, ભુજા ભીડી ભેટે ભગવાન. ૧૫
કોઈ સંત કહે જોડી હાથ, ગારો ધોઉં પછી મળો નાથ;
કહે કૃષ્ણ રીઝ્યું મન મારું, નહિ ગારો તે ચંદન ધારું. ૧૬
ગારો વળગ્યો હશે જેને અંગે, હું તો તેને જ ભેટું ઉમંગે;
એવા શબ્દ જ્યાં શ્યામે સુણાવ્યા, ગારો ચોપડીને કેક આવ્યા. ૧૭
સૌને ભેટી બોલ્યા ભગવાન, મને વાલું ઘણું નિરમાન;
નિરમાની થઇ જન જેહ, નીચી ટેલ કરે ઘણી તેહ. ૧૮

૧. ઢગલો ૨. લાભ

તેને થાઉં પ્રસન્ન હું જેવો, કોટી નાણાં થકી નહિ તેવો;
માટે કીધાં છે મેં આવાં ધામ, તેમાં કરશે આવી રીતે કામ. ૧૯
વળી જ્યાં જ્યાં જગ્યા મારી થાશે, તહાં આ રીતે ભક્તિ કરાશે;
દિવ્યરૂપે હું તેહ દેખીશ, તેનું ફળ તેવું તેને આપીશ. ૨૦
એક દિવસ હરિભક્ત મળી, કરી વિનતિ પ્રભુજીને વળી;
અમે સંતને જમવાને જ્યારે, તેડિયે છૈયે ઘેર અમારે. ૨૧
તેડી જૈયે ગાડીમાં બેસારી, મહિમા મોટો મન માંહિ ધારી;
ઉપડાવો ગારો તેહ પાસે, અમને તો અયોગ્ય તે ભાસે. ૨૨
મોટા રાજા આપે માન જેને, પગે લાગે છે પંડિતો તેને;
તે તો માથે ઉપાડે તગારું, અમને નથી લાગતું સારું. ૨૩
કહો તો ધન આપિયે અમે, સંત પાસે કરાવો ન તમે;
સુણી બોલિયા સુંદરશ્યામ, તમે મર્મ ન સમઝ્યા તમામ. ૨૪
આવી ભૂતળમાં ભક્તિ કરવા, દેવતા ઈચ્છે નરતન ધરવા;
બ્રહ્મા પણ જાણે છે મનમાંથી, આવી ભક્તિ મને મળે ક્યાંથી. ૨૫
સંત છે નિરમાની તે કેવા, પરીક્ષા તેની પૂરણ લેવા;
આવી ભક્તિ કરાવું તે પાસ, જોવા ઉત્તમ મધ્યમ દાસ. ૨૬
નહિ તો ધામ સોનાનું સારું, હું તો આકાશમાંથી ઉતારું;
ધારું તો ધનના ઢગ થાય, પછી શી સજે ભક્ત સેવાય. ૨૭
સુણી સમજિયા સૌ જન મર્મ, જાણ્યો ભક્તિ તે ઉત્તમ ધર્મ;
પછી ગોમતી ગાળવા કેરું, કૃષ્ણે કામ ચલાવ્યું ઘણેરું. ૨૮
મટોડી તણી ટોપલી ભરી, પોતે પાઘ ઉપર ધરે હરી;
દેખી દેવતા વિસ્મિત થાય, એવી ભક્તિ તે કરવા ચહાય. ૨૯
મચ્યા સંત ને ભક્ત હજારો, કરે જયજયકાર ઉચ્ચારો;
છાયાં આકાશે દેવવિમાન, પુષ્પવૃષ્ટિ કરે તેહ સ્થાન. ૩૦
એમ ગોમતી કૃષ્ણે ગળાવી, એવામાં તો હુતાશની આવી;
નારાયણમો’લમાં ઉભા રહી, રંગ ઉડાડ્યો શ્રીજીએ તહી. ૩૧
તેથી સંત ને સતસંગી તણાં, તન ને મન રંગાયાં ઘણાં;
નિત્ય લીળા કરે હરિરાય, અતિ આનંદમાં દિન જાય. ૩૨

હરિનૌમી તણો દિન આવ્યો, સમૈયો ત્યારે સારો ભરાવ્યો;
દેશો દેશથી આવિયા દાસ, થઈ દર્શનથી પૂર્ણ આશ. ૩૩
ચૈત્રમાસની પૂનમ સારી, રહ્યાં ત્યાં સુધી સૌ નરનારી;
પછી કૃષ્ણે કરી આજ્ઞાય, સંઘ સૌ હવે થાઓ વિદાય. ૩૪
કોઈને જવું નવ ગમે ઘેર, ચિત્ત ચંદ્રચકોરની પેર;
મત્સ્ય નીરથી દૂર ન જાય, તેમ સૌ જન મન અકળાય. ૩૫
કેમ આજ્ઞા ઉલ્લંઘન કરે, હરિમૂર્તિને મન માંહિ ધરે;
પછી સૌ જન જાય વિદેશ, વાટે લીળા વખાણે વિશેષ. ૩૬
ધન્ય ધન્ય જે વરતાલવાસી, પ્રેમે પૂજ્યા પ્રભુ અવિનાશી;
લાવ લીધો ઘણો વારવાર, એના પુણ્ય તણો નહિ પાર. ૩૭
પછી વરતાલથી જગવંદ, ગયા ગઢપુર આનંદકંદ;
જેમ પૂર્વ ને પશ્ચિમ માંય, રવિ વારે વારે આવે જાય. ૩૮
બ્રહ્મરંઘ્ર ને નાસિકા દ્વારે, પ્રાણવાયુ ફરે વારેવારે;
તેમ ગઢપુર ને વરતાલ, જાય વારે વારે વૃષલાલ. ૩૯

**પુષ્પિતાગ્રા :**

ગઢપુર વરતાલ ધામ કેવાં, શરીર વિષે શુભ નેત્રજોડ જેવાં;
નજર કરી જુવો વિરાટ માંહિ, અવર ન એહ સમાન ધામ ક્યાંહી. ૪૦

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે અષ્ટમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિવૃત્તાલયે હરિનૌમી*
*ઉત્સવ કરણનામ ત્રિપંચાશત્તમો વિશ્રામઃ ॥૫૩॥*

**પૂર્વછાયો :**

શ્રીહરિએ એક સમયમાં, ફૂલિબાનો નિહાળીને નેહ;
કરમડ જઈ અન્નકૂટ કર્યો, હવે કથા કહું છું તેહ. ૧

**ચોપાઈ :**

ગઢપુરમાં બિરાજે ગોવિંદ, આવે દર્શને બહુ જનવૃંદ;
ધોળેરાના જે બાપજીભાઈ, જેની ભગની ભલી ફુલીબાઈ. ૨
તેનું સાસરું કરમડ ગામ, ત્યાંથી આવ્યાં તે ગઢપુરધામ;
સાથે ભાઈને પણ તેડી આવ્યાં, પુંજાભાઈને પણ સાથે લાવ્યાં. ૩

પુંજાભાઇ ને બાપજીભાઇ, બેય કાકાના સુત તે સગાઈ;
પુંજાભાઇના ભત્રીજા જેહ, બનેસિંહજીના સુત તેહ. ૪
ભોજોભાઇ ને ફૈ અજુબાઇ, આવ્યાં એ પણ દર્શને ધાઈ;
કૃપાનાથનાં દર્શન કર્યાં, તેથી અંતર ત્રણેનાં ઠર્યાં. ૫
ફુલીબાયે કહ્યું ભાઇ પાસ, આવે કરમડ શ્રીઅવિનાશ;
અન્નકૂટ ત્યાં આવીને કરે, સમૈયો પણ ત્યાં સારો ભરે. ૬
આવે સંતનાં વૃંદ પવિત્ર, કરે ત્યાં હરિ ચારુ ચરિત્ર;
લીળા તે ગ્રંથ માંહિ લખાય, ગામ ગોકુળ તુલ્ય ગણાય. ૭
મારાં ભાગ્ય એવાં ક્યાંથી હોય, તમે વિનતિ કરી જુવો તોય;
દયાસિંધુ દયા દિલ લાવે, આશા પૂરવા કરમડ આવે. ૮
પછી ભાઇયો બે પરવરી, વિનતિ હરિકૃષ્ણને કરી;
ફુલીબાનો છે આગ્રહ અતી, ચાલો કરમડ સંતના પતી. ૯
અન્નકૂટ ઉત્સવ તહાં કરવો, સમૈયો ભલો તે સમે ભરવો;
નહિ આવો જો જગકરતાર, ફુલિબાનો છે એવો વિચાર. ૧૦
રહી આ સ્થળમાં તપ કરવું, સુખ સર્વ બીજું પરહરવું;
સુણી બોલિયા સુંદરશ્યામ, અમે આવશું કરમડ ગામ. ૧૧
મહા સંસ્કારી છે ફુલીબાઈ, તપ ઉગ્ર કરેલું છે ભાઈ;
એવા એવા જનોને જ કાજ, અવતાર ધર્યો છે મેં આજ. ૧૨
મળેલાં જેઓને વરદાન, મળશે તમને ભગવાન;
વરદાન તે તો સત્ય કરવા, દેશોદેશ હું જાઉં છું ફરવા. ૧૩
તમે પ્રથમ તહાં પરવરો, અન્નકૂટનો સામાન કરો;
પ્રજ્ઞાનંદ ને સવિત્રાનંદ, બ્રહ્મચારી જેરામ સ્વછંદ. ૧૪
તેને સાથે લઈને સંચરજો, કામ તેઓ કહે તેમ કરજો;
દિવાળી પર આવશું અમે, કશી ચિંતા ન રાખશો તમે. ૧૫
એમ કહી કર્યા સૌને વિદાય, રહ્યા શ્રીહરિ ગઢપુરમાંય;
જ્યારે દિવાળી ઢુંકડી આવી, જવા તૈયારી કૃષ્ણે કરાવી. ૧૬
સાથે ધર્મ તણો પરિવાર, તથા કાઠી સખા અસવાર;
પારષદ વરણી અને સંત, સાથ લૈને ચાલ્યા ભગવંત. ૧૭

રહ્યા બોટાદ જૈ હરિ રાત, રાણપર ગયા ઉઠી પ્રભાત;
નદી ભાદરમાં ગયા જ્યારે, સતસંગી સામા આવ્યા ત્યારે. ૧૮
મુખ્ય તો વિપ્ર સંઘજી વ્યાસ, કુંભકાર બે કૃષ્ણના દાસ;
નામ વિશ્રામ ને જીવરામ, એહઆદિકે કીધા પ્રણામ. ૧૯
બહુ વિનયના શબ્દ સુણાવ્યા, ગામમાં પ્રભુને પધરાવ્યા;
ચાલ્યા અસવાર સૌ નોરા નોરે, ગયા મોલેસલામને ચોરે. ૨૦
હતા બેઠા ત્યાં આલમભાઈ, નમ્યા ધરમકુંવરને તે ધાઈ;
કહ્યું કૃષ્ણે બડેમિયાં ક્યાં છે, કહ્યું અમદાવાદ ગયા છે. ૨૧
કહે કૃષ્ણ ઉગામેડી ગામે, તેઓ આવ્યા હતા કાંઈ કામે;
ત્યારે અમને મળ્યા હતા તેહ, પરિપૂર્ણ જણાવ્યો તો નેહ. ૨૨
અમે જાણ્યું જે ભેટશું આજ, પણ તે તો થયું નહિ કાજ;
એમ કહીને ચાલ્યા સુખદાઈ, આડા ઊભા ત્યાં આલમભાઈ. ૨૩
મહારાજ રહો આંહી રાત, પછી ચાલજો ઊઠી પ્રભાત;
અતિ આગ્રહ કીધો એ ઠામ, ત્યારે બોલિયા સુંદરશ્યામ. ૨૪
શિદ તાણ્ય કરો રાખવાની, ઉતાવળ છે અમારે જવાની;
પછી આલમભાઈએ લાવી, ભેટ સાકરકેરી ધરાવી. ૨૫
હરિભક્તોએ પણ ચિત્ત ચાઈ, ધરી માવાને ભેટ મિઠાઈ;
પછી ત્યાંથી ચાલ્યા અઘહારી, લોયે ગામ જવા ગિરધારી. ૨૬
ધારપીપળે જાવાની જેહ, રાણપરની છે ભાગોળ તેહ;
જ્યાં છે નારેચાણો હનુમાન, તહાં ઉભા રહ્યા ભગવાન. ૨૭
વળાવાને આવેલા જે ભાળ્યા, પ્રભુએ તેઓને પાછા વાળ્યા;
પછી પરવર્યા સુંદરશ્યામ, લોયે ગામ ગયા ગુણધામ. ૨૮
સુરાખાચરને દરબાર, ઉતર્યા જઈ વિશ્વઆધાર;
સંત ઉતર્યા મંદિરમાંય, બીજા જેને ઘટે જેમ જ્યાંય. ૨૯
ઉતર્યા ધર્મવંશી સુપેર, તે તો સંઘા પટેલને ઘેર;
ધર્મવંશીએ કીધો જે થાળ, જમ્યા તે પ્રભુ જનપ્રતિપાળ. ૩૦
પોતપોતાને ચોકે પધારી, જમ્યા સંત તથા બ્રહ્મચારી;
સભામાં કરી શ્રીજીએ વાત, સુણી સર્વે થયા રળિયાત. ૩૧

સુખ સર્વને આપી અપાર, પોઢ્યા રાત્રિયે પ્રાણઆધાર;
બીજે દિવસ જમીને સિધાવ્યા, ખળાવાડમાં જ્યાં પ્રભુ આવ્યા. ૩૨
સુરોખાચર બોલ્યા તે ઠામ, બીજું નાગડકું મુજ ગામ;
તહાં સંચરો શ્રીગિરિધારી, સ્નેહે સેવા સજીશ હું સારી. ૩૩
ભેંસજાળ તણા કાંયોભાઈ, કહે સાંભળો જનસુખદાઈ;
સુરોખાચર તો છે શ્રીમંત, તેવો હું તો નથી ધનવંત. ૩૪
તમે હો જો ગરીબનિવાજ, મારે ગામ ચાલો મહારાજ;
તમે રાજનિવાજ કહાવો, ગામ નાગડકે તો સિધાવો. ૩૫
સુણી બોલ્યા હરિ સાક્ષાત્, નથી મારે કાંઈ પક્ષપાત;
છુટી મૂકું ઘોડીને લગામ, ઘોડી જાય જવું તેહ ગામ. ૩૬
છુટી મેલી લગામ તે જ્યારે, ભેંસજાળ ચાલી ઘોડી ત્યારે;
કાંયોભાઈ બોલ્યા તેહ સ્થાન, બેલી ગરીબ તણા ભગવાન. ૩૭
પ્રભુએ પછી ઘોડી દોડાવી, ભેંસજાળ તે તરત જ આવી;
હરિભક્ત ઘણા સામા આવ્યા, વાજતે ગાજતે પધરાવ્યા. ૩૮
કાંયાભાઈના દરબાર માંય, ઉતર્યા પરમેશ્વર ત્યાંય;
કાંયાભાઈએ બરદાશ કીધી, વસ્તુ જોઈયે તે લાવી દીધી. ૩૯
પ્રભુજી ઉતર્યા હતા જ્યાંય, બીજો ઓરડો જે હતો ત્યાંય;
ઠકરાણીયો તે માંહિ હતી, પ્રભુદર્શને આતુર થતી. ૪૦
પણ પુરુષો બેઠા હોય જ્યાંય, તેઓનાથી જવાય ન ત્યાંય;
પુરુષો તો ભુલ્યા તેનું ભાન, થવા દીધું ન દર્શનદાન. ૪૧
બાઈયો અતિ આતુર થઈ, કરિયે દરશન ક્યાંહાં જઈ;
એમ કરતાં ગઈ રાત ઘણી, આશા પૂર્ણ ન થઈ તેહ તણી. ૪૨
પછી દીપક તેજ નસાડ્યું, કરામાં ખોદી જાળિયું પાડ્યું;
કર્યાં શ્રીહરિનાં દરશન, ત્યારે શાંતિ પામ્યું તેનું મન. ૪૩
એવો અદ્‌ભુત ભાવ તે ભાળી, અતિ રીઝિયા શ્રીવનમાળી;
હતી ગોદડી પોતાની જેહ, પૂજવા આપી તેઓને તેહ. ૪૪
પુરુષોને પછી ભાન આવ્યું, આપણે દરશન ન કરાવ્યું;
પછી બાઈયોયે દર્શન કામ, એક સમય ઠરાવ્યો તે ઠામ. ૪૫

અહો ધન્ય એ બાઈયોનો પ્રેમ, તેનો મહિમા વરણવાય કેમ;
એના ચરણ તણી રજ લૈને, બ્રહ્મા શીશ ધરે રાજી થૈને. ૪૬
બીજે દિવસ આરોગીને થાળ, ગયા કરમડ ગામ કૃપાળ;
સામા આવ્યા ઘણા સતસંગી, નમ્યા પ્રભુપદને તે ઉમંગી. ૪૭
હાર તોરા હરિને ધરાવ્યા, ગાજતે વાજતે પધરાવ્યા;
ફૂલીબાનો છે દરબાર જ્યાંય, ઊતર્યા જગજીવન ત્યાંય. ૪૮
દિધી સ્વાદુ રસોઈ અત્યંત, જમ્યા શ્રીહરિ ને જમ્યા સંત;
અન્નકૂટ તણો જે સામાન, પછી જોવા ગયા ભગવાન. ૪૯
ભીમ પંડ્યો જે વેજળકાના, પાકશાસ્ત્ર જાણે સોળે આના;
ડોસો કંદોઈ પણ હતા પાસ, નાગનેશમાં જેનો નિવાસ. ૫૦
પેંડા બરફી આદી પકવાન, તે તો તેણે કર્યાં તેહ સ્થાન;
એહ આદિ રસોઈયા જાણ્યા, વૃષનંદને સૌને વખાણ્યા. ૫૧
મોટી ઓસરી જોઈ રુપાળી, બિરાજ્યા તહાં શ્રીવનમાળી;
બ્રહ્મચારી જેરામે તેવાર, ધર્યાં ત્યાં પકવાન અપાર. ૫૨
ગામોગામના હરિજન જેહ, આવ્યા દર્શન કારણ તેહ;
બજાવે જન તાલ મૃદંગ, કરે ઉત્સવ ધારી ઉમંગ. ૫૩
જમ્યા ભાવ જોઈ ભગવંત, જમાડ્યા પછી શ્રીજીએ સંત;
ગામના પરગામના જેહ, સતસંગી જમ્યા સહુ તેહ. ૫૪
બાપજીભાઈ ને પૂંજાભાઈ, બોલ્યાં તેહ પ્રત્યે ફુલીબાઈ;
તમે પૂજા કરો મારીવતી, જેમ રીઝે મુનીશ્વરપતી. ૫૫
પછી તે પૂજા કરવાને આવ્યા, શ્રીજીને શણગાર ધરાવ્યા;
સુરવાળ જામો અને પાઘ, જોતાં મૂલ તો જેનું આથાગ. ૫૬
કડાં કંઠી ધરાવીને સારી, આરતી અતિ હેતે ઉતારી;
વાજાં વિવિધ પ્રકારનાં વાય, તાળી પાડે ને આરતી ગાય. ૫૭
ફુલીબાયે તે મૂરતિ ધારી, લીધી અંતર માંહિ ઉતારી;
સમૈયો થયો તે બહુ સારો, કોઈને નહિ વીસરનારો. ૫૮
ધન્ય ધન્ય તે કરમડ ગામ, જહાં લીળા કરી ઘનશ્યામ;
તે તો ગોકુળતુલ્ય ગણાય, એનો મોટો ઘણો મહિમાય. ૫૯

તીથિ આવે પ્રબોધિની જ્યારે, વરતાલ જવા ધાર્યું ત્યારે;
પ્રભુએ તે પોતાનો વિચાર, કહ્યો સૌને સભાની મોઝાર. ૬૦
ત્યારે બોલ્યા અયોધ્યાપ્રસાદ, આવો હે હરિ અમદાવાદ;
ઝાલાવાડી બોલ્યા હરિજન, ઝાલાવાડને કરો પાવન. ૬૧
સુણી બોલિયા શ્રીમહારાજ, દેવ લક્ષ્મીનારાયણ કાજ;
ધરાંગધરે સુભક્ત સિધાવો, ગાડાં પત્થરનાં ભરી લાવો. ૬૨
વળતાં પછી ગામ તમારે, આવવું તો જરૂર અમારે;
સુણી વચન વાલાજીનાં ભાવ્યાં, ગાડાં લૈ જવા નામ લખાવ્યાં. ૬૩

**પુષ્પિતાગ્રા :**

કરી કરમડ ગામમાં કૃપાળે, લલિત લીળા અન્નકોટ એહ કાળે;
સુણી જન મન સદ્ય શુદ્ધ થાય, અગણિત પાપ જરૂર નાશી જાય. ૬૪

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે અષ્ટમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિકરમડગ્રામે*
*અન્નકૂટોત્સવકરણનામ ચતુઃપંચાશત્તમો વિશ્રામઃ ॥૫૪॥*

**પૂર્વછાયો :**

કૃપાનિધિ કરમડ થકી, જવા વિચર્યા અમદાવાદ;
તે જોઈને રાજી થયા, નિજ અંતરે અવધપ્રસાદ. ૧

**ચોપાઈ :**

ચાલ્યા કરમડથી કૃપાનાથ, ગયા શીયાણીયે સહુ સાથ;
માવો મેઘા પટેલને ઘેર, ઉતર્યા જઈને રુડિપેર. ૨
ભટ શિવરામની દીકરી, બાઈ કુંવર્યે રસોઈ કરી;
તેનો ભાઈ મોરારજી નામ, તેણે પીરશું પ્રભુને તે ઠામ. ૩
જમ્યા જીવન જગતઆધાર, જેનો નિગમ ન પામે પાર;
રહ્યા પટેલને ઘેર રાત, પરવરિયા ઉઠીને પ્રભાત. ૪
ગયા તાવિયે ત્રિભુવનનાથ, મળ્યો ત્યાં સતસંગીનો સાથ;
અખોભાઈ જેઠીભાઈ ભારો, પુંજોભાઈ અદોભાઈ સારો. ૫

સૌએ સેવા સજી બહુ સારી, રહ્યા રાત તહાં ગિરધારી;
બીજે દિવસ ત્યાં સારંગપાણી, અદાભાઈ પ્રત્યે બોલ્યા વાણી. ૬
આજ વપન[1] કરાવવું છેય, સારો વાળંદ તેડાવો તેય;
અદાભાઈએ તેડાવ્યો ત્યારે, વેલો વાળંદ આવ્યો તેવારે. ૭
બેઠા વપન કરાવાને શ્યામ, કોરે અસ્ત્રે કર્યું તેણે કામ;
અસ્ત્રો આકરો લાગ્યો અતીશે, નહિ સહન થયો જગદીશે. ૮
તજી તેહ બીજા બદલાવ્યા, એક એકથી આકરા આવ્યા;
ફરે અસ્ત્રો તે જે સમે શીર, આવે નાથના નેણમાં નીર. ૯
હતા જાલમસિંહજી પાસ, જેનો દેવળિયામાં નિવાસ;
કહ્યું તેણે કરીને પ્રણામ, સારો વાળંદ છે મુજ ગામ. ૧૦
થઈ અસ્વાર ત્યાં હું સિધાવું, તેને તરત અહીં તેડી લાવું;
એમ કહીને તરત ગયા ત્યાંય, વાલે વેલાને કીધો વિદાય. ૧૧

**શાર્દૂલવિક્રીડિત :**

માથે અર્ધ દિસે હજામત કરી ત્યાં તેજ ભાસે ઘણું,
કેવી શ્રીહરિની છબી તહિં દિસે તે ભાવથી હું ભણું;
ગંગારૂપ દિસે શિખા અહિપતીની કંઠી કંઠે કરી,
ચોખી ચંદ્રકળા શિરે ચળકતી શું નીલકંઠે ધરી. ૧૨

**ચોપાઈ :**

પછી સ્નાન કર્યું તહાં નાથે, ચાલ્યા ત્યાં થકી સંતની સાથે;
ચાલ્યા દેવળીયા ભણી જ્યાંય, આવી ડોળી તલાવડી ત્યાંય. ૧૩
ત્યાં તો જાલમસિંહજી આવ્યા, એક વાળંદને સાથે લાવ્યા;
તેની કોથળી તો તેહ રાયે, વળગાડી હતી કંઠ માંયે. ૧૪
દીસે અસ્વાર તે તેહ ઠામ, ચાલે પેગડું ઝાલી હજામ;
તેને સંત ને હરિજને ભાળ્યા, ત્યારે પ્રેમના ગર્વ તે ટાળ્યા. ૧૫
મહીનાથ દિઠા નિરમાની, તે તો વાત નહીં કાંઈ નાની;
કદિ હાથમાં જેહ ન ઝાલી, તે તો કોથળી કોટમાં ઘાલી. ૧૬

૧. મુંડન

થઈ અસવાર દોડતા આવે, દોડતો સાથે વાળંદ લાવે;
સંત હરિજન ઉચર્યા એમ, ધન્ય ધન્ય અહો એનો પ્રેમ. ૧૭
પ્રભુને કર્યા તેણે પ્રણામ, કહ્યું નાથ આ આવ્યો હજામ;
લાવ્યા પાણી તણો ભરી પ્યાલો, બેઠા વપન કરાવાને વાલો. ૧૮
બેઠા સંત સહુ આસ પાસે, બેઠા હરિજન દર્શન આશે;
મુક્તાનંદ કહે મહારાજ, કેવો વાળંદ આ કહો આજ. ૧૯
સુણી બોલિયા શ્રીઘનશ્યામ, હતો વાળંદ જે તાવીગામ;
હતું જીવજોખમ તેહ વિષે, આમાં દેહનું જોખમ દીસે. ૨૦
સમઝ્યા સહુ વચનનો સાર, ઓલ્યાથી એહ સારો લગાર;
સુણો ભૂપ કહે વરણીજી, બની એવે સમે વાત બીજી. ૨૧
પૂર્ણાનંદ નિર્વિકારાનંદ, આવ્યા જ્યાં હતા સૌ મુનિવૃંદ;
નવ દીઠો ત્યાં બેસવા માગ, નવ દીઠો પેસવા લાગ. ૨૨
મનમાં આવ્યું અભિમાન, કેમ બેસીયે છેવાડે સ્થાન;
આઘા જાય અને પાછા આવે, કોઈ સંત તેને ન બોલાવે. ૨૩
જોઈ સંતોને શ્રીજી કહેય, જુવો માનની મૂર્તિ આ બેય;
માન ખંડનની બહુ વાત, કહી શ્રીજીમુખે સાક્ષાત. ૨૪
માની ભક્ત મને નવ ગમે, માની જાય વહ્યો કોઈ સમે;
કામ ક્રોધ કદાપી જીતાય, પણ માન થકી તો હરાય. ૨૫
માની ભક્તે સેવા ન સજાય, માનીથી નહિ આજ્ઞા મનાય;
માનીનું થાય જો અપમાન, સામો થાય તે શત્રુસમાન. ૨૬
નિરમાની મને પ્રિય જેવો, માની ભક્ત નહીં પ્રિય તેવો;
એવી વાત કરી ભગવાન, કર્યું તેહ તળાવમાં સ્નાન. ૨૭
રહ્યા દેવળીયે જઈ રાત, સૌએ સેવા કરી ભલી ભાત;
માવો ત્યાંથી ગયા મછિયાવ, ત્યાંના ભક્તનો ભાળીને ભાવ. ૨૮
કર્યો ત્યાંથી જઈને નિવાસ, અમદાવાદમાં અવિનાશ;
બદરીપતિનાં દરશન, કરીને જમ્યા થાળ જીવન. ૨૯
દિન આવ્યો પ્રબોધિની કેરો, સમૈયો તો ભરાયો ઘણેરો;
કર્યો ઉત્સવ તે રુડી રીતે, પૂજ્યા શ્રીહરિને સૌએ પ્રીતે. ૩૦

પછી સાંજે સભા સજી શ્યામે, બેઠા પાંચસે સંત તે ઠામે;
માવે ખેશ મગાવ્યા અનેક, સર્વ સંતને આપ્યો અકેક. ૩૧
અતિ અંતરમાં ભાવ ધરી, પૂજા આનંદસ્વામીએ કરી;
એમ લીળા કરે અવિનાશી, વીતિ કાર્તિકી પૂરણમાસી. ૩૨
ચાલ્યા શ્રીપુરથી જગવંદ, ગયા જેતલપુર સુખકંદ;
સાથે લૈને ઘણા ઘણા સંત, ગયા ગામડીયે ગુણવંત. ૩૩
ત્યાંથી ચાલ્યા હરિ ધીમા ધીમા, આવી ગામ કનીજની સીમા;
તહાં દીઠી તળાવની પાળ, એક રાયણ વૃક્ષ વિશાળ. ૩૪
થોડીવાર કર્યો ત્યાં વિરામ, ગયા મેમદાવાદમાં શ્યામ;
રહ્યા બેચરભાઈને ઘેર, સેવ્યા દુલ્લભરામે સુપેર. ૩૫
કર્યો સ્નેહે કરી તેણે થાળ, જમ્યા જીવન જનપ્રતિપાળ;
જુનું મંદિર છે જેહ ઠામે, સભા ત્યાં સજી સુંદરશ્યામે. ૩૬
કરી સંપ વિષે ઘણી વાત, સુણી સર્વ થયા રળિયાત;
બીજે દિવસ મળી હરિજન, કહે ચાલો કરીને ભોજન. ૩૭
અતિ આગ્રહના શબ્દ ભાખ્યા, ત્યારે સંતોને જમવાને રાખ્યા;
ચાલ્યા ત્યાં થકી શ્યામ સુજાણ, ઉતર્યા વડહેઠ ડભાણ. ૩૮
સતસંગીયો સૌ મળી આવ્યા, સિંધું સામાન તે સર્વ લાવ્યા;
બ્રહ્મચારી એ ત્યાં કર્યો થાળ, જમી રાત રહ્યા ત્યાં દયાળ. ૩૯
પ્રભુ ચાલિયા પ્રાતસકાળે, વાલો વેગે આવ્યા વરતાલે;
રમાનાથનાં દર્શન કરી, હરિમંડપે ઊતર્યા હરી. ૪૦
બીજા સર્વને આપ્યા ઉતારા, જેને જેમ ઘટે તેમ સારા;
હરિજન ઘણા દર્શને આવે, જ્ઞાનવાત વાલો સંભળાવે. ૪૧
સૌને આનંદ થાય અપાર, એમ વીત્યા દિવસ ત્રણચાર;
અયોધ્યાવાસી એ સમે આવ્યા, પરિવાર સાથે તેડી લાવ્યા. ૪૨
રામપ્રતાપનો પરિવાર, તેનાં નામ સુણાવું આ ઠાર;
મોટાપુત્ર તેના નંદરામ, તેની પત્નિનું લક્ષમી નામ. ૪૩
નારાયણ રામશરણ બે પુત્ર, સારું શોભે તેનું ઘરસૂત્ર[1];
નંદરામ તણા સગા ભ્રાત, નામે ઠાકોરરામ વિખ્યાત. ૪૪

૧. કુટુંબ, પત્નિ

શિવકુંવર્ય તથા કઈલાસી, તેની પત્નિયો બેય સુવાસી;
રામસુખ તેહનો સુત જાણો, એ રીતે એનો વંશ પ્રમાણો. ૪૫
પુત્રી રામપ્રતાપની એક, ધનુબા નામ જાણે વિવેક;
ઈચ્છારામનો કહું પરિવાર, વરીયાળી જેની ઘરનાર. ૪૬
તેના પુત્ર ગોપાળજી આવ્યા, ત્રણ ભાઈને તે તેડી લાવ્યા;
વૃંદાવનજી અને સીતારામ, બદરીનાથ ત્રીજાનું નામ. ૪૭
ઈન્દિરાવાસી ને ઈંદિરાસી, કમળા ત્રીજી સદગુણરાશી;
ત્રણ ભાઈની તે ભારજાઓ, વિવેકી સમજુ વનિતાઓ. ૪૮
ઈચ્છારામની બેય દીકરી, નામ ફુલશ્રી ને ફુલઝરી;
મામા ગોપાળજી તણા જાણો, શિવદીનજી નામ પ્રમાણો. ૪૯
વિશરામ ઘેલઈ ને સુબોધ, મામા શ્રીજીના તે ત્રણ જોદ્ધ;
વિશરામના પુત્રોનાં નામ, મંચ્છારામ તથા કન્હિરામ. ૫૦
ઘેલઈના તનુજ બેય જાણો, ગવરી તથા બદરી પ્રમાણો;
કહું સુબોધ કેરા કુંવર, જગન્નાથ અને વંસીધર. ૫૧
જાણો સીટન ત્રીજાનું નામ, આવ્યા તે સહુ વરતાલ ધામ;
કર્યાં શ્રીહરિનાં દરશન, થયાં તેથી આનંદિત મન. ૫૨
શ્રીજીએ પણ સ્નેહ જણાવ્યો, જથાજોગ્ય ઉતારો અપાવ્યો;
ના'વા ગોમતીયે જન જાય, જતાં આવતાં કીર્તન ગાય. ૫૩
શોભે અક્ષરધામ તે જેવું, ભાસે વરતાલ તે સમે તેવું;
લૈને વૃષકુળ સંતસમાજ, ગયા મેળાવ શ્રીમહારાજ. ૫૪
રસ્તે ક્યાંઈક કરતા મુકામ, પહોંચ્યા પ્રભુ ધોળેરે ધામ;
કરી દેવનાં દર્શન ત્યાંય, ઉતર્યા હરિમંદિર માંય. ૫૫
કર્યો થોડા દિવસ તયાં નિવાસ, જગ્યા જે હતી મંદિર પાસ;
ભળતી જાણી કૃષ્ણને ભાવી, તેથી તે તો જગ્યા લેવરાવી. ૫૬
પછી ત્યાં થકી સંચર્યા સ્વામી, બરવાળે ગયા બહુનામી;
હરિ સાથે સખા અસવાર, નદી ઉતાવળીની મોઝાર. ૫૭
જળ ભરતી હતી તહાં નારી, ઘોડાં પાવા રહ્યા ગિરધારી;
વસતાના તનુજ વશરામ, લુવાણા રહે બરવાળે ગામ. ૫૮

રાધા નામે તેની ઘરનાર, જળ ભરતી હતી તેહ ઠાર;
બીજી સુતાર ડાહ્યાની માય, જળ ભરતી હતી તેહ ત્યાંય. ૫૯
બેયે ભાળિયા શ્રીભગવાન, ભૂલી ગૈ તેહ દેહનું ભાન;
નદી તીરે બેડાં મુક્યાં ખાલી, બેય શ્રીજીની પાછળ ચાલી. ૬૦
ગામ કુંડળ થૈને કૃપાળ, ગઢડે ગયા દીનદયાળ;
બેય બાઈયો ગઢપુર ગઈ, પ્રભુમાંઇ પ્રેમાતુર થઈ. ૬૧
બેઠા શ્રીજી સભા સજી ત્યાંય, બેઠી બાઈયો બાઈયોમાંય;
સૂરાખાચરે ત્યાં પૂછ્યો પ્રશ્ન, અહો સાંભળો હે હરિકૃષ્ણ. ૬૨
ભાગવત અમે સાંભળ્યું જ્યારે, ઉપજ્યું અતિ અચરજ ત્યારે;
ગોપિકાઓનો પ્રેમ અપાર, તજ્યા પુત્ર અને પરિવાર. ૬૩
ભુલી દેહ તણું પણ ભાન, તેને લાગ્યું શ્રીકૃષ્ણથી તાન;
હશે આજે કોઈ બાઈ અવી, કહિયે જેને ગોપિકા જેવી. ૬૪
સુણી ઉચ્ચર્યા અંતરજામી, સરવેશ્વર સર્વજ્ઞ સ્વામી;
ગોપીયોથી જેની અધિકાઈ, એવી બાઈયો છે આજ ભાઈ. ૬૫
કહી એમ કૃપાદૃષ્ટિ ધરી, બેય બાઈયોને ઉભી કરી;
પુછ્યાં તેઓના ગામ ને નામ, પુછ્યું આવ્યા તણું અહિં કામ. ૬૬
કહી બાઈયોએ બધી વાત, કહ્યાં નામ ને નાત ને જાત;
ભાળ્યા તમને અમે ભગવાન, તેથી ભૂલી ગયાં તન ભાન. ૬૭
બેડાં મૂક્યાં નદીતણે તીર, આવ્યાં નિર્ખવા શ્યામ શરીર;
કહે રાધાને શ્રીહરિ ત્યારે, ત્રણ બાળકિયો છે તમારે. ૬૮
પાંચ માસની તે રોઈ મરશે, કોણ રક્ષણ તેહનું કરશે;
સુણી બોલિયાં તે રાધાબાઈ, તમે રક્ષા કરી ગર્ભમાંઈ. ૬૯
તમે રક્ષણ કરશો જ તેમ, ચિંતા ચિત્તમાં રાખીયે કેમ;
વળી તેને પૂછે મહારાજ, તમે કેમ તજી લોકલાજ. ૭૦
કહે બાઈયો હે પ્રાણનાથ, તજ્યો છે અમે સર્વેનો સાથ;
તજ્યા ઘરધણી ને ઘરબાર, તજ્યો સર્વ પ્રકાર સંસાર. ૭૧
કર્યું જીવિત પણ કુરબાન, લોકલાજ તો તૃણની સમાન;
તમે માથા થકી પ્રભુ મોંઘા, પ્રાણ સાટે મળો તોય સોંઘા. ૭૨

ત્યારે બોલ્યા હરિ તતખેવ, મને જો સમજો ઈષ્ટદેવ;
મારી આજ્ઞાનો ભંગ ન કરો, નિજ ઘેર તમે પરવરો. ૭૩
સુણી નેણમાં આવિયાં પાણી, બોલ્યાં ગદ્‌ગદ કંઠથી વાણી;
વિના જળ મત્સ્ય જીવે ન જેમ, અમે તમ વિના જીવિયે કેમ. ૭૪
પછી મૂર્તિ આગળ જ્યારે થઈ, ત્યારે બાઈયો બરવાળે ગઈ;
સુરાભક્ત આદી જન તેહ, અતિ આશ્ચર્ય પામિયા એહ. ૭૫

**પુષ્પિતાગ્રા :**

પ્રભુપદ પર પૂર્ણ પ્રેમવાળી, વ્રજજુવતીથી વિશેષ ભક્ત ભાળી;
અગણિત જુવતી સુ એહ ટાણે, પ્રભુ ભજનારી મહામુનિ વખાણે. ૭૬

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે*
*અષ્ટમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીવૃત્તાલયે*
*પ્રબોધિન્યુત્સવકરણનામ પંચપંચાશત્તમો વિશ્રામઃ ॥૫૫॥*

**પૂર્વછાયો :**

કહે અચિંત્યાનંદજી, સુણો અભયસિંહ અવનીશ;
લીલા લલિત વૃષલાલની, મન કોડ ધરીને કહીશ. ૧

**ચોપાઈ :**

એક અવસરે વૃષકુળરાય, વસી વાસ દુરગપુરમાંય;
ખેલ સારો વસંતનો કીધો, લાવ હરિજન સંતોએ લીધો. ૨
પછે કીધો જૂનાગઢમાંય, સમૈયો શિવરાત્રીનો ત્યાંય;
શુદિ ફાગુણી અષ્ટમી જ્યારે, પાછા ગઢપુરમાં આવ્યા ત્યારે. ૩

**શાર્દૂલવિક્રીડિત :**

શ્રીમાળી સતસંગી ડોશી તણું ત્યાં વર્ષી હતું તે દિને,
શ્રીમાળી દ્વિજ સાતસેં જન મળ્યા સર્વે નમ્યા શ્રીજીને;
ત્યારે ત્યાં દલપત્તરામ સ્વપિતા સાથે નમ્યો નાથને,
પૂરાં વત્સર આઠની ઉમરમાં જોડ્યા હતા હાથને. ૪

**પૂર્વછાયો :**

પુષ્પદોલોત્સવ ગઢપુરે, કર્યો શ્રીહરિસુખના ધામ;
ગામ પંચાળેથી આવિયા, ઝીણોભાઈ તે દર્શનકામ. ૫

**ચોપાઈ :**

લલિતા જયા આદિક બાઈ, દાદાખાચર આદિક ભાઈ;
મળી સૌ જને કીધો વિચાર, સમૈયો કરવો એહ ઠાર. ૬
થાય વરસો વરસ વરતાલ, આંહિ કરવો જરૂર આ કાળ;
પછી શ્રીજીની પાસ સંચરી, અતિ આગ્રહે વિનતિ કરી. ૭
હરિનવમીનો ઉત્સવ એહ, કરવો પ્રભુ આંહિ જ તેહ;
કંકોતરીયો લખી ગુજરાત, અમે મોકલશું ભલી ભાત. ૮
દેશદેશના ભક્ત તમામ, તેથી આવશે ગઢપુરધામ;
સૌનો આગ્રહ જોઈ અપાર, પ્રભુ બોલ્યા ન કાંઈ લગાર. ૯
સૌએ વાત તો એવી ચલાવી, હરિનૌમી તો આંહિ ઠરાવી;
ઝીણાભાઈએ જૈ પ્રભુ પાસ, કર્યાં વિનતિનાં વચન પ્રકાશ. ૧૦
હરિનૌમીનો ઉત્સવ જેહ, આંહિ આ અવસર થશે તેહ;
તેમાં થાશે ખરચ જેટલું, તે તો આપીશ હું જ તેટલું. ૧૧
એહ વાત કરો અંગીકાર, મને આપો વચન એહ ઠાર;
સુણી બોલ્યા પ્રભુ રુડીપેર, અમે રહિયે છૈયે જેને ઘેર. ૧૨
તેને પૂછો તમે તેહ વાત, કેમ પરબારું માનીયે ભ્રાત;
ઝીણાભાઈએ સમજી લઈ, દાદાખાચરને પુછ્યું જઈ. ૧૩
હરિનવમીનો ઉત્સવ થાશે, તેમાં જેટલું ખર્ચ જણાશે;
તે તો આપવું છે જ અમારે, વાત માનવી પડશે તમારે. ૧૪
રહે છે પ્રભુ આંહિ હમેશ, તમે ખર્ચ કરો છો વિશેષ;
કરવા દ્યોજી આટલું અમને, કહું છું વિનતી કરી તમને. ૧૫
દાદોખાચર બોલ્યા તે સમે, આંહિ આવ્યા છો મેમાન તમે;
જ્યારે આવે પ્રભુ તવ ગામ, ત્યારે કરજો ખરચ તેહ ઠામ. ૧૬
આંહિ કરવું ઘટે ન તમારે, આંહિ તો કરવું જ અમારે;
ઝીણાભાઈએ આગ્રહ કર્યો, દાદાખાચરે દિલ નવ ધર્યો. ૧૭

લાધો ઠક્કર ઠક્કર હરજી, આવ્યા સૌ જનની જોઈ મરજી;
બેસી એકાંતમાં જનવ્રાત, કંકોતરિયો લખી ગુજરાત. ૧૮
હરજીવન ને લક્ષ્મિરામ, વિપ્ર બેચર આદિક નામ;
આપી કંકોતરિયો ચલાવ્યા, કારિયાણીયે તે તો સિધાવ્યા. ૧૯
એક રાત રહી એહ ઠામ, જાવું ધાર્યું જુદે જુદે ગામ;
વસ્તાખાચરને દરબાર, વિપ્રો ઊતર્યા જૈ તેહ વાર. ૨૦
હતું મંદિર સંત ઉતરવા, વિપ્ર ત્યાં ગયા દર્શન કરવા;
હતા ત્યાં મુનિ સચ્ચિદાનંદ, તેને પ્રણમીને પામ્યા આનંદ. ૨૧
કહ્યું કેમ પધાર્યા છો ભ્રાત, ત્યારે વિપ્રે કહી બધી વાત;
સચ્ચિદાનંદ સ્વામી સમર્થ, તેણે જાણું જે જાય છે વ્યર્થ. ૨૨
સમૈયો એ તો વરતાલ થાશે, શ્રમ વિપ્રોના નિષ્ફળ જાશે;
એમ જાણી બોલ્યા મુનિ ત્યારે, તમે આવજો આંહિ સવારે. ૨૩
મળ્યા વગર મને નવ જાશો, જશો તો પછીથી પસતાશો;
કહે વિપ્રો જો આવિયે અમે, સમાધીમાં બેઠા હોજી તમે. ૨૪
જાગતાં તો દિવસ ચડી જાય, તડકો જતાં પંથમાં થાય;
અમે તો ઉર ધાર્યું છે આવું, પાછલી રાતે ઊઠીને જાવું. ૨૫
સચ્ચિદાનંદ બોલિયા વાણી, મારી વાત માનો હિત જાણી;
પ્રભાતે તમે તૈયાર થાજો, મને પૂછીને પંથે પળાજો. ૨૬
માની વિપ્રોએ તે પછી વાત, જમી સૂતા ઉતારામાં રાત;
ગઢપુરના જનો તણો જ્યારે, વેગ શાંત પડ્યો કાંઈ ત્યારે. ૨૭
શ્રીજીએ સરવેને બોલાવ્યા, સુણી આજ્ઞા સહુ જન આવ્યા;
કહે શ્રીજી સુણો સહુ જન, કહું તે તો વિચારજો મન. ૨૮
દેશદેશના ભક્તોને અમે, કહ્યું છે તે તો જાણો છો તમે;
રામનૌમી પ્રબોધની જેહ, સદા વરતાલ કરશું જ તેહ. ૨૯
માટે સૌ તમે આવજો ત્યાંય, કહ્યું છે એમ સમૈયા માંય;
તેથી સુરત બુરાનપુર, એહ આદિક જે દેશ દૂર. ૩૦
હરિનવમી ઉપર વરતાલ, ત્યાંના આવશે સંઘ વિશાળ;
તેમણે ગઢપુર ન અવાય, માટે સમૈયો આંહિ ન થાય. ૩૧

વળતી આવતા વર્ષ માંહિ, રામનૌમી તો કરશું જ આંહિ;
પણ આ વરસે ન કરાય, ફેરો કૈકનો ફોગટ જાય. ૩૨
મને કરવા જો ઇચ્છો પ્રસન્ન, માનો સૌ તમે મારું વચન;
સુણી સૌ જન બોલિયા એમ, કરો તમને ગમે પ્રભુ તેમ. ૩૩
પણ કંકોતરિયો લખાણી, તેનું શું થશે સારંગપાણી;
સુણી બોલિયા શ્રીઘનશ્યામ, તજો તેની તો ચિંતા તમામ. ૩૪
કારિયાણી ગયા કંકોતરિયા, તેઓ ત્યાં જઈને રાત ઠરિયા;
સચ્ચિદાનંદ સ્વામી છે ત્યાંય, રાખશે વિપ્રને ગામમાંય. ૩૫
જવા સૌ તમે થાઓ તૈયાર, કોઈ પાળા ને કોઈ સવાર;
જવું આપણે આંહીથી આજ, લઈ સંઘાતે સંત સમાજ. ૩૬

**પુષ્પિતાગ્રા :**

હરિવર વરતાલ પંથ જાવા, સઉ જનને કહી વાત સજ્જ થાવા;
સજી ભલી અસવારી એહ વારે, છબી શુભ તેહ વસો ઉરે અમારે. ૩૭

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે*
*અષ્ટમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે*
*શ્રીહરિવૃત્તાલયે વિચરણનામ ષટ્પંચાશત્તમો વિશ્રામઃ ॥૫૬॥*

**પૂર્વછાયો :**

પ્રભુ ચાલ્યા ગઢપુર થકી, સખા સંત ને પાર્ષદ સાથ;
રાત્ય રહ્યા રુડી રીતથી, કારિયાણીયે જૈ કૃપાનાથ. ૧

**ચોપાઈ :**

કંકોતરિયા હતા વિપ્ર જેહ, સચ્ચિદાનંદે રોકેલા તેહ;
તેઓ શ્રીજીને લાગિયા પાય, જાણ્યો સંત તણો મહિમાય. ૨
બીજે દિન ગયા હરિ ઝમરાળે, ત્યાંથી ચોકડી સરોવર પાળે;
ગયા ધોળેરે ધર્મકુમાર, રહ્યા મંદિર માંહિ મુરાર. ૩
ગયા પીપળિયે પરમેશ, દયાસાગર દીનજનેશ;
કમિયાળાના આવિયા જન, કહ્યાં વિનતિનાં તેણે વચન. ૪

વિચરો પ્રભુ ગામ અમારે, નહિ રોકિયે ત્યાં ઝાઝી વારે;
સંતમંડળને કહે માવો, તમે પાંશરે પંથે સિધાવો. ૫
કમિયાળે જઇ જમી થાળ, અમે આવશું ત્યાં તતકાળ;
એમ કહીને ચલાવિયા સંત, કમિયાળે ગયા ભગવંત. ૬
જમી ત્યાંથી સિધાવિયા માવો, જતાં પંથમાં આવ્યો ભોગાવો;
સંતમંડળને મળ્યા ત્યાંય, સંતો રાજી થયા મનમાંય. ૭
થયો તે સમે મધ્યાહ્નકાળ, રવિતાપ તપ્યો વિકરાળ;
ઉઘાડે પગે ચાલતા સંત, કરી આજ્ઞા હતી ભગવંત. ૮
દેખી દાઝતા સંતના પાય, દીનબંધુને આવી દયાય;
વાત રાખી તે અંતરે યાદ, ભગવાન પધાર્યા ભોળાદ. ૯
ચાલ્યા બોરુભણી બળવાન, આવ્યું એક તળાવ તેસ્થાન;
ગામ ભોળાદની સીમમાંય, શમડો[૧] દિઠો સુંદર ત્યાંય. ૧૦
તહાં ઉતર્યા અંતરજામી, સંત સુધાં તે સંતનો સ્વામી;
દિશા દક્ષિણમાં તેહ ઠામ, એક કૂપ ઓજો કુવો નામ. ૧૧
તેનું નીર લાવ્યા સંત ભરી, છાંટી ભૂમિ તે શીતળ કરી;
વસ્ત્ર ભીંજી બાંધ્યા ચારે પાસ, પછી પોઢ્યા તહાં અવિનાશ. ૧૨
સુતાંસુતાં વિચારીયું એમ, તાપમાં સંત ચાલે છે કેમ;
કષ્ટ સહન કરે મને પામી, તપમાં તો નથી કાંઇ ખામી. ૧૩
બોલ્યા સંત પ્રત્યે પ્રભુ ત્યારે, માનવી મારી આજ્ઞા તમારે;
માટે હું કહું છું તેમ કરજો, પગે ચર્મના પાવલાં[૨] ધરજો. ૧૪
સંત તો તપમાં રાજી હોય, પ્રભુઆજ્ઞા ન લોપાય તોય;
તેથી આજ્ઞા ચડાવી તે શીશ, ત્યારે રાજી થયા જગદીશ. ૧૫
પછી ત્યાંથી ચાલ્યા ભગવાન, વારણાની વાટે સુખદાન;
બુટદેવીનું દેવળ આવ્યું, ઝાડ વરખડાનું મન ભાવ્યું. ૧૬
જળાશય તટ જોઇને સારો, કર્યો શ્રીહરિએ ત્યાં ઉતારો;
જોરાભાઇ પ્રત્યે કહે માવો, કાંઇ ટીમણ હોય તો લાવો. ૧૭
ત્યારે બોલિયા તે જોરાભાઇ કમિયાળા વિષે સુખદાઇ;
ગઢવી ખીમરાજની નારી, તેણે સાકર આપી છે સારી. ૧૮

૧. એક જાતનું વૃક્ષ ૨. પગરખાં

કહો તો પ્રભુજી તેહ લાવું, નથી બીજું જે લાવી ધરાવું;
માવે સાકર તે માગી લીધી, સુરાખાચરને ખોબો દીધી. ૧૯
જોવા શ્રીજીનો પરમ પ્રતાપ, સુરોભક્ત બોલ્યા મર્મ આપ;
સૌને આપજો એહ પ્રમાણે, વેરોવંચો[1] ન કરશો આ ટાણે. ૨૦
મર્મ શ્રીહરિએ જાણ્યો તેય, હતી સાકર તો શેર બેય;
પણ દેખાડવાને પ્રતાપ, વેંચી સાકર શ્યામે અમાપ. ૨૧
સંત પાર્ષદ સાદ કરીને, આપી પ્રત્યેક પોસ ભરીને;
પોસ દેવીને પણ પોચડાવી, ફરીથી પોસપોસ વેંચાવી. ૨૨
રહી બાકી તપાસી તે જ્યારે, હતી ત્યાં તો બશેર તે ત્યારે;
લાગ્યું અચરજ સૌને અમાપ, જાણ્યો પ્રગટ પ્રભુનો પ્રતાપ. ૨૩
પછી ત્યાંથી ચાલ્યા ભગવાન, જઈ સાભ્રમતી કર્યું સ્નાન;
ગયા વરસડે વિશ્વઆધાર, રાતવાસો રહ્યા તેહ ઠાર. ૨૪
તહાં ગોપાળજી મહારાજે, કરી બાટિયો જમવાને કાજે;
કરી તે જોડે અડદની દાળ, જમ્યા શ્રીહરિ જનપ્રતિપાળ. ૨૫
ધર્મવંશી જમ્યા સહુ પ્રીતે, પછી પોઢી રહ્યા રુડી રીતે;
ત્યાંથી પરવર્યા બીજે દહાડે, બપોરા કર્યા જૈ સંજીવાડે. ૨૬
પછી વાલમ વરતાલ આવ્યા, સામૈયું કરી સત્સંગી લાવ્યા;
થોડા દિવસ રહ્યા હરિ જ્યારે, આવ્યો દિન હરિનવમી ત્યારે. ૨૭
આવ્યા હરિજન સંઘ હજારો, સમૈયો થયોતે બહુ સારો;
ચાલે સંતને નિત્ય રસોઇ, હરખે મુખ હરિજન જોઈ. ૨૮
નિત્ય વાતો નવી નવી થાય, મહાપ્રૌઢ પ્રતાપ જણાય;
જેમ સાગરમાં આવે ભરતી, નિત્ય દિસે વિશેષ તે ચઢતી. ૨૯
તેમ જે જે સમૈયો ભરાય, એકએકથી શ્રેષ્ઠ જણાય;
લાખો લેખે વધ્યા સતસંગી, આટામાં લુણતુલ્ય કુસંગી. ૩૦
થયો અસુર સમસ્તનો નાશ, થયો હરિના સુજશનો પ્રકાશ;
કહે કોઈ ખરા પ્રભુ એ છે, મહાપુરુષ કહે કોઈ તે છે. ૩૧
નમે સૌ હરિકૃષ્ણને જોઇ, જન નિંદા કરે નહિ કોઈ;
જોઈ સંતનો શુદ્ધ આચાર, જન સર્વને મન પડ્યો ભાર. ૩૨

૧. પક્ષપાત

કહે આવા નથી ક્યાંઇ સંત, નકી એને ભેટ્યા ભગવંત;
એમ જાણી જનો ભલે ભાવે, મહારાજને દર્શને આવે. ૩૩
હતી જ્યાં જ્યાં ઉપાધિ અશેષ, વધ્યો ત્યાં સતસંગ વિશેષ;
ગામમાં પેસવા નવ દેતા, એવા દ્વેષી ઘણા જ્યાં રહેતા. ૩૪
હરિમંદિર ત્યાં થયાં સારાં, થયાં માણસ માન દેનારાં;
વરતાલમાં જયજયકાર, કરી ચાલિયા ધર્મકુમાર. ૩૫
સંજીવાડે રહ્યા જઇ રાત, ત્યાંથી પરવર્યા ઊઠિ પ્રભાત;
ગયા વરસડે કુંજવિહારી, ગળિયાણે ચાલ્યા ગિરિધારી. ૩૬
આવ્યું વાટમાં એક તળાવ, તહાં ઉતર્યા નટવરનાવ;
સ્નાન આદિ કર્યું નિત્યકર્મ, નિજજનને શિખવવાને ધર્મ. ૩૭
સાધુ શૂન્યાયીતાનંદસ્વામી, તેણે શ્રીહરિને શિર નામી;
સાથવો અને સાકર આપી, જમ્યા તે પ્રભુ પ્રૌઢ પ્રતાપી. ૩૮
ગળિયાણે પ્રભુ પરવરિયા, હરિમંદિર માંહિ ઉતરિયા;
ગયા જાખડા ગામે જનેશ, ત્યાંથી પીપળિયે પરમેશ. ૩૯
ગયા ધોળેરે ધર્મકુમાર, ત્યાંના હરિજન હરખ્યા અપાર;
નિજજનને ઘણું સુખ દેવા, વિચરે પ્રભુ દેશમાં એવા. ૪૦
જે જે ગામમાં શ્રીહરિ જાય, હરિભક્તને હરખ ન માય;
સજે શ્રીહરિની ઘણી સેવા, મોટો લાભ અલૌકિક લેવા. ૪૧
કોઇ પરમતના જન હોય, આવે દર્શન કરવાને તોય;
શુદ્ધ ધર્મ તણી રીત જોઇ, સંતસહિતને આપે રસોઇ. ૪૨
અવિદ્યાનો તો આવિયો અંત, ભાવ્યા સૌને દિલે ભગવંત;
ધોળેરાથકી ધર્મકુમાર, ગયા ગઢપુર ગુણના અગાર. ૪૩

**પુષ્પિતાગ્રા :**

પ્રગટ પ્રભુ તણો ઘણો પ્રતાપ, જગત વિષે પ્રસર્યો દિસે અમાપ;
પ્રગટ ભજન ઘેરઘેર થાય, જન સતસંગી જહાંતહાં જણાય. ૪૪

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે અષ્ટમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિવૃત્તાલયે હરિનવમી-ઉત્સવકરણનામ સપ્તપંચાશત્તમો વિશ્રામઃ ॥૫૭॥*



**પૂર્વછાયો :**

વર્ણી કહે વસુધેશને, સુણો જીરણગઢ મહિમાય;
રાધારમણ દેવ સ્થાપિયા, હવે કહું છું તેહ કથાય. ૧

**ચોપાઈ :**

હરિનવમી ચોરાશિયા કેરી, કરી વરતાલમાં રંગલેરી;
પછી ગઢપુરમાં રહી શ્યામ, જુવે ચાલતું મંદિર કામ. ૨
સુખશજ્યાંનું છે જહાં સ્થાન, તહાં પોઢતા શ્રીભગવાન;
જેઠો રત્નો બે શિલ્પી સુજાણ, જેનાં વિશ્વમાં થાય વખાણ. ૩
તેઓને હરિ જેમ બતાવે, તેવી કોરણી બેય બનાવે;
વાસુદેવ નારાયણ કેરો, ઓરડો જે પવિત્ર ઘણેરો. ૪
તેણી ઓશરી પશ્ચિમ પાસ, જેમાં આવે વિશેષ ઉજાસ;
તહાં બેસી નારાયણભાઈ, ઓપે મૂર્તિ કરી ચતુરાઈ. ૫
મૂરતી ગોપીનાથજી કેરી, ઘાટમાં દિસે સરસ ઘણેરી;
મહારાજ તહાં ઘણું રહે, મુરતી ઓપનારને કહે. ૬

ગોપીનાથની મૂરતિ જેહ, કરો માપીને મુજ સમ તેહ;
ઉંચી જાડી ને આકારવાળી, કરો તે મુજ અંગ નિહાળી. ૭
સુણીને તે નારાયણભાઈ, ચલાવે નિજની ચતુરાઈ;
મહારાજના અંગ પ્રમાણે, કરી મૂર્તિ તે સૌ જન જાણે. ૮
એક અવસરે મંદિરમાંય, વિરાજ્યા હરિ શજ્યા છે જ્યાંય;
ધર્મવંશી તહાં મળી આવ્યા, નમ્યા તે હરિને મન ભાવ્યા. ૯
પ્રણમી બોલ્યા રામપ્રતાપ, સુણો અરજ કૃપાનાથ આપ;
મુજપુત્ર નામે નંદરામ, રામશરણ તેના સુત નામ. ૧૦
નારાયણપ્રસાદ બીજા છે, જનોઈ દેવા જોગ્ય થયા છે;
માટે મુહુરત ઉત્તમ જોઈ, આપો બેયને આપ જનોઈ. ૧૧
સુણી શ્રીજીના મનમાં તે ભાવ્યું, જોશી પાસે મુરત જોવરાવ્યું;
કૃપાનાથે રુડું કામ કીધું, બેય બાળને ઉપવીત દીધું. ૧૨
એવામાં જૂનાગઢની મોઝાર, થયું મંદિર કાંઈ તૈયાર;
મોટા સંત તથા હરિજન, મળ્યા કરવા વિચાર તે મન. ૧૩
બ્રહ્માનંદ ગુણાતીતાનંદ, ઝીણોભાઈ જે સદગુણવૃંદ;
ગગોભાઈ ને ઉમેદસંગ, દાદોભાઈ એ સહિત ઉમંગ. ૧૪
અંબારામ ને માણેકલાલ, રૂપશંકર બુદ્ધિવિશાળ;
જટાશંકર શિવશંકર, આવ્યા અમરજી ઊમંગભર. ૧૫
દાસ રંગીલ માધવરાય, વૃંદાવન પણ આવીયા ત્યાંય;
દાસ ભૂખણ હીમતરામ, દાસ દયાળ ને દેવરામ. ૧૬
કાનજી ભીમજી દુર્ગાદાસ, બોલ્યા એક બીજા તણી પાસ;
થયું મંદિર તો મન પ્યારું, હવે શ્રીજી પધારે તો સારું. ૧૭
પ્રતિમાની પ્રતિષ્ઠા તે કરે, જોઈ હરિજનનાં મન ઠરે;
લખ્યો દુર્ગપુરે એક પત્ર, ગગાભાઈને મોકલ્યા તત્ર. ૧૮
તેણે જૈને દુરગપુર ધામ, પ્રેમે કીધા પ્રભુને પ્રણામ;
આપી કાગળ આનંદકાર, કહ્યા મુખથી વળી સમાચાર. ૧૯
પત્ર સૌ જનને સંભળાવ્યો, સૌને હૈયે હરખ ઉપજાવ્યો;
રામચંદ્ર જોશીને બોલાવી, શુદ્ધ માસ તિથિ જોવરાવી. ૨૦

બીજ વૈશાખ વદ ગુરુવારી, જોશીયે કહી તે તિથિ સારી;
જૂનાગઢથી જે આવેલો પત્ર, લખ્યો ઉત્તર તેહનો તત્ર. ૨૧
પ્રતિષ્ઠાની લખી તિથિ વાર, લખ્યું સામાન કરજો તૈયાર;
થોડા દિવસમાં આવશું અમે, તેની ચિંતા ન રાખશો તમે. ૨૨
એવો કાગળ દૈ કરમાંય, ગગાભાઈને કીધા વિદાય;
પછી તેણે જૂનેગઢ જૈને, સમાચાર કહ્યા પત્ર દૈને. ૨૩
બ્રહ્માનંદ આદિક મળી સહું, કરવા માંડ્યો સામાન બહુ;
નાતે નાગર જે પાંચીબાઈ, તેને એમ કહે ઝીણોભાઈ. ૨૪
જે જે જોઈયે તે માલ મગાવો, વડી પાપડ શેવો કરાવો;
ત્યારે તે પાંચીબાઈ કહે છે, આખા ગામે જે બાઈયો રહે છે. ૨૫
નારાયણદવેનો પરિવાર, એવા કામમાં છે હુશિયાર;
નરશી મહેતા પીપળાણે, તેના કુળની સ્ત્રીયો પણ જાણે. ૨૬
ધોરાજીમાં છે માવજીભાઈ, તેના ઘરની સ્ત્રીયો પણ ડાઈ;
એહ આદિક બાઈયો આવે, વડિ પાપડ આદિ કરાવે. ૨૭
પછી તે બાઈયોને તેડાવી, અતિ આનંદથી એહ આવી;
માંડ્યો તે કરવાને સામાન, પાડ્યાં સારાં સારાં પકવાન. ૨૮
ઝીણાભાઈ આદિક મળી સહુ, લખી કંકોતરી ગામ બહુ;
તે સમે જૂનેગઢ જવા કાજે, માંડી તૈયારી શ્રીમહારાજે. ૨૯
દાદોખાચર સહપરિવાર, થયા તે તો જવાને તૈયાર;
જીવોખાચર કુટુંબ સહીત, થયા તૈયાર તે રુડી રીત. ૩૦
ધર્મવંશી સરવ નરનારી, તેઓએ પણ કીધી તૈયારી;
સંત વર્ણી તથા સર્વ પાળા, હરિભક્ત સહુ ધર્મવાળા. ૩૧
પરગામી કાઠી સરદાર, તેડાવ્યા ગઢપુરની મોઝાર;
ગામ કુંડળને કારિયાણી, તેડ્યા સારંગપુર થકી જાણી. ૩૨
ઝીંઝાવદર બોટાદ લોયા, એહઆદિક જે મુખ્ય જોયા;
આવ્યા સૌ સરદાર ઉમંગે, જૂનેગઢ જવા શ્રીહરિ સંગે. ૩૩
નારાયણજી ભાઈ બોલ્યા ત્યારે, તહાં આવ્યાની ઈચ્છા છે મારે;
સુણી બોલિયા ધર્મદુલારો, ગોપીનાથની મૂર્તિ સુધારો. ૩૪

જેવા અવયવ દેખો અમારા, કરો મૂર્તિના એ અનુસારા;
ધરજો મનમાં મારું ધ્યાન, કરો મૂર્તિ તે ધ્યેય સમાન. ૩૫
રાજી કરશો એ કામથી અમને, થશે તીર્થ તણું ફળ તમને;
એમ શાંત કરી સુખકારી, શ્યામ ચાલ્યા સજી અસવારી. ૩૬
વાલો વાંકિયે જૈ રહ્યા રાત, પછી પરવર્યા ઊઠી પ્રભાત;
જૂનેગઢ ગયા જગજીવન, આવ્યા સામૈયું લૈ હરિજન. ૩૭
બાબી[1] નવાબ બહાદુરખાન, તેણે જાણ્યું આવ્યા ભગવાન;
ત્યારે ડંકા નિશાન સહીત, પાયગા મોકલી ધરી પ્રીત. ૩૮
બ્રહ્માનંદદાદિ સંત સમસ્ત, ઝીણાભાઈ પ્રમુખ્ય ગૃહસ્થ;
સામા મે'તા મુસદિયે આવ્યા, વાજાં વિવિધ પ્રકારનાં લાવ્યા. ૩૯
પ્રભુને કર્યા સૌએ પ્રણામ, હાર તોરા ધરાવ્યા તે ઠામ;
પુરમાં પેઠા વિશ્વવિહારી, કેવી શ્યામની શોભે સવારી. ૪૦
ઘોડીયે ચડ્યા ધર્મકુમાર, સાથે કાઠી ઘણા અસવાર;
તેના હાથમાં બરછીયો ઝળકે, જાણે મેઘમાં વીજળી ચળકે. ૪૧
વાંસે ઢળકે મોટીમોટી ઢાલ, જાણે ચંદ્રના બિંબ વિશાળ;
કૈકની તો મોટી મુછો કેવી, તેમાં લીંબુ ઠરી રહે તેવી. ૪૨
માથે પાઘડાં શોભે છે કેવાં, ઇંડા શિખર ઉપર હોય જેવાં;
ધજા હોય દેવળશીશ જેમ, છોગાં ફરકે મોટાં મોટાં તેમ. ૪૩
સખા વચ્ચે શોભે જગવંદ, જેમ તારામંડળ માંહિ ચંદ;
લોકો દર્શન કરવાને ધાય, ઠામ ઠામ ઘણી ભીડ થાય. ૪૪
નિરખી હરખે નરનાર, બોલે શ્રીહરિનો જયકાર;
સંત હરિજન કીર્તન ગાય, તેની શોભા વરણવી ન જાય. ૪૫
મહાપૂરણ તેજ પ્રકાશે, જેને જોતાં જ ઈશ્વર ભાસે;
પ્રભુજી ગયા મંદિર પાસ, ઝીણાભાઈનો ત્યાં છે આવાસ. ૪૬
કર્યો ઉતારો જૈ હરિ ત્યાંય, જન બીજા જેને ઘટે જ્યાંય;
પુરના જન કરીને પ્રણામ, ગયા પોતપોતા તણે ઠામ. ૪૭
સંઘ સઘળો જમ્યો રુડી રીત, સભા સાંઝે સજી ધરી પ્રીત;
પેખવા પ્રભુજીનો પ્રતાપ, આવ્યા બહાદુરખાનજી આપ. ૪૮

૧. મુસલમાન રાજાનો એક પ્રકાર

પ્રભુને કરી પ્રેમે પ્રણામ, ઉચ્ચર્યા કર જોડીને આમ;
મુજ લાયક કામ કહેજો, જોઈયે વસ્તુ તે મંગાવી લેજો. ૪૯
આપ જેવાની આશિષ થકી, જાણું છું રાજ્ય પામ્યો છું નકી;
એવું કહીને સિધાવિયા તેહ, ધન્ય ધન્ય અધિપતિ એહ. ૫૦
ગુણાતીત મુનિ બ્રહ્મ હાથ, ઝાલી મંદિરમાં ગયા નાથ;
રચના જોઈ મંદિર તણી, રીઝ્યા કોટિ બ્રહ્માંડનો ધણી. ૫૧
બેય સદ્‌ગુરુને તેહવાર, આપ્યા ઉરથી પ્રસાદીના હાર;
પછી મંદિર માંહિથી જૈને, જોયો જજ્ઞમંડપ રાજી થૈને. ૫૨
વિપ્ર આવ્યા હતા વિદવાન, તેણે જે જે બતાવ્યું વિધાન;
પ્રભુએ તેહને અનુસરી, પ્રતિષ્ઠા પ્રતિમાઓની કરી. ૫૩
શોભે ધામ શિખર ત્રણ વાળું, ઉત્તરાભિમુખે તે રુપાળું;
રણછોડજી ત્રીકમ રાય, સ્થાપ્યા તે વચલા ખંડમાંય. ૫૪
પૂર્વખંડમાં રાધારમણ, ભાંગે દર્શને ભવનું ભ્રમણ;
ખંડ પશ્ચિમમાં સિદ્ધેશ્વર, તે તો મૂર્તિ દિસે મનોહર. ૫૫
શોભે પાર્વતી તે સ્થળમાંય, નંદીકેશ્વર પણ દીસે ત્યાંય;
વળી પૂર્વમુખે કોળિમાંય[1], સ્થાપ્યા હનુમાનજી પણ ત્યાંય. ૫૬
સતસંગીનું રક્ષણ કરવા, માને તેહનું સંકટ હરવા;
વળી મંદિરમંડપ બહાર, દેરી છે એક પશ્ચિમ ઠાર. ૫૭
શિવનું બાણ થાપ્યું તે ઠામ, તેનું કાશી વિશ્વેશ્વર નામ;
સાલ ચોરાશીયા તણી જાણો, વદિ વૈશાખી બીજ પ્રમાણો. ૫૮
પ્રતિષ્ઠા તે કરી ગુરુવારે, સવાપો’ર ચડ્યો દિન જ્યારે;
થયો ઉત્સવ સરસ એ ટાણે, જોઈ સુર નર સર્વ વખાણે. ૫૯
વાજાં વિવિધ પ્રકારનાં વાજે, દિવિ[2] દેવનાં દુંદુભી ગાજે;
આરતી મહારાજે ઉતારી, સ્તુતિ સંત સહુએ ઉચ્ચારી. ૬૦
બોલે જન સહુ જયજયકાર, થયો આનંદ અપરમપાર;
દ્વિજને દક્ષિણા બહુ દીધી, કૃપાનાથે કૃપા ઘણી કીધી. ૬૧
કરનાર મંદિર તણું કામ, જે જે શિલ્પ હતા તેહ ઠામ;
આપ્યા ઈત્યાદિને શિરપાવ, ઢળ્યા અઢળક નટવર નાવ. ૬૨

૧. દેવ અને ઘુંમટ વચ્ચેની ઓસરી ૨. સ્વર્ગવાસી

નાત ચોરાશીના વિપ્ર જેહ, મહારાજે જમાડીયા તેહ;
સંત વર્ણી આદિકને જમાડ્યા, જન સૌને સંતોષ પમાડ્યા. ૬૩
વર્ણી વાસુદેવાનંદ નામ, પૂજા કરવાને રાખ્યા તે ઠામ;
આનંદાનંદને તેહ સાથે, રાખ્યા પૂજામાં નટવર નાથે. ૬૪
સ્વામી ગુણાતીતાનંદ પાસ, બોલ્યા એવી રીતે અવિનાશ;
તમે આંહિ થઈને મહાંત, રહો જ્યાં સુધી થાય દેહાંત. ૬૫
ઝીણાભાઈ આદિનેએ સ્થાને, ભલામણ દીધી શ્રીભગવાને;
આવ્યો એકાદશી દિન જ્યારે, નારાયણધરે જૈ નાહ્યા ત્યારે. ૬૬
આવી મંદિરમાં સભા ભરે, હરિની પૂજા હરિજન કરે;
વસ્ત્ર ભૂષણાદિ ભેટ ધારે, આરતી અતિ હેતે ઉતારે. ૬૭
જીર્ણગઢ તીર્થનો મહિમાય, કહ્યો વિસ્તારી વૃષકુળરાય;
હરિલીળાકલ્પતરુ માંહી, તમે સાંભળ્યો છે ચિત્ત ચાહી. ૬૮
માટે એટલું કહું છું આ ઠામ, અતિ પ્યારું પ્રભુને એ ધામ;
આવી જાત્રા કરે જન જેહ, પામે ચારે પદારથ તેહ. ૬૯
દ્વાદશી દિન પારણાં કરી, ચાલ્યા સંઘસહિત પછી હરિ;
ગયા ગિરધર ગઢપુર ગામ, જેને માન્યું છે અક્ષરધામ. ૭૦

**પુષ્પિતાગ્રા :**

જિરણદુરગ જૈ જગન્નિવાસ, શુભ પ્રતિમા પધરાવિ સ્વપ્રકાશ;
પુનિત ચરિત તે સુણે સુણાવે, પ્રભુપદ પ્રીતિ અખંડ ચિત્ત આવે. ૭૧

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે*
*અષ્ટમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીજીર્ણદુર્ગે*
*રણછોડજી ત્રિકમજીસ્થાપનનામાષ્ટપંચાશત્તમો વિશ્રામઃ ॥૫૮॥*

**ઉપજાતિ :**

વર્ણી કહે હે વસુધાધિપાળ, કહું કથા કૃષ્ણ તણી રસાળ;
શ્રીજીર્ણદુર્ગે કરી વાસ્તુકામ[૧], શ્રીજી પધાર્યા ગઢપુર ધામ. ૧
ત્યાં કામ જે મંદિર કેરું ચાલે, તે નિત્ય પોતે નજરે નિહાળે;
વિલોકી રૂડી રચના ઘણેરી, કરે પ્રશંસા પ્રભુ શિલ્પી કેરી. ૨

૧. નવા મકાનમાં વાસ કરવા માટે દેવની શાંતિ માટે કરાતી વિધિ

રાજા કહે હે વરણી કૃપાળ, વાણી સુધા તુલ્ય કહો રસાળ;
તે ચિત્ત મારું સુણવા ચહાય, સુણું તથાપિ નહિ તૃપ્ત થાય. ૩
મંદીર મોટું ગઢપુરમાંય, તમે કહ્યું જેહ થતુંતું ત્યાંય;
કેણે કર્યો આગ્રહ ત્યાં કર્યાનો, સમો કહો મંદિર આદર્યાનો. ૪
એ તો કથા આદિ થકી અશેષ, વિસ્તારથી સર્વ કહો વિશેષ;
જે ધામ સર્વોપરિ સૌ કહે છે, તેથી કથા ચિત્ત બહુ ચહે છે. ૫
પરોપકારી જન આપ જેવા, રાજી સદા કૃષ્ણકથા કહેવા;
ગંગાજી જેવા જ ઉદાર એ છે, જે સર્વને જીવનદાન દે છે. ૬
બોલ્યા સુણીને વળી બ્રહ્મચારી, છે ધન્ય શ્રદ્ધા નૃપતી તમારી;
સ્નેહે સદા કૃષ્ણકથા સુણો છો, પવિત્ર પ્રશ્નો પણ જે પુછો છો. ૭
કહે સુણે પ્રશ્ન પુછે પુછાવે, કે તે કથા કોઈ લખે લખાવે,
તે સર્વની પાવન બુદ્ધિ થાય, એવી કથા શ્રીહરિની ગણાય. ૮
શ્રીધર્મપુત્રે ગઢપુરમાંય, કર્યું મહામંદિર જેહ ત્યાંય;
તેની કથા મૂળ થકી સુણાવું, ઉત્સાહ ઝાઝો ઉર માંહિ લાવું. ૯
એકાશિયાના મૃગશીર્ષ[૧] માસે, આવ્યા હરિ સુરતથી હુલાસે;
સાથે હતા જે સરદાર શાણા, તે કાઠી સૌ એક થળે ભરાણા. ૧૦
પાંચાળ નામે સુપવિત્ર દેશ, જે કાઠીનો દેશ કહે વિશેષ;
ત્યાંના હતા તે સરદાર સારા, જે શ્રીહરિના પદ પૂજનારા. ૧૧
સૌએ મળી એમ વિચારી વાત, છે ભાગ્યશાળી કછ ગુજરાત;
ત્યાં શ્રીજીએ મંદિર શ્રેષ્ઠ કીધાં, ને આપણાં ગામ વિસારી દીધાં. ૧૨
સર્વે મળી શ્રીહરિ પાસ જૈયે, તે કૃત્યનું કારણ પૂછી લૈયે;
એવું વિચારી પ્રભુપાસ આવ્યા, વિચાર સૌના મનના સુણાવ્યા. ૧૩
હે નાથ છો આપ અનાથનાથ, સદા વસો છોજી અમારી સાથ;
તથાપિ ભક્તો પરદેશી પ્યારા, તમે ગણો છો વૃષના દુલારા. ૧૪
જે ભક્ત કચ્છી ગુજરાતી જે છે, વિશેષ વા'લા તમને જ તે છે;
ત્યાં મંદિરો શ્રેષ્ઠ કરાવી દીધાં, અમો તણાં ગામ વિસારી દીધાં. ૧૫
શું તેહનું કારણ તે સુણાવો, આ દેશમાં ધામ ભલું કરાવો;
આ દેહગેહાદિ બધાં અમારાં, તે જાણજો છે પ્રભુજી તમારાં. ૧૬

૧. માગસર મહિનો

**વૈતાલીય :**

સુણી શ્રીહરિ એમ ઉચ્ચર્યા, નથી ઓછા પ્રિય તો તમે ઠર્યા;
સુરમંદિર જે તહાં કર્યાં, બહુ તેના મન કારણો ધર્યાં. ૧૭
તમ સાથ મળી વસું સદા, તમથી દૂર નથી થતો કદા;
મુજને ગઢડે કહે રહે, ગઢડું સ્વામી તણું સહુ કહે. ૧૮
નિરખો મુજને સદા તમે, પરદેશી નિરખે કદી સમે;
અવલંબન કાજ એહને, રચિ દીધાં મુજ ધામ તેહને. ૧૯
પણ મંદિર એહ દેશમાં, સહુથી શ્રેષ્ઠ પ્રભા વિશેષમાં;
નહિ જ્યાં લગી એહવું સજું, નહિ ત્યાં સુધી શરીર આ તજું. ૨૦
મુરતી મુજ માપ જેવડી, રહી પાસે જ રચાવું એવડી;
મુજ હસ્તથી થાપના કરું, ઉર ઇચ્છા અતિ એવી હું ધરું. ૨૧
કહી એમ પ્રસન્ન સૌ કર્યા, હરિભક્તો નિજ ગેહ સંચર્યા;
સહુને દિલ એ સમે દિસે, શિખરાળું મુજ ગામમાં થશે. ૨૨
પછી એક સમે મહાપ્રભુ, અતિ આનંદ ભર્યા દિસે વિભુ;
નૃપ ઉત્તમ આવીને તહાં, સ્તુતિ કીધી હરિજી હતા જહાં. ૨૩
વળી ત્યાં લલિતા તથા જયા, અમરાં ને અમુલાં મળી ગયાં;
વિચર્યાં વળી રાજબાઇ જ્યાં, ઉપમા શી કહિયે નવાઇ ત્યાં. ૨૪
નર અક્ષરમુક્ત શું દિસે, પ્રભુ પાસે નિજધામને વિષે;
મળી ત્યાં વળી રાધિકા રમા, વળી શક્તિ સ્વરૂપે દયા ક્ષમા. ૨૫
પ્રણમી પ્રભુ પાય પ્રીતથી, ઉચર્યાં વાણી રસાળ રીતથી;
કરિયે વિનતી કૃપાકર, સુણજો સ્નેહ ધરી સુખાકર. ૨૬

**શિખરિણી :**

બહુનામી સ્વામી પરમ શુભધામી પ્રભુ તમે,
અમારા છો પ્યારા તમ ચરણનાં સેવક અમે;
અમારૂં સર્વસ્વે તમ ચરણમાં અર્પણ કર્યું,
તજી બીજા દેવો તમ ચરણમાં ચિત્તાજ ધર્યું. ૨૭
તમે સર્જુતીરે જનમ ધરી આવી અહિ વશ્યા,
ઘણાં વર્ષો વીત્યાં પણ અમથી દૂરે નથી ખશ્યા;

અમોને આ દેહે અધિક સુખ આપી સુખી કર્યા,
અમે સોંપી સર્વે તન મન તમારાં જન ઠર્યા. ૨૮
અમારી આ ટાણે અરજ સુણીને અંતર ધરો,
અમારી જગ્યામાં શિખરસહિતું મંદિર કરો;
સદા સૌ કો જેથી ગઢપુર ગણે ગોકુળ કરી,
અમારી એ આશા પ્રિયતમ કરો પૂરણ હરી. ૨૯

**રથોદ્ધતા :**

એહ ભૂમિ સતસંગ મૂળ છે, અત્ર સર્વવિધિ સાનુકૂળ છે;
મિષ્ટ નીર ઉજમત્તગંગ છે, સ્નાનયોગ્ય સુખનો પ્રસંગ છે. ૩૦
અત્ર બાગ બગિચા ભલા દિસે, પત્ર પુષ્પ ફળ પૂર્ણ તે વિષે;
દેવઅર્થ ઉપયોગી એ થશે, સંતવૃંદ સુખથી અહીં વસે. ૩૧
ભાવ પૂર્ણ અહીં સર્વ ભક્તનો, વાસ અત્ર વળી સર્વ મુક્તનો;
અત્ર આપ કરી છે લીળા બહુ, શ્રેષ્ઠ તીર્થ ગણશે અહીં સહુ. ૩૨
આસપાસ પથરાની ખાણ છે, શ્વેત પાર્શ્વમણીને[1] પ્રમાણ છે;
લાવતાં સુલભ સર્વથા થશે, કાળ દીર્ઘ નહિ કામમાં જશે. ૩૩
વસ્તુ સર્વ દરબારમાં થકી, આવશે જ ઉપયોગમાં નકી;
ધામકામ કરશું વળી અમે, દૃષ્ટિમાત્ર ધરજો પ્રભુ તમે. ૩૪
કાંઈ પૂર્વ તપ જો અમે કર્યાં, હોય તીર્થ વ્રત કાંઈ આદર્યાં;
એ બધાનું ફળ ઈચ્છિયે અમે, આંહિ ધામ પ્રભુ આદરો તમે. ૩૫
આજ સુધી કરી જેહ સેવના, આપને જ ગણી દેવદેવના;
એ બધાનું ફળ ઈચ્છિયે અમે, આંહિ ધામ પ્રભુ આદરો તમે. ૩૬
નિત્ય થાળ કરીને જમાડિયા, પૂર્ણ હર્ષ હસીને પમાડિયા;
એ બધાનું ફળ ઈચ્છિયે અમે, આંહિ ધામ પ્રભુ આદરો તમે. ૩૭
નામમંત્ર જપ જે અમે કર્યા, ધ્યાન માંહિ પદ આપના ધર્યા;
એ બધાનુ ફળ ઈચ્છિયે અમે, આંહિ ધામ પ્રભુ આદરો તમે. ૩૮
દેહ ગેહ થકી નેહ તોડિયો, આપ અંગછબી સંગ જોડિયો;
એ બધાનું ફળ ઈચ્છિયે અમે, આંહિ ધામ પ્રભુ આદરો તમે. ૩૯

૧. પારસમણિ

જો અનન્ય નિજ સેવકો ગણો, હોય ભાવ શુભ જો અમો તણો;
તો વિશેષ દિલમાં દયા ધરો, શ્રેષ્ઠ ધામ શુભ આંહિ આદરો. ૪૦

**ઉપજાતિ :**

બોલ્યા સુણી શ્રીહરિ મેઘશ્યામ, ધારું છું હું આંહિ કર્યાનું ધામ;
ઘણું વશ્યો હું ગઢપુર માંહી, માટે ગણું અક્ષરધામ આંહી. ૪૧

**શાર્દૂલવિક્રીડિત :**

ઝીંઝાવદર કારિયાણીપુર સારંગાખ્ય લોયા રુડા,
કર્યાણું વળી વાંકિયું પણ ભલું બોટાદ ને કોટડા;
કુંડળ આદિક ગામમાં હું વશિયો તે ધામ કેવાં કહું,
શ્રીગોલોક સમાન કોઈ વળી છે વૈકુંઠ જેવાં સહુ. ૪૨
માટે મુખ્ય સુધામ દુર્ગપુરમાં મોટું કરાવું સહી,
મારા અંગ સમાન મૂર્તિ પણ હું સ્થાપીશ નિશ્ચે અહીં;
ગોપીનાથ સુનામ તેનું ધરશું રાધા અબાધા સદા,
તેની પાસ વિરાજશે છબિ વિષે મુક્તોની માતા મુદા. ૪૩
ભક્તિ ધર્મ સુવાસુદેવ છબિયો છે ઓરડા માંહિ જે,
મોટા મંદિર માંહિ યોગ્ય થળમાં તે સાથ થાપીશ તે;
શ્રીભાનૂ કુળદેવ છે તમ તણા તે સ્થાપશું તે સ્થળે,
જેના તેજપ્રતાપથી જન તણા ચિત્તોની ચિંતા ટળે. ૪૪

**ઉપજાતિ :**

તે સાંભળી સૌ હરિભક્ત તેહ, રાજી થયા અંતર માંહિ એહ;
પ્રેમે પ્રભુ પાય કર્યા પ્રણામ, જાણ્યું થશે નિશ્ચય આંહિ ધામ. ૪૫
બોલાવી નારાયણજી સુતાર, કહે કૃપાળુ વૃષના કુમાર;
સુચિત્ર મારી મુરતી બનાવો, યથાર્થ સર્વાવયભાવ લાવો. ૪૬
એવી જ ઉંચી વળી પુષ્ટ એવી, જુઓ નિહાળી મુજમૂર્તિ જેવી;
ત્રિભંગી તે મૂર્તિ જણાય કેવી, જથાર્થ ગોપીપતિ કૃષ્ણ જેવી. ૪૭
આજ્ઞા સુણી મસ્તક તે ચડાવી, સુચિત્રમૂર્તી હરિની બનાવી;
સર્વાંગ એવાં વળી સર્વ રેખા, ચિત્રી શકે તે નહિ ચિત્રલેખા. ૪૮

તે ચિત્રમૂર્તિ પ્રભુએ નિહાળી, રાજી થયા જોઇ છબી રુપાળી;
તે શિલ્પીને મસ્તક મૂકી હાથ, પ્રસન્નતા પૂર્ણ જણાવી નાથ. ૪૯
બોલાવિયા સૌ હરિભક્ત ભાઈ, બોલાવી સર્વે હરિભક્ત બાઈ;
દેખાડી મૂર્તિ મનમાની એહ, રાજી થયાં સૌ જન જોઇ તેહ. ૫૦
નિત્યાખ્ય નામે મુનિને વિચારી, સોંપી છબી તત્ક્ષણ તેહ સારી;
કહે હરિ એહ મગાવું જ્યારે, તે લાવજો મુજસમીપ ત્યારે. ૫૧
આજ્ઞા પ્રભુની સુણી એવી પ્રીતે, તે મૂર્તિ રાખી મુનિએ સુરીતે;
પછી કર્યો ઉત્તમરાય કેરો, ઉત્કર્ષ વીવા પ્રભુએ ઘણેરો. ૫૨
તે તો કથા મેં તમને કહી છે, તે સર્વ મારી સ્મૃતિમાં રહી છે;
પંચાળના કાઠી નરેશ જેહ, વિવાહમાં સૌ વિચરેલ તેહ. ૫૩
વિવા કરીને ગઢપુર આવ્યા, પવિત્ર કન્યા પણ તેડી લાવ્યા;
કાઠી સહુએ સુણી વાત ત્યાંય, થશે મહામંદિર ગામમાંય. ૫૪
તે સર્વ એવું નિજ ચિત્ત ધારે, કરાવવું ધામ પુરે અમારે;
પ્રત્યેક રાજા પ્રભુપાસ આવી, સ્નેહે હરિને વિનતી સુણાવી. ૫૫
પ્રભુજી મારા પુરમાં પધારો, જુઓ તહાં છે બહુ જોગ સારો;
આપીશ જગ્યા પણ હું વિશાળ, કરો તહાં મંદિર હે કૃપાળ. ૫૬
પ્રત્યેકનો આગ્રહ જાણી લીધો, જોવા જવાનો નિરધાર કીધો;
તે તો સહુને મન શાંતિ માટે, ધાર્યું તથાપી કરશે સ્વઘાટે. ૫૭

**પુષ્પિતાગ્રા :**

નિજજન મન સૌખ્ય શાંતિદાતા, અતિ કરુણાળુ સુભક્ત તાત માતા;
શિશુસમ ગણિ લાડ તે લડાવે, દિનદિન અંગ ઉમંગ ઊપજાવે. ૫૮

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે*
*અષ્ટમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે*
*શ્રીદુર્ગપુરે મંદિરકરણવિચાર- નામૈકોનષ્ટિતમો વિશ્રામઃ ॥૫૯॥*

**ઉપજાતિ :**

મહાપ્રભુ મંદિરજોગ ગામ, જોવા પધાર્યા કહું તેહ ઠામ;
જઈ નિહાળ્યું કરિયાણું નાથે, દેહો હતા ખાચર નાથ સાથે. ૧

ભલી નદી ત્યાં પણ કાળુભાર, ભૂપે કર્યો આગ્રહ એહ ઠાર;
તથાપિ જોવા વળી અન્ય ગામ, ત્યાંથી પધાર્યા પ્રભુ મેઘશ્યામ. ૨
સુભક્ત મોકા નરપાળ સાથે, જૈ વાંકિયું ગામ વિલોક્યું નાથે;
દેખાડી જગ્યા શુભ ત્યાં વિશાળ, રીઝ્યા રુદેમાં પ્રભુ વિશ્વપાળ. ૩
શ્રીકોટડે ત્યાંથી ગયા જ શ્યામ, છે કાઠિવાળા નૃપ તેહ ઠામ;
બતાવી જગ્યા તહિં તે નિહાળી, રાજી થયા ભૂધર તેહ ભાળી. ૪
બોટાદ ત્યાંથી વિચર્યા બળિષ્ઠ, છે ભક્ત દાહો નૃપ જ્યાં વરિષ્ઠ;
ભલા ભગો દોશી અનન્ય ભક્ત, મનુષ્ય રૂપે પણ શ્રેષ્ઠ મુક્ત. ૫
ઉતાવળી નામ નદી તહાં છે, શ્રીમંત સત્સંગી જનો જહાં છે;
મહાપ્રભુએ મનવૃત્તિ પ્રોઇ, જગ્યા તહાં મંદિર કાજ જોઇ. ૬
લોયે ગયા ત્યાંથકી ધર્મલાલ, વસે સુરોભક્ત જહાં નૃપાળ;
ત્યાંથી પ્રભુ નાગડકે પધાર્યા, આનંદ સૌના ઉરમાં વધાર્યા. ૭
ત્યાંથી ઝીંઝાવદરમાં સિધાવ્યા, સામા અલૈયો નરનાથ આવ્યા;
પૂજા કરી અન્ન જમાડી પ્રીતે, જગ્યા બતાવી જઇ રૂડી રીતે. ૮
પછી પધાર્યા પ્રભુ કારિયાણી, ભૂપાળ વસ્તો હરિભક્ત જાણી;
જગ્યા તહાં મંદિર જોગ્ય જોઇ, સુભાગ્ય જાણે જન સર્વ કોઇ. ૯
ત્યાંથી ગયા કુંડળમાં મુનીશ, મુમુક્ષુ જ્યાં છે અમરો મહીશ;
એણે ઘણો અંગ ઉમંગ લાવી, જગ્યા ભલી મંદિરની બતાવી. ૧૦
શ્રી સ્વામી સારંગપૂરે પધાર્યા, આનંદ સૌના ઉરમાં વધાર્યા;
ભલા જીવોખાચર ભૂપ જયાંય, કર્યો ઉતારો દરબારમાંય. ૧૧
પ્રેમે કર્યા ભક્તજને પ્રણામ, તેનાં કહું સાંભળ ભૂપ નામ;
જે નામ જો જાગી પ્રભાત લૈયે, તો પાપને ટાળી પવિત્ર થૈયે. ૧૨

**શાર્દૂલવિક્રીડિત :**

જીવાખાચરની પ્રિયા પતિવ્રતા પાંચાળી નામે કહું,
વાઘો ને અમરો સપૂત સુત બે તે બુદ્ધિવાળા બહુ;
દેવુબાઇ સુરાજબાઇ વળી જે છે સોમબાઇ સુતા,
માત્રોધાધલ ને જુઠો સુજઇ તો જામાત[1] ત્રણ્યે હુતા. ૧૩

---

૧. જમાઇ

જેનું ચિત્ત હિમાદ્રિતુલ્ય થિર છે તે ભક્ત જીવો કહું,
મેનાતુલ્ય પતિવ્રતા સતિ ભલી પાંચાળી જાણે સહુ;
હીમાદ્રીસુત શ્વેત નીલ ગિરી છે તેવા સુતો બેય છે,
ગંગા ને યમુના સરસ્વતી સમી પુત્રી ત્રણે તેહ છે. ૧૪
તે સૌએ વિનતી કરી શુભ કરો જો ધામ આંહી હરી,
પ્રખ્યાતી પુરની બધા જગતમાં તો થાય નિશ્ચે ખરી;
જે આ છે દરબાર તે તમ તણો જાણો કૃપાના નિધી,
જ્યાં જગ્યા પુરમાં ગમે જ તમને તે જાણજો છે દિધી. ૧૫
એવાં વેણ કહી વળી નર સહુ શ્રીજીની સાથે મળી,
પૂર્વે ગામ થકી તહાં પરવરી દેખાડી ભૂમી ભલી;
છે પાષાણ ભલા અહી સમીપમાં એવું સહૂએ કહ્યું,
શ્રદ્ધા સૌની નિહાળી હૈયું હરિનું રાજી જ રાજી થયું. ૧૬

**ઉપજાતિ :**

પછી પધાર્યા પુર માંહિ નાથ, બેઠા ઉતારે મળી સર્વ સાથ;
રાઠોડ જે ધાધલ તેની નારી, છે રાણીદેવી તહિં તે પધારી. ૧૭
તે સાથ પુત્રી પણ આવી ધાઈ, પુંજી મુળી ને વળી સોતબાઈ;
સૌએ મળી એમ સ્તુતી ઉચારી, ચાલો અમારે સદને મુરારી. ૧૮
કરાવી છે વિપ્ર કને રસોઇ, જમો પ્રભુજી મનભાવ જોઈ;
કર્યો ઘણો આગ્રહ એવી રીતે, પ્રભુ પધાર્યા જમવા સુપ્રીતે. ૧૯
જમી પ્રસાદી સહુનેય આપી, પછી ઉતારે વિચાર્યા પ્રતાપી;
હશે બીજાને મન ભાવ કેવો, કર્યો કૃપાનાથ વિચાર એવો. ૨૦
છે ગામકેરા બહુ ભાગીદાર, તે ભૂમિ દેશે મળી એહ ઠાર;
વળી બીજા સૌ સતસંગી જેહ, કેવા થશે સર્વ સહાયી તેહ. ૨૧
તે સર્વને અંતરભાવ કેવો, જરૂર તે તો સહુ જાણી લેવો;
તહાં જીવાખાચર કેરી પાસ, તે વારતા સર્વ કરી પ્રકાશ. ૨૨
ચોરા વિષે એક પલંગ ઢાળ્યો, તહાં બિરાજ્યા જઈ ધર્મલાલો;
ભૂપાળના જે જન ભાગીદાર, બોલાવિયા સર્વશ તેહ ઠાર. ૨૩
બોલાવિયા ત્યાં હરિભક્ત જેહ, આવ્યા મળી તત્ક્ષણ સર્વ તેહ;
જે જે બિરાજ્યા જન તેહ ઠામ, તેનાં કહું સાંભળ ભૂપ નામ. ૨૪

**ચોપાઈ :**

ઓળખાવા પાંખી[1] એહ ઠામ, કહું જુનાં નવાં પણ નામ;
મોકાખાચરનો સુત વસ્તો, જાણે સતસંગનો જેહ રસ્તો. ૨૫
બાવો ખાચર પુત્ર તે તેના, ભલા પુત્ર થયા બેય જેના;
મોકોખાચર ખાચર રામ, રામનો સુત સોમલો નામ. ૨૬
સાતાખાચરનો પરિવાર, સંભળાવું હવે એહ ઠાર;
સાતાના વાલેરો અને મૂળ, અજવાળ્યું જેણે નિજકુળ. ૨૭
વાલેરાનો થયો સુત લાખો, જેણે હરિ ભજીને રંગ રાખ્યો;
ત્રીજું કુળ સૂરાખાચર તણું, તેના પુત્ર બે ગુણિયલ ગણું. ૨૮
એક ગાંગો દેવાઈત બીજો, ભગવાનની ભક્તિમાં ભીજ્યો;
દેવદાસના સુત થયા ચાર, સુણો નામ તેનાં નિરધાર. ૨૯
વાસકૂર ભીમો ને હમીર, પુંજા સહિત ચારે શૂરવીર;
જસા ધાધલના સુત જોડ, એક માંચો ને બીજો રાઠોડ. ૩૦
સુત રાઠોડનો લુણવીર, ધર્મરક્ષક તે મહાધીર;
સંધો જેબલિયો તહાં આવ્યા, સાથે સ્નેહિયોને તેડી લાવ્યા. ૩૧
આવ્યા ત્યાં રાજગર સરિયાણ, જસો તેનો સપૂત સુજાણ;
શેઠ બોધો તેનો સુત ધેલો, આવ્યો તે તહાં સૌથી પહેલો. ૩૨
કમો શેઠ તેના સુત બેય, કસળો અને શંભુ કહેય;
જીવરાજ તણું કુળ ભલું, પુત્ર દામો અમરશી ને વલુ. ૩૩
શેઠ કસળો તથા શેઠ લાધો, જેના અંતરમાં પ્રેમ વાધ્યો;
એહ આદિક શેઠિયા આવ્યા, ભગવાન જેને મન ભાવ્યા. ૩૪
આવ્યા ત્યાં ભગવાન મેરાઈ, સુત દેવો ધનો ભીમોભાઈ;
કુંભકાર જેનું વીરો નામ, તેનો પુત્ર પવિત્ર જેરામ. ૩૫
કુંભકાર હિરો ગુણવાન, સુત વાલો હમીર ભગવાન;
નારાયણ કુંભકાર છે ત્યાંનો, તેના પુત્રનું નામ તો કાનો. ૩૬
ગોવો કુંભાર ધર્મે અડગો, તેનો પુત્ર વાલો અને ભગો;
કુંભકાર લાખો આવ્યો હસ્તો, તેના પુત્રનું નામ તો વસ્તો. ૩૭

૧. વંશ

બીજો લાખો કુંભાર ત્યાં આવ્યો, પુત્ર મુળજી નથુ ને માવો;
ભલા ભક્ત જે હીરો કુંભાર, પુત્ર ભીમો ને પરમો ઉદાર. ૩૮
જેઠાનો સુત મૂળો ને ખીમો, કમા કુંભારનો સુત રામો;
પુંજો કુંભાર આવિયા પ્રીતે, પ્રભુચરણ ધરી નિજ ચિત્તે. ૩૯
કલાનો સુત રાઘવ નામ, તેણે કીધા પ્રભુને પ્રણામ;
રણછોડ તણો સુત ભોજો, ભક્ત તે પણ ઉત્તમ ઓઝો. ૪૦
ભગવાન તણો સુત જીવો, ભજે કૃષ્ણને તે કુળ દીવો;
પુત્ર કહિએ ગણેશનો વાલો, બીજો ખોડો ભજે ધર્મલાલો. ૪૧
શામળો હીરો કુંભાર સારા, પરમેશ્વર જેહને પ્યારા;
આવ્યા સુતાર ત્રણ તેહ કાળ, નામ કાનો ગોવિંદ ગોપાળ. ૪૨
રજપૂત નામે એક દલ્લો, પ્રભુ ભક્તિ કર્યામાં તે ભલો;
આવ્યા પ્રેમી ત્યાં લાખો પટેલ, ભલો મનમાં છે ભાવ ભરેલ. ૪૩
આવ્યા હરખી ને વાળંદ હરજી, મહારાજનિ જાણીને મરજી;
ભરવાડ આવ્યા તેહ ઠામ, હાજો માલો ને નાનો છે નામ. ૪૪
આવ્યા નથુમિયા તતકાળ, આવ્યો પ્રેમી પિંજારો જલાલ;
જીવોખાચર શ્રેષ્ઠ જણાય, જેમ માળામાં મેર ગણાય. ૪૫
જીવે ભક્તે પુછ્યું સૌને એમ, અહિં મંદિર થાય તો કેમ;
સુણી બોલી ઉઠ્યા સર્વ જન, થાય મંદિર તો ધન્ય ધન્ય. ૪૬
બોલ્યા કાઠી સહુ સરદાર, અમે આપીએ જગ્યા અપાર;
બીજા ભક્ત બોલ્યા મળિ બહુ, અમે કરશું સહાયતા સહુ. ૪૭
અમારાં તન મન ધન ગેહ, સોપ્યાં છે શ્રીહરિને જે તેહ;
આપણે ગામ મંદિર થાય, નામ આખા જગતમાં જણાય. ૪૮
જાત્રા કરવા ઘણા જન આવે, ભલાં આપણાં ભાગ્ય કહાવે;
કહે શ્રીહરિ પાષાણ કાજ, રજા કેની લેવી પડે આજ. ૪૯
જીવોખાચર બોલ્યા તે વાર, બરવાળે છે વહિવટદાર;
ઘેલો શેઠ શ્રીમાળી વણીક, છે તો શ્રાવક તોય છે ઠીક. ૫૦
મહા ડાહ્યો છે દિલનો ઉદાર, કરી જાણે વિવેક વિચાર;
શ્રીજી કહે પરમતનો ગણાયો, હજો દુશમન પણ જન ડાહ્યો. ૫૧

**દુશમન ડાહ્યો ભલો તે વિષે : ઉપજાતિ :**

શત્રૂ તથાપિ સમજુ જ સારો, જો મિત્ર તો મૂર્ખ મહા નઠારો;
નરેશનો વાનર જીવ લેત, વિપ્રે ઉગાર્યો ઉર ધારિ હેત. ૫૨
ક્રોધી વિરોધી નિજ ગેહ વાસી, તે કોઈ કાળે કરશે ઉદાસી;
સ્વગેહનો અગ્નિ સમસ્ત બાળે, પાણી પરાયું પણ તાપ ટાળે. ૫૩
જો પારકા પક્ષ વિષે જનારો, સારો કદી થાય નહીં નઠારો;
જો શત્રુનો બાગ સમીપ હોય, તથાપિ આપે જ સુગંધ તોય. ૫૪
મ્હોરો અહીના મુખમાં રહે છે, તથાપિ તે સજ્જનતા લહે છે;
જો સર્પનું ઝેર વિશેષ વ્યાપે, મ્હોરો તથાપી વિષ તેહ કાપે. ૫૫
કદાપિ જો પંડિત શત્રુ થાય, તથાપિ અંતે નહિ હાડ જાય;
જો ઈંદ્રને ગૌતમ શાપ દીધો, તેણે સહસ્રાક્ષ તથાપિ કીધો. ૫૬
શા કામનો મૂરખ સ્નેહી કોય, તેના થકી નક્કી વિનાશ હોય;
જો વાનરાને તન ઘાવ વાગે, સ્નેહી તપાસે તન તેથિ ત્યાગે. ૫૭
જો હોય શત્રુ પણ નીતિમાન, તે કષ્ટ ઝાઝું ન કરે નિદાન;
શસ્ત્રો તજે કે નમી જાય જેહ, તે ઊપરે ઘાવ કરે ન તેહ. ૫૮
જો અન્યધર્મી મતિમંત હોય, ન વૈર રાખે ઉર માંહિ તોય;
કદાપિ તે પ્રેમ કરી ન વંદે, તથાપિ પોતે કદિયે ન નિંદે. ૫૯
પોતા તણું ને પરનું સદાય, ભલા થકી કામ ભલું જ થાય;
ભલો હશે જો જન શેઠ ઘેલો, સહાયતા તે કરશે પહેલો. ૬૦
એવું સહુને હરિએ સુણાવ્યું, ત્યાં કોઈને મોકલવા ઠરાવ્યું;
પછી પધાર્યા પ્રભુજી ઉતારે, રાજી થયા તે જન સર્વ ત્યારે. ૬૧

**પુષ્પિતાગ્રા :**

નિજજન મન ભક્તભાવ જોવા, જનમન માંહિ વિશેષ શાંતિ હોવા;
વચન વિવિધ શ્રીહરિ સુણાવે, નિજમન ધાર્યુ કરે અને કરાવે. ૬૨

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે અષ્ટમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિમંદિરાર્થસારંગપુરાદિસ્થાન નિરીક્ષણનામ ષષ્ટિતમો વિશ્રામઃ ॥૬૦॥*

**શાર્દૂલવિક્રીડિત :**

જીવોખાચર વેગ લાવી વિચર્યા તે શેઠ ઘેલા કને,
શ્રીસારંગપુરે સુધામ કરવા ઈચ્છા જણાવી અને;
શ્રીજીનો મહિમા કહ્યો વળી ઘણો થાઓ સહાયી કહ્યું,
ઘેલો શેઠ સુણી ઘણા જ હરખ્યા ચિત્તે વશી તે રહ્યું. ૧
ઘેલો શેઠ કહે ભલે શુભ કરો મંદિર મોટું તમે,
થાશે જેવી સહાયતા અમ થકી એવી કરીશું અમે;
મારો પચ્ચિશ ગામમાં અમલ છે ગાડાં ઘણાં છે તહાં,
પાષાણાદિક લૈ જવા નિમિત તે આપીશ જોશે જહાં. ૨
પોતાના મતનાં તથા પર તણાં ધર્મસ્થળો થાય જ્યાં,
આપે સદ્ય સહાયતા શુભ રીતે નીતિજ્ઞ તે રાય જ્યાં;
મંત્રી મૂર્ખ ગણાય અડચણ કરે જે ધર્મના કામમાં,
ધર્મસ્થાન થકી સુધર્મ પ્રસરે શોભા વધે ગામમાં. ૩
જો ત્યાં મંદિર થાય તો નૃપ તણું જે બીડ[૧] છે ઘાસનું,
તે કૃષ્ણાર્પણ હું અપાવું શુભ છે જે ગામની પાસનું;
જીવેખાચર જૈ પ્રભુ સમીપમાં તે વાત સર્વે કહી,
બોલ્યા શ્રીહરિ શેઠ તેહ સમજુ ઘેલો સુઘેલો નહી. ૪
તે સર્વે વળી વાત દુર્ગપુરમાં પ્રખ્યાત જ્યારે થઈ,
દાદાખાચર આદિના દિલ થકી શાંતી સમૂળી ગઈ;
થાશે મંદિર જો તહાં ગઢપુરી પ્રખ્યાત શાથી થશે,
મોટા જેહ મનોરથો મન તણા તે વ્યર્થ સર્વે જશે. ૫
દાદાખાચર ને જયા સુલલિતા ચાલ્યાં મળીને તહી,
જીવોખાચર રાજબાઈ અમરાં ચાલ્યાં અમૂલાં સહી;
શ્રીજીની કરી પ્રાર્થના જઈ તહાં સૌએ મળી સ્નેહથી,
જો સ્વામી તપ માંહિ ખામી દરસે તો કીજીયે દેહથી. ૬
પોતાનાં કહીને પ્રસિદ્ધ કરિયાં શું છોડી દ્યો છો હવે,
બીજા ગામ વિષે સ્વધામ કરવું તે શી રીતે સંભવે;

૧. પશુને ચરવાની જમીન

અર્પ્યાં છે સહુ દેહ ગેહ તમને રંચે ન રાખ્યું અમે,
શા માટે અમને તથાપિ તજશો હે ત્રીકમાજી તમે. ૭
જે જગ્યા તમને ગમે ગઢપુરે ત્યાં ધામ પોતે કરો,
ચાલો કૃષ્ણ કૃપા કરી અમ તણી હે નાથ ચિંતા હરો;
એવું સાંભળીને દયા દિલ ધરી તૈયાર જાવા થયા,
જીવોખાચર તો ઉદાસી અતિશે એવે સમે થૈ ગયા. ૮
બોલ્યા દીનદયાળ દુઃખી ન થશો ચિંતા તમારી જશે,
થાશે ધામ પ્રતાપી દેવ તણું તે પ્રખ્યાત પૂરું થશે;
આ સ્થાને બહુ સંઘ શ્રેષ્ઠ જનના એ કારણે આવશે,
મોટું તીર્થ ગણી મહામુનિ જનો માહાત્મ્ય સૌ ગાવશે. ૯

**ઉપજાતિ :**

એવાં સુવાક્યો મુખ ઉચ્ચરીને, સૌને દિલે સાંતવના કરીને;
પછી પધાર્યા ગઢડે કૃપાળુ, જે ધામ છે અક્ષરતુલ્ય વાલું. ૧૦
કહે જીવોખાચર શ્રીહરિને, વિવેક સાથે વિનતી કરીને;
ભૂમી ભલી છે ગઢમાં અમારી, તહાં કરો મંદિર હે મુરારી. ૧૧
જોવા પધાર્યા પ્રભુ તેહ ઠામ, છેવાડી જાણી ગણી તે ન કામ;
જૈ લક્ષ્મિવાડી તણિ ભૂમિ જોઈ, શ્યામે ન દીઠી તહિં સારી સોઈ. ૧૨
બોલ્યા તહીં ઉત્તમ નામ રાય, જગ્યા અમારા દરબાર માંય;
જે દક્ષિણાદે મુખ ઓરડા છે, તે મંદિરાર્થે તમને દિધા છે. ૧૩
વળી વિશેષે વસુધા વિશાળ, જો જોઈશે આપીશ તર્તકાળ;
છે દેહ ગેહાદિક જે અમારાં, તે જાણજો હે હરિ છે તમારાં. ૧૪
આજે અમારો દરબાર આખો, ભલે તમે મંદિર કાજ રાખો;
અમે બીજે ઠામ નવા નિવાસ, ચણાવશું મંદિરની જ પાસ. ૧૫
માન્યું તમે અક્ષરધામ ગામ, દર્બાર સિંહાસનને જ ઠામ;
તો ધામ જે આપ કર્યાનું ધારો, તે કેમ બીજે કરવા વિચારો. ૧૬
વાણી સુણી ઉત્તમરાય કેરી, પ્રસન્નતા થૈ પ્રભુની ઘણેરી;
બીજા જનોનો પણ ભાવ કેવો, જાણ્યું પ્રભુએ સહુ જોઈ લેવો. ૧૭

બોલાવિયાં ત્યાં લલિતા જયાને, ને રાજબાઈ વળી પાંચુબાને;
બોલાવિયા ધાધલ નામ ઘેલો, બોલાવિયા ત્યાં વળી નાંગમાલો. ૧૮
બોલાવિયા ઠક્કર કારભારી, લાધાની બુદ્ધિ હરજીની સારી;
બોલ્યા પ્રભુ તે જન સર્વ પાસ, સુણો તમે જેહ કરુ પ્રકાશ. ૧૯
દાદો કહે છે દરબાર આખો, ભલે તમે મંદિર કાજ રાખો;
વિચાર તેમાં મનનો તમારો, જે હોય તે એહ સમે ઉચ્ચારો. ૨૦
જે જે રહે છે દરબારમાંય, સર્વે કરે વાસ બીજે જ ક્યાંય;
ત્યારે તહાં મંદિર શ્રેષ્ઠ થાય, કોઈનું તેથી દિલ તો દુખાય. ૨૧
બોલ્યા સુણીને સહુ એવી વાણી, એ શું કહો છો પ્રભુ પદ્મપાણી;
અહો અમારાં અતિ ધન્ય ભાગ્ય, જો થાય તે મંદિર એહ જાગ્ય. ૨૨
બીજાં ઘરો છે બહુ આસપાસ, તેમાં અમે જૈ કરશું નિવાસ;
એવો ભલો ભાવ નિહાળી શ્યામ, રાજી થયા શ્રીપ્રભુ પૂર્ણકામ. ૨૩
જે દક્ષિણાદા મુખની ગણાઈ, તે પંક્તિનાં માલિક પાંચુબાઈ;
તે ઓરડા તત્ક્ષણ માગી લીધા, બીજે સ્થળે બેય બનાવી દીધા. ૨૪
જે પૂર્વદ્વારે શુભ ઓરડા છે, તે પંક્તિમાં બે પણ તે કર્યા છે;
જે પાંચુબાને વસવા દિધેલા, પ્રસાદી તે શ્રીપ્રભુએ કરેલા. ૨૫
તે પાંચુબાને પણ ધન્ય ધન્ય, એવું કરે કારજ કોણ અન્ય;
આભૂષણો કે ધન તો અપાય, નહી તથાપી ઘર તો તજાય. ૨૬
કર્યાનું ત્યાં મંદિર તો ઠરાવ્યું, મહાપ્રભુને મન તેહ ભાવ્યું;
ત્યાં દ્વારિકા જૈ વૃષવંશી આવ્યા, તે ગોમતી આદિક તીર્થ લાવ્યા. ૨૭
તે સ્થાપવાને વરતાલમાંય, મહાપ્રભુજી વિચર્યા જ ત્યાંય;
જૈને કર્યું સ્થાપન જે તહીં છે, તે તો કથા મેં તમને કહી છે. ૨૮
સભા વિષે શ્રીહરિ ત્યાં બિરાજી, તે એક ટાણે થઈ રાજી રાજી;
નિત્યાખ્યને જે હતી મૂર્તિ દીધી, તે ચિત્રમૂર્તી તહિ માંગી લીધી. ૨૯
પછી કહ્યું મુક્ત મુનીંદ્ર પાસે, પંચાળમાં મંદિર જેહ થાશે;
ત્યાં સ્થાપવાને મુજ મૂર્તિ જેવી, કરાવી છે ચિત્રની એક એવી. ૩૦
એવી જ પાષાણ તણી રુપાળી, મંગાવીયે ડુંગરપુરવાળી;
તે લાવવા ત્યાં જન કોણ જાશે, કેનાથી તે કારજ સિદ્ધ થાશે. ૩૧

બોલ્યા સુણીને મુનિ મુક્ત તેહ, નિત્યાખ્ય ને નિષ્કુળ નામ જેહ;
તે સંત બે ડુંગરપૂર જાય, તો કામ તે સિદ્ધ યથાર્થ થાય. ૩૨
તૈયાર તે બે મુનિને ય થાવા, આજ્ઞા કરી ડુંગરપૂર જાવા;
કહ્યું અમારી મુરતી પ્રમાણ, જૈ લાવજો સુપ્રતિમા સુજાણ. ૩૩
એવી જ ઊંચી વળિ પુષ્ટ એવી, સર્વાંગ મારા તનતુલ્ય તેવી;
જણાય તે તો ઘનશ્યામ અંગે, શ્રીરાધિકાની પણ શ્વેત રંગે. ૩૪
એવું કહી સંત વિદાય કીધા, બે પાર્ષદોને પણ સંગ દીધા;
તે સાથ આપ્યું ધન મૂર્તિ લેવા, કારીગરોને બહુ મુલ્ય દેવા. ૩૫
તે સંત જૈ ડુંગરપૂર ગામ, તપાશિ મૂર્તિ બહુ ઠામ ઠામ;
તથાપિ તે શ્રીહરિના જ જેવી, મળી નહી ત્યાં પ્રતિમા જ તેવી. ૩૬
રાધા તણી તો પ્રતિમા રુપાળી, મળી તહાં શ્વેત સુરંગવાળી[1];
તે સંત ત્યાં શ્રીહરિ મૂર્તિ માટે, એ ઠામ અત્યંત પડ્યા ઉચાટે. ૩૭

**શાર્દૂલવિક્રીડિત :**

કૃષ્ણાદી અવતાર જેહ હરિના તે તો ઘણા થાય છે,
તેના અંગ અવેવ તુલ્ય પ્રતિમા સર્વત્ર દેખાય છે;
જે છે અક્ષરવાસી કોઈ સમયે આવ્યા નથી આ સ્થળે,
તો તેના તન તુલ્ય દિવ્ય મુરતી બ્રહ્માંડમાં ક્યાં મળે. ૩૮
સંતે એમ વિચારે ચિત્ત ધરિયો આંહી કરાવાય જો,
તે તો શ્રીહરિની જ મૂર્તિ સરખી નિશ્ચે નહી થાય તો;
વીતી જાય વળી ઘણા દિવસ તો ચિંતા કરે સૌ તહાં,
એવું ધારી સુસંગ બેય વિચર્યા પાષાણખાણો જહાં. ૩૯
સારી એક શિલા વિલોકી દુરથી આશ્ચર્ય એમાં ઘણું,
દીઠું બે મુનિએ સ્વરૂપ સઘળું સાક્ષાત શ્રીજી તણું;
જોયું તે પછી જ્યાં સમીપ જઈને આકાર ભાશ્યો નહી,
સાધી સાધન સિદ્ધ જેમ નિરખે તે બ્રહ્મજોતી સહી. ૪૦
તે તેજસ્વી શિલા લિધી મુનિજને ત્યાં દ્રવ્ય ઝાઝું દઈ,
ચાલ્યા દુર્ગપુરીપથે વળી રુડી રાધાની મૂર્તિ લઈ;

૧. સારા રંગવાળી, સુશોભિત

લીધા શિલ્પી સુજાણ બે તહિં થકી મૂર્તિ કરાવા ભલી,
શ્રીજીનાં પ્રતિઅંગ નેણ નિરખી તેવાં બનાવે વળી. ૪૧
તે સંતો ગઢડે ગયા તહિં હરિ વૃત્તાલથી આવિયા,
સંતે સર્વ કથા સુણાવી હરિને અત્યંત રીઝાવિયા;
ત્યાં નારાયણજી સુતાર જનને બોલાવી કૃષ્ણે કહ્યું,
આ કારીગરના તમે જ ઉપરી થૈ કામ સાધો સહુ. ૪૨

**શિખરિણી :**

તમે પાસે બેસી અવયવ વિલોકી મુજ તણા,
કરવો તે તુલ્યે સરસ મુરતી તો નહિ મણા;
ધરી આજ્ઞા માથે શિલપિ જન સાથે રહિ સદા,
કરાવા માંડી તે મુરતિ હરિ કેરી મનમુદા. ૪૩
તહાં પુંજાભાઇ ધવળપુરથી તે મુદધરી,
પ્રભુ પાસે આવી વચન ઉચર્યા વંદન કરી;
મહારાજા મારી અધિક વિનતી અંતર ધરો,
અમારે ત્યાં રૂડું શિખરસહિતનું મંદિર કરો. ૪૪
તહાં ઝીણાભાઈ જિરણગઢથી શ્રીહરિકને,
જમ્યા આવી નેહે વચન ઉચર્યા એમ જ અને;
કહે શ્રીજી જાઓ ધવળપુરમાં નિષ્કુળમુને,
મુની બ્રહ્માનંદપ્રમુખ વિચરો શ્રીગઢ જુને. ૪૫
ગયા સંતો જયારે ધવળપુર ને જીરણગઢે,
રચાવાને ધામો શિખરસહિતનાં પથ્થર દઢે;
પ્રભૂ પાસે બોલ્યા નરપતિ ભલા ઉત્તામ તહીં,
કહો કયારે થાશે પરમ પ્રભુજી મંદિર અહીં. ૪૬
બપૈયો પોકારે પિયુપિયુ સદા પૃથ્વીતળમાં,
ન પામે તે પાણી જલદ વરસે અન્ય થળમાં;
ઘનશ્યામ સ્વામી ઘનસમ સ્વભાવે પ્રભુ તમે,
રહ્યાં આશા ધારી ગઢપુરનિવાસી સહુ અમે. ૪૭

ઉપજાતિ :

હવે હરિ આ સ્થળમાં ભલેરો, પાયો નખાવો પ્રભુધામ કેરો;
દિને દિને લાલચ લાંબી દેવી, રીતી તમોને ન ઘટે જ તેવી. ૪૮
પછી પ્રભુએ મનમાં વિચાર્યું, પાયો નખાવા દૃઢ ચિત્ત ધાર્યું;
જે દક્ષિણાદે મુખ ઓરડા તે, જહાં રહેતાં વસી પાંચુબા તે. ૪૯
પડાવિયા મંદિર કાજ તેહ, જગ્યા ગમી શ્રીહરિને જ જેહ;
એકાશિયે જેષ્ઠ જ માસ સાર, એકાદશી શુકલ શશાંક[1] વાર. ૫૦
મુહૂર્ત તે જ્યોતિષિયે બતાવ્યું, ત્યાં ખાતનું પૂજન તો કરાવ્યું;
તે વાસ્તુશાસ્ત્રે જ કહ્યા પ્રમાણે, કર્યું બધું શ્રીહરિએ સુજાણે. ૫૧
સુવર્ણનો સુંદર એક લેલો, હતો હરિએ કરમાં ધરેલો;
તેણે કરી કર્દમ[2] નાખી નાથે, પાષાણ દાયો પ્રભુએ સ્વહાથે. ૫૨
વાજિંત્ર વાગ્યાં તહિં તો અપાર, કરે જનો સૌ જયનો ઉચાર;
દેવો તણાં દુંદુભિ શ્રેષ્ઠ વાગ્યાં, ત્યાં નાચવા અપ્સરવૃંદ લાગ્યાં. ૫૩
આકાશથી પુષ્પની વૃષ્ટિ થાય, આનંદ સૌના ઉરમાં ન માય;
એરીત કૃષ્ણે શુભ કામ કીધું, ત્યાં તો દ્વિજોને બહુ દાન દીધું. ૫૪
વર્ણી કહે સાંભળ ભક્ત ભૂપ, પૂછ્યો તમે પ્રશ્ન મને અનૂપ;
ક્યારે અહીં ખાત મુહૂર્ત કીધું, તે સ્નેહથી સર્વ સુણાવી દીધું. ૫૫
હવે કહું તે પછીની કથાય, સુણો તમે સ્નેહ સહીત રાય;
ચારૂં સુણે જે પ્રભુનાં ચરિત્ર, તે થાય છે પાપ તજી પવિત્ર. ૫૬
બોલાવી નારાયણજી સુતાર, તેને કહે ધર્મ તણા કુમાર;
કરાવવું મંદિર એહ કેવું, દિસે ભલું દિવ્ય વિમાન જેવું. ૫૭
તેવું ભલું ચિત્ર તમે બનાવો, બનાવીને તે મુજ પાસ લાવો;
તે સૂણી નારાયણજી સિધાવ્યા, મંદિરનું ચિત્ર બનાવી લાવ્યા. ૫૮
રત્નો તથા શિલ્પ સુજાણ જેઠો, પ્રત્યેક ત્યાં પાસ હતો જ બેઠો;
તે ચિત્ર તેના કરમાં અપાવ્યું, કહ્યું કરો મંદિર શ્રેષ્ઠ આવું. ૫૯
આ કામમાં મુખ્ય તમે ગણાશો, પ્રખ્યાત પૃથ્વીપડ માંહિ થાશો;
છે વિશ્વકર્માનું પ્રસિદ્ધ જેમ, તમારું તો નામ થશે જ તેમ. ૬૦

૧. સોમવાર ૨. કાદવ, ગારો

તે શિલ્પીયે ચિત્ત ઘણું ઠરાવ્યું, તથાપિ તેના મનમાં ન આવ્યું;
ત્યારે સમાધી હરિયે કરાવી, વિમાન પંક્તી બહુધા જણાવી. ૬૧
તે માંહિ જે મંદિર જોગ્ય ભાળ્યું, વિમાન તે ત્યાં રહીને નિહાળ્યું;
જાગ્યા સમાધી થકિ તેહ જ્યારે, આકાર ચિત્રો પટ માંહિ ત્યારે. ૬૨
બોલ્યા થઈ ખૂબ પ્રસન્ન માવો, આવું ભલું મંદિર આ બનાવો;
ઝવેર ઉકાદિક શિલ્પિ જેહ, તમે કહો તે કરશે જ તેહ. ૬૩
ત્યાં કામ તે મંદિરનું ચલાવે, ઈંદ્રાદિ જોવા બહુ દેવ આવે;
ઊંડો કર્યો ત્યાં અતિશે જ પાયો, શિલા તણો શૈલ તહાં સમાયો. ૬૪
ગાડાં લઈને હરિભક્ત આવે, પાષાણ ચૂનો મૃતકાદિ લાવે;
લેવા ચહે છે જન સૌ લહાવો, ક્યાંથી મળે ઉત્તમ કાળ આવો. ૬૫
માહાત્મ્ય મોટું મનમાં વિચારે, અહો ભલું ઉત્તમ ભાગ્ય ધારે;
ભક્તો તણો ભાવ જણાય ભારી, તે જોઈને ચિત્ત રિઝે મુરારી. ૬૬

**પુષ્પિતાગ્રા :**

અભયતનુજના જ આંગણામાં, સરસ થશે હરિધામ આ સમામાં
પરમ પુનિત પુણ્યનો ન પાર, મુનિવર એમ મુખે કરે ઉચાર. ૬૭

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે*
*અષ્ટમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે દુર્ગપરે*
*શ્રીગોપીનાથમંદિર ખાતપૂજનકરણનામૈકષષ્ટિતમો વિશ્રામઃ ॥૬૧॥*



**ઉપજાતિ :**

ત્યાં કામ તે મંદિરનું ચલાવ્યું, જેવું પ્રભુના મન માંહિ ભાવ્યું;
હતા વિરકતાખ્ય મુનીંદ્ર જેહ, તે કામના ઊપરી કીધ તેહ. ૧
એવી રીતે આશ્વિન અંત આવ્યો, દીપોત્સવી ઉત્સવ ત્યાં કરાવ્યો;
ત્યાં આવી નારાયણજી સુતાર, બોલ્યા પ્રભુને નમી વારવાર. ૨
પુરું થયું છે પ્રતિમા કર્યાનું, છે કામ બાકી છબી ઓપવાનું;
આ શિલ્પી બેનેય કરો વિદાય, તે તેહને ડુંગરપૂર જાય. ૩
હું જીર્ણદુર્ગે મુજ ઘેર જાઉં, આપો રજા આપ વિદાય થાઉં;
આવે પ્રતિષ્ઠાનું મુહુર્ત જ્યારે, તેડાવજો વર્ષ અગાઉ ત્યારે. ૪
હું એકલાથી છબી ઓપવાનું, તે કામ થાશે સઘળું થવાનું;
એવું સુણી શ્રીહરિએ તહાંય, ઈનામ તો આપી કર્યા વિદાય. ૫
જે કામ ત્યાં મંદિર કેરું થાય, તે તો કદી બંધ નહી રખાય;
જો ક્યાંઇ શ્રીજી ફરવા પધારે, તથાપિ તે બંધ રહે ન ત્યારે. ૬

**શિખરિણી :**

ચડાવી જે રીતે કળ જગતની વિશ્વપતિએ,
સદા તેથી ચાલે કદિ ન અટકે તે સ્વગતિયે;
ચડાવી શ્રીજીએ કળ જુગતિથી મંદિર તણી,
વખાણે સૌ લોકો અકળ ચતુરાઇ અતિ ઘણી. ૭
જઇને વૃત્તાલે હરિવર તહાં કાર્તિકી કરી,
કર્યા બે આચાર્યો ધુર ધરમની તે શિર ધરી;
શિયાજીએ તેડ્યા વટપુર પ્રભુ તેથકી ગયા,
રચી શિક્ષાપત્રી વૃતપુર રહીને કરિ દયા. ૮
પછી શ્રીપુરે જૈ સરસ ફુલદોલોત્સવ કર્યો,
કમીયાળે જૈને હરિનવમી મેળો બહુ ભર્યો;
જઇને વૈશાખે ધવળપુરમાં મૂરતિ ધરી,
રહ્યા ચોમાસામાં દુરગપુરમાં શ્રીહરિ ઠરી. ૯
પ્રબોધીની કીધી હરિનવમી જૈને વૃતપુરે,
કર્યું ચોમાસું તો ગઢપુર વિષે શ્રીહરિવરે;
દિવાળીયે જૈને કરમડ સુ અન્નોત્સવ કર્યો,
પ્રબોધીની કેરો વૃતપુર વિષે ઉત્સવ ઠર્યો. ૧૦
પછી જોયું જૈને ગઢપુર વિષે મંદિર થતું,
અધરું તે ટાણે વરસ દિનનું કામ જ હતું;
ચલાવ્યું તે ચોંપે સમીપ રહીને શ્રીહરિવરે,
રીઝાવા શ્રીજીને જન ઝડપથી કામ જ કરે. ૧૧

**ઉપજાતિ :**

સુતાર નારાયણ નામ જેહ, તેડાવિયા જીર્ણગઢેથી તેહ;
ઓપો તમે મૂર્તિ કહે મુરારી, કરો અમારા સમ અંગધારી. ૧૨
બોલ્યા સુ નારાયણજી સુતાર, બેસો સમીપે પ્રભુ એહ ઠાર;
તો હું નિહાળુ તવ અંગ જેવાં, મૂર્તિ તણાં અંગ બનાવું એવાં. ૧૩
જ્યાં એક સંવત્સર વીતી જાશે, ત્યારે સુમૂર્તી તમ તુલ્ય થાશે;
કહે હરિ બેસીશ આવી પાસ, કરો તમે કામ ધરી હુલાસ. ૧૪

તે ઓપવા માંડી સુમૂર્તિ જ્યારે, સમક્ષ બેઠા સુખસિંધુ ત્યારે;
પ્રભુની પ્રત્યંગ છબી નિહાળી, તેવી કરે મૂર્તિ રુડી રુપાળી. ૧૫
ક્યારે જમે કૃષ્ણ તહાં જ થાળ, આપે પ્રસાદી જમીને રસાળ;
ત્યાંથી ન એકે પળ દૂર જાય, જાણે રખે તે તણી ભૂલ થાય. ૧૬
ચૈત્રે પ્રભુજી વરતાલ ચાલ્યા, ત્યારે સુતારે પ્રભુ પાવ ઝાલ્યા;
કહ્યું તમારા વિણ કેમ થાશે, પ્રત્યંગનો ભાવ નહી લવાશે. ૧૭
દેવાધિદેવે વરદાન દીધું, તે શિલ્પીએ સાંભળી સર્વ લીધું;
જોવાની ઈચ્છા ઉર માંહિ થાશે, ત્યાં મારી મૂર્તિ તમને જણાશે. ૧૮
એવું કહી શ્રીજી ગયા વૃતાલે, તથાપિ નારાયણજી નિહાળે;
તે જોઈજોઈ મુરતી બનાવે, તેમાં લગારે નહિ ફેર આવે. ૧૯
વાલોજી આવ્યા વરતાલ જૈને, પુછી બધી વાત પ્રસન્ન થૈને;
બોલ્યા જ નારાયણ તેહ ત્યાંહી, હું દેખતો આપની મૂર્તિ આંહી. ૨૦
પ્રત્યક્ષ આવ્યા પ્રભુ આપ જ્યારે, સૌને થયાં દર્શન આજ ત્યારે;
મને જ જે મૂર્તિ અહીં જણાતી, બીજા જનોની નજરે ન થાતી. ૨૧
પછી પ્રભુ જીર્ણગઢે સુ જૈને, સ્થાપી તહાં મૂર્તિ પ્રસન્ન થૈને;
આવ્યા તહાંથી ગઢપુરમાંય, થતું હતું મંદિર કામ ત્યાંય. ૨૨
તે કામ ત્યાં ચોંપ કરી ચલાવ્યું, ચોમાસું પંચાશિતણું જ આવ્યું;
દેવો કરે કામ અદર્શ આવી, તે કોઈ દેખે જન દૃષ્ટિ લાવી. ૨૩
જો દોર કે પાલખ કોઈ તૂટે, ન કોઈની ત્યાં નસકોરી ફૂટે;
ઘણે ઉંચેથી જન જો પડે છે, અદર્શ તેને હરિ ઝીલી લે છે. ૨૪
આશ્ચર્ય એવાં ઉપજે અનંત, ઉચ્ચારતાં કોઈ લહે ન અંત;
જે જે શિલા મંદિરમાં ચણાય, તેને કરે સ્પર્શ પ્રભુ સદાય. ૨૫
પાયા થકી શીખર સુધી જેહ, પ્રસાદીના પત્થર સર્વ તેહ;
ઘણાં ચણાવ્યાં હરિએ સુધામ, પ્રસાદીનું એવું ન કોઈ ઠામ. ૨૬
જે ઠામ નારાયણજી સુતાર, ઓપે સુમૂર્તિ ધરી પૂર્ણ પ્યાર;
ત્યાં બેસીને શ્રીહરિ સુખદાઈ, કહે કરો કામ ત્વરાથી ભાઈ. ૨૭
તેણે કહ્યું હે હરિ ધર્મલાલા, છે નીમની ફેરવવાની માળા;
કહે હરિ ફેરવશું અમે તે, કરો જ મૂર્તિ ઝટ આ તમે તે. ૨૮

શ્રીજી તણું અંગ સુતાર એહ, માપી જુવે સુત્રવતે જ તેહ;
તેવું જ મૂર્તિ તણું તે બનાવે, તે લેશમાત્રે નહિ ફેર આવે. ૨૯
વીતી ગયો શ્રાવણ માસ જ્યારે, ત્યાં એક ટાણે હરિકૃષ્ણ ત્યારે;
જયા લલિતાદિક પાસ વાણી, કહે કૃપાનાથ ઉમંગ આણી. ૩૦
હવે પ્રતિષ્ઠા પ્રતિમાની થાશે, ભલા અહીં સંઘ ઘણા ભરાશે;
વૃત્તાલયે શ્રીનગરે થયેલા, તેથી થશે ભક્ત વિશેષ ભેળા. ૩૧
વિદ્વાન વિપ્રો મળશે હજારો, સમો ગણીને અતિ એહ સારો;
સામાન તૈયાર કરો સમસ્ત, હવે ચલાવો ઝડપે સ્વહસ્ત. ૩૨
જયા કહે મૂરત જોવરાવો, શુભ પ્રતિષ્ઠાની તિથિ ઠરાવો;
સામાન સર્વે મન ધારી લીજે, તૈયાર તે ઊપર તેહ કીજે. ૩૩
રીઝ્યા સુણીને મનમાં મુનીંદ્ર, તેડાવિયા જોતિષી રામચંદ્ર;
રુડી રીતે મૂરત જોવરાવ્યું, એ તો ભલું આશ્વિન માંહિ આવ્યું. ૩૪
જોશી કહે ઉત્તમ જોગ જેહ, ઈચ્છા પ્રભુની અતિશુદ્ધ એહ;
જો હોય ઈચ્છા પ્રભુજી તમારી, શુદી તિથિ દ્વાદશી એહ સારી. ૩૫
તારાબલં ચંદ્રબલં તદૈવ, બલિષ્ટ સૂર્યાદિ સમસ્ત દેવ;
પ્રસન્ન જ્યારે પરમેશ થાય, મુહુર્ત સૌથી શુભ તે સદાય. ૩૬
બોલ્યા સુ એવું મુખ જોશી જાણા, ત્યારે વહેંચ્યા બહુ ગોળ ધાણા;
વાજિંત્રના નાદ થયા વિશેષ, આનંદ સૌને ઉપજ્યો અશેષ. ૩૭
સુમંત્રીને વાત બધી સુણાવી, સર્વત્ર કંકોતરિયો લખાવી;
તેડાવિયા વિપ્ર સુ વેદવાદી, જે રીત જાણે અસલી અનાદી. ૩૮
જયા લલિતા અમરાં અમૂલાં, ને રાજબાઈ મન માંહિ ફૂલ્યાં;
સામાન માટે મચી સર્વ બાઈ, ક્ષુધા તૃષા તેહ ગણે ન કાંઈ. ૩૯
ગંગાખ્ય જે જેતલપુર કેરાં, વસોનિવાસી જમુના ભલેરાં;
શ્રીમેમદાવાદ તણાં હુલાસી, આવ્યાં વળી ત્યાં ઉમરેઠવાસી. ૪૦
આખા અને ઉત્તમ પીપળાણું, જ્યાં બાઈ સત્સંગી બહુ વખાણું;
તે સર્વ આવી ગઢપુરમાંય, ભક્તિ કર્યાની તક જાણી ત્યાંય. ૪૧
તેના પતીયો ઋષિરાજ જેહ, રાજી થયા અંતર માંહિ એહ;
કાલિંદિ કાંઠે નહિ કૃષ્ણ જાણ્યા, એવા નહી એહ ઋષી અજાણ્યા. ૪૨

સેવો વડી પાપડ લોટ દાળ, ભંડાર તેના ભરિયા વિશાળ;
ચોખા છડી કોઈ કરે રુપાળા, જાણ્યું જમે આ જન ધર્મવાળા. ૪૩
બોલ્યા પ્રભુ ઉત્તમરાય પાસે, ભેળા ભલા ભૂપતિ આંહિ થાશે;
તે સર્વકેરી બરદાશ માટે, સામાન રાખો સજી વાટ ઘાટે. ૪૪
ઘેલો ભલો ધાધલ નાંગમાલો, તેને કહે છે વળી ધર્મલાલો;
સહાયતા ઉત્તમરાય કેરી, તમે મળીને કરજો ઘણેરી. ૪૫
મૂળૂ તથા ખાચર જેહ જીવો, તેને કહે શ્રીવૃષવંશ દીવો;
સંભાળ સૌની કરવી તમારે, તેમાં તમારો જશ છે વધારે. ૪૬

**શાર્દૂલવિક્રીડિત :**

કર્યાણા વળી કોટડા સુપુર જે સારંગ ને વાંકિયા,
ઝીંઝાવદર કારિયાણી વળી જે બોટાદથી આવિયા;
ધોળેરાપુર રોઝકાપુરપતિ લોયાથી આવ્યા નરો,
આવ્યા તે પ્રતિ એમ શ્રીજી ઉચરે સૌ સંઘ સેવા કરો. ૪૭
જે જે શેઠ નિવાસી દુર્ગપુરના સૌને કહે શ્રીહરિ,
દેજો ઊતરવા જનો તમ ગૃહે ઉત્સાહ ચિત્તે ધરી;
શોભા છે સહુ ગામના જન તણી ને ધર્મનું કામ છે,
માટે સર્વ સહાયતા શુભ કરો જેવું ભલું નામ છે. ૪૮
સત્સંગી સહુને કહે વળી હરિ સૌ સજ્જ થૈને રહો,
છોડીને વ્યવહારકામ શુભ આ લાવો અલૌકી લહો,
જેને જોગ્ય સુકામ જે ઘટિત છે તે કામ તેવું કરો,
સારો ભક્તિ કર્યા તણો સમય છે તે વાત ચિત્તે ધરો. ૪૯
બોલ્યા વર્ણી સુણો નરેશ સુખથી આ જે કથા હું કહું,
જે સત્સંગી નિવાસી દુર્ગપુરના તે મેં કહ્યા છે બહુ;
તે નામો વળી જો ફરીથી ઉચરું વાધે કથા તો ઘણી,
તેથી તો પુનરુક્તિ થાય વળી તે માટે કહું શું ગણી. ૫૦
આંબો શેઠ ગઢાળીના વળી તહાં જે શેઠ ઘેલો રહે,
તેડાવી જણ બેયને નિજકને સિંધુ કૃપાના કહે;

સાથે લૈ શુભ શેઠિયા અહિં તણા જાઓ જહાંથી જડે,
લાવો સાકર ખાંડ ગોળ વળી ઘી તે રોકડે દોકડે. ૫૧

**ઉપજાતિ :**

બોટાદના દોશી ભગો ભલેરા, તથા પુંજો સુંદરિયાણા કેરા;
તેને કહે શ્રીહરિ એમ ત્યારે, હિસાબ સર્વે લખવો તમારે. ૫૨
શ્રીવેદમૂર્તી ઉમરેઠવાસી, આવ્યા હરીભાઇ તહાં હુલાસી;
તેની સમીપે સજવા સુસેવા, રાખ્યા કહું તે દ્વિજરાજ કેવા. ૫૩
ઓઝા હતા લાયક લક્ષ્મિરામ, છે રોહિશાળા પુર જેનું ગામ;
ને લાલજી બેચર લક્ષ્મિરામ, તે તો રહેતા ગઢપુર ધામ. ૫૪
આરંભ ત્યાં મંડપનો કરાવ્યો, લુહાર સૂતાર મળી બનાવ્યો;
રંભા તણા થંભ ધર્યા અપાર, ધજા પતાકા પણ પાસ ચાર. ૫૫
મોતી તણા તોરણ તો બિરાજે, સુવર્ણના કુંભ વિશાળ છાજે;
જે ભાળી દેવો અભિમાન ભૂલે, જે આગળે દેવવિમાન ડૂલે[1]. ૫૬
ત્યાં હોમનો કુંડ ભલો કરાવ્યો, તે શ્રીહરિના મન માંહિ ભાવ્યો;
ત્યાં પીઠ કીધાં સુઘટીત ઘાટે, ગ્રહાદિના સ્થાપનને જ માટે. ૫૭
મેરાઇ જે નામ જસો સુજાણ, તેને કહે શ્રીવૃષવંશભાણ;
ગોપીપતિના તન માંહિ છાજે, વાઘા શિવો સુંદર એહ કાજે. ૫૮
સમીપ આવ્યું સુમુહૂર્ત જ્યાંય, આવ્યા ઘણા સંઘ વિદેશી ત્યાંય;
સંતો તણાં મંડળ શ્રેષ્ઠ આવ્યાં, તેઓ જનોને પણ તેડી લાવ્યાં. ૫૯
આપે ઉતારા ગઢપુરવાસી, સૌની ભલી પ્રીત વિશેષ ભાસી;
પોતે રહ્યાના પણ તે નિવાસ, ખાલી કરે ભોગવી સંકડાશ. ૬૦
જ્યારે મળ્યા ત્યાં જન તો ઘણેરા, ઉભા કર્યા પાદર તંબુ દેરા;
પરાં વસે શે'ર સમીપ જેમ, ચારે દિશાયે થઇ વસ્તી તેમ. ૬૧
અસ્વારી લૈ કૈક નરેશ આવે, નિશાન ડંકો પણ સાથ લાવે;
ખમાખમાજી છડિદાર બોલે, સુછત્ર કેરી છબી મેઘતોલે. ૬૨
રાજાની અસવારી ઘણી બિરાજે, તે એકથી એક વિશેષ છાજે;
જોવા મળીને જનજૂથ જાય, તે જોઇજોઇ દિલ રાજી થાય. ૬૩

૧. કોઇ ગણતરીમાં ન આવે

**પુષ્પિતાગ્રા :**

ગઢપુર ફરતા થયા ઉતારા, સમિપ તથા વળી સીમ માંહિ સારા;
તહિ ગઢપુર તો જણાય કેવું, જળનિધિમાં લઘુ નાવ હોય જેવું. ૬૪

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે અષ્ટમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીગોપીનાથપ્રતિષ્ઠોત્સવે સંઘાગમનનામ દ્વિષષ્ટિતમો વિશ્રામઃ ॥૬૨॥*



**ઉપજાતિ :**

વર્ણી કહે હે વસુધાધિનાથ, કરી પ્રતિષ્ઠા પ્રભુએ સ્વહાથ;
સંક્ષેપમાં તે તમને સુણાવું, ઉત્સાહ મારા ઉર માંહિ લાવું. ૧
મહાપ્રભુ મંડપમાં બિરાજ્યા, વિદ્વાન બેઠા બહુ વિપ્રરાજા;
ત્યાં સર્વથા વેદવિધિ પ્રમાણે, પૂજ્યા ગણેશાદિક તેહ ટાણે. ૨
સ્થાપ્યા સવૃત્તાલય દેવ જ્યારે, જે જે હતા બ્રાહ્મણ તેહ વારે;
તે સર્વ આવ્યા ગઢપુર ગામ, માટે નથી ઊચરતો હું નામ. ૩

કર્યાં વરૂણો પ્રભુએ જ આપ, કરાવિયા પાઠ જપાવી જાપ;
કર્યો તહાં હોમ ધૃતાદિ એવો, બીજા થકી તો ન બને જ તેવો. ૪
જે દેવને આહુતિયો અપાય, પ્રત્યક્ષ તે દેવ તહાં જણાય;
પ્રસાદી શ્રીજી કરની વિચારી, લેવા પધાર્યા સુર હર્ષ ધારી. ૫
નિત્યાખ્યસ્વામી રઘુવીર જૈને, લાવ્યા ઉપાડી મુરતી સુ લૈને;
સ્થાપી જહાં છે અધિવાસ ઠામ, રાજી થયા શ્રીપ્રભુ પૂર્ણકામ. ૬
ચાલી ક્રિયા વાસર પાંચ સુધી, જેવી લખી શાસ્ત્ર વિષે સુબુદ્ધી;
વેદોક્ત જે મારગ થાપનાર, તે કેમ લોપે વિધિ તે લગાર. ૭
જો મંત્રમાં બ્રાહ્મણ ભૂલ લાવે, તો શ્રીહરી તત્ક્ષણ તે બતાવે;
વેદો થયા શ્વાસ થકી જ જેના, મંત્રો અજાણ્યા નહિ કોઈ તેના. ૮
અઢારસેં વિક્રમ વર્ષ વીત્યા, પંચાશિમી સાલ તથા થઈ ત્યાં;
આષાઢથી જે ચડતી ગણાય, થૈ દ્વાદશી આશ્વિન શુકલ ત્યાંય. ૯
ચડ્યો રવી તો ઘડી સાત જ્યારે, કરી પ્રતિષ્ઠા પ્રભુએ સુ ત્યારે;
સ્થાપી ભલી મધ્યમ ખંડમાંય, શ્રીગોપિનાથ પ્રતિમા તહાંય. ૧૦
શ્રીરાધિકાજી પણ વામભાગે, સ્થાપી સુમુર્તિ ઘણી સારી લાગે;
જે ઓરડામાં છબી વાસુદેવ, હતી કરી તે ચળ તર્તખેવ. ૧૧
ભક્તિ તથા ધર્મની મૂર્તિ જેહ, હતી તહાં તે પણ લાવી તેહ;
સ્થાપી ભલા પશ્ચિમ ખંડમાય, વિધિ પ્રમાણે કરી સર્વ ત્યાંય. ૧૨
ગોપીશના ખંડથી પૂર્વખંડ, ત્યાં સ્થાપિયા શ્રીપ્રભુ મારતંડ[૧];
ત્રણે સ્થળે ત્રણ્ય સ્વરૂપ ધારી, ત્યાં આરતી શ્રીહરિએ ઉતારી. ૧૩
વાજિંત્રના નાદ થયા અપાર, બહુ થયા બંદુકના બહાર;
એવે સમે અંગ ઉમંગ આણી, જનો ઉચારે જયકાર વાણી. ૧૪
દેવો સહુ દર્શન કાજ આવ્યા, ભેટો ભલી ત્યાં ધરવાની લાવ્યા;
આકાશથી પુષ્પની વૃષ્ટિ થાય, નાચે સુરંભા ગુણી ગાન ગાય. ૧૫
જેવો થયો ઉત્સવ એહ ટાણે, થયો ન ક્યાંઈ કદી એ પ્રમાણે;
બ્રહ્મા તથા શંકર ઈન્દ્ર જેહ, આનંદ પામ્યા અતિ સર્વ એહ. ૧૬
સંતો તહાં તાળ મૃદંગ લૈને, ગાવે ગુણો હર્ષિત ચિત્ત થૈને;
તે સંતના સદ્‌ગુણ શ્રેષ્ઠ કેવા, સંક્ષેપમાં સર્વ સુણાવું એવા. ૧૭

૧. સૂર્ય

**મૃદંગપ્રબંધ અનુષ્ટુપશ્લોક :**

જ્ઞાનીતા સજતા સન્ત, માનીતા તજતા સદા;
દાસતા જતિતા મુખ્ય, ભાસતા સજતા મુદા. ૧૮

मृदंगप्रबंध




**ઉપજાતિ :**

કરી પ્રતિષ્ઠા શુભ એવી રીતે, કહે તહાં વર્ણી મુકુંદ પ્રીતે;
સ્થાપ્યા તમે હે હરિ ગોપિનાથ, ચોકી કરે સેવક કોણ સાથ. ૧૯
તે સાંભળીને પ્રભુ તર્તખેવ, સ્થાપ્યા તહીં શ્રીહનુમાન દેવ;
છે ખંડ ચોથો તહિં વામભાગે, શજ્યા ધરેલી શુભ જેહ જાગ્યે. ૨૦
તે ખંડનું દ્વાર જહાં બિરાજે, છબી ધરી ત્યાં હનુમાન છાજે;
કહે હરિ વર્ણી મુકુંદપાસ, તમે અમારા શુભ જેમ દાસ. ૨૧
તેવી રીતે આ હનુમાન જાણો, ગોપીશના સેવક છે પ્રમાણો;
ભક્તો તણાં સંકટ તે હરે છે, તે માટ તેનું શુભ નામ તે છે. ૨૨
સજ્યા વિષે શ્રીહરિ આપ બેઠા, કહ્યું અમારી અહિ થૈ પ્રતિષ્ઠા;
આંહી સદા કાળ અમે રહેશું, તે પ્રેમીને દર્શનદાન દેશું. ૨૩

શ્રીગોપીના નાથની મૂર્તિ માંહી, રહીશ હું સંતત કાળ આંહિ;
તે માટ સર્વે જન એમ જાણો, એમાં અમોમાં નહિ ભેદ આણો. ૨૪
અમે અમારા પ્રતિઅંગ જેવી, કરાવી છે તે શુભ મૂર્તિ તેવી;
તે તો સદા તેહ વિષે રહેવા, એવે રૂપે દર્શન નિત્ય દેવા. ૨૫

**ષટ્ધામ વિષે : શિખરિણી :**

પુરે શ્રીને નામે નર સહિત નારાયણ રહે,
ભૂજાખ્યે ધામે તો કથિત સુર બે તે સહુ કહે;
હરે લક્ષ્મીનારાયણ વૃતપુરે સંભ્રમણ તે,
જુના દુર્ગે જોયા રસિક હરિ રાધારમણ તે. ૨૬
ઘણી ધોળેરામાં મદન કહીને મોહન કહો,
ગણો ગોપીનાથ પ્રભુ ગઢપુરાધીશ્વર અહો;
પ્રભાતે જે જાતે ખચિત ખટ ધામો સમરશે,
ટળે તાપો પાપો સકળ મનઅર્થો સુફળશે. ૨૭

**ઉપજાતિ :**

કહે ઉમા આ કળિકાળમાંય, કલ્યાણકારી હરિધામ ક્યાંય;
છયે મુખે કાર્તિકજી કહે છે, શ્રી[૧]ભૂ[૨]વ[૩]જૂ[૪]ધો[૫]ગ[૬] છ ધામ એ છે. ૨૮
આકલ્પ[૭] કોટી કરી કાશિવાસ, પ્રત્યક્ષ વિશ્વેશ્વર દેવપાસ;
જે પુણ્ય ગંગાજળ સ્નાન કીધે, તે પુણ્ય ઘેલોદક અલ્પ પીધે. ૨૯
એવે સમે મંદિર માંહિ રાય, જોતાં તહાં તેજ ઘણું જણાય;
શશાંક ને સૂરજ કોટિ જેવું, તથા દિસે અક્ષરધામ તેવું. ૩૦
એવે સમે અક્ષરધામ કેરા, આવ્યા મળી મુક્ત તહાં ઘણેરા;
કરે સ્તુતિ ત્યાં રહી તેહ કાળે, છે દિવ્યદૃષ્ટિ જન તે નિહાળે. ૩૧
રાધા રમા આદિક સર્વ શક્તિ, ભલી કરે કીર્તનગાન ભક્તિ;
સ્તુતિ કરે ત્યાં મળી ચાર વેદ, ભાસે પુરી અક્ષરથી અભેદ. ૩૨
રાજી થયા ઉત્તમ રાય આપ, પોતા તણાં ભાગ્ય ગણ્યા અમાપ;
આનંદ વાધ્યો લલિતા જયાને, આનંદ વાધ્યો જન ત્યાં બધાને. ૩૩

૧. અમદાવાદ ૨. ભૂજ ૩. વડતાલ ૪. જૂનાગઢ ૫. ધોલેરા ૬. ગઢપુર ૭. બ્રહ્માના દિવસ સુધી

બ્રહ્મા ગણે છે નિજ ભાગ્યહીન, દેવેશ ઊભા થઈને જ દીન;
માહાત્મ્ય જોતાં ગઢપુર કેરું, કૈલાશનું માન ઘટ્યું ઘણેરું. ૩૪
ઉજેણ કાશી મથુરા અયોધ્યા, દ્વારામતી કાંચિપુરી પ્રબોધ્યા;
માયાપુરી આદિક હે નરેશ, તે સર્વથી દુર્ગપુરી વિશેષ. ૩૫
સહસ્ર મોઢે કદિ શેષ ગાય, માહાત્મ્ય જેનું ઉચર્યું ન જાય;
તો શારદા નારદ શું વખાણે, આ સ્થાનમાહાત્મ્ય અપાર જાણે. ૩૬
કરી પ્રભુએ વિધિયે પ્રતિષ્ઠા, પૂજા કરે સંત મળી વરિષ્ઠા;
સુચંદનાદી લઈને ચડાવે, નૈવેદ્યને ધૂપ ભલાં ધરાવે. ૩૭
ગોપીશની શ્રી રઘુવીરજીએ, પૂજા કરી આપ ઘણી પ્રીતિયે;
સંતો મળી સર્વ સ્તુતિ ઉચારી, ગોપીશરૂપે હરિ ચિત્ત ધારી. ૩૮

**નર્કુટકવૃત્ત : રાગ : વિહરતિ ચોડક્ષરે ક્ષરપદાક્ષરમુક્તપતિ :**

(સાત છ ને ચાર અક્ષરે વિશ્રામ હોય તો કોકીલવૃત્ત કેવાય)

જય જય ગોપીનાથ મુનિનાથ અનાથપતિ,
તવ પદમાં થજો પ્રભુ અમારી અખંડ રતિ;
નિજજન કાજ આજ અધિરાજ કૃપા જ કરી,
સ્થિતિ કરિ દેવ દુર્ગપુર માંહિ રહ્યા જ ઠરી. ૩૯
સુખનિધિ શ્રીહરિ સકળ કાળ વસો જ અહી,
ગઢપુર ધામ શ્યામ પળમાત્ર તજો જ નહી;
તવ પદ વારવાર સુખકાર સદા ભજીયે,
વિમુખ જણાય જેહ જન તેહ અમે તજીયે. ૪૦
શ્રુતિપથ થાપવા પ્રભુ તમે નરદેહ ધર્યો,
અસુર અધર્મકારી દગ ધારી વિનાશ કર્યો;
વળી વૃષ ભક્તિનાં વિઘન સર્વ તમે જ હર્યાં,
મુનિજનવૃંદને અભય આપ કૃપાથી કર્યાં. ૪૧
તવ ગુણગાન ધ્યાન ધરી શંભુ સમાન કરે,
અજ અમરેશ શેષ ઉપદેશ હમેશ ધરે;
સદગુણવંત સંત મતિમંત અનંત ભજે,
તવ પદ નેહ તેજ નિજ દેહ ધરી ન તજે. ૪૨

રવિ શશિ સિંધુ શૈલ રચના રચનાર તમે,
ઉડુગણવૃંદ આ ગગન માંહિ અખંડ ભમે;
ઘન પવનાદિ સર્વ ઘનશ્યામ તમે જ સ્રજ્યા,
અકળ અહો હરિ સકળ છે તમ કેરી અજા. ૪૩
તવ મરજાદમાં સરવ સર્વ સમે વિચરે,
પણ લવલેશમાત્ર નિજભૂલ કદી ન કરે;
અગણિત બ્રહ્મઅંડ તવ અંગ વિષે સુ વસે,
પ્રભુ તવ શક્તિ સર્વ થળ માંહિ સદૈવ દિસે. ૪૪
જય જય ધર્મપાળ સુકૃપાળ વિશાળમતે,
ભવજળ તારનાર સુખકાર સદા સુગતે;
જય જય અક્ષરેશ હૃષીકેશ રમેશ વિભો,
જય વ્રજના વિહારી ભયહારી અઘારી પ્રભો. ૪૫
સ્તુતિ સુણી સર્વદા નિજજન પ્રતિપાળ કરો,
તન મનના કલેશ લવશેષ અશેષ હરો;
જનમનના મનોરથ પુરા પ્રભુજી કરજો,
વિનતિ અમારી એહ ધરી નેહ દિલે ધરજો. ૪૬

**અથ રાધાસ્તુતિ :**

જય જય રાધિકા જગતમાત અઘાત ગુણી,
પ્રભુપર પ્રીત રીત તવ ચિત્ત નથી જ ઉણી;
નિજપતિ પાસ વાસ કરી ત્રાસ વિનાશ કરો,
સકળ જનો તણાં સરવ કષ્ટ હંમેશ હરો. ૪૭

**અથ સૂર્યસ્તુતિ :**

જય તિમિરારી[૧] દેવ બલિહારી તમારી બહુ,
સ્તુતિ ભલી તો ઉચારી નરનારી તમારી સહુ;
તનમન અંધકાર સહુ ઠાર ઉદાર હરો,
પ્રભુ નિજ દાસ પાસ વસી વાસ પ્રકાશ કરો. ૪૮

૧. અંધારું નાશ કરનાર

**અથ વાસુદેવસ્તુતિ :**

જય જય વાસુદેવ સહુ દેવ સુસેવ સજે,
અજભવને ભવાની ભવપુત્ર સદૈવ ભજે;
વૃષસુત થૈ તમે જ સુચરિત્ર વિચિત્ર કર્યાં,
શ્રુતિપથ થાપી આપી સુખ કષ્ટ તમે જ હર્યાં. ૪૯

**અથ ધર્મદેવસ્તુતિ :**

જય જય ધર્મદેવ પ્રભુના સુપવિત્ર પિતા,
તમ સમ ભાગ્યશાળી નહિ કોઈ બીજા કથિતા;
સકળ અધીશ જેહ સુત તેહ સુ જેહ તણા,
મુનિ મનમાં ચહાય પદ સંતત[1] તેહ તણા. ૫૦

**અથ ભક્તિસ્તુતિ :**

જય જય ભક્તિમાત અવદાત[2] અઘાતમતી,
પ્રભુપદમાં તમારી નિરધારી જણાય રતી;
ગઢપુરમાં બિરાજી થઈ રાજી અખંડ રહો,
હરિજનનાં તમે જ હિતકારી હંમેશ અહો. ૫૧

**અથ હનુમાનસ્તુતિ :**

જય હનુમાન જ્ઞાન ગુણવાન વિશેષ તમે,
ભજી ભગવાન ધ્યાન ધરી આપ અખંડ સમે;
અતિ બળવાન થૈ તજી ગુમાન નિદાન રહ્યા,
રઘુવરમુખ્યદૂત કવિયે તમને જ કહ્યા. ૫૨

**શય્યાસ્થળહરિસ્તુતિ :**

જય પ્રભુજી પલંગપર અંગ ઉમંગ ધરી,
સ્થિતિ કરી છો રહ્યા જનહિતાર્થ હમેશ હરિ;
વળી ધરી દિવ્ય દેહ થળ એહ વિશેષ વસો,
પ્રિયજન પ્રાણનાથ થિર આંહિ હમેશ થશો. ૫૩

૧. સતત, હમેંશા ૨. દેદીપ્યમાન, ઉજ્જવલ

**ઉપજાતિ :**

ઉચ્ચારી સંતે સ્તુતિ એવી રીતે, મહાપ્રભુની પરિપૂર્ણ પ્રીતે;
પછી લઈને જન સર્વ સાથ, પધારિયા મંડપ માંહિ નાથ. ૫૪
પૂર્ણાહુતી ત્યાં કરી તેહ કાળે, સૌ દેવના દેવ મહાદયાળે;
તેવે સમે બ્રાહ્મણ તેહ સ્થાન, કરે સુ વૈશ્વાનર સામગાન. ૫૫
તહાં મળી સૌ હરિભક્ત આવ્યા, ભલી ભલી ભેટ અમૂલ્ય લાવ્યા;
તે શ્રીહરી આગળ આવી ધારી, તેનો થયો ત્યાં સમુદાય ભારી. ૫૬
રાજા ભલા ઉત્તમ જે સુભાગ, તેણે કર્યો અર્પણ ભક્તિબાગ;
આવ્યા વળી વલ્લભીપૂર રાય, ભૂમિ કરી અર્પણ કૃષ્ણપાય. ૫૭
આવ્યા જીવોખાચર ત્યાં ઉમંગે, ભૂમિ કરી અર્પણ એ પ્રસંગે;
જ્યાં સુધી છે સૂર્ય શશાંક એહ, ત્યાં સુધીનું પુણ્ય ગણાય તેહ. ૫૮
દેવાર્થ નૈવેદ્ય સદા ધરાશે, એથી ઘણું અક્ષય પુણ્ય થાશે;
ભૂમિ કરી અર્પણ એહ ઠાર, તેના અહો પુણ્ય તણો ન પાર. ૫૯

**ભૂમિદાન વિષે શિખરિણી :**

ગયો રાજા ભોજે વળી નરપતિ વિક્રમ ગયો,
ગયા એવા એવા અમર નર કોઈ નવ રહ્યો;
જુવો કોઇ સાથે અવનિ કરમાત્રે નવ ગઈ,
દિધી દેવાર્થે તે નિજહિત સદા નિશ્ચળ થઈ. ૬૦
દિધેલી ધર્માર્થે ધરણી ફરી લેવા મન ધરે,
મહાપાપી તે તો નરક જઈને નિશ્ચળ ઠરે;
વિતે કલ્પો કોટી પણ તહિ થકી તે નવ છૂટે,
પછી તે પસ્તાઇ રુદન કરિ હાથે શિર કુટે. ૬૧

**ઉપજાતિ :**

વર્ણી કહે સાંભળ હે નરેશ, ભક્તે મળી ભેટ ધરી વિશેષ;
સૌરાષ્ટ્રના ને ગુજરાત કેરા, આવ્યા હતા ત્યાં જન તો ઘણેરા. ૬૨
કાઠી તથા જે રજપૂત રાજા, તથા હતા જે વળી વૈશ્ય તાજા[1];
તેણે દિધાં ભૂષણ વસ્ત્ર ભારે, અશ્વો કર્યા અર્પણ એહ વારે. ૬૩

૧. હોંશિયાર

આવ્યા વળી ત્યાં જન વર્ણ ચારે, શક્તિ પ્રમાણે શુભ ભેટ ધારે;
જેની તહાં શક્તિ દિસે લગાર, તેણે સમર્પ્યા શુભ પુષ્પહાર. ૬૪
પછી પુરુષોત્તમ ઘાટ જ્યાંય, ના'વા પધાર્યા હરિરાય ત્યાંય;
સાથે હતો સૌ જનનો સમાજ, ભણે શ્રુતીમંત્ર સુવિપ્રરાજ. ૬૫
વાજિંત્ર વાજે વિવિધ પ્રકાર, કરે જનો સૌ જયનો ઉચાર;
સાથે કુટુંબી નર સર્વને લૈ, અવભ્રથ સ્નાન કર્યું તહાં જૈ. ૬૬
પછી પ્રભુ મંદિર માંહિ આવી, સભા સભામંડપમાં ભરાવી;
દિધાં દ્વિજોને બહુ શ્રેષ્ઠ દાન, આપી શકે કોણ પ્રભુ સમાન. ૬૭
સૌ વિપ્રને અંતર હર્ષ વ્યાપ્યો, મંત્રો ભણી આશિરવાદ આપ્યો;
રહ્યા દ્વિજો પુનમ સુધી જેહ, જમાડિયા શ્રીહરિ સર્વ તેહ. ૬૮
જમ્યા સુસંતો પણ તેહ વાર, જમ્યા સહુ જે જન વર્ણ ચાર;
નવે નિધિ ને વળી અષ્ટ સિદ્ધી, આવી વશી જ્યાં પ્રભુદૃષ્ટિ કીધી. ૬૯
સભા વિષે શ્રીહરિજી બિરાજી, કહે જનોને થઈ રાજી રાજી;
માહાત્મ્ય આ ધામ તણું જ જેવું, તે તુલ્ય તો અન્ય નહી જ એવું. ૭૦
આ ધામ છે અક્ષરધામ તુલ્ય, એમાં નથી રંચકમાત્ર ભુલ્ય;
એ ધામના અક્ષરમુક્ત જેહ, પામ્યા અહીં છે અવતાર તેહ. ૭૧
જન્મ્યા અમે કોશળદેશ માંહી, સ્થિતિ કરી છે પણ આવી આંહી;
દ્વારામતીથી અધિકૂં વિશેષ, તેમાં નથી સંશયમાત્ર લેશ. ૭૨
જોયાં અમે તીર્થ સમસ્ત ચાલી, ઉન્મત્તગંગા અતિ છે વહાલી;
લીળા કરી તે તટ માંહિ જેવી, બીજે નથી ક્યાંઈ કરી જ એવી. ૭૩
ઘણું ઘણું શું ઉચરું નિદાન, સર્વોપરી તીરથ એહ સ્થાન;
લૈ સર્વ તીર્થો સહ તોલ થાય, આ તીર્થની તુલ્ય નહી જણાય. ૭૪
તહાં શતાનંદ કવીન્દ્ર આવ્યા, સત્સંગીનું જીવન ગ્રંથ લાવ્યા;
તેણે કહ્યું ત્યાં જુગ જોડી હાથ, ભવિષ્યસુદ્ધાં લખી વાત નાથ. ૭૫
વાલો સુણીને વિચર્યા હુલાસે, જૈ કૂપ ગંગાજળિયાની પાસે;
સભા ભરીને સનમાન દીધું, તે ગ્રંથનું પૂજન ત્યાં જ કીધું. ૭૬
તે ગ્રંથની આરતી તો ઉતારી, પૂજ્યા કવિને પણ પ્રીત ધારી;
આભૂષણો ને ધન વસ્ત્ર લાવી, તે ભેટ તો પુસ્તકને ધરાવી. ૭૭

શ્રીમંત કે જે સરદાર રાય, સૌએ ધરાવી શુભ ભેટ ત્યાંય;
વસ્ત્રો તથા ભૂષણ દ્રવ્ય લૈને, મૂકે જનો પુસ્તક પાસ જૈને. ૭૮
જાણી શતાનંદની જોગ્ય જેહ, તેને સમર્પી શુભ ભેટ તેહ;
બાકી રહી તે હરિએ વિચારી, આચાર્ય બેના કર માંહિ ધારી. ૭૯
શ્રીજી કહે પુસ્તક એહ જાણો, સત્સંગીનું જીવન છે પ્રમાણો;
તેની કથા વાંચન થાય જ્યાંય, પ્રત્યક્ષ હું આવી વસીશ ત્યાંય. ૮૦
પછી તહાં વાદ્ય વિશેષ લાવ્યા, સત્સંગી સૌ સંત મળી સિધાવ્યા;
શ્યામે ધર્યું પુસ્તક શીશ ભાગ, પૂજા કરી જૈ વળી લક્ષ્મીબાગ. ૮૧
કર્યો ભલો ઉત્સવ એહ કાળ, રાજી થયા દીન તણા દયાળ;
પ્રસાદીની સાકર વેંચી દૈને, બિરાજિયા મંદિર માંહિ જૈને. ૮૨
હતા સમૈયે જન જેહ આવ્યા, સ્વદેશમાં શ્રીહરિએ વળાવ્યા;
પોતે જવાની રુચી ઊર આણી, ગયા પ્રભુ જ્યાં પુર કારિયાણી. ૮૩
એકાંતવાસો કરી એહ ઠામ, આવ્યા દિવાળી પર દુર્ગધામ;
કર્યો સમૈયો શુભ કાર્તકીનો, પ્રબોધિની નામ તિથિ ભલીનો. ૮૪

**પુષ્પિતાગ્રા :**

ગઢપુર છબી ગોપીનાથજીની, પ્રભુ પધરાવી તથા છબી રવીની;
પુનિત ચરિત તે સુણે સુણાવે, કદિ જમદાસ ન તેહ પાસ આવે. ૮૫

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે અષ્ટમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે દુર્ગપુરે*
*શ્રીગોપીનાથાદિપ્રતિમાસ્થાપનનામ ત્રિષષ્ટિતમો વિશ્રામઃ ॥૬૩॥*

**ઈતિ શ્રીહરિલીલામૃતે મહામંદિરનામ અષ્ટમકલશઃ સમાપ્ત ॥૮॥**



श्री स्वामिनारायणो विजयतेतराम्

ધ.ધુ.આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ વિરચિત

# ।। શ્રીહરિલીલામૃતમ્ ।।

## राजदुर्गनाम नवमकलशप्रारंभः ।।

**શાર્દૂલવિક્રીડિત :**

વૃત્તાલે કરી પુષ્પદોલ વિચર્યા ભાવાખ્ય[1] પૂરે હરિ,
ચૈત્રેથી ગઢડે રહ્યા વૃતપુરે જૈ કાર્તિકી ત્યાં કરી;
મુંબૈના પતિને મળ્યા નૃપગઢે[2] આચાર્ય હસ્તે વળી,
સ્થાપ્યા શ્રીરણછોડજી વૃતપુરે તેને નમું છું લળી. ૧
જેણે ખડ્ગ ક્ષમાસ્વરૂપી ધરિયું ધૈર્યાખ્ય ઢાલે ધરી,
નિર્માનિત્વ નવીન બખ્તર ધરી જીત્યા અસુરો અરી;
કીધો દિગ્વિજય પ્રતાપ જણવ્યો લૈ સંતરૂપી ચમું,
એવા સૌથી સમર્થ ઈષ્ટ સહજાનંદ પ્રભુને નમું. ૨

**પૂર્વછાયો :**

કહે અચિંત્યાનંદજી, ભાવે સુણો અભેસિંહરાય;
ગોપીપતિ પધરાવિયા, કહું તેહ પછીની કથાય. ૩

---

૧. ભાવનગર ૨. રાજકોટ

વસંત ઉત્સવ ગઢપુરે, કર્યો શ્રીહરિ સુખના ધામ;
ફાગણશુદિ એકાદશી સુધિ ત્યાં રહ્યા સુંદર શ્યામ. ૪

**ચોપાઈ :**

દ્વાદશી દિન પારણું કરી, વરતાલે જાવા ચાલ્યા હરિ;
સખા પાર્ષદ સંત સમાજ, સાથે લઈ સંચર્યા મહારાજ. ૫
આવે જ્યાં સતસંગીનું ગામ, રહે રાત ઠરીને તે ઠામ;
રસ્તે ભક્તોને દર્શન દૈને, રહ્યા બુધેજમાં પ્રભુ જૈને. ૬
ત્યાંથી ઈંદરણજ ગયા માવ, ત્યાં તો વાંક નામે છે તળાવ;
ગાયો ચારસેંનું ધણ હતું, જોવા કૃષ્ણને આતુર થતું. ૭
નવ ગાયો તો પુંછ ચડાવી, દોડતી પ્રભુ આગળ આવી;
બોલ્યા શ્રીહરિ જોઈને એવું, સર્વે અસ્વારે સાથે રહેવું. ૮
થયા અસ્વાર એકઠા જ્યારે, નવે ગાયો આવી પાસે ત્યારે;
હતા અસ્વાર માંહિ શ્રીહરિ, સૌને સાત પ્રદક્ષિણા ફરી. ૯
હાથ ઊંચો કર્યો ધર્મલાલે, ગાયો ધણમાં ગઈ તેહ કાળે;
બોલ્યા ગોવાળ અચરજ જોઈ, મોટાપુરુષ આ મધ્યે છે કોઈ. ૧૦
નામ સ્વામિનારાયણ જાણી, નમ્યા ચરણે બોલ્યા નમ્ર વાણી;
પછી પરવરિયા નરભ્રાત, ગામ હાડેવે જૈ રહ્યા રાત. ૧૧
ખળાવાડમાં કીધો મુકામ, આવ્યા દર્શન જન તેહ ઠામ;
સૌની તેઓએ બરદાશ કીધી, વસ્તુ જોઈયે તે લાવી દીધી. ૧૨
પ્રભાતે પ્રભુજી પરવરિયા, અણિંદ્રેથી પલાણે સંચરિયા;
દેતા દર્શન શ્રીવૃષલાલ, વસો થૈને આવ્યા વરતાલ. ૧૩
તિથિ તો હતી પૂરણમાસી, હરખ્યા જન વરતાલવાસી;
ધામધુમથી નાથ પધાર્યા, હરિમંડપ માંહિ ઉતાર્યા. ૧૪
કીધાં દેવ તણાં દરશન, જમીને સૌએ કીધું શયન;
જાણી સારો સમૈયો થનાર, આવિયા હતા સંઘ અપાર. ૧૫
બીજે દિવસ દોલોત્સવ કિધો, લાવ સૌ સતસંગીએ લીધો;
ભટ આવ્યા હતા દિનાનાથે, હરિએ આપ્યો શિરપાવ હાથે. ૧૬

લૈને ઉતાવળા ઘેર ચાલ્યા, જાતાં વાટમાં તસ્કરે ઝાલ્યા;
બોલ્યા કોળી તેને બાઝતાં જ, અલ્યા ભ્રાંમણ આલ્ય ને ભાંજ્ય[1]. ૧૭
બોલ્યા ભટ ધ્રૂજતા અકળાઈ, નથી ભાંગ્ય ખાતો હું તો ભાઈ;
એક કોળી બીજાને કહે છે, લઈ લ્યો આકડે મધ એ છે. ૧૮
પછી ખડિયો તેનો ખુંચી લીધો, તેણે ભટને ઘણો ત્રાસ દીધો;
ભટની ગઈ પાઘડી પડી, કરગરીને બોલ્યા ભટ રડી. ૧૯
મને દુર્બળ બ્રાહ્મણ જાણો, આપો પાછું દયા ઉર આણો;
કહે કોળી હું ઓળખું છુંય, બહુ સ્વામીને ધૂતે છે તુંય. ૨૦
તસકર એમ કહીને સિધાવ્યા, ભટજી પાછા વરતાલ આવ્યા;
કહ્યા શ્રીહરિને સમાચાર, દીધી ધીરજ હરિએ ઉદાર. ૨૧
રાખ્યા કામ તપાસવા તેય, નિત્યાનંદ ને શુકમુનિ બેય;
જવા સૌ સંઘને રજા દીધી, કૃષ્ણે પણ જવા તૈયારી કીધી. ૨૨
સાથે પાળા થોડા અસવાર, લૈને જાવાનો કીધો વિચાર;
નિત્યાનંદે વિચાર્યું તે કાળ, કોણ કરશે હરિ માટે થાળ. ૨૩
રસ્તે નાથ ઉતાવળા જાશે, મુકુંદાનંદે તો ન ચલાશે;
માટે મોકલીયે બીજા કોઈ, રસ્તે ચાલી શકે એવા જોઈ. ૨૪
નિજશિષ્ય શૂન્યાતીતાનંદ, વૈકુંઠાનંદ વર્ણી અદ્વંદ;
એહ આદિક મુનિજન ચાર, કર્યા સાથે જવાને તૈયાર. ૨૫
વિશ્વાધાર તે વિદાય થયા, સંજીવાડે જઈ રાત રહ્યા;
પ્રેમી બારોટ આવિયા પાસ, પ્રભુભક્ત નામે પ્રભુદાસ. ૨૬
પાટીદાર ભલા રખીભાઈ, એહ આદિક આવિયા ધાઈ;
પ્રેમે પ્રભુને નમ્યા સહુ કોઈ, વાળુ કાજે કરાવી રસોઈ. ૨૭
કર્યો થાળ તે વૈકુંઠાનંદે, કર્યું ભોજન વૃષકુળચંદે;
પછી ભોજન સૌને કરાવી, બેઠા શ્રીહરિ આગળ આવી. ૨૮
હતા બારોટ બુદ્ધિનિધાન, પુછ્યા પ્રશ્ન પંડિત સમાન;
અવિનાશીએ ઉત્તર આપ્યા, કરુણા કરિ સંશય કાપ્યા. ૨૯
સ્તુતિ બારોટે તે સમે કીધી, અહો નાથ તમે કૃપાનિધિ;
અક્ષરાતીત અંતરજામી, જય જય જગધર જગસ્વામી. ૩૦

૧. ભાંગ

**ત્રિભંગીછંદ :**

જય જય જગસ્વામી અંતરજામી અકળ અકામી બહુનામી,
જય અવિચળધામી ઈશ અકામી નહિ લવ ખામી ખગગામી;
ન ભજે જન વામી હોય હરામી કુબુદ્ધિ પામી ખળ કામી,
ત્વાં સદા ભજામિ તથા નમામિ દાસ ભવામિ હે સ્વામી. ૩૧

**દોહરો :**

હે સ્વામી હિતકારી હરિ, નૌતમ નરતનુ ધારી;
આવીને અમ ઘેર પ્રભુ, લીધી શુદ્ધિ અમારી. ૩૨
આ છબી અંતરમાં રહે, દ્યો એવું વરદાન;
તથાસ્તુ ત્યાં તે અવસરે, ભાખ્યું શ્રીભગવાન. ૩૩

**ચોપાઈ :**

રૂડી રીત્યે તહાં રહી રાત્ય, પ્રભુ પરવર્યા ઊઠી પ્રભાત;
બપોરા કર્યા જૈ ગળીયાણે, જમ્યા સાથવો શ્યામ તે ટાણે. ૩૪
ત્યાંથી જાખડે જૈ રહ્યા રાત, પીપળી ગયા ઊઠી પ્રભાત;
ગયા ધોળેરે ધર્મકુમાર, દેવદર્શન કીધું તે ઠાર. ૩૫
પુંજાભાઈ આદિ હરિભક્ત, આવ્યા સૌ પરિવાર સંયુક્ત;
પ્રભુને કર્યા પ્રેમે પ્રણામ, આપ્યું ભોજન આદિ એ ઠામ. ૩૬
સૌના હૈયામાં હરખ ન માય, જાણે પ્રભુદર્શન ક્યાંથી થાય;
બીજે દિન ગયા નાવડે નાથ, બપોરા કર્યા ત્યાં સહુ સાથ. ૩૭
કારીયાણી જઈ રહ્યા રાત, ત્યાંના હરિજન હરખ્યા આઘાત;
વસ્તાખાચરને દરબાર, ઉતર્યા પ્રભુ પ્રાણઅધાર. ૩૮
શૂન્યાતીતાનંદે સારી રીતે, કરાવ્યો થાળ પૂરણ પ્રીતે;
વૈકુંઠાનંદે કીધો તે થાળ, જમ્યા જીવન જનપ્રતિપાળ. ૩૯
પછી બોલ્યા પોતે બહુનામી, સુણો શૂન્યાતીતાનંદસ્વામી;
કાઠી આંહિના જે સરદાર, તે તો સૌને બોલાવો આ ઠાર. ૪૦
પછી મોકલ્યો જન સતસંગી, તેડી લાવ્યો તે સૌને ઉમંગી;
બોલ્યા તે પાસે શ્રીહરિ ત્યારે, ભાવનગર જવું છે અમારે. ૪૧

દાદોખાચર ખાચર સુરો, બોલ્યા પ્રેમ ધરી મન પુરો;
થોડા અસ્વાર સંત છે સાથ, ન જવાય એ રીતે હે નાથ. ૪૨
સુણી બોલીયા શ્રીઘનશ્યામ, જાય અસ્વાર ગઢપુરધામ;
સંત સર્વને જૈને સુણાવે, ભાવનગર સહુ સંત આવે. ૪૩
વળી કુંડળ સારંગપુર, એહ આદિક પુર ધરી ઊર;
જન કોઈને ત્યાં મોકલાવો, કાઠી અસ્વાર આંહિ તેડાવો. ૪૪
એવી શ્રીહરિની સુણી વાત, ગયા અસ્વાર બે રાતોરાત્ય;
ગઢડે જઈ સંતોને કહ્યું, જાઓ ભાવનગર સંત સહુ. ૪૫
શ્રીજી આવશે તે પૂરમાંય, તમે સૌ મળજો જઈ ત્યાંય;
સુણી સંત તો સર્વે સીધાવ્યા, કહું જે હવે અસ્વાર આવ્યા. ૪૬
ગયા ભક્ત અલૈયો ને સુરો, જેના અંતરમાં પ્રેમ પુરો;
સતસંગીના ગામે સિધાવ્યા, કાઠી અસ્વારને તેડી લાવ્યા. ૪૭
શૂન્યાતીતાનંદે તેહ વાર, ભાતું કરવાનો કીધો વિચાર;
વળી શ્રીજીના થાળને સારુ, સાથે સામાન લેવા વિચાર્યુ. ૪૮
જ્યારે વાત તે શ્રીજીએ જાણી, બોલ્યા સંત પ્રત્યે પ્રભુ વાણી;
ભાતાનું ને શીધાનું શું કામ, તે તો તૈયાર છે ગામોગામ. ૪૯
સંત જો સંતનો ધર્મ પાળે, અન્ન આવી મળે સર્વ કાળે;
ધર્મમાં રહે છે નવનિધિ, રહે ધર્મ વિષે અષ્ટસિદ્ધી. ૫૦
ભાતું રાખીયે તેટલું રાખો, બીજી ચિંતા બધી ટાળી નાંખો;
વળી હું કહું તે ઉર આણો, સુખ સ્વધર્મમાં સર્વ જાણો. ૫૧

**ધર્મી સાધુને અન્ન મળે છે તે વિષે : ઉપજાતિ :**

જે સ્નેહથી સંત સ્વધર્મ પાળે, ખામી નહી અન્નની કોઈ કાળે;
જો વાસ તે જૈ વનમાં કરેય, તો લોક આવી તહિં અન્ન દેય. ૫૨
સ્વધર્મ પાળે નહિ સાધુ જેહ, પામે ઘણું ભૂખનું દુઃખ તેહ;
મુખે કહે છે બહુ ભીખ માંગી, આ ચર્મની ઝુંપડી આગ્ય લાગી. ૫૩
ઊંધે શિરે થૈ પગ રાખી ઉંચા, રુવે ઘણી લાલચ રાખી લુચ્ચા;
તથાપિ ના પેટ પુરૂં ભરાય, વિના સ્વધર્મે શ્રમ વ્યર્થ જાય. ૫૪
દંડા કુટે છે જઈ હાટહાટે, ત્રાગું કરે છે વળી પેટ માટે;
તથાપિ શ્રદ્ધા વિણ લોક દે છે, કાળું કરો મૂખ જનો કહે છે. ૫૫

જે મારગે થૈ બહુ લોક જાય, પાણી ભરી નારી જતી જણાય;
પંચાગ્નિ તાપે ઠરી એહ ઠામે, તથાપિ પૂરું નહિ અન્ન પામે. ૫૬
જે સંતમાં ધર્મ ભલો જણાય, જ્યાં જાય ત્યાં પ્રેમ થકી પુજાય;
જો નીર માગે જન દૂધ આપે, સુખે જમે ધર્મ તણે પ્રતાપે. ૫૭
સુધર્મ જ્યારે દ્વિજમાં જણાતો, ત્યારે જનોને બહુ ભાવ થાતો;
દીઠી દ્વિજોમાં ખળતા ઘણેરી, શ્રદ્ધા ઘટી ગૈ જજમાન કેરી. ૫૮
સ્વપુત્ર જો શેલડી કાજ રૂવે, પીતા ન આપે વ્યય સામું જુવે;
તે સંતને સાકર અન્ન દે છે, જો સંતમાં ધર્મ રુડો જુવે છે. ૫૯
ધર્મિષ્ઠને મિષ્ટ મળે જ અન્ન, દિઠા મહાદુઃખી થતા જ અન્ય;
માટે તમે સર્વ સ્વધર્મ પાળો, અન્નાદિ ચિંતા ઉરમાંથી ટાળો. ૬૦

**પુષ્પિતાગ્રા :**

વૃતપુર થકિ ચાલી પદ્મપાણી, કૃત કરુણા કરી વાસ કારિયાણી;
રુચિ ધરી મન ભાવપૂર જાવા, નિજજનના મનમાં છબી ઠરાવા. ૬૧

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે નવમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિવૃત્તાલયાદ્ભાવનગરગમનાર્થે કાર્યાણીપુરાગમનનામ પ્રથમો વિશ્રામઃ ॥૧॥*

**પૂર્વછાયો :**

કહે અચિંત્યાનંદજી, સુણો ભૂપ ધરી નિજ ચિત્ત;
શૂન્યાતીતાનંદે સુણ્યાં, પ્રભુવચન પ્રીત સહીત. ૧

**ચોપાઈ :**

ભાતું રાખીયું રીત પ્રમાણે, વિચર્યા પછી ઊઠી વહાણે[૧];
રહ્યા રાત થઈ રોહિસાળે, હરખ્યા હરિજન તેહ કાળે. ૨
વિપ્ર ત્યાં ઓઝા લક્ષમીરામ, ઉતર્યા પ્રભુ એહને ધામ;
કાઠી કુંડળ આદિક તણા, ત્યાં તો આવિયા અસ્વાર ઘણા. ૩
ઢાલ તલવાર બરછીયોવાળા, જેને જોતાં ડરે જમ કાળા;
થાય હયનો ઘણો હહણાટ, તેથી ગાજી રહી બધી વાટ. ૪

૧. પરોઢિયે

ઓઝે સર્વની બરદાશ કીધી, રસોઇ રુડી રીતથી દીધી;
પ્રેમે પૂજા પ્રભુજીની કરી, ભાવે ભેટ તે આગળ ધરી. ૫
કેવા ભકત તે લક્ષ્મીરામ, તેની વાત કહું એહ ઠામ;
થયો જજ્ઞ ડભાણમાં જ્યારે, થયા તૈયાર ત્યાં જવા ત્યારે. ૬
ભેટ ધરવા હતું નહિ ધન, વેચી નાંખ્યું ખાવા તણું અન્ન;
એના સોળ રુપૈયા જે આવ્યા, જૈને શ્રીજીને ભેટ ધરાવ્યા. ૭
જાણી અંતરજામીયે વાત, સભા માંહિ બોલ્યા સાક્ષાત;
આવા ભક્ત છે આ અવસરમાં, ખાવા અન્ન રાખ્યું નહિ ઘરમાં. ૮
વેચી નાંખી તેનાં નાણાં કર્યાં, યજ્ઞ અર્થે લાવી આંહિ ધર્યાં;
પરિપૂર્ણ હવે જજ્ઞ થાશે, નહી નાણાંનો તોટો જણાશે. ૯
સુણી અંતરજામીની વાત, રુદે સર્વે થયા રળિયાત;
જ્યારે ઘેર ગયા લક્ષ્મીરામ, ધનપ્રાપ્તિ થઈ તેહ ઠામ. ૧૦
ધન્ય ધન્ય તો શ્રદ્ધા છે તેની, અતિ થાય પ્રશંસા જ એની;
કરે જે કોઈ શ્રદ્ધાથી કામ, રાજી થાય ઘણા ઘનશ્યામ. ૧૧

**શ્રદ્ધા વિષે : ઉપજાતિ :**

શ્રદ્ધા ધરે છે જનચિત્ત જેહ, ગણાય છે ઉત્તમ ભકત એહ;
શ્રદ્ધા વિના પૂજન જો કરાય, યથાર્થ તેનું ફળ તો ન થાય. ૧૨
શ્રદ્ધા વિનાનો જપ જાણ્ય કેવો, કરે મજૂરો નૃપવેઠ્ય તેવો;
શ્રદ્ધા વિનાનો ઉપવાસ થાય, તો ઢોરની લાંઘણ તે ગણાય. ૧૩
શ્રદ્ધા વિનાનુ બહુ દાન દેય, દીધા પછી જો પસતાય તેય;
આ લોકમાં કે પરલોકમાંઇ, તેની ન તેને ફળપ્રાપ્તિ કાંઇ. ૧૪
જો હોય પાસે ધન લાખ એક, તથાપિ શ્રદ્ધા નહિ હોય છેક;
ધર્માર્થ તેણે વવરાય કેમ, લુંટાય અંતે મધમાખી જેમ. ૧૫
જો કીર્તિ માટે કૃત ધર્મ કર્મ, જાણે જ તેનો ઉપમાર્થ મર્મ;
આ લોકમાં તે જન કીર્તિ પામે, મળે ન તેનું ફળ મોક્ષધામે. ૧૬
ભક્તિ કરે મંદિર કેરી કાંઇ, ન હોય શ્રદ્ધા પણ ચિત્તમાંઇ;
જો પાડ[1] તેના ધણીને ચડાવે, તો હેત તેથી હરિને ન આવે. ૧૭

૧. ઉપકાર કરવો

શ્રદ્ધા થકી શું ન કરી શકાય, શ્રદ્ધા થકી કામ સમસ્ત થાય;
શ્રદ્ધાળુ ભક્તો નિજ દેહ ગેહ, અર્પે પ્રભુને ગણી તુચ્છ તેહ. ૧૮
શ્રદ્ધાળુ સારા દ્વિજ લક્ષ્મીરામ, દીધા પ્રભુને કણ વેચી દામ;
તો શ્રીહરિએ બહુ માની લીધું, ન નાશ પામે ફળ એવું દીધું. ૧૯

**ચોપાઈ :**

ત્યાંથી ચાલ્યા પ્રભુ વળે[1] જાવા, રહ્યા ઘેલા નદી માંહિ નહાવા;
હરભમજી વળાના ભૂપાળ, આવ્યા અસ્વારી લૈ તતકાળ. ૨૦
સનમાન કરી રુડી રીતે, પુરમાં પધરાવિયા પ્રીતે;
અતિ ઉત્સાહે આપી રસોઇ, તેડ્યા દરબારમાં સમો જોઈ. ૨૧
પટ ભૂષણે પૂજિયા હરી, પૃથવી કૃષ્ણાર્પણ કરી;
છબી અંતર માંહિ ઉતારી, સ્તુતિ સ્નેહ સહીત ઉચ્ચારી. ૨૨

**શિખરિણી :**

નમો નિત્યાકારી[2] સુ નરતનુ ધારી સુખકરા,
કુનારી-કૃત્યારી[3] મદનમદહારી મુનિવરા;
મુરારી મલ્લારી[4] હરિ અરજ મારી ઉર ધરો,
પિબૈકારી સારી મુજમન તમારી છબી ઠરો. ૨૩

**ચોપાઈ :**

સ્તુતિ સાંભળીને ભગવાન, દિધું ભૂપને તે વરદાન;
બીજે દિન વિચર્યા બહુનામી, ગયા વરતેજ સંતના સ્વામી. ૨૪
નદી ગામથી પશ્ચિમમાંય, કરિ નિત્યક્રિયા પ્રભુ ત્યાંય;
વૈકુંઠાનંદે ટીમણ દીધું, ભક્તિપુત્રે તે ભોજન કીધું. ૨૫
જતાં ભાવનગર ભગવાન, મળ્યાં સંતમંડળ તેહ સ્થાન;
વડવા નામે પુરનું છે પરું, રૂપાભાઇનું ત્યાં ઘર ખરું. ૨૬
બીજા ભક્ત રાજાભાઈ જેહ, જાતે ક્ષત્રી ગરાશિયા તેહ;
તેણે જાણ્યું જે શ્રીહરિ આવ્યા, ત્યારે સન્મુખ સામૈયું લાવ્યા. ૨૭
ધામધૂમ થકી રુડી પેર, ઉતાર્યા રૂપાભાઇને ઘેર;
કર્યો થાળ ત્યાં વૈકુંઠાનંદે, કર્યું ભોજન વૃષકુળચંદે. ૨૮

૧. વલ્લભીપુર ૨. સાદા સાકાર ૩. ડાકીણીના દુશ્મન ભગવાન ૪. દુષ્ટ મલ્લોના દુશ્મન શ્રીહરિ

થઈ સંતની જુદી રસોઇ, જમ્યા સંત બીજા સહુ કોઈ;
વાલે બહુ કરી જ્ઞાનની વાત, પછી પોઢીને ઉઠ્યા પ્રભાત. ૨૯
હતો લીંબડો એક તે સ્થાન, કરાવ્યું ત્યાં શૂન્યાતીતે સ્નાન;
અતિ સારું પીતાંબર પહેરી, કરી નિત્યક્રિયા રંગલેહેરી. ૩૦
રૂપાભાઈને કહે અવિનાશ, તમે જૈ કહો ભૂપતિ પાસ;
મળવાની ઈચ્છા હરિ ધારે, ક્યારે આવે તે સૌધ[1] તમારે. ૩૧
રૂપોભાઈ તરત ગયા તહી, વજેસિંહજીને વાત કહી;
ઘણો હરખ જણાવ્યો ભૂપાળે, કહ્યું મળશું તો આવતી કાલે. ૩૨
પદવંદન પ્રેમે કહાવ્યું, જમવાને સીધુ મોકલાવ્યું;
રૂપાભાઈએ જૈ પ્રભુ પાસ, કરી વાત તે સર્વ પ્રકાશ. ૩૩
બાઈ અવલ જે વિપ્ર શ્રીમાળી, કરી જાણે રસોઈ રૂપાળી;
તળાજા પુરની રહેનારી, તેણે કીધી રસોઈ ત્યાં સારી. ૩૪
જમ્યા જીવન જગદાધાર, સંત પાળા જમ્યા બીજે ઠાર;
પછી શ્યામે સભા સજી જ્યારે, આવ્યો ત્યાં સુરતી સઈ[2] ત્યારે. ૩૫
એનું નામ તો આતમારામ, કરી જાણે તે ઉત્તમ કામ;
ભક્તિપુત્રનો ભકત અનન્ય, જેના અંતરમાં નહિ અન્ય. ૩૬
લાવ્યો તે એક ડગલી બનાવી, કરી શ્રીહરિને ભેટ આવી;
બુટા બખીયા બનાવેલા એમાં, જોતાં અદ્‌ભુતતા દીસે જેમાં. ૩૭
ઘણા માસ કરીને પ્રયાસ, પ્રેમે લાવેલો શ્રીહરિ પાસ;
ડગલી પુરમાં વખણાણી, વાત તે તો વજેસિંહે જાણી. ૩૮
ત્યારે જોવાને ડગલી મગાવી, કહ્યું પુરનાં સૈયોને બોલવી;
આવી ડગલી મને કરી દેજો, મ્હોર સો તેહનું મૂલ લેજો. ૩૯

**શાર્દૂલવિક્રીડિત :**

કીધી શ્રીહરિ એક ડગલી સૈયે ઘણા સ્નેહથી,
રાજાએ નિરખી બધા દરજીને ત્યાં તો કહ્યું તેહથી;
જો આવી મુજ કાજ સૌ મળી કરો સો મ્હોર આપું સહી,
આ ટેભા અતિ હેતના અમ થકી આવી ન થાશે અહી. ૪૦

૧. મહેલ ૨. દરજી

**ચોપાઈ :**

પછી સુરતી આતમારામ, તેને ભૂપે કહ્યું તેહ ઠામ;
આવી ડગલી કરી આપો અમને, સારું આપું ઈનામ તો તમને. ૪૧
કહે દરજી સુણો નરઈશ, જે છે અક્ષરધામ અધીશ;
એને અર્થે મેં ડગલી બનાવી, ચિત્ત ઘાલી ઘણો પ્રેમ લાવી. ૪૨
અંતે પામવું અક્ષરધામ, એવું લેવાને મોટું ઈનામ;
એમાં કારીગરી કરી જે છે, ટેભા અંતઃકરણ તણા તે છે. ૪૩
કોઈ ગામ આપે કદિ રીઝી, એવી ડગલી બને નહી બીજી;
એવાં વચન સુણાવીને કાન, ગયા દરજી સહુ નિજ સ્થાન. ૪૪
નરનાથે થઈને નિરાશ, મોકલી ડગલી પ્રભુ પાસ;
રુડી રીતે પોઢ્યા પ્રભુ રાતે, કરિ નિત્યક્રિયા તે પ્રભાતે. ૪૫
શૂન્યાતીતાનંદાદિક સંત, ભાખે તે પ્રત્યે શ્રીભગવંત;
તમે જૈને કરાવો રસોઈ, વરતેજ નદીતટ જોઈ. ૪૬
અમે રાજાને મળવાને જાશું, મળી ત્યાં આવીને ભેળા થાશું;
એમ કહિ કર્યા સૌને વિદાય, બેઠા તૈયાર થઈ હરિરાય. ૪૭
ભૂપે શ્રીજીને તેડવા ધારી, મોકલી સજીને અસવારી;
દરબાર વિષે રુડી રીતે, પધરાવ્યા પ્રભુજીને પ્રીતે. ૪૮
સ્નેહ વંદિ કર્યું સનમાન, ભલે આવ્યા કહ્યું ભગવાન;
હોય અમ સરખું કાંઈ કામ, સુખે ઉચ્ચરો શ્રીઘનશ્યામ. ૪૯
બોલ્યા શ્રીહરિ તેહ સમામાં, થાય મંદિર છે ગઢડામાં;
પધરાવ્યા અમે ગોપીનાથ, રાજી છે સહુ પુરજન સાથ. ૫૦
સાચા સંત ત્યાં ભજન કરે છે, ઉગ્ર તપ પણ તે આચરે છે;
તેનો ભાગ ભૂપાળને આવે, એવી રીતે શ્રુતિસ્મૃતિ ગાવે. ૫૧
પણ આવે છે આપના જન, કરે છે કાંઈ આવી વિઘન;
રાજીપો આપનો જો ન હોય, પ્રતિમાઓ ઉથાપિયે સોય. ૫૨
પધરાવીયે જૈ બીજે ગામ, કહો તો રચિયે પુરું ધામ;
સુણી બોલ્યા ગોહેલકુળભાણ[1], મીઠાબોલા ને નીતિના જાણ. ૫૩

૧. ભાવનગરના રાજા વજેસિંહજી

આપ એશું બોલ્યા મહારાજ, કરું આપ પ્રતાપે હું રાજ;
મારા દેશ વિષે વિચરો છો, મોટું ધામ વળી આદરો છો. ૫૪
તેથી દેશમાં છે નવનીધ, સુખસંપત્તિ છે સર્વવીધ;
એમ કહી કારકુન બોલાવ્યો, રુડી રીતેથી હુકમ લખાવ્યો. ૫૫
કરે સ્વામિનારાયણ ધામ, કોઈ હરકત ન કરે તે ઠામ;
કરી સહી નિજ સિક્કાથી છાપ્યો, હરિના હાથમાં પત્ર આપ્યો. ૫૬
પછી ત્યાં થકી શ્યામ સિધાવ્યા, ભૂપ ધ્વાર સુધી સાથે આવ્યા;
પગે લાગી જ્યારે પાછા વળીયા, વાલો વરતેજની વાટે પળીયા. ૫૭
રૂપાભાઈ આદિક હરિજન, વળાવાને આવ્યા ધરી મન;
પુત્રી ઠક્કર હરજી તણી, હતી વરતેજ માંહી પરણી. ૫૮
હરિભક્ત ભલી પ્રેમ નામે, તેને ખબર કરી તેહ ગામે;
તેથી સનમુખ આવી તે બાઈ, છેલી પીપર સુધી તે ધાઈ. ૫૯
તહાં પોચ્યા જ્યારે ઘનશ્યામ, ધરી રુપૈયો કીધા પ્રણામ;
હતો મેવો રાજાભાઈ પાસે, લીધો હાથમાં તે અવિનાશે. ૬૦
પ્રસાદી કરી બાઈને દીધો, અતિ ઉત્સાહથી તેણે લીધો;
બોલી બાઈ જોડીને બે હાથ, ભવ સુફળ થયો આજ નાથ. ૬૧
આંહી તમથી વિજોગે રહેવું, હું તો જાણું છું જમપુરી જેવું;
ત્યારે શ્યામ કહે સારું થાશે, ભગવાન ભજ્યે કષ્ટ જાશે. ૬૨
જ્યારે વરતેજ વાલો સિધાવ્યા, સામા મેઘજી ઠક્કર આવ્યા;
પ્રેમબાઈ તણા તે તો પતી, લગની હરિમાં તેને હતી. ૬૩
તેણે રાખવાની કરી તાણ, પણ નવ રહ્યા શ્યામ સુજાણ;
ગામ સોંસરા સંચર્યા હરિ, ગયા જ્યાં નદી છે માલેજરી. ૬૪
ભાવનગરથી અવલબાઈ, લૈને આવ્યાં તે મેવા મિઠાઈ;
નદી કાંઠે છે કાળિયો આંબો, ઘેરગંભીર પહોળો ને લાંબો. ૬૫
જમ્યા ત્યાં ઉતરીને મીઠાઈ, પ્રસાદી પછી સૌને અપાઈ;
ભાવનગરના જન પાછા ફરિયા, પ્રભુ તે નદિયે થિર ઠરિયા. ૬૬
વર્ણીએ રસોઈ કરી હતી, પ્રીતે તે જમ્યા સંતના પતી;
જમ્યા સંત પાળા અસવાર, ચાલ્યા ત્યાં થકી થૈને તૈયાર. ૬૭

ચૈત્ર શુદિ પડવે હતી જ્યારે, ગયા ગોવિંદ ગઢપુર ત્યારે;
જન હરખિયા ગઢપુરવાસી, હતા હરિને વિજોગે ઉદાસી. ૬૮

**પુષ્પિતાગ્રા :**

ભગવત શુભ ભાવપત્તને જૈ, કરી જયકાર પધારિયા ખુશી થૈ;
પછી ગઢપુરમાં વશા સુપ્રીતે, અમ ઉર માંહી વસોજી એ જ રીતે. ૬૯

*ઇતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે નવમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે*
*શ્રીહરિભાવનગરવિચરણનામ દ્વિતીયો વિશ્રામઃ ॥૨॥*

**પૂર્વછાયો :**

હરિજયંતીનો કર્યો, સારો સમૈયો ગઢપુર માંય;
હરિજન દેશોદેશના, આવ્યા સંઘ સજીને ત્યાંય. ૧

**ચોપાઈ :**

સંતમંડળ આવિયાં સહુ, હરિજન પણ આવિયા બહુ;
સ્નેહે શ્રીજીનાં દર્શન કરે, છબી નિરખીને અંતરે ધરે. ૨
ગોપીનાથનાં દર્શને જાય, તે તો શ્રીજીસ્વરૂપે દેખાય;
કરે ઉન્મતગંગામાં સ્નાન, આપે દ્વિજને નાનાવિધ દાન. ૩
ધન ખરચે સારો સમો જોઈ, આપે સંતોને સારી રસોઈ;
સભા શ્રીજીની પાસે ભરાય, વાતો જ્ઞાન વૈરાગ્યની થાય. ૪
મુખે મધુરવચન બોલે શ્યામ, જાણે અમૃતવરસે એ ઠામ;
રામનવમીનો દિન થયો જ્યારે, સજી શ્રીજીએ અસ્વારી ત્યારે. ૫
ચડ્યા માણકીએ ગિરધારી, કરે ચમર મુકુંદ બ્રહ્મચારી;
શોભે સંગે સખા અસવાર, દાદાખાચર આદિ અપાર. ૬
બેઠા રથ માંહિ સંત મહાંત, દૃષ્ટિ નાસાગ્ર ધરી નિર્ભ્રાંત[૧];
સંત હરિજન કીર્તન ગાય, સૌને આનંદ ઉર ન સમાય. ૭
નારાયણધરે નાથ પધાર્યા, સૌને આનંદ અધિક વધાર્યા;
વસ્ત્ર એક ધરી મુનિનાથ, નાવા જળમાં પેઠા સખા સાથ. ૮

૧. નક્કી

જળકેળિ કરે હરિરાય, સખા સંત મળી સહુ ગાય;
પછી વસ્ત્ર પેર્યાં પ્રભુ જ્યારે, સ્નેહે સંતે પૂજા કરી ત્યારે. ૯
કર્યું તિલક કેસર કેરું ભાલ, કર્યો કુમકુમ ચંદ્રક લાલ;
હાર તોરા ચડાવ્યા હરીને, ચાલ્યા શ્રીજી સવારી કરીને. ૧૦
જન જોવાને આતુર થાય, પથમાં બહુ ભીડ ભરાય;
દાદાખાચરને દરબાર, બેઠા આવીને ધર્મકુમાર. ૧૧
સમો મધ્યાહ્નનો થયો જ્યારે, રામજન્મ ઉત્સવ કર્યો ત્યારે;
ત્રીજા પહોર પછી સભા ભરી, બિરાજ્યા લીંબડાતળે હરી. ૧૨
બેઠા સંત બેઠા સંતસંગી, ધર્મવંશીયો બેઠા ઉમંગી;
નિત્યાનંદને નાથ કહે છે, વિદ્યા કોણ વિશેષ ભણે છે. ૧૩
નિત્યાનંદ કહે તેહ ઠામ, સારા અભ્યાસી છે સીતારામ;
ઈચ્છારામજીના પુત્ર એહ, સારું સંસ્કૃત જાણે છે તેહ. ૧૪
કહે કૃષ્ણ કરીને વિવેક, સીતારામ બોલો શ્લોક એક;
ઉભા થૈ તે સમે સીતારામ, સારો શ્લોક બોલ્યા તેહ ઠામ. ૧૫

**વૈતાલીય : અક્ષરચિંતામણી :**

નૃહિતાંગધૃતં ચ ભૂપતિં, જિતમારં જલજાભલોચનમ્ ।
ચિરભોગપદં કલાકરં, સહજાનંદગુરુ ભજે સદા ધીમતંકૃપાલુંચ ॥ ૧૬

**અર્થ :** *માણસના હિતને અર્થે શરીર ધરનારા અને પૃથ્વીના રક્ષણ કરનારા અને જિત્યો છે કામદેવ જેણે અને કમળની કાંતિ જેવાં છે નેત્ર જેનાં અને નિરંતર ભોગે યુક્ત છે સ્થાન જેનું અને અનેક કળાઓના સ્થાનરૂપ એવા સહજાનંદ ગુરુને હું નિરંતર ભજું છું; વળી કેવા છે તો બુદ્ધિમાન અને દયાવાળા છે. (૧૬)*

**ચોપાઈ :**

શ્લોક સાંભળીને ઘણો સારો, દિલમાં રિઝ્યા ધર્મદુલારો;
સીતારામને શિર કર થાપી, શાલ પાગ પ્રસાદીની આપી. ૧૭

રાત દશ ઘટિકા ગઈ, જ્યારે, હરિજન્મ ઉચ્છવ કર્યો ત્યારે;
પારણામાં ઝુલે પરમેશ, દિસે પ્રત્યક્ષ શ્રીઅક્ષરેશ. ૧૮
જોઈ જનમન અચરજ થાય, લીલા શ્રીહરિની ન કળાય;
બીજે દિવસ મહાપ્રભુ પાસ, બોચાસણના આવ્યા કાશિદાસ. ૧૯
ધ્રુવ પ્રહ્લાદ ને અંબરીશ, તેની તુલ્ય ભજે જગદીશ;
કહ્યું તેણે અહો ભગવંત, મારે આજ જમાડવા સંત. ૨૦
આપ પિરશીને ખૂબ જમાડો, મારો પૂર્ણ મનોર્થ પમાડો;
શ્રીજીએ કહિ સંતોને વાત, કરાવ્યાં શાક ને દાળ ભાત. ૨૧
જઈને લખુ કંદોઇ પાસે, આપ્યો સામાન શુભ કાશિદાસે;
કહ્યું મોતિયા લાડુ બનાવો, સમો પંક્તિનો થાય ત્યાં લાવો. ૨૨
પછી મોતિયા તેણે બનાવ્યા, થયો પંક્તિ સમો ત્યારે લાવ્યા;
કહે સહુ આટલાથી શું થાશે, અર્ધિ પંગતે આ પીરસાશે. ૨૩
લખું કંદોઇ બોલિયા એમ, કર્યું મેં મારાથી થયું જેમ;
પુરીયો સંત પાસે કરાવો, બબે લાડુ પુરી પીરસાવો. ૨૪
પ્રભુ પાસે જઈ કાશિદાસ, કહી વાત તે થૈને ઉદાસ;
આપ્યો કંદોઈને મેં સામાન, ન કર્યો લાડુ તેહ સમાન. ૨૫
આ તો અર્ધા જ લાડુ તે છતમાં, પહોંચે નહી પૂરી પંગતમાં;
સંત કાલના છે ઉપવાસી, હવે હું કરવું સુખરાશી. ૨૬
રહ્યા મનના મનોરથ મનમાં, વળી હાંશી થાશે સહુ જનમાં;
પછી લાડુ પાસે પ્રભુ આવ્યા, લાડુ કેટલા છે તે ગણાવ્યા. ૨૭
લાડુ તો થયા એક હજાર, પાંચસેં સંત છે જમનાર;
કાશિદાસનો થાબડી વાંસો, કહે કૃષ્ણ ઉદાસી ન થાશો. ૨૮
સંતપંક્તિ કરાવી તે ઠામ, લાડુ પીરસે શ્રીઘનશ્યામ;
બબે લાડુ લઈ બેય કરમાં, પીરસે એકના જ પત્તરમાં. ૨૯
જોતાં ચિત્તમાં ચટપટી થઈ, કાશિદાસની ધીરજ ગઈ;
જાણે હમણાં થાશે ઉપહાસ, પીરસાશે બસેં ને પચાસ. ૩૦
લાડુ ઊપર વસ્ત્ર ઢાંકેલ, કોઈ જાણે ન કેટલા રહેલ;
રહ્યા પીરસી પરમ પ્રતાપી, પછી જમવાની આગન્યા આપી. ૩૧
બબે લાડુ મુક્યા બીજીવાર, ત્રીજીવાર અકેકો તે ઠાર;
ચોથી વાર અકેકો જે લેય, છાતી માંહિ ચરણ તેને દેય. ૩૨

પિરશ્યું ત્યાં ઘણીવાર એમ, કાશિદાસ રીઝે મને જેમ;
દાળ ભાત ને શાક છે જેહ, પીરસે છે બીજા સંત તેહ. ૩૩
કાશિદાસના ઉચ્ચટ ટળિયા, એના મનના મનોરથ ફળિયા;
રિઝ્યા અંતરમાં તે અમાપ, જાણ્યો પ્રગટ પ્રભુનો પ્રતાપ. ૩૪
જમ્યા પાર્ષદ આવી અનેક, તોય લાડું ખુટ્યા નહિં છેક;
જન સર્વ જમી રહ્યા જ્યારે, તો ય લાડુ તો બહુ વધ્યા ત્યારે. ૩૫
લાડુ દરબારમાં મોકલાવ્યા, કાશિદાસને કાંઈ અપાવ્યા;
એવાં ચરિત્ર કરે પરમેશ, ગાય શારદા શેષ મહેશ. ૩૬
જન સૌ વશ્યા પૂર્ણિમા સુધી, કર્યું વર્ણન મેં જેવી બુદ્ધી;
જન સર્વ ગયા નિજસ્થાન, રહ્યા ગઢપુરમાં ભગવાન. ૩૭

**પુષ્પિતાગ્રા :**

ગઢપુર નિજધામ જોગ્ય જાણી, હરિનવમી કરિ કૃષ્ણ હેત આણી;
કરી હરિવર ત્યાં ક્રિયા વિચિત્ર, ચિંતવન જોગ્ય ચરિત્ર તે પવિત્ર. ૩૮

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે નવમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિદુર્ગપુરે*
*શ્રીરામનવમ્યુત્સવકરણનામ તૃતીયો વિશ્રામઃ ॥૩॥*

**પૂર્વછાયો :**

ગુણનિધિ ગઢપુર વિષે, વશ્યા ચાતુરમાસ નિવાસ;
જન્માષ્ટમી આદિક કર્યા, શુભ ઉત્સવ શ્રીઅવિનાશ. ૧

**ચોપાઈ :**

ગોપીનાથના મંદિર કેરું, હતું કામ અધુરું ઘણેરું;
પાસે રહીને તે પૂરું કરાવ્યું, જોતાં ભક્તો તણે મન ભાવ્યું. ૨
દસરા પછી આવી દીવાળી, અન્નકૂટ કરી હદ વાળી;
કર્યા ઉચ્છવ ગઢપુરમાંઇ, તેની ગણતી ન થઈ શકે કાંઈ. ૩
સમૈયા પણ અપરમપાર, કર્યા શ્રીહરિએ એહ ઠાર;
લખતાં બહુ જુગ વીતી જાય, ગઢપુરની લીળા ન લખાય. ૪

અન્નકૂટ કરી અહારી, વરતાલ જવા રુચી ધારી;
સાથે લૈ સખા સંતસમાજ, ચાલ્યા સારંગપુર મહારાજ. ૫
બેઠા વેલ્યમાં વૃષકુળભૂપ, શોભે સુંદર મૂરતી અનૂપ;
રહ્યા સારંગપુર જઈ રાત, પછી ઊઠીને ચાલ્યા પ્રભાત. ૬
કરુણા કરીને કૃપાનાથ, ગયા સુંદરિયાણે સૌ સાથ;
ત્યાંથી ચાલિયા નટવરનાવ, આવી રસ્તે જતાં એક વાવ્ય. ૭
જળ તેમાંથી પીધું જનેશ, સંતે વાવ્યમાં જળ નાખ્યું શેષ;
અણિયાળીએ જૈ દયાસિંધુ, પુંજાભાઈને દર્શન દીધું. ૮
ધંધુકે વાવ્ય ઊપર જૈને, રહ્યા રાત તહાં રાજી થૈને;
ખસતાની નદી તણે તીર, બીજે દિવસ રહ્યા નરવીર. ૯
સુતા સૌ જન રાત્રીયે જ્યારે, એક વાઘ આવ્યો તેહવારે;
તેને હાકોટો જ્યાં કર્યો હરિ, વાઘ ચાલ્યો ગયો દિલે ડરી. ૧૦
જેની બીકથી કાળ બીનારો, કોણ માત્ર ત્યાં વાઘ બિચારો;
પ્રભાતે ત્યાંથી ચાલી કૃપાળે, બપોરા કર્યા જૈ કમિયાળે. ૧૧
બોરુયે જઈને બળવીર, રહ્યા રાત્ય તળાવને તીર;
સાભ્ર ઉતર્યા ઊઠી વહાણે, ગયા ગોવિંદજી ગળીયાણે. ૧૨
રહ્યા સરવર તટ થઈ રાજી, જમ્યા ત્યાં તો ચણેચીની ભાજી;
રોટલો બાજરીનો તે સાથ, જમ્યા નેહથી નટવરનાથ. ૧૩
બીજે દિન ગયા વરસડે ગામ, હતું પીલુનું ઝાડ તે ઠામ;
જમ્યા શાક વૃંતાકનું ત્યાંય, બાજરી તણા રોટલામાંય. ૧૪
રહ્યા રાત્ય જઈ સંજીવાડે, ધોળી શેલડી આવી તે દાડે;
નિત્યાનંદે સુધારીને આપી, જમ્યા તે પ્રભુ પ્રૌઢપ્રતાપી. ૧૫
બીજે દિવસ આવ્યા વરતાલ, પુરુષોત્તમ જનપ્રતિપાળ;
સંત હરિજન સામા સિધાવ્યા, રુડી રીતે પ્રભુ પધરાવ્યા. ૧૬
કરી દેવનાં દર્શન ત્યાંય, ઉતર્યા હરિમંડપમાંય;
આવ્યો કાર્તિકી દશમીનો દન, આવ્યા સંઘ સજી હરિજન. ૧૭
સમૈયો તે પ્રબોધની કેરો, થયો તે સમે સરસ ઘણેરો;
પાંચ દિવસ લગી પરમેશ, ધરે નિત્ય નવો નવો વેશ. ૧૮

તેના મર્મનું એહ નિદાન, ધરે ભક્ત સદા એવું ધ્યાન;
કિનખાબ તણો સુરવાળ, કિનખાબની ડગલી વિશાળ. ૧૯
માથે મંડિલ બહુ મૂલવાળું, ખભે શેલું રંગેલું રુપાળું;
રેટો કમરે કશી લિધો એવો, સદા ધ્યાનમાં રાખવા જેવો. ૨૦
એવા નિત્ય નવા શણગાર, ધરે પ્રીતમ પ્રાણઆધાર;
સભામાં બેસે સુંદરશ્યામ, પુરુષોત્તમ પૂરણકામ. ૨૧
લીંબડા હેઠા પાટ ઢળાવી, ગાદિતકિયો તે ઉપર મુકાવી;
ઉત્તરાભિમુખે બેઠા નાથ, આવ્યો ત્યાં જીર્ણગઢ તણો સાથ. ૨૨
તેહમાં નારાયણજી સુતાર, અતિશે પ્રભુમાં જેનો પ્યાર;
વામ પડખું પ્રભુનું વિલોક્યું, તેમાં પ્રાણસહિત મન રોક્યું. ૨૩
સંભારે મુરતી જ્યારે જ્યારે, એ જ સ્વરૂપ સાંભરે ત્યારે;
હરિએ મનની વાત જાણી, ત્યારે તે પ્રત્યે બોલિયા વાણી. ૨૪
ચોટી રૂપમાં વૃત્તિ તમારી, તેવી છાપ કરી લાવો સારી;
સતસંગી તથા સંત જેહ, પૂજશે સ્મરશે છબી તેહ. ૨૫
નારાયણજીએ વિનતિ ઉચ્ચારી, છાપ એવી બનાવીશ સારી;
રામનવમીયે હું આવીશ, ગઢપુરમાં તે છાપ લાવીશ. ૨૬
સુણી રાજી થયા મહારાજ, થયો રાજી તે સર્વસમાજ;
સભામાં તે સમે સુખકારી, કરે જ્ઞાનની વાત મુરારી. ૨૭
ઊંડો વાત વિષે મર્મ લાવે, જવા ધામમાં ઈચ્છા જણાવે;
કહે સ્પષ્ટ તો જન ગભરાય, તેની ચિંતા ધરે મનમાંય. ૨૮
લાલજી ગોર ગઢડેથી આવ્યા, તે તો સારા સમાચાર લાવ્યા;
પતની જે ગોપાળજી કેરી, મેના નામે સુધર્મી ઘણેરી. ૨૯
તેણે પ્રસવ્યો તહાં એક પુત્ર, તેથી શોભ્યું તેનું ઘરસૂત્ર;
કાર્તકી શુદિ અષ્ટમી જ્યારે, થયો પુત્ર તણો જન્મ ત્યારે. ૩૦
શ્રીજી જાણે ભવિષ્યની વાત, તેથી અંતરે હરખ્યા અઘાત;
નિજગાદિ તણો અધિકાર, તેના વંશ વિષે છે જનાર. ૩૧
તેથી આનંદ અંતરે લાવી, ઘણી સાકર ત્યાં વહેંચાવી;
વધામણિયાને બંધાવી પાગ, ઉપજ્યો મુદ સૌને અથાગ. ૩૨

હતા ગોપાળજી પણ આંહી, તેઓ રાજી થયા મન માંહી;
એક દિવસે દયાવંત નાથ, વાતો કરતા હતા સહુ સાથ. ૩૩
બેસી પગથિયે મંદિરકેરે, બોલ્યા વચન તે મર્મ ઘણેરે;
સતસંગ વધ્યો બહુ ઠામ, ન જવાય અમે ગામોગામ. ૩૪
અમને પૂછવું હોય જેહ, શિક્ષાપત્રીને પૂછજો તેહ;
શિક્ષાપત્રી અમે રચી સારી, એ તો જાણવી મૂર્તિ અમારી. ૩૫
એ થકી ઉલટા વર્તનારા, સંપ્રદાયી નહી તે અમારા;
તેનું કલ્યાણ પણ નહિ થાય, એમ જાણજો સૌ મનમાંય. ૩૬
એવી વાત ઘણી કરી નાથે, સુણી લીધી સહુ જન સાથે;
હરિભક્ત વડોદરા કેરા, પ્રભુપદ પર પ્રેમી ઘણેરા. ૩૭
પ્રભુદાસ ઈશ્વર વનમાળી, જગજીવને શુભ તક ભાળી;
મોતૈયા લાડવાની રસોઈ, દીધી સંતોને હરષિત હોઈ. ૩૮
શ્રીજી સ્નેહ સહિત આદરે, પંગતીમાં પીરસવા ફરે;
હેમ માદળિયું પ્રભુદાસે, ધર્યું ભેટ મહાપ્રભુ પાસે. ૩૯
કંઠમાં ધરીને કૃપાનાથ, ગયા મંદિરમાં સંત સાથ;
લઈ માદળિયું હાથમાંય, લાગ્યા ચિત્તે વિચારવા ત્યાંય. ૪૦
નારાયણને કે આ લક્ષ્મીને કેને અર્પું આ હેત કરીને;
બહુ વિચારી મનમાં ઠરાવ્યું, નારાયણને જ તે તો ધરાવ્યું. ૪૧
પ્રભુદાસ કહે મહારાજ, મને સાધુ કરો તમે આજ;
હવે ઘેર હું તો નહિ જાઉં, સેવા કરવા સદા સાધુ થાઉં. ૪૨
સુણી બોલિયા શ્રીઅવિનાશ, રહો છો રઘુવીરજી પાસ;
તમે છો તેમના છડિદાર, સારી રીતે સેવા કરનાર. ૪૩
માટે તે જ સેવા તમે કરો, સાંખ્યયોગી તણું વ્રત ધરો;
સુણી એવું રઘુવીર પાસ, રહ્યા પાર્ષદ થૈ પ્રભુદાસ. ૪૪
વળી એક દિવસ તણી વાત, સુણો ભૂપ અભેસિંહ ભ્રાત;
રાયજીભાઈ જેહનું નામ, વટપત્તનમાં જેનું ધામ. ૪૫
તે તો સીધું રસોઈનું લાવ્યા, જલેબી ને મોતૈયા કરાવ્યા;
સાધુની ધર્મશાળા છે જ્યાંય, બેઠા સૌ સંત જમવાને ત્યાંય. ૪૬

પ્રીતે પીરસે પ્રાણઆધાર, ફર્યા પંગતમાં ત્રણ વાર;
બ્રહ્માનંદના પાત્રની પાસ, ત્રીજી વાર આવ્યા અવિનાશ. ૪૭
દીસે દુર્બળ જેમ શરીર, તેમ બેસી ગયા બળવીર;
ખમા ખમા બોલ્યા ત્યારે સંત, ઉદાસી થયા સર્વે અત્યંત. ૪૮
સૌનો શોક મટાડવા કાજ, વળી ઉભા થયા મહારાજ;
શાંતિ સૌ જનને થાય જેમ, લાગ્યા પીરસવા પ્રભુ તેમ. ૪૯
કરે મર્મમાં એમ ઉચ્ચાર, જમો સંત આ લ્યો છેલી વાર;
તેનો મર્મ મોટા મોટા જાણે, અન્ય તો નહિ સંશય આણે. ૫૦
એવી લીળા કરે અવિનાશી, સભા સાંજે સજે સુખરાશી;
વળી એક સમે મહારાજ, ગયા મંદિર દર્શન કાજ. ૫૧
બોલ્યા ગોપાળજી જોડી હાથ, મારી વિનતિ સુણો કૃપાનાથ;
કર્યું આ સ્થળે દ્વારિકાધામ, આવ્યાં ગોમતી પણ એહ ઠામ. ૫૨
શંખ ચક્ર ગદા પદ્મ છાપ, લેવા આવે છે લોક અમાપ;
પણ રણછોડજી તણી આંહિ, મુરતી નથી આ ધામ માંહી. ૫૩
માટે તે પધરાવો જો સ્વામી, એટલીયે મટી જાય ખામી;
આપ બોલ્યા હતા સભા માંહી, રણછોડજી થાપશું આંહી. ૫૪
ક્યારે કરશો તે સત્ય વચન, જાણવાને ઇચ્છે મુજ મન;
કહે શ્રીજી તમે જ સિધાવો, મૂર્તિ ડુંગરપર જઈ લાવો. ૫૫
મુરતીનું પ્રમાણ બતાવ્યું, ધન ખર્ચીને માટે અપાવ્યું;
કમાભક્તને મોકલ્યા સાથે, નિર્ગુણાનંદ આદિને નાથે. ૫૬
તે તો ડુંગર ભણી ગયા, પ્રભુ ચાલવા તતપર થયા;
ભળામણ હરિભક્તોને દૈને, ચાલ્યા શ્રીહરિ તો સજ્જ થૈને. ૫૭
વે'લમાં બેઠા અંતરજામી, પગ ચાંપે નિત્યાનંદસ્વામી;
સતસંગી વળાવાને આવ્યા, ભેટ કરવા ભાતું ભલું લાવ્યા. ૫૮
માંદા જેવા દિસે મહારાજ, ઉદાસી થયો સર્વસમાજ;
રાવલી સુધી સૌ ગયા સાથે, પછી પાછા વળો કહ્યું નાથે. ૫૯
હરિભક્ત થયા દિલગીર, આવ્યાં નેણમાં નેહનાં નીર;
આપી ધીરજ વાળિયા શ્યામે, ગયા ગિરધર મેળાવ ગામે. ૬૦

**પુષ્પિતાગ્રા :**

હરિવર વરતાલ છેલીવાર, દરશન સૌ જનને દિધું ઉદાર;
ચિત્ત ચિંતવી ચરિત્ર તે ઉચાર્યું, ચિતવન જોગ્ય જરૂર તેહ ધાર્યું. ૬૧

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે નવમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિવૃત્તાલયે અંત્યવારવિચરણનામ ચતુર્થો વિશ્રામઃ ॥૪॥*

**પૂર્વછાયો :**

વર્ણી કહે અભેસિંહજી, સુણો સ્નેહસહિત તમે ભ્રાત;
બુરાનપુર ઘર ગામમાં, થયા ધામ તેની કહું વાત. ૧

**ચોપાઈ :**

વરતાલમાં ધર્મદુલારે, સ્થાપ્યા લક્ષ્મીનારાયણ ત્યારે;
સંઘ આવેલો બુરાનપુરનો, વધ્યાથી અતિ ઉત્સાહ ઉરનો. ૨
ઘર ગામનાં પણ મુદ ધારી, ઘણાં આવેલાં નર અને નારી;
આવ્યા બુરાનપુર થકિ ધાઈ, બાપુભાઈ ને ગોવિંદભાઈ. ૩
નાનાભાઈ શિવાશાહ નામ, આવ્યા એ પણ દર્શનકામ;
નરની ને નારાયણ કેરી, બેય મૂર્તિયો સારી ઘણેરી. ૪
તે તો સ્થાપિ પ્રથમ હરિ ત્યાંય, એ જ ઠેકાણે ઓરડામાંય;
શ્રીજીને વિનવિ પગે લાગી, એમાંથી એક મૂરતિ માગી. ૫
ઘર ગામના ગોવિંદભાઈ, હરિ પાસે બોલ્યા હરખાઈ;
બીજી મૂર્તિ આપો પ્રભુ અમને, કહીયે વિનતી કરી તમને. ૬
બેય મૂર્તિ પ્રસાદીની એ છે, તમે હાથેથી થાપેલી તે છે;
અમારા દેશમાં તે થપાય, સૌને દર્શનનું સુખ થાય. ૭
પ્રભુએ પછી પરમ પ્રતાપી, મુર્તિ અકેકી બેયને આપી;
નારાયણની તો બુરાનપુરમાં, આપી સ્થાપવા હરખીને ઉરમાં. ૮
નરની સ્થાપવા ઘરગામે, આપી સ્નેહથી સુંદર શ્યામે;
કહ્યું લક્ષ્મીનારાયણ નામ, રાખજો એહનું બેય ઠામ. ૯
જોડ્યે લક્ષ્મિની મૂરતિ બે આપી, પધરાવવા પરમ પ્રતાપી;
નારાયણમાં સદા હું રહીશ, સુખ સૌ હરિજનને દઈશ. ૧૦

હરિભક્તો તે મૂર્તિયો લૈને, પોતપોતા તણે દેશ જૈને;
કર્યો આરંભ મંદિર કેરા, સૌને ઉત્સાહ ઉરમાં ઘણેરો. ૧૧
આવી છાશિયાની સાલ જ્યારે, થયાં મંદિર તૈયાર ત્યારે;
કાર્તકીનો સમૈયો તે કાળે, શ્રીજીએ કર્યો શ્રીવરતાલે. ૧૨
ધરગામ ને બુરાનપુરના, આવ્યા હરિજન તે દેશ દુરના;
કહ્યું શ્રીહરિને તેહ વાર, થયાં મંદિર બેય તૈયાર. ૧૩
બેય ઠેકાણે તો રુડી વીધી, સ્થાપવાની તૈયારી છે કીધી;
પધારો આપ બુરાનપુરમાં, અમે આનંદ પામિયે ઉરમાં. ૧૪
શુભ મુહુરત છે જોવરાવ્યું, માગશર શુદિ ષષ્ઠીનું આવ્યું;
કરીને ત્યાં પ્રતિષ્ઠાનું કામ, ધરગામ પધારજો શ્યામ. ૧૫
અમે તેડવા આવિયા તમને, કરશો ન નિરાશી તે અમને;
સુણી બોલિયા સુંદરશ્યામ, નથી મારે શરીરે આરામ. ૧૬
માટે મોકલું સંત હું એવા, મળતા ગુણ જે મુજ જેવા;
આવવું તો ઘટે છે અમારે, નથી આવ્યાનો જોગ અત્યારે. ૧૭
અમો આવ્યા થકી સુખ જેવું, સંતથી તમને થશે તેવું;
પછી સંતને કહે સુખકંદ, સુણો પરમચૈતન્યાનંદ. ૧૮
તમે બુરાનપુરમાં સિધાવો, લક્ષમીનારાયણ પધરાવો;
અમોથી જનને સુખ જેવું, તમોથી પણ ત્યાં થશે તેવું. ૧૯
સુણો સ્વયંપ્રકાશાનંદ, તમે પણ મુનિગણના છો ચંદ;
માટે જાઓ તમે ધરગામ, કરો જૈને પ્રતિષ્ઠાનું કામ. ૨૦
થાપો લક્ષ્મીનારાયણ દેવ, સુખ સૌને કરે તતખેવ;
એવી આજ્ઞા ચડાવીને શીશ, ગયા મંડળ લૈને મુનીશ. ૨૧
બેય સંતમાં ગુણ છે સમાન, જેને ભાઈ કહે ભગવાન;
બેય ગામમાં મૂહુરત એક, માગશર શુદિ ષષ્ઠીનું નેક. ૨૨
ધામધૂમથી મૂર્તિયો સ્થાપી, એ તો સંભારે લોક અદ્યાપી;
સર્વ નાતોના વિપ્ર જમાડ્યા, દક્ષિણા દઈ તોષ[1] પમાડ્યા. ૨૩
રામનવમીયે હે નરપાળ, ત્યાંના સંઘ આવ્યા વરતાલ;
પણ પ્રભુનાં ન દર્શન થયાં, ત્યારે તે સહુ ગઢપુર ગયા. ૨૪

૧. સંતોષ, તૃપ્ત

ત્યાંય માંદા હતા મહારાજ, તોય દુરનો જાણી સમાજ;
પાસે બોલવિયા કરી પ્યાર, ત્યાંના સર્વ પુછ્યા સમાચાર. ૨૫
ત્યારે પ્રેમે કરીને પ્રણામ, ત્યાંના ભક્ત બોલ્યા તેહ ઠામ;
દયા સંતોએ દિલ માંહિ લીધી, પ્રતિષ્ઠા ધામધુમથી કીધી. ૨૬
કોઈ વાતે ન રાખી જ ખામી, અમે સંતોષ પામિયા સ્વામી;
સુણી બોલિયા શ્રીજગવંદ, જે છે પરમચૈતન્યાનંદ. ૨૭
મુનિ છે તે અગસ્ત સમાન, ભક્તિમાન મહાગુણવાન;
સ્વયંપ્રકાશાનંદજી જે છે, તુલ્ય જાણો વસિષ્ઠને તે છે. ૨૮
એવા જ્યાં મારું સ્થાપન કરે, મારું ત્યાં તો અચળ તેજ ઠરે;
માટે મૂર્તિનાં દરશન કરજો, મારું ધ્યાન એ મૂર્તિમાં ધરજો. ૨૯
ધર્મ પાળજો ધીરજ ધારી, યાદ રાખજો આજ્ઞા અમારી;
અંતે પામશો અક્ષરધામ, મુજ પાસે જ કરશો વિરામ. ૩૦
હવે સુખથી સિધાવો સ્વદેશ, દીલે દિલગીર થાશો ન લેશ;
સમાચાર તે સંતોને દેજો, મારા જયનારાયણ કહેજો. ૩૧
એમ કહી કર્યા સૌને વિદાય, ચાલ્યા સૌ પ્રભુને નમી પાય;
સૌએ શ્રીજીએ એહ પ્રસંગે, મંદવાડ દિઠો નહિ અંગે. ૩૨
તેથી હરખતા હરખતા જાય, રાતવાસો વળી જહાં થાય;
કહે સતસંગી આગળ વાત, સાજા તાજા છે હરિ સાક્ષાત. ૩૩
બ્રહ્મચારી કહે અહો રાય, દીસે શ્રીજીની અકળ કળાય;
ક્યારે માંદુ શરીર દેખાડે, ઘડીમાં મંદવાડ મટાડે. ૩૪
ક્યારે હરિજનને હરખાવે, ક્યારે રોગી થઈ રોવરાવે;
વૈદ ધન્વંતરી જેવો હોય, નાડી પરખી શકે નહિ કોય. ૩૫
સદા જે છે નિરોગી સ્વતંત્ર, ભાસે રોગને વશ પરતંત્ર;
પૂરા જ્ઞાનીયો તે મર્મ જાણે, જન અજ્ઞાની સંશય આણે. ૩૬
કહે વર્ણી સુણો ભૂપ સહી, કથા એ તો અવાંતર કહી;
હવે કહું વરતાલની વાત, ગઈ કાર્તિકી પુનમ ભ્રાત. ૩૭
ખાનદેશી ગયા ખાનદેશ, ગયા સંઘ સ્વદેશ વિશેષ;
પ્રભુજી ગઢપુર જવા માટે, ગયા ગામ મેળાવની વાટે. ૩૮

**પુષ્પિતાગ્રા :**

ધરી હરિમુરતી બુરાનપૂર, ધરી ધરગામ વિષે વળી જરૂર;
નરપતિ સુકથા સુણાવી તેહ, મુજ મનમાં સ્ફુરી આવી આજ જેહ. ૩૯

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે નવમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિબુરાનપૂર-*
*ધરગામપ્રતિષ્ઠાવિધિનિરૂપણનામ પંચમો વિશ્રામઃ ॥૫॥*

**પૂર્વછાયો :**

વિચરી હરિ વરતાલથી, ગયા મોહન ગામ મેળાવ,
દર્શન દેવા દાસને, તેનો ભાળીને ઉત્તમ ભાવ. ૧

**ચોપાઈ :**

ત્યાંના ભક્તોને દર્શન દઈ, ચાલ્યા શ્રીહરિ સત્વર થઈ;
પંથે ત્યાંથી જતાં પિપળાવ, નિચેવાળિયું આવ્યું તળાવ. ૨
આંબા હેઠ કર્યો વિશરામ, જળપાન કર્યું તેહ ઠામ;
કહ્યું સંતને ત્યાં મુનિનાથે, વધ્યા છે નખ મુજ પગહાથે. ૩
કપિલેશ્વરાનંદ મુનીએ, નખ લીધા પછી નેરણીએ;
પ્રભુ ત્યાંથી ગયા પીપળાવ, ત્યાંના ભક્તનો ભાળીને ભાવ. ૪
દાજીભાઈ તણી મેડી માંય, ઉતર્યા જગજીવન ત્યાંય;
પૂરવાભિમુખે શુભ બારી, જમ્યા થાળ તહાં ગિરધારી. ૫
નિત્યાનંદને આપી પ્રસાદી, જાણીને મહામુક્ત અનાદી;
પછી પોઢી રહ્યા પ્રભુ રાતે, ગયા પરિયજ ગામ પ્રભાતે. ૬
સામા આવ્યા ત્યાંના સતસંગી, અતિ અંતર માંહિ ઉમંગી;
સરેરા[1] તળે ઉતર્યા શ્યામ, ગયા ત્યાંથકી ચાંગડે ગામ. ૭
હતું પીપરનું ઝાડ ત્યાંયે, ઉતર્યા પ્રભુ તેહને છાંયે;
વર્ણી વૈકુંઠે ત્યાં કર્યો થાળ, જમ્યા જીવન જનપ્રતિપાળ. ૮
કરી બાટિયો ત્યાં જમ્યા સંત, પછી ત્યાંથી ચાલ્યા ભગવંત;
પંથે ઘાંચો[2] આવી તેહ ઠામ, બેઠા ઘોડીએ શ્રીઘનશ્યામ. ૯

**૧.** વડના જેવું એક પ્રકારનું ઝાડ **૨.** રસ્તા પર ગાડાની અવર-જવરથી પડેલા ઉંડા ખાડા

પશે ગામ ગયા પ્રભુ જ્યાંય, આવી સાભ્રમતી નદી ત્યાંય;
નાજો જોગીયો ચાલતા હતા, જોયા વસ્ત્ર ઉતારવા જતા. ૧૦
ઈચ્છા હરિએ રમોજની આણી, નાજા જોગિયાને કહી વાણી;
નીર ઝાઝું નથી એહ સમે, શીદ વસ્ત્ર ઉતારો છો તમે. ૧૧
એવાં વચન સુણી ઘણાં સારાં, નાજે ભક્તે ન વસ્ત્ર ઉતાર્યાં;
પ્રભુએ પછી મુખ મલકાવી, ઉંડા જળ માંહિ ઘોડી ચલાવી. ૧૨
નાજોભક્ત પાછળ ચાલ્યા જ્યારે, પડ્યા જળમાં ભિંજ્યાં વસ્ત્ર ત્યારે;
હસ્યા શ્રીહરિ ને સખા જન, નાજોભક્ત રાજી થયા મન. ૧૩
પ્રભુ કોઈ રીત્યે રાજી થાય, હરિભક્તનું મન હરખાય;
એમ કરતા વિનોદ વિશેષ, વટામણ ગયા વિશ્વેશ્વરેશ. ૧૪
ખળામાં ઉતર્યા ધરી ખાંત, જમ્યા બાટી રહ્યા તહાં રાત;
પ્રભાતે ચાલ્યા પૂરણકામ, ગિરધર ગયા જાખડે ગામ. ૧૫
વેલ્ય માંહિ વિરાજીને વાલો, વિચરે વાટે ધર્મનો લાલો;
ભોગાવો ઉતરી ભગવાન, ચાલ્યા આગળ ત્યાં એક સ્થાન. ૧૬
એક આવી તળાવડી સારી, બોલ્યા વૈકુંઠાનંદ બ્રહ્મચારી;
નાથ નિર્મળ છે એહ નીર, કરો સ્નાનાદિ શ્યામશરીર. ૧૭
વાલે તે વિનતી સુણી લીધી, પછી નિત્યક્રિયા તહાં કીધી;
જલેબી દૂધ માંહિ કરેલી, હતી વર્ણીની પાસે રહેલી. ૧૮
તેણે આપી તે જમવાને કાજે, માંગ્યું આંમલીજળ મહારાજે;
કર્યું વર્ણીયે આમલપાણી, જમ્યા વાલમ તે તો વખાણી. ૧૯
કમિયાળે કૃપાળુ સિધાવ્યા, મોડ ગઢવી તહાં સામા આવ્યા;
દંડવત કરીને લાગ્યા પાય, તેનો હૈયામાં હરખ ન માય. ૨૦
ત્યાં તળાવથી વાયુ દિશાયે, હતી આંબલી ઊતર્યા ત્યાંયે;
લાવ્યા સીધું તે ગઢવી રસાળ, કર્યો વૈકુંઠાનંદે તે થાળ. ૨૧
કહે વર્ણી ચણેચીની ભાજી, લાવો તો જમશે પ્રભુ તાજી;
મોડભાઈએ તે દિધી લાવી, બ્રહ્મચારીએ ભાજી બનાવી. ૨૨
જમ્યા થાળ તે પરમ પ્રતાપી, પ્રસાદી મોડભાઈને આપી;
પુરણાનંદના કૃત છંદ, મોડભાઈ બોલ્યા સુખકંદ. ૨૩

મુક્તાનંદ પ્રેમાનંદ સ્વામી, બોલ્યા કીર્તન પદ શિર નામી;
રહી રાત ને ચાલ્યા પ્રભાત, રોઝકે ગયા પ્રભુ સાક્ષાત. ૨૪
જગ્યા ત્યાં સંતને ઉતર્યાની, હતી ત્યાં ઉતર્યા સુખદાની;
પ્રભુ કાયામાં કસર જણાવે, દેખી સંતને દિલગીરી આવે. ૨૫
ત્યારે ઉચ્ચારી ઉપદેશ સારો, આપે ધીરજ ધર્મદુલારો;
પ્રભુ જૈ ગજા ગઢવીને ઘેર, તહાં થાળ જમ્યા રુડીપેર. ૨૬
ધોળેરાના હરિભક્ત આવ્યા, ભેટ કરવા મેવો ભલો લાવ્યા;
કાજુકળિયા દરાક્ષ બદામ, પેંડા આદિક નું ભર્યું ઠામ. ૨૭
ધર્યું ભેટ તે ભૂધરપાશે, અંગીકાર કર્યું અવિનાશે;
ચાલ્યા ત્યાં થકી ઉગ્યે દિનેશ, ગયા પરબડિએ પરમેશ. ૨૮
પેખી પીંપર સરવર પાળે, તહાં વિશ્રામ કીધો કૃપાળે;
કર્યું તેહ તળાવમાં સ્નાન, કરી નિત્યક્રિયા ભગવાન. ૨૯
ગામના સતસંગીયો આવ્યા, ભાતભાતની તે ભેટ લાવ્યા;
સૌને દર્શન દૈને દયાળ, ગયા પોલારપર જનપાળ. ૩૦
ત્યાંથી સંચર્યા સુંદરશ્યામ, ગયા કૃષ્ણજી કુંડળ ગામ;
તહાં મામૈયો પટગર નામ, ઉતર્યા પ્રભુ તેહને ધામ. ૩૧
તેણે સેવા સારી રીતે કીધી, રસોઇ સર્વ સંતને દીધી;
બીજે દિવસ ગયા બહુનામી, કારિયાણીએ અંતરજામી. ૩૨
ઝીંઝાવર થઈને નિંગાળે, કૃપાસિંધુ ગયા તેહ કાળે;
નદી કેરી વિષે કરી સ્નાન, સાથવો જમ્યા શ્રીભગવાન. ૩૩
વાલે ત્યાં થકી વિચરણ કીધું, રાધાવાવ્યે જઈ જળ પીધું;
કર્યો ગઢપુર માંહિ પ્રવેશ, ત્યાંના હરિજન હરખ્યા વિશેષ. ૩૪
ગોપીનાથનાં દર્શન કરી, ઉતર્યા દરબારમાં હરી;
વીત્યા બે ત્રણ વાસર જ્યારે, મહારાજે વિચારીને ત્યારે. ૩૫
સુત ગોપાળજી તણા જેહ, કેવે નામે ઠરાવવા તેહ;
ભટજી મયારામ તેડાવ્યા, જન્મ અક્ષર તેના કરાવ્યા. ૩૬
ભટજી કહે આ સુત જેહ, કૃપાપાત્ર છે આપનો તેહ;
માટે કૃષ્ણપ્રસાદજીના નામ, સંભવે છે એનું ઘનશ્યામ. ૩૭

મહારાજ તણે મન ભાવ્યું, નામ કૃષ્ણપ્રસાદ ઠરાવ્યું;
થયો બે માસનો સુત જ્યારે, પાંડે ઠાકોરરામજી ત્યારે. ૩૮
તેડી લાવ્યા જહાં હતા માવો, કહ્યું એહને નિયમ ધરાવો;
પછી આપ્યું એને જળ હાથે, પાંચ નિયમ ધરાવિયાં નાથે. ૩૯
તુલસીની કંઠી પહેરાવી, હીરાકંઠી કનકની ધરાવી;
કહ્યું કૃષ્ણે થશે વિદવાન, તે તો શંકરસ્વામિ સમાન. ૪૦
કહે વર્ણી સુણો વસુધેશ, થયા વિદવાન સૌથી વિશેષ;
સ્વામી શંકરની પેરે તેહ, ગયા છોડી જુવાનીમાં દેહ. ૪૧
કથા ચાલતી તે હવે કહું, સુણો સ્નેહ ધરી મન બહુ;
પ્રભુને સુત પાયે લગાડ્યો, પછી માતા કને પહોંચાડ્યો. ૪૨
એક દિન ગઢપુર અગાડી, સુબો આવિયો ગાયકવાડી;
મીરસાહેબ તેહનું નામ, આવી કીધા પ્રભુને પ્રણામ. ૪૩
લક્ષ્મીબાગમાં આપ્યો ઉતારો, લાગ્યો તે તેના મન માંહિ સારો;
ઘણા લોકના મુખ થકી ત્યાંય, શ્રીજીનો સાંભળ્યો મહિમાય. ૪૪
તેણે પ્રથમ કુસંગીને સંગે, અપરાધ કર્યો હતો અંગે;
એ તો આ સમે સાંભરી આવ્યો, પૂરો મનમાં થયો પસતાવો. ૪૫
જાણે કેમ હરીને રીઝાવું, અપરાધ ક્ષમા તે કરાવું;
પ્રભુને બાગમાં પધરાવ્યા, જ્યારે સંતસહીત તે આવ્યા. ૪૬
પછી શ્રીજીને પૂજીયા પ્રીતે, આપ્યો સરસ પોશાગ સુરીતે;
ભલો મેનો વળી ભેટ કર્યો, કૃપાનાથે અંગીકાર કર્યો. ૪૭
પ્રણમીને ક્ષમા માંગી જ્યારે, તથા અસ્તુ કહ્યું પ્રભુ ત્યારે;
ધન્ય યવન તણો અવતાર, રીજ્યા જેહને જગકરતાર. ૪૮
પ્રભુજી દરબારમાં આવ્યા, મીરસાહેબ ત્યાંથી સિધાવ્યા;
પંચમી ત્યાં વસંતની આવી, કર્યો ઉત્સવ મનમુદ લાવી. ૪૯
ઘણા હરિજન દર્શને આવ્યા, સૌને દર્શન દૈ હરખાવ્યા;
ગઢપુરમાં રહી મહારાજ, કર્યાં જીવ અનેકનાં કાજ. ૫૦

**પુષ્પિતાગ્રા :**

ગુણનિધિ ગઢપુરમાં બિરાજી, હરિજનના મનને કરે જ રાજી;
પ્રગટ પરમ જે વધ્યો પ્રતાપ, સુણી સતસંગી થયા જનો અમાપ. ૫૧

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે નવમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે દુર્ગપુરે મીરસાહેબમીલનનામ ષષ્ઠો વિશ્રામઃ ॥૬॥*

**પૂર્વછાયો :**

કહે અચિંત્યાનંદજી, નરનાથ સુણો ધરી નેહ;
કૃષ્ણ ગયા રાજકોટમાં, હવે કથા કહું છું તેહ. ૧

**ચોપાઈ :**

નામદાર ગવર્નર જેહ, આખા મુંબૈ ઈલાકાના[1] એહ;
સર માલકમ જેનું નામ, આવ્યા સોરઠ જોવાને કામ. ૨
રાજકોટમાં કિધો નિવાસ, રાજસ્થાનોનો[2] કરવા તપાસ;
ઘણા જનથી તેણે ઘણે ઠામ, સુણ્યું સ્વામિનારાયણ નામ. ૩
એને ઈશ્વરનો અવતાર, ઘણા માને છે પુરુષ ને નાર;
નવો ધર્મ ચલાવે છે સારો, થયા છે શિષ્ય લોકો હજારો. ૪
લૂંટ ફાટ કાઠી બહુ કરતા, સરકારથી તે નહિ ડરતા;
રીંછ વાઘ વરૂ વશ થાય, પણ કાઠિયો વશ ન કરાય. ૫
ખૂન કરતાં કરે નહિ વાર, પ્રભુનો ડર ન ધરે લગાર;
તેને સ્વામિનારાયણ મળ્યા, તેથી ધર્મને મારગે વળ્યા. ૬
ચોરીનું કામ તેણે તાજાવ્યું, અફીણાદિ બંધાણ મુકાવ્યું;
નિત્યનિત્ય નિયમ ધરી નહાય, પૂજા પાઠ કરી અન્ન ખાય. ૭
હતા જેઓ મહાવ્યભિચારી, માતાતુલ્ય ગણે પરનારી;
માખીને પણ કદિયે ન મારે, કેમ માણસને તે સંહારે. ૮
દારુ પીને જે છાકટા[3] થતા, નથી કેફ તે કોઈ ચાખતા;
એવા ભક્ત થયા છે અનેક, એ તો આશ્ચર્ય વાત જે એક. ૯

૧. તાબાનો મુલક ૨. દેશી અથવા ખંડીયા રાજ્યો ૩. મદાન્ધ, ઘેલા

એક સ્વામિનારાયણ વડે તહાં ફોજ ન રાખવી પડે;
સ્વામિનારાયણે કર્યું જેહ, ન બને કોઈ નર થકી તેહ. ૧૦
એવી વાત સુણી બહુ ઠાર, થયો મળવાનો તેથી વિચાર;
નિજ સેક્રેટરી તેહ ઠામ, હતા ટામસ વિલિયમ નામ. ૧૧
તેને કહ્યું ગવર્નરે એમ, લખો સ્વામી આવે આંહિ જેમ;
તેણે પત્ર લખી મોકલાવ્યો, તે તો મહાવદિ બારશે આવ્યો. ૧૨
આવ્યો અસવાર ગઢપુર ગામ, માતાદીન હતું તેનું નામ;
પત્ર લૈ શ્રીહરિએ વંચાવ્યો, વળી સૌ હરિજનને સુણાવ્યો. ૧૩
હતી શ્રીજીને અંગે કસૂર, તેથી જાવા ધાર્યું નહિ ઊર;
વદિ તેરશે ઉત્તર લખાવ્યો, એમાં ભાવાર્થ એવો જણાવ્યો. ૧૪
કાંઈ કસર છે અંગમાય, તે માટે નહિ આવી શકાય;
ચાલ્યો અસવાર કાગળ લઈ, રાજકોટ બીજી વાત થઈ. ૧૫
તહાં એજંટ પોલિટિકલ, જેનું નામ બલેન ભૂપાળ;
તેને પુછ્યું ગવર્નરે જ્યારે, વાત તેણે કરી ઘણી ત્યારે. ૧૬
વળી સ્વામિનારાયણ કેરો, મહિમા કહ્યો તેણે ઘણેરો;
તેથી આતુરતા અતિ થઈ, મનમાં નહિ ધીરજ રહી. ૧૭
માલકમ કહે તેને તેડાવો, અસવાર બીજો મોકલાવો;
ઉપમા લખીને લખ્યો પત્ર, સ્વામી આગળ મોકલો તત્ર. ૧૮
લખજો તેમાં મારા પ્રણામ, મારે મળવાનું છે તેને કામ;
પછી બલેન સાહેબે પત્ર, લખ્યો તેનો કહું ભાવ અત્ર. ૧૯
પાંચશે અને ત્રેંતાલીશ, લખ્યો જાવક નંબર શીશ;
લખ્યો પત્ર તે પ્રેમ કરીને, સાંભળો ભૂપ સ્નેહ ધરીને. ૨૦

**પૂર્વછાયો :**

સકળ ઉપમા સંભવે, બિરાજીત સદા જ્ઞાનરૂપ;
સ્વામી સહજાનંદજી, ગઢપુર મુકામ અનૂપ. ૨૧
લિખિત સ્નેહાંકિત સદા, આકટીંગ પુલેટીકલ;
બલેન સાહેબનો બહુ, સ્નેહે વાંચો સલામ કૃપાળ. ૨૨

વિશેષ વિનતિ એહ છે, મુંબઈના ગવર્નર જેહ;
પધાર્યા છે એહ પ્રાંતમાં, ખાસ સ્વારીની સાથે તેહ. ૨૩
આપને મળવા ચહાય છે, થશે મળ્યાથી બહુજ પ્રસન્ન;
આપ સાથે રાજકોટમાં, મળવાનું છે તેને મન. ૨૪
સાહેબની મરજી થકી, લખ્યો છે આપને આ પત્ર;
કૃપા કરી રાજકોટમાં, માટે આપ પધારશો અત્ર. ૨૫
તારીખ તો બાવીશમી, ફેબ્રુઆરી માસ છે આજ;
અઢારસેં ને ત્રીશની, સાલ ઈસવી છે મહારાજ. ૨૬
સંવત શતક અઢારસેં, સાલ છાશી તણો માઘ માસ;
વદી ચૌદશ શશિવાર દિન, લખી પત્ર મોકલ્યો આપ પાસ. ૨૭
એટલું લખીને સહી કરી, શાણા બલેન સાહેબે તત્ર;
સ્વાર નામે પિરભાઈને, પછી બીડીને આપ્યો પત્ર. ૨૮
ફાગણ શુદિ પડવે દિને, પહોંચ્યો સ્વાર ગઢપુર ધામ;
પત્ર પ્રભુની આગળ ધર્યો, અતિ પ્રેમે કરીને પ્રણામ. ૨૯
વાલમે પત્ર વંચાવીયો, શુકાનંદસ્વામીની પાસ;
તહાં ઘણા બેઠા હતા, દાદાખાચર આદિક દાસ. ૩૦
સ્વારની કરી બરદાશ ત્યાં, કહ્યું ઉત્તર આપશું કાલ;
સભા વિષે વંચાવીયો, એહ કાગળ પરમ કૃપાળ. ૩૧
આતો બીજો પત્ર આવિયો, માટે જવું કે ન જવું ત્યાંય;
સાહેબ મળવા કારણે, દિસે આતુર અતિ મનમાંય. ૩૨
એમ વિચાર અહીં કરે, લખ્યો ઉત્તર પહેલો જેહ;
પ્રતિપદા દિન પહોંચિયો, તહાં ગવરનરને તેહ. ૩૩
પત્ર વાંચી પ્રભુજી તણો, થયું અંતર અતિશે ઉદાસ;
સ્વામિનારાયણ નવ મળ્યા, રહી ગઈ અધૂરી આશ. ૩૪
આવ્યા છે નરપતિ અહિ ઘણા, તેનાં પણ ઘણાં છે કામ;
તાકિદ છે મુંબઈ જવા, કેમ જવાય ગઢપુર ગામ. ૩૫
ફાગણ શુદિ દ્વિતીયા દિને, ગવર્નરે કરીને વિચાર;
ટામસ વિલિયમને કહ્યું, વળી પત્ર લખો એક વાર. ૩૬

ઉત્તર પહોંચ્યો એ લખો, લખો દિલગીર છું હું વિશેષ;
થાત મેળાપ જો આપનો, મને આનંદ વધત અશેષ. ૩૭
એવું સુણી તે સાહેબે, લખ્યો પત્ર વળી ત્યાં એક;
સ્નેહ જણાવ્યો અતિ ઘણો, વળી અતિ જણાવ્યો વિવેક. ૩૮

**ચોપાઈ :**

સંવત તો અઢારસેં છાશી, બીજ ફાગણ શુદિ પ્રકાશી;
રહીયે રાજકોટ મુકામ, લખું છું હું કરીને સલામ. ૩૯
સ્વામી શ્રીસહજાનંદ જેહ, ગઢપુરના નિવાસી છો તેહ;
આપનો પત્ર જે આંહિ આવ્યો, બડા સાહેબને તે વંચાવ્યો. ૪૦
માઘકૃષ્ણ તેરશનો લખેલો, એમાં એવો છે અર્થ રહેલો;
અંગે આપને કસર છે કાંઇ, એથી આવી શકાશે ન આંહી. ૪૧
એવા વાંચી એમાં સમાચાર, થયા દિલગીર તે તો અપાર;
આપનાં દર્શનની અતિશે, રહી આતુરતા ઉર વિષે. ૪૨
આપે જેહ ચલાવ્યો છે ધર્મ, તેના નિયમનો છે શુભ મર્મ;
એવી સાંભળીને ભલી વાત, થયા સાહેબ રાજી અઘાત. ૪૩
એટલું લખી પત્રમાં તહી, કરી ટામસ વિલિયમે સહી;
ભુજથી આવતા હતા સંત, પત્ર આપ્યો તેને મતિમંત. ૪૪
જાણી વાત તે અંતરજામી, દાદાખાચરને કહે સ્વામી;
ગવર્નર મનમાં ઘડે ઘાટ, થાય દિલગીર દર્શન માટ. ૪૫
પત્ર બે એમના આવ્યા આંહી, આવે છે ત્રીજો પણ વાટ માંહી;
ગયા વગર તહાં નહિ ચાલે, માટે ચાલો તરત હાલહાલે. ૪૬
મીરસાહેબે આપેલો જેહ, મેનો તૈયાર ત્યાં કર્યો તેહ;
મેના માંહિ બેઠા મહારાજ, રથમાં બેઠા સંતસમાજ. ૪૭
દાદાખાચર થૈ અસવાર, શ્રીજીસાથે સિધાવ્યા તે વાર;
દત્તાપુત્ર લીધા બેય સાથ, વિચર્યા એમ વિશ્વનો નાથ. ૪૮
બીજને દિન મધ્યાન કાળે, પહોંચ્યા પ્રભુ ગામ ખંભાળે;
સાથવો જમ્યા સુંદરશ્યામ, જમ્યા ધર્મવંશી ગુણધામ. ૪૯

ખંભાળામાં ખબર પડી જ્યારે, આવ્યા ઓઘડખાચર ત્યારે;
સાથે પુત્ર આવ્યા તેના ચાર, તેનાં નામ કહું નિરધાર. ૫૦
નાંગ માણશિયો અને ભાયો, ચોથો ગોદડ નામે ગણાયો;
પ્રભુને કહ્યું કરિને પ્રણામ, ચાલો નાથ પાવન કરો ગામ. ૫૧
સુણી બોલિયા શ્રીહરિ ત્યારે, ઉતાવળ છે જવાની અમારે;
રસોઇ જમવા રહેવાય, ત્યારે રાત અહીં પડી જાય. ૫૨
માટે તૈયાર હોય તે લાવો, કાઠિયોને છાશો પિવરાવો;
પછી લાવ્યા રસોઇ તૈયાર, જમ્યા કાઠિયો સૌ તેહવાર. ૫૩
ત્યાંથી સંચર્યા સુંદરશ્યામ, ગયા ગિરધર વાંકિયે ગામ;
ઘેલો ખાચર સામૈયું લાવ્યા, વાજતે ગાજતે પધરાવ્યા. ૫૪
પુછ્યું શ્રીહરિએ પછી ત્યાંય, ગયા છે મોકો ખાચર ક્યાંય;
ઘેલો ખાચર બોલિયા વાત, રાજકોટ ગયા મુજ તાત. ૫૫
ઘેલાખાચરની જેહ માત, સોઢીબાઈ નામે વિખ્યાત;
તેણે સામાન આપિયો લાવી, સંત કાજે રસોઇ કરાવી. ૫૬
ધર્મવંશીયોએ કર્યો થાળ, જમ્યા જીવન જનપ્રતિપાળ;
કરી જ્ઞાનની વાતો વિશેષ, પછી પોઢી રહ્યા પરમેશ. ૫૭

**પુષ્પિતાગ્રા :**

હરિવર વિચરે નિવાસ જેને, અતિમન માંહિ ઉમંગ થાય તેને;
શુચિતર પુર અક્ષરાખ્ય જેવું, જનઘર તેહ ગણાય ધામ તેવું. ૫૮

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે નવમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે*
*શ્રીહરિરાજકોટપથવાંકિયાગ્રામ વિચરણનામ સપ્તમો વિશ્રામઃ ॥૭॥*

**પૂર્વછાયો :**

વાંકિયામાં રજની વિષે, પોઢી ઉઠ્યા પ્રભુજી પ્રભાત;
કિધી તૈયારી ચાલવા, સખા સંત લઈ સંઘાથ. ૧

**ચોપાઈ :**

સોઢીબાઈએ સ્નેહ સહીત, ઘેલાખાચરે પણ રુડી રીત;
બહુ વિનતિ કરી પ્રભુ પાસ, વસો આજ દિવસ અહિ વાસ. ૨

સુણી બોલિયા સુંદરશ્યામ, ઉતાવળથી જવાનું છે કામ;
રાજકોટ જવું છે અમારે, માટે તાણ ન કરવી તમારે. ૩
એવું સાંભળી બોલ્યાં ન કાંઇ, સમઝ્યાં તે મરમ મનમાંઇ;
જસોખાચર બાળક જેહ, સોઢીબાઈએ તેડેલો તેહ. ૪
પગે શ્રીહરિને ત્યાં લગાડ્યા, હરિયે શિર હાથ અડાડ્યા;
વળી છાતીમાં ચાંપિયાં ચરણ, અઢળક અશરણશરણ. ૫
પછી ત્યાંથી પ્રભુ પરવરિયા, રસ્તે બે ગાઊ સૂધી સંચરિયા;
તહાં સંત બે સન્મુખ આવ્યા, પત્ર સાહેબનો તેહ લાવ્યા. ૬
પત્ર આપ્યો ને કીધા પ્રણામ, ત્યારે બોલિયા સુંદરશ્યામ;
કહો સંતો તમે ક્યાંથી આવ્યા, કેનો પત્ર આ ક્યાંથકી લાવ્યા. ૭
કહે સંત સુણો જગવંદ, જે છે પરમચૈતન્યાનંદ;
ભુજ જાત્રા કરી તેની સાથ, રાજકોટ આવ્યા અમે નાથ. ૮
મુંબૈ કેરા ગવર્નર જેહ, રાજકોટમાં છે આજ તેહ;
તેણે આપિયો આપનો પત્ર, લૈને આવ્યા છૈયે અમે અત્ર. ૯
પત્ર શ્રીજીએ તે વાંચી લીધો, શુક સ્વામીને વાંચવા દીધો;
પછી ઉચ્ચર્યા શ્રીહરિ એમ, પૂરો સાહેબનો દિસે પ્રેમ. ૧૦
મુનીમુક્ત લખે જેવી રીતે, પત્ર અમ પર પૂરણ પ્રીતે;
એવો પ્રેમ જણાય છે એનો, જુઓ મર્મ વિચારીને તેનો. ૧૧
હેત સાંભળી સાહેબ કેરું, સૌને અચરજ ઉપજ્યું ઘણેરું;
દાદો ખાચર કહે શિર નામી, તમે છો પ્રભુ અંતરજામી. ૧૨
કહ્યું વાટમાં આવે છે પત્ર, તે તો આવ્યો ખરેખરો અત્ર;
પછી ત્યાંથી ચાલ્યા સુખરાશી, આટકોટ ગયા અવિનાશી. ૧૩
ત્યાંના હરિજન દર્શને આવ્યા, ભેટ કરવાને ભાતું તે લાવ્યા;
કૃપાનાથે કીધું અંગિકાર, ચાલ્યા આગળ જગતઆધાર. ૧૪
નદી આવી બુઢણપરી નામ, કરી નિત્યક્રિયા તેહ ઠામ;
ભાતું સર્વને શ્રીજીએ દીધું, પોતે પણ તહાં ટીમણ કીધું. ૧૫
ત્યાંથી આગળ ચાલિયા જ્યારે, એક ડુંગર દીઠો તેવારે;
તેના શિખર ઉપર દેરી હેરી, પુછ્યું હરિએ આ શેની છે દેરી. ૧૬

બોલ્યા દાદાખાચર પ્રભુપાસ, એનોતો એક છે ઈતિહાસ;
કહે છે બેય ચારણ હતા, પોઠિયા ભરી માલ લાવતા. ૧૭
તેઓ આવતાં આ સ્થળ માંહી, બેય વાદ વદ્યા માંહો માંહી;
જેનો પોઠીયો ભારસહીત, ચડે શિખરે તેની થાય જીત. ૧૮
ન ચડે તેની હાર્ય કહાવે, તે આ શિખરમાં દેરી કરાવે;
પછી એકનો પોઠિયો ચડ્યો, બીજાનો અધવચથીજ અડ્યો[1]. ૧૯
તેણે પોઠિયા વેચી તમામ, એહ દેરી કરાવી આ ઠામ;
તેથી ડુંગરનું પણ શ્યામ, પડ્યું બળધવો ડુંગર નામ. ૨૦
સુણી બોલિયા જગજીવન, કેવા હોય છે મુરખ જન;
કોડી ખર્ચે નહી સારે રસ્તે, વ્યર્થ વાદમાં ખરચે સમસ્તે. ૨૧

**વ્યર્થ ધન વાપરવા વિષે : ઉપજાતિ :**

જુઓ જનો મૂરખ હોય કેવા, કાંઇ વિચારે નહિ ઊંર એવા;
ઉગે નહી એ સ્થળ અન્ન વાવે, ઉગે તહાં વાવી શકે ન ભાવે. ૨૨
દેવાર્થ દેતાં ધન એમ ધારે, ઓછું થશે એટલું દ્રવ્ય મારે;
વાદે ચડે વ્યર્થ મમત્વ ખેંચી, તો વાવરી દે ઘરબાર વેચી. ૨૩
સુસંતને સારી રસોઇ દેતાં, બહુ વિચારે મન માંહિ તે ત્યાં;
વાદે ચડી ખૂબ વિવાહ ટાણે, દેવું વધ્યાનો ડર તે ન આણે. ૨૪
જુગાર માંહી ધન જે ગુમાવ્યું, વાદે વિવાદે વળી જે ઉડાવ્યું;
લીધું ઠગોયે ઠગી દ્રવ્ય જેનું, તે વ્યર્થ જાણો નહિ પુણ્ય તેનું. ૨૫
ફુલાઈને નાત્યવરા કરે છે, વાદે વધારે ધન વાવરે છે;
પછીથી જ્યારે ઘર જપ્ત થાય, લજ્જા તથા દ્રવ્ય સમસ્ત જાય. ૨૬
દ્રવ્યાર્થ જે દેશ વિદેશ જાય, અત્યંત કષ્ટે ધન ત્યાં કમાય;
વિવાદમાં વ્યર્થ પછી ઉડાવે, તે મૂર્ખ મોટો જગમાં કહાવે. ૨૭
પોતે ન ખાધું પરને ન આપ્યું, ન કોઈનું સંકટ કાંઈ કાપ્યું;
ન કાંઈ એનો ઉપયોગ થાય, કુસંગીનું દ્રવ્ય કુમાર્ગ જાય. ૨૮
આ દેરી દેખી દિલમાં વિચારો, કુવો કર્યો હોત ગણાત સારો;
વિવેકવાળો જન જેહ હોય, આવું કદી કામ કરે ન કોય. ૨૯

૧. અટક્યો

**ચોપાઈ :**

શિખામણ એવી શ્રીજીએ દીધી, હરિભક્તોએ ઉર ધરી લીધી;
ગામ આવ્યું જતાં બળધોઈ, તેમાં માણસ દીઠું ન કોઈ. ૩૦
ત્યાંથી આગળ ચાલિયા જ્યાંય, દીઠાં બોરડીએ બોર ત્યાંય;
વર્ણી વૈકુંઠાનંદે તે લીધાં, તે તો શ્રીજીને અર્પણ કીધાં. ૩૧
હતા રાયજી નામે જે પાળા, લાવ્યા તે પણ બોર રસાળાં;
આપ્યાં તે હરિને હેત આણી, જમ્યા પ્રીતથી સારંગપાણી. ૩૨
બ્રહ્મચારી બોલ્યા તેહ ઠોર, શબરીનાં આવાં હશે બોર;
સુણીને હસ્યા સુંદર શ્યામ, આપી સૌને પ્રસાદી તે ઠામ. ૩૩
એમ કરતાં ચાલ્યા સહુ એહ, આવ્યો ગોવાળીયા તણો નેહ;
એક ગોવાળીએ પુછ્યું ત્યાંય, કેનું લશ્કર જાય છે ક્યાંય. ૩૪
દાદોખાચર બોલિયા ત્યાંઈ, નથી લશ્કર કોઈનું ભાઈ;
એ છે સ્વામિનારાયણ દેવ, સારા સંત સજે જેની સેવ. ૩૫
એવું સાંભળી દોડ્યો ગોવાળ, નમ્યો જૈ પ્રભુને તતકાળ;
ભગવાને તેને કેવો ભાળ્યો, ખભે ડાંગ ને કાંબળો કાળો. ૩૬
જોડા ચમચમ બોલે ઓખાઈ, દીસે અંગમાં ઉન્મતતાઈ;
ભરવાડ્યો તહાં દોડી આવી, વંદ્યા કૃષ્ણને શીશ નમાવી. ૩૭
નરનારી કહે ભગવાન, આજ થાઓ અમારા મેમાન;
અમે તો દાસ આપનાં છૈયે, જમ્યા વગર જવા નહિ દૈયે. ૩૮
અતિ તેઓને દેખી અધીર, આવ્યાં શ્રીજીના નેણમાં નીર;
કહ્યું જે ઉતાવળ છે જવાની, વાત કરશો ન ખોટી થવાની. ૩૯
દાદાખાચરને કહે માવો, તમે સારી રીતે સમજાવો;
દાદાખાચરે પણ પ્રેમી ભાળ્યાં, સમઝાવી ઘણું પાછાં વાળ્યાં. ૪૦
દાદાખાચરે પૂછિયું એમ, નીર નેણ વિષે આવ્યાં કેમ;
સુણી ઉચ્ચર્યા શ્રીઅવિનાશી, મને સાંભળ્યાં ગોકુળવાશી. ૪૧
પૂરાં પ્રેમી હતાં તેઓ જેવાં, હતાં આ નરનારીયો એવાં;
દાદાખાચરે વાણી ઉચ્ચારી, દયાળુ દયા ધન્ય તમારી. ૪૨
ત્યાંથી ચાલિયા શ્રીવનમાળી, આવ્યું ગામ તહા ઉમરાળી;
રાજો ડાંગર સામૈયું લાવ્યા, ઘેર પોતા તણે પધરાવ્યા. ૪૩

તેણે સેવા સજી ભલી ભાત, રહ્યા પ્રાણજીવન તહાં રાત;
ખોખરા ગામમાં થયું જાણ, આવ્યા છે પ્રભુ પુરુષ પુરાણ. ૪૪
આવ્યા હરિજન દર્શન કાજ, તેનાં નામ કહું સુણો રાજ;
હતા નાડોદા તે સહુ જાતે, બહુ ભક્તિ કરે ભલી ભાતે. ૪૫
સાખે સિંઘવ જેહ લખાય, એક કાનો પટેલ ગણાય;
અજો વસ્તો લખો કિકો ઉકો, તેજો કરશન નારણ પકો. ૪૬
કહું ગોહેળ બે તણાં નામ, એક મલ્લાર ને વિશરામ;
ચાવડા તો ખોડાભાઈ જાણો, વાઢેલા નરસિંહ પ્રમાણો. ૪૭
ઉમરાળિયેં એ સહુ આવ્યા, સાથે ગાડાં જોડીજોડી લાવ્યા;
રાત વીતી ગઈતી વિશેષ, તેથી પોઢ્યા હતા પરમેશ. ૪૮
તેથી તે પણ સૌ રહ્યા રાત, રાત વીતીને પ્રગટ્યું પ્રભાત;
હરિ જાગીને તાપતા હતા, આવ્યા હરિજન આતુર થતા. ૪૯
કહ્યું પ્રેમે કરીને પ્રણામ, ચાલો ગુણનિધિ ખોખરે ગામ;
ઘણા દિવસની આશા અમારી, આજ પૂર્ણ કરો કૃપા ધારી. ૫૦
કહે કૃષ્ણ છે કામ અમારે, માટે તાણ ન કરવી તમારે;
તમે આવી કર્યાં દરશન, રાખો આનંદ એથકી મન. ૫૧
વળતાં આવશું અમે જ્યારે, ત્યારે આવશું ગામ તમારે;
એવું આપી વચન એહ ઠામ, સરધાર ગયા ઘનશ્યામ. ૫૨
ગરનાળું સડકનું છે જ્યાંય, જઈ ઊતર્યા શ્રીહરિ ત્યાંય;
ગામમાંથી હરિભક્ત આવ્યા, ભેટ ધરવાને ટીમણ લાવ્યા. ૫૩
ધરી ભેટ કહ્યું જોડી હાથ, ગામ માંહિ પધારો હે નાથ;
કહે કૃષ્ણ છે કામ અમારે, માટે તાણ ન કરવી તમારે. ૫૪
કહી એમ ચાલ્યા વનમાળી, આવ્યું ગામ જતાં અણિયાળી;
ગયા ત્યાંથકી ગામ થોરાળે, કાંઠે આજિ નદીને રૂપાળે. ૫૫
કર્યો આંબા તળે ત્યાં ઉતારો, ના'યા નીરમાં ધર્મદુલારો;
ના'યો ત્યાં વળી સર્વે સમાજ, આપ્યું ટીમણ જમવાને કાજ. ૫૬
જમી ચાલિયા જીવન ક્યારે, પાડાસણના હરિભક્ત ત્યારે;
સરતાનજી આવિયા ત્યાંય, કહ્યું ચાલો પાડાસણ માંય. ૫૭

વળતાં આવશું દઈ વેણ, ચાલ્યા આગળ જનસુખદેણ;
રાજકોટ ગાઉ એક રહ્યું, ત્યારે સ્વારને શ્રીજીએ કહ્યું. ૫૮
પત્ર સાહેબનો લાવ્યા તમે, તેથી આવ્યા અહીં સુધી અમે;
જાઓ આગળથી એહ વાર, કહો સાહેબને સમાચાર. ૫૯

**પુષ્પિતાગ્રા :**

સુણી પછી અસવાર તે સિધાવ્યો, અધિપતિને જઈ સાર તે સુણાવ્યો;
સુણી ઉર ઉપજી ખુશી અશેષ, વરણન તેનું ન થૈ શકે નરેશ. ૬૦

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે નવમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિરાજકોટ-*
*સમીપવિચરણનામ અષ્ટમો વિશ્રામઃ ॥૮॥*

**પૂર્વછાયો :**

સાહેબ શાણા ગવર્નરે, સામે મોકલ્યા એક સરદાર;
સાથે સેના ચતુરંગિની, વળી દેશી રાજાઓ અપાર. ૧

**ચોપાઈ :**

દેશી રાજાના ડંકા નિશાન, અંગરેજી વાજાં ગુણવાન;
સાથે પલટણ શોભતી સારી, એવી સામી આવી અસવારી. ૨
પ્રભુને આવી કીધા પ્રણામ, ભલે આવ્યા કહ્યું ઘનશ્યામ;
ગામના સરવે સતસંગી, પ્રણમ્યા પ્રભુપાયે ઉમંગી. ૩
હાર તોરા હરિને ધરાવ્યા, વાજતે ગાજતે પધરાવ્યા;
વાજાંવાળા ને પલટણ છાજે, પછી રાજાની અસ્વારી રાજે. ૪
મુનિમંડળ કીર્તન ગાય, તેની શોભા વરણવી ન જાય;
બેઠા આચાર્ય બે રથમાંય, પછી પાર્ષદો ચાલે છે ત્યાંય. ૫
છડીદાર બોલે જયકાર, સખા કાઠી સાથે અસવાર;
મેનામાં બેઠા દેવ મુરારી, કરે ચમર મુકુંદ બ્રહ્મચારી. ૬
ગાડિયો માંહિ સદ્‌ગુરુ સંત, શોભે અસ્વારી એહ અત્યંત;
ઉત્તરાભિમુખે દરવાજો, રાજકોટ તણો અતિ છાજ્યો. ૭
તહાં કીધો પ્રભુએ પ્રવેશ, મળ્યાં દર્શને લોક વિશેષ;
નજરે નિરખી ગિરધારી, થયાં રાજી બહુ નરનારી. ૮

એમ ચાલતાં સહિત સમાજે, ગયા દક્ષણાદે દરવાજે;
કહે વર્ણી સુણો તમે રાય, લોધિકાના અભેસિંહે જ્યાંય. ૯
હાલ છત્રી કરાવી છે સારી, ઊતર્યા તહાં દેવ મુરારી;
મોટો તંબુ હતો મધ્યમાંય, ઉતર્યા ત્રિભુવનપતિ ત્યાંય. ૧૦
ફરતા તંબુઓ આસપાસ, કર્યો બીજાયે તેમાં નિવાસ;
પ્રણમીને બીજા જન ગયા, સતસંગી તો સેવામાં રહ્યા. ૧૧
ઉકો વાલો માંડણ શિલ્પકાર, ભલા ગોવિંદ ભક્ત ઉદાર;
એહઆદિ મળી હરિજન, અતિ આનંદ આણીને મન. ૧૨
સીધું સામાન તેઓએ લાવી, સૌને કાજે રસોઇ કરાવી;
મોટી ચંદની બાંધેલી હતી, સભા ત્યાં ભરી સંતના પતિ. ૧૩
બેઠા આચાર્ય બેઠા ગૃહસ્થ, બેઠા સન્મુખ સંત સમસ્ત;
મોકલ્યો સાહેબે જમાદાર, કહ્યું શ્રીજીને તેણે તે વાર. ૧૪
જે જે જોઇયે તેહ સામાન, અમને કહો કરુણાનિધાન;
ચોકીદાર ચોકી પેરા માંહી, કહો તેટલા મોકલું આંહી. ૧૫
સુણી બોલિયા શ્રીહરિ તેહ, સીધું સામાન જોઈયે જેહ;
તે તો સેવક લાવ્યા અમારા, રાજકોટમાં જે રહેનારા. ૧૬
અમારે નથી જોઈતું કાંઇ, ચોકી પેરાનો ખપ નથી આંહી;
અમ સાથે છે કાઠિયો જેહ, સહુ સૌનું સંભાળશે તેહ. ૧૭
સાધુને પત્ર તુંબી ને માળા, તેને જોઇયે નહિ ચોકીવાળા;
નથી જોખમ જેને લગાર, તેને કોઇ નથી લૂંટનાર. ૧૮

**ત્યાગી નિર્ભય છે તે વિષે : ઉપજાતિ :**

છે પાત્ર ને તુંબડી જેહ પાસ, તેને દિસે ચોર તણો ન ત્રાસ;
માયા તણો સંગ્રહ હોય જેને, છે ચોરનો ત્રાસ સદૈવ તેને. ૧૯
છે જ્ઞાનરૂપી ધન સંત કેરું, જેનું દિસે મૂલ અતી ઘણેરું;
જે સંતનું તે ધન ચોરી જાય, તે ચોર તો સંતસમાન થાય. ૨૦
જો સંતનું અંચળ ચોરી જાય, તો કોઈનાથી ન ધરી શકાય;
સંતો તણો સાથુ ન કોઇ ચાખે, તો સંત કેની શીદ બીક રાખે. ૨૧
સર્વે મુડી મોકલી સત્ય ઘેર, ચાલ્યા પ્રવાસે ધનહીન પેર;
પછી ગમે ત્યાં જ કરે મુકામ, વળાવિયાનું નહિ કાંઇ કામ. ૨૨

જે સંત થૈ જોખમ પાસ રાખે, તે સંત સાચો નહિ શાસ્ત્ર ભાખે;
તે સંત તો હોય ગૃહસ્થ જેવો, તેને નહી સદ્‌ગુરુ જાણી સેવો. ૨૩
સ્ત્રીદ્રવ્યોથી જે અળગા રહે છે, ચિત્તે નહી વસ્તુ કશી ચહે છે;
તેને નહી કોઈની ઓશિયાળ, તેને ન લાગે ડર કોઈ કાળ. ૨૪
વિશેષ જાણ્યું તન નાશવંત, એવા દિસે સદ્‌ગુરુ જે મહાંત;
ઝાડી વિષે વાસ વસે કદાપી, શા કારણે ત્રાસ ધરે તથાપી. ૨૫
આત્મા તણો તો નહિ નાશ થાય, આત્માની ચોરી ન કરી શકાય;
આત્માસ્વરૂપે વરતે જ જેહ, કોઇ થકી દીલ ડરે ન તેહ. ૨૬
શત્રૂ તથા મિત્ર સમાન જાણે, સુખે દુઃખે જે સમતા પ્રમાણે;
જેને નહી રંચક રાગ દ્વેષ, તેને દિલે શો ડર હોય લેશ. ૨૭

**ચોપાઈ :**

માટે આ સંત છે સહુ એવા, નથી એની પાસે ચોરી લેવા;
નથી ચોકી પેરા તણું કામ, કહો સાહેબને જૈ સલામ. ૨૮
જમાદારે જઇ એમ કહ્યું, મન સાહેબનું રાજી થયું;
પછી થૈ ત્યાં રસોઇ તૈયાર, જમ્યા શ્રીજી ને સંત ઉદાર. ૨૯
જમ્યા આચાર્ય બે હતા જેહ, જમ્યા કાઠી ગરાશિયા તેહ;
પછી આરતી ને ધુન કરી, જ્ઞાનવાત ત્યાં ઉચ્ચર્યા હરી. ૩૦
પછી પોઢી રહ્યા પરમેશ, જાગ્યા જ્યારે રહી રાત લેશ;
દંતધાવન આદિક કર્યું, પછી સ્નાનવિધાન આદર્યું. ૩૧
નિત્યકર્મ કરીને કૃપાળ, જમ્યા ધર્મવંશીકૃત થાળ;
જમ્યા સંત ને કાઠી ઉમંગે, પછી બેઠા પ્રભુજી પલંગે. ૩૨
નિજમંત્રી બોલાવિયા ચાર, તેનાં નામ કહું છું આ ઠાર;
દેવો ભીમ પાળા અનુચર, હરજી તથા લાધો ઠક્કર. ૩૩
તેઓ પ્રત્યે બોલ્યા અવિનાશ, તમે જાઓ શ્રીસાહેબ પાસ;
અમારા નારાયણ જઇ કહો, પછી એટલું પૂછીને લહો. ૩૪
અમે મળવાને આવીયે ક્યારે, કેવી ઇચ્છા છે ઉરમાં તમારે;
કચેરી થાય રાજાની જ્યારે, કહો તો અમે આવિયે ત્યારે. ૩૫
કહો તો આવી મળીયે એકાંતે, વાતચીત તો થાય નિરાંતે;
સુણી ચારે જણા ત્યાં સિધાવ્યા, શબ્દ સાહેબને તે સુણાવ્યા. ૩૬

બોલ્યા તેહ ગવર્નર ત્યારે, આવે ઈચ્છામાં ત્યારે પધારે;
નથિ બીજા રાજાઓનું કામ, મારે સ્વામીને કરવા પ્રણામ. ૩૭
ભેટવાનો અમારે છે ભાવ, નથિ દેખાડવાનો દેખાવ;
ઝાઝે માણસે ગડબડ ધારું, થોડાં માણસ આવે તો સારું. ૩૮
સુણી એવું વળ્યા જણ ચાર, કહ્યા શ્રીજીને જૈ સમાચાર;
સુણી સાહેબનો બહુ સ્નેહ, અતિ રાજી થયા પ્રભુ એહ. ૩૯

**પુષ્પિતાગ્રા :**

દિવસ ચડત હોય જેહ કેરો, ઉર ઉપજે સુવિચાર તો ઘણેરો;
જનિત યવનજાતિ અંગરેજ, પ્રગટ પ્રભુપર પ્રેમવંત તેજ. ૪૦

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે નવમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે*
*શ્રીહરિરાજકોટવિચરણનામ નવમો વિશ્રામઃ ॥૯॥*



**પૂર્વછાયો :**

શ્રીહરિએ સહુ સ્વજનને, પુછી કર્યો નક્કી નિરધાર;
સાહેબને મળવા જવું, કોણ કોણ મળી કેઈ વાર. ૧

**ચોપાઈ :**

મળી સૌ જને એમ ઠરાવ્યું, પાછલે પો'ર મળવાને જાવું;
ત્રીજા પો'ર થયો પછી જ્યારે, ચાલ્યા શ્રીહરિમળવાને ત્યારે. ૨
મેનામાં મહારાજ બિરાજ્યા, રથમાં બેય આચાર્ય છાજ્યા;
નિત્યાનંદ ને ગોપાળાનંદ, શુકાનંદ આદિ મુનિવૃંદ. ૩
તેઓ પણ એક ગાડીમાં બેઠા, કોઈ પાર્ષદ ચાલતા હેઠા;
દાદો ને સુરોખાચર જેહ, થયા અશ્વિએ[1] અસ્વાર તેહ. ૪
ચાલ્યા મળવાને પુરુષ પુરાણ, કર્યું આગળથી તહાં જાણ;
ત્યારે સાહેબે કરીને વિવેક, સામી મોકલી પલટણ એક. ૫
તેણે દીધું રુડી રીતે માન, ગયા બંગલે શ્રીભગવાન;
સામા આવિયા સાહેબ મળી, તેનાં નામ સુણો કહું વળી. ૬
સર માલ્કમ સાહેબ જેહ, મુંબઈના ગવર્નર તેહ;
કારભારી તેના જે પ્રમાણો, તે તો ટામસ વિલિયમ જાણો. ૭
બ્લેન સાહેબ પોલીટીકાલ, તે તો ત્રણેની બુદ્ધિ વિશાળ;
બીજા સાહેબ છ હતા સંગે, મળ્યા સૌ હરિને તે ઉમંગે. ૮
હેતે ઝાલ્યો ગવર્નરે હાથ, બંગલામાં ગયા સહુ સાથ;
ખુરશી એક ઉત્તમ હતી, પધરાવ્યા ત્યાં સંતના પતિ. ૯
હતા શ્રીજીની સાથે પધાર્યા, તહાં ખુરશીયે સૌને બેસાર્યા;
સામી ખુરશીયોની હતી હાર, બેઠા સાહેબ સૌ સરદાર. ૧૦
પછી માલકમે કરી પ્રેમ, પુછ્યા કૃષ્ણને કુશળ ક્ષેમ;
ભલે આવ્યા કહ્યું વળી તમે, તસદી આપી આપને અમે. ૧૧
સુણી શ્રીહરિ બોલિયા એમ, પેખ્યો આપનો પૂરણ પ્રેમ;
આવ્યા આપ તણા ત્રણ પત્ર, તેથી આવ્યા છૈયે અમે અત્ર. ૧૨
મળી આનંદ પામિયા તમને, શ્રમ કાંઈ પડ્યો નથી અમને;
વળી સાહેબે પુછ્યું વિચારી, કહો જન્મભૂમિ ક્યાં તમારી. ૧૩
કોણ માત પિતા કોણ નાત, ભ્રાત કેટલા તે કહો વાત;
સુણી બોલિયા શ્રીઅક્ષરેશ, જન્મભૂમિ તો કૌશળ દેશ. ૧૪

૧. ઘોડીએ

અમે શરવરિયા દ્વિજ છૈયે, કહું બીજું તે સાંભળી લૈયે;
માતા ભક્તિ અને ધર્મ તાત, એક જયેષ્ઠ કનિષ્ઠ બે ભ્રાત. ૧૫
ભાઈ રામપ્રતાપના જેહ, સુત અવધપ્રસાદ આ તેહ;
નાનાભાઈ ઈચ્છારામ ધીર, તેના પુત્ર આ છે રઘુવીર. ૧૬
તે બે પુત્ર મેં દત્તક લીધા, મારી ગાદિના વારસ કીધા;
કહે સાહેબ સાંભળો પ્યારા, તમે પરણેલ છો કે કુંવારા. ૧૭
જન્મભૂમિથી ક્યારે સિધાવ્યા, અને આ દેશમાં ક્યારે આવ્યા;
કહે કૃષ્ણ વર્ષ અગ્યારે, અમે જન્મભૂમિ તજી ત્યારે. ૧૮
બદરીનાથ ને જગન્નાથ, ગયા તીરથમાં વિના સાથ;
સેતુબંધ રામેશ્વર ગયા, વિષ્ણુકાંચી વિષે પણ રહ્યા. ૧૯
ત્યાંથી પંઢરપુરમાં સિધાવ્યા, પછી નાશક ત્રંબક આવ્યા;
આવ્યા સુરત થૈ ગુજરાત, કાઠિયાવાડ જોઈ વિખ્યાત. ૨૦
છપનામાં જોયો દેશ એહ, રહ્યા સૌનો નિહાળીને નેહ;
કર્યો ગઢપુર માંહિ નિવાસ, ત્યાંના રાજા અમારા છે દાસ. ૨૧
કહે સાહેબ ધર્મ તમારો, અમે સાંભળ્યો છે બહુ સારો;
તમે શાસ્ત્ર કર્યું હોય જેહ, આપો અમને કૃપા કરી એહ. ૨૨
એવું સાંભળી સહિત વિવેક, શિક્ષાપત્રી આપી એને એક;
સાહેબે લઈ માથે ચડાવી, કહ્યું જે અમે જોશું વંચાવી. ૨૩
પછી પૂજાનો સામાન લાવ્યા, હાર તોરા હરિને ચડાવ્યા;
ચર્ચ્યું અત્તર શ્યામને અંગે, શાલ જોટો ઓઢાડ્યો ઉમંગે. ૨૪
પછી જે જે હતા હરિ સાથે, તેને અર્ચિયા તે નરનાથે;
પ્રભુપાસે માગ્યું શિર નામી, સુણો આપ નારાયણસ્વામી. ૨૫
અમારું ને અમારા શત્રુનું, ભલું કરજો મનુષ્ય સહુનું;
સુણી બોલિયા શ્રીગિરધારી, ધન્ય ધન્ય છે બુદ્ધિ તમારી. ૨૬
તમે સર્વનું ઈચ્છો છો સારું, માટે સારું થશે જ તમારું;
પછી હરિએ જવા રજા માગી, બોલ્યા સાહેબ તે પગે લાગી. ૨૭
થોડા દિવસ વસો આંહિ વાસ, જોઈએ તે માગો અમ પાસ;
હોય કોઈ વિઘનકારી તમને, તો તે વાત જાહેર કરો અમને. ૨૮

બોલ્યા શ્રીહરિ તે સમામાંઇ, અમારે નથી જોઈતું કાંઈ;
જન સર્વ છે સ્નેહી અમારા, નથી કોઈ વિઘન કરનારાં. ૨૯
ઉતાવળ છે જવાની અમારે, માટે તાણ ન કરવી તમારે;
દાદોખાચર બેઠા છે જેહ, ઘોડો આપે છે આપને તેહ. ૩૦
દે છે ભેટ નથી જોતું મૂલ, માટે આપ કરો તે કબૂલ;
સુણી બોલિયા સાહેબ તેહ, શિક્ષાપત્રી દિધી તમે જેહ. ૩૧
માનું છું લાખ ઘોડા પ્રમાણ, નથી જોઈતો એહ કેકાણ[1];
દાદાખાચરને વળી કહ્યું, ભાગ્યશાળી તમે પણ બહુ. ૩૨
મોટા સંત વસે તમ ઘેર, તેની સેવા સજો છો સુપેર;
વાત ચીત ઘણી એવી રીતે, પ્રભુસાથે કરી તેણે પ્રીતે. ૩૩
રજા લૈને ઉઠ્યા પ્રભુ જ્યારે, જન સકળ ઉભા થયા ત્યારે;
સાહેબે હરિનો ઝાલ્યો હાથ, વળાવાને આવ્યા સહુ સાથ. ૩૪
બેઠા મેનામાં શ્રીહરિ જ્યારે, વળ્યા વંદીને સાહેબ ત્યારે;
અવિનાશી ઉતારે સિધાવ્યા, તહાં સત્સંગી સૌ મળી આવ્યા. ૩૫
પલંગે બેઠા શ્રીમહારાજ, બેઠો આગળ સર્વ સમાજ;
નિત્યાનંદ બોલ્યા જોડી હાથ, પુછું પ્રશ્ન સુણો સંતનાથ. ૩૬
અંગરેજ તણું રાજ જેહ, રહેશે કયાંલગી કહો તેહ;
કહે કૃષ્ણ સુણો મુનિરાજ, અંગરેજ તણું જેહ રાજ. ૩૭
હરિઈચ્છાથી આવ્યું છે આંહી, નથી સંશય એ વિષે કાંહી;
થયા દેશી રાજા જ્યારે એવા, સાધુ પીડા પામ્યા તમ જેવા. ૩૮
ધર્મી વાંક વગરના પીડાય, રાજા કોઈ ન કરતા સહાય;
ન્યાય કોઈ પ્રજાને ન મળતો, રાંકની રાવ કો ન સાંભળતો. ૩૯
સંતપુરુષ તણો જે પોકાર, સાંભળ્યો જગસર્જનહાર;
ત્યારે રાજા આવ્યો અંગરેજ, અતિન્યાયી નરેશ છે એ જ. ૪૦
ચક્રવર્તી ભરતખંડ તણો, થશે એ જ જોરાવર ઘણો;
જ્યારે સાધુને તે પીડા કરશે, ન્યાય મુકી અન્યાય આદરશે. ૪૧
જોર પામી જુલમગાર થાશે, ત્યારે તેનું નકી રાજ જાશે;
સુણી બોલિયા સત્સંગી એમ, અંગરેજ રાજા રહો ક્ષેમ. ૪૨

૧. ઘોડો

પછી ત્યાંથકી શ્રીગિરધારી, કરી ચાલવા કેરી તૈયારી;
હરિભક્તે કરી ઘણી તાણ, રહો બે દિન શ્યામ સુજાણ. ૪૩
કહે કૃષ્ણ છે કામ અમારે, માટે તાણ ન કરવી તમારે;
પછી તૈયાર સૌને કરાવ્યા, તંબુ પાડી ગાડામાં ભરાવ્યા. ૪૪
ત્યાંથી સંચર્યા શ્રીહરિ જ્યારે, અસવારી સારી સજી ત્યારે;
સતસંગી વળાવવા આવ્યા; વાજાં વિવિધ પ્રકારનાં લાવ્યા. ૪૫
જેવી રીત્યે આવ્યા હતા હરિ, તેવી રીતે ચાલ્યા પાછા ફરી;
ચૌટા વચ્ચે થઈ જેમ છાજે, આવ્યા ઉત્તરાદે દરવાજે. ૪૬

**પુષ્પિતાગ્રા :**

હરિવરકૃત રાજકોટમાંય, સુભગ ચરિત્ર શીખે સુણે જ ગાય;
પ્રભુપદ અતિપ્રેમ તેથી લાગે, ભવભયભીતિ સમસ્ત તેની ભાગે. ૪૭

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે નવમકલશે
અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિરાજકોટપુરે
ગવર્નરસાહેબમીલનનામ દસમો વિશ્રામઃ ॥૧૦॥*

**પૂર્વછાયો :**

રુડી રીતે રાજકોટથી, જ્યારે વિચરિયા અવિનાશ;
ત્યાંના નિવાસી ભક્તજન, થયા અંતર માંહિ ઉદાસ. ૧

**ચોપાઈ :**

મુરતી હરિની ધરી ઉરમાં, પાછા તે હરિજન ગયા પુરમાં;
પાડાસણ ગયા શ્રીપરમેશ, સરતાનજિ ત્યાંના નરેશ. ૨
દરબારમાં ઊતર્યા દેવ, આવ્યા હરિજન સૌ તતખેવ;
જેઠીભાઈ મઘો હકોભાઈ, આવ્યા સેવામાં તે સહુ ધાઈ. ૩
જમીને ત્યાં રહ્યા હરિ રાત, પછી પરવર્યા ઊઠી પ્રભાત;
મોકોખાચર બોલ્યા તે વાર, સુખકારી ચાલો સરધાર. ૪
ત્યાંથી વાંકિયે ગામ વિચરવું, મારું, વિનયવચન ઉર ધરવું;
રાજો ડાંગર બોલ્યા તે ઠામ, ચાલો ગિરધર ખોખરે ગામ. ૫

દીધું છે ત્યાંના જનને વચન, મહારાજ વિચારોને મન;
જીવો ડોડિયો ને કાનો ખેર, બોલ્યા તે પણ એવી જ પેર. ૬
તમે આપ્યું છે અમને વચન, મોટે ખોખરે ચાલો જીવન;
તેઓ બે જણ આગળ થયા, પછી ગિરધર ખોખરે ગયા. ૭
કાનો સિંધવ સન્મુખ આવ્યા, પ્રભુને ગામમાં પધરાવ્યા;
ઉતર્યા હરિ તેહને ઘેર, સૌએ સેવા સજી સારી પેર. ૮
ધર્મવંશીયોએ કર્યો થાળ, જમ્યા તે હરિકૃષ્ણ કૃપાળ;
ભાઈ ગોવિંદના ફળિયામાં, હતો લીંબડો તેહ સમામાં. ૯
તહાં પાથર્યો ભક્તે પલંગ, પોઢ્યા સારી રીતે ત્યાં શ્રીરંગ;
મકવાણાં ડોશી કંકુબાઇ, પગે લાગ્યાં પ્રભુજીને ધાઇ. ૧૦
માગ્યું વરદાન તે સમે સારું, પ્રભુ કલ્યાણ કરજો અમારું;
કહે શ્રીહરિ કરજો ભજન, તેથી પામશો અચળ ભવન. ૧૧
કાના સિંધવની ઘરનારી, માનબાઇ તે સત્સંગી સારી;
પુત્ર માસ છનો નામે ઘેલો, હતો તે સમે તેણે તેડેલો. ૧૨
તેને એક રુમાલ ઓઢાડ્યો પછી શ્રીજીને ખોળે સુવાડ્યો;
તેને શિર હરિએ હાથ દીધો, પછી તે બાઇયે તેડી લીધો. ૧૩
પછી સાંજે સભા સજી સારી, આરતી ધુન સંતે ઉચારી;
જ્ઞાનવાત કરી પોઢ્યા હરી, પ્રભાતે જવા તૈયારી કરી. ૧૪
રથમાં બેઠા શ્રીમહારાજ, પછી સંચર્યા સહિત સમાજ;
ચારે શેરિયો દીઠી સુહાતી, આવે બાઈયો કીર્તન ગાતી. ૧૫
એવું જોઇ બોલ્યા ઘનશ્યામ, આ તો ગોકુળ જેવું છે ગામ;
સુણી એવું બોલ્યા સંત કોય, જહાં આપ ત્યાં ગોકુળ હોય. ૧૬
વસ્તો ભક્ત બોલ્યા જોડી હાથ, તમે સાંભળો સત્સંગનાથ;
ગામમાં એવો દ્વિજ નથી કોઇ, અમને આપે મુહુરત જોઇ. ૧૭
ખેડ આદિક જે કામ કરીએ, કેને મુહુરત પૂછી આદરીએ;
સુણી બોલિયા અશરણશરણ, કરવું શ્રીહરિ તણું સ્મરણ. ૧૮
લઇ સ્વામિનારાયણ નામ, સદા આદરવું શુભ કામ;
સુણી એવું શ્રીજીનું વચન, હરિજન સહુ હરખીયા મન. ૧૯

પછી પરવર્યા કરુણાનિધાન, ગયા ભંડારીએ ભગવાન;
ત્યાંથી ભાડલે થૈ દહિંસરે, અણિયાળીએ ત્યાંથી વિચરે. ૨૦
કડુકે ગયા જનસુખદાઇ, સામો આવ્યો ત્યાં ભક્ત મેરાઈ[1];
તેણે અંગરખું ભેટ કર્યું, ધર્મપુત્રે તે તનપર ધર્યું. ૨૧
બેસતું તે બરાબર આવ્યું, ત્યારે શ્રીજીએ એવું સુણાવ્યું;
આવે બેસતું અંગમાં એવું, તમે કેમ શિવી શક્યા તેવું. ૨૨
કહે દરજી હે નાથ તમારી, મૂરતી મન માંહિ સંભારી;
જેવું ધ્યાનમાં રૂપ તે આવ્યું, તેવું અંગરખું મેં બનાવ્યું. ૨૩
સુણી અચરજ પામિયા સહુ, જાણ્યો એ તો ચમત્કાર બહુ;
બોલ્યો મેરાઇ જોડીને હાથ, આંહિ રાત રહો મુનિનાથ. ૨૪
સુણી બોલિયા શ્રીહરિ ત્યારે, ઉતાવળ છે જવાની અમારે;
પછી સંચર્યા ત્યાંથી સહુજી, ગયા મડાળા ગામ પ્રભુજી. ૨૫
ચેલા ખાચરને દરબાર, ઉતર્યા જઇ વિશ્વઆધાર;
જમીને બેઠા જીવન જ્યારે, આવ્યા ભગવદાનંદ ત્યારે. ૨૬
સેવાનંદ હતા તેને સંગે, પ્રણમ્યા પ્રભુજીને ઉમંગે;
શ્રીહરિએ પુછ્યા સમાચાર, ક્યાંથી આવ્યા કહો એહ વાર. ૨૭
કહે સંત સુણો પ્રભુ તમે, વટપત્તનથી આવ્યા અમે;
કહે શ્રીજી ત્યાંના હરિજન, કેવા રાજી ખુશી છે તે મન. ૨૮
કહે સંત હે પરમપવિત્ર, કરો છો જી મનુષ્યચરિત્ર;
મંદવાડ ધર્યો છે શરીરે, સુણી સૌ જન છે દિલગીરે. ૨૯
સૌએ વંદન સ્નેહે કહ્યાં છે, ભેટ નારંગી ફળ મોકલ્યાં છે;
કહી એ રીતે કંડિયો ધર્યો, અંગીકાર તે શ્રીજીએ કર્યો. ૩૦
નારંગી ફળને સુધરાવી, જમ્યા શ્રીજી ઘણો સ્નેહ લાવી;
જે જે બેઠા હતા તે ઠેકાણે, આપી સૌને પ્રસાદી તે ટાણે. ૩૧
રહ્યા રુડી રીતે તહાં રાત, પ્રભુ ઊઠીને ચાલ્યા પ્રભાત;
ગામ ભોંયરે થૈ ભગવાન, ગયા મોઢુકે જ્ઞાનનિધાન. ૩૨
વડ હેઠ જગા જોઇ સારી, ઉતર્યા તહાં દેવ મુરારી;
કરી નિત્યક્રિયા મહારાજ, જમ્યા ટીમણ સહિત સમાજ. ૩૩

૧. દરજી

પછી ત્યાંથી ચાલ્યા સહુ સાથ, દેવધરીએ ગયા દીનનાથ;
ડાહ્યો વોરો તહાં હરિજન, તેણે આવી કર્યા દરશન. ૩૪
કહ્યું ગામમાં શ્યામ પધારો, આવી પૂરો મનોરથ મારો;
કહે કૃષ્ણ અમારે છે કામ, નહિં રોકાઈએ એહ ઠામ. ૩૫
ડાહ્યા શેઠે તે ગામમાં જઈ, ટોપરાં ને ખજૂર તે લઈ;
ભગવાનને તે ભેટ ધરી, કૃપાનાથે અંગીકાર કરી. ૩૬
ત્યાંથી પરવર્યા શ્રીપરમેશ, સખપર ગયા સર્વજનેશ;
ત્યાંથી દુર્ગપુરે દિનનાથ, આવ્યા સંત સખા લઈ સાથ. ૩૭
કરી દર્શન શ્રીહરિ કેરાં, હરિજન મન હરખ્યાં ઘણેરાં;
રાજકોટ તણા સમાચાર, સહુ જનને કહ્યા તેહ વાર. ૩૮
સ્નેહ સાહેબનો દિઠો જેવો, કહ્યો સૌ જન આગળ એવો;
રાજકોટની લીલાની વાત, થઈ દેશ વિદેશ વિખ્યાત. ૩૯
જન આસુરી તો હતા જેહ, કહે તર્ક કરી વાત તેહ;
જાણે છે વશીકરણ વિદ્યાને, તેથી સાહેબ પણ તેને માને. ૪૦
પણ મૂર્ખ વિચારે ન એમ, ઉગ્યો સૂર્ય છાનો રહે કેમ;
ભલે અજ્ઞાનીઅવગુણ ગાય, અંત્યે સત્ય તે સત્ય જ થાય. ૪૧

**સત્યં જયતિ તે વિષે : ઉપજાતિ :**

કહે હિરાને કદી કાચ કોય, તથાપિ જો તેહ હિરો જ હોય;
જ્યારે ઝવેરી જન હાથ જાશે, ત્યારે ખરી વાત પ્રસિદ્ધ થાશે. ૪૨
કસ્તૂરીને કોઈ કહે કદાપી, કસ્તૂરી એ તો નથીરે તથાપી;
સુગંધ જ્યારે સઘળે જણાશે, તે બોલનારો મુરખો ગણાશે. ૪૩
જો દુષ્ટ કોઈ દિલ દ્વેષ રાખે, છે સત્ય તેને જ અસત્ય ભાખે;
અંત્યે જતાં સત્યની જીત થાય, શાસ્ત્રો પુરાણો સહુ એમ ગાય. ૪૪
જે નાણું સાચું જ જરૂર હોય, ખોટું કહે મૂરખ લોક કોય;
તેના કહ્યાથી નહિ ખોટું થાય, જે સત્ય તે સત્ય થશે સદાય. ૪૫
જો નેત્રમાં કાંઈ વિકાર થાય, તને પીળો રંગ બધે જણાય;
જો શર્કરાને કડવી કહેશે, તે રોગી છે સૌ જન જાણી લેશે. ૪૬

જો ધૂડથી સૂર્ય દિઠો ન જાય, તો સૂર્યને શું નુકશાન થાય ?
સૌ પ્રાણી જાણે રવિનો પ્રતાપ, તો ધૂડથી કેમ થશે ઉથાપ. ૪૭
ઉગે ભલો ચંદ્ર પ્રકાશ જ્યારે, ગ્લાની ધરે પંકજવૃંદ[1] ત્યારે;
તો તેજ ઓછું શશીનું ન થાય, તેજસ્વીનું તેજ વધ્યું જ જાય. ૪૮
શ્રીસ્વામિનારાયણનો પ્રતાપ, દેખી બળ્યા દુષ્ટ જનો અમાપ;
તથાપિ નિત્યે ચડતી કળાય, સત્સંગની વિશ્વ વિષે જણાય. ૪૯

**પુષ્પિતાગ્રા :**

ધરમતનુજ રાજકોટ જૈને, દુરગપુરે ફરી આવી રાજી થૈને;
સ્થિરમન વસવા તહાં ઠરાવ્યું, પરમ પવિત્ર ચરિત્ર તે સુણાવ્યું. ૫૦

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે નવમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંદે શ્રીહરિરાજકોટપુરાત્*
*દુર્ગપુરાગમનનામૈકાદશો વિશ્રામઃ ॥૧૧॥*

**પૂર્વછાયો :**

જેવી વિધે વરતાલમાં, પધરાવિયા રણછોડરાય;
વર્ણી કહે વસુધાપતિ, હવે કહું છું એહ કથાય. ૧

**ચોપાઈ :**

પાંડે ગોપાળજી મહારાજ, રણછોડજીની છબી કાજ;
ગયા હતા ડુંગરપર જેહ, છબી લૈ આવ્યા વરતાલ તેહ. ૨
પ્રતિમા મુકી વરતાલમાંય, ગયા પોતે હતા હરિ ત્યાંય;
દાદાખાચરને દરબાર, સભામાં હતા જગકરતાર. ૩
દંડવત કર્યા ગોપાળજીયે, હાથ ઝાલી ઉઠાડ્યા હરિએ;
હરિ ભેટ્યા હેતે ભીડી બાથ, પછી બેઠા પલંગમાં નાથ. ૪
દેખી દુર્બળ શ્યામશરીર, ભર્યાં ગોપાળજી દ્રગે નીર;
દીધી ધીરજ દીનદયાળે, કહ્યું કષ્ટ મટી જશે કાલે. ૫
વળી બોલિયા વિશ્વના ધણી, કેમ વાર કરી તમે ઘણી;
આટલા દિન ક્યાં રહ્યા જાણી, ત્યારે બોલ્યા ગોપાળજી વાણી. ૬

૧. કમળનો સમુહ

આપે આપેલા માપ પ્રમાણે, મુરતી ન મળી તે ઠેકાણે;
તેનો કરવા વિશેષ તપાસ, તહાં વીતિ ગયો એક માસ. ૭
નવી મૂર્તિ કરાવવી પડી, વળી તેમાં ગયા માસ અઢી;
ગયા તે લઈ વરતાલ માંહી, તહાં મૂકી આવ્યા છૈયે આંહી. ૮
શોભીતી પ્રતિમા છે તે સારી, સુણી રાજી થયા ગિરધારી;
પુષ્પદોળ તણો દિન આવ્યો, ત્યારે ઉત્સવ સારો કરાવ્યો. ૯
હરિએ કર્યો એમ ઉચ્ચાર, ફુલદોળ આ છે છેલિવાર;
સુણી સૌ જન પામ્યા ઉદાસી, આપી ધીરજ શ્રીસુખરાશી. ૧૦
એમ દિનપર દિન વહી જાય, મંદવાડ શરીરે જણાય;
ત્યારે ગોપાળજીએ વિચારી, મુકતાનંદને વાત ઉચ્ચારી. ૧૧
રણછોડજીની પ્રતિમાય, ઘણા શ્રમથી હું લાવ્યો છું ત્યાંય;
ક્યારે તેની પ્રતિષ્ઠા કરાશે, ચાલો પૂછિયે જૈ પ્રભુ પાસે. ૧૨
ગોપીનાથના મંદિરમાંય, શજ્યા છે મહારાજની ત્યાંય;
સુતા જાગતા શ્રીવનમાળી, ગયા બે જણા તે સ્થળ ચાલી. ૧૩
પ્રભુપદને કરીને પ્રણામ, મુકતાનંદ બોલ્યા તેહ ઠામ;
મંદવાડ ગ્રહણ કર્યો આપે, ધાર્યું આપે તે કોણ ઉથાપે. ૧૪
પણ રણછોડજી પ્રતિમાય, પધરાવવી વરતાલમાંય;
કહો નાથ તેનું કેમ કરવું, જેવી આજ્ઞા તેવું અનુસરવું. ૧૫
સમૈયો હરિનવમીનો આવ્યો, તેનો કેવો વિચાર ઠરાવ્યો;
વરતાલ કહો કોણ જાશે, તહાં તો ઘણા સંઘ ભરાશે. ૧૬
સુણી બોલિયા વૃષકુળરાય, નહી વરતાલ અમથી જવાય;
અમારે સ્થાને સ્થાપ્યા છે જેહ, બેય આચારજો જાય તેહ. ૧૭
રામપ્રતાપ ને ઈચ્છારામ, અમ પાસે રહે એહ ઠામ;
મુકુંદાનંદ ને મુકતાનંદ, રહે તે પણ આંહિ સ્વછંદ. ૧૮
એમ કહી સહુ સંત બોલાવ્યા, દાદાખચરને ય તેડાવ્યા;
વળી બોલાવ્યા આચાર્ય બેય, તતકાળ આવ્યા સહુ તેય. ૧૯
બોલ્યા તે સહુ સન્મુખ માવો, સમૈયો હારિનૌમીનો આવ્યો;
નહિ વરતાલ અમથી જવાય, સમૈયો ત્યાંનો બંધ ન થાય. ૨૦

માટે જાય આચારજ બેય, જેઓ અંગ અમારાં જ છેય;
તેને પૂજશે જે ધરી પ્રીત, પૂજા માનીશ હું જ ખચીત. ૨૧
દ્વેષ જો કોઈ તેહનો કરશે, તે તો દ્વેષી અમારો જ ઠરશે;
આજ જે રીતભાત ઉચ્ચારું, જાણો વંશપરંપરા સારું. ૨૨
સુણો આચારજો બેય તમે, તમને ગાદી સોંપી છે અમે;
માટે રાખજો ચિત્ત વિચાર, કેવો છે નિજનો અધિકાર. ૨૩
પામી ઊંચો અધિકાર આમ, કેમ થાય કદી નીચું કામ;
એવી લક્ષધા રાખજો લાજ, તમે કરજો વિચારીને કાજ. ૨૪
પાંચ સદ્‌ગુરુ હરિજન પંચ, જેમાં હોય અધર્મ ન રંચ;
ધર્મવાળા ને વૃદ્ધ ગણાય, તેની આજ્ઞામાં રહેજો સદાય. ૨૫
કદિયે ન સ્વતંત્ર તો થાવું, પૂછ્યા વગર તો ક્યાંઈ ન જાવું;
સેવામાં સદા રાખજો પાળા, એ તો શાંત અને ધર્મવાળા. ૨૬
જેને બોલતાં લાજ ન આવે, સદા ગ્રામ્યગપાટા સુણાવે;
એવાનો તજજો સહવાસ, બહુધા નવ રાખવા પાસ. ૨૭
અતિ વાચાળ કે ચોરી ખાય, દ્રવ્ય નારીમાં જેહ લોભાય;
અભિમાની રજોગુણી હોય, એવા પાસે ન રાખવા કોય. ૨૮
હરિભક્તનું દુખવે મન, વારેવારે જે લોપે વચન;
કરે જ્યાં ત્યાં જે ભાઇબંધાઈ, એવા સેવક તજવા સદાઈ. ૨૯
સારા સેવક ગાંગજીદાસ, રહે અવધપ્રસાદની પાસ;
નામે અર્જુન ભક્ત છે જેહ, રઘુવીર પાસે રહે તેહ. ૩૦
સંપ રાખજો સર્વે સદાય, જાણજો સંપથી સુખ થાય;
જ્યાં જ્યાં જાઓ ત્યાં સર્વ ઠેકાણે, ચાલજો શિક્ષાપત્રી પ્રમાણે. ૩૧
જે છે ત્યાગી ગૃહસ્થ જે જન, માનશે તે તમારું વચન;
સૌને ધર્મમાં રાખજો તમે, સૌના તમને ગુરૂ કર્યા અમે. ૩૨
હવે સાંભળો સૌ બ્રહ્મચારી, કહું વર્ત્યાની રીત તમારી;
વાસુદેવા અખંડાનંદ, એ બે સદ્‌ગુરુ સદ્‌ગુણકંદ. ૩૩
રાખશે તે સંભાળ તમારી, એને આજ્ઞા છે એવી અમારી;
સ્નેહે સેવા આચાર્યની કરવી, કરે આજ્ઞા તે અંતરે ધરવી. ૩૪

પધરામણીમાં સાથે જાવું, આપે ચામર તો રાજી થાવું;
આવે મેમાન જો સતસંગી, કરવી તો રસોઇ ઉમંગી. ૩૫
હરિભક્ત તણો મહિમાય, અતિ જાણવો અંતરમાય;
વામનાનંદ વૈકુંઠાનંદ, બ્રહ્મચારી તે બે ગુણવૃંદ. ૩૬
એક અવધપ્રસાદના દાસ, બીજા તે રઘુવીરજી પાસ;
નિત્યાનંદ બ્રહ્માનંદ જેહ, જાણો સદ્‌ગુરુ સંતમાં તેહ. ૩૭
ગોપાળાનંદના શિષ્ય બેય, નિર્ગુણા પુરુષાનંદ છેય;
તેની શાંત પ્રકૃતિ છે સારી, વાટે તેને ઠરાવો કોઠારી. ૩૮
દિલના બેય છે તે દયાળ, વાટે રાખશે સૌની સંભાળ;
હવે કહું કોઠારીની રીત, સહુ સાંભળજો ધરી ચિત્ત. ૩૯
હરિભક્ત રસોઇ જે આપે, જોઇયે તેટલું લેવું માપે;
ઝાઝું લૈને બગાડ ન કરવો, વધે સામાન તે પાછો ધરવો. ૪૦
તેની શ્રદ્ધા પ્રમાણે જ લેવું, વધતું કાંઇયે ન કહેવું;
માંદા ભૂખ્યા થાક્યા હોય સંત, તેની રાખવી ખબર અત્યંત. ૪૧
જોઇયે રાબ કે શિરા જેવું, માંદા સંતને તો તેહ દેવું;
સરખો સ્નેહ સૌ પર ધરવો, પક્ષપાત કદાપિ ન કરવો. ૪૨
આવે ભેટ મીઠાઇ કે મેવો, તે તો પ્રથમ આચાર્યને દેવો;
પછી આપવો સદ્‌ગુરુઓને, સરખી રીતે અન્ય સંતોને. ૪૩
કેને છાની પ્રસાદી ન દેવી, રીત રુડા કોઠારીની એવી;
જાણવો સંતનો મહિમાય, સંતથી વધે છે સંપ્રદાય. ૪૪
હવે સંતને વર્ત્યાની રીત, કહું છું તે સુણો ધરી પ્રીત;
બરુ[૧] કાગળ દોરો કે સોય, વસ્તુ જો કાંઇ જોઈતી હોય. ૪૫
તો તે સદ્‌ગુરુને જ કહેવું, સતસંગી પાસેથી ન લેવું;
કોઠારીને તે સદ્‌ગુરુને જ કહેશે, ત્યારે કોઠારી મંગાવી દેશે. ૪૬
પણ સદ્‌ગુરુનું લઇ નામ, વસ્તુ લેવી નહી નિજ કામ;
જમવું નિત્ય પંગતે જૈને, પણ સ્વાદના લાલચુ થૈને. ૪૭
નવ આગળ પાછળ જાવું, મનમાનતું લૈને ન ખાવું;
સ્વાદમાં ચિત્તની વૃતિ સાંધી, કદી જમવું નહી જુદું રાંધી. ૪૮

૧. કલમ (નેતરની બનાવેલી હોય છે)

જ્યારે સંત રસાસ્વાદિ થાશે, ત્યારે જુદા જુદા પડી જાશે;
તપ કરવું તે સંતઆચાર, તપ કરવા તજ્યાં ઘરબાર. ૪૯
કદી આસન કાજ ઉચાટે, કાં તો કાંઈ પદારથ માટે;
અકળાઈ જવું નહિ ક્યારે, લેવું આપે તે મોટેરા ત્યારે. ૫૦
ન મળે તોય સંતોષ રાખે, સાચો સંત ન કુત્સિત ભાખે;
આજ્ઞા મોટાની લીધા વિનાય, કદી જાવું નહી ગામમાંય. ૫૧
પધરામણી આચાર્ય કેરી, શોભે સંતથી સારી ઘણેરી;
માટે સૌ સાધુએ સાથે જાવું, પણ આજ્ઞા વિના ન રોકાવું. ૫૨
વળી વસ્તી વિષે જવું જ્યારે, નીચી દૃષ્ટિએ ચાલવું ત્યારે;
ફાટી દૃષ્ટિ રાખી જેહ ફરે, તે તો સંત અસંતમાં ઠરે. ૫૩
માંહો માંહિ જુવાનીયા મળી, ઠઠ્ઠા મશ્કરી જો કરે વળી;
અથવા ક્રોધથી ચડભડે[1], ભાર ભાગે તેનો તેહ વડે. ૫૪
હરિભક્ત જુવે કદિ એવું, સમઝે તેનું માહાત્મ્ય કેવું;
માટે સંભાળી ચાલશે સંત, ત્યાં સુધી તે પૂજાશે અત્યંત. ૫૫
નહી તો બીજા વેરાગી જેવા, હલકા ગણાશે સહુ એવા;
પાળા સંત તથા બ્રહ્મચારી, સાંખ્યયોગ તણા અધિકારી. ૫૬
પાંચ વાર કથા જહાં થાય, સુણવાને સદૈવ તે જાય;
કાંઈ કામનું કાઢી બહાનું, ભુલવું નહિ ટાણું કથાનું. ૫૭
કામ હોય તો તે પછી કરવું, કથામાં તો જરૂર વિચરવું;
કથાની રુચિ જેહની છુટી, જાણો સત્સંગની વૃત્તિ તુટી. ૫૮
રાખ્યો નહિ જો કથાનો પ્રસંગ, થયું સૌભરીનું વ્રત ભંગ;
હરિભક્તને વાતો સુણાવે, તે તો સંત સુજાણ કહાવે. ૫૯
હવે સાંભળો સૌ તમે પાળા, જે છો કલ્યાણ ઈચ્છવાવાળા;
ભગુજી ને રતનજી છે જેહ, તમોમાં મોટા જાણવા તેહ. ૬૦
તેનું માનવું વચન તમારે, નહિ થાવું સ્વતંત્ર તો ક્યારે;
આચારજજીનિ આજ્ઞામાં રહેવું, કહે કામ તે તો કરી દેવું. ૬૧
તંબુ દેરા વાટે ઉભા કરવા, ભારખાના વિષે ભાર ભરવા;
ચોકીપેરો રુડો કરો રાતે, વળી માંજવા પાત્ર પ્રભાતે. ૬૨

૧. વઢવેડ, બોલાચાલી

સેવા કરવી સદા શિરસાટે, નિજ જીવના કલ્યાણ માટે;
પધરામણીમાં સાથે જાવું, નીચું જોઈને નિષ્કામી થાવું. ૬૩
શસ્ત્ર ધારી થવું શૂરવીર, ખરી વખતે ખોવું નહિ નીર[1];
સંત આચાર્ય આજ્ઞા ઉચારે, ક્ષમા રાખવી ત્યારે તમારે. ૬૪
સર્વ ત્યાગીને સમઝવું એમ, હોત ઘેર કરત કામ કેમ;
ઘણી સૌની ધરત ઓશિયાળ, તેથી ભક્તિમાં છે બહુ માલ. ૬૫

**પુષ્પિતાગ્રા :**

પ્રભુપદરત જેહ સંત પાળા, પટ ભગવાં વળી શ્વેત વસ્ત્રવાળા;
પણ જતિસમ ધર્મ એક જાણો, સમ મહિમા મુનિ પાર્ષદ પ્રમાણો. ૬૬

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે નવમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે આચાર્યપ્રવાસે*
*સંતવર્ણિપાર્ષદાદિવર્તનનિરૂપણનામ દ્વાદશો વિશ્રામઃ ॥૧૨॥*

**પૂર્વછાયો :**

ગોપાળજી મહારાજને, કહે શ્રીહરિ સ્નેહે ત્યાંય;
મૂરતિ રણછોડજી તણી, સ્થાપવી છે વરતાલમાંય. ૧

**ચોપાઈ :**

તે તો ઈચ્છા તમારી પ્રમાણે, સ્થાપે આચાર્ય તેહ ઠેકાણે;
તે માટે તમે વરતાલ જાઓ, સહુની સાથે તૈયાર થાઓ. ૨
ધર્મવંશી સરવ નરનારી, સાથે સર્વને લેજો વિચારી;
રામપ્રતાપ ને ઈચ્છારામ, રહેશે અમ પાસે આ ઠામ. ૩
લલિતા જયા રાજકુમારી, પછી તેને કહે ગિરિધારી;
રણછોડજી પધરાવા કાજ, જશે વરતાલ સર્વ સમાજ. ૪
તમો બેમાંથી એક સિધાવો, વાટે બાઈયોની ખબર રખાવો;
બેય આચાર્યની ઘરનારી, તેની સંભાળ રાખજો સારી. ૫
લલિતા કહે ત્યાં જયા જાય, એવી આપ કરો આજ્ઞાય;
જયાને કહે શ્રીજગદીશ, તમે જાઓ વચન ધરી શીશ. ૬

૧. ઓજસ, શૌર્ય

જયા બાઈ બોલ્યાં તેહ ટાણે, જૈશ આપની આજ્ઞા પ્રમાણે;
ભગુજીને કહે ભગવાન, એક ઊંટ મહા વેગવાન. ૭
મોકલોજી તમે વરતાલ, જઈ ખબર કરે હાલહાલ;
અક્ષરાનંદસ્વામીને કહે, તેઓ કામમાં તત્પર રહે. ૮
ઉમરેઠ મનુષ્ય મોકલાવે, વેદપુરુષને ત્યાંથી તેડાવે;
મોટો મંડપ તૈયાર કરે, સર્વ સામગ્રી પણ તહાં ધરે. ૯
ભગુજીએ સુણી તતકાળ, ઊંટ મોકલ્યો શ્રીવરતાલ;
કમો વીરો બે પાળા ઉમંગે, મોકલ્યા તેહ ઊંટને સંગે. ૧૦
અક્ષરાનંદને સમાચાર, કહ્યા જૈ વરતાલ મોઝાર;
તેણે શ્રીજીની આજ્ઞા પ્રમાણે, કરવાને માંડ્યું તેહ ટાણે. ૧૧
હવે ગઢપુરમાં એહ વાર, થયો સંઘ જવાને તૈયાર;
ભગુજીને કહે ભગવાન, વાટે રહેજો સહુ સાવધાન. ૧૨
ચોકી પેરા તણો બંદોબસ્ત, રાતે રાખજો પાળા સમસ્ત;
નિત્યાનંદ તણા શિષ્ય જેહ, સારા સંત ભૂમાનંદ તેહ. ૧૩
તેને એમ કહ્યું પ્રાણનાથે, તમે જાઓ આચારજ સાથે;
પધરામણીએ જહાં જાય, તમે રહેજો સમીપ સદાય. ૧૪
હરિભક્તને પૂજાની રીત, તમે શીખવજો કરી પ્રીત;
રઘુવીરજી કેરા કોઠારી, જે છે કરશનજી સુવિચારી. ૧૫
એમ અવધપ્રસાદની પાસે, કોઠારી લાલોભક્ત ગણાશે;
ભેટ આવે કે વવરાય જેહ, તેનો લખશે હિસાબ તો તેહ. ૧૬
એવી રીતે કરી બંદોબસ્ત, સંઘ ચાલિયો ત્યાંથી સમસ્ત;
વદિ દ્વાદશી ફાગણ માસી, કરી પારણું ચાલ્યા હુલાસી. ૧૭
ઉગામેડીયે જૈ રહ્યા રાત, પછી ચાલિયા ત્યાંથી પ્રભાત;
કારિયાણીયે જૈ રાત રહ્યા, ત્રીજે દિવસ તો નાવડે ગયા. ૧૮
ચોથે દિવસ તો ધોળેરે ધામ, પાંચમે દિન કમિયાળે ગામ;
વળી હરિજને રાખિયા ક્યાંઈ, રહ્યા બે દિન તે ગામ માંઈ. ૧૯
શુદિ સપ્તમી ચૈત્રી દહાડે, રહ્યા રાત થઈ સંજીવાડે;
અષ્ટમી દિન વરતાલ આવ્યા, કરી સન્માન સત્સંગી લાવ્યા. ૨૦

ઉતારો તો જેને ઘટે જેવો, આપ્યો ઊતરવા માટે એવો;
દેશદેશ થકી સંઘ આવ્યા, ભાતભાત તણી ભેટ લાવ્યા. ૨૧
બેય દેશ તણા સતસંગી, આવ્યા સંઘ સજીને ઉમંગી;
આવ્યા હરિજન ત્યાં તો હજારો, સમૈયો થયો તે બહુ સારો. ૨૨
હરિનવમી તણો દિન આવ્યો, હરિભક્તને મન બહુ ભાવ્યો;
બેય આચાર્ય સહિત સમાજ, ગયા ગોમતીયે ના'વા કાજ. ૨૩
શોભે શ્રીહરિની સ્વારી જેવી, અતિ શોભે તે અસ્વારી એવી;
સંત હરિજન કિર્તન ગાય, તેની શોભા વરણવી ન જાય. ૨૪
નાહી આવિયા મંદિરમાંય, સભામાં બેઠા બે ભાઇ ત્યાંય;
કોઈ તો દેખે એવો પ્રતાપ, જાણે શ્રીજી બિરાજે છે આપ. ૨૫
કોઈને તહાં થાય સમાધી, જાય ધામમાં છાંડી ઉપાધી;
તેહ જાગે જયારે સાક્ષાત, કરે અક્ષરધામની વાત. ૨૬
મતવાદી આવી એ ઠેકાણે, પુછે પ્રશ્ન તે શાસ્ત્ર પ્રમાણે
તેના ઉત્તર બે ભાઈ આપે, સૌના સર્વથા સંશય કાપે. ૨૭
હરિજન બહુ હાર ચડાવે, ગણતાં તેનો પાર ન આવે;
લૈને હાર આચારજો એહ, સહુ સંતને આપે છે તેહ. ૨૮
પોત પોતાના આચાર્ય કેરી, કરે પૂજા સૌ પ્રીતે ઘણેરી;
વસ્ત્ર ભૂષણ ભેટ ધરે છે, પછી આરતી પ્રીતે કરે છે. ૨૯
પૂજા તો કરે બેયની પ્રીતે, પુષ્પ ચંદનથી રુડી રીતે;
વસ્ત્ર ભૂષણ કે ધન જેહ, નિજ આચાર્યને આપે એહ. ૩૦
સમો મધ્યાનનો થયો જ્યારે, રામજન્મઉત્સવ કર્યો ત્યારે;
જયારે રાત્રી ઘડી દશ ગઈ, વેળા શ્રીજીના જન્મની થઈ. ૩૧
પૂજયા બાળરુપી પ્રભુ પ્રીતે, કર્યો ઉત્સવ તે રુડી રીતે;
પારણાં દશમી દિન કરી, પ્રતિષ્ઠા કરવા મન ધરી. ૩૨
જાણા[૧] જોશીને મૂર્ત પુછાવ્યું, ચૈત્ર વદિ સાતમે તે આવ્યું;
મોટો મંડપ કુંડ કરાવ્યો, ભાળી સૌ જનને મન ભાવ્યો. ૩૩
રઘુવીર કહે મુદ આણી, સુણો ગોપાળજી મુજ વાણી;
રણછોડજી પધરાવા તણો, તમે તો શ્રમ લીધો છે ઘણો. ૩૪

૧. જાણકાર

તમે જૈ પુરી દ્વારિકા માંહી, ત્યાંના દેવને લાવ્યા છો આંહી;
વળી ડુંગરપુરમાં સિધાવ્યા, પ્રતિમા રુડી ત્યાથકી લાવ્યા. ૩૫
માટે તેહ તણી રુડી રીતે, પ્રતિષ્ઠા તો તમે કરો પ્રીતે;
બોલ્યા ગોપાળજી મહારાજ, આચારજ તો તમે છોજી આજ. ૩૬
શિક્ષાપત્રીમાં જેહ લખ્યું છે, તે તો મેં નજરે નિરખ્યું છે;
આચારજ જો કરે પ્રતિષ્ઠાય, કૃષ્ણનું રૂપ એ જ પૂજાય. ૩૭
બીજા વંદવા જોગ્ય જ જાણો, નહિ પૂજવા જોગ્ય પ્રમાણો;
તે માટે પ્રતિષ્ઠા કરો તમે, કરશું પછી પૂજન અમે. ૩૮
પછી અવધપ્રસાદની પાસે, રઘુવીરજી બોલ્યા હુલાસે;
તમે પણ છો આચારજ આપ, માટે મૂર્તિ તણો કરો સ્થાપ. ૩૯
બોલ્યા અવધપ્રસાદજી ત્યારે, તમે એ શું બોલ્યા અવિચારે;
શ્રીજીએ કર્યો દેશવિભાગ, કેમ કરીએ તે આજ્ઞાનો ત્યાગ. ૪૦
પોતપોતાના દેશ જ માંય, પ્રતિમાની પ્રતિષ્ઠા તો થાય;
બીજા દેશમાં જૈ કરે કોય, કેમ માને જે સત્સંગી હોય. ૪૧
જહાં આજ્ઞા તણો ભંગ થાય, તે તો પાપનું સ્થાન ગણાય;
માટે શ્રીજીની આજ્ઞા પ્રમાણે, સ્થાપો મૂર્તિ તમે આ ઠેકાણે. ૪૨
એવી વાણી સુણી રઘુવીરે, પ્રતિષ્ઠા કરવા માંડી ધીરે;
બીરાજી મોટા મંડપ માંય, ગ્રહયજ્ઞ કર્યો શુભ ત્યાંય. ૪૩
વેદમાં પ્રતિષ્ઠાનું વિધાન, કહ્યું છે તેમ કીધું નિદાન;
નારાયણતણે જમણે જ પાસે, સ્થાપ્યા રણછોડજીને હુલાસે. ૪૪
પ્રતિષ્ઠા કરી પૂજન કીધું, ચરણોદક પ્રેમથી પીધું;
શણગાર અમૂલ્ય સજાવ્યા, ધૂપ દીપ નૈવેદ્ય ધરાવ્યા. ૪૫
આરતી પછી હેતે ઉતારી, શોભા તે સમે થૈ બહુ સારી;
વાજાં વિવિધ પ્રકારનાં વાજે, નભમાં દેવદુંદુભી ગાજે. ૪૬
થાય જયજયકાર ઉચ્ચાર, થાય પુષ્પની વૃષ્ટિ અપાર;
કરે ઉત્સવ સંતસમાજ, આવ્યા દિવ્યરૂપે સુરરાજ. ૪૭
થાયે મંદિર માંહિ પ્રકાશ, કોટિ સૂર્ય શશી સમ ભાસ;
કોઈ તો જન એમ જ જાણે, શ્રીજી આવી ઉભા એહ ટાણે. ૪૮

પછી ગોપાળજી મહારાજે, ઈચ્છા પોતાની પૂરવા કાજે;
પૂજા રણછોડજી તણી કીધી, સ્તુતિ ઉચ્ચારી ત્યાં ભલી વિધિ. ૪૯

**ગોપાળજી મહારાજકૃત સ્તુતિ : હરિગીતછંદ :**

હે દેવ દીનદયાળ જનપ્રતિપાળ દ્વારામતિપતિ,
રણછોડરાય સદાય સૌને આપ આપો સદ્‌ગતિ;
જયાં ધર્મવંત જનો રહે તહાં આપને રહેવું ગમે,
તે માટે દ્વારામતિ તજી આ સ્થાનમાં આવ્યા તમે. ૫૦
છે શંખ ચક્ર ગદા પદમ કરમાં છબી શુભ શ્યામ છે,
રુકિમણિરમણ રણછોડજી નિર્મળ તમારું નામ છે;
વળી ગોમતી આદિક સુતીર્થો સ્થિર ઠર્યાં છે આ સ્થળે,
જે આવીને દર્શન કરે ત્રણ તાપ તો તેના ટળે. ૫૧
ધન ધાન્ય સુખસંપત્તિ પામે પુત્ર પણ પામે સહી,
સઘળા મનોરથ સિદ્ધ થાય રહે કશી ખામી નહી;
સુખકરણ જનમનહરણ છો દુખહરણ દીનદયાળ છો,
ગિરિરાજધારી દાનવારી વ્રજવિહારીલાલ છો. ૫૨

**દોહા :**

સદા રહી આ સ્થાનમાં, કરો વિનોદ વિશેષ;
સકળવિધિ સંકટ હરો, હરિજન તણાં હમેશ. ૫૩

**ચોપાઈ :**

પછી સંતમંડળ સહુ આવ્યાં, નાથ આગળ શીશ નમાવ્યા;
પછી સત્સંગી સૌ મળી આવ્યા, ભેટ વિવિધ પ્રકારની લાવ્યા. ૫૪
ગયા નર દરશન કરી જ્યારે, આવી બાઈયો દર્શને ત્યારે;
જોઈ સત્સંગની એવી રીત, જન સર્વ વખાણે ખચીત. ૫૫
સંત બ્રાહ્મણ ભોજન કીધાં, દ્વિજને દાન તો બહુ દીધાં;
જમાડ્યા તહાં સંઘ તમામ, જમાડ્યું વળી વરતાલગામ. ૫૬
હિંદુ યવન કે શ્રાવક હોય, જમ્યા વગર રહ્યું નહિ કોય;
કર્યો જગ માંહિ જયજયકાર, ધન્ય તે ધર્મવંશી ઉદાર. ૫૭

એહ દેવપ્રતિષ્ઠાની વાત, થઈ દેશવિદેશ વિખ્યાત;
પૂર્ણોત્સવ સુધી સૌ આંહિ રહ્યા, વળતી તો વિદાય તે થયા. ૫૮
આંહિ આવ્યા નહિ મહારાજ, માટે દર્શન કરવાને કાજ;
સંઘ આવ્યા હતા આંહિ જેહ, ગયા ગઢપુર દર્શને તેહ. ૫૯
મંદવાડ સુણી હરિ કેરો, સૌને દર્શન ભાવ ઘણેરો;
અયોધ્યાવાસી આદિક જેહ, સંઘ સાથે ગયા સહુ તેહ. ૬૦
પહોંચ્યા સહુ ગઢપુર ધામ, પ્રભુને જઈ કીધા પ્રણામ;
સમૈયાના સુણી સમાચાર, થયા રાજી જગત કરતાર. ૬૧
આવ્યા ત્યાં નારણજી સુતાર, કરી લાવ્યા તે મુદ્રા[1] શ્રીકાર[2];
પ્રભુ સ્પરશી પ્રસાદી તે કીધી, મૂર્તિ છાપેલી સહુ જને લીધી. ૬૨
જેવી મૂર્તિ પ્રત્યક્ષ પ્રમાણ, દિસે એવી જ થાય વખાણ;
કહે શ્રીજી આ મૂર્તિ જે પૂજે, તેના જન્મમરણ રોગ રૂઝે. ૬૩
ગોપાળાનંદને કહે હરિ, છાપ રાખો તમે યત્ન કરી;
પ્રવર્તાવજો તે સરવત્ર, એમ કહી તેઓને આપી તત્ર. ૬૪
દશ છાપો પ્રથમ જે કરેલી, આઠમે કળશે છે કહેલી;
શ્રીજીએ સર્વ મુદ્રા મગાવી, પાસે મુકી કોઠારીએ લાવી. ૬૫
નર નારાયણી છાપ બેય, આપી અવધપ્રસાદને તેય;
આઠ છાપો બીજી જેહ રહી, રઘુવીરજીને આપી સહી. ૬૬

**પુષ્પિતાગ્રા :**

દરશન કરીને કૃપાળ કેરાં, જનમન શાંત થયાં તહાં ઘણેરાં;
હરિતણી છબી ચિત્તમાં ઉતારી, અધિક કૃતાર્થ થયાં પુરૂષ નારી. ૬૭

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે નવમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે વૃત્તાલયે*
*શ્રીરણછોડજીપ્રતિમાસ્થાપનનામ ત્રયોદશો વિશ્રામઃ ॥૧૩॥*

**ઈતિ શ્રીહરિલીલામૃતે રાજદુર્ગનામ નવમઃ કલશઃ સમાપ્તઃ ॥૯॥**

૧. છબી, છાપ ૨. ઉત્તમ, સુંદર



श्री स्वामिनारायणो विजयतेतराम्

ધ.ધુ.આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ વિરચિત

# ॥ શ્રીહરિલીલામૃતમ્ ॥

उत्तरनाम दशमकलशप्रारंभः ॥

**શાર્દૂલવિક્રીડિત :**

આવ્યા અક્ષરમુક્ત ત્યાં સ્તવન તો કીધું હરિનું ઘણું,
ત્યારે ધામ વિષે સ્વયં વિચરવા લીધું ઉદાસીપણું;
દેહોત્સર્ગ કર્યો જણાય ન કર્યો પ્રત્યક્ષ દીઠા તદા,
લીલા અદ્‌ભુતકારી કૃષ્ણ હરિને વંદુ સદા સર્વદા. ૧

**પૂર્વછાયો :**

વર્ણી કહે વસુધેશને, હવે શ્રીહરિ જાશે સ્વધામ;
તેહ કથા તમને કહું, સુણો રાખીને મન સ્થિર ઠામ. ૨

**ચોપાઈ :**

રણછોડજીની પ્રતિમાય, સ્થાપી આચાર્યે વરતાલમાંય;
સમૈયો થયો તે સમે સારો, મળ્યા હરિજન સંત હજારો. ૩
નિત્યાનંદ આદિ મુનિવ્રાત, મળી શ્રીજીને તે કહી વાત;
વખાણીને કહે જેમ જેમ, વારે વારે પૂછે પ્રભુ તેમ. ૪

નિત્યાનંદ કહે અહો સ્વામી, સમૈયામાં રહી નહિ ખામી;
થયું આચાર્યથી સુખ એવું, આપ પ્રત્યક્ષથી થાય જેવું. ૫
સુણી વિચારે સુંદરશ્યામ, હવે પૂરું થયું મુજ કામ;
સંપ્રદાયની સંભાળ જેહ, કરશે બેય આચાર્ય તેહ. ૬
બોલ્યા ગોપાળજી મહારાજ, નાથ સાંભળો ગરીબનિવાજ;
રણછોડજી સ્થાપિયા જેહ, મારી ઈચ્છા પુરી થઈ એહ. ૭
કહે કૃષ્ણ રાજી થયા તમે, તેથી સંતોષ પામિયા અમે;
પૂરી કરવા સ્વજનની ઈચ્છાય, અમે ધારણ કીધી છે કાય. ૮
પછી સૌ હરિભક્તે સુરીતે, પૂજા શ્રીહરિની કરી પ્રીતે;
સૌને મધુર વચનથી બોલાવ્યા, હૈયામાં હરિએ હરખાવ્યા. ૯
સંઘને કહે સકળજનેશ, જાઓ પોતપોતા તણે દેશ;
ધર્મ પાળીને કરજો ભજન, વળી ધીરજ ધારજો મન. ૧૦
મારી આજ્ઞા જો માનશો તમે, અંતે તેડવા આવશું અમે;
ધામમાં રહેશું સહુ સાથે, એમ વાત કરી બહુ નાથે. ૧૧
સુણી શ્રીહરિ કેરી આજ્ઞાય, થયા સંઘ તો સર્વ વિદાય;
એક વાસરે વિશ્વ આધાર, ભલા અક્ષરભુવન મોઝાર. ૧૨
સિંહાસનપર બેસીને શ્યામ, લાગ્યા મનમાં વિચારવા આમ;
ધર્મ સ્થાપવા ધરણી મોઝાર, લીધો આ સમે મેં અવતાર. ૧૩
માટે વેદ વિષે વખણાય, એવો સ્થાપ્યો ઉદ્ધવીસંપ્રદાય;
તેના પાયા અચળ રચ્યા ચાર, સંપ્રદાયનો એ છે આધાર. ૧૪
મોટાં મોટાં જે ધામ રચાવ્યાં, તેમાં રૂપ મારાં પધરાવ્યાં;
પાયો અચળ એ થયો એક, જેથી ઉદ્ધરે જીવ અનેક. ૧૫
સંપ્રદાયને સાચવનારા, સ્થાપ્યા બેય આચારજ સારા;
બીજો પાયો તો એ જ ગણાશે, સતસંગનું રક્ષણ થાશે. ૧૬
ધર્મશાસ્ત્ર રચ્યાં છે મેં જેહ, ત્રીજો પાયો તો છે દૃઢ તેહ;
ગ્રંથ સત્સંગિજીવન નામ, સતસંગીનું જીવન ઠામ. ૧૭
સતશાસ્ત્રનો સાર ઉદ્ધારી, શિક્ષાપત્રી રચી છે મેં સારી;
ભવસાગર તારણ જેવી, એ તો નૌકા છે અદ્‌ભુત એવી. ૧૮

ઘણા ધર્મવાળા સંત જે છે, ચોથો પાયો અચળ વળી એ છે;
હરિભક્ત હજારો હજાર, થયા છે સતસંગ મોઝાર. ૧૯
ધર્મ ભક્તિ ને ઉદ્ધવ આદી, વળી બીજા મુનિ મરીચ્યાદી;
દુરવાસાના શાપથી જેહ, પામિયા હતા માનવ દેહ. ૨૦
તેને શાપ થકી તો મુકાવ્યા, અને ભૌતિક દેહ તજાવ્યા;
કૈક દિવ્ય દેહે મુજ પાસે, રહિને મુજચરણ ઉપાસે. ૨૧
કૈકે રાખ્યા છે ભૌતિક દેહ, સતસંગ વધારે છે તેહ;
ઘણા અસુરે વળી વૈર લેવા, ધર્યા દેહ, પિબેકાદિ જેવા. ૨૨
એવા સર્વનો આવિયો અંત, વિચરે છે સુખે હવે સંત;
વામ મારગનો થયો નાશ, થયો સત્સંગ સઘળે પ્રકાશ. ૨૩
મારે આવવાનો હેતુ જેહ, હવે સર્વે પુરો થયો તેહ;
સતસંગ વધારશે સંત, સતસંગી તો થાશે અનંત. ૨૪
વળી થાશે આચારજ જેહ, ગ્રંથો કરશે કરાવશે તેહ;
મંદિરો પણ મોટાં કરાશે, સંપ્રદાય તણી વૃદ્ધિ થાશે. ૨૫
વળી વૃત્તાલના સમાચાર, સુણી નિશ્ચે થયો નિરધાર;
આચારજ કામ પોતાનું કરશે, હરિજન પણ આજ્ઞાઓ ધરશે. ૨૬
હવે અડચણ તો નહિ આવે, નહિ કોઈ ધરમ અટકાવે;
રાજ અંગ્રેજી પણ થયું સારું, રક્ષા સંત તણી કરનારું. ૨૭
હવે અક્ષરધામમાં જાઉં, આંહિથી તો તિરોધાન થાઉં;
પણ મારા પ્રેમી જન જેહ, વિજોગે કેમ જીવશે તેહ ? ૨૮
માટે સાંતવના તેને કરું, પછીથી હું સ્વધામ વિચરું;
એવી ઈચ્છા કરી હરિ જ્યારે, આવ્યા અક્ષરના મુક્ત ત્યારે. ૨૯
કોટિ સૂર્ય શશાંક સમાન, દિવ્ય કાયા દિસે કાંતિમાન;
દિવ્ય ભૂષણ વસ્ત્ર ધરેલાં, જેનાં અર્ચન ઈશે કરેલાં. ૩૦
સત ચિદ ને આનંદ રૂપ, એવા અક્ષરમુક્ત અનૂપ;
વળી ગોલોકના મુક્ત જેહ, હરિઈચ્છાએ આવિયા તેહ. ૩૧
પ્રભુને કર્યા દંડપ્રણામ, તન પુલકિત પ્રેમના ધામ;
કૃપાદૃષ્ટિ કરી જ્યાં કૃપાળે, અતિ સુખ ઉપજ્યું એહ કાળે. ૩૨

પછી હેતે જોડી જુગ હાથ ઉચ્ચર્યો સહુ મુક્તનો સાથ;
અતિ વિનયથી ગદગદ વેણે, શ્રીહરીની સ્તુતિ કરી તેણે. ૩૩

**વસંતતિલકા :**

હે દેવદેવ કરુણાકર સૌખ્યકારી,
શક્તિ અપાર સરવોત્તમ છે તમારી;
છોજી તમે અજર અક્ષરધામવાસી,
છૈયે અમે તમ તણા પદના ઉપાસી. ૩૪

બ્રહ્માંડ કોટિ પ્રભુ છે તવ રોમકૂપે,
ભાસે સદૈવ તમમાં પરમાણુ રૂપે;
બ્રહ્મેશ વિષ્ણુ તવ સેવક છે અનેક,
રાજાધિરાજ સરવોપરી આપ એક. ૩૫

મત્સ્યાદિ જન્મ તમમાંથી થતા જણાય,
અંતે તમારી છબીમાં વળી લીન થાય;
બ્રહ્માંડ માંહિ અવતાર થયા અમાપ,
તે સર્વના પ્રભુ તમે અવતારી આપ. ૩૬

જે દિવ્ય કામ અવતાર થકી કરાય,
તે કામ આજ તવ સેવકનાથી થાય;
એવો પ્રતાપ પ્રભુ આપ તણો અપાર,
વંદુ પ્રભુજી પદપંકજ વારવાર. ૩૭

આપ પ્રતાપથકી કોઈક વૃષ્ટિ લાવે,
કોઈ સમાધિ નજરે જનને કરાવે;
જાણે પરાયું મન અંતરજામી જેમ,
કોઈ થકી જમચરો ડરી જાય એમ. ૩૮

કોઈ વિષે વચનસિદ્ધિ દિસે વિશેષ,
કોઈ કરે જ પરકાય વિષે પ્રવેશ;
કોઈ મરેલ જનને ફરીથી જિવાડે,
કોઈ લડી જબર રાક્ષસને પછાડે. ૩૯

ઐશ્વર્ય એમ તવ દાસ વિષે જણાય,
સામર્થ્ય આપ તણું કેમ કરી કળાય;

થાકે કહી નિગમ નેતિ કહે મુંઝાઈ,
જાણી અગમ્ય હરખે ગુણગાન ગાઈ. ૪૦
સેવે અસંખ્ય મળી અક્ષરમુક્તવૃંદ,
તે તો તમે નરશરીર ધર્યું સ્વછંદ;
જો પત્ર પુષ્પ જન અર્પણ જે કરે છે,
તે અંગિકાર કરિયાં અતિધન્ય એ છે. ૪૧
વૈરાટ તાત જનની પુરુષ પ્રધાન,
તેના પિતાનું પણ છો પ્રભુજી નિદાન[1];
છો કાળકાળ વૃષબાળક વિશ્વપાળ,
વંદુ દયાળ દિલ વિશ્વવિહારિલાલ. ૪૨

**ચોપાઈ :**

તમે ધરણી ઉપર તનુ ધારી, કર્યાં અદ્‌ભુત કામ મુરારી;
તમે કૃત્યાને ઉપજાવ્યો ત્રાસ, કાલિદત્ત તણો કર્યો નાશ. ૪૩
અયોધ્યા માંહિ બાળચરિત્ર, કર્યાં પાવનકારી પવિત્ર;
ભક્તિમાતને દેખાડ્યાં ધામ, જ્ઞાન આપ્યું પોતાતણું શ્યામ. ૪૪
તમો ઘર તજી વનમાં વિચર્યા, હિમાલયની તલાટીમાં ફર્યા;
ગયા બંગાળદેશ મોઝાર, જીત્યો પિબૈકને તેહ ઠાર. ૪૫
જગન્નાથ વિષે વસી વાસ, કર્યો દુષ્ટ વેરાગીનો નાશ;
ફર્યા દક્ષિણદેશ વિશેષ, કર્યાં તીર્થ પવિત્ર અશેષ. ૪૬
ગુજરાતથી સોરઠ ગયા, રામાનંદજીના શિષ્ય થયા;
ગાદિ સોંપી ગયા તે સ્વધામ, કર્યાં તે પછી અદ્‌ભુત કામ. ૪૭
ઘણા જનને કરાવી સમાધી, ધામ દેખાડ્યાં રહિત ઉપાધી;
કળા અષ્ટાંગ જોગની જેહ, પરિપૂર્ણ પ્રવર્તાવી તેહ. ૪૮
અહિંસામય વૈષ્ણવયાગ, પ્રવર્તાવ્યા તમે તે અથાગ;
વામમાર્ગનું ખંડન કર્યું, અભિમાન અસુરોનું હર્યું. ૪૯
વેદમાર્ગ સનાતન જેહ, રુડી રીતે પ્રવર્તાવ્યો તેહ;
હતા આચાર્ય ધર્મના ધ્વંશી[2], હતા રાજા અસુરના અંશી. ૫૦

**૧.** મૂળ કારણ **૨.** નાશ કરનારા

તમે તેનો પરાભવ કીધો, ડંકો જીતનો દેશમાં દીધો;
ઘણા દુષ્ટ થયા તમ સામા, પણ અંતે પરાભવ પામ્યા. ૫૧
કામ ક્રોધ લોભાદિક જેહ, વડો વંશ અધર્મનો તેહ;
વસે વાસ તે જનમનમાંય, કર્યો તેનો પરાભવ ત્યાંય. ૫૨
અહિંસા સત્ય ને સદાચાર, એહ આદિ ધરમપરિવાર;
જનોના મનમાં તમે સ્થાપ્યો, સર્ગ અધરમ કેરો ઉથાપ્યો. ૫૩
સતશાસ્ત્ર ને બ્રહ્માણ સંત, તેનું માન વધાર્યું અત્યંત;
મંદિરો મોટાં મોટાં કરાવ્યાં, તેમાં પોતાનાં રૂપ સ્થપાવ્યાં. ૫૪
વળી બેય આચારજ સ્થાપ્યા, દેશ તેઓને વહેંચીને આપ્યા;
દીક્ષા વૈષ્ણવીની શુભ રીતી, પ્રવર્તાવી, તમે કરી પ્રીતી. ૫૫
સતશાસ્ત્રનો સાર ઉધારી, શિક્ષાપત્રી પ્રવર્તાવી સારી;
સતસંગિજીવન ગ્રંથ જેહ, શતાનંદમુની પાસે તેહ. ૫૬
જનકલ્યાણ માટે કરાવ્યો, હવે તે તો પૂરો થવા આવ્યો;
વર્ણ આશ્રમના ધર્મ વળી, તથા ભક્તિ એકાંતિક ભલી. ૫૭
પ્રવર્તાવી તમે વિશ્વમાંય, તે પ્રવૃત્તિ તો તમથી જ થાય;
જૈન પારસી મુસલમાન, વળી વેદાંતનું જેને તાન. ૫૮
કોઇ શંકર કેરા ઉપાસી, દેવીભક્તિના કોઈ અભ્યાસી;
પોતપોતાના ઈષ્ટનું રૂપ, તેણે તમમાંહિ દીઠું અનૂપ. ૫૯
તેથી પોતા તણો મત છોડી, પ્રીતિ આપના પદ માંહિ જોડી;
એ તો અદ્‌ભુત કામ ગણાય, બીજા કોઈથી તે તો ન થાય. ૬૦
જે જે લીળા કરી હરિરાય, સુણી ભવજળપાર પમાય;
કરવાનું તે કીધું વિશેષ, હવે કાંઇ નથી અવશેષ. ૬૧
હવે વિનય સુણીને અમારો, બ્રહ્મધામમાં આપ પધારો;
સુણી બોલિયા સુંદરશ્યામ, મારે આવવું છે બ્રહ્મધામ. ૬૨
ગયા કાર્તિક માસથી હુંય, મંડવાડ જણાવું તો છુંય;
પણ જે પ્રેમીભક્તો છે મારા, નથી વીજોગ તે સહેનારા. ૬૩
મારી પાછળ તે તજે દેહ, મને ચિંતા ઘણી રહે તેહ;
માટે સાંતવના કરું સારી, જેથી તે રહે ધીરજ ધારી. ૬૪

એ જ બાકી છે તે કરી કામ, પછી આવીશ અક્ષરધામ;
તમે તો તેહ ધામમાં જાઓ, નકી જાણીને નિશ્ચિંત થાઓ. ૬૫

**પુષ્પિતાગ્રા :**

સુણી હરિ મુખની મધુરી વાણી, નિજ ઉર માંહિ અપાર હર્ષ આણી;
નિજનિજ થળ મુક્ત તે સિધાવ્યા, સહુ સમિપે શુભ શબ્દ તે સુણાવ્યા. ૬૬

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે દશમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિતિરોધાનાદૌ*
*અક્ષરમુક્તકૃતસ્તુત્યાદિનિરૂપણનામ પ્રથમો વિશ્રામઃ ॥૧॥*

**પૂર્વછાયો :**

સ્વધામમાં સીધાવવા, દૃઢ નિશ્ચે કરી મહારાજ;
સ્નેહીમંડળ બોલાવિયું, અભિપ્રાય જણાવા કાજ. ૧

**ચોપાઈ :**

મુકુંદાનંદ વર્ણીને કહી, જે જે તેડાવિયા જન તહી;
કહું છું હવે તેહનાં નામ, રામપ્રતાપ ને ઈચ્છારામ. ૨
અયોધ્યાપ્રસાદ રઘુવીર, પાંડે ગોપાળજી દૃઢ ધીર;
મુક્તાનંદ ને ગોપાલાનંદ, બ્રહ્માનંદ મુનિજનવંદ્ય. ૩
નિત્યાનંદ શુકાનંદસ્વામી, નિષ્કુલાનંદ મુનિ નિષ્કામી;
આનંદાનંદ નિર્ગુણાનંદ, ભજનાનંદ ચૈતન્યાનંદ. ૪
અખંડાનંદજી બ્રહ્મચારી, વાસુદેવ નૈષ્ઠિકવ્રતધારી;
વૈકુંઠાનંદ વૈષ્ણવાનંદ, વર્ણી નામ નારાયણાનંદ. ૫
ભગુજી રત્નજીને મિયાંજી, આવ્યા પાર્ષદ સૌ મળી ત્યાંજી;
દાદાખાચર સોમ ને સૂર, આવ્યા એહ હરીને હજૂર. ૬
દીનાનાથ મયારામ ભટ્ટ, આવ્યા બેચર લાલજી ઝટ્ટ;
આવ્યા વિપ્ર જાગેશ્વર આદી, જેઓ પ્રગટ સ્વરૂપના વાદી. ૭
લાધો પુંજો તેજો અને હરજી, આવ્યા ઈત્યાદિ ભક્ત ઠકરજી;
લવજી ને ભગો સુરચંદ, આવ્યા શેઠિયા સદ્ગુણવૃંદ. ૮

બાઇ સુવાસિની વરિયાળી, ભાઈની ભારજા ધર્મવાળી;
જયા લલિતા અમર રાજબાઇ, અમુલાં ખીમબા આવ્યાં ધાઇ. ૯
સૌએ કીધા પ્રભુને પ્રણામ, બેઠાં જેમ ઘટે જેહ ઠામ;
કૃપાદષ્ટિએ સૌને નિહાળી, બોલ્યા મધુર વચન વનમાળી. ૧૦
અહો ભક્તો સુણો કહું તમને, તમે જાણો છો ઈશ્વર અમને;
મને કરવા જો ઈચ્છો પ્રસન્ન, તો આ સાંભળો મારું વચન. ૧૧
મારી ઈચ્છાથી મેં ધર્યો દેહ, કરવાનાં કર્યાં કામ તેહ;
હવે ઈચ્છા સ્વધામ જવાની, થઈ અંતરધાન થવાની. ૧૨
મૃત્યુલોક આ છે નાશવંત, તેમાં કલેશ દિસે છે અત્યંત;
મને ગમતું નથી હવે આંહી, માટે જાવું અક્ષરધામ માંહી. ૧૩
વળી અક્ષરધામના મુક્ત, અમ પાસે આવ્યા પ્રેમયુક્ત;
કહ્યું તેણે કરીને પ્રણામ, હવે તો ચાલો નાથ સ્વધામ. ૧૪
હું તો અજર અમર છું સદાય, કરું સ્વેચ્છા પ્રમાણે લીલાય;
માટે જાઉં હું ધામમાં જ્યારે, કોઈ કરશો નહી કલેશ ત્યારે. ૧૫
જન પ્રાકૃત કોઈ મરે છે, સગા સ્નેહિ કલેશ કરે છે;
કુટે છાતી મરે રોઈ જેમ, મારી પાછળ કરશો ન તેમ. ૧૬
કોઈ આતમઘાત જો કરશે, ગુરુદ્રોહી વચનદ્રોહી ઠરશે;
મારી આજ્ઞાને માનશે જેહ, સુખશાંતિ તો પામશે તેહ. ૧૭
તેના ઉપર પ્રસન્ન હું થૈશ, દિલમાં તેને દર્શન દૈશ;
લક્ષ્મીનારાયણાદિક રૂપ, સ્થાપ્યાં મંદિરોમાં છે અનુપ. ૧૮
સુખ આપવા એમાં રહીશ, પૂજા કરશો તે ગ્રહણ કરીશ;
જન્મ કર્મ તો દિવ્ય છે મારાં, સર્વે પ્રાકૃત જીવથી ન્યારાં. ૧૯
સુખ ભક્તોને દેવા અનૂપ, દેખાડું છું હું માનવ રૂપ;
માટે ધામમાં રહીને હુંય, રક્ષા કરવાને સમરથ છુંય. ૨૦
તમે ચિંતા ન કરશો લગાર, તમને સુખ હું આપનાર;
ગોપાળાનંદજી કહે જેમ, તમે સૌ મળી વર્તજો તેમ. ૨૧
વજ્રપાત જેવાં એવાં વેણ, લાગ્યાં સર્વને દિલ દુખદેણ;
અતિઆકુળ વ્યાકુળ થયાં, કૈક ધરણી ઉપર ઢળી ગયાં. ૨૨

વહે નેણમાંથી બહુ નીર, વળી થરથર ધ્રૂજે શરીર;
કોઈ તો થયાં મૂર્છિત એવાં, જાણે પ્રાણ વગર હોય જેવાં. ૨૩
જાણે આવ્યો મહાપ્રલેકાળ, કોપી દૈવ થયો વિકરાળ;
દીઠાં દિલગીર એ રીતે જ્યારે, દીધી ધીરજ શ્રીજીએ ત્યારે. ૨૪
કહ્યું જ્યારે રજા દેશો તમે, જશું ત્યારે જ ધામમાં અમે;
એવું સાંભળી ધીરજ આણી, બોલ્યા ગદગદ કંઠથી વાણી. ૨૫
અહોનાથ આંહી તજી અમને, જાવું ધામમાં નવ ઘટે તમને;
તમે જીવનપ્રાણ અમારા, કેમ તમ વિના જીવિયે પ્યારા. ૨૬
વિના જળ મીન તડફડે જેમ, અમે પણ પ્રભુ તમ વિના તેમ;
જેમ ચંદ્રવિજોગે ચકોર, દુખી મેઘ વિજોગથી મોર. ૨૭
લીધી હાલરે લાકડી હાથ, છુટે તો તે જીવે નહિ નાથ;
કાયા પ્રાણ વગર રહે કેમ, તમ વગર અમે પણ એમ. ૨૮
અમને સુખ આપ્યાં અનંત, હવે દુઃખ ન દ્યો ભગવંત;
બ્રહ્માઆદિને દુર્લભ જેહ, અમને દીધાં દર્શન તેહ. ૨૯
મુખ મધુર વચનથી બોલાવ્યાં, વળી હેતે હસીને હસાવ્યાં;
તમે નેણના થઈ રહ્યા તારા, ઝાઝા દિવસ રહ્યા નથી ન્યાર. ૩૦
આપ્યા હેતે પ્રસાદીના હાર, આપ્યા થાળ કરી બહુ પ્યાર;
ફુલદોલે બિરાજીને સ્વામી, આપ્યાં સુખ બહુ અંતરજામી. ૩૧
રંગખેલ કર્યા અમ સાથે, દીધાં ચરણ છાતીમાં ને માથે;
લીલા નિત્ય નવી નવી કરી, લીધાં ચિત્ત અમારાં તો હરી. ૩૨
મોટાં ઐશ્વર્ય અપરમપાર, દેખાડ્યાં અમને ઘણી વાર;
જળક્રીડા કરી અમ સંગે, ફર્યા રાસમંડળમાં ઉમંગે. ૩૩
ભુજા ભીડી ભેટ્યા ભગવાન, દીધાં એવાં મહા સુખદાન;
તમ અરથે તજ્યાં ઘર બાર, તજ્યાં સગાં કુટુંબ પરિવાર. ૩૪
નિત્ય આપનાં દર્શન કાજ, તજી દીધી અમે લોકલાજ;
ઘરકામ તજીને અમારું, નેહે નિરખીયે વદન તમારું. ૩૫
નાથ નિરખવા આપનાં નેણાં, અમે સહન કર્યા બહુ મેણાં;
અતિ સહન કરીને ઉપાધી, પ્રીતિ પૂરણ તમસંગ બાંધી. ૩૬

ઊંડા કૂપમાં અમને ઉતારી, કેમ વરત[1] વાઢો છો મુરારી;
નથી તમ વિના આધાર કોઇ, જીવિયે કેના સન્મુખ જોઇ. ૩૭
તમે લાડ લડાવિયાં લાખ, પુર્યા અંતરના અભિલાખ;
સમાધીમાં સ્વધામ દેખાડ્યાં, પહોંચાય ન ત્યાં પહોંચાડ્યા. ૩૮
સુખસાગરમાં ધરી શ્યામ, દુઃખદરિયે ધરો નહિ આમ;
અભિલાખ હજી છે અધૂરો, અમે લાવો લિધો નથી પૂરો. ૩૯
નિજધામ સિધાવો જો નાથ, અમને પણ લ્યો તમ સાથ;
કહો તો તપ ઉગ્ર આદરિયે, કહો તો અન્ન જળ પરહરિયે. ૪૦
હજી તો તપમાં હોય ખામી, પૂરી કરીયે તે અંતરજામી;
રહીયે આપ પાસ હમેશ, આપો એ વરદાન દિનેશ. ૪૧
જવાનું કહો શ્યામ સુજાણ, તે તો બોલ લાગે તીખાં બાણ;
દયાળુ છો તમે ચિતચોર, થવા બેઠા છો કેમ કઠોર. ૪૨
તમે ભક્તવત્સળ ભગવાન, કેમ દેશો હવે દુઃખદાન;
નાથ જો થશે અમ થકિ ન્યારા, આસું લૂછશે કોણ અમારાં. ૪૩
રણવગડા વિષે જશો મેલી, બીજો કોણ અમારો છે બેલી;
ભરદરિયે જતાં વાણ ભાંગે, ત્યારે આશા જીવ્યાની શી લાગે. ૪૪
એવાં વચન સુણ્યાં જેહવાર, હરિએ કર્યો ચિત્ત વિચાર;
અસાધારણ પ્રેમી છે એહ, મુજ વિરહે નહી જીવે તેહ. ૪૫
માટે ધીરજ હમણાં ધરાવું, ધીમે ધીમે પછી સમજાવું;
એવું ધારી બોલ્યા સુખકંદ, મારી નાડી જુઓ મુક્તાનંદ. ૪૬
મારા તનમાં હવે નથી વ્યાધી, મટી ગૈ હવે સરવે ઉપાધી;
મુક્તાનંદ બોલ્યા નાડી જોઇ, નથી વ્યાધિ પ્રકારની કોઈ. ૪૭
સુણી રાજી થયાં જન સહુ, પ્રણમ્યાં પ્રભુને પગે બહુ;
રજા આપી પછી ભગવાને, તેથી સર્વે ગયાં નિજ સ્થાને. ૪૮
પ્રભુએ નિજ ધામ જવાને, આંહિ અંતરધામ થવાને;
રાખ્યો ચિત્તમાં ગુપ્ત વિચાર, રહે જગથી ઉદાસ અપાર. ૪૯
ત્યાગમાર્ગ શિખવવાને કાજ, લાગ્યા વર્તવા જેમ જોગીરાજ;
રસકસ તો જમે ન લગાર, કરે અન્નનો પણ મિતાહાર. ૫૦

૧. કોસ કાઢવાનું દોરડું

ઉપવાસ એકાંતરે કરે, મુખે વાણી તો અલ્પ ઉચ્ચરે;
કરે ક્યારેક તો ફળાહાર, નિરાહાર કરે કોઈવાર. ૫૧
ક્યારે પૃથ્વી ઉપર પોઢી રહે, નાશવંત છે તન એમ કહે;
ગ્રામ્યવાત બોલે મુખમાંથી, તેને ઊઠાડી મૂકે તહાંથી. ૫૨
દીસે સર્વ સાથે પ્રીતિ તોડી, વૃત્તિ સ્વાત્મસ્વરૂપમાં જોડી;
વ્યવહારિક કામ મોઝાર, ચિત્ત ઘાલે નહી જ લગાર. ૫૩
સારાં વસ્ત્ર ભૂષણ નવ ગમે, જાણી જોઈને દેહને દમે;
પાનબીડી કે પુષ્પનો હાર, ન કરે કદિયે અંગિકાર. ૫૪

**પુષ્પિતાગ્રા :**

નરતન ધરીને લીલા વિચિત્ર, જનહિત કાજ કરે પ્રભુ પવિત્ર;
સ્મરણકરણ યોગ્ય સર્વ તેહ, અજ હર આદિક ગાય નિત્ય એહ. ૫૫

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે દશમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિતિરોધાનાર્થે*
*ઉદાસીત્વગ્રહણનામ દ્વિતીયો વિશ્રામઃ ॥૨॥*

**પૂર્વછાયો :**

વિચિત્ર ચરિત્ર કરે હરિ, કોઈ કળે નહિ મનમાંઈ;
કોઈ સમે મંદવાડ તન, અને કોઈ સમે નહિ કાંઈ. ૧

**ચોપાઈ :**

રોઝકામાં રહે કાકોભાઈ, જેની ભક્તિ ભલી વખણાઈ;
વય વૃદ્ધે માંદા થયા તેહ, જાણ્યું જે હવે નહિ રહે દેહ. ૨
પુણ્ય કરવાનું ચિત્ત વિચારી, એક સારી ઘોડી શણગારી;
માંડ્યો સામાન તે પર સારો, લેવા જોગ્ય પ્રવાસમાં ધાર્યો. ૩
ભરિ ખડિયામાં વસ્તુ અનેક, તેમાં રૂપાની તાંસળી એક;
ઘોડી લૈ મોકલ્યો એક દાસ, ભેટ કરવા મહાપ્રભુ પાસ. ૪
તેની સાથે લખ્યો એક પત્ર, પ્રભુદર્શન દ્યો આવી અત્ર;
નહિ આવી શકાય જો હાલ, આવજો તેડવા અંતકાળ. ૫
ઘણી જુક્તિથી પત્ર લખાવ્યો, તેમાં સ્નેહ ઘણો દરસાવ્યો;
ગયો દાસ તે ગઢપુરધામ, પત્ર આપ્યો કરીને પ્રણામ. ૬

ઘોડી ભુધરને ભેટ ધરી, કૃપાનાથે અંગીકાર કરી;
પત્ર વંચાવતાં જાણ્યું એમ, ઘણો છે કાકાભાઈનો પ્રેમ. ૭
તે માટે રોઝકે જો જવાય, આશા એહની પૂરણ થાય;
વળી ગઢપુરના જે નિવાસી, પામે ધીરજ ટાળે ઉદાસી. ૮
સંત પાસે બોલ્યા સુખધામ, મારે જાવું છે રોઝકે ગામ;
પછી મેનો કરાવ્યો તૈયાર, બેઠા તેમાં જગતકરતાર. ૯
થોડા સંત પાળા લઈ સાથ, ગયા રોઝકે નટવરનાથ;
હરખ્યું આખું ગઢપુર ગામ, જાણ્યું સાજા થયા ઘનશ્યામ. ૧૦
કાકાભાઈ સ્મરે હરિરૂપ, પહોંચ્યા તહાં વૃષકુળભૂપ;
કાકાભાઈને દર્શન દીધાં, તેના ઈચ્છિત કારજ સીદ્ધાં. ૧૧
રહ્યા બે દિન ત્યાં મહારાજ, સુખ દેવા સ્વભક્તને કાજ;
કાકોભાઈ કહે અહો શ્યામ, મને પહોંચાડો અક્ષરધામ. ૧૨
હાડ માંસ તણો દેહ એહ, કુંડ નરક સમો લાગે તેહ;
કહે શ્રીજી નહિ અકળાશો, થોડા દિવસમાં ધામમાં જાશો. ૧૩
કાકાભાઈની પત્નિનાં કલ્લાં, રૂપાનાં તે પડ્યાં હતાં ભલાં;
આપ્યાં શ્રીજીને અવસર જોઈ, કહ્યું સંતને દેજ્યો રસોઈ. ૧૪
પછી ત્યાંથી ચાલ્યા પરમેશ, ગયા ગઢપુર શ્રીઈશ્વરેશ;
કહે વરણિ સુણો રાજાન, કેવા ભક્તવત્સલ ભગવાન. ૧૫
કાકાભાઈ તણો પ્રેમ જાણી, ગયા રોઝકે સારંગપાણી;
સમૈયે ન ગયા વરતાલે, ગયા રોઝકે તોય તે કાળે. ૧૬
ધન્ય ધન્ય તે ભક્તનાં ભાગ્ય, જેનાપર પ્રભુનો એવો રાગ;
પછી થોડા દિવસ ગયા જ્યારે, કાકાભાઈએ તજ્યું તન ત્યારે. ૧૭
અંતકાળે દિઠું એવી રીતે, આવ્યા સંતસહિત પ્રભુ પ્રીતે;
સાથે દિવ્ય વિમાન જે લાવ્યા, ભક્ત તેમાં બેસીને સિધાવ્યા. ૧૮
હતા પાડોસમાં જેહ જન, થયાં તેઓને પણ દરશન;
એવી આશ્ચર્યની વાત જોઈ, સતસંગી થયા જન કોઈ. ૧૯
હવે શ્રીજી તણી કહું વાત, સુણો ભૂપ અભેસિંહ ભ્રાત;
સુખસજ્યા છે મંદિરમાંય, બેઠાં એક સમે હરિ ત્યાંય. ૨૦

બેય આચાર્યને ત્યાં બોલાવ્યા, તેઓ આજ્ઞા સુણી તહાં આવ્યા;
ગોપાળાનંદ ને નિત્યાનંદ, બ્રહ્માનંદ આવ્યા ગુણવૃંદ. ૨૧
પુંજા શેઠને પણ ત્યાં બોલાવ્યા, આવ્યા તે હરિને મન ભાવ્યા;
બેઠા સૌ કરી પ્રેમે પ્રણામ, ત્યારે બોલ્યા સુંદરવરશ્યામ. ૨૨
સતસંગના થંભ છો તમે, એમ ધાર્યું છે અંતરે અમે;
માટે ધીરજ સૌ તમે ધરજો, સતસંગનું રક્ષણ કરજો. ૨૩
તમે ધીરજ છોડશો જ્યારે, બીજાની શી સ્થિતિ થશે ત્યારે ?
ઈષ્ટદેવ રાજી થાય જેમ, સાચા સેવક તો કરે તેમ. ૨૪
ઈચ્છો મુજને જો કરવા પ્રસન્ન, તમે તો માનો મારું વચન;
વળી એમ બોલ્યા નરવીર, તમે સાંભળો હે રઘુવીર. ૨૫
પ્રતિમા ગોપીનાથની જેહ, જાણો મારું સ્વરૂપ છે તેહ;
તોય પ્રગટનું ધરવાને ધ્યાન, ધાતુનું રૂપ મુજ સમાન. ૨૬
ગોપીનાથ પાસે પૂર્વ ઠામે, સ્થાપજો હરિકૃષ્ણને નામે;
જૂનાગઢ તણા મંદિરમાંય, પધરાવજો તે મૂર્તિ ત્યાંય. ૨૭
દેવ રાધારમણ તણી પાસે, સ્થાપજો પ્રતિમા તે હુલાસે;
તેમ ધોળેરામાં પણ કોડે, દેવ મદનમોહન તણી જોડે. ૨૮
સ્થાપજો મૂરતી વળી એવી, હરિકૃષ્ણ નામે મુજ જેવી;
વળી સુરતના હરિજનને, સદા સંતોષ પામવા મનને. ૨૯
અમે આપી છે મૂર્તિયો જેહ, તમે ત્યાં જઈ સ્થાપજો તેહ;
વળી ખંભાતને માટે તેમ, અમે આપી છે મૂર્તિયો એમ. ૩૦
તમે તે પણ સ્થાપજો ત્યાંય, સારા શોભિતા મંદિરમાય;
નિત્યાનંદ તમે સુણી લેજો, એહ કામમાં પાસે રહેજો. ૩૧
હવે સાંભળો અવધ્યપ્રસાદ, રહેજો તમે અમદાવાદ;
ધર્મ ભક્તિ હરિકૃષ્ણ રૂપ, પધરાવજો પ્રતિમા અનૂપ. ૩૨
વળી પૂર્વ તણા ખંડમાંય, રાધાકૃષ્ણ તો સ્થાપજો ત્યાંય;
ભુજમાં હરિકૃષ્ણ સ્વરૂપ, પધરાવજો પરમ અનૂપ. ૩૩
વળી ધોળકે સ્થાપવા ધારી, આપી છે અમે મૂર્તિયો સારી;
કરાવી રુડું મંદિર ત્યાંય, મૂરતી સ્થાપજો તેહમાંય. ૩૪

ઝાલાવાડમાં સત્સંગ સારો, વધ્યો છે મુજને ભજનારો;
તાવી મેથાણ હળવદમાંય, સતસંગી સારા રહે ત્યાંય. ૩૫
તેઓને સુખે દર્શન સારું, તહાં જોઈએ ધામ અમારું;
ભલી ભોગવતી નદી તીર, સ્વચ્છ જોઈને જગ્યા રુચીર. ૩૬
પરમારનું મૂળિ છે ગામ, તહાં મોટું કરાવજો ધામ;
સ્થાપજો રાધાકૃષ્ણ સ્વરૂપ, ધર્મ ભક્તિ હરિકૃષ્ણ રૂપ. ૩૭
સુણો બ્રહ્મમુની કહ્યું જેહ, પાસે રહીને કરાવજો તેહ;
ગોપાળાનંદ થૈ સુણો સ્વસ્થ, દેશ બેના તમે છો મધ્યસ્થ. ૩૮
બેય દેશના સત્સંગ કેરી, તમે રાખજો ખબર ઘણેરી;
એવી આજ્ઞાઓ શ્રીજીએ કરી, સુણી સર્વ જને શિર ધરી. ૩૯
પ્રભુને કરિ પ્રેમે પ્રણામ, ગયા તે સહુ પોતાને ઠામ;
વળી તે પછી શ્રીજી વિચિત્ર, કરવા લાગ્યા મનુષ્યચરિત્ર. ૪૦
ધરે સ્વાત્મસ્વરૂપનું ધ્યાન, જોતાં ભાસે સમાધિ સમાન;
એક બે દિન અન્ન ન જમે, બોલ્યું કોઈ તણું નવ ગમે. ૪૧
વાત ચાલી દેશોદેશ માંય, ધામમાં જવા શ્યામ ચહાય;
તેથી દર્શન કરવાને કાજ, ગામોગામથી આવે સમાજ. ૪૨
આવ્યો સંઘ બુરાનપરેથી, તેમ સંઘ આવ્યો સુરતેથી;
વટપત્તનના હરિજન, આવિયા કરવા દરશન. ૪૩
આવ્યા કચ્છીને આવ્યા હાલારી, આવ્યાં સોરઠથી નરનારી;
ઝાલાવાડી આવ્યાં ગુજરાતી, દરબારમાં ભીડ ભરાતી. ૪૪
નેણે નીરખી નાથનું રૂપ, ધારે અંતર માંહિ અનૂપ;
લીલા જે જે કરી તે સંભારે, મહિમા મન માંહિ વિચારે. ૪૫
કહે કોઈ હરિ ધામ જાશે, ત્યારે આપણે કેમ જીવાશે ?
કહે કોઈ દિધાં સુખ જેહ, કદિયે નહિ વીસરે તેહ. ૪૬
કહે કોઈ તો એમ વિચારો, ભાગ્ય આપણાં અદ્‌ભુત ધારો;
બ્રહ્માઆદિને દુર્લભ જેહ, પામ્યા આપણે દર્શન તેહ. ૪૭
સુખ શું વ્રજવાસીયો તણું, આપ્યું આપણને એથી ઘણું;
દયાવંત છે શ્યામ સદાય, નહિ આપણને તજી જાય. ૪૮

અન્યોઅન્ય કરે એમ વાત, દિસે સર્વનો સ્નેહ અઘાત;
જ્યારે શ્રીજીને દર્શને જાય, કહે શ્રીહરિ થાઓ વિદાય. ૪૯
કરી દર્શન નિજ ઘેર જાવું, ઝાઝા દિવસ ન આંહિ રોકાવું;
કેમ આજ્ઞા ઉલ્લંઘન થાય, જતાં ઘેર ચાલે નહિ પાય. ૫૦
છબી અંતર માંહિ ઉતારી, નિજ દેશ ગયાં નરનારી;
સંઘ નિત્ય નવા નવા આવે, કરી દર્શન ઘેર સિધાવે. ૫૧
કોઈને હરિ એમ દેખાડે, નથી કાંઈ હવે મંદવાડે;
એમ નિત્ય નવીન ચરિત્ર, કરે શ્રીવૃષનંદ વિચિત્ર. ૫૨
જનને મન આશ્ચર્ય થાય, એની અકળ કળા ન કળાય;
જેની માયામાં દેવતા ડૂલે[૧], ભવ બ્રહ્મા જેવા પણ ભૂલે. ૫૩

**પુષ્પિતાગ્રા :**

નરતન ધરીને કૃપાનિધાન, સુખદ ચરિત્ર કર્યાં સુધા સમાન;
અગણિત ગુણ ગ્રંથમાં લખાયા, ગુણગણ અક્ષરધામમાં ગવાયા. ૫૪

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે દશમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિતિરોધાનાદૌ*
*હરિદર્શનાર્થે જનાગમનનામ તૃતીયો વિશ્રામઃ ॥૩॥*

૧. પાર ન પામવું, નિષ્ફળ થવું



**પૂર્વછાયો :**

સુણો હવે અભેસિંહજી, કહું કૃષ્ણચરિત્ર અઘાત;
શ્યામના દેહોત્સર્ગની, અને સ્વધામ વિચરણ વાત. ૧

**ચોપાઈ :**

હરિએ ધરી જોગીની રીતી, તજી સર્વ ઉપર થકી પ્રીતિ;
અન્નનો તજી દીધો આહાર, કોઈ સાથે કરે ન ઉચ્ચાર. ૨
ઈચ્છા હરિજન અંતરે લાવે, એકવાર આપણને બોલાવે;
હસી બોલે તજી મનરોષ, થાય આપણ સૌને સંતોષ. ૩
કહેશે તે વચન શિર ધરીશું, રાજી થાશે પ્રભુ તેમ કરશું;
થોડા દિવસ ગયા એમ જ્યારે, જેઠ શુકલ નવમી આવી ત્યારે. ૪
રાત્રીએ મહારાજે વિચારી, બોલાવ્યા ત્યાં મુકુંદ બ્રહ્મચારી;
કહ્યું કોઈક જન મોકલાવો, મોટા હરિજન સંત તેડાવો. ૫

પછી વર્ણીએ સૌને બોલાવ્યા, રાજી થૈને તહાં સહુ આવ્યા;
કહે શ્રીહરિ સાંભળો તમે, જવા ધામમાં ધાર્યું છે અમે. ૬
રાજી થૈને રજા સહુ આપો, મારી મરજી તમે ન ઉથાપો;
લાગ્યું વચન તે બાણસમાન, ભૂલ્યા સૌ જન દેહનું ભાન. ૭
ધરી ધીરજ રામપ્રતાપ, બોલ્યા હે હરિ સાંભળો આપ;
તમ સારુ તજ્યો અમે દેશ, સગાં સંબંધી તજીયાં વિશેષ. ૮
પ્રાણજીવન જાણ્યા જ તમને, તમે કેમ તજી જશો અમને;
હું છું વૃદ્ધ બેશી રહું તેહ, લઘુભ્રાત તમે તજો દેહ. ૯
કેમ મુજથી તે સહન કરાય, મારા દિવસ કેવી રીતે જાય;
હાય દૈવ હવે કરું શુંય, કહું કેને ને ક્યાં જાઉં હુંય. ૧૦
એમ કહી થયા અધિક ઉદાસ, નેણે નીર ને નાખે નિસ્વાસ;
શોકથી તન થરથર ધ્રુજે, બોલવાનું તો કાંઇ ન સૂજે. ૧૧
ત્યારે બોલિયા જનસુખદાઈ, તમે ધીરજ ધારજો ભાઈ;
ગોપીનાથની મૂર્તિ છે જેહ, મારું રૂપ છે સર્વથા તેહ. ૧૨
જ્યારે તેહનાં દરશન કરશો, મુજ દર્શન સમ સુખ ધરશો;
વળી વરતાલે મંદિરમાંય, હરિકૃષ્ણ રૂપે હું છું ત્યાંય. ૧૩
કરશો તેનાં દર્શન જ્યારે, દુઃખ વિરહનું નહિ રહે ત્યારે;
પ્રભુએ એવી વાણી સુણાવી, ત્યારે કાંઈક ધીરજ આવી. ૧૪
કહે વર્ણી સુણો નૃપ આપ, જીવ્યા જ્યાં સુધી રામપ્રતાપ;
પ્રતિ વર્ષ વિષે બેય વાર, આવતા વરતાલ મોઝાર. ૧૫
હરિકૃષ્ણની મુરતિ સાથ, ભેટતા બહુ ભીડીને બાથ;
તેથી મટતું વિજોગનું દુઃખ, થતું અંતરમાં અતિ સુખ. ૧૬
હવે શ્રીહરિની કહું વાત, સુણો ભૂપ અભેસિંહ ભ્રાંત;
ભાળ્યા સૌ જનને ગતભાન, લાગ્યા વિચારવા ભગવાન. ૧૭
મારા વિરહ તણા દુઃખ થકી, નહિ દેહ રાખે એહ નકી;
પ્રેરી યોગકળા પછી એવી, ધરી ધીરજ સૌ જન તેવી. ૧૮
જેમ પૂતળિયો કાષ્ટકેરી, નચાવે તેમ નાચે ઘણેરી;
સૌને અંતરની દોરી જેહ, હરિના હાથ માંહિ છે તેહ. ૧૯

હરિ ઈચ્છાથી ધીરજ આણી, બોલ્યા સૌ જન જાગીને વાણી;
અહો નાથ ઈચ્છા હોય જેમ, કરો આપ સુખથકી એમ. ૨૦
ભલે આપ સ્વધામ સિધાવો, પણ સંભારીયે ત્યારે આવો;
દેજો દર્શન અંતરમાંય, વે'લા તેડી જજો વળી ત્યાંય. ૨૧
કામાદિક થકી રક્ષણકરજો, અમારાં મન આપમાં ઠરજો;
ભૂલ થૈ હોય કાંઈ અમારી, ક્ષમા કરજો તમે ક્ષમા ધારી. ૨૨
પછી બોલ્યા સુણી પરમેશ, તમે મનમાં મુંઝાશો ન લેશ;
મૂર્તિ લક્ષ્મીનારાયણ કેરી, નરનારાયણાદિ ઘણેરી. ૨૩
મારે હાથે મેં સ્થાપિ છે જેહ, વળી આચાર્ય સ્થાપશે તેહ;
તે વિષે હું સદૈવ ઠરીશ, અંગીકાર પૂજાઓ કરીશ. ૨૪
સતસંગ છે તે મુજ અંગ, ભલા ભાવથી ભાળો અભંગ;
બેય આચાર્ય નેત્ર પ્રમાણો, સંત સત્સંગી અવયવ જાણો. ૨૫
શિક્ષાપત્રી છે મારું સ્વરૂપ, માનજો એની આજ્ઞા અનૂપ;
કરજો તમે ભજન અમારું સદા રક્ષણ કરીશ તમારું. ૨૬
નથી દૂર જતો હું તો ક્યાંય, વસું હું સદા સત્સંગમાંય;
સતસંગીનો દ્રોહ જે કરશે, મારો દ્રોહ તે કરનાર ઠરશે. ૨૭
કરતાં એ રીતે ઘણી વાત, ત્રણ પહોર વીતી ગઈ રાત;
ત્યારે બોલ્યા મનોહર માવો, આપ આપને સ્થાને સિધાવો. ૨૮
એવું સાંભળીને ગયા સહું, પણ નેણે વહે નીર બહુ;
પછી તો થયો પ્રાતસકાળ, જાગ્યા નિદ્રાથી દીનદયાળ. ૨૯
ત્યારે વર્ણીએ સ્નાન કરાવ્યું, નિત્યકર્મ કર્યું મન ભાવ્યું;
ધર્મસ્થાપક શ્રીભગવાન, દેવા ઈચ્છ્યા ગૌ આદિક દાન. ૩૦
ઘણા વિપ્ર સુપાત્ર બોલાવ્યા, દાન દેવા સામાન મંગાવ્યા;
દીધાં ગાયોનાં સોનાનાં દાન, બીજાં દાન અનેક વિધાન. ૩૧
પ્રેમી ભક્તોએ વિનતિ કરી, જમો કાંઈ કૃપા કરી હરિ;
બ્રહ્મચારીએ ત્યાં કર્યો થાળ, દયાથી જમ્યા દીનદયાળ. ૩૨
દશમી દિન મંગળવાર, દીસે ભૂતળમાં ભયંકાર;
ઊગ્યો સૂરજ તે પણ ઝાંખો, ઝાંખો દેખાય આકાશ આખો. ૩૩

ભયંકર લાગે ભણકારા, ખરે આકાશ માંહીથી તારા;
ધ્રૂજતી ધરતી તો જણાય, દશે દીશાઓ તો ખાવા ધાય. ૩૪
રુવે શ્વાન અને ઘૂડ બોલે, દેવળોનાં શિખર જાણે ડોલે;
વાયુ ઉષ્ણ ઘણો ઘણો વાય, મોટાં ઝાડ તેથી પડી જાય. ૩૫
થાય આકાશ માંહિ કડાકા, ભારે તોપના જાણે ભડાકા;
જનનાં મન દિસે ઉદાસ, પશુ પક્ષીયે પામીયાં ત્રાસ. ૩૬
જળ ઉન્મત્તગંગાજી માંય, વહે ધીમું ને ડોળું દેખાય;
ફરકે નરનાં અંગ વામ, સ્ત્રીયોનાં જમણાં તેહ ઠામ. ૩૭
તેથી જનમન સંશય થાય, રખે શ્રીજી સ્વધામમાં જાય;
થયો મધ્યાનનો સમો જ્યારે, બેઠા બાજોઠ પર પ્રભુ ત્યારે. ૩૮
ધાર્યું આત્મસ્વરૂપનું ધ્યાન, દીસે શુદ્ધ સમાધિ સમાન;
એહ અવસરે શ્રીહરિ પાસ, હતા તેહ ગણાવું છું દાસ. ૩૯
મુકુંદાનંદજી વરણીંદ્ર, ગોપાળાનંદસ્વામી મુનીંદ્ર;
નિત્યાનંદ શુકાનંદ જાણો, ભજનાનંદ પંચ પ્રમાણો. ૪૦
રામપ્રતાપ ને ઈચ્છારામ, તથા બેય આચાર્ય તે ઠામ;
દાદાખાચર આદિક જેહ, હતા શ્રીહરિ આગળ એહ. ૪૧
હરિતનમાંથી નીકળ્યું તેજ, આખા દરબારમાં વ્યાપ્યું એ જ;
દશે દિશાઓમાં વ્યાપિ ગયું, આખા બ્રહ્માંડમાં છાઈ રહ્યું. ૪૨
અષ્ટ આવર્ણ ભેદીને છેક, થયું અક્ષરની સાથે એક;
બ્રહ્મા વિષ્ણુ સુરેશ મહેશ, વિમાને બેશી આવ્યા વિશેષ. ૪૩
ઘણા અક્ષરમુક્ત ત્યાં આવ્યા, એક ઉત્તમ વિમાન લાવ્યા;
બિરાજ્યા તેમાં શ્રીઘનશ્યામ, ચાલ્યા સજ્જ થઈને સ્વધામ. ૪૪
લાવી દિવ્ય રુડો ઉપચાર, પૂજે અક્ષરમુક્ત અપાર;
આરતી કોઈ મુક્ત ઉતારે, સહુ જયજયકાર ઉચ્ચારે. ૪૫
મહાદુંદુભી દેવ બજાવે, દેવિયો દિવ્ય પુષ્પે વધાવે;
ઈન્દ્ર આદિકનાં આવે ધામ, ત્યાંના દર્શને આવે તમામ. ૪૬
કરે ચંદન પુષ્પની વૃષ્ટિ, ધરે કૃષ્ણ અમૃતમય દષ્ટિ;
દેવોને અતિ ઉત્સવ થાય, હરિના ગુણ ગાંધર્વ ગાય. ૪૭

બ્રહ્માઆદિ કહે જોડી હાથ, ચાલો ધામ અમારે હે નાથ;
આપકેરી ચરણરજ ધરો, મારા ધામને પાવન કરો. ૪૮
કાલાવાલા ઘણા એમ કરે, પણ કૃષ્ણ તો કાને ન ધરે;
વંદના કરીને વારેવારે, સ્તુતિ બ્રહ્માદિ દેવ ઉચારે. ૪૯

**હરિગીતછંદ :**

હે શ્યામ સંકટહરણ સહુ સુખકરણ અશરણશરણ છો,
તવ ચરણ ભવજળતરણ નૌકા ધર્મહિત તનૂધરણ છો;
સુખરાશિ અક્ષરધામવાસી પરમ પૂર્ણપ્રકાશિ છો,
તવ પદઉપાસી મુક્તરાશી અકળ અજ અવિનાશી છો. ૫૦
શ્રુતિધર્મ થાપનકરણ પ્રભુ ધરણી ઉપર નરતન ધર્યું,
સુવિચિત્ર પરમ પવિત્ર ચારૂતર ચરિત્ર તમે કર્યું;
કળિકાળ અતિવિકરાળમાં સંભાળ લઈ સદ્ધર્મની,
રક્ષા કરીને રીતિ ઉત્તમ કરિ પ્રગટ સતકર્મની. ૫૧
અદભૂત કીધાં કામ તે તો થઈ શકે પ્રભુ તમ થકી,
બીજા થકી ન કરાય ન કળિ શકાય એ તો અમ થકી;
અવતાર આપ તણા અનંત થયા અને વળી જે થશે,
સરવોપરી છો આપ એમાં લેશ સંશય નવ દિસે. ૫૨
સંપૂર્ણ કરીને કામ અક્ષરધામ વિચરો છો તમે,
દર્શન કરીને આપનાં પાવન થયા પ્રભુજી અમે;
અમ ઉપર કરુણાસિંધુ આપ કૃપાની દષ્ટિ ધારજો,
સંકટનિવારણ શ્યામ આ બ્રહ્માંડ માંહિ પધારજો. ૫૩

**પુષ્પિતાગ્રા :**

સ્તુતિ કરી અજ આદિ દેવ જેહ, નિજ નિજ ધામ સિધાવિયા જ તેહ;
હરિવર પણ અક્ષરાખ્ય ધામે, જઈ વશિયા સ્થિર થૈ અખંડ ઠામે. ૫૪

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે દશમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે*
*શ્રીહરિસ્વધામવિચરણનામ ચતુર્થો વિશ્રામઃ ॥૪॥*

**પૂર્વછાયો :**

શ્રીજી પધાર્યા સ્વધામમાં, નિજજનના જીવન જેહ;
કેમ કરી ઉત્તરક્રિયા, તમે કથા સુણો હવે તેહ. ૧

**ચોપાઈ :**

ગયા ધામમાં સારંગપાણી, ગતિ તેની જનોયે ન જાણી;
જેમ વીજળીનો ઝબકારો, ક્યાંથી આવ્યો ને ક્યાં તે જનારો. ૨
જેમ દીપક બુઝાઈ જાય, કોણ જાણે ક્યાં જૈને સમાય;
અવિનાશીની અકળ કળાય, મહામુક્તથી પણ ન કળાય. ૩
નિત્યાનંદ આદિ મુનિ જેહ, અતિ અચરજ પામિયા એહ;
મહારાજે છે ધીરજ પ્રેરી, તેથી દિલગિરિ ન ધરે ઘણેરી. ૪
ધૂન્ય સ્વામિનારાયણ નામે, ઊંચા સ્વરથી કરી એહ ઠામે;
તેથી હરિજન આવિયા ધાઈ, જાણ્યું શ્રીજી ગયા ધામમાંઈ. ૫
કોઈ રુદન કરે થઈ દીન, કોઈ તરફડે જળવીણ મીન;
પ્રભુએ દીધું ધીરજદાન, તેથી સર્વે થયા સાવધાન. ૬
તેહ સમય તણી ક્રિયા કરવા, લાગ્યા એક વિમાન આદરવા;
કર્યું નિષ્કુળાનંદે તૈયાર, તેની શોભા તણો નહિ પાર. ૭
મુકુંદાનંદ વર્ણીયે ત્યાંય, કરી પ્રેમ ધરીને પૂજાય;
લઈ ઉન્મતગંગાનું નીર, નવરાવિયું શ્યામ શરીર. ૮
પીતાંબર એક લૈ પહેરાવ્યું, બીજું ઓઢ્યાની રીતે ધરાવ્યું;
પછી ચંદન ચર્ચીને સાર, પહેરાવિયા પુષ્પના હાર. ૯
ધૂપ દીપ ત્યાં આગળ ધારી, પછી આરતિ પ્રેમે ઉતારી;
પધરાવ્યા વિમાન મોઝાર, કરી જયજયકાર ઉચ્ચાર. ૧૦
અયોધ્યાપ્રસાદે રઘુવીરે, તેહ વિમાન ઉપાડ્યું ધીરે;
ધર્મવંશી બીજા પણ જેહ, વારા ફરતી ઉપાડતા તેહ. ૧૧
દીનાનાથ ને ભટ મયારામ, સ્કંધે લેતા દ્વિજો તેહ ઠામ;
સંત વર્ણીને સૌ હરિજન, ગાય આગળ તે કીરતન. ૧૨
વાજે તાળ મૃદંગ તે ઠાર, થાય શંખના નાદ અપાર;
વાજે ઘંટા અને ઘડિયાળ, થાય તેહના શબ્દ વિશાળ. ૧૩

કેક ભક્ત તો દર્શને આવે, સોના રૂપાને ફૂલે વધાવે;
કોઈ છાંટે અબીર ગુલાલ, આણિ અંતરમાં અતિ વ્હાલ. ૧૪
કેક શ્રીફળની ભેટ કરે, કેક પુષ્પ તણા હાર ધરે;
છેલ્લી વારનાં દર્શન જાણી, ભરે નેણમાં પ્રેમનાં પાણી. ૧૫
લક્ષ્મીવાડીને મારગે જાય, જનની બહુ ભીડ ભરાય;
નરનારીયો દર્શન કરે, મુખે જયજય શબ્દ ઉચ્ચરે. ૧૬
મહા તેજસ્વી મૂર્તિ જણાય, કોટિ કામ ઝાંખા પડી જાય;
ભાસે એવી છબી સાક્ષાત, હમણાં કરશે કાંઈ વાત. ૧૭
લક્ષમીબાગમાં આજ જ્યાંય, આસોપાલવ છે એક ત્યાંય;
રહી ધીમે વિમાન ઉતાર્યું, ધરણી પર તે સ્થળે ધાર્યું. ૧૮
કરી આજ છે મંદિર જ્યાંય, ચિતા ચંદન તુલસીની ત્યાંય;
પધરાવીને તેહ મોઝાર, કર્યો અગ્નિ તણો સંસ્કાર. ૧૯
ઘણાં શ્રીફળ ઘી લાવી ત્યાંય, હરિભક્તે હોમ્યાં તેહમાંય;
દેખી વિરહ તણાં તીર વાગ્યાં, દાદોખાચર રોવાને લાગ્યા. ૨૦
અતિ નેણથી વરશિયાં નીર, ન ધરી શક્યા અંતરે ધીર;
લાગ્યા કરવા ઘણો જ પોકાર, સમઝાવે છે સંત અપાર. ૨૧
તોય ધીરજ નવ ધરી જ્યારે, ગોપાળાનંદ બોલીયા ત્યારે;
તમને આવા દિલગિર જોઈ, કેમ ધીરજ ધરી શકે કોઈ. ૨૨
માટે શ્રીજીની બેઠક જ્યાંય, તમે બેસો જઈ હવે ત્યાંય;
પછી બેઠક પાસે તે ગયા, ત્યાં તો શ્રીજીનાં દર્શન થયાં. ૨૩
રુડી બેઠકે બેઠા છે નાથ, પુષ્પનો ગુચ્છ લીધો છે હાથ;
હૈયા ઊપર પુષ્પના હાર, ઘણા ભમર છે ગુંજાર. ૨૪
દાદાખાચરને કહે શ્યામ, કહો કેમ રોયા તમે આમ;
દાદોખાચર શરમાઈ ગયા, તેથી બોલ્યા વિના બેસી રહ્યા. ૨૫
લાગ્યા મનમાં વિચારવા તેહ, દીઠા મેં શ્રીજીએ તજ્યો દેહ;
એ તે શું મને લાગ્યું સ્વપન, શા માટે મેં તે કીધું રુદન. ૨૬
શ્રીજી તો આ બિરાજે છે આંહી, એમ મનન કરે મન માંહિ;
દાદાખાચરને કહે નાથ, હવે જુવો તમે મારો હાથ. ૨૭

નાડીમાં નથી રોગ લગાર, કાયામાં થયો મુજને કરાર;
તેથી બાગમાં આવ્યો છું આજ, તમે આવ્યા શું દર્શન કાજ. ૨૮
એમ પૂછે ધરમકુળરાય, તેનો ઉત્તર તો ન અપાય;
વળી બોલિયા શ્રીઘનશ્યામ, જ્યારે હું વિચરું મુજ ધામ. ૨૯
ત્યારે દિલગીરિ કાંઇ ન કરવી, વાત સમજીને ધીરજ ધરવી;
તમને કહ્યું છે ઘણીવાર, તે તો વીસારશો ન લગાર. ૩૦
સતસંગમાં હું તો રહીશ, કદીયે નહિ દૂર જઈશ;
સ્નેહે સંભારશે જન જ્યારે, દિલમાં દૈશ દર્શન ત્યારે. ૩૧
પાળજો શિક્ષાપત્રીની વાણી, તેને મારું સ્વરૂપ જ જાણી;
એમ વાત કરી ઘણીવાર, આપ્યો ઉરથી પ્રસાદીનો હાર. ૩૨
હવે મંદિરમાં જશું અમે, વેલા આવજો ત્યાં સહુ તમે;
એવાં વચન કરીને ઉચ્ચાર, થયા માણકીયે અસવાર. ૩૩
મહારાજ મંદિર ભણી ગયા, દાદોખાચર વિસ્મિત થયા;
હતા સૌ જન ત્યાં ગયા જ્યારે, તહાં સૌને બેઠા દીઠા ત્યારે. ૩૪
કોઇ દિલગીર થાતાતા બહુ, દાદાખાચરે તેહને કહ્યું;
તમે ક્લેશ કરો છો શા કાજે, નથી દેહ તજ્યો મહારાજે. ૩૫
જોયા મેં જઈ ધર્મકુમાર, મને આપ્યો પ્રસાદીનો હાર;
ગયા મંદિરમાં અવિનાશ, પછી આવ્યો છું હું તમ પાસ. ૩૬
સુણી ધીરજ સૌ જન ધારે, હાર દેખીને હૈયે વિચારે;
સૌને કલ્પના બહુવિધિ થાય, કળા હરિની કળી ન શકાય. ૩૭
ઘેલે ના'વા ગયા સહુ મળી, લક્ષ્મીવાડીમાં આવિયા વળી;
બેઠા સૌ તહાં બેઠક પાસ, થયાં અંતર સૌનાં ઉદાસ. ૩૮
સુખ આપેલાં તેહ સંભારી, લાગ્યાં રોવાને ધૈર્ય વિસારી;
દીધું પ્રગટ પ્રભુ સુખ જેવું, અરે ક્યાં હવે દેખશું એવું. ૩૯

**વૈતાલીય :**

દિલથી તજીને અરે દયા, અમને કેમ તમે તજી ગયા;
સુખ ઉત્તમ નિત્ય આપીને, વિચર્યા કેમ કલેજુ કાપીને. ૪૦

મન ધીરજ કેમ ધારીયે, દુખ આ કેમ કરી વિસારીયે;
મનમાં દુઃખ કોણ મેટશે, ભુજ ભીડી પ્રિય કોણ ભેટશે. ૪૧
મનુહાર[૧] કરી જમાડતા, ખુબ રંગે અમને રમાડતા;
વળી લાડ ઘણાં લડાવતા, હસતા હેત કરી હસાવતા. ૪૨
હરિ હે હરિ હે હરે હરે, અમથી દૂર થયા અરે અરે;
તજીને જવું સર્વ સાથને ન ઘટે આપ દયાળુ નાથને. ૪૩
સુખસાગરમાં ન રાખીયાં, દુખદાવાનળ માંહિ નાંખિયાં;
સઘળાં સુખ ક્યાં ગયાં વહી, અમને એક દિશા સુજે નહી. ૪૪
વસમી વિરહાગ્નિની વ્યથા, કહિયે ક્યાં જઈ કષ્ટની કથા;
નથી ફાટતી કેમ છાતડી, ઘનશ્યામે કરી ખૂબ ઘાતડી. ૪૫
પળ એક વિજોગ જો થતો, વણ આગ્યે બળી જીવડો જતો;
શી રીતે દિવસો હવે જશે, સુજતું કાંઈ નથી જ શું થશે. ૪૬
હરિના વિરહાગ્નિ દુઃખથી, પૃથ્વી કેમ ડુબી જતી નથી;
વિચર્યા નિજ ધામ શ્યામ તો, રવિ તું કેમ ન નાશ પામતો. ૪૭
સુણરે સુણરે વિરાટ તું, તન તારું નથી કેમ ફાટતું;
અતિ વજ્ર સમાન તું થયો, પ્રભુ જાતાં પણ તું ઉભો રહ્યો. ૪૮
તરુઓ પણ ઝૂરતાં દિસે, દિલગીરી પ્રસરી દશે દિશે;
કરુણાનિધિ રે કૃપા કરી, ફરી ક્યારે મળશો હવે હરી. ૪૯

**ચોપાઈ :**

રુડા ભાઈ શ્રીરામપ્રતાપ, કરે વિધ વિધ એમ વિલાપ;
રુવે એ જ રીતે ઈચ્છારામ, લઈને ઘનશ્યામનું નામ. ૫૦
અયોધ્યાપ્રસાદ રઘુવીર, કરે રુદન થઈને અધીર;
રુવે ગોપાળજી મહારાજ, ધર્મવંશનો સર્વ સમાજ. ૫૧
મુક્તાનંદ આદિક મુનિવૃંદ, કરે આતુર થૈને આક્રંદ;
મયારામ પ્રમુખ હરિજન, કરે રાગ તાણીને રુદન. ૫૨
શ્યામે આપેલાં સુખ સંભારે, કહે એ સુખ દેખીશું ક્યારે;
કહે કોઈ હું કીર્તન ગાઈ, રાજી કરતો શ્રીજીને સદાઈ. ૫૩

૧. આગ્રહ કરીને

કથા કરતો હું તો કહે કોઈ, દેતા મોજ હરિ રાજી હોઈ;
કહે કોઈ મને મહારાજ, સોંપતા અતિ સ્નેહથી કાજ. ૫૪
જયારે રીઝતા દીનદયાળ, ત્યારે દેતા પ્રસાદીના થાળ;
જોતા અમૃતદૃષ્ટિ કરીને, કયારે દેખશું તેહ ફરીને. ૫૫
એમ સંભારીને સુખદાન, ભૂલ્યા કૈક શરીરનું ભાન;
થયા કૈક તો મૂર્છિત જેવા, ઇચ્છે કોઈ તો તન તજી દેવા. ૫૬
એવું દેખીને એહ ઠેકાણે, પ્રભુ પ્રગટ થયા તેહ ટાણે;
આવ્યા અક્ષરમુક્ત અનેક, લાવ્યા ઉત્તમ વીમાન એક. ૫૭
તેમાં બેઠા હતા બહુનામી, અવિનાશી જે અક્ષરધામી;
હતું શ્રીજીનું જેવું સ્વરૂપ, ભાળ્યા એવા જ ભૂપના ભૂપ. ૫૮
શ્રીજી સર્વ સમાજમાં પેઠા, બેઠકે ગાદી ઉપર બેઠા;
પેખી સૌ જને કીધા પ્રણામ, ત્યારે બોલિયા શ્રીઘનશ્યામ. ૫૯
તમે કેમ કરો છો રુદન, કેમ લોપો છો મારું વચન;
હું છું અજર અમર અવિનાશી, તમે તો શા માટે થાઓ ઉદાસી. ૬૦
નથી હું તમથી ગયો દૂર, મને જાણો હમેશ હજૂર;
એમ કહી નિજ પાદુકા આપી, બોલ્યા શ્રીપ્રભુ પરમ પ્રતાપી. ૬૧
કહું વચન સુણો રઘુવીર, નિત્યાનંદ સુણો ધરી ધીર;
મારી દેહક્રિયા કરી જ્યાંય, કરજો રુડું મંદિર તયાંય. ૬૨
પાદુકા પધરાવજો તેમાં, જાણજો ઉંડો મર્મ છે એમાં;
એહ મંદિરમાં સમો જોઈ, ધર્મવંશી આચારજ કોઈ. ૬૩
અતિ ઉત્તમ મુજ અનુસારી, પધરાવશે મૂર્તિ અમારી;
અવની છે ચમત્કારી એહ, તીર્થ ઉત્તમ જાણજો તેહ. ૬૪
કરશે વ્રત દાન કે જાપ, તેનાં સર્વ પ્રલય થશે પાપ;
જમાડે આંહિ વિપ્ર કે સંત, ફળ એનું તો થાય અત્યંત. ૬૫
ધનધાન્ય કે સુત પરિવાર, જે જે ઇચ્છે તે પ્રાપ્ત થનાર;
કરે જપ તપ થઇ નિષ્કામ, અંતે પામે તે અક્ષરધામ. ૬૬
હવે શાંત તમે સહુ થાઓ, ગોપીનાથને મંદિરે જાઓ;
તેનાં દર્શનથી સુખ થાશે, તેમાં મારું સ્વરૂપ જણાશે. ૬૭

એમ કહી થયા અંતરધાન, દીધું સર્વને શાંતિનું દાન;
ગોપીનાથના મંદિરમાંય, ગયા સૌ મળીને જન ત્યાંય. ૬૮

**પુષ્પિતાગ્રા :**

અદ્‌ભુત હરિનાં અહો ચરિત્ર, વરણન યોગ્ય પવિત્ર ને વિચિત્ર;
મુનિવર ગણી નિત્યનિત્ય ગાય, પણ ગણતાં નહિ પાર તો પમાય. ૬૯

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે દશમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે*
*શ્રીહરિદેહોત્તરક્રિયાનિરૂપણનામ પંચમો વિશ્રામઃ ॥૫॥*

**પૂર્વછાયો :**

ભૂપ કહે બ્રહ્મચારીને, મને સંશય ઉપજ્યો એક;
તર્ત મટાડો તે તમે, સમજાવીને સહિત વિવેક. ૧

**ચોપાઈ :**

એ છે સંશય મોટો અથાહ, કર્યો દેહને તો અગ્નિદાહ;
વળી દેખાયા એવાને એવા, જેવે રૂપે પ્રથમ હતા જેવા. ૨
ત્યારે દહન થયો કિયો દેહ, ક્યાંથી આવ્યો વળી દિઠો તેહ;
જ્યારે જન્મ ધરે ઘનશ્યામ, રહે ખાલી શું અક્ષરધામ. ૩
કિંવા બે કરતા હશે કાય, તેથી બેય ઠેકાણે દેખાય;
મારો સંશય એહ મટાડો, મારા મન માંહિ શાંતિ પમાડો. ૪
કહે વર્ણી સુણો અવનીશ, કથા એહ હવે હું કહીશ;
એ વિષે દઈ એક દૃષ્ટાંત, ભાગું આપના ચિત્તની ભ્રાંત. ૫
નટ જેમ આકાશમાં ચડે, જઈ ઈંદ્રના જુદ્ધાથી લડે;
થાય બંદુકના ત્યાં ભડાકા, તરવારના વાગે સડાકા. ૬
તેનાં અંગ કપાઈ જે પડે, તેની નારી ભેળાં કરી રડે;
તેની સાથે તે તો સતિ થાય, બળીને થઈ રાખ જણાય. ૭
નટ આવી સૌને પગે લાગે, નારી પોતાની સૌ પાસે માગે;
તેને આપે છે સિરપાવ જ્યાંય, નારી આવી ઉભી રહે ત્યાંય. ૮

દેખનારને આશ્ચર્ય થાય, નટની તે કળા ન કળાય;
ત્યારે અદ્‌ભુત શક્તિ છે જેની, કળા કેમ કળે કોઈ તેની. ૯
મોટા અક્ષરમુક્ત છે જેહ, કરે કલ્પના બહુવિધ તેહ;
કરી તર્ક તેઓ થાકી જાય, કળા કૃષ્ણની તો ન કળાય. ૧૦
કોઈ તર્ક કરે એમ તત્ર, ધામ અક્ષર છે સર્વત્ર;
ઈચ્છા આવે ત્યાં શ્રીજી દેખાય, તહાં ધામનું મધ્ય ગણાય. ૧૧
બાળ જોબન વૃદ્ધ અવસ્થા, તે તો દેખવામાત્ર વ્યવસ્થા;
પ્રભુ અક્ષરધામમાં જેહ, દીસે આ લોકમાં પણ એહ. ૧૨
જુદી મૂરતિ બે નવ જાણો, પ્રભુ એક જ એહ પ્રમાણો;
વળી કોઈ તરક એમ કરે, પ્રભુ રૂપ જુદાં જુદાં ધરે. ૧૩
નવલાખ ગિરી માંહિ જેમ, નવલાખ રૂપે મળ્યા તેમ;
વળી ઘટઘટ અંતરજામી, રૂપે વ્યાપી રહ્યા જગસ્વામી. ૧૪
આંહિથી જે સમાધિમાં જાય, તેને અક્ષર માંહિ દેખાય;
પાછા આવી જુવે આંહિ જ્યારે, તેવું રૂપ દિસે આંહિ ત્યારે. ૧૫
જેવી આપની હોય ઈચ્છાય, તેવે રૂપે પ્રભુ ત્યાં જણાય;
જેવે કામે ધરે અવતાર, પોતે તેવો દેખાડે આકાર. ૧૬
ઘટે શક્તિ દેખાડવી જેવી, તહાં શક્તિ દેખાડે છે તેવી;
થયું દહન તે દેખવામાત્ર, પછી દેખાયું તે સત્ય ગાત્ર. ૧૭
જેહ દિવસે સિધાવ્યા સ્વધામ, દીધાં દર્શન બહુબહુ ઠામ;
તેમાં થોડાં ઠેકાણાની વાત, સંભળાવું તમે સુણો ભ્રાત. ૧૮
વટપત્તનના હરિજન, કરવા પ્રભુનાં દરશન;
રામચંદ્ર જે વૈદક જાણ, એહ આદિક ભક્ત પ્રમાણ. ૧૯
સજી સંઘ તે ત્યાંથી સિધાવ્યા, ગામ ઉગામેડી પાસે આવ્યા;
મળ્યા ત્યાં ભક્તિધર્મકુમાર, દશ સાથે હતા અસવાર. ૨૦
દાદોખાચર સોમ ને સૂર, સદા જે રહે શ્રીજી હજૂર;
થયા શ્રીહરિ સૌ રૂપે તેવા, આવ્યા ભક્તોને દર્શન દેવા. ૨૧
જેઠ શુકલ દશમ ત્રીજે પો'રે, દીધાં દર્શન જનચિતચોરે;
પ્રભુને કર્યા સૌએ પ્રણામ, ત્યારે બોલિયા સુંદરશ્યામ. ૨૨

ક્યાંથી આવ્યા ને જાઓ છો ક્યાંય, રામચંદ્ર બોલ્યા પછી ત્યાંય;
આપને મંદવાડ સુણ્યાથી, અમે આવિયા વટપુરમાંથી. ૨૩
આપની છબી અંતરે ધરવા, અમે આવિયા દર્શન કરવા;
એવું સાંભળીને બોલ્યા નાથ, વૈદરાજ જુવો મુજ હાથ. ૨૪
નાડી જોઈ બોલ્યા વૈદરાજ, રોગ કાંઈ નથી મહારાજ;
કહે કૃષ્ણ તમે પરવરો, ગોપીનાથનાં દર્શન કરો. ૨૫
અમે જૈશું સારંગપુર ગામ, કાલે આવશું ગઢપુર ધામ;
એમ કહીને ગયા કૃપાનાથ, ગયો ગઢપુરમાં સહુ સાથ. ૨૬
જાણ્યું ત્યાં શ્રીજીએ તજ્યો દેહ, અતિ અચરજ પામિયા એહ;
વળી ધોળેરા પુરનાં નિવાસી, પ્રેમી પ્રગટ પ્રભુનાં ઉપાસી. ૨૭
પૂંજાભાઈની બહેન અજુબા, તેની સંઘાતે બાઈ ફુલીબા;
ચાલ્યાં ગઢપુર દર્શન કરવા, છબી છેલીવારે ઉર ધરવા. ૨૮
ગાડે બેસીને બેય સિધાવ્યાં, નીંગાળાની નદીતટે આવ્યાં;
ગાડું છોડાવી કીધો વિરામ, જળ પાયું બળદને તે ઠામ. ૨૯
તહાં આવ્યા શ્રીજીમહારાજ, દશ અસ્વારનો છે સમાજ;
જેઠ શુકલ દશમદિન હતો, અસ્ત પામવા આદિત્ય જતો. ૩૦
બેય બાઈયો તે પગે લાગી, લાગ્યા પૂછવા શ્યામ સુહાગી;
ક્યાંથી આવ્યાં ને જાઓ છો ક્યાંય, બોલી બાઈયો તે સમે ત્યાંય. ૩૧
માંદા આપ સુણ્યા મહારાજ, અમે આવિયાં દર્શન કાજ;
ધોળેરાથી આવ્યાં છૈયે અમે, પ્રભુજી ક્યાં પધારો છો તમે. ૩૨
સુણી બોલિયા શ્રીહરિ ત્યારે, નથી રોગ શરીરે અમારે;
દેવા દાસને દર્શન કાજ, એક ગામ જૈયે છૈયે આજ. ૩૩
ગઢપુરમાં તમે પરવરો, ગોપીનાથનાં દર્શન કરો;
જશું ત્યાં રહેશું આજ રાત, આવશું ગઢપુરમાં પ્રભાત. ૩૪
પ્રભુએ કરી એમ ઉચ્ચાર, આપ્યા ઉરથી પ્રસાદીના હાર;
પછી ત્યાંથી સિધાવિયા શ્યામ, ગઈ બાઈયો ગઢપુર ગામ. ૩૫
જાણ્યું દેહ તજ્યો જગદીશે, ત્યારે અચરજ પામ્યાં અતિશે;
વળી એવી કહું ત્રીજી વાત, સુણો ભૂપ અભેસિંહભ્રાત. ૩૬

મહાભક્ત જે નરસિ મહેતા, ગામ પીપળાણામાં રહેતા;
તેની પુત્રી લાડુભાઈ નામ, પરણાવી હતી આખા ગામ. ૩૭
જામની દશમી તણી જ્યારે, ગયા નાથ તેને ઘેર ત્યારે;
કરી સાદ જગાડ્યાં સુપેર, કર્યો ઉતારો તેહને ઘેર. ૩૮
કહ્યું કરવી રસોઈ તમારે, ચાલવું છે જમીને અમારે;
બાઈયે ત્યાં રસોઈ બનાવી, ભગવાન જમ્યા ભાવ લાવી. ૩૯
કહે બાઈ અહો મહારાજ, અમે આપનાં દર્શન કાજ;
ગયા પક્ષમાં ગઢપુર આવ્યાં, તમે દર્શન દૈ હરખાવ્યાં. ૪૦
પણ આપના દેહ મોઝાર, કાંઈ કસર હતી તેહવાર;
પાછાં આવિયાં ગામ અમારે, પછી વીત્યા થોડા દિન જ્યારે. ૪૧
અમે સાંભળ્યો એવો સંદેશ, મહારાજ માંદા છે વિશેષ;
તેથી ગઢપુર જાવાનું ધારી, અમે કીધી છે સૌએ તૈયારી. ૪૨
થયાં આપનાં દર્શન આજ, તેથી ચિંતા ટળી મહારાજ;
પ્રભુ આપ પધારો છો ક્યાંય, કેમ છે આપના તનમાંય. ૪૩
સુણી બોલિયા શ્રીઘનશ્યામ, મટ્યો છે હવે રોગ તમામ;
માટે ભક્તોને હર્ષિત કરવા, નિસર્યા છૈયે દેશમાં ફરવા. ૪૪
કહી એટલું થૈને તૈયાર, થયા ઘોડી ઉપર અસવાર;
બાઈ જાણે બાળકને જગાડું, તેઓને પ્રભુ પ્રગટ દેખાડું. ૪૫
ગઈ બાળ જગાડવા તહી, ફરી જોતાં પ્રભુ દીઠા નહી;
ઘણા જનને પુછ્યું જઈ તેણે, દીઠા શ્રીહરિને કહો કેણે. ૪૬
જ્યારે કોઈએ દીઠા ન કહ્યું, ત્યારે તો અતિ આશ્ચર્ય થયું;
જાણ્યું શ્રીહરિ ધામ સિધાવ્યા, મને દર્શન દેવાને આવ્યા. ૪૭
એવી રીતે ઘણે ઘણે ઠામે, દીધાં દર્શન શ્રીઘનશ્યામે;
કેટલીક કહું એવી વાત, કહ્યો પાર ન પામિયે ભ્રાત. ૪૮
શ્રીજીના મંદવાડનું જાણી, છેલ્લાં દર્શનની આશ આણી;
ગઢપુર જે જતા હતા જન, પામ્યા એ જ રીતે દરશન. ૪૯
તમે પુછ્યો મને પ્રશ્ન જેહ, એનો ઉત્તર આપિયો એહ;
ધરે શ્રીહરિ રૂપ અનેક, પણ એ સર્વ એકના એક. ૫૦

**પુષ્પિતાગ્રા :**

જનમ કરમ સર્વ કૃષ્ણ કેરાં, અકળ અને વળી દિવ્ય છે ઘણેરાં;
અગમ નિગમ પાર તે ન પામે, કહી કહી નેતિ કહી પછી વિરામે. ૫૧

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે દશમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિદેહોત્સર્ગાનન્તરં દર્શનદાનનિરૂપણનામ ષષ્ઠો વિશ્રામઃ ॥૬॥*

**પૂર્વછાયો :**

ક્રિયા દેહોત્તર હરિ તણી, કરી આવિયા સહુ જન જેહ;
સાંભળો તે પછી શું થયું, હવે કથા કહું છું તેહ. ૧

**ચોપાઈ :**

ગોપીનાથના મંદિરમાંય, આવ્યા સર્વ જનો મળી ત્યાંય;
ગોપીનાથની મૂર્તિ મોઝાર, દીઠું અદ્‌ભુત તેજ અપાર. ૨
જેવું સાક્ષાત શ્રીજી સ્વરૂપ, દીસે એવું જ રૂપ અનૂપ;
છબી ઉંચી પહોળિયે એવી, પ્રતિઅંગે પુરેપુરી તેવી. ૩
અંગોઅંગે હતાં ચિહ્ન જેવાં, દીઠાં તે મૂરતિ માંહિ તેવાં;
નાભિ ઉપર તિલ તણાં ચિહ્ન, બીજા પણ તિલ છે ભિન્ન ભિન્ન. ૪
વળી છાતી ઉપર પણ સાર, દીસે શ્રીવત્સલ ચિહ્ન ઉદાર;
કાને ખોશા છે પુષ્પના ગુચ્છ, શોભે હાર હૈયા પર સ્વચ્છ. ૫
ધોળો ખેશ પે'ર્યો ધર્મનંદે, માથે મોળિયું બાંધ્યું મુકુંદે;
કેડે કંદોરો રુડો રુપાળો, રેટો ઓઢ્યો છે લાંબો પનાળો. ૬
કરિયાણામાં નટવરનાથે, જેમ બંસી ધરી હતી હાથે;
તેમ વાંસળી લીધી છે વાલે, કર્યું કેશર તિલક ભાલે. ૭
કોઈ હરિજનને એહ વાર, આપ્યો ઉરથી પ્રસાદીનો હાર;
કર આંગળીની કરી સાન, પાસે બોલાવે છે ભગવાન. ૮
જેના ચિત્તમાં જેવી ઇચ્છાય, તેવું રૂપ તેને ત્યાં દેખાય;
કોઈને તો કહે ઘનશ્યામ, કરો જૈને ભંડારનું કામ. ૯

કોઈ હરિજનને કહે માવો, ઘેર જૈને તમે જમી આવો;
કોઈને માથે મુકે છે હાથ, ભેટ્યા કોઈને તો ભીડી બાથ. ૧૦
સંત દેખે સમાધિમાં જેમ, દેખે સૌ જન શ્રીજીને તેમ;
કોઈ તો દેખે મંડપમાંય, સૌને ભેટે છે શ્રીહરિ ત્યાંય. ૧૧
ગોપીનાથની મૂર્તિ મોઝાર, એવાં અચરજ દીઠાં અપાર;
સુખ અક્ષરમુક્તોને જેવું, થયું સૌ જનને સુખ તેવું. ૧૨
નિત્યાનંદ કહે રઘુવીર, તમે સાંભળો પરમ સુધીર;
પ્રભુએ આપી પાદુકા જેહ, હમણાં તો ધરો આંહિ એહ. ૧૩
જ્યારે વાડીમાં મંદિર થાશે, ત્યાર તે માંહિ તેહ સ્થપાશે;
એવું સાંભળી શ્રીરઘુવીરે, મુકી પાદુકા ત્યાં રહી ધીરે. ૧૪
વાસુદેવની મૂરતિમાંય, દેખે શ્રીજીને કોઇ તો ત્યાંય;
કોઈ તો એમ દેખે જે આજે, શજ્યા ઊપર શ્રીજી બિરાજે. ૧૫
પછી મંદિરમાંથી બહાર, આવિયા જન ચોક મોઝાર;
સમૈયામાં સભા હોય જેવી, દેખે કોઈ તો ત્યાં સભા તેવી. ૧૬
સભા માંહિ શોભે ઘનશ્યામ, પુરુષોત્તમ પૂરણકામ;
કોઈ સંતની પંક્તિ નિહાળે, લાડુ પીરસતા પ્રભુ ભાળે. ૧૭
કોઈ તો દેખે અસ્વારી સાથ, ઘેલે ના'વા પધારે છે નાથ;
એવી રીતે જેને ઘટે જેમ, દીધાં શ્રીજીએ દર્શન તેમ. ૧૮
તેથી વિરહ તણું દુખ ત્યાંય, ન થયું બહુ જનમનમાંય;
નહિ તો ઘણા હરિજન તેહ, તજી દેત પોતા તણા દેહ. ૧૯
પણ શ્રીહરિ દીનદયાળે, સૌની રક્ષા કરી તેહ કાળે;
પછી પોતપોતાને ઠેકાણે, ગયા સર્વે જનો તેહ ટાણે. ૨૦
રોજરોજ સવારે ને સાંજે, બેય આચાર્ય પાટે બિરાજે;
ગોપાળાનંદ ને નિત્યાનંદ, સભામાં બેસે સંતનાં વૃંદ. ૨૧
સૌને ધીરજ ઊપજે જેમ, કરે જ્ઞાનની વારતા તેમ;
રુડો ગ્રંથ જે પરમ પવિત્ર, જેમાં શ્રીહરિનાં છે ચરિત્ર. ૨૨
જેનું સત્સંગિજીવન નામ, કથા તેની કરાવે તે ઠામ;
વળી શાસ્ત્રની રીત પ્રમાણે, નિત્ય પિંડદાનાદિ તે ટાણે. ૨૩

બેય પુત્રો યથાવિધિ કરે, જેથી તે વિધિ સૌ અનુસરે;
ખર્ચ તેરમાને દિન કરવા, લાગ્યા બહુવિધિ માલ સંઘરવા. ૨૪
દાદાખાચર ને પુંજો શેઠ, કરે સંગ્રહ તે સારી પેઠ;
ભગોદોશી જે બોટાદવાસી, લેતા તે પણ માલ તપાસી. ૨૫
ગોળ ખાંડ ને ઘૌં ઘૃત જેહ, મગાવે દેશદેશથી તેહ;
હજારો મણ માલ મગાવ્યો, મોટી મોટી વખારે ભરાવ્યો. ૨૬
લોટ ને દાળ કરવા તૈયાર, ભક્ત બાઈયો મંડી અપાર;
દેશદેશના હરિજન આવે, ભેટ ધરવા ભારે વસ્તુ લાવે. ૨૭
વળી દાન લેવા તેહ વાર, આવ્યા વિપ્રો હજારો હજાર;
દશા એકાદશા દ્વાદશાહ, ક્રિયા કરવાનો શાસ્ત્રમાં રાહ. ૨૮
કર્યું એ જ રીતે એહ ટાણે, જાણ્યું ચાલે સૌ એ જ પ્રમાણે;
શ્રવણી શ્રાદ્ધ તેરમે કીધું, દાન નાના પ્રકારનું દીધું. ૨૯
ઘણાં તો દિધાં ગાયોનાં દાન, રથ આપ્યા વિમાન સમાન;
આપી શજ્યા ઘણી શણગારી, શણગારી આપ્યા અશ્વ ભારી. ૩૦
પદદાન[૧] તથા ભૂમિદાન, આપ્યાં ધન ને વળી આપ્યાં ધાન્ય;
અતિશે દિલ થૈને ઉદાર, આપ્યાં ભૂષણ વસ્ત્ર અપાર. ૩૧
આપ્યાં ભોજન સર્વને જેમ, કહું છું હવે સાંભળો તેમ;
જેઓ ઉત્તરદેશ નિવાસી, હતા શ્રીહરિ કેરા ઉપાસી. ૩૨
સૌને અવધ્યપ્રસાદે જમાડ્યા, સારી રીતે સંતોષ પમાડ્યા;
દેશ દક્ષિણ કેરા સ્વધર્મી, દેશ બેય તણા પરધર્મી. ૩૩
જમાડ્યા તેઓને રઘુવીરે, મોટો પાક કરાવીને ધીરે;
જમ્યા હિંદૂ ને મૂસલમાન, દીધું સર્વને ભોજનદાન. ૩૪
જમાડ્યું ગઢડું આખું ગામ, રઘુવીરજીએ તેહ ઠામ;
બેય આચારજે જુદે સ્થાન, દ્વિજને દીધાં દક્ષિણાદાન. ૩૫
જમ્યા લોક હજારો હજાર, અન્ન લૈ ગયા રાંક અપાર;
તોય તોટો ન કાંઈ જણાય, જોઈને જન વિસ્મિત થાય. ૩૬
અણસમઝુ તો સંશય આણે, રહેશે લાજ કેમ આ ટાણે;
પણ શ્રીજીનો વિશ્વાસ જેને, થાય સંશય લેશ ન તેને. ૩૭

૧. ઢોલિયો, તળાઈ વગેરે વસ્તુઓ

એવું ખરચ કર્યું રઘુવીરે, જે ન થૈ શકે નરપતિ ધીરે;
બેઠા બેય આચારજ પાટે, સભા થૈ સદા ચાલતે ઘાટે. ૩૮
પોતપોતાના આચાર્ય પાસ, ઘરે ભેટ ભલા હરિદાસ;
શેલાં પાઘડી શાલ દુશાલ, આપે વિવિધ પ્રકારના માલ. ૩૯
કોઈ હાર હૈયા પર ધારે, કોઈ આરતિ આવી ઉતારે;
એવો ભાસે ત્યાં પ્રૌઢ પ્રતાપ, જાણે શ્રીજી બિરાજે છે આપ. ૪૦
કોઈને એવાં દર્શન થાય, શ્રીજીરૂપે આચાર્ય જણાય;
જશ પામ્યા આચાર્ય અપાર, થયો જગતમાં જયજયકાર. ૪૧
નિત્યનિત્ય સભાઓ ભરાય, બેય આચાર્ય બેસે તેમાંય;
બેસે સંતમંડળ હરિજન, કરે જ્ઞાનકથા કિરતન. ૪૨
વળી સૌ જન સાથે સવારે, સ્નાન કરવાને ઘેલે પધારે;
ક્યારે સાંજે પણ ના'વા જાય, સંત સત્સંગી કીર્તન ગાય. ૪૩
શોભે શ્રીજીની અસ્વારી જેવી, બેય આચાર્યની દિસે એવી;
સુખ આપતા શ્રીહરિ જેવું, સુખ આચાર્યથી આવે તેવું. ૪૪
કદી જો કોઈ થાય ઉદાસ, જાય અક્ષરઓરડી પાસ;
તહાં શ્રીજીનાં દર્શન થાય, આપે ધીરજ વૃષકુળરાય. ૪૫
તમે શોક ધરો શિદ ઊર, નથી તમથકી હું ગયો દૂર;
ગોપીનાથમાં હું જ રહીશ, સુખ તેદ્વારે તમને દઈશ. ૪૬
બેય આચાર્યમાં તેજ મારું, મુક્યું છે હિત થાવા તમારું;
શિક્ષાપત્રી છે તે મુજ વાણી, માનજો મારી આજ્ઞા પ્રમાણી. ૪૭
એમ કહીને અંતરધાન થાય, વિરહી જને શાંતિ પમાય;
વળી સ્થાન પ્રસાદીનાં જ્યાંય, જાય સૌ જન દર્શને ત્યાંય. ૪૮
તહાં લીળા કરી હોય જેહ, કરે સ્મરણ સહુ જન તેહ;
જે જે આવ્યા હતા સંઘ ત્યાંય, કર્યા સર્વને ઘેર વિદાય. ૪૯
ભક્ત જે ગામોગામ નિવાસી, ટાળવાને તેઓની ઉદાસી;
સંતમંડળ મોકલ્યાં ફરવા, કરી વારતા દિલગિરિ હરવા. ૫૦
ગયા આચાર્ય અવધપ્રસાદ, સકુટુંબ શ્રીઅમદાવાદ;
મુનિ બ્રહ્મ સ્વમંડળ લૈને, તેની સાથે ગયા સજ્જ થૈને. ૫૧

**પુષ્પિતાગ્રા :**

અદરશ અહિંથી થયા હરી તે, પછી સુત બે મળી જે ક્રિયા કરી તે;
વિગતસહિત તે કથા સુણાવી, મુજ મનમાં સ્મૃતિ જેવી આજ આવી. ૫૨

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે દશમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિતિરોધાનાનંતર-તષ્યોદશાહાંતક્રિયાનિરૂપણનામસપ્તમો વિશ્રામઃ ॥૭॥*

**પૂર્વછાયો :**

ભૂપ કહે ગઢપુર વિષે, રઘુવીરજીએ રહી જેહ;
કામ કર્યું શું તે પછી, મને કથા સુણાવો તેહ. ૧

**ચોપાઈ :**

બ્રહ્મચારી કહે સુણો ભ્રાત, વળી ગઢપુરની કહું વાત;
રઘુવીરજીએ એક વાર, ચિત્ત માંહિ કરીને વિચાર. ૨
પરમાનંદ વિરક્તાનંદ, પુંજા શેઠ આદિક મુખ્ય વૃંદ;
કહ્યું તેઓને ત્યાં તેહ વાર, તમે મંદિરનો કારભાર. ૩
કરો છો ઘણા વર્ષથી જેમ, કરજોજી હવે પણ તેમ;
કહી એ રીતે સુપ્રત કરી, આજ્ઞા તેઓયે પણ શિર ધરી. ૪
ભગાદોશીને પણ કહ્યું આમ, પડે જ્યારે તમારુંયે કામ;
તમને આંહિથી લખે પત્ર, તમે આવજો એ સમે અત્ર. ૫
વરતાલ જશું હવે અમે, આવશું જ્યારે તેડાવો તમે;
નિત્યાનંદ બોલ્યા ધરી ધીર, તમે સાંભળો શ્રીરઘુવીર. ૬
પાદુકા આપી છે મહારાજે, લક્ષ્મીવાડીમાં સ્થાપવા કાજે;
તહાં મંદિર એક વિશાળ, કરવું પડશે તતકાળ. ૭
માટે મંડળમાં છે અમારા, સંત શૂન્યાતીતાનંદ સારા;
એહ આદિકને અહીં રાખો, કામ મંદિરનું તેને દાખો. ૮
રઘુવીરજીને મન ભાવ્યું, તેથી તે રીતે કામ ભળાવ્યું;
દાદાખાચરને કહ્યું વળી, તમે પણ તેહ કામમાં ભળી. ૯
સારા પત્થર તે કામ માટે, ક્યાંઈ કઢાવજો શુભ ઘાટે;
એવી રીતે થોડા દિન ગયા, મુક્તાનંદ ઉદાસિ ત્યાં થયા. ૧૦

થયું શ્રીજીના વિરહનું દુખ, કોઈ રીતે માને નહિં સુખ;
શ્રીજી શ્રીજી મુખેથી ઉચ્ચારે, ખાન પાનનું ભાન વિસારે. ૧૧
કહે નિર્દય નાથ ન થાઓ, મને ધામ માંહી લઈ જાઓ;
નિત્યાનંદ કહે રઘુવીર, તમે સાંભળો પરમ સુધીર. ૧૨
મુક્તાનંદને થૈ છે પિડાય, વરતાલ તમે ન જવાય;
ધર્મવંશી બીજાં બાઈ ભાઈ, ભલે મોકલો ત્યાં સમુદાઈ. ૧૩
એવું સાંભળી અંતરે ધર્યું, રઘુવીરજીએ તેમ કર્યું;
થોડા સંતને મોકલ્યા ત્યાંય, રાખ્યા સદ્‌ગુરુ ગઢપુરમાંય. ૧૪
મુક્તાનંદે તજ્યો નિજ દેહ, કહું છું હવે સાંભળો તેહ;
દશમી અષાઢી શુદિ આવી, તેહ દિનની સવાર સુહાવી. ૧૫
ગોપીનાથનાં દર્શન કરવા, મુક્તાનંદ ગયા મન ઠરવા;
અતિ પ્રેમથી કીધા પ્રણામ, મુખથી સ્તુતિ ઉચ્ચર્યા આમ. ૧૬
અહો નાથ કહ્યું નથી જાતું, નથી વિરહનું દુખ ખમાતું;
હવે તો ધામમાં લઈ જાઓ, કૃપાનાથ કઠોર ન થાઓ. ૧૭
એહઆદિ અનેક પ્રકારે, કરી પ્રારથના વારેવારે;
સુણી બોલિયા શ્રીમહારાજ, થાજ્યો તૈયાર મધ્યાને આજ. ૧૮
ધામ માંહિ તેડી જાશું તમને, ગમે છે એમ કરવું તે અમને;
એવું સાંભળી આસને ગયા, મુનિ મુક્ત રુદે રાજી થયા. ૧૯
થયો મધ્યાનનો સમો જ્યારે, બોલાવ્યા રઘુવીરને ત્યારે;
વાત સત્સંગસંબંધી કીધી, કેટલીક ભલામણ દીધી. ૨૦
પછી તો પદમાસન વાળી, બેઠા દૃષ્ટિયે નાસાગ્ર ભાળી;
આવ્યા વિમાનમાં ભગવન, દિવ્યદૃષ્ટિવાળા દેખે જન. ૨૧
આવ્યા અક્ષરમુક્ત અપાર, જપે સૌ મુખથી જેજેકાર;
મુનિએ તજ્યો ભૌતિક દેહ, દિવ્ય દેહ પામ્યા ભલો એહ. ૨૨
પછી બેસી વિમાન મોઝાર, અષ્ટાવરણ થકી ગયા પાર;
થયા અક્ષરધામનિવાસી, સદા જ્યાં વસે છે સુખરાશી. ૨૩
દેહોત્તર ક્રિયા તેહની જેમ, જથાજોગ્ય કરી ઘટે તેમ;
નિત્યાનંદ અને રઘુવીર, વરતાલ આવ્યા ધરી ધીર. ૨૪

ગોપાળાનંદ સદ્‌ગુરુ જેહ, બેય દેશના મધ્યસ્થ તેહ;
લૈને મંડળ તે ગયા ફરવા, સતસંગીને સાંત્વના કરવા. ૨૫
એમ વીતી ગયા કાંઈ માસ, રઘુવીર છે વરતાલે વાસ;
વરતાલના મંદિર કેરો, બંદોબસ્ત તો કીધો ઘણેરો. ૨૬
સોંપ્યો ત્યાંનો બધો કારભાર, અક્ષરાનંદને અધિકાર;
નિત્યાનંદજી લાગ્યા ઉચરવા, લક્ષ્મીવાડીમાં મંદિર કરવા. ૨૭
મારું મંડળ લૈ મેં જવાય, તો તે મંદિર ઝડપથી થાય;
આજ્ઞા એમ આચાર્યની માંગી, બોલ્યા આચાર્ય તે અનુરાગી. ૮
ભલે મંડળ લૈને સિધાવો, તહાં મંદિર તરત કરાવો;
પ્રતિષ્ઠા જોગ્ય તે થાય જ્યારે, લખજો અમને પત્ર ત્યારે. ૨૯
અમે તે સમે આવશું ત્યાંય, પાદુકા સ્થાપશું તેહમાંય;
નિત્યાનંદ રાજી થઈ ઉરમાં, જવા ચાલ્યા તે શ્રીગઢપુરમાં. ૩૦
લૈને પોતાના સાધુ પચાસ, વૃત્તપર થકી કિધો પ્રવાસ;
ગઢપુર જઈને જોયું જ્યારે, ઘડાતા હતા પથ્થર ત્યારે. ૩૧
પણ ઝડપથી કરવાને કામ, ઝાઝાં માણસ રાખ્યાં તે ઠામ;
ખાણ્યમાંથી પાષણ કઢાવ્યા, ગાડામાં ભરી બાગમાં લાવ્યા. ૩૨
શિલ્પકાર જેઠો જેનું નામ, તેને તેડાવિયો તેહ ઠામ;
તેણે મંદિર કરવાનું જેવું, ચિત્ર પત્રમાં ચિતર્યું તેવું. ૩૩
નિત્યાનંદદાદિને ગમ્યું એહ, કરવા માંડ્યું મંદિર તેહ;
ઘણા સંત કરે તહાં કામ, લેતા સ્વામિનારાયણ નામ. ૩૪
વર્ષ કાંઈક જ્યાં વીતી ગયું, પાદુકા સ્થાપવા જોગ થયું;
નિત્યાનંદે ને ઉત્તમરાયે, પુંજા શેઠે વિચારીયું ત્યાંયે. ૩૫
હવે આચાર્યજીને તેડાવો, પાદુકાની પ્રતિષ્ઠા કરાવો;
વિરક્તાનંદે પણ એમ કહ્યું, પ્રતિષ્ઠા જોગ્ય મંદિર થયું. ૩૬
પછી આચાર્યજીને તેડાવ્યા, રઘુવીરજી ગઢપુર આવ્યા;
કર્યો કુટુંબ સહિત નિવાસ, ગોપીનાથના ચરણની પાસ. ૩૭
જ્યાં જ્યાં તીર્થ પ્રસાદીનાં સ્થાન, નમે ત્યાં હરિનું ધરી ધ્યાન;
ગોપીનાથનાં દર્શન કરે, મહિમા મનમાં મોટો ધરે. ૩૮

સભા નિત્ય સજીને બિરાજે, આવે હરિજન દર્શન કાજે;
તહાં શાસ્ત્રી ભોળાનાથ આવે, તેની પાસે કથા તો વંચાવે. ૩૯
લક્ષ્મીબાગમાં નિત્ય પધારે, જુવે મંદિરનું કામ ત્યારે;
તેઓને રાજી કરવા તે ઠામ, જનો ઉત્સાહથી કરે કામ. ૪૦
પછી આચાર્યજીએ વિચાર્યું, કામ કરવા પ્રતિષ્ઠાનું ધાર્યું;
જોશી પાસે મુરત જોવરાવ્યું, માઘ માસમાં ઉત્તમ આવ્યું. ૪૧
પછી મંગળપત્રી લખાવી, ગામોગામ વિષે મોકલાવી;
દેશોદેશ થકી સંઘ આવ્યા, સૌને ઉતારા સારા અપાવ્યા. ૪૨
આવ્યા રામપ્રતાપજી આપ, પરિવાર સહિત નિષ્પાપ;
બેય દેશના સંત સમસ્ત, બેય દેશના આવ્યા ગૃહસ્થ. ૪૩
ગઢપુર માંહિ જન ન સમાયા, બાગ માંહિ ઉતરવાને જાય;
તહાં રાવટી તંબુ ને દેરા, શોભે ઉભા કરેલ ઘણેરા. ૪૪
યજ્ઞામંડપ રૂડો રચાવ્યો, કુંડ હોમને કાજે કરાવ્યો;
ઘણા વિપ્ર વરૂણીમાં વરિયા, મંત્રના જપ ને પાઠ કરિયા. ૪૫
ક્રિયા વેદવિધિ અનુસારે, રઘુવીરજીએ કરી ત્યારે;
નવા મંદિરમાં મુદ ધરી, પાદુકાની પ્રતિષ્ઠા તે કરી. ૪૬
આરતી જ્યારે એની ઉતારી, થયો એ સમે ઉત્સવ ભારી;
વાજાં વિવિધ પ્રકારનાં વાજે, એથી અવની ને આકાશ ગાજે. ૪૭
થાય બંદુક કેરા બહાર, ઉચરે જન જયજયકાર;
સૌએ મૂર્તિને મનમાં સંભારી, પ્રાર્થના પાદુકાની ઉચ્ચારી. ૪૮
સુખ પ્રગટનાં સાંભરી આવ્યાં, આંસુ આવ્યા તે તો અટકાવ્યાં;
શ્રીહરિના વિજોગનો ત્યાંય, અતિ વિરહ વધ્યો મનમાંય. ૪૯

**પુષ્પિતાગ્રા :**

પ્રભુ તવ મુરતી વિનોદકારી, પળ પણ તે વિસરે નહી વિસારી;
ચરણજુગલ સોળ ચિહ્ન જેહ, નજર સમીપ તરે અમારી તેહ. ૫૦
નખમણિતણી પંક્તિ પ્રાણનાથ, સજડ થઈ રહી છે જ નેત્ર સાથ;
પ્રભુ તવ જુગજાનું જાંઘ નાભી, બહુ જુગના તપને ફળે જ લાભી. ૫૧
ઉદર ત્રિવળી છાતી કંઠ હાથ, નવ વિસરે પળમાત્ર પ્રાણનાથ;
મુખ શશિસમ મિષ્ટ મિષ્ટ વેણ, નવ વિસરે વળી નેહવંત નેણ. ૫૨

તિલક સહિત જે વિશાળ ભાલ, શ્રવણ રુઢા વિસરે ન કોઈ કાળ;
કલગી સહિત સારી શીશ પાગ, વિરહ વધે સ્મરતાં ઉરે અથાગ. ૫૩
પ્રગટ મુરતિ સૌખ્ય શ્રેષ્ઠ દીધું, ચરિતથી ચિત્ત અમારું ચોરી લીધું;
પ્રગટ છબી નથી વિસારી જાતિ, છણછણ છેક બળે અમારી છાતી. ૫૪
તવ વિચરણ ભૂમિ ભાળી ભાળી, વિરહ વધે ન શકાય દુઃખ ટાળી;
વૃષસુત વળી બાગમાં બિરાજી, બહુ કરતા જનનેય રાજી રાજી. ૫૫
હરિવિણ વળી વેદિકા નિહાળી, વિરહ વધે રહિયે જ આંસુ ઢાળી;
હરિવર શિર હાથ થાપતાજી, વળી ફુલહાર પ્રસાદી આપતાજી. ૫૬
ચરણજુગલ છાતી માંહી દેતા, પ્રિય વચનો કરુણા કરી કહેતા;
કર્યું પિરસણ પંક્તિમાં ફરીને, રમુજ કરી મુખમાં કદી ધરીને. ૫૭
ઉનમત સરિતા વિષે નહાતા, કરી જળકેળી અનેક સૌખ્યદાતા;
ફરી કદિ સુખદાન એવું દેશો, નિજજનને જળકેળી માંહિ લેશો. ૫૮
હય ચડી ફરતા અમારી આગે, છબી નિરખી મન પૂર્ણ પ્રેમ જાગે;
હય ચડી ફરશો હવેથી ક્યારે, છબી નિરખાય પુરાય આશ ત્યારે. ૫૯
વળી હરિ કરતા વસંતખેલ, રસબસ રંગ થતા જ રંગરેલ;
ચરિત રુચિર તેહ સાંભરે છે, વિરહ વધે અતિ ચિત્ત ચર્ચરે છે. ૬૦
જનમનહર એવી એવી લીલા, નવ વિસરે રસરૂપ હે રસીલા;
અધિક અધિક સૌખ્ય સાંભરે છે, વિરહ વધે જળ નેણથી ઝરે છે. ૬૧
જળવીણ ન રહેજ મત્સ જેમ, તમ વીણ તર્ફડિયે અમેય તેમ;
તજી રણ વનમાં ગયા તમે તો, પ્રભુ ન ઘટે તમને કદાપિ તે તો. ૬૨
ભરદુખદરિયે તજી ગયા છો, અતિશય એમ કઠોર શું થયા છો;
પ્રભુ તવ સરવે દયા વખાણે, નિરદય કેમ થયાજ એહ ટાણે. ૬૩
છણછણ બળતી ન ફાટી છાતી, વિરહની આ નથી વેદના ખમાતી;
ધિરજ ધરી શકાય કેમ નાથ, હરિવર આવી હવે ગ્રહોજી હાથ. ૬૪
પ્રભુ અતિદુખ આ અમારું જોઈ, દરશન દ્યો દિલમાં દયાળુ હોઈ;
ઉચરી જન થયા અચેત જ્યારે, અચરજ એક થયું અતર્ક્ય ત્યારે. ૬૫

**ચોપાઈ :**

થયું આશ્ચર્ય ત્યાં એહ ટાણે, તે તો જોનાર સૌ જન જાણે;
કોટિ સૂર્ય શશાંક સમાન, તેજ પ્રગટ થયું તેહ સ્થાન. ૬૬
તેમાં મૂર્તિ મહાપ્રભુ કેરી, દીઠી સૌ જને સરસ ઘણેરી;
દીઠા અક્ષરમુક્ત અપાર, ઉચ્ચરે મુખ જયજયકાર. ૬૭
નમ્યા સર્વે જનો પ્રભુ પાય, બોલ્યા તે સમે ત્રિભુવનરાય;
તમે મુજને અદર્શ ન જાણો, ગોપીનાથ તે હું જ પ્રમાણો. ૬૮
તે વડે સુખ દઉં છુ ને દેશ, અરપો છો તે લૌં છું ને લૈશ;
માટે દુખ દિલમાં નવ ધરવું, રાજી રહીને ભજન મારું કરવું. ૬૯
એવા શબ્દ કરીને ઉચ્ચાર, થયા અંતરધાન તે વાર;
પછી બ્રાહ્મણ ભોજન કીધાં, દાન નાના પ્રકારનાં દીધાં. ૭૦
જમ્યા વિપ્ર હજારો હજાર, જમ્યા સંતમંડળ તેહવાર;
સમૈયો થયો તે ઘણો સારો, જનને મન મોદ દેનારો. ૭૧
સભા આચાર્ય આગળ થાય, ગવૈયા સંત કીર્તન ગાય;
સરોદ ને સતાર બજાવે, સ્વર નરઘાનો સાથે મેળાવે. ૭૨
સાત સ્વર ત્રણ મૂર્છના જેહ, લાવે તાલમાં ઉત્તમ તેહ;
હતા ત્યાં કવિ દલપતરામ, સભારંજન કીધી તે ઠામ. ૭૩

**આશીર્વાદ શિખરિણી :**

સભાના હે સ્વામી સહુ જન સભાના પણ સુણો,
સ્વનામે જે સંખ્યા વરન ગણી સાતે કરી ગણો;
શશી ઊમેરીને દશ ગુણિત રત્નેકરિ હરો, ૭૪
વધે તે સંખ્યાથી વરસ દશધા આયુષ ધરો.

**ચોપાઈ :**

આપ્યો એ રીતે આશીરવાદ, સભાને ઉપજ્યો બહુ સ્વાદ;
રઘુવીરજીએ હર્ષ લાવી, આપી શાલ ને પાઘ બંધાવી. ૭૫
જેઠો કડિયો આવ્યા તેહ ટાણે, રચ્યું મંદિર જેહ સુજાણે;
આપ્યો આચારજે સિરપાવ, લીધો તે કડિયે ભલો લાવ. ૭૬

પછી તેહ સભાની મોઝાર, ગોપાળાનંદજીએ તે વાર;
મહિમા તેહ સ્થાનક કેરો, સંભળાવ્યો તે સૌને ઘણેરો. ૭૭

**રથોદ્ધતા :**

એહ ભૂમિ મહિમા અપાર છે, તે ભવાબ્ધિજળ તારનાર છે;
પાપવાન જન આવીને અહીં, જો કરે જપ-તપાદિ તે કહી. ૭૮
અન્ય તીર્થ જપ કોટિધા કરે, એટલું જ અહિં એકથી સરે;
સંત વિપ્ર અહિંજે જમાડશે, તેહને પ્રભુ ઘણું પમાડશે. ૭૯
દીન જાણી જન દાન જે કરે, તેનું પુણ્ય અવિનાશી થૈ ઠરે;
આ સ્થળે સ્મરણ જો કરે નકી, છૂટી જાય જમજાતના થકી. ૮૦
અલ્પ વર્ષ હરિ ગોકુળે વશ્યા, તે પછીથી મથુરાપુરે ધશ્યા;
કેમ દુર્ગપુર તુલ્ય તે કહું, જ્યાં વશ્યા વિઠલ વર્ષ તો બહુ. ૮૧
તીર્થ સર્વે મહિ માંહિ જેટલાં, એક ત્રાજુ ધરિને જ તેટલાં;
એહ તીર્થ સહ કોઇ તોળશે, કોટિમાં સમ તે નહી થશે. ૮૨
શું પ્રયાગ મથુરા પ્રભાસ તે, કોણમાત્ર પુર દુર્ગપાસ તે;
કોણમાત્ર પુરુષોત્તમી[1] પુરી, સર્વથી અધિક ભૂમિ આ ખરી. ૮૩
કૃષ્ણ દેહ જળધી વિષે વહ્યો, તે તહાથી જઇને જહાં રહ્યો;
ત્યાં પુરી સુપુરુષોત્તમી થઇ, તેથી તેની કીર્તિ વધી ગઇ. ૮૪
કૃષ્ણ દુર્ગપુરમાં બહુ રહ્યા, તે અદર્શ પણ તે સ્થળે થયા;
જ્યાં પ્રસાદી થળ છે અતી ઘણાં, શાં વખાણ કરીયે જ તે તણાં. ૮૫
જ્યાં પ્રસિદ્ધ પ્રભુ ગોપીનાથ છે, જ્યાં સદૈવ શુચિ સંત સાથ છે;
જ્યાં સરીત ઉનમત્ત તો વહે, તેહ તુલ્ય પર તીર્થ કો કહે. ૮૬
એહઆદિ મહિમા ઉચારિયો, તેહ સર્વ જન ચિત્ત ધારિયો;
વેદવાણિ સમ વાણિ સંતની, જે હમેશ હિતકારિજંતની. ૮૭

**ચોપાઈ :**

વીત્યા દિવસ સમૈયાના જ્યારે, ગયા સૌ સહુને થળ ત્યારે;
સકુટુંબ શ્રીરામપ્રતાપ, અમદાવાદ તે ગયા આપ. ૮૮

૧. જગન્નાથપુરી

વરતાલ ગયા રઘુવીર, સહકુટુંબ મહામતી ધીર;
થોડાં વરસ વીતિ ગયાં જ્યારે, શેઠ ગિરધરભાઈએ ત્યારે. ૮૯
જેનો બોટાદ માંહિ નિવાસ, વડોદરિયાની શાખ પ્રકાશ;
તેણે મંદિર તે છોવરાવ્યું[1], ચાંદી જેવું રૂડું ચળકાવ્યું. ૯૦

**પુષ્પિતાગ્રા :**

હરિતનતણિ તો ક્રિયા કરી જ્યાં, કરિ શુભ મંદિર પાદુકા ધરી ત્યાં;
સ્મૃતિસમ શુભ તે કથા સુણાવી, સ્મરણ કરો સુચરિત્ર ચિત્ર લાવી. ૯૧

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે દશમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીહરિઊર્ધ્વદૈહિકક્રિયા-કરણસ્થાનમંદિરે પાદુકાપ્રતિષ્ઠાપનનામઅષ્ટમો વિશ્રામઃ ॥૮॥*

**પૂર્વછાયો :**

ભૂપ કહે અભેસિંહજી, અહો વર્ણી અચિંત્યાનંદ;
એક કથા મુજને કહો, પ્રેમે પુછું ધરી આનંદ. ૧

**ચોપાઈ :**

મહા ધર્મધુરંધર ધીર, આચારજજી જે શ્રીરઘુવીર;
તેણે વરતાલ ધામ મોઝાર, જ્ઞાનયજ્ઞ કર્યો એકવાર. ૨
સતસંગિજીવનની કથાય, જ્ઞાનયજ્ઞ સમાન ગણાય;
ઘણા ત્યાગી ઘણા હરિજન, રહ્યા સાંભળવા ધરી મન. ૩
મોટા ઉત્સવની તે કથાય, સંભળાવો મને મુનિરાય;
તે તો વાત સાંભળવા તણી, મારે અંતરે ઈચ્છા છે ઘણી. ૪
કહે વર્ણી સુણો હે રાજન, કથા તે તો છે પરમપાવન;
સંભળાવું તે સ્નેહ સહિત, સાંભળો કરીને એકચિત્ત. ૫
સંપ્રદાયની પુષ્ટિને કાજે, સ્થાપ્યા આચારજો મહારાજે;
તેમાં ધર્મધુરંધર ધીર, આચારજજી જે શ્રીરઘુવીર. ૬
તેણે સંતસંગ ખૂબ શોભાવ્યો, ખીલે બાગ તે રીતે ખિલાવ્યો;
કર્યા મંદિર મૂર્તીયો ધરી, રચ્યા ગ્રંથ ને ટીકાઓ કરી. ૭

૧. ચૂનો દેવરાવવો

સતસંગની શોભા વધારી, વાહવાહ કહે નરનારી;
બેય દેશમાં એહ પ્રમાણ, રઘુવીરનાં થાય વખાણ. ૮
સત્યવાદિપણું એવું ધરે, બોલ્યા વચન તે કદિયે ન ફરે;
પરધર્મિયો પણ એહ ટાણે, રઘુવીરને સર્વ વખાણે. ૯
સર્વ સંત તથા હરિજન, કરે સૌ શાંત મનથી ભજન;
સૌને આનંદ ઉરમાં વિશેષ, નહિ કલેશ દિસે લવલેશ. ૧૦
રામરાજ્યમાં જેમ પ્રજાય, શાંતિ પામે ને હરખે સદાય;
તેમ આચાર્ય રઘુવીર છતાં, સૌનાં મન શાંતિથી સુખી થતાં. ૧૧
આચરજપદને ઘટે જેમ, આચરણ તો કર્યાં એણે એમ;
લોકલાજ ઘણી ઉર ધરતા, અપજશથી અતિશય ડરતા. ૧૨
જાણતા જે જેનો જશ રહે, ધન્ય જન્મ તેનો જન કહે;
ધન્ય ધન્ય આચારજ એહ, જશ પામિયા અવિચળ જેહ. ૧૩
એક અવસરે શ્રી રઘુવીર, ઉઠ્યા પ્રાતસમે મહાધીર;
કર્યું ગોમતીમાં જઈ સ્નાન, કરી નિત્યક્રિયા તેહ સ્થાન. ૧૪
હરિમંડપમાં વિચરીને, બેઠા તે તહાં ધ્યાન ધરીને;
મૂર્તિ પ્રગટ પ્રભુજીની જેહ, દીઠી અંતરદષ્ટિયે એહ. ૧૫
અંગોઅંગ જુવે વારેવારે, સ્તુતિ સ્નેહ સહિત ઉચારે;
પ્રભુ પ્રેરણાથી એહ વાર, ઉપજ્યો ઉર માંહિ વિચાર. ૧૬
સંપ્રદાયની પુષ્ટિંને કાજ, સંપ્રદાય શોભાવાને આજ;
મને ગાદિ સોંપી મહારાજે, કર્યું મેં મુજને જેમ છાજે. ૧૭
હવે તો એક ઈચ્છા છે ઘણી, કથા સત્સંગિજીવન તણી;
કરાવું આંહી ચાતુર માસ, સુણે સૌ સંત ને હરિદાસ. ૧૮
એમાં માર્મિક અર્થ છે જેહ, સદ્ગુરુઓ જ સમજે છે તેહ;
એવા જ્યારે તજી દેહ જાશે, અર્થ માર્મિક કેમ જણાશે. ૧૯
ભટજી જે કથા સંભળાવે, મર્મ સદ્ગુરુઓ સમજાવે;
ત્યારે ગ્રંથ તણો અભિપ્રાય, જન સર્વને તે સમજાય. ૨૦
માટે સંત સરવને તેડાવું, હરિભક્ત બધાને બોલાવું;
રહે સૌ આંહી ચાતુરમાસ, કથા સાંભળે રાખી હુલ્લાસ. ૨૧

નિત્ય સંતોને આપું રસોઇ, કદી આપે બીજો ભલે કોઈ;
આવે જાચક દુરબળ જન, નિત્ય આપું એને પણ અન્ન. ૨૨
પુછું સદ્‌ગુરુનો અભિપ્રાય, પછી આદરું એહ ઉપાય;
નથી દેહ તણો નિરધાર, ધર્મકામમાં કરવી ન વાર. ૨૩
એવું ધારીને ધર્મનિવાસે, સદ્‌ગુરુઓને તેડાવ્યા પાસે;
અક્ષરાનંદ આદિક આવ્યા, રઘુવીરે વિચાર સુણાવ્યા. ૨૪
સુણી સદ્‌ગુરુને લાગ્યું સારું, કહ્યું એ તો ઉત્તમ કામ ધાર્યું;
દયારામ જોશીને બોલાવો, દિન આરંભનો જોવરાવો. ૨૫
જોશી સારા છે જ્યોતિષજાણ, વળી ભક્ત પુરા છે પ્રમાણ;
જોશી બોલાવ્યા ડભાણવાસી, કહ્યું મુહૂરત આપો તપાશી. ૨૬
બોલ્યા જોશી ધરી મન હર્ષ, અસાડાદિ આ વિક્રમ વર્ષ;
ઓગણીસેં ને બારમું ધારી, અષાઢી શુદિ ચોથ છે સારી. ૨૭
વળી માસ અધિક છે એહ, પુણ્ય કામમાં ઉત્તમ તેહ;
પુષ્પ નક્ષત્ર ચંદ્ર છે વાર, સર્વ કામે સિદ્ધિ આપનાર. ૨૮
કહે આચારજી તેહ વારે, કહો આરંભ કરવો તે ક્યારે;
કહે જોશી જે દેવિ શિવા છે, સારાં નરસાં ચોઘડિયાં કહ્યાં છે. ૨૯
વ્યતિપાત કે વૈધૃત હોય, કામ કરવું પડે કદિ તોય;
સારા ચોઘડિયામાં કરાય, શિવા કહે છે તેની સિદ્ધિ થાય. ૩૦
દિનમાનનો આઠમો ભાગ, એક ચોઘડિયા તણો લાગ;
પ્રભાતે હોય તે સાંજ ટાણે, ફરે છે કુંડળીને પ્રમાણે. ૩૧
પહેલે દિન ચોથું ગણાય, બીજે દિન તે પ્રભાતમાં થાય;
એક દોહરામાં કહું એહ, તમે સાંભળો આચાર્ય તેહ. ૩૨

**ચોઘડિયાં કમલ : દોહરો :**

રવિદિન પ્રથમ ઉદ્વેગ ચળ, લાભ અમૃત ને કાળ;
પછી શુભ રોગ ઉદ્વેગ પછિ, પ્રતિદિન ચોથું ભાળ. ૩૩




**ચોપાઈ :**

જોશીની સાંભળી વારતાય, આપી દક્ષિણા કીધા વિદાય;
પછી કુંકુમપત્ર લખાવ્યા, સર્વ ત્યાગી ગૃહસ્થ તેડાવ્યા. ૩૪
લખે હસનભાઈ કોઠારી, જેની બુદ્ધિ દિસે બહુ સારી;
ઘૃત સાકર આદિ મગાવે, પરગામથી માલ તે આવે. ૩૫
જેને આચારજે સોંપ્યું કામ, કહું છું હવે તેહનાં નામ;
અક્ષરાનંદ સદગુરુ જેહ, વર્ણી નારાયણાનંદ તેહ. ૩૬
ત્યાગિયોને ઉતારા તે આપે, કોઈ તેનું વચન ન ઉથાપે;
દિશા પશ્ચિમે મંદિર થકી, થયા ત્યાગીના ઊતારા નકી. ૩૭
રહેવાસી ડભોઈના જાણો, નામ કરુણાશંકર પ્રમાણો;
નડિયાદના દાનતરામ, કહું તેને સોંપ્યું જેહ કામ. ૩૮
સંઘ હરિજનના આવનારા, તેને આપતા તેહ ઉતારા;
દિશા પૂર્વની મંદિર થકી, ઠર્યા તેના ઉતારાં ત્યાં નકી. ૩૯
માધવાનંદ જે બ્રહ્મચારી, પાકશાળા તપાસે તે સારી;
સાધુની પાકશાળાને પાસ, રાખ્યા સાધુ નારાયણદાસ. ૪૦

શવચંદ ગોવર્ધનભાઈ, રાખ્યા તેને મોદીખાના માંઈ;
નાણાંનો મેળ રાખવા કાજે, હરિલાલ રાખ્યા મહારાજે. ૪૧
અગરાજી ને નાના નથૂજી, લાવે ઈંધણાં તે તો બહૂજી;
નથુભાઈ હકોભાઈ પાળા, ગોદડાં તે સંભાળવાવાળા. ૪૨
શાક ને ઈંધણાંની સંભાળ, રાખે તે પણ તેઓ તે કાળ;
છડિદાર નામે પ્રભુદાસ, બહુ સૌની કરે બરદાસ. ૪૩
અંબૈદાસ ને કેશવજન, વળી બેચર જગજીવન;
સાજા માંદાની રાખે સંભાળ, કષ્ટ પામે ન કોઈ તે કાળ. ૪૪
ક્ષત્રી બાવોજી ક્ષત્રી શવાજી, ચોકી પેરો તે તો રાખતાજી;
એવી રીતથી સોંપિયાં કામ, આવવા લાગ્યા સંઘ તમામ. ૪૫
સરિતાઓ સાગરમાં વહાવે, એમ વરતાલમાં સંઘ આવે;
હંસ માનસરોવરે ધાય, તેમ આવે પરમહંસ ત્યાંય. ૪૬
ઉતાર્યા જન ગામમાં જઈ, તેથી ત્યાં તો ઘણી ભીડ થઈ;
કોઈ બાગમાં જઈને ઉતરિયા, કોઇ તીરે તડાગતે ઠરિયા. ૪૭
સીમમાં પણ નવ મળે માગ, આવ્યા હરિજન એમ અથાગ;
પર્ણકુટિ કરી કોઈ રહ્યા, વનવાસી ખરેખરા થયા. ૪૮
સાંઝ કેરો સમો થયો જ્યારે, સભા આચારજે સજી ત્યારે;
બેસવું ઘટે જ્યાં જેને જેમ, બેઠા મંદિર પાછળ તેમ. ૪૯
આચારજ એમ ઉચ્ચર્યા વાણી, કહું સાંભળો સૌ સ્નેહ આણી;
કથા સત્સંગિજીવન તણી, સુણવાજોગ ઉત્તમ ઘણી. ૫૦
પ્રભાતે તેનો આરંભ થાશે, સવારે અને સાંઝે વંચાશે;
વળી શયન આરતિ સુધિ રાતે, ભટજી વાંચશે ભલી ભાતે. ૫૧
મૌન રહીને શ્રવણ તેનું કરજો, ગ્રામ્યવાત કશી ન ઉચરજો;
ગૃહસ્થો સરવે નરનારી, બ્રહ્મચર્ય રાખો વ્રતધારી. ૫૨
વળી ગોમતીયે ના'વા જાતાં, જવું આવવું કીર્તન ગાતાં;
સ્થાન તીર્થનાં છે આંહી ઘણાં, કરવાં દરશન તેહ તણાં. ૫૩
આવો અવસર દુર્લભ જાણો, જ્ઞાનયજ્ઞ આ પ્રૌઢ પ્રમાણો;
કથા સાંભળવી તપ કરવું, કથાહારદ હૈયામાં ધરવું. ૫૪

કાંઈયે વ્યવહારિક કામ, નવ સંભારવું એહ ઠામ;
જેને જોઈયે વસ્તુઓ જેવી, તે આ કોઠાર માંહીથી લેવી. ૫૫
છે આ કોઠાર સર્વે તમારો, વસ્તુ માગતાં શરમ ન ધારો;
એવી આચાર્યે વાણી ઉચ્ચારી, લીધી સર્વે જને દિલે ધારી. ૫૬
અતિ આનંદ ઉપજયો ઊર, સુણતાં સહુને ભરપૂર;
સભા સર્વે વિસર્જન થઈ, સુતા સૌ નિજ ઊતારે જઈ. ૫૭

**પુષ્પિતાગ્રા :**

વૃતપુરમહી જ્ઞાનયજ્ઞ થાય, સુણી જન તો બહુ આવિયા જ ત્યાંય;
વરણન કરવા સુ તેહ વાત, મુજ મન પ્રેમ ઉદે થયો આઘાત. ૫૮

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે દશમકલશે અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીવૃત્તાલયે આચાર્યવર્ય-શ્રીરઘીવીરજીકૃતજ્ઞાનયજ્ઞે સંઘાગમનનામનવમો વિશ્રામઃ ॥૯॥*

**પૂર્વછાયો :**

થયું પ્રભાત ચતુર્થિનું, કરી નિત્ય ક્રિયા નરનાર;
જેમ ઘટે પછી જેહને, તેમ બેઠાં સભા મોઝાર. ૧

**ચોપાઈ :**

દેવાલય થકી ઉત્તરમાંય, સંતની ધર્મશાળા છે જયાંય;
સભા ત્યાં સજી શ્રીરઘુવીરે, પશ્ચિમાભિમુખે બેસી ધીરે. ૨
પાટ ઉપર ગાદી બીછાવી, બેઠા આચાર્યજી તહાં આવી;
ભગુજી નામે ભક્ત સુતાર, લાવ્યા એક સિંહાસન સાર. ૩
ઘડિ રાખેલું તે શુભ ઘાટે, ભલા ભટજીને બેસવા માટે;
સભામાં મુક્યું પશ્ચિમ ભાગે, આચારજજિને સન્મુખ લાગે. ૪
ભક્ત જીવણે એ સમે આવી, રુડું રેશમી આસન લાવી;
આચારજના કહ્યા થકી ત્યાંય, પાથર્યું તે સિંહાસન માંય. ૫
વળી બાજોઠ રૂપાનો લાવી, સિંહાસન પર મુક્યો ઠરાવી;
ભટના શિષ્ય જે રાજારામ, વાસ જેનો સદા જોળ ગામ. ૬

તેણે સતસંગિજીવન તણું, મુક્યું પુસ્તક શોભિત ઘણું;
ભટજી આવિયા ભોળાનાથ, તેને બેસારિયા ઝાલી હાથ. ૭
નમસ્કાર કરી સૌને ત્યાંય, ભટ બેઠા સિંહાસન માંય;
આવ્યા ગોપાળજી ભાઈ જેહ, સુત કૃષ્ણપ્રસાદજી તેહ. ૮
પુત્ર તેના વિહારિજીલાલ, ત્રણ વર્ષના તે તેહ કાળ;
દ્વિજ પુર્વનો નામે પ્રતાપ, તે તો તેડીને લાવિયો આપ. ૯
વૃંદાવન આવિયા તેહ ઠામ, તેના પુત્ર બેનાં કહું નામ;
પ્રભુપ્રસાદ એક કહાવે, નારાયણપ્રસાદ સુહાવે. ૧૦
બદ્રિનાથ સાથે સુત જેહ, ભગવતપ્રસાદજી તેહ;
વળી આવ્યા સીતારામભાઈ, જેની સ્વધરમમાં સરસાઈ. ૧૧
ધર્મવંશી પુરુષ જેહ કહ્યા, આચારજની પાસે તેહ રહ્યા;
સાથે લાવ્યા પૂજાનો સામાન, પુષ્પ ચંદન ફોકળ[૧] પાન. ૧૨
ધૂપ દીપ અબીર ગુલાલ, મેવા મીઠાઈનો તેવો તાલ;
પંચપાત્ર ને લોટા ત્રભાણું, પાત્ર રૂપાનાં તે શું વખાણું. ૧૩
આચારથકી જમણે ભાગે, સંતમંડળ સૌ સારાં લાગે;
ડાબે ભાગે નૈષ્ઠિકવ્રતવાળા, બેઠા પાછળ ભાગે તો પાળા. ૧૪
ભટજીથકી પશ્ચિમમાંય, હરિભક્ત બેઠા સહુ ત્યાંય;
ત્યાંથી દક્ષિણાદિ જે હવેલી, તે વિષે બહુ બારિયો મેલી. ૧૫
કોઈ પુરુષ દેખે નહિ જેમ, બેઠી બાઈયો તે વિષે તેમ;
સુજ્ઞા આચાર્યપત્નિનું નામ, બેઠાં સ્ત્રીની સભામાં તે ઠામ. ૧૬
ફુલઝરી આચાર્યની ભગની, જેની પ્રભુપદમાં બહુ લગની;
તે તો બેય જણાં મળી ત્યારે, ઘટે તેમ સ્ત્રિયોને બેસારે. ૧૭
પત્ની ગોપાળજી તણી મેના, વખણાય સુલક્ષણ જેનાં;
લગ્નકુંવરી ગોવિંદકુંવરી, રામકુંવરી ત્રીજી સુતા ખરી. ૧૮
પત્ની કૃષ્ણપ્રસાદની કહું, ચતુરાસિ કહે તેને સહું;
વૃંદાવનપત્ની ઈંદિરાવાસી, સારી તે પણ સદ્‌ગુણરાશી. ૧૯
ફુલકુંવર ને હરકુંવર, પુત્રી બે હતી એ અવસર;
પ્રભુપ્રસાદની હરદેવી, પત્ની તે પણ પાવન એવી. ૨૦

૧. સોપારી

સીતારામપત્ની ઈંદિરાસી, સભામાં બેઠાં તેહ હુલાસી;
બદ્રિનાથની કમળા નારી, જાનકીબા સુતા પણ સારી. ૨૧
પત્ની ભગવતપ્રસાદ તણી, ચતુરાસિ ચતુર તે ઘણી;
રામબા સુખબા વાલબાઈ, બેઠી કુંવરબા આદી ડાહી. ૨૨
પછી પૂજન કરવાને કાજ, ઉઠ્યા આચાર્યજી મહારાજ;
પેહેલી પુસ્તકની પૂજા કરી, હેતે હેમ તણી મ્હોર ધરી. ૨૩
પછી ભટજીનું પૂજન કીધું, વસ્ત્ર ભૂષણનું દાન દીધું;
કરી આરતી પ્રીતથી ઘણી, ભટજીની ને પુસ્તક તણી. ૨૪
પૂજ્યા વર્ણી ને પૂજિયા સંત, બેઠા આસને સદ્ગુણવંત;
પછી ધર્મવંશી હતા જેહ, પૂજા કરવા લાગ્યા સહુ તેહ. ૨૫
સર્વે બેઠા થઈ સાવધાન, ધરિ શ્રીહરિનું ઉર ધ્યાન;
ભટે પ્રગટસ્વરૂપ સમરિયું, પછી મંગળાચરણ તે કરિયું. ૨૬
કથાનો પછી આરંભ કરિયો, જાણે રેલ્યો અમૃત તણો દરિયો;
થાય વૃષ્ટિ અમૃત તણી જેમ, કથાઅમૃત વરસે છે એમ. ૨૭
છિપ સ્વાતિ તણું બુંદ ઝડપે, સૌનાં મન સુણવા એમ અડપે;
ભાવ સૌને સાંભળવાનો કેવો, કહિયે પૃથુરાજાના જેવો. ૨૮
નૈમિષારણ્યમાં સુતવાણી, સુણતા ઋષિયો પ્રેમ આણી;
તે સભાથકી પણ એહ ટાણે, આ સભાને તો અમરો વખાણે. ૨૯
બદ્રિકાશ્રમના ઋૃષિયુક્ત, શ્વેતદ્વીપના નિરન્નમુક્ત;
મુક્ત અક્ષરધામના જેહ, કથા સાંભળે આવીને તેહ. ૩૦
બ્રહ્મા ભવ ઇન્દ્ર આદિક દેવ, આવ્યા તે પણ ત્યાં તતખેવ;
સભા જોઈને આશ્ચર્ય પામે, જાણે સ્થિર ઠરિયે એહ ઠામે. ૩૧
ક્યારે દેવ વિમાનમાં રહી, પુષ્પ ચંદન વરસાવે તહી;
જન જોઈને આશ્ચર્ય આણે, ક્યાંથિ વરશ્યા તે કોઈ ન જાણે. ૩૨
સમાધિનિષ્ઠ તો તેહ કાળે, દિવ્ય દૃષ્ટિથી સઘળું નિહાળે;
હરિજન્માદિ ઉચ્છવઅંગ, જયારે આવે કથાનો પ્રસંગ. ૩૩
લીળા પ્રગટ પ્રભુની વંચાય, ત્યારે શ્રોતાને રોમાંચ થાય;
વધે હર્ષ એવી સુણી વાણી, આવે આંખમાં પ્રેમનાં પાણી. ૩૪

સૌને સાંભળવા તણું તાન, ભૂલ્યા દેહ તણું પણ ભાન;
બીજો કોઈ આવે અને જાય, તેની ખબર નહી જ રખાય. ૩૫
કામ ક્રોધ કે નિદ્રા લગારે, ત્યાં તે આવી શકે નહિ ક્યારે;
શ્રોતા બેઠા હજારો હજાર, કોઈ બોલે ન શબ્દ લગાર. ૩૬
પરધર્મિ જો આવે એ ઠામે, જોઈ અંતરે આશ્ચર્ય પામે;
એક સાહેબ આવ્યો એ ઠાર, જોવા ઉભો રહ્યો ઘડીવાર. ૩૭
ચિત્ત સર્વનાં એકાગ્ર દિસે, જોઈ અચરજ પામ્યો અતીશે;
ચાલ્યો ત્યાંથી પાછો ફરી જ્યારે, પુછ્યું રસ્તામાં કોઈને ત્યારે. ૩૮
ક્યારે ઉઠે છે એહ સભાય, ક્યારે આચાર્યમેળાપ થાય;
કહ્યું મળશે આચારજ તેય, બાર ઊપર વાગતાં બેય. ૩૯
એવું સાંભળીને એ તો ગયો, કથા ઊઠવાનો સમો થયો;
કથામાં જે ઊંડો મર્મ આવ્યો, ગુણાતીતાનંદે સમઝાવ્યો. ૪૦
વળી આચાર્ય પણ સમઝાવે, મહિમા મોટો હરિનો બતાવે;
શ્રોતાનાં મન તૃપ્ત ન થાય, જાણે સુણિયે હજી જો વંચાય. ૪૧
ગયા સૌ ઉઠી ભોજન કરવા, લાગ્યા કોઈ રસોઈ આદરવા;
ગૃહસ્થો સિધું કોઠારે લેય, તેનું નાણું ગમે ત્યારે દેય. ૪૨
તેનું નામું તો ત્યાં ન લખાય, એવી આચાર્યની આજ્ઞાય;
આપે ત્યાગિયોને પ્રતિદિન, રઘુવીર રસોઈ નવીન. ૪૩
રત[1] કેરીની જ્યાંસુધી હતી, રસોઈ રસપોળિની થતી;
પછી બરફી સૂરત તણિ સારી, જલેબી ને સાટા સુખકારી. ૪૪
સૂત્રફેણી પેંડા પકવાન, પીરસે ભાતભાત મિષ્ટાન્ન;
કોઈ દિવસે હરિભક્ત કોઈ, આપે ત્યાગિયોને તે રસોઈ. ૪૫
ધર્મવંશિયોને પણ આપે, મનમાં જાણી પુણ્ય અમાપે;
કહું શ્રોતાઓનો તહાં ધર્મ, મનમાં સમજી લેજો મર્મ. ૪૬
કોઈ ધારણાપારણાં કરે, ચાંદરાયણ કોઈ આચરે;
જમે છે કોઈ એક જ વાર, કોઈ સાથવો કે ફળાહાર. ૪૭
અતિઉત્તમ તીરથ જોઈ, તપ તીવ્ર કરે જન કોઈ;
કોઈ વિપ્ર ગૃહસ્થ તો ત્યારે, કાયામાં પંચકેશ વધારે. ૪૮

૧. સીજન, ઋતુ

રહે કોઈ કરી પયપાન, કરે બે વાર ગોમતિ સ્નાન;
ગોમતીતટ ભીડ ન માય, જતાં આવતાં કીર્તન ગાય. ૪૯
તેનો શબ્દ રહે બધે ગાજી, થાય શ્રીજી સુણી બહુ રાજી;
જ્યાં પ્રસાદીનાં સ્થાન ગણાય, જનો દર્શન કરવા ત્યાં જાય. ૫૦
ગ્રામ્યવાત ન કોઈ ઉચ્ચરે, હરિલીળાની વાત જ કરે;
એવું જોઈને ભાસે એ ઠામ, જાણે આંહિ છે અક્ષરધામ. ૫૧
હવે સાહેબની કહું વાત, સુણો ભૂપ અભેસિંહ ભ્રાત;
વાગ્યા બાર ઉપર બેય જ્યારે, આવ્યો સાહેબ મળવાને ત્યારે. ૫૨
આચારજ પાસે ટોપી ઉતારી, કર્યું વદન લાયક ધારી;
વાતો કરતાં પુછી વાત એક, આંહિ આવ્યા છે લોક અનેક. ૫૩
નથી પોલિસકેરા સિપાઈ, તોય થાતી નથી જ લડાઈ;
બીજે જો આવો મેળો ભરાય, મારામારી તણા ગુના થાય. ૫૪
ઘણા પોલિસકેરા સિપાઈ, રાખવા પડે તે સ્થળમાંઈ;
આંહી લડતા નથી જન કોય, કહો કારણ જે તેનું હોય. ૫૫
બોલ્યા આચાર્યજી મહારાજ, મળ્યો છે આંહિ ભક્ત સમાજ;
ધન નારી અને અભિમાન, ત્રણ તે છે લડાઈનાં સ્થાન. ૫૬
સૈકડો આંહી સાધુઓ જે છે, ધન નારીથી દૂર રહે છે;
વળી છે તેહ વૈરાગ્યવાન, નથી રાખતા ઉર અભિમાન. ૫૭
મળ્યા છે આંહી જે હરિભક્ત, ત્યાગી જેવા તે થઈને વિરક્ત;
સુણે સદ્ગુરુનો ઉપદેશ, અભિમાન ધરે નહિ લેશ. ૫૮
કહો છો બીજા મેળાની વાત, ત્યાં તો થાય ઘણા ઉતપાત;
તેમાં જે પદ ગુરુનું ધરે છે, ધન માટે લડીને મરે છે. ૫૯

**ધર્મીજન લડે નહિ તે વિષે : ઉપજાતિ :**

ધર્મી મળી તીરથ માંહિ જાય, તેમાં લડાઈ કદિયે ન થાય;
સારા ગુરૂનો સુણી ઉપદેશ, માહાત્મ્ય ને સંપ વધે વિશેષ. ૬૦
જો ક્રોધિ લોભી વળી હોય કામી, તે તો લડે પાપપ્રવેશ પામી;
ક્રોધાંધ કામાંધ સમો ગણાય, લડાઈકર્તા નહિ તે લજાય. ૬૧
જેને નહી લોકની કાંઈ લાજ, જાણે નહી કાજ અને અકાજ;
જેમાં નહી ગંભિરતા જણાય, તેવા જનો માંહિ લડાઈ થાય. ૬૨

જે માન મોટું ધરિ બોલ ભાખે, હૈયા વિષે જે હઠિલાઈ રાખે;
નિંદા થકી લેશ નહી લજાય, અજ્ઞાની એવા જ લડે સદાય. ૬૩
ગુરૂ થઈને ઉપદેશ દે છે, સંસાર જૂઠો જનને કહે છે;
પોતે લડે તે જરમાટ જોય, માને ન તેનો ઉપદેશ કોય. ૬૪
લડાઈ તો બાળકને જ છાજે, રાજા લડે જો નિજ જાય રાજે;
સંસાર મિથ્યા જન જેહ જાણે, લડ્યાની ઈચ્છા ઉર કેમ આણે. ૬૫
જ્યાં દૈવનો કોપ ઘણો જણાય, સ્વધર્મમાં શ્રેષ્ઠ કુસંપ થાય;
લડે પછી તુચ્છ પદાર્થ માટે, ઘડે ઘણા તે અઘટીત ઘાટે. ૬૬
સત્સંગી સર્વે સ્વકુટુંબ જેવા સંપી વસે છે સુખથી જ એવા;
અન્યોન્ય માહાત્મ્ય અધિક જાણે, લડે નહી તે જન કોઈ ટાણે. ૬૭
છે વાસ આંહી પ્રભુનો વિશેષ, કુસંપનો થાય નહીં પ્રવેશ;
પોલીસનું કામ પડે ન આંહી, કશા નહી થાય ગુનાહ ક્યાંહી. ૬૮

**ચોપાઈ :**

સુણિ સાહેબ બોલિયા વાણી, ઘણો અંતરમાં ગુણ આણી;
ફર્યો છું હું ઘણે પુર ગામ, આવો ધર્મ નથી કોઈ ઠામ. ૬૯
જેવો સંપ સ્વજાતે અમારો, તેવો દીસે છે સંપ તમારો;
જ્યારે સંપ સમૂળગો જાશે, ત્યારે બેયમાં વિપરીત થાશે. ૭૦
એવી વાતો કરી એહ ઠામ, ગયો સાહેબ કરીને સલામ;
વળી સાંઝ સમે કથા થાય, દેવશયન સુધી તે વંચાય. ૭૧
સભામાં પ્રભુનાં દરશન, પામે કોઈ પુરા પ્રેમી જન;
કોઈ સ્વપ્નમાં શ્રીહરિ ભાળે, એવાં અચરજ થાય એ કાળે. ૭૨

**ઉપજાતિ :**

કથા પછી જ્યાં અવકાશ લે છે, સંતો જનોને ઉપદેશ દે છે;
સંસાર છે સાગરતુલ્ય ભાઈ, જીવો થયા મોહિત તેહમાંઈ. ૭૩
કામાદિ શત્રુ ભુલવી ભમાવે, અનેક વિઘ્નો અણજાણ આવે;
ન થાય તે વર્ણન એક અધ્યે[1], અપાર સંસારસમુદ્ર મધ્યે. ૭૪

૧. એક અધ્યાય

તૃષ્ણા તણાં બંધન છે અનેક, જીવ્યાની આશા અતિશ્રેષ્ઠ એક;
ત્યાગે તથાપિ તન તો અવધ્યે[1], અપાર સંસાર સમુદ્ર મધ્યે. ૭૫
ગુરૂ મળે મુક્ત મહાંત જ્યારે, છોડે મહાબંધન તેહ ત્યારે;
છૂટે નહી તે ગુરુ કોઈ બદ્ધે, અપાર સંસાર સમુદ્ર મધ્યે. ૭૬
મહાપ્રભુનો મહિમા મનાય, સંસાર મિથ્યા સઘળો જણાય;
ત્યારે જ તેનાં સહુ કામ સાધે, અપાર સંસાર સમુદ્ર મધ્યે. ૭૭
એવો વિશેષ ઉપદેશ આપે, જનો તણા સંશય સર્વ કાપે;
આવેલ જોવા જન જે ઘણાય, તેમાંથી ઝાઝા સતસંગી થાય. ૭૮

**ચોપાઈ :**

પછી આવી પ્રબોધિની જ્યારે, કથા કીધિ સમાપન ત્યારે;
ભટજી તણું પૂજન કીધું, દ્રવ્ય આદિ આચારજે દીધું. ૭૯
હરિભક્તોએ પણ તેહ ટાણે, દીધું દ્રવ્ય સ્વશક્તિ પ્રમાણે;
સૌએ આચાર્યપૂજન કીધું, દ્રવ્ય ભૂષણ આદિક દીધું. ૮૦
ગુરુપત્નીનું પૂજન પ્રીતે, નારિયોયે કર્યું રુડી રીતે;
બીજા વિપ્રોને દક્ષિણાદાન, આપ્યાં આચારજે એહ સ્થાન. ૮૧
સારો અશ્વ લાવ્યા શણગારી, ભટજીને તે અશ્વે બેસારી;
વાજતે ગાજતે રુડી રીતે, ઘેર પહોંચાડિયા પૂરી પ્રીતે. ૮૨
સર્વ ત્યાગી ગૃહસ્થ જે જન, બીજે દિન આપ્યું સૌને ભોજન;
જન સર્વ પુનમ સુધી રહ્યા, પછી સૌ સહુને ગામ ગયા. ૮૩
ત્યાગી આવેલા જ્યાંથકી જેહ, ગયા ફરવા તે દેશમાં તેહ;
બ્રહ્મચારી કહે રુડા રાય, થયો યજ્ઞ તે આ ધામમાંય. ૮૪
જ્યારે શ્રીજી થયા તિરોધાન, તે પછી તો આવો કોઈ સ્થાન;
જ્ઞાનયજ્ઞ થયો નથી ભાઈ, સંભારે છે જનો સુખદાઈ. ૮૫
રઘુવીરે ઘણો જશ લીધો, પાયો કીર્તિનો અવિચળ કીધો;
વાત તે યજ્ઞાની બહુવાર, થાય અક્ષરધામ મોઝાર. ૮૬
ધ્યાનમાં એવું દેખું છું હુંય, તે થકી તમને કહું છુંય;
સદા એવા આચારજ થાજો, જન સર્વમાં સારા ગણાજો. ૮૭

૧. આયુષ્ય પૂર્ણ થાય ત્યારે

સુખ ને શાંતિ સર્વને થાય, એવાં કામ તે કરજો સદાય;
જ્ઞાનયજ્ઞનું વર્ણન ભાવે, કોઈ સાંભળે કે જો સુણાવે. ૮૮
પ્રભુજી તેને થાય પ્રસન્ન, પૂરે ઇચ્છા જેવી હોય મન;
અહો રાય પુરો ધરિ પ્યાર, બોલો શ્રીજીનો જયજયકાર. ૮૯

**પુષ્પિતાગ્રા :**

રઘુવિર ગુરુ[1] જ્ઞાનયજ્ઞ કીધો, જશ જગ માંહિ અખંડ એહ લીધો;
સ્મૃતિ મુજ મનમાં સદા રહેજો, દરશન શ્રીહરિ તે સમેત દેજો. ૯૦

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે દશમકલશે*
*અચિંત્યાનંદવર્ણીન્દ્ર-અભયસિંહનૃપસંવાદે શ્રીવૃત્તાલયે*
*રઘુવીરાચાર્યકૃત જ્ઞાનયજ્ઞ-નિરૂપણનામ દશમો વિશ્રામઃ ॥૧૦॥*

**પૂર્વછાયો :**

વિમળ પુર વરતાલના, હરિમંડપમાં વસી વાસ;
ભાખે ભુમાનંદજી કથા, ભક્ત વાઘજીભાઈની પાસ. ૧

**ચોપાઈ :**

ભલા સાંભળો વાઘજીભાઈ, કથા શ્રીહરિની સુખદાઈ;
અચિંત્યાનંદ વર્ણિએ એહ, અભેસિંહજીને કહી તેહ. ૨
અભેસિંહે સુણિ તેહવાર, માન્યો વર્ણિ તણો ઉપકાર;
પ્રેમે વર્ણિનું પૂજન કીધું, વસ્ત્રઆદિક યોગ્ય તે દીધું. ૩
સંત બ્રાહ્મણ સર્વ જમાડ્યા, સારી રીતે સંતોષ પમાડ્યા;
દીધાં દ્વિજે નાનાવિધ દાન, સમજી દિન પર્વસમાન. ૪
દિન ચરિત્ર સમાપન કેરો, કર્યો ઉત્તમ એથિ ઘણેરો;
પુત્રજન્મ કે રાજ્યાભિષેક, એ થકી દિન ઉત્તમ એક. ૫
હોય ગ્રહણ કે મકરસંક્રાંત, કરે અવભૃથ સ્નાન યજ્ઞાંત;
દિન એથી ઉત્તમ પરમાણો, કથા શ્રવણસમાપન જાણો. ૬
કથા સાંભળીને પુણ્ય કરવું, શાસ્ત્રનું તે વચન મન ધરવું;
જે જે સાંભળ્યાં તીરથ સ્થાન, કર્યાં ત્યાં જઈ સ્નાન ને દાન. ૭

૧. મોટો

દેવ લક્ષ્મીનારાયણ કેરાં, કર્યાં દર્શન સરસ ઘણેરાં;
કથા મનન તે કરતા વિશેષ, અભેસિંહ સિધાવ્યા સ્વદેશ. ૮
કચ્છ સોરઠ ને ગુજરાતે, જ્યાં જ્યાં લીલા કરી જગતાતે;
અભેસિંહ તહાં તહાં જઇ, કરી જાત્રા મુદિત મન થઇ. ૯
જહાં જન્મ ધર્યો જગદીશે, તથા જ્યાં જ્યાં ફર્યા વન વિષે;
જૈને ત્યાં પણ જાત્રાએ કીધી, પ્રસાદીની જગા જોઇ લીધી. ૧૦
પછીથી ગયા પોતાને ઘેર, ભજે શ્રીહરિને રુડિપેર;
મહામુક્તોમાં મુખ્ય ગણાયા, ગુણ ગ્રંથમાં જેના લખાયા. ૧૧
રહેશે શશિ સૂર્ય આ ઠામ, રહેશે ત્યાં સુધિ એનું નામ;
થશે અક્ષરધામમાં વાસ, પ્રભુ શ્રીપુરુષોત્તમ પાસ. ૧૨

**પૂર્વછાયો :**

વાઘજીભાઇ વદે વળી, ભૂમાનંદ સુણો નિષ્કામ;
આચારજોએ તે પછી, કહો કિયાં કિયાં કર્યાં ધામ. ૧૩

**ચોપાઈ :**

વળી મૂર્તિયો ક્યાં પધરાવી, કહો તે મને આનંદ લાવી;
ભૂમાનંદ કહે સુણો ભ્રાત, સ્થાપિ મૂર્તિયો તે કહું વાત. ૧૪
વશ્યા જૈ હરિ અક્ષરવાસ, તેને વીતિ ગયા પાંચ માસ;
આવી કાર્તિકી તે જેહ કાળે, રઘુવીર આવ્યા વરતાલે. ૧૫
સમૈયો થયો તે બહુ સારો, આવ્યા હરિજન સંત હજારો;
સભા ત્યાં સજી સંત સમાજે, રઘુવીરજી તેમાં બિરાજે. ૧૬
જાણે શ્રીહરિ પ્રગટ પ્રમાણ, સંતમંડળમાં છે સુજાણ;
આવ્યા જન વટપુરના નિવાસી, અતિ અંતર માંહિ હુલાસી. ૧૭
તેમાં મુખ્ય તણાં કહું નામ, જેને પ્યારા છે પુરણકામ;
નારુપંત તે શ્રેષ્ઠ મનાય, જેમ માળામાં મેર ગણાય. ૧૮
રામચંદ્ર રુડા વૈદરાય, તેના ઔષધે ભવરોગ જાય;
હતા શાસ્ત્રી શોભારામ સારા, શાસ્ત્રમર્મ સકળ જાણનારા. ૧૯
મોટું ગાયકવાડનું માન, ગુજરાતમાં નહિ તે સમાન;
હરિશ્ચંદ્ર તથા લક્ષ્મીરામ, આવ્યા વૈદ ભલા તેહ ઠામ. ૨૦

કહું તે વૈદકવિદ્યામાં[૧] કેવા, જાણો અશ્વિનીકુમાર જેવા;
લક્ષ્મીરામના સુત ગુણવાન, બાપુનામ મહા બુદ્ધિમાન. ૨૧
કહું શાસ્ત્ર રુડા કૃષ્ણારામ, ધર્મવંત ને બુદ્ધિના ધામ;
પ્રેમીજન વળી આપા પુરાણી, જેણે ભક્તિ જથારથ જાણી. ૨૨
વૈશ્ય ભક્ત પ્રેમાનંદ બાપુ, ધ્રુવ પ્રહ્લાદની ઊપમાં આપું;
કાનદાસ વકિલ વખણાય, દયારામ તંબોળી ગણાય. ૨૩
ઈત્યાદિક પ્રભુ પ્રગટના દાસ, આવ્યા શ્રીરઘુવીરજિ પાસ;
જેમ સુર ગણ સહ સુરરાજ, આવે કૃષ્ણનાં દર્શન કાજ. ૨૪
પૂરા પ્રેમથી કીધા પ્રણામ, કરી પૂજન ઉચ્ચર્યા આમ;
નારુપંત કહે શિર નામી, સુણો સૌ સતસંગીના સ્વામી. ૨૫

**વસંતતિલકા :**

વંદૂં વિશેષ વૃષવંશ વિશે દિનેશ,
સત્સંગના અધિપતી સુમતી સુવેશ;
શ્રીભક્તિધર્મતનુજે નિજગાદી આપી,
જે આવશે શરણ તેહ થશે અપાપી. ૨૬
આપ પ્રતાપ થકી ઉદ્ધવ સંપ્રદાય,
વિસ્તારવંત કરી સાચવશો સદાય;
ગ્રંથો રચાવી મતપુષ્ટિ કરાવશોજી,
ને ઠામઠામ શુભ ધામ ઠરાવશો જી. ૨૭
આવ્યા અમે સહુ મળી શરણે તમારે,
ઈચ્છા વિશેષ ઉરમાં રહિ છે અમારે;
તે આપપાસ વિગતે કરિએ વિદિત,
તે સાંભળો હરિજનો તણું ધારિ હીત. ૨૮

**ચોપાઈ :**

આપ્યો શ્રીજીએ અમને જ્યારે, ગુટકો પંચરત્નનો ત્યારે;
મેં તો હરિજન સર્વને આપ્યો, એક સ્થાનકમાં તેને સ્થાપ્યો. ૨૯

---

૧. રોગ અને તેના ઔષધને પારખવાની વિદ્યા

વળી લક્ષ્મીનારાયણ કેરી, આપિ મૂર્તિઓ હરિએ ભલેરી;
કહ્યું જોગવાઇ આવે જ્યારે, સ્થાપજો ગુટકા પાસે ત્યારે. ૩૦
માટે મૂર્તિયો સ્થાપવા કાજ, ઈચ્છા ઊપજી છે મહારાજ;
સુણી બોલિયા શ્રીરઘુવીર, જોઈએ મૂર્તિજોગ મંદિર. ૩૧
વૈદ માધવરામના પુત્ર, રામચંદ્ર બેઠા હતા તત્ર;
નાતે માળવી શ્રીગોડ વિપ્ર, ખરું ખોટું તે સમજી લે ક્ષિપ્ર[1]. ૩૨
મૂર્તિ હરિએ આપી હતિ જ્યારે, હતા તે પણ હાજર ત્યારે;
તેની અંગના[2] અમૃત નામ, હતિ તે સતિ પણ તેહ ઠામ. ૩૩
બેય શ્રીહરિનાં કૃપાપાત્ર, ગણે સંસારને તૃણમાત્ર;
તેણે ચિત્તમાં કીધો વિચાર, મુર્તિ પધરાવશે જેહ વાર. ૩૪
હરિમંદિર કરવાને ત્યારે, આપવું ધન નિશ્ચે અમારે;
પ્રણમી રઘુવીરજી પાસ, કરી વાત તે સર્વ પ્રકાશ. ૩૫
હરિમંદિર કરવાને કાજ, અમે આપશું ધન મહારાજ;
પ્રતિષ્ઠા આપ આવીને કરશો, વળી તેમાં જે ધન વાપરશો. ૩૬
ધન એ સર્વ આપશું અમે, તેની ચિંતા ન રાખશો તમે;
એવાં સાંભળી સારાં વચન, સર્વે રાજી થયા હરિજન. ૩૭
વળી બોલિયા શ્રીરઘુવીર, કરાવો જઇ હરિમંદીર;
કરવા પ્રતિષ્ઠા તણું કાજ, અમે આવશું સહિત સમાજ. ૩૮
ગોપાળાનંદને વાણી કહી, હરિમંદિર કરાવજો રહી;
આજ્ઞા માથે ધરી મુનિરાજ, વટપુર વિચર્યા તેહ કાજ. ૩૯
હરિમંદિર તૈયાર કીધું, રામચંદ્ર વૈદે નાણું દીધું;
જોષી પાસે મુરત જોવરાવ્યું, એ તો મહાશુદિ પાંચમે આવ્યું. ૪૦
સારી સત્યાશિયા તણિ સાલ, તેડ્યા આચાર્યને તતકાળ;
સંતો સહિત આચાર્ય સિધાવ્યા, આસપાસના સત્સંગિ આવ્યા. ૪૧
સિયાજી નૃપ સદ્‌ગુણવાન, કર્યું આચાર્યનું સનમાન;
પ્રતિષ્ઠા કરી ત્યાં તેહ ટાણે, તે તો વેદવિધાન પ્રમાણે. ૪૨
સ્થાપ્યા લક્ષ્મીનારાયણદેવ, જમાડ્યા ભલા સંત ભુદેવ;
વૈદરાજે તે નાણું વાપરિયું, વળી ભેટ ભલું ધન કરિયું. ૪૩

૧. જલ્દી ૨. પત્નિ

ધન્યધન્ય તેનાં માતતાત, રહી વિશ્વમાં વાત વિખ્યાત;
હરિલીળામાં તે તો લખાશે, ગામોગામ કથા કહેવાશે. ૪૪

**સુમાર્ગે વ્યય કરવા વિષે : ઉપજાતિ :**

છે દ્રવ્ય ને દેહ વિનાશવંત, ધારે સ્વચિત્તે જન જે ધિમંત;
બીજે વર્યું તે જર વ્યર્થ જાય, એવું ગણે તો ધરમાર્થ થાય. ૪૫
સંસારની ઝાળ સદા બળે છે, તેમાં પછી તે પ્રજળી ટળે છે;
તેમાંથી કાઢી ધન પુણ્ય કીધું, તે લાયમાંથી[1] જ બચાવી લીધું. ૪૬
વરે ઘણું જે વ્યવહારમાંઈ, ફુલાય ને કષ્ટ ધરે ન કાંઈ;
ચડાવવું નેવનું નીર મોભે, લાગે જ એવું ધરમાર્થ લોભે. ૪૭
જનો ગણે છે જર જીવ સાટે, માથાં કપાવે બહુ દ્રવ્ય માટે;
જો થૈરુચી પુણ્ય કર્યાની જેને, તો હું કહું છું અતિધન્ય તેને. ૪૮
સંગ્રામમાં જૈ શિરને કપાવે, ચડી પહાડે તન ઝંપલાવે;
તે તો બધુંયે કરવું સહેલ, ધર્માર્થ દેવું ધન મૂશકેલ. ૪૯
દુઃખે કરી મેળવિયા જ દામ, જાણે પડે કોઈક કાળ કામ;
અંતે બધું એહ પડ્યું રહેશે, તે લુટનારા જન લૂટી લેશે. ૫૦
જે હોય દૈવી જન તેહ જાણે, પુણ્યે વર્યું તેજ ખરું પ્રમાણે;
પવિત્ર બુદ્ધિ પ્રગટીત થાય, પુણ્યાર્થ તેના કરથી કરાય. ૫૧
નાણું જ સંસારી જનોનું નૂર, નાણું જ તે જીવન છે જરૂર;
તે વાવરીને શુભ કામ કીધું, પોતાનું તે જીવતદાન દીધું. ૫૨

**માલિની :**

સતિ અમરતબાઇ ધન્ય તે તો ગણાઇ,
પતિ તણિ સુગુણાઇ સૌથી સારી જણાઇ;
હરિસદન સુકાજે આપિયું નાણું એણે.
પરમ પદનું ભાતું તે કરી લીધું તેણે. ૫૩

**ચોપાઇ :**

પ્રતિષ્ઠાનું કરી પુરું કામ, આવ્યા આચાર્ય વરતાલધામ;
સભા નિત્ય સજીને બિરાજે, જેમ પ્રગટ પ્રભૂ હોય આજે. ૫૪

૧. આગ, અગ્નિ

**પુષ્પિતાગ્રા :**

ગુરુ રઘુવિરજી કૃપા કરીને, વટપુરમાં સહ સંત વીચરીને;
જન સુખદ રમા હરિની જેહ, છબિ પધરાવી કથા સુણાવી તેહ. ૫૫

*ઈતિ શ્રીવિહારીલાલઆચાર્યવિરચિતે હરિલીલામૃતે દશમકલશે*
*ભૂમાનંદમુનીન્દ્ર-વાઘજીભાઈ સંવાદે વટપુરે*
*દેવપ્રતિષ્ઠાનિરૂપણનામૈકાદશો વિશ્રામઃ ॥૧૧॥*

**પૂર્વછાયો :**

આચારજોએ જે વળી, સ્થાપિ મુરતિયો સુખદાઇ;
તેહ કથા તમને કહું, ભલા સાંભળો વાઘજીભાઇ. ૧

**ચોપાઈ :**

દેવ વટપુરમાં પધરાવ્યા, રઘુવીરજી વરતાલ આવ્યા;
વીત્યા વાસર જ્યારે છ સાત, બની એવે સમે બીજી વાત. ૨
કહું તેની કથા સુખદાઇ, સ્નેહે સાંભળો વાઘજીભાઇ;
સર્વે ખંભાતના હરિજને, મળીને વિચાર્યું નિજ મને. ૩
રઘુવીરજીને લખ્યો પત્ર, સ્થાપવી છે જે મૂર્તિયો અત્ર;
આપેલી છે શ્રીજીમહારાજે, લૈને આવજો સ્થાપવા કાજે. ૪
હરિમંદિર કીધું તૈયાર, માટે કરશો નહી હવે વાર;
હતી સત્યાશિયા તણી સાલ, હરિભક્તે તેડાવ્યા તે કાળ. ૫
ત્યારે આચાર્ય શ્રીરઘુવીર, નિત્યાનંદમુની દઢ ધીર;
હરિભક્તની વિનતિ વિચારી, જવા ખંભાત કીધી તૈયારી. ૬
સાધુ પાળા સહિત સજ્જ થયા, લૈને મૂર્તિ તે ખંભાત ગયા;
હરિકૃષ્ણ છબી શ્યામરંગે, હતી તે લીધી સાથે ઉમંગે. ૭
જૈને મુહૂર્ત શુભ જોવરાવ્યું, તે તો ફાગણ શુદિ બીજે આવ્યું;
સ્થાપિ મૂર્તિ તે મંદિરમાંય, વિધિ વેદોક્ત તે કરી ત્યાંય. ૮
વળી નેવાશિયો આવ્યો જ્યારે, જેઠ શુકલ પાંચમ શુક્રવારે;
રઘુવીરજીએ તેની સાથે, રાધાકૃષ્ણ થાપ્યા નિજ હાથે. ૯
વળિ મૂળિમાં મંદિર જેહ, થયું તેનિ કથા કહું તેહ;
જ્યારે શ્રીજી સ્વધામ સિધાવ્યા, તેના કાર્ય ઉપર જન આવ્યા. ૧૦

જોશી ઘેલો મુળીના નિવાસી, આવ્યા ગઢપુર તે ગુણરાશી;
આજ્ઞા શ્રીજી તણી હતી જેહ, બ્રહ્માનંદે કહી તેને તેહ. ૧૧
મુળીયે મોટું મંદિર કરવું, એવું વચન છે તે ઉર ધરવું;
ત્યાંના રાજાને જૈ સમજાવો, ધામ કરવાને જગ્યા અપાવો. ૧૨
કહે જોશી તે આજ્ઞા ધરીશ, એ તો કામ જરૂર કરીશ;
પછી તે મુળીયે ગયા જ્યારે, મળ્યા રાજા ને રાણીને ત્યારે. ૧૩
પરમાર રામાભાઈ નામ, તેનું રાજ રુડું તેહ ઠામ;
બાઈબા ને રાજુબા બે રાણી, સતસંગમાં જે વખણાણી. ૧૪
રાજા પણ હરિભક્ત અનન્ય, જેનાં ભાગ્ય અહો ધન્યધન્ય;
ઘેલા જોશિયે વાત પ્રકાશી, તે તો ભૂપતિને ભલી ભાસી. ૧૫
સુણિ રાણિયોયે પણ ધાર્યું, આંહિ ધામ જો થાય તો સારું;
કહે જોશીને એમ ભૂપાળ, અમે આપશું જગ્યા વિશાળ. ૧૬
આંહિ શ્રીજી તણું ધામ થાય, ભલું ભાગ્ય અમારું ગણાય;
પછી આવી પ્રબોધિનિ જ્યારે, સમૈયો થયો શ્રીપુર ત્યારે. ૧૭
ઝાલાવાડના હરિજન આવ્યા, ઘેલો જોશી તે સાથે સિધાવ્યા;
ઝાલાવાડના જે હરિદાસ, બોલ્યા અવધપ્રસાદજી પાસ. ૧૮
ગામ મુખ્ય શિયાણી પ્રમાણ, તાવિ દેવળિયું ને મેથાણ;
કરિ આગ્રહ સર્વ ઉચ્ચારે, કરો મંદિર ગામ અમારે. ૧૯
સુણી બોલ્યા બ્રહ્માનંદસ્વામી, સહુ સાંભળો સંતોષ પામી;
એમ બોલ્યા છે શ્રીઘનશયામ, મૂળિયે કરવું મોટું ધામ. ૨૦
સુણિ બોલિયા અવધ્યપ્રસાદ, તે તો છે મુજને પણ યાદ;
હતા બોલ્યા સુંદરવર શ્યામ, મૂળિમાં કરવું મોટું ધામ. ૨૧
માટે આજ્ઞા પ્રમાણે જ કરવું, ધામ ઉત્તમ ત્યાં જ આદરવું;
હરિ આજ્ઞા ઉલંઘન થાય, સુખ એમાં નહી ઉપજાય. ૨૨
ઝાલાવાડ તણું મધ્ય તે છે, માટે ઉત્તમ પક્ષ તો એ છે;
ઘેલો જોશી બોલ્યા તતકાલ, ભૂમિ આપશે ભૂપ વિશાળ. ૨૩
મારી સાથે છે એવું કહાવ્યું, પછી સૌ મળી ત્યાં જ ઠરાવ્યું;
પછી બ્રહ્મમુની તહાં ગયા, રાજા રામાભાઈ રાજી થયા. ૨૪

જગ્યા જોઈએ તેટલી દીધી, વળી સારી સહાયતા કીધી;
કહ્યું જોઈએ તે માંગી લેજો, અમલાયક કામ કહેજો. ૨૫
બ્રહ્માનંદે પુછ્યું પછી ત્યાંય, સારા પથ્થર નીકળે ક્યાંય;
રામોભાઈ બોલ્યા તેહ ટાણે, મળે હલકા પથ્થર આ ઠેકાણે. ૨૬
જેને ઉત્તમ પથરાનું કામ, લાવે જૈ ધરાંગધરે ગામ;
બ્રહ્માનંદે અંતર માંહિ આણ્યું, નથી લાવિયો હું ઝાઝું નાણું. ૨૭
ધરાંગધરેથી પથરા લવાય, ખૂબ ખરચ નાણાં તણું થાય;
માટે મૂળિની સીમ મોઝાર, શોધિ કાઢવા પથ્થર સાર. ૨૮
સારો દિવસ તે સીમમાં ફરે, સારા પથ્થરની શોધ કરે;
દિન એમ વિત્યા દસબાર, પણ પથરા મળ્યા નહિ સાર. ૨૯
પથ્થરા કાચા વઢવાણ કેરા, મુળિમાં પણ એવા ઘણેરા;
મુનિ બ્રહ્મે વિચારીયું એમ, કૃષ્ણઆજ્ઞા પળાશે આ કેમ. ૩૦
પાકા પથ્થર ક્યાંથી લવાશે, મોટું મંદિર શી રીતે થાશે;
સ્તુતિ કર જોડી કૃષ્ણની કરે, આંખ્યોમાંથી આંસુ બહુ ઝરે. ૩૧
એમ દિવસ પંદર વહિ ગયા, પણ શ્યામ સહાય ન થયા;
રાતે સુતા પથારી બિછાવી, પણ નેણમાં નિદ્રા ન આવી. ૩૨
સ્તુતિ કરવા લાગ્યા કર જોડી, હરિ મેં હવે હિંમત છોડી;
કરશો જો સહાયતા શ્યામ, થાશે મોટા મંદિર તણું કામ. ૩૩

**રાગબિહાગ : પદ-૧**

સહાયતા ઘનશયામ, સદ્ય કરો સહાયતા ઘનશયામ;
કૃપાનિધિ તમે કરવા કહ્યું છે, મુળિ વિષે મોટું ધામ...સદ્ય૦ ૩૪
એકે ઉપાય સુજે નહિ અમને, કેમ થશે એહ કામ;
પાકા પથ્થરે પ્રભુ આ સ્થળે ન મળે, ગોતિ વળ્યો બધું ગામ...સદ્ય૦ ૩૫
ભક્તવત્સલ કૃપાસાગર કહિયે, નાથ તમારું નામ;
કૃપા તજી અતિકઠોર થાવું, આપને ન ઘટે આમ...સદ્ય૦ ૩૬
હૃદય તો વળી રાખ થયું છે, ચરચર દાઝે ચામ;
દિવસ તો જેમ દુઃખથી વીત્યા, જામનીના[1] જશે જામ[2]...સદ્ય૦ ૩૭

૧. રાત્રી ૨.. પહોર=ત્રણ કલાક

અમારે તો પ્રભુ એક જ છો તમે, મન ઠરવાનું ઠામ;
તે તો તમે તિરોધાન થયા વળી, દાઝ્યા ઉપર ઘો છો ડામ...સદ્ય૦ ૩૮
તમ અરથે અમે સંસાર તજિયો, તજ્યાં છે સુખ તો તમામ;
તે તમે અમને તજી ગયા છો, હે પ્રભુ પૂરણકામ...સદ્ય૦ ૩૯
વચન થકી અમે વનમાં વશિને, સહન કર્યાં શીત ધામ;
તે તપનું ફળ તો ત્રિકમા અમે, પામિયા આ પરિણામ...સદ્ય૦ ૪૦
આ અવસર હવે આપ પધારો, કહિયે કરીને પ્રણામ;
વિશ્વવિહારી છો વિશ્વંભર વાલમ જનવિશ્રામ...સદ્ય૦ ૪૧

પદ-૨

પ્રકટ પ્રાણઆધાર, આવો પ્રભુ પ્રગટ પ્રાણઆધાર;
હે ઘનશ્યામ હવે તો ઘણી થઈ, વાલાજી કરોને વિચાર...આવો૦ ૪૨
પ્રથમ સુખ સંપૂરણ આપ્યાં, ગણતાં ન પામિયે પાર;
હવે હળાહળ પાઓ છો પ્રીતમ, અમૃત દઈને આહાર...આવો૦ ૪૩
સંકટમાં તમે સહાયતા પણ, કીધી અનેક પ્રકાર;
આ અવશરે કેમ અળગા રહ્યા છો, ભૂધર ગુણભંડાર...આવો૦ ૪૪
જો નહિ આવો તો હવે નહિ રહે, લોકમાં લાજ લગાર;
પ્રભુ નહી પણ પૂરા પાખંડી, કુસંગિ જન કહેનાર...આવો૦ ૪૫
મંદિર જો નહિ થાય મુળિમાં, હસશે લોક હજાર;
માણસમાં પછી ઉંચે મુખે અમે, એકે ન થાય ઉચ્ચાર...આવો૦ ૪૬
કૃપાનિધિ નથી સહાય કરતા, મહાસંકટ મોઝાર;
કૃષ્ણ હરિ તમે કેમ ઉતારશો, પાપીને ભવજળપાર...આવો૦ ૪૭
આપ વિના ત્રિભુવનમાં અમારે, અન્યનો નથી આધાર;
ભાર બીજા કોઈ દેવદેવીનો, ભાસે નહી તલભાર...આવો૦ ૪૮
ભાવસહિત તમને જ ભજે નહિ, જે ગુણહીણ ગમાર;
વિશ્વવિહારીલાલ વિસારીને, કરે પામરપર પ્યાર...આવો૦ ૪૯

**પુષ્પિતાગ્રા :**

વિનતિ ઉચ્ચરતાં જ વીતિ રાતે, દરશન તોય દિધાં ન ભક્તિજાતે;
મુનિવર મુનિબ્રહ્મ પ્રેમ આણી, વળિ વિનતી કરિ ખૂબ રાગ તાણી. ૫૦

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે દશમકલશે ભૂમાનંદમુનીન્દ્ર-વાઘજીભાઈસંવાદે મૂળિગ્રામે મંદિરારંભનામદ્વાદશો વિશ્રામઃ ॥૧૨॥*

**પૂર્વછાયો :**

પ્રગટ ચિહ્ન પ્રભાતનાં, થવા લાગ્યાં તેહ કાળ;
જ્યોત દિવાની ઝાંખી પડી, પડી ઝાંખી તે નક્ષત્રમાળ. ૧

**ચોપાઈ :**

એવી રીતથી વિનતી ઉચરતાં, રાગરાગનાં કીર્તન કરતાં;
વેગે વીતિ ગઈ બધી રાત, પછી તો થવા લાગ્યું પ્રભાત. ૨
લાગ્યા કુર્કટ બહુ ધ્વનિ કરવા, ભક્તો લાગ્યા પ્રભાતિ ઉચરવા;
આસપાસ વલોણાં તે વાગ્યાં, જતાં જામનિ માણસો જાગ્યાં. ૩
મુનિ બ્રહ્મ તો મનમાં મુંઝાય, કેમ કૃષ્ણે ન કીધિ સહાય;
વળી વિનવી હરિને રિઝાવા, લાગ્યા રાગ પ્રભાતિ તે ગાવા. ૪

**રાગ પ્રભાતી : પદ-૧**

આવો રે આવે અવસરે સંતના ઈશ, વાલમ વહેલા આવો રે....ટેક.
જ્યારે જ્યારે નિજજનને પડે છે, સંકટ શ્રીમહારાજ;
ત્યારે તમે તતકાળ આવો છો, કષ્ટનિવારણ કાજ..વાલમ૦ ૫
સાગરમાં સતસંગિનું જ્યારે, બૂડવા લાગ્યું વહાણ;
અહો પ્રભુ તમે જઈને ઉગાર્યો, તે પ્રેમી જનનો પ્રાણ..વાલમ૦ ૬
ત્યાગી વેરાગી ને તપશિયો રુઠ્યા, ગોપાળદાસને શીશ;
એ અવસર તમે એને ઉગાર્યો, જાણી સ્વજન જગદીશ..વાલમ૦ ૭
અસુર જને અવતાર ધરીને, સંતોને દીધાં દુખ;
કૃષ્ણ હરિ તમે રક્ષણ કીધું, સર્વથા દીધું સુખ..વાલમ૦ ૮

ભક્તિધરમનો પણ ભય ટાળ્યો, વારેવારે બહુ વાર;
આ અવસર કેમ આળસ અંગે, ધારિ છે ધર્મકુમાર..વાલમ૰ ૯
શાપ જ્યારે દુરવાસાયે દીધો, વિકળ થયા મુનિવૃંદ;
એ અવસર તમે ધીરજ આપી, સર્વને હે સુખકંદ..વાલમ૰ ૧૦
ભક્તજનો જ્યારે ભૂલા પડ્યા અને, ઉપજ્યા ચિત ઉચાટ;
તે અવસર તમે જઈને બતાવી, વસ્તીમાં જાવાની વાટ..વાલમ૰ ૧૧
કામ એવા એવાં કોટિક કીધાં, ગણતાં ગણી ન શકાય;
લ્યો સુધ મારી લાલવિહારી, દિલમાં ધરીને દયાય..વાલમ૰ ૧૨

**પદ-૨**

જાણો રે મારું સંકટ શ્રીજગદીશ, શ્રીજી સંકટ જાણો રે....ટેક.
વાત બધી આ વ્યર્થ જશે તો, થાશે અધિક ઉપહાસ;
સત્સંગી સર્વ ઉદાસ થશે બહુ, નિશ્ચય થઈને નિરાશ..શ્રીજી૰ ૧૩
મૂળિ વિષે મોટું મંદિર કરવું, આજ્ઞા કરી છે આપ;
તુટશે તે આજ્ઞા જો તમારી, પ્રૌઢ ગણું છું પાપ..શ્રીજી૰ ૧૪
મંદિરલાયક પથ્થર ન મળે, એકે સ્થળે આ ઠામ;
દૂરથી લાવતાં દુઃખ ઘણું પડે, દેવાને ન મળે દામ..શ્રીજી૰ ૧૫
નહિ હોય તોય નવા ઉપજાવો, પાષણ હે પરમેશ;
કોટિ બ્રહ્માંડ કરો એક પળમાં, એવા છો આપ અજેશ..શ્રીજી૰ ૧૬
દુષ્ટે દીધું ઝેર મુક્તમુનીને, તમે ઉગાર્યા તે ઠામ;
તો તમે કેમ નહીં કરો મારી, સહાયતા ઘનશ્યામ..શ્રીજી૰ ૧૭
પર્વત નવલખે નવ લાખ રુપે, સૌ જોગીને મળ્યા સાથ;
તો એકરૂપે મને કેમ ન મળો, ન ગણ્યો જોગી મને નાથ..શ્રીજી૰ ૧૮
મૂળિમાં નહિ થાય મોટું મંદિર તો, જનમાં હું નહિ વસું વાસ;
વાસ વશીસ વીશાળા વિષે જઈ, બદરીપતિની પાસ..શ્રીજી૰ ૧૯
દુઃખી કોઈને દેખી શકો નહી, એવા છો દેવ દયાળ;
કેમ આ અવસરે કરતા નથી દયા વિશ્વવિહારીલાલ..શ્રીજી૰ ૨૦

પદ-૩

ભાગો રે મારી ચિંતા તમે ભગવાન, ભૂધર ચિંતા ભાગો રે....ટેક.
ધ્યાન ધરી ધરી વિનતિ કરી કરી, પ્રણમું ફરી ફરિ પાય;
આવિ વેળાયે ઉતાવળા આવિને, શ્યામ કરોને સહાય..ભૂધર૦ ૨૧
ખારું હતું તે કર્યું જળ મીઠું, નિષ્કુળાનંદને કાજ;
કાચા પત્થર કેમ પાકા થશે નહિ, તો તમથી મહારાજ..ભૂધર૦ ૨૨
મચ્છ કચ્છાદિક રૂપે મહાપ્રભુ, ભક્તોનાં ભાગ્યાં દુઃખ;
આજ સુધી અમને પણ આપ્યાં, સર્વ પ્રકારે સુખ..ભૂધર૦ ૨૩
હસીહસી મુખમાં લાડુ મૂક્યા, શિરપર સિંચ્યાં દૂધ;
લાડ લડાવિયાં લાખ પ્રકારે, સ્વામિ ભૂલ્યા હવે સૂધ..ભૂધર૦ ૨૪
ખળખળીયામાં ખેંચીને લેતા, અમને તમે અલબેલ;
ઉન્મત્તગંગા વિષે અમ સંગે, ખાંતથી કરતા ખેલ..ભૂધર૦ ૨૫
સંતની સાથે વસંત ઋતુમાં, રંગ ઉડાડતા રાજ;
લક્ષધા લાવ અલૌકિક લેતાં, સૌ મળી સંતસમાજ..ભૂધર૦ ૨૬
સંત સહુ મને પ્રાણથી પ્યારા, આપ ઉચ્ચરતા એમ;
આ અવસર નથી આવીને કરતા, કષ્ટ નિવારણ કેમ..ભૂધર૦ ૨૭
ચાખડિયે ચડી ચટકતા આવો, કર ધરી રુડો રુમાલ;
ઉત્તમ અમને ઉપાય બતાવો, વિશ્વવિહારિલાલ..ભૂધર૦ ૨૮

પદ-૪

દેજો રે હવે દર્શન દેવના દેવ, અમને દર્શન દેજો રે...ટેક.
વીનવતાં બધી રાત વિતી ગઈ, નાંખ્યા બહુ નિઃશ્વાસ;
કૃષ્ણહરિ મને શિદ કકળાવો, આવો હવે અવિનાશ..અમને૦ ૨૯
માગ્યા વિના પણ મનની ઈચ્છાઓ, પૂરતા પૂરણકામ;
ક્યાં ગયું એવું કૃપાળુ પણું, હવે નિર્દય ધાર્યું નામ..અમને૦ ૩૦
વારણ[૧] દુઃખનિવારણ કીધું, ગ્રાહે[૨] ગ્રહ્યો જે વાર;
અર્ધું જ નામ ઉચ્ચાર કર્યું ત્યાં, તર્ત થયા તૈયાર..અમને૦ ૩૧

૧. હાથી ૨. મગર

ભરી સભામાં દ્રુપદીની પણ, તરત જ રાખી લાજ;
વાલમ કેમ વિલંબ કરો છો, આવતાં વારે આજ..અમને૰ ૩૨
અજ હરિ હર ઉત્પત્તિ સ્થિતિ લય, જે જે કરે છે કામ;
તે સહુને છે તમારી સહાયતા, તેથી જ થાય તમામ..અમને૰ ૩૩
વરતાલનું ને જૂનાગઢનું કર્યું, મંદિર મેં મહારાજ;
એ પણ આપની એક સહાયથી, તે વિના થાય ન કાજ..અમને૰ ૩૪
મૂળિનું મંદિર પણ બહુ મોટું, કરવા મને કહ્યું નાથ;
પણ જસ પામવો તે વિષે તે તો, હે હરિ આપને હાથ..અમને૰ ૩૫
કોઈ સમે બહુ પ્રીતિ દેખાડો, કોઈ સમે નહિ પ્રીત;
વિશ્વવિહારી કૌતકકારી, ન્યારી તમારી રીત..અમને૰ ૩૬

**રાગ કેદારો : પદ-૧**

ધર્મના નંદ ધીરજ ધરું ક્યાં લગી, શ્યામલા કેમ નથી સાર લેતા;
રગરી કરગરી કોટિ વિનતી કરી, તોય દરશન નથી કેમ દેતા.ધર્મ૰..ટેક.
કૈકને સ્મરણ કરતાં જ દરશન દિયો, કૈકના ઉર તણી આશ પૂરો;
કૈકને પ્રગટ પરચા પુરો આપ તો, કેમ સંકલ્પ મુજ રે અધુરો.ધર્મ૰ ૩૭
ખારું જળ મિષ્ટ કરનાર હરિ છો તમે, છો તમે રંકને રાય કર્તા;
છો તમે સર્વ સંકષ્ટ હરનાર તો, કેમ નથી કષ્ટ મુજ કાન ધર્તા.ધર્મ૰ ૩૮
મહીનદી માંહિ રઘુવીરજીને તમે, બુડતાં બાંહિ ગ્રહિ બાર લીધા;
તુર્ત જૈ તારીયા શોક નીવારીયા, દાસને એમ આનંદ દીધા.ધર્મ૰ ૩૯
ભક્ત નાજા શિરે કષ્ટ ભારે થયું, તે તમે ત્યાં જઈ તુર્ત ટાળ્યું;
નિરખીને નાજો નિજનાથ નિધડક થયો, એમ બહુનામિ નિજ બિરુદ પાળ્યું.ધર્મ૰ ૪૦
જેમ જોબન પગીને જણાયા તમે, જૈ ઘનશ્યામ ઝટ ઘોડેઘોડે;
તેમ અહિયાં તમે કેમ નથી આવતા, ભાવ અભાવ શો મારિ જોડે.ધર્મ૰ ૪૧
આવિયું કષ્ટ જિવરામને જે સમે, નાવથી નાખિયો સિંધુનીરે;
ત્યાં નહિ નાથ વીલંબ મુદલ કર્યો, એ સમે આપ આવ્યા અચીરે.ધર્મ૰ ૪૨
આજ અગણીત જનને જ ઉદ્ધારિયા, આજ બહુ કાજ કરિયાં અલોકી;
આજ મહારાજ મુજ કાજ કરતા નથી, આજ રહ્યું આપને કોણ રોકી.ધર્મ૰ ૪૩
શ્યામ ધીરજ હવે ચિત્તમાં નૈ રહે, જો નહી આ સમે આવો હાલ;
દાસ વિશ્વાસ પછી કોણ કરશે પ્રભુ, વિશ્વમાં વિશ્વવિહારિલાલ.ધર્મ૰ ૪૪

પદ-૨

દેવના દેવ દરશન તમે નૈ દીયો, તો પ્રભુ કેમ ચિત્ત શાંન્તિ થાશે;
આજ અકળાઈ અલબેલ અંતર થકી, હિંમત હૈયા તણી સર્વ જાશે..દેવ૦
જે મુનિ બ્રહ્મ હું ભક્ત ખાચર સુરો, બે સખા આપના નિત્ય પાસે;
મુખ્ય માન્યા તમે દાસ પોતા તણા, મુખ્ય તે માંનિયા સર્વ દાસે..દેવ૦ ૪૫
હાસ્ય રસથી તમે ખુબ ખુશી કરી, દાસને ખાસ આનંદ આપ્યો;
એ સમો આજ કહો ક્યાં ગયો શ્રીહરિ, જેમને શોક સંપૂર્ણ વ્યાપ્યો..દેવ૦ ૪૬
દુર્ગપુરમાં મને રાજ રાજી થઈ, શીઘ્ર પદ શ્યામ કરવા કહેતા;
આ સમે આવીને તેમ શ્રીજી તમે, શીઘ્ર નથી કેમ સંભાળ લેતા..દેવ૦ ૪૭
હેત ને હરખમાં ખૂબ આનંદ દૈ, આજ મુંઝવણ અતિ આપી પાકી;
શોકસાગર વિષે માવ નાખ્યો મને, બોલવાનું નથી કાંઈ બાકી..દેવ૦ ૪૮
દૂરથી દેખતા દેવ મુજને તમે, ત્યાં અતિ ઊર આનંદ થાતો;
સ્નેહ એ આજ કહોને પ્રભુ ક્યાં ગયો, ક્યાં ગયો સ્નેહનો સર્વ નાતો..દેવ૦ ૪૯
દાસને પાસ રહી રાસ લેતા તમે, તે સમે મુખ્ય મુજને જ કીધો;
શ્રીહરિ તે તમે છેક ભુલી ગયા, આ સમે કેમ વીસારિ દીધો..દેવ૦ ૫૦
આપ ઊદાસમાં હો અતી સમે, તે સમે આપને હું હસાવું;
આજ ઊદાસ અતિશે થયો હું હરિ, કષ્ટ તે દૂર શાથી ખસાવું..દેવ૦ ૫૧
જો કૃપાળુ કૃપા આપને આવશે, તોજ આ કષ્ટ તે દૂર થાશે;
વિશ્વવિહારિ આ વિશ્વમાં આપના, શ્રેષ્ઠ નિર્મળ ગુણો સર્વ ગાશે..દેવ૦ ૫૨

પદ-૩

આજ અક્ષરપતિ આવશો આપ તો, રૈ જશે વિશ્વવિખ્યાત વાતું;
અન્ય ઉપાયથી એહ અલબેલડા, તમ વિના કષ્ટ નથી દૂર થાતું..આજ૦..ટેક.
ક્લેશ કોઈ સમે આવતો અંતરે, આપના સ્મરણથી તે તજાતો;
આ સમે આપના સ્મરણથી શ્રીહરિ, કલેશ આ કેમ નથી દૂર જાતો..આજ૦ ૫૩
વૃત્તપુર માંહિ શુભ મેં જ મંદિર કર્યું, મેંજ મંદિર કર્યું જૈ જૂનાણે;
શ્રીહરિ એહ સહાયતા આપની, જગતનાં લોક એ સર્વ જાણે..આજ૦ ૫૪
વૃત્તપુર માંહિ પ્રભુ આપ આગળ હતા, આગળે આપ જીર્ણદુર્ગ માંહી;
એમ આ સમયમાં દેવ દરશન દીયો, આગળે આવીને સદ્ય આંહી..આજ૦ ૫૫

આપને કાજ મેં ભેખ લીધો ભલો, રમુજ કરિ ખૂબ તમને રિઝાવા;
રાજિપો તો પ્રભુ ક્યાં રમવા ગયો, થૈ ગયા કેમ અતિકઠણ આવા..આજ૦ ૫૬
છે દયાસિંધુ જે નામ શુભ આપનું, તે દયા આ સમે ક્યાં વળાવી;
નાથ નિધડક થયા છેક નિર્દય તમે, એ દયા, આજ કેને ભળાવી..આજ૦ ૫૭
પ્રાણજીવન તમે પૂર્ણ પ્રસન્ન થૈ, આજ અરજી સુણો ચિત્ત ધારી;
દાસને ઘોર સંકટ થકી આ સમે, વાર કરિ વીઠલા લ્યો ઉગારી..આજ૦ ૫૮
અરજી ઈશ્વરજી આ વરજી નહિ મૂકશો, ગર્જિ હું શામ સુરજી કૌ છું
મરજી ભુધરજી અણસરજી કરિ દર્શ દ્યો, એજ સુખ કરજી મુખ માગી લૌ છું..આજ૦ ૫૯
જો કહો તો હું જળ અન્ન ત્યાગું હરિ, જો કહો તો હું બધિ રાત જાગું;
એક ધરિ ટેક દર્શન દ્રગે આપનાં, વિશ્વવિહારી હું સદ્ય માગું..આજ૦ ૬૦

**પદ-૪**

પૂર્ણ પ્રીતી કરી તે પછી પરહરી, શામળા કેમ છેટે રહો છો;
આજ દરશન મને કેમ નથી આપતા, દૂર રહિ કેમ દિલને દહો છો..પૂર્ણ૦ટેક.
આગન્યા શ્રીહરિ જે તમે છે કરી, તે ધરી મસ્તકે મેંજ લીધી;
મુળીમાં શ્રેષ્ઠ મંદીર કરવા તણી, તુરત મેં નાથ તૈયારી કીધી..પૂર્ણ૦ ૬૧
આદર્યું મંદિર આંહિ મોટું અમે, ક્યાંઇ પથ્થર મળે નૈજ પાકા;
ગોતવા નિસર્યા શીમ સઘળી ફર્યા, ગોતિગોતિ અમે ખૂબ થાકા..પૂર્ણ૦ ૬૨
ક્યાંઇ નિપજાવો હરિ ખાણ હીરા તણી, ક્યાંઇ નિપજાવો મણિરત્ન ભારે;
ક્યાંઇ નિપજાવો આરસ અતિ ઊજળા, તો ન નિપજે શું પથ્થર અતારે[૧]..પૂર્ણ૦ ૬૩
હિંમત હૈયે ધરિ શિખર સરવોપરી, સરસ કારીગરીથી કરાવું;
દેવ પધરાવી ડંકા દઉં દેશમાં, સરસ હું ધામ સૌથી ઠરાવું..પૂર્ણ૦ ૬૪
જો કદી આજ આ અરથ સરશે નહી, તો પછી કોણ વિશ્વાસ કરશે;
દીન જે દાસ થૈ આપના ચરણમાં, મસ્તક સોંપશે તે જ મરશે..પૂર્ણ૦ ૬૫
બ્રહ્મમુનિ વેગમાં વાક્ય જે ઉચ્ચરે, તે સુણી શ્રીજિને મિષ્ટ લાગે;
પ્રગટ પુરુષોત્તમ પ્રગટ થઈ એ સમે, આવિ ઉભા રહ્યા નેત્ર આગે..પૂર્ણ૦ ૬૬
વાહરે વાહ મુનિ વાક્ય જે તમ તણાં, છે અતિશે જ આનંદકારી;
સ્નેહમાં ચિત્ત આકર્ષ મારું થયું, એમ ઉમંગી ઉચર્યા અઘારી..પૂર્ણ૦ ૬૭

૧. અત્યારે

ભાળિ ભગવાનને તુરત પગમાં પડ્યા, ભાવથી બ્રહ્મમુનિ એ જ ટાણે;
વિશ્વવિહારીને વિનય વળતી કર્યો, છંદ પ્રબંધથી મિટ વાણે..પૂર્ણ૦ ૬૮

**પ્રમાણિકાછંદ :**

અહો વિહારીલાલજી, દિસો તમે દયાલજી;
દુખાય દાસ જે સમે, કરો સહાય તે સમે. ૬૯
પ્રભૂ કૃપાનિધાન છો, અમીત શક્તિમાન છો;
શું શેષ શારદાય છે, ગુણો સદૈવ ગાય છે. ૭૦
તમારી આગન્યા વિષે, દિનેશ ચંદ્ર આ દિસે;
સમુદ્ર છે રહ્યો ટકી, તમારી આગન્યા થકી. ૭૧
ઘટીત વાયુ વાય છે, ઘટીત વૃષ્ટિ થાય છે;
વિનાશ કાળ જે કરે, તમારી આગન્યા ધરે. ૭૨
તમે જ સર્વશીશ છો, સમસ્તના અધીશ છો;
અનંતકોટિ અંડના, અધિપતિ અખંડના. ૭૩
સુખેલ વિશ્વનો ખરો, કટાક્ષમાત્રમાં કરો;
સ્વભક્તકાજ તે તમે, સુજન્મ લ્યો સમે સમે. ૭૪
પિતા પતિ સુપુત્ર થૈ, સખા સગા સ્વરૂપ લૈ;
ધરી અનેક નામના, પુરો સ્વભક્ત કામના. ૭૫
કૃપાળુ છો કૃપા કરી, ભલે પધારિયા હરિ;
કહ્યા કુવેણ મેં અતી, ક્ષમા કરો ક્ષમાપતી. ૭૬

**પુષ્પિતાગ્રા :**

કુવચન શિશુનાં સુણી સુમાતા, નિજમન ક્રોધ કદી નથી ભરાતા;
મતિહિણ મુજને કુપુત્ર જાણી, સહન કરો મુજ ઈષ્ટ મારિ વાણી. ૭૭

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે દશમકલશે ભૂમાનંદમુનીન્દ્ર-વાઘજીભાઈસંવાદે શ્રીહરિપ્રાર્થનાનિરૂપણનામ ત્રયોદશો વિશ્રામઃ ॥૧૩॥*

**પૂર્વછાયો :**

બ્રહ્મમુનીના ભાવના, શબ્દ સાંભળીને ઘનશ્યામ;
હૃદયમાં રાજી થયા, પછી બોલિયા પૂરણકામ. ૧

**ચોપાઈ :**

બોલ્યા શ્રીહરિ હે મુનિરાજ, તમે જે જે કથન કહ્યાં આજ;
તેમાં જૂઠું નથી તલભાર, સાચે સાચા છે સર્વ ઉચ્ચાર. ૨
તમે સાંભારિયો મને જ્યારે, આવ્યો છું હું તો તરત જ ત્યારે;
લાગ્યાં મુખથિ વચન જે નિકળવા, હું તો ઊભો આદેશ સાંભળવા. ૩
મીઠાં લાગ્યાં તમારાં વચન, સુણી મગન થયું મારું મન;
કહ્યું આટલું ને શું કહેશે, ઈચ્છું સાંભળવા હું વિશેષે. ૪
સુતને ગાળ દે સગી માય, પણ ચિત્તમાં હીત ચહાય;
જોયું મેં તમારું મન તેમ, પૂરો અંતરમાં દિઠો પ્રેમ. ૫
માગોમાગો જે મુખથી તે આપું, કષ્ટ હોય તે સર્વથા કાપું;
મુનિબ્રહ્મ કહે મહારાજ, કાંઈ બીજું નથી મારે કાજ. ૬
દયા દિલમાં જો મુજપર લાવો, પાકા પથ્થર આંહી બતાવો;
કહે શ્રીજી ચાલો સજ્જ થૈને, સાથે ઝાઝા સલાટોને લૈને. ૭
ગાઉ બે નદીને પેલે પાર, પાકા પથ્થર છે તેહ ઠાર;
પછી સૌ મળીને ગયા ત્યાંય, ખાણ પથ્થરની હતી જ્યાંય. ૮
પ્રભુને બીજા કોઈ ન પેખે, એકલા મુનિબ્રહ્મ જ દેખે;
કહે શ્રીજી ખોદાવો આ ઠાર, પાકા પથ્થર મળશે અપાર. ૯
એમ કહી થયા અંતરધાન લાગી વાત તે સ્વપન સમાન;
પછી ખોદાવતાં મળિ ખાણ, પાકા નીકળ્યા પ્રૌઢ પાષાણ. ૧૦
ધરાંગધરાના પથ્થર જેવા, એ થકી પણ ઉત્તમ એવા;
મંડ્યા કામે સલાટ અપાર, કરે કામ બોલે જેજેકાર. ૧૧
દીસે સર્વ પ્રકારનું સુખ, પણ ત્યાં પડ્યું પાણીનું દુઃખ;
તેડ્યા વગર આવ્યા તેહ સ્થાન, ભરવાડ વેષે ભગવાન. ૧૨
એંશિ વરસની ઉમ્મર ભાસે, કાળો કાંબળો ને ડાંગ પાસે;
વદ્યા સંતપ્રત્યે પ્રભુ વાણી, ક્યાંથી લાવો છો પીવાને પાણી. ૧૩

કહે સંત છે ખાટડિ ગામ, ત્યાંથી લાવિયે નીર આ ઠામ;
કાં તો જ્યાં છે મલાકું તળાવ, ત્યાંથી નીર લાવ્યાનો ઠરાવ. ૧૪
પણ તે બેય છે બહુ દૂર, તેથી જળનું છે દુઃખ જરૂર;
કહે ભરવાડ આ સ્થળ માંય, હતી વાવ પુરાતની ક્યાંય. ૧૫
આંહિ ખોદો તો એહ નિકળશે, મીઠું પાણી ઘણુંઘણું મળશે;
કહિ એમ એતો પળ્યો[1] ગયો, જતાં આગે અંતરધાન થયો. ૧૬
સર્વ સંતે વિચારિયું આમ, કૃપાનાથ તણું એ તો કામ;
પછી ત્યાં ખોદિને જોયું જ્યારે, મિઠા જળની જડી વાવ ત્યારે. ૧૭
એમ જે સમે સંકટ આવે, શ્રીજી આવીને કષ્ટ સમાવે;
ઘણા જન મળી કામ ચલાવે, પણ કોઈને આલ[2] ન આવે. ૧૮
મળી ચારણ ખટ એક વારે, આવ્યા બ્રહ્મમુનીને ઉતારે;
પુછ્યું પ્રશ્ન તે કવિયો અકેકે, સમજાવિયા ઉત્તર એકે. ૧૯
રાજી થઈને થયા તે વિદાય, તેમાં શ્રીહરિનીજ સહાય;
પ્રશ્ન ઉત્તરની ચતુરાઈ, કહું સાંભળો વાઘજીભાઈ. ૨૦

**પ્રશ્નોત્તર સવૈયો :**

કોણ સુતા[3] શુભ સાગરની, કહિ વાસ[4] વસે જિવ અંતરજામી,
તીરથ કારણ જાઉં ન જાઉજ[5], ગોપપતી[6] કોણ ગોકુળગામી;
કોણ કહો સતિને અતિ વલ્લભ[7], કોણ[8] કરે જનને નિષ્કામી,
પ્રશ્ન સુણી મુનિ બ્રહ્મ કહે શુભ, ઉત્તર શ્રીસહજાનંદસ્વામી. ૨૧

**ચોપાઈ :**

હવે મંદિરની કહું વાત, જેથી થાય હૃદય રળિયાત;
માંડ્યું મોટું કરાવાને ધામ, ચાલ્યું ઝડપથી ત્યાં તે તો કામ. ૨૨
ગોપાળાનંદને નિષ્પાપ, કહે અવધપ્રસાદજી આપ;
મૂળિયે પધરાવાને માટે, મૂર્તિયો જોઈએ રુડા ઘાટે. ૨૩
તેમાં પાષાણની જે થપાશે, તે તો ડુંગરપુરથી લવાશે;
ધાતુમૂર્તિ હરિકૃષ્ણ કેરી, રચાવો તમે રૂડી ઘણેરી. ૨૪
વળી થાપવા શ્રીપુરધામે, ધર્મ ભક્તિ હરિકૃષ્ણ નામે;
તમે ધાતુની તે તો કરાવો, નારાયણજી સુતાર તેડાવો. ૨૫

૧. ચાલી જવું, જતા રહેવું ૨. તકલીફ, મુસીબત ૩. શ્રી=લક્ષ્મીજી ૪. સહ=સાથે ૫. તીર્થે જા. →

પછી પાષાણ મુર્તિયો લેવા, મોકલ્યા સંત સદ્‌ગુરુ જેવા;
નારાયણજી સુતાર તેડાવ્યા, ગોપાળાનંદ પાસે રખાવ્યા. ૨૬
વરતાલ ગયા સ્વામિ જ્યારે, રઘુવીરજીએ કહ્યું ત્યારે;
ધોળેરે પધરાવાને માટે, હરિકૃષ્ણ છબી રુડે ઘાટે. ૨૭
ધાતુ કેરી કરાવજો તમે, જૈને ત્યાં પધરાવશું અમે;
સ્વામિએ પ્રતિમાઓ કરાવી, ભગુજીને સમક્ષ રખાવી. ૨૮
થઈ મૂર્તિયો તે તો રુપાળી, સોંપી આચારજોને સંભાળી;
ગોપાળાનંદ ગઢપુર ગયા, ઘણા માસ તે ત્યાં સ્થિર થયા. ૨૯
મૂળિયે થયું ધામ તૈયાર, આવ્યા શ્રીપુર તે સમાચાર;
મૂર્તિયો લઈ ડુંગરપુરથી, આવ્યા સંત રાજી થઈ ઉરથી. ૩૦
અયોધ્યાપ્રસાદે જોવરાવ્યું, મુહુર્ત મહા શુદી પાંચમે આવ્યું;
સાલ અઠ્યાશિયાતણિ સારી, મૂળિયે પ્રતિષ્ઠા નિરધારી. ૩૧
ધોળેરા માટે શ્રીરઘુવીરે, ધાર્યું એ જ મુરત દૃઢ ધીરે;
ગોપાળાનંદને લખ્યો પત્ર, તમે આવજો ધોળેરે તત્ર. ૩૨
મૂળીથી મા'નુભાવાનંદ, ગયા ગઢપુર સદ્‌ગુણવૃંદ;
વિનતી ગોપાળાનંદ કેરી, કરી ત્યાં જઈ તેણે ઘણેરી. ૩૩
કહ્યું મૂળિયે આપ પધારો, દેશ બેય તમે તુલ્ય ધારો;
ગોપાળાનંદ બોલિયા ત્યારે, ધોળેરે જ જવું છે અમારે. ૩૪
કર્યો આગ્રહ પણ નવ આવ્યા, ત્યારે મૂળિયે પાછા સિધાવ્યા;
ત્યાંથી બ્રહ્મમુની તતકાળ, ગઢડે ગયા બુદ્ધિવિશાળ. ૩૫
ગોપાળાનંદને શિર નામી, કહ્યું મૂળિયે સંચરો સ્વામી;
બેય દેશમાં મુખ્ય છો તમે, માટે આવવું પડશે આ સમે. ૩૬
તમે મૂર્તિયો તે છે કરાવી, કંકોતરિયે પ્રથમ ત્યાંની આવી;
માટે પ્રથમ પધારવું આંહી, પછિ જાજો ધવળપુર માંહી. ૩૭
બહુ વિનય તણા બોલ કહ્યા, ગોપાળાનંદ મૂળિયે ગયા;
સજ્જ અવધપ્રસાદજી થઈ, ગયા મૂળિયે મૂર્તિયો લઈ. ૩૮
રઘુવીર ધોળેરે પધાર્યા, સમૈયા થયા બે સ્થળે સારા;
કહું મૂળિની વાત વિસ્તારી, પ્રતિષ્ઠાતણી કીધિ તૈયારી. ૩૯

૬. શ્રીકૃષ્ણના પિતા નંદજી ૭. સ્વામી=પતિ ૮. શ્રીસહજાનંદ સ્વામી

રામાભાઈ રાજા તેહ ઠામ, તેના પુત્ર વખતસિંહ નામ;
કાકા ભૂપતિના રઘાભાઈ, થયા સ્નેહથી સર્વ સહાયી. ૪૦
સતસંગી બીજા પણ સહુ, સરસામાન લાવિયા બહુ;
ઘેલા ગોરે જે રીતે બતાવ્યો, કુંડ મંડપ સારો કરાવ્યો. ૪૧
રામકૃષ્ણ મે'તા તેહ ઠામ, પુરુષોત્તમ ને દયારામ;
હળવદના વાસી શિવજાની, તથા શીયાણિના સારા જ્ઞાની. ૪૨
એહઆદિ વરુણીમાં વર્યા, જપ પાઠ જથાવિધિ કર્યા;
પત્ની સહિત અવધપ્રસાદ, બેઠા જેમ રહે મરજાદ. ૪૩
સ્વસ્તિવાચન સાંભળી લીધું, ગ્રહપૂજન આદિક કીધું;
વિદિ વેદોક્ત કીધિ તે ઠામ, સ્થાપિ મૂર્તિયો તે કહું નામ. ૪૪
દિસે મંદિર પશ્ચિમદ્વારે, શિખરો ત્રણ છે એક હારે;
રાધાકૃષ્ણ હરિકૃષ્ણ જેહ, મધ્ય ખંડમાં સ્થાપિયા તેહ. ૪૫
વળી દક્ષણાદા ખંડમાંય, સ્થાપ્યા રણછોડ ત્રીકમરાય;
ભક્તિધર્મ તો ઉત્તરખંડે સ્થાપ્યા તે પણ પ્રેમ અખંડે. ૪૬
પછી સંત ને વિપ્ર જમાડ્યા, દૈને દાન સંતોષ પમાડ્યા;
ધોલેરે પણ શ્રીરઘુવીરે, એ જ દિવસે મહામતિ ધીરે. ૪૭
મુરતી હરિકૃષ્ણની થાપી, રૂપ પ્રગટ પ્રભૂનું પ્રતાપી;
સંત વિપ્ર જમાડ્યા તે સ્થાન, દ્વિજને દિધાં દક્ષિણાદાન. ૪૮
મૂળિથી પછી ગોપાળાનંદ, ધોળેરે ગયા લૈ નિજવૃંદ;
તહાં દેવના દર્શન કરિયાં, પછી ગઢપુર જૈ સ્થિર ઠરિયા. ૪૯

**પુષ્પિતાગ્રા :**

ધવળ નગરમાંય મૂળિમાંય, હરિસુત બે જઈ એક દિન ત્યાંય;
વચન વૃષ જ કેરું પાળવાને, શુભ મુરતી પધરાવી તેહ સ્થાને. ૫૦

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે દશમકલશે ભૂમાનંદમુનીન્દ્ર-વાઘજીભાઈ સંવાદે મુળિ તથા ધવલપુરે મૂર્તિપ્રતિષ્ઠાપનનામ ચતુર્દશો વિશ્રામઃ ॥૧૪॥*

**પૂર્વછાયો :**

તે પછી આવ્યો નેવાશિયો, ત્યારે શ્રીપુરમાં તતખેવ;
સ્થાપ્યા આથમણા ખંડમાં, ભક્તિ ધર્મ હરિકૃષ્ણદેવ. ૧
પૂરવ ખંડ વિષે વળી, સ્થાપ્યા ગોલોકવિહારીલાલ;
એ તો અયોધ્યાપ્રસાદજી, કરનાર ક્રિયા તેહ કાળ. ૨
એકાણુવા તણિ સાલમાં, રઘુવીરજીએ રુડી રીત;
ભાવસહિત ભૃગુક્ષેત્રમાં[1], પ્રતિમા પધરાવી પુનીત. ૩

**ચોપાઈ :**

બળદેવ ને રેવતિ કેરી, હરિકૃષ્ણની રૂડિ ઘણેરી;
વૈશાખી દશમે પધરાવી, શુદમાં સારું ધામ રચાવી. ૪
બાણુંવાનિ આવી સાલ જ્યારે, ભક્ત સૂરતના મળી ત્યારે;
કર્યો એમ વિચાર સહૂએ, દિધિ છે પ્રતિમાઓ પ્રભૂએ. ૫
તે સ્થપાવીએ મંદિર માંહી, રઘુવીર તેડાવિયે આંહી;
પછી તેઓને તરત તેડાવ્યા, સાથે ગોપાળાનંદજી આવ્યા. ૬
નિત્યાનંદ આદી ઘણા સંત, ગયા સૂરતે સદ્‌ગુણવંત;
હતું મંદિર શિખર વિનાનું, તોય દીસતું સારિ શોભાનું. ૭
શુદિ પંચમિ વૈશાખ કેરી, જોશીએ કહિ શુદ્ધ ઘણેરી;
સ્થાપ્યા તે દિન રાધાવિહારી, નારાયણમુનિની છબી સારી. ૮
વદિ પાંચમે એ મહિનામાં, અયોધ્યાપ્રસાદે ધોળકામાં;
દેવ મોરલીમનોહર નામે, પધરાવ્યા શિખરબંધ ધામે. ૯
હરિકૃષ્ણની મૂર્તિ તે પાસ, પધરાવી ધરીને હુલાસ;
ઈષ્ટદેવ એ તો હરિજનના, પૂરે સર્વ મનોરથ મનના. ૧૦
ઓગણીશસેં છવીશા માંય, ધામ શિખરબંધી કર્યું ત્યાય;
સ્વામિ શૂન્યાતીતાનંદ સંગે, હતો હું ભૂમાનંદ ઉમંગે. ૧૧

**પૂર્વછાયો :**

શિખરબંધ મંદિર થયું, શુભ સુરત શહેર મોઝાર;
તે વિગતેથી વરણવું, સુણો હરિકથા સુણનાર. ૧૨

૧. ભરૂચ

**ચોપાઈ :**

લક્ષ્મિચંદ ભલા હરિભક્ત, એ તો અક્ષરધામના મુક્ત;
તેના પુત્ર ગંગાદાસ નામ, ધન ઝાઝું થયું તેને ધામ. ૧૩
નહિ પુત્ર તથા પરિવાર, ત્યારે ચિત્તમાં કીધો વિચાર;
ઘણા શ્રમથી મળ્યું ધન જેહ, કોણ જાણે ખાશે કોણ તેહ. ૧૪
સારુ કામ કરું મારે હાથે, કરું હાથે તે આવશે સાથે;
બડા દેવ છે રાધાવિહારી, કરુણાનિધિ કલ્યાણકારી. ૧૫
મનોહર તેની મૂર્તિયો જે છે, શ્રીહરિની પ્રસાદિની તે છે;
રઘુવીરજી અવતાર જેવા, ગોપાળાનંદ પણ મુનિ એવા. ૧૬
નિત્યાનંદ મળી પધરાવી, હરિમંદિર સારું કરાવી;
કરાવું તે શિખરબંધ ધામ, રહે નિશ્ચળ તો મારું નામ. ૧૭
પ્રભુ પ્રગટ પધાર્યા છે આંહી, ના'યા છે તે તાપી નદિ માંહી;
ઘણી લીલા કરી ઘનશ્યામ, માટે તીર્થભૂમિ છે આ ઠામ. ૧૮
ઘણા હરિજન જાત્રાયે આવે, લીલા સાંભળી તે મન લાવે;
મોટા મુક્ત ધરી દિવ્ય દેહ, તીર્થ જાણિ આવે આંહિ તેહ. ૧૯
એહ માટે જરૂર આ ઠામ, જોઈએ જ શિખરબંધ ધામ;
એવું ધારિ અતી હરખાઈ, ઘેલાભાઈ પોતાના જે ભાઈ. ૨૦
તેના પાંચ પવિત્ર સુપુત્ર, તેઓ સૌને બોલાવિયા તત્ર;
તમે સાંભળો તેહનાં નામ, દામોદર ને બીજા મંછારામ. ૨૧
સારા સાકરલાલ પ્રમાણો, આત્મારામ ઈચ્છારામ જાણો;
પાંચે ધર્મધુરંધર કેવા, પ્રભુના ભક્ત પાંડવો જેવા. ૨૨
ગંગાદાસ તણી ધિંગિ ઢાલ, બીજો ભાઈ તો માણકલાલ;
સુત અમૃતલાલ સુનામ, તેઓ પણ આવિયા તેહ ઠામ. ૨૩
સૌને બોલાવીને એ જ પાસે, બધી વાત કહી ગંગાદાસે;
મારા મનમાં મેં ધાર્યું છે આવું, દેવમંદિર મોટું કરાવું. ૨૪
ઉપજે એથી પુણ્ય અથાગ, તેમાં સૌનો તમારો છે ભાગ;
બોલ્યા સૌ કરો મંદિર તમે, તેમાં સર્વ રાજી છૈયે અમે. ૨૫
અમે પણ નિજશક્તિ પ્રમાણે, એમાં આપશું ધન એહ ટાણે;
નિત્યાનંદ તણા શિષ્ય જેહ, સાધુ શૂન્યાતીતાનંદ તેહ. ૨૬

હરિમંદિરમાં તેની પાસ, ગયા સૌ મળીને હરિદાસ;
સર્વ વાત કહી સંભળાવી, ભલા સંતને પણ મન ભાવી. ૨૭
હતા ત્યાં કૃષ્ણજીવનદાસ, તેની પાસે કરી તે પ્રકાશ;
સંત બે મળી પત્ર લખાવી, આજ્ઞા આચાર્યજીની મંગાવી. ૨૮
આચારજજી ભગવત્પ્રસાદે, આજ્ઞા આપી અધિક આહ્લાદે;
ગંગાદાસે જ્યારે જાણી લીધું, ત્યારે સર્વસ્વ અર્પણ કીધું. ૨૯
કર્યું કૃષ્ણજીવને ઉઘરાણું, ભર્યું સૌ સતસંગિયે નાણું;
શ્રદ્ધા સર્વની તો એવી ભાળી, આપતાં ન જુવે પાછું વાળી. ૩૦
પણ તેહની શક્તિ પ્રમાણે, યથાયોગ્ય લીધું તેહ ટાણે;
ત્યાંના પ્રેમિજનો તણો પ્રેમ, તે તો કોઈ કહી શકે કેમ. ૩૧
વરતાલથી સંતો તેડાવ્યા, પવિત્રાનંદ આદિક આવ્યા;
અમે પાસે રહીને કરાવ્યું, ધામ તે હરિભક્તોને ભાવ્યું. ૩૨
સાલ ઓગણચાલિશ જ્યારે, ભક્તિ ધર્મ હરિકૃષ્ણ ત્યારે;
સ્થાપવા તેહ મંદિરમાંય, આચારજને તેડાવિયા ત્યાંય. ૩૩
વિહારીલાલજી મહારાજ, ગયા તે છબી સ્થાપવા કાજ;
દ્વિતીયા શુદિ ફાગણ માસી, ત્યારે સ્થાપિ છબી સુખરાશી. ૩૪
ત્રાણુની સાલે જેતલપુરમાં, અતિ આનંદ લાવીને ઉરમાં;
સ્થાપ્યા કૃષ્ણ રેવતી બળદેવ, અયોધ્યાપ્રસાદે સ્વયમેવ. ૩૫
હરિકૃષ્ણની મૂર્તિ તે પાસ, પધરાવી ધરીને હુલ્લાસ;
સાલ ઓગણીસેં પર સાત, છપૈયા પુર માંહિ પ્રખ્યાત. ૩૬
સ્થાપ્યા અવધપ્રસાદે વિચારી, વાસુદેવ ને કુંજવિહારી;
આવી વીશનિ સાલ તે જ્યારે, ત્રણ શિખર કરાવિયાં ત્યારે. ૩૭
ધારિ મૂર્તિયો જે ત્રણ ઠામ, કહું સાંભળો તેહના નામ;
વચલા ખંડમાં ધરિ જેહ, ધર્મ ભક્તિ ને ઘનશ્યામ તેહ. ૩૮
સ્થાપી પોતાની મૂર્તિ તે પાસ, જેમ હોય હરિ પાસે દાસ;
સ્થાપ્યા દક્ષિણખંડ મોઝાર, રેવતી બળદેવ ઉદાર. ૩૯
હરિકૃષ્ણ છબી તેહ પાસ, સ્થાપી હૈયામાં ધારિ હુલ્લાસ;
છબી ઉત્તારખંડમાં સારી, વાસુદેવ ને કુંજવિહારી. ૪૦

ઓગણીસ સત્તાવીસની સાલ, કહું બૂરાનપુરમાં તે કાળ;
હરિભક્તોનો આગ્રહ જાણી, દયા અંતરમાં અતિ આણી. ૪૧
ભગવતપ્રસાદે તે ઠામ, સાધુ મોકલ્યા તે કહું નામ;
ગોપાળાનંદના શિષ્ય જેહ, બાળમુકુંદદાસજી તેહ. ૪૨
તેણે જૈને રચાવ્યું રુપાળું, સારુ મંદિર શીખરવાળું;
એ જ આચારજે ત્યાં સિધાવી, હરિકૃષ્ણ છબી પધરાવી. ૪૩
શુદિ સાતમ ને માઘ માસ, કર્યો તે દિન મૂર્તિનો વાસ;
અતિ હરષથી ઉત્સવ કીધો, લાભ સૌ હરિજનોએ લીધો. ૪૪
પંદરા તણી સાલ જયાં થઈ, ત્યારે માંડવિબંદરે જઈ;
સ્થાપ્યા અવધપ્રસાદે એ ઠામે, રાધાકૃષ્ણ હરિકૃષ્ણ નામે. ૪૫
દ્વિતીયા શુદિ ફાગણિ હતી, ત્યારે કામ થયું શુભ અતી;
જયાબાઈએ શ્રીગઢપુરથી, લખાવ્યો પત્ર હરખીને ઉરથી. ૪૬
રઘુવીરજીને મોકલાવ્યો, એમાં અર્થ કહું તે લખાવ્યો;
મુરતી હરિકૃષ્ણને નામે, સ્થાપવી ગોપીનાથને ધામે. ૪૭
આજ્ઞા શ્રીજિએ કીધિ છે એવી, વાત તે હવે મનપર લેવી;
વાંચ્યો આચારજે એહ પત્ર, નારાયણજીને તેડાવ્યા તત્ર. ૪૮
કહ્યું વચન તમે ઉર ધરો, હરિકૃષ્ણની મુર્તિયો કરો;
એક ગઢપુરમાં પધરાવા, બીજી જીર્ણગઢે લઈ જાવા. ૪૯
પછી માંડી તે મૂર્તિયો કરવા, આચારજનું વચન અનુસરવા;
સાધુ રઘુનાથચરણદાસ, મુકયા તેઓને તેહની પાસ. ૫૦
શિષ્ય મોટા જોગાનંદ કેરા, સાધુ તે તો સુજાણ ઘણેરા;
મૂર્તિયો થૈ તે તૈયાર, પધરાવાનો કીધો વિચાર. ૫૧
ઓગણીસેં ને સોળની સાલ, ગયા દુર્ગપુરે તેહ કાળ;
પંચમી શુદિ ફાગણ કેરી, કહી જોશિએ સારી ઘણેરી. ૫૨
તે દિને ગોપીનાથની પાસે, સ્થાપવા હરિકૃષ્ણ હુલાસે;
રઘુવીરજી એમ ઉચ્ચરે, ક્રિયા ભગવત્પ્રસાદજી કરે. ૫૩
પ્રતિષ્ઠાનું જે વેદવિધાન, કર્યું તેણે થઈ સાવધાન;
પ્રતિમા ગોપીનાથની જોડે, સ્થાપિ શ્રીહરિકૃષ્ણની કોડે. ૫૪

પૂર્વ ખંડે સ્થાપ્યા તતખેવ, કૃષ્ણ રેવતિ ને બળદેવ;
ગોપીનાથને સ્થાપતાં જેવો, સમૈયો થયો એ પણ એવો. ૫૫
ધામધૂમ કરી બધી તેમ, આખું ગામ જમાડિયું એમ;
હરિભક્તે ભલી ભેટ ધરી, કહું તે કાંઇ સંક્ષેપે કરી. ૫૬
જયાબાઈ ને ખાચર બાવો, અમરે પણ લેવાને લાવો;
ભેટમાં ભૂમિ અર્પણ કીધી, વસ્તુ ભૂષણ આદિક દીધી. ૫૭
અમૂલાંબાઈએ પણ એમ, આપી ભુમિ ને ભૂષણ તેમ;
રાણિંગખાચર ખાચર દાનો, પુંજો દેહો નથી કાંઈ છાનો. ૫૮
તેણે ભેટ ભલી ધરિ એવી, ભૂમિ ભૂષણ આદિક તેવી;
ભગોદોશિ બોટાદના શેઠ, ભલાં ભૂષણાદિ કર્યાં ભેટ. ૫૯

**શાર્દૂલવિક્રીડિત :**

સુજ્ઞાની શિવલાલ જે સપુત તો દોશી ભગાનો ભલો,
મોટો મુક્ત નિવાસિ અક્ષર તણો જન્મ્યો દિસે જેવલો[1];
ભાસે ભક્ત ભલો અનન્ય હરિનો સદ્‌બુદ્ધિનો તે નિધી,
જાણે શ્રીહરિનો અપાર મહિમા સદ્‌ભક્તિ તેવી કિધી. ૬૦

**ચોપાઈ :**

શિવલાલ આવ્યા એહ ટાણે, જેની સમજણ સંતો વખાણે;
તેણે વસ્ત્ર આભૂષણ ભારી, ધનઆદિકની ભેટ ધારી. ૬૧
દ્વિતીયા વદિ ફાલ્ગુણિ આવી, જુનેગઢ રઘુવીરે સિધાવી;
હરિકૃષ્ણ તણી છબી ત્યાંય, પધરાવિ તે મંદિરમાંય. ૬૨
પ્રતિષ્ઠાની ક્રિયા હોમ આદે, કરી ત્યાં ભગવતપ્રસાદે;
રઘુવીરજીએ જે ઉચાર્યું, તેહ વચન તેણે શિર ધાર્યું. ૬૩
વર્ષ એકવિશા તણું આવ્યું, સિદ્ધપુર રુડું ધામ રચાવ્યું;
જેઠ શુકલ એકાદશી જ્યારે, પોતે અવધપ્રસાદે તે વારે. ૬૪
ભક્તિ ધર્મ હરિકૃષ્ણ કેરી, સ્થાપિ મુરતીયો સરસ ઘણેરી;
ત્રેવિશામાં જઈ ભુજમાંય, હરિકૃષ્ણ છબી સ્થાપિ ત્યાંય. ૬૫

૧. વિરલ

ચોવિશા માંહિ મુંબઈ ધારું, થયું શિખર વિના ધામ સારું;
શુદિ દ્વાદશી વૈશાખ માસી, રવિવારિ ભલી તિથિ ભાસી. ૬૬
આચારજ ભગવતપ્રસાદ, તેણે જેવી રીતે વેદવાદ;
સ્થાપિ મૂર્તિયો જનસુખકારી, હરિકૃષ્ણ ગોલોકવિહારી. ૬૭
તે તો રાધા ને રાધિકાપતિ, છબી શ્રીજીપ્રસાદિની હતી;
હતી ગઢપુર ત્યાંથી મગાવી, પ્રીતે મુંબઈમાં પધરાવી. ૬૮
અઠાવીશામાં ગોંડળ ગામ, થયું શિખરવાળું સારું ધામ;
માઘ શુકલ ત્રયોદશિ થઈ, ત્યારે આચારજે તહાં જઈ. ૬૯
મધ્યખંડે સ્થાપ્યા સ્વયમેવ, ભક્તિ ધર્મ હરિકૃષ્ણદેવ;
રાધિકાકૃષ્ણ દક્ષિણ ખંડે, સજ્યા ઉત્તર ખંડ અખંડે. ૭૦

**પુષ્પિતાગ્રા :**

ગુણનિધિ પુર ગોંડળે પધારી, પ્રભુ જનકેરિ પ્રસન્નતા વધારી;
ભલિ વિધિ ભગવત્પ્રસાદજીએ, પ્રભુપ્રતિમા પધરાવી સદ્વિધિએ. ૭૧

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે દશમકલશે ભૂમાનંદમુનીન્દ્ર-વાઘજીભાઈસંવાદે આચાર્યકૃતપ્રતિષ્ઠાનિરૂપણનામ પંચદશો વિશ્રામઃ ॥૧૫॥*

**પૂર્વછાયો :**

સદ્‌ગુણિ વિપ્ર સજોદરા, રુડું રામેશ્વરભાઈ નામ;
વાસ વસે વટપુર વિષે, તેને વા'લા ઘણા ઘનશ્યામ. ૧

**ચોપાઈ :**

વિદ્યાવંત પ્રમાણિક પૂરા, નહિ અક્કલ માંહિ અધૂરા;
ગુણ ગાયકવાડને ભાવ્યા, દાનાધ્યક્ષ તો તેથી ઠરાવ્યા. ૨
મહારાજા રિઝે જ્યારે જ્યારે, ધન અઢળક આપે તે વારે;
રુપૈયા મળ્યા એથી અનેક, પણ પુત્ર ન પામિયા એક. ૩
જમનાંબાઈ તો તેની નારી, થઈ તે પણ સત્સંગી સારી;
મહાલક્ષ્મી પુત્રી થઈ એક, એ તો સદ્‌ગુણ પામી અનેક. ૪

ધર્મવંત જે ધીરજરામ, કરે એ પણ ઉત્તમ કામ;
તેની સાથે તેને પરણાવી, આપી પેરામણિ મનભાવી. ૫
એક દિવસ રામેશ્વરભાઈ, ઘરુણીની[1] સાથે ઘરમાંઈ;
બેસી બે જણે કીધો વિચાર, ધન છે પણ કોણ ખાનાર. ૬
પુત્ર આપ્યો નહી પરમેશે, કોણ જાણે આ ધન કોણ લેશે;
માટે વાવરિએ નિજ હાથે, કર્યું હાથે તે આવશે સાથે. ૭
દેવઅર્થે જો ધન ખરચાય, તો જ ધન તે સુફળ કહેવાય;
કાગડા કુતરા જેવા જન, ખાઈ જાય તે નિષ્ફળ ધન. ૮
સંત ગોપાળાનંદજી જેવા, મેં તો સેવ્યા છે સદ્‌ગુરુ એવા;
માટે વ્યર્થ ઉડાવું ન નાણું, સારે મારગે ખર્ચિ હું જાણું. ૯
શ્રમ ઝાઝો કરી સંપડાવ્યું, કેમ જાય તે વ્યર્થ ઉડાવ્યું;
સુણિ બાઈ બોલ્યાં જોડિ હાથ, તમે સાચું કહ્યું સ્વામિનાથ. ૧૦
તન મન ધન આપણાં જેહ, કૃષ્ણ અર્પણ કીધાં છે તેહ;
સહજાનંદ આપણાં ઈષ્ટ, અન્ય દેવ તો સર્વે અનિષ્ટ. ૧૧
ઈષ્ટ મંદિર છે એહ ઠામ, દેવ લક્ષ્મીનારાયણ નામ;
ત્યાં છે ગોટકો પરસાદિ તણો, મહિમા એનો ઉત્તમ ઘણો. ૧૨
માટે મંદિર તે સ્થળે મોટું, કરિયે તો તે કામ ન છોટું;
રાજી થાશે શ્રીજીમહારાજ, રાજી આચાર્ય સંત સમાજ. ૧૩
એવું દંપતિને દિલે ભાવ્યું, સ્વામિએ સંતને સંભળાવ્યું;
પવિત્રાનંદ ને પ્રજ્ઞાનંદ, અતિ પામિયા એ તો આનંદ. ૧૪
વળી મુકુંદપ્રિયાનંદ વરણી, કહે એ તો અતી ભલિ કરણી;
તથા મુકુંદચરણદાસ, જેને પુરાણનો છે અભ્યાસ. ૧૫
તેણે પણ વેણ એવું ઉચ્ચાર્યું, એ તો કામ છે સર્વથી સારુ;
પણ સૌ સતસંગી સહાય, કરે તો મોટું મંદિર થાય. ૧૬
સુણિ બોલ્યા રામેશ્વરભાઈ, સંતનાં વેણ છે સુખદાઈ;
ભલે સંત્સગિયોને બોલાવો, ઈચ્છા સૌ હરિજનની પુછાવો. ૧૭
મુખ્ય સત્સંગિયોને બોલાવ્યા, તે તો મંદિરમાં તર્ત આવ્યા;
તેનાં નામ કહું સુણો આપ, નામ લેતાં ટળી જાય પાપ. ૧૮

૧. પત્નિ, ગૃહિણી

દવે વિપ્ર ચતુર્ભુજભાઈ, જેની રાજમાં લાજ મનાઈ;
બાપુભાઈ રુડા વૈદરાજ, તેની પણ ઘણી રાજમાં લાજ. ૧૯
તેના તાત તો લક્ષ્મીરામ, કરે તે પણ વૈદનું કામ;
સારા શાસ્ત્રી કૃષ્ણરામ જાઓ, શાસ્ત્રી પુરપતિના તે પ્રમાણો. ૨૦
વૈદ આવ્યા વળી રામનાથ, આપા પૂરાણી પણ તેહ સાથ;
પઢી જાણે પુરાણ તે કેવા, જાણો સાક્ષાત વ્યાસજી જેવા. ૨૧
શાસ્ત્રી ત્રંબક પણ ગુણવાન, તે તો ત્રંબકદેવ સમાન;
બદરીનાથ પુત્ર પ્રમાણો, તાત તુલ્ય તે વિદ્વાન જાણો. ૨૨
દયાશંકર ને વિષ્ણુરામ, મૂળજી ત્રણે વૈદ્યનાં નામ;
દવેજી રુડા લક્ષ્મીરામ, સારા સત્સંગી સદ્‌ગુણધામ. ૨૩
કિલાભાઈ ને કેશવલાલ, દામોદર દ્વિજ સદ્ધર્મપાળ;
ગુણના નિધિ ગણપતરામ, સારા શુકલ પ્રેમાનંદ નામ. ૨૪
રામચંદ્ર સુબા મતિમંત, ભલા ભક્ત ભજે ભગવંત;
રુડા રાજેશ્રી જીવંતરાવ, ભાળ્યો તેનો તો અદ્‌ભુત ભાવ. ૨૫
રાવસાહેબ મહિરાલભાઉ, જેની કીર્તિ ગઈ ઘણા ગાઉ;
જનો જોઈ જેના ગુણસાર, કહે ગણપતિનો અવતાર. ૨૬
શાસ્ત્રી ધર્મિષ્ઠ ધીરજરામ, ભલા ભક્ત લલ્લુભટ નામ;
પ્રભાશંકર નાગર નાતે, ભજે ભગવાનને ભલિ ભાતે. ૨૭
શિવશંકર પુરુષોત્તમ, જેને સત્સંગની પડી ગમ;
ભુરોભાઈ તો વિપ્ર શ્રીગોડ, જેને કૃષ્ણ ભજ્યાના છે કોડ. ૨૮
પ્રભાશંકર વિપ્ર પવિત્ર, વિવેકી જેની બુદ્ધિ વિચિત્ર;
દાજિબા દક્ષણી દયાવંત, ભોજાજી ભજે શ્રીભગવંત. ૨૯
નારુપંતના સત્પુત્ર બાપુ, એને તો ઉપમા કેની આપું;
જેના તાતે સેવ્યા ઘનશ્યામ, જાણે સૌ હરિજન તેનું નામ. ૩૦
છોટાલાલ તો કાયસ્થ કહું, હેત હરિપદમાં તેને બહુ;
વળી ઉત્તમ નામે વકીલ, દયાવંત દિસે તેનું દીલ. ૩૧
સુત તેના ભલા દલસુખ, કહું વાણિયા ભક્ત જે મુખ્ય;
બાપુજી તથા ગિરધર ગાંધી, જેણે પ્રીતિ પ્રભુપદે સાંધી. ૩૨

કહિયે નથુ ભક્ત કંદોઇ, સત્ય માર્ગ લિધો જેણે જોઈ;
નથુ હરજી ને કૂબેરભાઈ, તેનિ ભક્તિ ભલી વખણાઈ. ૩૩
મથુર ગોકળ ને હરિલાલ, વાવરી જેણે બુદ્ધિ વિશાળ;
બીજા કૂબેર ને બાપુભાઈ, જેમાં છે ગુણગંભીરતાઈ. ૩૪
શિવલાલ ને શામળ નામ, ત્રીજા ત્રીકમપણ ગુણધામ;
સોનિ દલસુખ ને નરોત્તમ, દામોદર સોનિ પણ તેહ સમ. ૩૫
તંબોળી ઈચ્છો જેઠો કુબેર, ભજે તે પ્રભુને રુડિ પેર;
હરગોવિંદ હરિગોવિંદ, પ્રભુનાં પૂજે ચરણારવિંદ. ૩૬
આવ્યા સૂતાર ભક્ત તે ઠામ, પીતાંબર હરગોવિંદનામ;
ગંગારામ તથા બાપુભાઈ, જેને રીત રુડી સમઝાઈ. ૩૭
બાપુભાઈ બીજા તે ખુશાલ, થયા હરિ ભજીને તે નિહાલ;
પ્રેમાનંદ ને જીવણ જેહ, તર્યા ભવ પ્રભુને ભજી તેહ. ૩૮
સૂત્રધર[૧] જગજીવન આદી, ભક્ત ઈશ્વર એ તો ખરાદી[૨];
કાછિયા કહું હરજીવન, હરગોવન પણ હરિજન. ૩૯
છોટો કરસન ને જિવરામ, સેવે શ્રીહરિને આઠે જામ;
કહું લુહાર જે હરિજન, લલ્લુ ત્રીકમ ને વૃંદાવન. ૪૦
ભક્ત શીરોઈયા મારવાડી, તેનાં નામ કહું છું અઘાડી[૩];
પનોજી નરસિંહ ગોવિંદ, પ્રભુનાં પૂજે ચરણારવિંદ. ૪૧
આશો ખારવો ભક્ત તે કેવો, ગૂહ રામનો ભક્ત તે જેવો;
એહ આદિકને જે બોલાવ્યા, અતિ ઊમંગથી સહુ આવ્યા. ૪૨
સંતે વાત કહી સંભળાવી, રામેશ્વરભાઈની રુચિ આવી;
સારું રચવું શિખરબંધ ધામ, ખૂબ ખરચવા તે માંહિ દામ. ૪૩
રુચિ સૌ સતસંગીની કેવી, અમે ધાર્યું એ તો પુછી લેવી;
તેહ માટે તેડાવિયા તમને, હોય ઈચ્છા એવી કહો અમને. ૪૪
સુણિ સત્સંગિયોયે ઉચ્ચાર્યું, એ તો કામ અતીઘણું સારું;
જર પ્રાપ્ત થયું હોય જેને, એવું કરવું તે યોગ્ય છે તેને. ૪૫
ધનવંત રામેશ્વરભાઈ, તેની બુદ્ધિ પવિત્ર જણાઈ;
તેથી થૈ એવી સારી ઈચ્છાય, નહિ તો એવી ઈચ્છા ન થાય. ૪૬

૧. સુથાર ૨. સંઘાડિયા, લાકડા-ધાતુ વગેરેને ઘાટ ઉતારવાનું કામ કરનાર ૩. આગળ

અમે સૌ નિજશક્તિ પ્રમાણે, આપશું ધન જે એહ ટાણે;
કૃપા લાવી કરો અંગિકાર, કહ્યો એહ અમારો વિચાર. ૪૭
સુણિ બોલ્યા રામેશ્વરભાઇ, સાચી સતસંગની છે સગાઇ;
રાજી સત્સંગિયો થાય જેમ, તન મનથી કરીશ હું તેમ. ૪૮
કાંઇ સતસંગીએ ધન દીધું, મોટા મંદિર અર્થે તે લીધું;
પછિ શિલ્પિયો સુજ્ઞ તેડાવ્યા, પાયા મંદિર કેરા નખાવ્યા. ૪૯
વટપુરમાં પછી થયું ધામ, સારું શિખર સહિત તે ઠામ;
હતી સાલ બત્રીશાનિ ખાસી, શુદિ તેરશ વૈશાખ માસી. ૫૦
જૈને ભગવતપ્રસાદે ત્યારે, સમૈયો કર્યો વટપુર ભારે;
પ્રતિષ્ઠા પ્રતિમાઓની કરવા, તેને અંગે હોમાદિ આદરવા. ૫૧
બેસાર્યા તહાં વિહારીલાલ, પુત્રતુલ્ય ગણી તેહ કાળ;
મધ્યે લક્ષ્મીનારાયણ દેવ, હરિકૃષ્ણ સ્થાપ્યા તતખેવ. ૫૨
રાધિકા સાથે કુંજવિહારી, મૂર્તિ દક્ષિણ ખંડમાં ધારી;
શજ્યા ઉત્તરખંડમાં સ્થાપી, જેનાં દર્શનથી તરે પામી. ૫૩
ભાઇ રામેશ્વરે ત્યાં અત્યંત, જમાડ્યા ભલા બ્રાહ્મણ સંત;
દક્ષિણા દ્વિજને પણ દીધી, વેદમંત્રનિ આશિષ લીધી. ૫૪
પૂજ્યા આચાર્યને પુરી પ્રીતે, વસ્ત્ર ભૂષણ અર્પ્યાં સુરીતે;
હતું મુર્તિમાં જેહનું મન, થયાં શ્રીજી તણાં દરશન. ૫૫
કહ્યું સંતે સહુ જન પાસે, આંહિ તો મોટું ધામ ગણાશે;
જાત્રા સત્સંગિયો આવી કરશે, મનમાં મહિમા એનો ધરશે. ૫૬

**શાર્દૂલવિક્રીડિત :**

તે રામેશ્વરભાઇ બાઇ જમના જનમ્યાં ભલે જાણિએ,
જેનાં નામ પ્રભાતમાં જ ઉઠિને ઉચ્ચારમાં આણિએ; ૫૭
કીધું ઉત્તમ કામ ધામ હરિનું શોભીત સારું કર્યું,
રીઝે અક્ષરધામના અધિપતિ છે ઠીક એવું ઠર્યું. ૫૮
વાસી શ્રીવટપૂરના હરિજનો છે પુણ્યશાળી સહ,
જેણે સારી સહાયતા કરી કર્યું મંદિર મોટું બહું; ૫૯
એ તો અક્ષય પુણ્ય એહ જનનું વીતે ન વર્ષો જતાં,
તે તો પુણ્ય ન જાય જાય જુગ તો જાશે ન મેરુ જતાં. ૬૦

**પુષ્પિતાગ્રા :**

હરિસુતસુત મૂર્તિ થાપિ જેહ, સ્મરણ કરી છબિ નામ ધામ તેહ;
સુખકર તમને કથા સુણાવી, મુજ મનની સ્મૃતિ માંહિ જેહ આવી. ૬૧

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે દશમકલશે
ભૂમાનંદમુનીન્દ્ર-વાઘજીભાઈસંવાદે આચાર્યકૃતપ્રતિષ્ઠા
નિરૂપણનામષોડશો વિશ્રામઃ ॥૧૬॥*




**પૂર્વછાયો :**

ભાખે ભૂમાનંદજી ભલા, સ્નેહે સાંભળો વાઘજી ભ્રાત;
સારંગપુરની શુભ કથા, વદું તમ આગે વિખ્યાત. ૧

**ચોપાઈ :**

કષ્ટભંજન શ્રીહનુમાન, તેનું સારંગપુર થયું સ્થાન;
પ્રસર્યો જેનો પ્રૌઢ પ્રતાપ, કથા તેની સુણો હવે આપ. ૨
ગઢપુરમાં વસંતને ટાણે, સમૈયો થયો સૌ જન જાણે;
આવ્યા શ્રીરઘુવીરજી આપ, આવ્યો સંતસમાજ અમાપ. ૩
આવ્યા સૌ દેશના સતસંગી, આવ્યા સારંગપુરના ઉમંગી;
મળ્યા હરિજન ત્યાં તો હજારો, સમૈયો થયો તે ઘણો સારો. ૪

ગયા સૌ નિજ દેશ હુલાસી, ત્યારે સારંગપુરના નિવાસી;
વાઘાખાચર આદિકે આવી, રઘુવીરને વિનતિ સુણાવી. ૫
સુણો શ્રીહરિના સુત વાત, તમે જાણો છો સૌ રીતભાત;
જ્યારે સારંગપુર ઘનશ્યામ, પધાર્યા હતા કરવાને ધામ. ૬
ત્યારે અમને આપ્યું વરદાન, થાશે આ સ્થળે દેવનું સ્થાન;
તેમાં દેવ ચમત્કારી થાશે, દેશોદેશમાં તે તો મનાશે. ૭
ક્યારે તે ફળશે વરદાન, ક્યારે થાશે એવું દેવસ્થાન;
તમે છો ભગવાનના પુત્ર, માટે તેવું કરો ધામ તત્ર. ૮
એવું સાંભળી શ્રીરઘુવીરે, ગોપાળાનંદને કહ્યું ધીરે;
તમે સારંગપુરમાં વિચરજો, દેવસ્થાન ચમત્કારી કરજો. ૯
દેશોદેશમાં દેવ મનાય, ત્યાંના સત્સંગી સૌ રાજી થાય;
આજ્ઞા સ્વામિયે શીશ ચડાવી, ગયા બોટાદ ત્યાંથી સિધાવી. ૧૦
સાથે સારંગપુરના નિવાસી, ગયા બોટાદ હૈયે હુલાસી;
સ્વામિયે ત્યાં હરિકૃષ્ણદાસ, બોલાવ્યા ગોવિંદાનંદ પાસ. ૧૧
બેયને કહ્યું લૈને સમાજ, જાઓ સારંગપુર તમે આજ;
શિલાની સારી દેરી કરાવો, હનુમાનની મૂર્તિ ઘડાવો. ૧૨
કહે સ્વામિ કાના કડિયાને, તેની સંગાથે તુંપણ જાને;
હનુમાનની મૂર્તિ રૂપાળી, ઘડજે સારી રીતે સંભાળી. ૧૩
વિનતી કાને કડિયે ઉચ્ચારી, મને આવડતી નથી સારી;
કહે સ્વામિ તે સારી ઘડાશે, મારું વચન ફળીભૂત થાશે. ૧૪
સ્વામિયે કર્યું ચિત્ર વિચિત્ર, હનુમાનનું પરમ પવિત્ર;
કાના કડિયાને આપ્યુંતે વાર, કહ્યું કરજે તું આવો આકાર. ૧૫
પછી સત્સંગી સાથે સિધાવી, સાધુયે જઈ દેરી કરાવી;
માસ પાંચ વિત્યા જેહ વાર, કડિયે કરી મૂર્તિ તૈયાર. ૧૬
જનોયે મુહુરત જોવરાવ્યું, વદિ પાંચમ આસોયે આવ્યું;
ઓગણીસેં ને પાંચની સાલ, બુધવાર હતો તેહ કાળ. ૧૭
મોટા મોટા મળી હરિદાસ, ગયા બોટાદ સ્વામિનિ પાસ;
કહ્યું વિનતિ સુણીને અમારી, સ્થાપો દેવ તે પુરમાં પધારી. ૧૮

બસેં સાધુનું મંડળ લૈને, ગોપાળાનંદજી તહાં જૈને;
વિદવાન ત્યાં વિપ્ર તેડાવ્યા, વરુણીમાં વિશેષ વરાવ્યા. ૧૯
હોમ આદિકની ક્રિયા જેહ, વાઘાખાચરે ત્યાં કીધી તેહ;
પ્રતિષ્ઠામંત્ર વિપ્રે ઉચ્ચાર્યા, સ્વામિયે હનુમાન સંભાર્યા. ૨૦
ત્યાં તો આવ્યા ઘણા હનુમાન, તેનાં નામ સુણો ધરિ કાન;
એક તો કહેવાય છે દાસ, સદા જે રહે રામની પાસ. ૨૧
વૈતાળાદિક બાવન વીર, તે માંહિ વીર હનુમાન ધીર;
તે તો કૈલાસ માંહિ વસે છે, સદાશિવના સેવક તે છે. ૨૨
ત્રીજા પંચમુખી હનુમાન, તે તો ભમતા રહે સહુ સ્થાન;
ભૂત પ્રેત હજારો હજાર, તેહ સર્વના તે સરદાર. ૨૩
ચોથા છે જે શનિશ્ચર રૂપે, નવ ગ્રહમાં ગણ્યા કવિભૂપે;
એહ આદિ ઘણા હનુમાન, આવિ ઊભા રહ્યા એહ સ્થાન. ૨૪
આશા રાખીને એ સૌ હુલ્લાસે, જાણે સ્થાપના આ સ્થળે થાશે;
નિત્ય સંતસમાગમ થાય, અંતે અક્ષરધામ પમાય. ૨૫
હરિભક્તોનું રક્ષણ કીજે, પુરુષોત્તમ તે થકી રીઝે;
કહે સ્વામિને તે દયા ધરો, મારી સ્થાપના આ સ્થળે કરો. ૨૬
ત્યાં સ્વામિયે કીધો વિચાર, કેનિ કરવી પ્રતિષ્ઠા આ ઠાર;
કહ્યું કેશવદાસને ત્યારે, સમાધી કરી જાવું તમારે. ૨૭
શ્રીજીને જઇ પૂછવું ત્યાંહી, કીયા હનુમાન સ્થાપિયે આંહિ;
સમાધી કરિ કેશવદાસે, જૈને પુછ્યું મહાપ્રભુ પાસે. ૨૮
ત્યારે શ્રીજિયે વાણી ઉચ્ચારી, જેણે સેવા સજી છે અમારી;
જેણે સીતા તણી શુદ્ધ લીધી, જેણે કૃત્યા નિકંદન કીધી. ૨૯
ભક્તિધર્મને વન માંહિ મળ્યા, તેને શાંતિ પમાડીને વળ્યા;
વનમાં બહુવાર વિચરી, એણે સેવા અમારી છે કરી. ૩૦
એ તો છે અમારા કુળદેવ, તેને સ્થાપો તહાં તતખેવ;
તેની જે કોઈ માનતા કરશે, તેનાં સંકટ સર્વ તે હરશે. ૩૧
એને પ્રેમથી પૂજવા જાશે, તેના સિદ્ધ મનોરથ થાશે;
ભૂતપ્રેતનાં નડતર ભારી, તે તો કાઢશે પોતે પ્રહારી. ૩૨

દેશોદેશમાં વિખ્યાત થાશે, જનના સંઘ આવશે પાસે;
અમે ધાર્યું'તું કરવાનું ધામ, તેવું ધામ થશે તેહ ઠામ. ૩૩
સંતમંડળ રહેશે સદાય, ધન્યભાગ્ય તે પુરનાં ગણાય;
અમે લીલા ઘણી કરી ત્યાંય, માટે તીર્થ તે શ્રેષ્ઠ મનાય. ૩૪
જન તીર્થ અમારાં જે કરશે, તે તો સારંગપુરમાં વિચરશે;
એવી વાત કહી અવિનાશે, તે તો સાંભળી કેશવદાસે. ૩૫
પછી ત્યાં થકી દેશમાં આવી, વાત સર્વ સહૂને સુણાવી;
સુણી શ્રીમુખ કેરાં વચન, હરખ્યા સરવે હરિજન. ૩૬
દાસ હનુમાન બોલિયા વાણી, સીતાની સુધ તો મેં જ આણી;
વળી શ્રીજીની સેવા મોઝાર, હતો સરવત્ર હુંજ તૈયાર. ૩૭
સુણી રાજી થયા સહું સંત, કહ્યું સ્થાપવા આ હનુમંત;
એણે શ્રીજીની સેવા કરી છે, એ જ કાળભૈરવના અરી છે. ૩૮
પછી તેની પ્રતિષ્ઠા ત્યાં કરી, ગયા બીજા નિરાશ તે ફરી;
કષ્ટભંજન નામ ઠરાવ્યું, ગોપાળાનંદને મન ભાવ્યું. ૩૯
મૂર્તિ સ્વામિયે જોઇ વિશેષ, હનુમાને ત્યાં કીધો પ્રવેશ;
દૃષ્ટે દૃષ્ટિ મળિ અનુરાગી, ત્યાં તો મૂર્તિ તે ધ્રૂજવા લાગી. ૪૦
જાણ્યું બોલશે હમણાં જ બોલ, સૌને અચરજ ઉપજ્યું અતોલ;
શુકાનંદ ને ગોવિંદાનંદ, તેઓને કહે ગોપાળાનંદ. ૪૧
તમે નૈષ્ઠિક છો બ્રહ્મચારી, તમે બેમાંથી એક વિચારી;
પૂજા પ્રથમ તો કરવી તમારે, સારા સોળ સજી ઉપચારે. ૪૨
શુકાનંદે વાણી સુણી લીધી, પૂજા ષોડશ ઉપચારે કીધી;
ધૂપ દીપને નૈવેદ્ય ધરિયાં, તયારે હરિજન થાળ ઉચરિયા. ૪૩

**અથ થાળ : દુર્ગપુરે હરિ આવિયા એક સમે અલબેલ, એ રાગ છે :**

કર જોડી વિનતી કરું, હે હનુમંતાવીર;
કનકકઈશ લાવી ધરું, ભરીને નિર્મલ નીર. ૪૪
બેસવા બાજઠ લાવીને, આંહી ઢાળ્યો છે આજ;
એ ઉપર આપ આવીને, બેસો જમવા કાજ. ૪૫

થાળ ભલો લાવું ભરી, વિધવિધનાં પકવાન;
આરોગો કરુણા કરી, મેવા અને મિષ્ટાન. ૪૬
ભાવે તમને જે ભલું, તે જમજો તતખેવ;
અરજ કરી કહું એટલું, હે હનુમંતા દેવ. ૪૭
જમો જલેબી ને લાડવા, પેંડા પુરી દુધપાક;
મનને શાંતિ પમાડવા, સારાં સારાં જમો શાક. ૪૮
બાસુંદી ખીરવડાં[૧] બાકળા[૨], જમો કરો જળપાન;
આરોગતાં કાંઈ આકળા, થશો નહીં આ સ્થાન. ૪૯
સેવો અને સુંવાળિયો, શીરો સારો કંસાર;
ધારીપુરી છે રસાળિયો, તાજી કરી તૈયાર. ૫૦
કેળાં કેરી રસ પોળિયો, છે વળી છૂટી દાળ;
ઝાઝી ઘીમાં ઝબોળિયો, રોટલી ઝીણી રસાળ. ૫૧
છે ખાજાં ને ખૂરમાં[૩], બરફી બદામપાક;
ચોળીને પીરસ્યાં ચૂરમાં, એમાં સ્વાદ અથાક. ૫૨
ટોપરાપાક તલસાંકળી, મગદળ મોહનઠાર;
ગળપાપડી[૪] પણ છે ગળી, ભજીયાં સજીયાં સાર. ૫૩
પુડલા જમજો પ્રીતથી, પાપડ પૂનમચંદ;
રચ્યા છે રુડી રીતથી, ઉપજે જોઈ આનંદ. ૫૪
માલપુડા મનમાનતા, પુરણ પોળીપાસ;
રખે હૃદયમાં જાણતા, એમાં ઓછી મીઠાશ. ૫૫
ગુંદવડાં[૫] ને ગાંઠિયા, ફાફડા ફરસા[૬] હોય;
મેવા જમો મહિકાંઠિયા[૭], સરસ કહે સહુ કોય. ૫૬
જમો સીતાફળ જામફળ, સીંગો તથા સેતુર;
રુડાં રસીલાં રામફળ, ખારેક દ્રાક્ષ ખજૂર. ૫૭
દાડમના દાણા જમો, રાયણ છે રસદાર;
તે તો જમનારા તમો, વિધવિધ વનમોઝાર. ૫૮

૧. ચોખાની એક જાતની મીઠાઈ ૨. બાફેલું કઠોળ ૩. દૂધની સાથે રાંધેલ સેવ ૪. સુખડી ૫. ગુલાબજાંબુ ૬. સ્વાદિષ્ટ ૭. મહિનદીનાં કાંઠા ઉપર આવેલા પ્રદેશમાં ઉત્પન્ન થતું

રુડાં કર્યા છે રાઈતાં, જમો અથાણાં આપ;
છે તે સર્વ સુહાઈતાં[૧], નિર્મળ ને નિષ્પાપ. ૫૯
સાકર સારી મેળવી, પીયો કઢેલાં દુધ;
ભલી ઈલાયચી ભેળવી, સુરભિનાં[૨] છે શુદ્ધ. ૬૦
જમો બિરંજ બહુ ભલો, કડી વડી ને દાળ;
ભાત ભલો છે ઉજળો, જમજો દીનદયાલ. ૬૧
તૃપ્ત થઈને ચળુ કરો, મુખમાં લ્યો મુખવાસ;
કરુણાનાથ કૃપા કરો, માગે પ્રસાદી દાસ. ૬૨
થાળ ગાયો સ્થિર થૈ અમે, સુણો કપીશ[૩] કૃપાળ;
સેવ્યા છે સ્નેહે તમે, વિશ્વવિહારીલાલ. ૬૩

**ચોપાઈ :**

આરતી શુકાનંદે ઉતારી, એ સમે ઉત્સવ ભારી;
વાજાં વાગિયાં વિવિધ પ્રકાર, બોલે જન સહુ જયજયકાર. ૬૪
મુરતીમાં ભલું તેજ ભાસે, જાણે કોટિક ચંદ્ર પ્રકાશે;
સંત હરિજન આરતિ ગાય, સૌને અંગ ઉમંગ ન માય. ૬૫

**અથ આરતી :**

જય દેવ જય દેવ, જય જતિ હનુમંતા જય જતિ હનુમંતા;
પ્રભુપદ ધ્યાન ધરંતા, બહુવિધ બળવંતા ॥જય॥...ટેક.
જય સારંગપુરવાસી, નિજજન સુખરાશી;
શ્રીરઘુવીર ઉપાસી, રણજય અભ્યાસી ॥જય॥ ૬૬
જયજય કષ્ટવિભંજન, જનમનરંજન છો;
રંજિત દેવ નિરંજન, ખળબળગંજન છો ॥જય॥ ૬૭
જયજય અંજનીનંદન, સુરનરવંદન છો;
ચર્ચિત સિંદુર ચંદન, કલુષનિકંદન છો ॥જય॥ ૬૮
જય નૈષ્ઠિક વ્રત ધારી, કપિવર કૃત્યારી;
ભૂતાદિક ભયહારી, રાક્ષસક્ષયકારી ॥જય॥ ૬૯

---

૧. શોભતા, પસંદ પડે તેવા ૨. ગાય ૩. હનુમાનજી

જય નિગમાગમ જ્ઞાતા, સુખસંપત દાતા;
વિશ્વ વિષે વિખ્યાતા, ત્રિભવનના ત્રાતા[1] ॥જય॥ ૭૦
જય બાળા બજરંગી[2], સંત તણા સંગી;
કરી હરિભક્તિ અભંગી, અંતર ઊમંગી ॥જય॥ ૭૧
જય હનુમાન હઠીલા, કરિ અદભુત લીલા;
થઈ રણરંગ રસીલા, તોડ્યા કઈ કીલ્લા ॥જય॥ ૭૨
બુદ્ધિ વિચારિ તમારી, જઈયે બલિહારી;
ભજી વ્રજલાલવિહારી, કરિ કરણી સારી ॥જય॥ ૭૩

**પૂર્વછાયો :**

એમ ઉતારી આરતી, પુષ્પ અંજલી કરિ ભલિભાત;
સ્તુતિ ઉચ્ચારીને કહું, સુણો વાઘજીભાઈ વિખ્યાત. ૭૪

**અથ સ્તુતિ : વસંતતિલકા :**

સારંગ નામ પુરવાસી સદા વિલાસી,
અભ્યાસી જોગકળના જગથી ઉદાસી;
સ્નેહે કરો સ્વજનની પરિપૂર્ણ આશ,
હે કષ્ટભંજન કપીશ્વર કૃષ્ણદાસ. ૭૫
જે ભૂત પ્રેત જનને ભયભીત કારી,
તેને તમે દૂર કરો પળમાં વિદારી;
છે તીવ્ર ઉગ્ર અતિશે તનનો પ્રકાશ,
હે કષ્ટભંજન કપીશ્વર કૃષ્ણદાસ. ૭૬
વૈતાલ[3] વ્યંતર[4] પિશાચણિ[5] ડાકિણીયો[6],
કૂષ્માંડ[7] ભૈરવ નિશાચર શાકિણીયો[6],
જે મૂઠ ચોટ વળગાડ કરો વિનાશ,
હે કષ્ટભંજન કપીશ્વર કૃષ્ણદાસ. ૭૭

**૧.** રક્ષણ કરનાર, તારનાર **૨.** વજ્ર જેવા મજબૂત અંગોવાળા **૩.** ભૂતનો રાજા **૪.** એક પ્રકારના હલકા દેવ **૫.** ભૂત-પ્રેતનો એક પ્રકાર **૬.** સ્ત્રી જાતીનું એક ભયંકર અને હઠીલું ભૂત **૭.** એક પ્રકારનો અધમ દેવ

જે હોય બીકણ જનો ડરિ ભાગનાર,
તેને તમે અધિક હીમત આપનાર;
કાઢો સદા જન તણા મનની કચાશ,
હે કષ્ટભંજન કપીશ્વર કૃષ્ણદાસ. ૭૮
જે શુદ્ધ બુદ્ધિથી જપે તવ મંત્રજાપો,
તેને વિશેષ ધન પુત્ર કળત્ર[1] આપો;
થાપો વળી વદન વાણી વિષે મિઠાશ,
હે કષ્ટભંજન કપીશ્વર કૃષ્ણદાસ. ૭૯
દેશાંતરેથી જનના બહુ સંઘ આવે,
પૂજા કરે પરમ ભેટ ભલી ધરાવે;
આવી નમે અમર ને નર આપ પાસ,
હે કષ્ટભંજન કપીશ્વર કૃષ્ણદાસ. ૮૦
છો આપ નિત્ય સુખસંપતિ આપનાર,
કર્મે લખ્યાં અસુખને પણ કાપનાર;
આપ પ્રતાપથી કરે વિબુધો[2] વિલાસ,
હે કષ્ટભંજન કપીશ્વર કૃષ્ણદાસ. ૮૧
સેવો તમે પ્રભુ તણા પદ સર્વકાળ,
વાલા ગણી અધિક વિશ્વવિહારિલાલ;
જે પૂજનાર તમને ન રહે નિરાશ,
હે કષ્ટભંજન કપીશ્વર કૃષ્ણદાસ. ૮૨

**પૂર્વછાયો :**

ખાંત ધરી વાઘાખાચરે, કરિ પૂર્ણાહુતિ રુડિપેર;
આપી દ્વિજોને દક્ષિણા, ઘણિ વાત ચાલી ઘેરઘેર. ૮૩
વિપ્રને સંત જમાડિયા, જમ્યું સારંગપુર બધું ગામ;
માણસ સૌ હનુમાનને, ધરિ ભેટ કરે છે પ્રણામ. ૮૪
કષ્ટભંજન દેવની કને, વળી રાત્રિએ ઉત્સવ થાય;
પોઢણને સમે પ્રેમથી, જન પોઢણનું પદ ગાય. ૮૫

૧. સ્ત્રી ૨. દેવો, વિદ્વાનો

**અથ પોઢણનું પદ : રાગ બિહાગ :**

**પોઢે પ્રભુ સકલ મુનીકે શ્યામ, એ રાગ છે :**

પવનપુત્ર ઉદાર પોઢો પ્રભુ પવનપુત્ર ઉદાર;
ભક્તરંજન કષ્ટભંજન ગંજન[1] અસુર અપાર..પોઢો૦...ટેક.
કદળિપત્રની[2] કોમળ સુંદર સેજ બિછાવી છે સાર;
ચંપા ચંબેલી ને જાઈ જુઈનાં કુસુમ છે સુખકાર..પોઢો૦ ૮૬
આસોપાલવનાં તોરણો તણો સેજે દિસે શણગાર;
પવન પુષ્પનો પંખવો લઈ કિંકર છે કરનાર..પોઢો૦ ૮૭
રાગ બિહાગ આળાપિને કરે અમર મળી ઉચ્ચાર;
અવર નર વર આપની આગળ હાજર રહેશે હજાર..પોઢો૦ ૮૮
આપ તણા જશ ઉચ્ચરે છે બહુ જન ઠારોઠાર;
ચારે વેદ ને શાસ્ત્ર ખટ વળી ગાય પુરાણ અઢાર..પોઢો૦ ૮૯
ભાવ થકી તમને ભજે સહુ ભૂમિ તણા ભરતાર;
છો તમે નાથ અનાથના વળી નિરાધારઆધાર..પોઢો૦ ૯૦
આપ જેવા શુચિ સંતની જેઓ માને શિખામણ સાર;
તે તો પ્રગટ પ્રભુને ભજીને પામશે ભવજળપાર..પોઢો૦ ૯૧
અંજનીના તમે એક છો કપિવર કોડીલા કુમાર;
કર ઉપર ગિરિવર ધર્યો પણ ભાસે ન તમને ભાર..પોઢો૦ ૯૨
સાગર કુદીને સંચર્યા તમે કરી સીતાની વાર;
વિશ્વવિહારીલાલના તમે સેવક સુખભંડાર..પોઢો૦ ૯૩

**પૂર્વછાયો :**

સેવક જે હનુમાનના, જ્યારે જામનિ વીતી જાય;
જગાડે જૈ હનુમાનને, રુડો રાગ પ્રભાતી ગાય. ૯૪

**અથ પ્રભાતી;**

**લોચન લોભાણાં રે બેની મારાં લોચન લોભાણાં, એ રાગ છેઃ**

જાગો રે કષ્ટભંજનકારી જાગો રે જાગો રે.
સેવક જનનાં સંકટ સરવે ભાગો રે ભાગો....ટેક૦

૧. ભાંગવું, તોડવું, નાશ કરવું ૨. કેળના પાન

અંજનિમાતા આવી જગાડે મધુર વદી વાણી;
ઉઠોરે મારા કુંવર આપું દાતણ ને પાણી..જાગો રે૦ ૯૫
અંગદ ને સુગ્રીવ આવ્યા છે મળવાને માટે;
લાડકડા જો લોક ફરે છે વાટે ને ઘાટે..જાગો રે૦ ૯૬
વેગળા ઢુકડા ઢુકડા કુકડા બોલ્યા શુકડા[1] સૌ જાગ્યા;
ભક્ત હરિના ભાવે પ્રભાતી ગાવાને લાગ્યા..જાગો રે૦ ૯૭
સુરજ ઉગ્યો ને સરસિજ[2] ફૂલ્યાં રાત ગઈ વીતી;
વેદના પાઠી વેદ ભણે છે પૂર્ણ ધરી પ્રીતી..જાગો રે૦ ૯૮
સતી સીતાએ વનફળ વીણી રાખ્યાં તુજ કાજે;
કહે છે જો હનુમાન આવે તો આ આપું આજે..જાગો રે૦ ૯૯
સંત હરીજન શ્રીહરિકેરું ધ્યાન ધરી બેઠા;
તીરથવાસી તીરથ જળમાં નાવાને પેઠા..જાગો રે૦ ૧૦૦
વજકછોટો વેગથી વાળો ધારો ગદા હાથે;
સીધાવવાને તતપર થાઓ શ્રીરઘુવર સાથે..જાગો રે૦ ૧૦૧
લાડકડા તને લક્ષ્મણ તેડે સ્નેહે સંભારી;
વનમાં દશરથલાલવિહારી વાટ જુવે તારી..જાગો રે૦ ૧૦૨

**પૂર્વછાયો :**

ભાખે ભૂમાનંદજી ભલા, સ્નેહે સાંભળો વાઘજીભાઈ;
તે હનુમાનની માનતા, પછી ચાલી ઘણા દેશમાંઈ. ૧૦૩
રોગ મટાડ્યા કૈકના, કાઢ્યા કૈક તણા વળગાડ;
સંતાન કૈકને સાંપડ્યા, જીત્યા રાજકચેરિયે રાડ. ૧૦૪
લાભ લીધો ધનનો ઘણો, કર્યો માનતા કરિને વેપાર;
મૂરખ પણ વિદ્યા ભણ્યા, કષ્ટભંજનનો ઉપકાર. ૧૦૫
કુસંગિપણ દેશોદેશથી, કરે માનતા આવી અનેક;
કહે સહુ કળિકાળમાં, કષ્ટભંજન દેવ છે એક. ૧૦૬
માને ઘણી ઘણિ માનતા, સહુ હિંદુ ને મૂસલમાન;
ચમતકારની વાતો ચાલી, તે જાણે સકળ જહાન[3]. ૧૦૭

૧. પોપટ, એક જાતના પક્ષીઓ ૨. કમળો ૩. જગત, વિશ્વ

સોસો મણ સુધિ તેલ ત્યાં, કોઈ આવી ચડાવે આપ;
તોરણ ચંદરવા[1] ચડે, જરિયાનના[2] મૂલ અમાપ. ૧૦૮
સોના રુપાનાં છત્ર ત્યાં, કોઈ ચાહિ ચડાવા જાય;
ફળે મનોરથ જેહના, કહો તેનાથી શું ન કરાય. ૧૦૯
પછી ગોપાળાનંદજી, ગયા બોટાદ સંતસહીત;
ત્યાં સતસંગી મળી સહુ, કરી વિનતિ ધરિ ઉર પ્રીત. ૧૧૦
આંહી શ્રીહરિ બેઠા હતા, સાથે લઈને સંતસમાજ;
ચરણ આરસપાણનાં, પધરાવો આંહી મુનિરાજ. ૧૧૧
પછી ચરણ પધરાવિયાં, ચારુ ઓટો ચણાવી ત્યાંય;
બહુ હરિજન બોટાદના, પામ્યા આનંદ અંતરમાંય. ૧૧૨
કષ્ટભંજનની આ કથા, જન સુણે સુણાવે જેહ;
કષ્ટ સકળ તેનાં ટળે, સુખસંપત્તિ પામે તેહ. ૧૧૩
પરત આ આખ્યાનની, વહેંચે જન માંહિ વિશેષ;
પાઠ કરે પ્રતિદિવસ તો, રિઝે શ્રીહનુમાન હમેશ. ૧૧૪

**પુષ્પિતાગ્રા :**

જય હનુમત કષ્ટભંજનાખ્ય, જનસુખકારિ શઠારિ[3] છો સદાખ્ય;
તવ ગુણ સુણનાર જે સુધર્મી, સુખમય તેહ સદા થજો સુકર્મી. ૧૧૫

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે દશમકલશે ભૂમાનંદમુનીન્દ્ર-વાઘજીભાઈસંવાદે સારંગપુરે ગોપાળાનંદમુનિ-શ્રીકષ્ટભંજન-હનુમાનસ્થાપનનાસપ્તદશો વિશ્રામઃ ॥૧૭॥*

**પૂર્વછાયો :**

વાઘજીભાઇ સુણો વળી, ભૂમાનંદમુની મુખ ગાય;
કથા કહું વિષ્ણુયાગની, જે છે સુણવા યોગ્ય સદાય. ૧

**ચોપાઈ :**

ચરોત્તરમાં છે માણજ ગામ, પાટિદાર રહે તેહ ઠામ;
ગુણસાગર ગોવિંદદાસ, જેણે ઓળખ્યા શ્રી અવિનાશ. ૨

૧. ભરત ભરેલું માંડવાનું કપડું ૨. સોનાના રત્ન જડીત ઘરેણા ૩. ઠગના શત્રુ

તેના બે પુત્ર પામ્યા ભલાઈ, દેશાઈભાઈ મથુરભાઈ;
દેશાઈભાઈના પુત્ર ચાર, તેમાં મૂળજિ મોટા ઉદાર. ૩
પ્રભુદાસ ભગુ રણછોડ, ચારે ભાઈની ઉત્તમ જોડ;
કાકા મથુર સહિત તે પંચ, સંપ છોડે નહી કદિ રંચ. ૪
અખંડાનંદનો ઉપદેશ, લાગ્યો પાંચેને પરમ વિશેષ;
તેથી સત્સંગી તે થયા સારા, પ્રેમે પ્રગટ પ્રભુ ભજનારા. ૫
દેવ લક્ષ્મીનારાયણ અર્થે, તેણે વાવર્યું અગણિત ગર્થે[1];
ભેટ ભૂષણ વસ્ત્રની દીધી, પૃથિવી પણ અર્પણ કીધી. ૬
વળી દાગિના આપીને એવા, રઘુવીર આચારજ સેવ્યા;
તેનું ભક્તપણું ભલું જોઈ, વખાણે સહુ વિસ્મિત હોઈ. ૭
શુકાનંદ તણો ઉપદેશ, વળી સાંભળ્યો તેણે વિશેષ;
મૂળજીભાઈની સ્થિતિ કેવી, વિદેહી દિસે જનકના જેવી. ૮
જેમ કમળ રહે જળમાંય, પણ જળમાં ન તેહ લેપાય;
તેમ સંસારમાં વસી વાસ, રહે સંસારથી તે ઉદાસ. ૯
પછી ભગવત્પ્રસાદજી જ્યારે, પામ્યા આચાર્યનું પદ ત્યારે;
તેની પણ સજી તેવી જ સેવા, નરજન્મ તણું ફળ લેવા. ૧૦
મોટા સંતોને કીધા પ્રસન્ન, તેની સમજણ તો ધન્ય ધન્ય;
પછી કાંઈ જતાં વળી કાળ, થયા આચાર્ય વિહારીલાલ. ૧૧
ત્યારે મૂળજિભાઈએ આવી, કર જોડીને વિનતિ સુણાવી;
શિક્ષાપત્રીમાં શ્રીમહારાજે, કહ્યું છે ધનવંતને કાજે. ૧૨
જઈ તીરથમાં રુડિરીતે, પુરશ્ચરણ કરાવવાં પ્રીતે;
માટે આપ કહો મને જેહ, પુરશ્ચરણ કરાવું હું તેહ. ૧૩
જેથી શ્રીહરિ થાય પ્રસન્ન, નથી ઈચ્છા મારે મન અન્ય;
સુણિ બોલિયા વિહારીલાલ, ધન્ય બુદ્ધિ તમારી વિશાળ. ૧૪
ઈચ્છો છો પ્રભુ કરવા પ્રસન્ન, ત્યારે સાંભળો મારું વચન;
શાસ્ત્ર સત્સંગિજીવન જેહ, સતસંગનું જીવન તેહ. ૧૫
જેમાં પ્રગટ પ્રભૂનાં ચરિત્ર, કહ્યાં છે અતિ પરમ પવિત્ર;
જેમ સર્વોપરી અવતાર, તેમ સર્વોપરી શાસ્ત્રસાર. ૧૬

૧. ધન

તે તો સત્સંગિજીવન જાણો, ઈષ્ટ આપણાનું તે પ્રમાણો;
પુરશ્ચરણ તો તેનું કરાવો, વરુણે વિપ્ર વર્ણિ વરાવો. ૧૭
પુણ્ય મોટું નથી એથી અન્ય, થાશે શ્રીહરિ તેથી પ્રસન્ન;
શાણા આચાર્યે વાત સુણાવી, મૂળજીભાઈને મન ભાવી. ૧૮
વળી બોલ્યા તે મૂળજીભાઈ, સુણો સત્સંગિના સુખદાઈ;
ધન ખર્ચવું તે તો અમારે, ક્રિયા સર્વ તો કરવી તમારે. ૧૯
જેથી હોમઆદી જે જે થાય, તે તો વેદોક્ત સર્વ કરાય;
ત્યારે બોલિયા લાલ વિહારી, કરશું જેવી ઈચ્છા તમારી. ૨૦
તેડાવ્યા વરણી મતિમાન, વિપ્ર તેડાવિયા વિદ્વાન;
મહાતીર્થ વૃત્તાલય વાસે, દેવ લક્ષ્મીનારાયણ પાસે. ૨૧
ધર્મવાન તે વિદ્વાન ધાર્યા, કરવા પુરશ્ચરણ બેસાર્યા;
સતસંગિજીવન તણા પાઠ, કરાવ્યા એક સો અને આઠ. ૨૨
નૈમિષારણ્યમાં મુનિ જેમ, વેદપાઠ કરે મળિ તેમ;
કરે પાઠ મુની નિરદોષ, થાય મંદિરમાં ઘણો ઘોષ. ૨૩
પછી હોમ આદિ ક્રિયા કરવા, કુંડ મંડપ આદિ આદરવા;
વિપ્ર હરિપ્રસાદ તેડાવ્યા, ઉમરેઠ થકી એહ આવ્યા. ૨૪
તેડાવ્યા તહાં શિલ્પિ સુજાણ, કર્યો મંડપ શાસ્ત્રપ્રમાણ;
નારાયણમોલ આગળ જ્યાંય, બિરાજેલા મહાપ્રભુ ત્યાંય. ૨૫
વૃદ્ધ સંત જનો એમ કહે, મુળજીભાઈના પિતામહે;
શ્રીજી પાસે લિધાં વર્તમાન, કર્યો મંડપ કુંડ તે સ્થાન. ૨૬
આચાર્ય શ્રીવિહારિજીલાલ, હોમ કરવા બેઠા તેહ કાળ;
રામનવમીએ હોમ આદર્યો, પૂર્ણમાસિએ પૂરણ કર્યો. ૨૭
વર્ષ વિક્રમ કેરું કહીશ, ઓગણીશસેં ને બેતાળીશ;
સમૈયો હતો તે સમે સારો, હરિભક્ત મળેલા હજારો. ૨૮
ક્રિયા કીધિ વેદોક્ત પ્રમાણે, શોભા સારી થઈ તેહ ટાણે;
ચારે વેદના વિપ્ર વરેલા, જેણે વેદ તો પાઠે કરેલા. ૨૯
પરનાળે હોમ્યું ઘણું ઘૃત દ્રવ્ય સુફળ કર્યું પ્રભુદત્ત;
કરી પૂર્ણાહુતી રુડી રીતે, દ્વિજને દીધિ દક્ષિણા પ્રીતે. ૩૦

વર્ણિયોને તો પુસ્તક આપ્યાં, હતાં તે તો લખેલાં કે છાપ્યાં;
વસ્ત્ર ભૂષણથી તતખેવ, પૂજ્યા લક્ષ્મીનારાયણદેવ. ૩૧
પૂજા આચાર્યની પણ કરી, વસ્ત્ર ભૂષણની ભેટ ધરી;
સર્વ સંતોને વસ્ત્ર ઓઢાડ્યાં, ભલાં ભોજન સૌને જમાડ્યાં. ૩૨
જમ્યા વિપ્ર હજારોહજાર, દ્રવ્ય વાવર્યું એમ અપાર;
ઘણા રાજિ કર્યા ઘનશ્યામ, રાખ્યું આ જગમાં પણ નામ. ૩૩
ધન્ય ધન્ય તે મૂળજીભાઇ, જેની સમઝણ સારિ ગણાઈ;
એના યજ્ઞનો સાંભળિ સાર, કરશે એમ કોઈ ઉદાર. ૩૪

**પૂર્વછાયો :**

જજ્ઞ કર્યા થકિ જશ વધ્યો, મૂળજીભાઇનો જગમાંય;
કાકા મથુરના મન વિષે, એ જ માસમાં ઉપજિ ઇચ્છાય. ૩૫

**ચોપાઈ :**

તેણે વિચરીને વરતાલ, કહ્યું સુણો વિહારિજીલાલ;
મને આજ્ઞા આપો જો તમારી, જજ્ઞ કરવાની ઇચ્છા છે મારી. ૩૬
માટે જજ્ઞ તમે કહો જેવો, અતિહર્ષથિ હું કરું એવો;
ત્યારે ઉત્તર આચાર્યે કહ્યો, એક યજ્ઞ તો આ સ્થળે થયો. ૩૭
તમે તો કરો ગામ તમારે, તહાં આવવું નક્કી અમારે;
સંત વર્ણિ ને પાર્ષદ સંગે, અમે આવશું લૈને ઉમંગે. ૩૮
વેદમૂર્તિ છે હરિપ્રસાદ, તે તો જાણે છે વેદના વાદ;
તેને સાથે લઈને સિધાવો, કુંડ મંડપ જૈને કરાવો. ૩૯
ગયા તે સુણી માણજ ગામ, જોવરાવ્યું મુહૂર્ત તે ઠામ;
દિન અક્ષયતૃતીયાનો આવ્યો, કુંડ મંડપ સારો કરાવ્યો. ૪૦
આચારજજી લઈને સમાજ, ગયા માણજમાં મહારાજ;
શાસ્ત્રી વટપુરના બદ્રિનાથ, તેને પણ તહાં લઈ ગયા સાથ. ૪૧
સપ્તમી સુધિ યજ્ઞનું કામ, થયું સારી રીતે તેહ ઠામ;
થયું યજ્ઞસમાપન જ્યારે, સારું રૂપાનું પારણું ત્યારે. ૪૨
દેવઅર્થે તે અર્પણ કીધું, લક્ષ્મીનારાયણાર્થે તે લીધું;
આચારજની પૂજા ભલી કરી, વસ્ત્ર ભૂષણની ભેટ ધરી. ૪૩

દ્વિજને દીધાં દક્ષિણાદાન, જેને જેમ ઘટે તે સમાન;
સર્વ સંતને વસ્ત્ર ઓઢાડ્યાં, ભલાં ભોજન સૌને જમાડ્યાં. ૪૪
જમાડ્યું તહાં તો આખું ગામ, પરદેશિ સહિત તમામ;
વખણાયો જગન એહ વાર, થયો જગતમાં જયજયકાર. ૪૫
જજ્ઞ ઊપર આવેલા જેહ, ગયા તે સહુને સ્થળ તેહ;
વિષ્ણુયાગ તણી તેહ વાત, ગામોગામ થઈ જ વિખ્યાત. ૪૬
ભૂમાનંદ ભણે સુખદાઈ, સ્નેહે સાંભળો વાઘજીભાઈ;
કથા સાંભળવા જોગ્ય જાણી, કહિ મેં તમ પાસ વખાણી. ૪૭
વળી એક કથા કહુ બીજી, તમે સાંભળો અંતરે રીઝી;
ગામ માણજના રહેનાર, ધોરિભાઈ ભલા પાટીદાર. ૪૮
તેના પુત્રનું મૂળજી નામ, સારા તે પણ સદગુણધામ;
શુકાનંદ તણો ઉપદેશ, સુણિ સત્સંગ કીધો વિશેષ. ૪૯
અખંડાનંદ વર્ણિની વાત, વળી સાંભળી એણે અઘાત;
પ્રભુ પ્રગટનો નિશ્ચય થયો, લવલેશ ન સંશય રહ્યો. ૫૦
એણે પણ વરતાલમાં આવી, આચારજજીને અરજ સુણાવી;
પ્રભુઅરથે જે ધન વવરાય, એ જ જાણું છું સાર્થક થાય. ૫૧
માટે આ બતાવો જે રીતે, કરું તે મનમાં ધરિ પ્રીતે;
ત્યારે બોલ્યા આચારજ આમ, તમે કીધાં છે પુણ્યનાં કામ. ૫૨
દેવઅર્થે થઈ સાવધાન, દીધું છે તમે ભૂમિનું દાન;
સતસંગના ધર્મ ધર્યા છે, મોટા સંતને રાજી કર્યા છે. ૫૩
તોય ઈચ્છા જો હોય તમારી, કરો હું કહું તેહ વિચારી;
હરિકૃષ્ણનું મંદિર એ છે, તેની પાછળનો ચોક જે છે. ૫૪
શ્રીજી બેઠા છે ત્યાં ઘણીવાર, કરી લીલા અનેક પ્રકાર;
સ્થાપ્યા બેય આચારજ જ્યારે, કરી સ્થાપના એ સ્થળે ત્યારે. ૫૫
મહિમા છે તે ભૂમિનો મોટો, માટે એક કરાવો ત્યાં ઓટો;
થાય આરસ પાણનો સારો, વધશે જશ તેથી તમારો. ૫૬
રાજી થાશે સહૂ હરિજન, થાશે શ્રીહરિ પૂર્ણ પ્રસન્ન;
મૂળજીભાઈને ગમી વાત, સુણિ હૃદયે થયા રળિયાત. ૫૭

દ્રવ્ય ખર્ચિને ઓટો કરાવ્યો, ભલો સૌ હરિભક્તને ભાવ્યો;
પુણ્ય સ્થાન થયું એહ ઠામ, કરે છે જન સર્વ પ્રણામ. ૫૮
કર્યાં એવાં એવાં કામ જેણે, જનજન્મ સુફળ કર્યો તેણે;
સુણે જો એવા જનનિ કથાય, સુણનારનું મન શુદ્ધ થાય. ૫૯

**પુષ્પિતાગ્રા :**

હરિજનકૃત વિષ્ણુયાગ જેહ, પરમ પવિત્ર કથા ગણાય તેહ;
જનમન સુણતાં પવિત્ર થાય, પરમ પ્રભુનિ કૃપાથિ પાપ જાય. ૬૦

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે દશમકલશે ભૂમાનંદમુનીન્દ્ર-વાઘજીભાઈસંવાદે માણજગ્રામનિવાસી હરિજનકૃત વિષ્ણુયાગાદિવર્ણનનામ અષ્ટાદશો વિશ્રામઃ ॥૧૮॥*

**પૂર્વછાયો :**

કથા ભૂમાનંદજી કહે, સુણો વાઘજીભાઈ સુજાણ;
વાત કહું વરતાલની, જે છે જાણવા જોગ્ય પ્રમાણ. ૧

**ચોપાઈ :**

ગામ વરતાલમાં જ્યારે જ્યારે, આવતા હતા શ્રીહરિ ત્યારે;
ભક્ત વાસણ સુતાર ઘેર, પ્રભુ ઊતરતા શુભપેર. ૨
એક ઓરડીમાં વાસ કરી, દેતા દર્શન સર્વને હરિ;
થઈ જગ્યા તે પરમ પવિત્ર, એનું માહાત્મ્ય તો છે વિચિત્ર. ૩
પ્રભુને લાગી જગ્યા તે પ્યારી, વાત એક દિન એવી ઉચ્ચારી;
હવેલી એહ જગ્યાયે થાશે, એનું માહાત્મ્ય મોટું મનાશે. ૪

**પૂર્વછાયો :**

વાઘજીભાઇ પછી વદે, ભલા સાંભળો ભૂમાનંદ;
ક્યારે હવેલી ત્યાં થઇ, કથા તેહ કહો સુખકંદ. ૫

**ચોપાઈ :**

ભૂમાનંદ કહે સુણો ભાઇ, કથા એહ કહું સુખદાઇ;
આચારજ થયા વિહારીલાલ, તેણે વાત જાણી કોઈ કાળ. ૬

ઘર વાસણ સુતાર કેરું, પ્રસાદીનું પવિત્ર ઘણેરું;
દિશા પૂર્વમાં મંદિર થકી, હવેલી કરવા લીધું નકી. ૭
આસપાસ પ્રસાદીનાં ઘર, લિધાં તે પણ આપીને જર;
પછે પુછવા વાત વિચાર, તેડાવ્યાં પંચ જણ તેહ ઠાર. ૮
કોઠારીજી ગોવરધનદાસ, તથા શ્રીકૃષ્ણદાસજી પાસ;
જગન્નાથાનંદ બ્રહ્મચારી, જે છે નૈષ્ઠિક વ્રત શુભ ધારી. ૯
નારાયણવર્ણિના શિષ્ય સારા, જેને પ્રગટ પ્રભુ બહુ પ્યારા;
અંબૈદાસ ને જગજીવન, પાસે તેડાવિયા પાંચ જન. ૧૦
રુડા વચનથી લાલ વિહારી, પંચ આગળ વાત ઉચ્ચારી;
પ્રસાદીનું આ સ્થાન છે સારું, માટે ઈચ્છા કરે મન મારું. ૧૧
આંહી મોટી હવેલી કરાવું, પ્રતિમા ચિત્રની પધરાવું;
દેશોદેશના આવશે જન, જાણિ મહિમા કરે દરશન. ૧૨
સુણી રાજી થયા પંચ જ્યારે વદે વર્ણિ જગન્નાથ ત્યારે;
અહો ધર્મધુરંધર ધીર, સુણો કહું છું નમાવીને શીર. ૧૩

**શિખરિણી :**

અહો ધર્માચારી ધરમધુરધારી દૃઢમતી,
દિસે ઈચ્છા સારી સ્વજનસુખકારી શુભમતી;
સુસંતો સંસારી સકળ નરનારી જન વદે,
તમે તીર્થોદ્ધારી કિરતિ વિસતારી ગુરુપદે. ૧૪

સ્વતીર્થો ઉદ્ધારે ધરમગુરુનો તે ધરમ છે,
રચાવે સદ્ગ્રંથો ધરમકુળનું તે કરમ છે;
મળી ગાદી મોટી પણ કદિ ન એવું કૃત કર્યું,
અહો તે આચાર્યે પરધન લઈ પેટ જ ભર્યું. ૧૫

સ્વતીર્થોદ્ધાર્યાથી સ્વમત સદગ્રંથો બહુ થકી,
પુરી પામે પુષ્ટી સ્વમત જગમાં નિશ્ચળ નકી;
સદાચારો પાળે પણ વળી પળાવે સ્વજનને,
તજે તીખી તૃષ્ણા સતત વશ રાખે સ્વમનને. ૧૬

રઘૂવીરે ધીરે સ્વમતતણિ પુષ્ટી બહુ થવા,
રચાવ્યાં છે તીર્થો વળી રચિત ગ્રંથો બહુ નવા;
રચાવ્યા તે રીતે ભગવતપ્રસાદે પણ ભલાં,
તમે તેવી રીતે ત્વરિત સજશો તીર્થ નવલાં. ૧૭

રચાવ્યા છે ગ્રંથો નિજમત તણા ઉત્તમ તમે,
રચાવો આ જગ્યા અતિહરખ લૈયે ઉર અમે;
તથા બીજાં કામો જરુર કરવા લાયક અતી,
સુણો તેનાં નામો શુભકરમકારી શુભમતી. ૧૮

રચાવ્યા છે ઘાટો તવ પુરવ જે ગોમતિ તણા,
કરાવો પાષણે સુભગ તટ તે તો દૃઢ ઘણા;
પિતા રાજી થાશે વળી તવ પિતાના પણ પિતા,
તથા તેના તાત પ્રભુ મુદિત થાશે જનહિતા. ૧૯

વખાણે વિદ્વાનો ભલીથકી ભલી ભાગવતની,
કરી છે જે ટીકા ભગવતપ્રસાદે સ્વમતની;
છપાવો તે છાપે ધન ખરચી આપે ધિર ધરી,
જનો રાજી થાશે તવ જશ ગવાશે ફરિફરી. ૨૦

સદા જો સદ્ધર્મે ધન ખરચ આચારજ કરે,
રહી રાજી રાજી પરમ કરુણા શ્રીપ્રભુ ધરે;
નહી લક્ષ્મી ખુટે નવનિધિ સદા હાજર રહે,
વધે કીર્તિ વિશ્વે સતકરમકારી સહુ કહે. ૨૧

સ્વશિષ્યો સંસારી રતિ હૃદય ધારી અતિ ઘણી,
ધરે ભાવે ભેટો ધરમગુરુને તે ધન તણી;
કદી ખોટે રસ્તે ધન ખરચ આચારજ કરે,
નહી શિષ્યો તેને ધન અરપવા ઊલટ[1] ધરે. ૨૨

તમે મૂર્તિ સ્થાપી સુરજપુર[2] આદી સુનગરે,
રમાબાગે[3] રૂડી મુરતિ જઈ થાપો ગઢપુરે;
ખરું નાણું ખર્ચી અતિસરસ જગ્યા અહિં કરો,
પ્રસાદીની વસ્તુ દરશનનિમિત્તે તહિં ધરો. ૨૩

૧. આતુરતા તથા ઉત્સાહ રાખવો ૨. સુરત ૩. લક્ષ્મીબાગ

તમારી ઈચ્છાઓ પરમ પ્રભુજી પૂરી કરશે,
હૃદે રાજી થૈને ધરમસુત આશીષ ધરશે;
જુગોમાં જ્યાં સુધી અવનિ અહિરાજા[1] શિર ઠરે,
તમારું ત્યાં સૂધી સ્મરણ જન સૌ સ્નેહથી કરે. ૨૪

સુણી એવી વાણી જનસુખદ જાણી ગુરુવરે,
પ્રતિજ્ઞાનું પાણી ધરિ અધિક આણી રુચિ ઉરે;
કહ્યું શિલ્પી સારા હરિજન અમારા કહી વસે,
કહાવો તેડાવો સુફળ શુભ કૃત્યો સહુ થશે. ૨૫

**પૂર્વછાયો :**

ત્યારે ગોવરધનદાસજીયે, કર જોડી કહ્યો ઈતિહાસ;
વલ્લભ નામે સુતારનો, હતો વડોદરામાં નિવાસ. ૨૬

**ચોપાઈ :**

વ્રત એણે ધર્યું હતું આવું, પ્રતિપુનમે ડાકોર જાવું;
બોલે રણછોડજી મુખે જ્યારે, વ્રત પુર્ણ થયું ગણું ત્યારે. ૨૭
એમ વર્ષ વીત્યાં દશ બાર, તોય કૃષ્ણે કર્યો ન ઉચ્ચાર;
ત્યારે આતુરતા અતિ ધરી, દાસ વલ્લભે વિનતિ કરી. ૨૮
વળી નેણથિ વરશીયું નીર, સ્નેહે થરથર ધ્રુજ્યું શરીર;
જદુનાથે ભલો ભક્ત જાણી, વદ્યા વ્યોમ વિષે રહિ વાણી. ૨૯
કરવાં હોય મુજ દરશન, વરતાલે જજો હરિજન;
દૈશ દરશન ને ઉપદેશ, કોટિ જન્મનો કાપિશ કલેશ. ૩૦
સારી વાણિ સુણી એવી પેર, ગયા વલ્લભ તો નિજ ઘેર;
દિઠું રાત્રિમાં તેજ અપાર, દિઠિ મૂર્તિ દ્વિભુજ તે ઠાર. ૩૧
પ્રેમે પ્રભુપદ કરિને પ્રણામ, દાસ વલ્લભ ઉચ્ચર્યા આમ;
દિઠા ડાકોરમાં દેવ જેવા, તમે નથી ચતુર્ભુજ તેવા. ૩૨
ત્યારે બોલિયા પુરુષ પુરાણ, મારું મૂળ સ્વરૂપ આ જાણ;
ચાહુ તો હું ચતુર્ભુજ કરું, ક્યારે હસ્ત સહસ્ર હું ધરું. ૩૩

૧. શેષનાગ

વળી વાત કહું સુખદાઇ, ઇચ્છા કલ્યાણની હોય ભાઇ;
કહું તે તમે અંતરે ધરો, કરવાનું છે તે તમે કરો. ૩૪
અહો આ વટપત્તનમાંય, નાથભક્તની ઓરડી જ્યાંય;
ગોપાળાનંદસ્વામિ રહે છે, મહામુક્ત સાચા સંત જે છે. ૩૫
તમે જૈ તેનાં દરશન કરજો, કહે વાત તે ચિત્તમાં ધરજો;
એમ કહી થયા કૃષ્ણ અદર્શ, હૈયે વલ્લભને વધ્યો હર્ષ. ૩૬
સૂર્યદેવ ઉદય જ્યારે થયા, સ્વામિ પાસે તે વલ્લભ ગયા;
ત્યારે સ્વામિયે રાતની વાત, કહી વલ્લભને સાક્ષાત. ૩૭
સુણિ અચરજ અંતર આણ્યું, સ્વામિનું પણ સામર્થ્ય જાણ્યું;
ધરી નિયમ થયા સતસંગી, વરતાલે આવ્યા તે ઉમંગી. ૩૮
જોયો પ્રગટ પ્રભુનો પ્રતાપ, થયા ભક્ત અનન્ય તે આપ;
નામે ડાકોરિયા વલ્લભ, સર્વે જનમાં પડ્યું સુલભ. ૩૯
તેના પુત્ર ગંગારામ નામે, વસે છે વટપત્તન ધામે;
શિલ્પશાસ્ત્રનું તેહને જ્ઞાન, સારું છે નિજ તાત સમાન. ૪૦
કર્યા મંદિરનાં કામ બહુ, સતસંગિયો ઓળખે સહુ;
અહો આચાર્ય તેડાવો એને, સોંપો કામ હવેલિનું તેને. ૪૧
સુણી બોલિયા લાલ વિહારી, તમે વાત કહી ઘણી સારી;
મારે તો સતસંગમાં ફરવું, ધર્મરક્ષણનું કામ કરવું. ૪૨
માટે આ હવેલી તણું કામ, તમે તે તો કરાવો તમામ;
કહે કોઠારી તે હું કરીશ, આજ્ઞા આપની માથે ધરીશ. ૪૩
પછી તેમણે શિલ્પી તેડાવ્યા, શુભ મુહુરતે પાયા રોપાવ્યા;
હવેલી કરી તેણે તૈયાર, દિસે તેહનું પૂરવદ્વાર. ૪૪
શોભા તેમાં સજી શુભ કેવી, જોતાં શ્રીજીને વસવા જેવી;
બિરાજ્યા હતા જ્યાં ઘનશ્યામ, સિંહાસન તો સજ્યું તેહ ઠામ. ૪૫
હરિપ્રસાદ વિપ્ર તેડાવ્યા, વાસ્તુના શુભ દિન જોવરાવ્યા;
પ્રતિષ્ઠાવિધિ વેદ પ્રમાણે, કરી આચારજે એહ ટાણે. ૪૬
પ્રભુકેરી પ્રસાદીની લાવી, પાદુકાઓ તહાં પધરાવી;
વિરજ્યા રઘુવીરની નારી, પૂજતાં ચરણ જે પ્રેમ ધારી. ૪૭

તેહ ચરણ તહાં પધરાવ્યાં, ભાળી સૌ હરિભક્તને ભાવ્યાં;
ચિત્રમૂર્તિ મહાપ્રભુ કેરી, પધરાવી તે શોભે ઘણેરી. ૪૮
એહ સ્થાન તણો મહિમાય, મુખે બોલ્યા સહુ મુનિરાય;
એહ સ્થાન પ્રસાદિનું જાણી, કરે દર્શન જે ભાવ આણી. ૪૯
તેના પાપ પ્રલય થઈ જાય, પ્રભુના પદમાં પ્રેમ થાય;
જપ તપ પુરશ્ચરણ કરાવે, અગણિત ફળ એહને આવે. ૫૦
અતિપાવન આખ્યાન એહ, પ્રતિદિવસ કરે પાઠ જેહ;
તેનાં વિઘ્ન સરવ દુર વામે, ધન ધાન્ય ને પુત્ર તે પામે. ૫૧
અહો શ્રોતા સુણો એકવાર, બોલો શ્રીજીનો જયજયકાર;
કથા એહ ભૂમાનંદે ભાખી, હૃદયે વાઘજીભાઈયે રાખી. ૫૨

**પુષ્પિતાગ્રાવૃત્ત :**

કહિ હતિ કરવાનિ જ્યાં કૃપાળે, કૃત શુભ હર્મ્ય[1] તહાં વિહારિલાલે;
પરમ પુનિત તે કથા સુણાવી, સુણિ હરિભક્ત દિલે ભલી જ ભાવી. ૫૩

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે દશમકલશે ભૂમાનંદમુનીન્દ્ર-વાઘજીભાઈસંવાદે વૃત્તાલયે સૂત્રધારવાસણગૃહસ્થાને નવીનહર્મ્યપાદુકાદિસ્થાપનામૈકોનવિંશો વિશ્રામઃ ॥૧૯॥*

**પૂર્વછાયો :**

વાઘજીભાઈ સુણો વળી, ભૂમાનંદ કહે ભલી ભાત;
હરિલીલામૃત ગ્રંથની, સમાપ્તિની કહું હવે વાત. ૧

**ચોપાઈ :**

મને પૂછી હતી તમે જેહ, કહી ગ્રંથની ઉત્પત્તિ તેહ;
હરિભક્તોએ પ્રાર્થના કીધી, વિહારીલાલે સાંભળી લીધી. ૨
રચ્યો હરિલીલામૃત ગ્રંથ, જેમાં પ્રગટ છે મોક્ષનો પંથ;
બીજા ગ્રંથોમાં છે બહુ વાત, પણ તેમાં નથી જે પ્રખ્યાત. ૩
રઘુવીરજીના મુખ થકી, કેટલીએક સાંભળી નકી;
વળી ગોપાળજી મહારાજ, વાત કરતા હતા જનકાજ. ૪

૧. હવેલી

સદ્‌ગુરુ જે ગુણાતીતાનંદ, વાતો કરતા લીલાની સ્વચ્છંદ;
તેના મુખથકી સાંભળી જેહ, ધારી રાખી અંતર માંહી એહ. ૫
ચૈતન્યાનંદસ્વામિના ચેલા, ધર્મવલ્લભદાસ મળેલા;
કેટલીક લીલા તેણે કહી, તેહ સાંભળી અંતરે રહી. ૬
મોનો ભક્ત છે પાર્ષદ સારા, જુની લીલા ઘણી જાણનારા;
ભક્ત અમરો ખાચર નામ, એણે લીલા સુણી ઠામઠામ. ૭
એહઆદિકે વાતો જે કહી, વિહારીલાલને મન રહી;
તેથી ગ્રંથ રચ્યો એહ સારો, હરિભક્તને હરખ દેનારો. ૮
ભૂમાનંદ કહે સુણો ભાઈ, ધન્ય આચાર્ય તે સુખદાઈ;
ગ્રંથ રચવા એવા અભિરામ, એ તો આચાર્યનું જ છે કામ. ૯
જેના ગ્રંથ અનેક ગણાય, એહ આચાર્ય મોટા મનાય;
જ્યાંસુધી કર્યું ગ્રંથરચન, વ્યવહારમાં નવ ધર્યું મન. ૧૦
રાત દિન મન લીલા વિચારે, સુખે નિદ્રા કરી નહિ ક્યારે;
માયાયે ઘણી અડચણ કીધી, પણ મનપર લેશ ન લીધી. ૧૧
જો આ ગ્રંથ રુડો ન રચાત, વીસરી જાત કેટલી વાત;
ગ્રંથનો શુભ મર્મ જે જાણે, એવા સમઝુ તો ગ્રંથ વખાણે. ૧૨
કદિ દેશ તો ઉજડ થાય, કદિ મંદિરો તો પડી જાય;
પણ ગ્રંથ અચલ રહેનાર, સંપ્રદાયનો એ છે આધાર. ૧૩
માટે આચારજે ગ્રંથ કરવા, સંપ્રદાય વિશેષ વિસ્તરવા;
શ્રીહરી તણિ આજ્ઞા છે એવી, સમજી મનમાં ધરિ લેવી. ૧૪
એમ સમજ્યા શ્રીવિહારીલાલ, તેથી ગ્રંથ રચ્યો આ વિશાળ;
સુણિ સત્સંગિ સૌ રાજી થાશે, તેથી કૃષ્ણ પ્રસન્ન જણાશે. ૧૫
અલંકારની યુક્તિયો સારી, લાગે પંડિતને બહુ પ્યારી;
માટે યુક્તિયો એવી ધરી છે, તે તો કોવિદ[૧] કાજે કરી છે. ૧૬
દેહનો ન દિસે નિરધાર, ચિત્તમાં કરિ એવો વિચાર;
ગ્રંથ રચતાં ઉતાવળ કરી, કાવ્યયુક્તિ ઝાઝી નથી ધરી. ૧૭
ગ્રંથ કરતાં સમાપન એહ, સ્તુતિ આચારજે કરી જેહ;
તેહ હું તમને સંભળાવું, ઉરમાં અતિમુદ ઉપજાવું. ૧૮

**૧.** કવિ, અનુભવી, વિદ્વાન

શિખરિણી :

અહો શ્રીજી સ્વામી શુભ અચળધામી પ્રભુ તમે,
કૃપાના હે સિંધૂ તવ ચરણના સેવક અમે;
તમારી લીલાનું સ્મરણ સુખદાતાર કરિએ,
તમારી મૂર્તિનું ચિતવન ચિરં ચિત્ત ધરિયે. ૧૯
તમારી લીલાનું વરણન રુડી રીત કરવા,
તમે બુદ્ધિ પ્રેરી તતપર રહ્યા વિઘ્ન હરવા;
ઘણાં વિઘ્નો આવ્યાં પણ તવ કૃપા ધીરજ ધરી,
કર્યો પૂરો ગ્રંથ પ્રભુ તવ પ્રતાપે મુદ ભરી. ૨૦
રઘૂવીરાચાર્યે ભગવતપ્રસાદે પણ વળી,
રચ્યા રૂડા ગ્રંથો મુનિજનનિ સાથે હળીમળી;
તમે તેનાં વિઘ્નો વિષમ સમયે વારણ[1] કર્યા,
મહાવિઘ્નો મારાં હરિવર તમે તેમ જ હર્યા. ૨૧
પગે લાગું માગું વરદ તવ પાસે વર સદા,
તમારી માયાથી મન નવ થશો ક્ષોભિત કદા;
અહંતા આ લોકે તનધન વિષે તો નવ થશો,
તમારા અંઘ્રીમાં[2] મુજમન સુખે સંતત[3] વસો. ૨૨
તમારા ભક્તોનો અવગુણ ન આવે ઉર વિષે,
તમારી આજ્ઞાઓ કદિ પણ ઉલંઘી નવ દિસે;
તમારા સંતોનું સતત મુજથી સેવન થજો,
તમારા ભક્તોમાં હરિવર સદા હેત જ હજો. ૨૩
સહૂ સત્સંગીને સુખદ સુખ દેજો સહુ સમે,
પડે જ્યાં આપત્તિ તરત હરિ આવો તહી તમે;
દયાળૂ દષ્ટિથી વિઘન સઘળાં વારણ કરો,
મરીચ્યાદી કેરી હરકત હરી તેમજ હરો. ૨૪

૧. નિવારવું, રોકવું ૨. ચરણ ૩. હંમેશા

**ચોપાઈ :**

સ્તુતિ એ રીતે સારી ઉચારી, ગ્રંથ પૂર્ણ કર્યો સુખકારી;
કર્યું ઉત્તમ કામ વિશાળ, ધન્યધન્ય વિહારિજીલાલ. ૨૫
ભૂમાનંદ કહે સુણો ભાઈ, મહિમા કહું ગ્રંથનો ગાઈ;
ગ્રંથ સ્નેહથી સાંભળે જેહ, પામે પ્રભુપર પૂરણ નેહ. ૨૬
સતસંગ ખરો સમજાય, સર્વથા તેના સંશય જાય;
રિઝે તેહને શ્રીઘનશ્યામ, અંતે આપે તે અક્ષરધામ. ૨૭
ઘણો શું મહિમા એનો કહું, જાણનાર તો જાણશે બહુ;
એવી વાત ભૂમાનંદે કરી, વાઘજીભાઈયે ઉર ધરી. ૨૮
કથાશ્રવણ કરી એહ ઠામ, મુનિને કર્યા પ્રેમે પ્રણામ;
વળી પૂજા કરી રુડિપેર, દાન પુણ્ય કરી ગયા ઘેર. ૨૯
ધન્યધન્ય તે વાઘજીભાઈ, જેની ભક્તિ ભલી વખણાઈ;
લખાયા ગુણ ગ્રંથમાં આમ, રહેશે એનું અવિચળ નામ. ૩૦
રાજા જનક ને અમરિષ જેહ, ગ્રંથ માંહી લખાયા છે તેહ;
તેથી સર્વ સંભારે છે જેમ, નામ તેનું સંભારશે તેમ. ૩૧
ભક્તચિંતામણી આદિ જાણો, લખ્યાં તેમાં જે નામ પ્રમાણો;
જહાં સુધિ તે ગ્રંથ રહેશે, લોકો નામ પ્રભાતમાં લેશે. ૩૨

**દશ કળશ નામ : શાર્દૂલવિક્રીડિત :**

ગ્રંથોત્પત્તિ શિશૂચરિત્ર વન ને દીક્ષા સુરાષ્ટ્રે ફર્યા,
લીલા દુર્ગપુરીનિ ચારુતરની પ્રાસાદ[1] મોટા કર્યા;
તેડાવ્યા થકિ રાજદુર્ગ વિચર્યા ને ઉત્તરાખ્યાન છે,
તે લીલામૃતના દશે કળશમાં પીયૂષનું પાન છે. ૩૩

**પુષ્પિતાગ્રા :**

હરિવર ગુણ ગ્રંથ પંથ એહ, પુરણ થયો પ્રભુની કૃપાથિ તેહ;
સકળ જન કહો સ્વશીશ નામી, જયજય શ્રીસહજાખ્ય નંદ સ્વામી. ૩૪

૧. મંદિર

**સ્રગ્વિણીવૃત્ત :**

વિશ્વના કારણં વિશ્વઉદ્ધારણં, સૌખ્યવિસ્તારણં દુઃખવીદારણં;
દુષ્ટતાખંડનં શુદ્ધતામંડનં, ધર્મના નંદનં હું કરું વંદનં. ૩૫

*ઈતિ શ્રીવિહારીલાલજીઆચાર્યવિરચિતે હરિલીલામૃતે દશમકલશે ભૂમાનંદમુનીન્દ્ર-વાઘજીભાઈસંવાદે ગ્રંથસમાપ્તિવર્ણનનામ વિંશો વિશ્રામઃ ॥૨૦॥*

**ઈતિ ઉત્તરનામ દશમઃ કલશઃ સમાપ્તઃ ॥૧૦॥**

**ગ્રંથ સમાપ્તિ વિષે વધામણાનું ધોળ : પદ-૧**

જી રે આજ રે સતસંગી શાણા આવો સૌ મળી રે;
જી રે બેસો રે સહુ સભામંડપ મોઝાર;
હરિલીલાઅમૃત પીયો હેતથી રે. ૧
જી રે આજ રે પ્રેમે પુસ્તકની તો પૂજા કરી રે;
જી રે આજ રે દીધાં દ્વિજને નાનાવિધિ દાન..હરિલીલા૦
જી રે આજ રે દિનસંક્રાંતિનો સરવોપરી રે;
આપ્યાં આજ રે સંત વિપ્રને ભોજનપાન..હરિલીલા૦ ૨
જી રે આજ રે ગીત મંગળ માનની ગાય છે રે;
જી રે આજ રે તેનો શોભે છે સુંદર સાદ..હરિલીલા૦
જી રે આજ રે જુવો મોતિના સાથિયા પૂરિયા રે;
જી રે આજ રે થાય પુષ્પ તણો વરસાદ..હરિલીલા૦ ૩
જી રે આજ રે મેના પોપટ બોલે છે પાંજરે રે;
જી રે આજ રે વાજાં વાજે છે વિવિધ પ્રકાર..હરિલીલા૦
જી રે આજ રે રંગનો રતનાગર રેલીયો રે;
જી રે આજ રે દિલ સર્વનાં દીસે ઉદાર..હરિલીલા૦ ૪
જી રે આજ રે કાંઈ કોયલડી ટઊકા કરે રે;
જી રે આજ રે આંબે પક્ષી કરે છે કલ્લોલ..હરિલીલા૦
જી રે આજ રે સર્વ સુર નર નાગ ખુશી થયા રે;
જી રે આજ રે અતિ ઉડે આનંદની છોળ..હરિલીલા૦ ૫
જી રે આજ રે પ્રભુ પ્રત્યક્ષ આવી બિરાજીયા રે;
જી રે આજ રે ભાસે ભક્તોને એવો આભાસ..હરિલીલા૦
જી રે આજ રે તેજ દેખાય મૂર્તિયોમાં ઘણું રે;
જી રે આજ રે પડે અક્ષર તુલ્ય પ્રકાશ..હરિલીલા૦ ૬
જી રે આજ રે સુખસાગર ભાસે છે સર્વને રે;
જી રે આજ રે દિલ હરખ્યા દશે દિગપાળ..હરિલીલા૦
જી રે આજ રે શિવ નૃત્ય કરે છે સ્નેહથી રે;
જી રે આજ રે તે તો તાંડવના લઈ તાલ..હરિલીલા૦ ૭

જી રે આજ રે અતિ ઉત્સાહનો દિન જોઈને રે;
જી રે આજ રે દિલ રીઝિયા દીનદયાળ..હરિલીલા૦
જી રે આજ રે ભક્તિધર્મ તણા સુત ભાળિયા રે;
જી રે જને રે જાણો વિશ્વવિહારીલાલ..હરિલીલા૦ ૮

## ॥ ઈતિ શ્રી હરિલીલામૃતમ્ સમાપ્તમ્ ॥

# પરિશિષ્ટ (સંદર્ભ સૂચિ)

– અહીં વિષય પ્રમાણે સૂચિ બનાવાઈ છે.
– વિષયની સાથે ગ્રંથ નંબર અને પૃષ્ટ નંબર લખ્યા છે. ઉદા. ૧/૧૪
– ઘણી જગ્યાએ ભાગ-૨/ક-૪/વિ-૩ પૃ. ૧૪ એમ વિગતે નોંધ્યું છે.
– આ સંદર્ભસૂચિમાં અકારાદિક્રમ, પેજ ક્રમ તથા ભાગ ક્રમ જાળવ્યો છે.

## ★ સંવત સંદર્ભ


- વિ.સં.૧૮૭૮ ફાગણ ત્રીજ રવિવાર અમદાવાદમાં મૂર્તિપ્રતિષ્ઠા દિન - ૪/૪
- વિ.સં.૧૮૭૯ ચૈત્ર વદી ચતુર્દશી શ્રીહરિનું મૂર્તિપ્રતિષ્ઠા માટે ભુજ આગમન - ૪/૪૩
- વિ.સં.૧૮૭૯ વૈશાખ સુદી પાંચમ નરનારાયણદેવની ભુજ ખાતે પ્રતિષ્ઠા - ૪/૪૪
- વિ.સં.૧૮૮૧ કાર્તિક સુદી બારશ બુધવાર તમામ મૂર્તિઓની એક સાથે શ્રીહરિએ વડતાલધામમાં પ્રતિષ્ઠા કરી - ૪/૧૪૫
- વિ.સં.૧૮૮૧ કાર્તિક વદ સાતમ શિનવાર શ્રીહરિએ તાપી સ્નાન કર્યુ - ૪/૧૬૬
- ફાગણ સુદ છઠ્ઠ દ્વારિકાધિશ ગોમતી આદિ તીર્થ સાથે ગઢપુર પધાર્યા - ૪/૨૨૨,
- વિ.સં.૧૮૮૨ વસંત પંચમી શિક્ષાપત્રી રચી - ૪/૨૫૨,


## ★ સંત સંદર્ભ


અક્ષરાનંદ સ્વામી - ૪/૨૯, ૪/૩૪, ૪/૩૭, ૪/૪૦, ૪/૪૫, ૪/૪૭, ૪/૨૯, ૪/૪૮, ૪/૫૪, ૪/૫૭, ૪/૫૯, ૪/૧૧૫, ૪/૧૬૧, ૪/૧૮૮, ૪/૨૨૭, ૪/૨૩૮, ૪/૨૫૦, ૪/૩૮૧, ૪/૪૨૨, ૪/૪૨૯, ૪/૪૩૦,

અદ્ભૂતાનંદ સ્વામી - ૪/૪૫, ૪/૨૩૪, ૪/૨૫૪, ૪/૨૫૫, ૪/૨૫૬, ૪/૨૫૯,

આનંદાનંદ સ્વામી - ૪/૩, ૪/૪, ૪/૯, ૪/૩૪, ૪/૫૮, ૪/૧૭૩, ૪/૧૯૬, ૪/૧૮૨, ૪/૨૭૯, ૪/૨૯૪, ૪/૩૯૩,

ગોપાળાનંદ સ્વામી - ૪/૨, ૪/૨૮, ૪/૩૦, ૪/૪૩, ૪/૬૬, ૪/૧૩૦, ૪/૩૬૮, ૪/૩૮૫, ૪/૩૯૩, ૪/૩૯૪, ૪/૩૯૯, ૪/૪૦૦, ૪/૪૦૫, ૪/૪૦૮, ૪/૪૧૭, ૪/૪૨૨, ૪/૪૨૬, ૪/૪૪૨, ૪/૪૫૭, ૪/૪૫૬, ૪/૪૫૯,

૪/૪૫૮, ૪/૪૬૦, ૪/૪૬૨, ૪/૪૬૫, ૪/૪૭૦, ૪/૪૭૧, ૪/૪૭૨, ૪/૪૭૯, ૪/૪૮૮,
જગન્નાનંદજી - ૪/૪૮૫
જેરામ બ્રહ્મચારી - ૪/૨૭૨, ૪/૨૭૫
જિજ્ઞાસાનંદ સ્વામી ૪/૪૫,
દેવાનંદ સ્વામી ૪/૧૨૨,
નારાયણાનંદ બ્રહ્મચારી - ૪/૧૫૮, ૪/૨૫૦, ૪/૨૫૭, ૪/૩૯૩, ૪/૪૩૦, ૪/૪૮૫,
નારાયણાનંદ સ્વામી ૪/૧૫૮, ૪/૨૩૧
નિત્યાનંદ સ્વામી - ૪/૨, ૪/૨૮, ૪/૨૯,, ૪/૩૫, ૪/૩૬, ૪/૪૮, ૪/૧૬૨, ૪/૨૪૧, ૪/૨૫૧, ૪/૨૫૨, ૪/૨૬૮, ૪/૨૬૯, ૪/૩૩૧, ૪/૩૪૧, ૪/૩૪૪, ૪/૩૪૭, ૪/૩૫૧, ૪/૩૬૩, ૪/૩૬૮, ૪/૩૭૦, ૪/૩૭૮, ૪/૩૮૧, ૪/૩૮૭, ૪/૩૮૮, ૪/૩૯૩, ૪/૩૯૯, ૪/૪૦૫, ૪/૪૦૭, ૪/૪૧૧, ૪/૪૧૭, ૪/૪૨૦, ૪/૪૨૧, ૪/૪૨૨, ૪/૪૪૪, ૪/૪૫૯, ૪/૪૬૦,
નિષ્કામાનંદજી (દેવેશ્વર) ગુરુ નારાયણાનંદજી - ૪/૨૫૭
નિષ્કુળાનંદ સ્વામી - ૪/૩, ૪/૪૭, ૪/૬૨, ૪/૧૬૮, ૪/૧૯૬, ૪/૨૩૪, ૪/૨૩૬, ૪/૨૫૫, ૪/૨૫૬, ૪/૨૫૯, ૪/૪૦૭
પરમચૈતન્યાનંદ સ્વામી - ૪/૩૪૯, ૪/૩૫૦, ૪/૩૬૦
પ્રજ્ઞાનંદ સ્વામી - ૪/૨૭૨, ૪/૪૬૫
પ્રેમાનંદ સ્વામી - ૪/૧૨૨, ૪/૩૫૩, ૪/૪૪૧, ૪/૪૬૭
બ્રહ્માનંદ સ્વામી - ૪/૫, ૪/૫૪, ૪/૫૭, ૪/૨૮, ૪/૧૯૬, ૪/૩૩૪,
મહાનુભાવાનંદ સ્વામી - ૪/૧૬૩,
માધવાનંદ સ્વામી - ૪/૧૫૮,
માધવદાસજી - ૪/૧૬૩,
મુકતાનંદ સ્વામી - ૪/૨૮, ૪/૩૫, ૪/૪૮, ૪/૫૪, ૪/૧૪૬, ૪/૧૭૦, ૪/૨૪૯,
મુકુંદાનંદ બ્રહ્મચારી - ૪/૪૬, ૪/૧૨૨, ૪/૩૩૧, ૪/૩૭૬, ૪/૩૯૩, ૪/૪૦૫, ૪/૪૦૭
મુકુંદપ્રિયાનંદ વર્ણી - ૪/૪૬૫

મુકુંદ ચરણદાસ વર્ણી - ૪/૪૬૫
મુનીશ્વરાનંદજી વર્ણી - ૪/૧૨૯
રામદાસ સ્વામી ૪/૨૮,
વાસુદેવાનંદ વર્ણી - ૪/૨૪૦, ૪/૨૯૪, ૪/૩૯૩
વિરકતાનંદ સ્વામી - ૪/૩૧૨,
વૈકુઠાનંદ બ્રહ્મચારી ૪/૩૫૨, ૪/૩૩૧, ૪/૩૩૨, ૪/૩૩૬, ૪/૩૬૨, ૪/૩૭૮, ૪/૩૯૩
વૈષ્ણવાનંદ સ્વામી - ૪/૪૨, ૪/૩૯૩
સવિત્રાનંદ સ્વામી - ૪/૨૫૨, ૪/૨૭૨,
સચ્ચિદાનંદ સ્વામી ૪/૧૮૯, ૪/૧૯૦, ૪/૧૯૧, ૪/૧૯૪, ૪/૨૨૨, ૪/૨૨૩, ૪/૨૬૫, ૪/૨૮૪, ૪/૨૮૫
સ્વયંપ્રકાશાનંદ સ્વામી - ૪/૩૪૯, ૪/૩૫૦
શતાનંદ સ્વામી - ૪/૨૫૯, ૪/૩૨૬, ૪/૩૨૭, ૪/૩૯૨,
શુન્યતીતાનંદ સ્વામી - ૪/૩૩૧, ૪/૩૩૨, ૪/૩૩૩, ૪/૩૩૪, ૪/૩૩૮, ૪/૪૨૦, ૪/૪૫૯, ૪/૪૬૦
શુકાનંદ સ્વામી - ૪/૩૬૮

**★ ભકત સંદર્ભ :**

અજુબા - ૪/૧૮૪, ૪/૧૮૫, ૪/૨૫૫, ૪/૨૭૨
અદાભાઇ - ૪/૨૭૭
અમદાવાદના હરિભકતો - ૪/૩,
અરદેશર - ૪/૧૬૭, ૪/૧૭૦, ૪/૧૭૧, ૪/૧૭૫, ૪/૧૭૮, ૪/૧૭૯, ૪/૧૮૧,
અફજુલ દિનખાન નવાબ - ૪/૧૭૪
અવલબાઇ - ૪/૮૩, ૪/૩૩૭, ૪/૩૩૯
અયોધ્યાપ્રસાદજી મહારાજ - ૪/૧૬૨, ૪/૨૨૪, ૪/૨૩૫, ૪/૨૩૯, ૪/૨૩૮, ૪/૨૫૬, ૪/૨૬૨, ૪/૨૭૬, ૪/૩૭૮, ૪/૩૮૩, ૪/૩૯૩, ૪/૪૦૭, ૪/૪૧૦, ૪/૪૫૭, ૪/૪૫૯, ૪/૪૬૧,
અંબૈદાસને જગજીવન - ૪/૪૮૫
અંબારામ મહેતા - ૪/૧૭૭,
આત્મારામ - ૪/૧૭૪, ૪/૩૩૭, ૪/૩૩૮,

આલમભાઈ - ૪/૨૭૩
આમોદના ભક્તો - ૪/૧૬૪, ૪/૧૬૫, ૪/૧૮૩
એન્ડરસન - ૪/૧૭૬
ઓઘડ ખાચર - ૪/૩૫૯
ઈંગોરાળાના ભકતો - ૪/૨૦૨,
ઉગા ચાંદુ - ૪/૨૦૯, ૪/૨૧૦
ઉન્નડ રાજા - ૪/૧૩૭
ઉમરેઠનાં સ્ત્રી ભકતો - ૪/૫૫,
કરશનદાસ / જગજીવન - ૪/૧૮૧
કળધરાના ભક્તો - ૪/૧૨૬
કાનો સિંધવ - ૪/૩૭૨
કાળુ વાવડિયો - ૪/૨૧૬,
કાશીદાસ (બોચાસણ) - ૪/૨૮, ૪/૩૧, ૪/૫૨, ૪/૩૪૨, ૪/૩૪૩
કાશીરામ (દોરા) - ૪/૧૨૭
કાયોભાઈ (ભેંશજાળ) - ૪/૨૫૫, ૪/૨૭૪
ક્રાંક્શના હરિભકતો - ૪/૨૦૨
કુબેરસિંહ - ૪/૩, ૪/૮,
કુબેરદાસ પટેલ - ૪/૨૫, ૪/૩૧, ૪/૪૪, ૪/૫૯, ૪/૬૦, ૪/૯૫, ૪/૧૧૪, ૪/૧૨૬, ૪/૧૨૭, ૪/૨૩૧, ૪/૨૪૦,
કુબેરજી (શ્રીનગર) - ૪/૨૭
કુબેરજી ને હીરાજી (નડિયાદ) - ૪/૨૭,
ખીમાભાઈ (ધોલેરા) - ૪/૨૫૬
ખાચર નામાવલી - ૪/૩૦૨
ગગા ભટ્ટ - ૪/૬, ૪/૨૫૮
ગગો વ્યાસ (ગાંફ) - ૪/૨૫૮
ગજા ગઢવી - ૪/૬
ગંગામા - ૪/૮, ૪/૧૭, ૪/૪૬, ૪/૪૭, ૪/૨૪૧, ૪/૨૫૧, ૪/૨૬૯
ગંગારામ મલ્લ - ૪/૨૪, ૪/૩૫, ૪/૪૨, ૪/૪૩, ૪/૭૦, ૪/૧૨૬, ૪/૨૩૨, ૪/૪૬૭, ૪/૪૮૮

ગંગાદાસ ને દયારામ (સૂરતી) - ૪/૯૯
ગાધકડાના ભકતો - ૪/૨૦૮-૦૯,
ગીરધરભાઇ શેઠ - ૪/૪૨૭
ગુલાબભાઇ - ૪/૧૬૪, ૪/૧૬૫
ગોકળભાઇ / લખાભાઇ - ૪/૯૩
ગોપાળજી - ૪/૧૬૨, ૪/૧૮૯, ૪/૨૨૪, ૪/૨૨૫, ૪/૨૨૯, ૪/૨૩૨, ૪/૨૩૩, ૪/૨૫૧, ૪/૨૫૩, ૪/૨૫૪, ૪/૨૬૦, ૪/૨૬૧, ૪/૨૬૨, ૪/૨૬૪, ૪/૨૬૫, ૪/૨૬૭, ૪/૨૮૦, ૪/૨૮૭, ૪/૩૪૫, ૪/૩૪૬, ૪/૩૪૭, ૪/૩૫૩, ૪/૩૭૫, ૪/૩૭૬, ૪/૩૮૦, ૪/૩૮૨, ૪/૩૮૪, ૪/૩૮૮, ૪/૩૯૩, ૪/૪૧૦, ૪/૪૩૩, ૪/૪૮૯
ગાફ ગામનાં ભક્તો - ૪/૨૫
ગોરકડાના ભકતો - ૪/૨૦૯, ૪/૨૧૦, ૪/૨૧૮
ગોવિંદરામ જોશી - ૪/૨૫, ૪/૧૨૫, ૪/૧૨૬, ૪/૧૨૮, ૪/૧૪૩, ૪/૨૧૦, ૪/૨૫૮
ગોવિંદ વાળંદ - ૪/૧૬૬,
ઘેલા ખાચર (વાંકિયા) - ૪/૩૫૯
ઘેલા શેઠ - ૪/૩૦૩, ૪/૩૦૫
ઘેલાભાઇ હરિભાઇ (ઉમરેઠ) - ૪/૨૫
ચેલા ખાચર (મડાળા) - ૪/૩૭૩
જગજીવન મહેતા - ૪/૧૬૬,
જસા ખાચર - ૪/૩૬૦
જસા ધાધલ - ૪/૩૦૨
જશુબા (ભટવદર) - ૪/૧૯૬, ૪/૨૧૪
જાલમસિંહજી - ૪/૨૭૭
જૂસજી પગી - ૪/૩૨, ૪/૫૩, ૪/૫૪,
જૂનાગઢના ભકતો - ૪/૨૯૦
જીવા ખાચર - ૪/૨, ૪/૧૩, ૪/૬૧, ૪/૬૭, ૪/૭૮, ૪/૮૩, ૪/૨૯૧, ૪/૩૦૦, ૪/૩૦૧, ૪/૩૦૩, ૪/૩૦૫, ૪/૩૦૬, ૪/૩૨૫,

જીતબા - ૪/૨૬,
જોબન પગી - ૪/૩૧, ૪/૪૪, ૪/૪૫૧
ઝીણાભાઇ (જૂનાગઢ, પંચાળા) - ૪/૭૨, ૪/૨૩૪, ૪/૨૮૩, ૪/૨૯૦, ૪/૨૯૧
ટામસ (થોમસ) વિલિયમ - ૪/૩૫૬, ૪/૩૫૭, ૪/૩૫૮, ૪/૩૬૮
ડોસા ખાચર (સુંદરિયાણા) - ૪/૧૫
તાવિના ભક્તો - ૪/૨૭૬
દયારામ શુકલ (ઉમરેઠ) - ૪/૧૯૦
દયારામ તંબોળી - ૪/૪૪૧
દયારામ જોશી (ડભાણ) - ૪/૧૨૫
દયારામ દાળિયા - ૪/૧૬૭
દાદા ખાચર - ૪/૨, ૪/૪૪, ૪/૧૭૫, ૪/૧૭૬, ૪/૧૯૫, ૪/૧૯૭, ૪/૧૯૯, ૪/૨૦૩, ૪/૨૧૪, ૪/૨૧૫, ૪/૨૨૩, ૪/૨૫૦, ૪/૨૫૬, ૪/૨૫૭, ૪/૨૬૫, ૪/૨૮૩, ૪/૩૦૫, ૪/૩૦૬, ૪/૩૪૦, ૪/૩૪૧, ૪/૩૫૭, ૪/૩૫૮, ૪/૩૬૧, ૪/૩૬૨, ૪/૩૭૦, ૪/૩૭૫, ૪/૩૯૩, ૪/૪૦૫, ૪/૪૦૮, ૪/૪૦૯, ૪/૪૧૮, ૪/૪૨૦,
દાદાભાઇ (પીપળી) - ૪/૨૫૪
દુલાપ (ડનલોપ) સાહેબ - ૪/૨
દુર્લભરામ (મેમદાવાદ) - ૪/૧૭, ૪/૧૮
દેવરાજ ધડૂક - ૪/૨૦૩
દેવો અને ભીમ પાળા - ૪/૩૬૬
દિનાનાથ ભટ્ટ (આમોદ) - ૪/૧૨૪, ૪/૧૮૩, ૪/૩૯૩, ૪/૪૦૭
ધર્મકુળના સભ્યો - ૪/૨૬૭
ધારના ભકતો - ૪/૨૦૩
ધોલેરાના ભક્તો - ૪/૨૫૫
નથુરામ ત્રવાડી - ૪/૧૭૭
નથુ ને દયારામ (જોળ) - ૪/૧૩૦
નડિયાદના ભકતો - ૪/૨૪
નરહરદાસ અમીન (આમોદ) - ૪/૧૬૪

નંદરામ - ૪/૧૮૯, ૪/૨૨૪, ૪/૨૨૫, ૪/૨૨૯, ૪/૨૩૩, ૪/૨૫૮, ૪/૨૭૯, ૪/૨૯૦,
નાગપાલ વરુ (ભટવદર) - ૪/૧૯૬, ૪/૨૦૪, ૪/૨૧૬
નાથો ભાવસાર (ગઢડા) - ૪/૧૮
નારાયણજી સુતાર - ૪/3, ૪/30, ૪/3૧, ૪/૧૮૮, ૪/૨૮૯, ૪/૨૯૦, ૪/૨૯૧, ૪/૨૯૮, ૪/૩૦૯, ૪/૩૧૦, ૪/૩૧૨, ૪/૩૧૩, ૪/૩૧૪, ૪/૩૪૫, ૪/૪૫૭, ૪/૪૫૬, ૪/૪૬૨
નારાયણ ગિરી - ૪/૩૧
નારુપંત - ૪/૫૭, ૪/૯૩, ૪/૯૫, ૪/૯૬, ૪/૯૯, ૪/૧૬૦, ૪/૨૨૮, ૪/૨૪૮, ૪/૨૪૯, ૪/૨૪૦, ૪/૨૪૧, ૪/૨૫૦, ૪/૪૬૬
પ્રભુદાસ - ૪/૨૪૦, ૪/૩૩૧, ૪/૩૪૬, ૪/૪૪૧, ૪/૪૮૦,
પાલીતાણાના વિપ્રો - ૪/૧૨૯
પાંચીબાઇ - ૪/૨૯૧
પીઠવડીના ભક્તો - ૪/૨૦૪, ૪/૨૧૯
પીતાંબર (બુધેજ) - ૪/૨૩૩
પીપળાવનાં સ્ત્રી ભકત - ૪/૫૬
પીરુશા - ૪/૧૭૧, ૪/૧૭૫
પેટલાદના વિપ્રો - ૪/૧૨૮
પૂંજાભાઇ - ૪/૧૮૪, ૪/૧૮૫, ૪/૨૩૪, ૪/૨૫૪, ૪/૨૫૫, ૪/૨૫૯, ૪/૨૭૧, ૪/૨૭૨, ૪/૩૦૯, ૪/૩૩૨, ૪/૩૪૪
પુરુષોત્તમ જોશી (રુંવાદ) - ૪/૫૪
પુરુષોત્તમ ને દામોદર શિલ્પી (વડોદરા) - ૪/૨૭,
ફુલીબા - ૪/૧૮૪, ૪/૨૫૫
ફુલઝરીબાઈ - ૪/૨૩૩
ફુલીબા (કરમડ) - ૪/૨૭૧, ૪/૨૭૨
બનેસિંહ - ૪/૨૭૨
બહાદુરખાન નવાબ - ૪/૨૯૨
બાપજીભાઇ (ધોલેરા) - ૪/૨૭૧
બાપુ પટેલ અને જોબન પગી (વડતાલ) - ૪/૧૨

બાપુજી ને પિતામ્બર (ઈટોલા) - ૪/૧૨૮
બાપુજી/કુશળજી/કૃપારામ/મૂળજી - (મહુધા) - ૪/૧૨૮
બાપુભાઈ (નારુપંતના સુપુત્રો - (વડોદરા) - ૪/૪૬૬
બાપુભાઇ (માછિયાવ) - ૪/૨૫૩
બાપુભાઇ/ગોવિંદભાઇ/ શિવરામ - ૪/૩૪૮
બુવાના હરિભકતો - ૪/૧૬
બેચર ભટ્ટ - ૪/૨૭૯
બેચર શેઠ - ૪/૧૧
ભગા શેઠ અને સુપુત્ર પીતાંબર - ૪/૧૬
ભગુજી - ૪/૩૧, ૪/૬૫, ૪/૬૭, ૪/૩૭૯, ૪/૩૮૧, ૪/૩૯૩, ૪/૪૩૨, ૪/૪૫૭
ભગો-મુળો (પીઠવડી) - ૪/૨૦૭, ૪/૨૧૯
ભાણાભાઇ સુતાર - ૪/૧૭૩
ભાઇચંદભાઇ - ૪/૧૭૮
ભીખારીદાસ શેઠ - ૪/૧૭૭
ભીમ પંડયા - ૪/૧૬
ભીમભાઇ (પાર્ષદ)- ૨/૨૩૯
ભોજોભાઇ - ૪/૭૩, ૪/૨૫૫, ૪/૨૭૨
મનુભાઇ દરબાર તથા સુપુત્રો (ગાંફ) - ૪/૭૩, ૪/૨૫૪
મયારામ ભટ્ટ - ૪/૩, ૪/૫૪, ૪/૭૧, ૪/૩૫૩, ૪/૩૯૩, ૪/૪૦૭, ૪/૪૧૦
મહાલક્ષ્મીબાઇ - ૪/૧૬૭
મહેમદાવાદનાં સ્ત્રી ભકત - ૪/૫૫
માણેકચંદ - ૪/૧૬૭
મામૈયા પટગર (કુંડળ) - ૪/૨૦૫, ૪/૩૫૩
મુળુ ખાચર - ૪/૧૯૭, ૪/૧૯૮
મેઘજી ઠકકર - ૪/૩૩૯
મેઘા પટેલ - ૪/૨૭૬
મેથાણના ભક્તો - ૪/૧૨૮
મોકા ખાચર - ૪/૧૮૨, ૪/૩૫૯
મોટાભાઈ (આમોદ) - ૪/૧૬૪

મોનજી, તથા સુપુત્ર હીરજી (સેંજળ) - ૪/૧૨૯
રખીભાઈ પાટીદાર - ૪/૩૩૧
રઘુનાથ શાસ્ત્રી - ૪/૧૬૨, ૪/૧૭૪
રઘુવીરજી મહારાજ - ૪/૧૨૭, ૪/૧૨૯, ૪/૧૩૦, ૪/૧૮૪, ૪/૨૪૧, ૪/૨૫૦, ૪/૨૫૬, ૪/૨૫૭, ૪/૨૬૪, ૪/૨૬૫, ૪/૩૨૨, ૪/૩૪૬, ૪/૩૭૮, ૪/૩૮૧, ૪/૩૮૩, ૪/૩૮૫, ૪/૪૧૮, ૪/૪૨૦, ૪/૪૨૧, ૪/૪૨૨, ૪/૪૨૩, ૪/૪૨૫, ૪/૪૪૦, ૪/૪૪૨, ૪/૪૪૪, ૪/૪૫૧, ૪/૪૫૭, ૪/૪૫૯, ૪/૪૬૦, ૪/૪૬૨, ૪/૪૬૩, ૪/૪૬૯, ૪/૪૮૯,
રણછોડ - ૪/૨૪, ૪/૩૨, ૪/૮૫, ૪/૧૨૫, ૪/૧૨૭, ૪/૧૨૭, ૪/૧૫૮, ૪/૨૦૨, ૪/૨૩૨, ૪/૨૯૩, ૪/૨૯૪, ૪/૩૦૩, ૪/૩૨૯, ૪/૩૪૭, ૪/૩૭૫, ૪/૩૭૬, ૪/૩૮૦, ૪/૩૮૨, ૪/૩૮૩, ૪/૩૮૪, ૪/૩૮૫, ૪/૩૮૭, ૪/૩૮૮, ૪/૪૫૮, ૪/૪૮૦, ૪/૪૮૭
રાઘવ પટેલ - ૪/૧૪, ૪/૬૭, ૪/૧૨૯, ૪/૨૦૪, ૪/૨૫૮, ૪/૩૦૩
રાઘવજી ને દયારામ (પીઠવડી) - ૪/૧૨૯
રુપાભાઈ - ૪/૩૩૬, ૪/૩૩૭, ૪/૩૩૯
રાજુલાના ભક્ત - ૪/૨૧૧, ૪/૨૧૪, ૪/૨૧૭
લક્ષ્મીચંદ શેઠ - ૪/૧૬૭
લક્ષ્મીદાસ શેઠ - ૪/૧૭૯
લક્ષ્મીરામ ઓઝા - ૪/૩૩૪
લલુભાઈ/બાપુભાઈ (જોળ) - ૪/૧૩૦
વજેસિંહજી - ૪/૩૩૭, ૪/૩૩૮
વડતાલનાભક્તો - ૪/૩૨ થી ૩૪, ૪/૯૫
વડોદરાના ભક્તો - ૪/૯૫
વડોદરાના શિલ્પી - ૪/૧૫૬
વનમાળી ગોર - ૪/૩૧, ૪/૫૬, ૪/૫૮, ૪/૧૨૬, ૪/૧૮૭
વના શેઠ - ૪/૧૬
વલ્લીભાઈ શેખ (કેલોદ) - ૪/૧૮૩,
વસ્તા ખાચર - ૪/૨, ૪/૧૪, ૪/૧૩, ૪/૨૬૬, ૪/૨૮૪, ૪/૩૦૨, ૪/૩૩૨, ૪/૩૬૨, ૪/૩૭૨

વસ્તા રાવળ (ગાંફ) - ૪/૨૫૮
વાઘજી (નારણ દવેના પુત્ર - (પીપલાણા) - ૪/૧૨૮
વ્રજલાલ શેઠ - ૪/૩૬, ૪/૧૩૬, ૪/૪૭૫
વીરજા - ૪/૨૪૧
વેરાભાઇ - ૪/૧૪
શલુક પગી - ૪/૧૨૦, ૪/૧૨૧
શીયાણીના ભક્તો - ૪/૨૭૬
શીવરામ ભટ્ટ - ૪/૧૨૯, ૪/૨૭૬
શોભારામ શાસ્ત્રી - ૪/૧૨૪, ૪/૧૬૨, ૪/૧૭૪, ૪/૪૪૦
શિવજાની (હળવદ) - ૪/૧૨૮
સર માલ્કમ (રાજકોટ) - ૪/૩૫૫, ૪/૩૫૬, ૪/૩૬૮
સરતાનજી (પાડાસણ) - ૪/૭૧, ૪/૩૬૩
સારંગપુરના હરિભકતો - ૪/૩૦૨-૦૩
સુરતના ભક્તો - ૪/૧૬૬, ૪/૧૬૭
સુરબાઇ - ૪/૧૯૬, ૪/૨૦૨
સુરા ખાચર - ૪/૧૭, ૪/૭૨, ૪/૭૮, ૪/૧૮૪, ૪/૨૭૩, ૪/૨૭૪, ૪/૨૮૧,
૪/૨૮૭, ૪/૩૦૨, ૪/૩૩૨, ૪/૩૩૩, ૪/૩૫૨, ૪/૩૬૮
સુનંદા - ૪/૨૩૧, ૪/૨૪૧
સુંદરજી સુતાર - ૪/૪૩, ૪/૭૦
સેમર સાહેબ - ૪/૧૭૭
સેંજળેશ સાદૂળ ખુમાણ - ૪/૨૦૪
સોઢીબાઇ - ૪/૩૫૯, ૪/૩૬૦
સોમલા ખાચર - ૪/૨, ૪/૪૩, ૪/૧૯૮, ૪/૨૬૧, ૪/૨૬૨, ૪/૩૦૨
સંઘા પટેલ - ૪/૨૭૩
હરગોવિંદ પટેલ - ૪/૧૬૬, ૪/૪૬૭
હરજી ઠક્કર - ૪/૫, ૪/૭૯, ૪/૩૩૯
હરજી અને લાધા ઠક્કર - ૪/૫૪, ૪/૨૮૪, ૪/૩૦૭, ૪/૩૬૬
હરજીવન શેઠ - ૪/૧૬૩, ૪/૧૮૩

હરભમજી ભૂપ - ૪/૩૩૬
હરિભાઇ (ઉમરેઠ) - ૪/૨૫૭
હીરજી સુતાર - ૪/૪૩,
હરિભાઇ ને કૃપારામને ઘેલાભાઈ (ઉમરેઠ) - ૪/૫૫,
હીરજી (વાઘજીના સુપુત્ર - (પીપલાણા) - ૪/૧૨૮
હીરાજી મારવાડી - ૪/૨૭
હીરાજી શિલ્પી - ૪/૨૮, ૪/૩૧, ૪/૩૫, ૪/૪૭, ૪/૧૫૬

★ ગામ

અણખી - ૪/૧૬૨
અણિયાળી - ૪/૨૫૮, ૪/૩૪૪, ૪/૩૬૩, ૪/૩૭૩
અમદાવાદ - ૪/૩, ૪/૫, ૪/૭, ૪/૯૯, ૪/૧૨૪, ૪/૧૨૫, ૪/૨૫૪, ૪/૨૭૩, ૪/૨૭૬, ૪/૨૭૮, ૪/૩૨૧, ૪/૩૯૯, ૪/૪૧૯, ૪/૪૨૬,
અલૈયે - ૪/૪૩,
આટકોટ - ૪/૩૬૦
આમોદ - ૪/૧૨૪, ૪/૧૬૩, ૪/૧૬૪, ૪/૧૬૫, ૪/૧૮૩
આસોદર - ૪/૭૨, ૪/૨૨૧
અંકલેશ્વર - ૪/૧૬૬, ૪/૧૮૨
આંબરડી - ૪/૨૨૧
આંબળી - ૪/૨૬૭
ઇન્દ્રણજ - ૪/૨૬૭, ૪/૩૩૦
ઉગામેડી - ૪/૧૩
કડુકે - ૪/૩૭૩
કતાર - ૪/૪૦, ૪/૧૨૭, ૪/૧૭૨, ૪/૧૭૪
કનીજ - ૪/૨૭૯
કમિયાળા - ૪/૨૫૫, ૪/૨૫૬, ૪/૨૮૫, ૪/૨૮૬, ૪/૩૪૪, ૪/૩૫૨, ૪/૩૮૧
કાપોદરા - ૪/૧૬૬
કારિયાણીધામ - ૪/૧૩, ૪/૧૫, ૪/૬૭, ૪/૮૮, ૪/૧૮૪, ૪/૧૮૫, ૪/૨૬૬, ૪/૨૮૪, ૪/૨૮૫, ૪/૨૯૧, ૪/૨૯૫, ૪/૩૦૦, ૪/૩૧૬, ૪/૩૨૭, ૪/૩૩૨, ૪/૩૩૪, ૪/૩૫૩

કારેલિ - ૪/૧૬૨, ૪/૧૮૩
કાળિપાટ - ૪/૪૩
કુંડળધામ - ૪/૨૫, ૪/૭૫, ૪/૭૮, ૪/૧૦૬, ૪/૧૩૧, ૪/૨૬૬, ૪/૨૮૧, ૪/૨૯૧, ૪/૨૯૮, ૪/૩૦૦, ૪/૩૩૩, ૪/૩૩૪, ૪/૩૫૩, ૪/૪૨૯,
કેરાળા - ૪/૨૦૩
કેરીયાવી - ૪/૨૫
કેલોદ - ૪/૧૬૫, ૪/૧૮૩
કોટડા - ૪/૪૩, ૪/૭૨, ૪/૭૮, ૪/૨૯૮, ૪/૩૦૦, ૪/૩૧૬
કોશાડ - ૪/૧૬૬, ૪/૧૮૧, ૪/૧૮૨
ખસતા - ૪/૩૪૪
કાંકરિયા - ૪/૭, ૪/૮, ૪/૯, ૪/૧૧, ૪/૧૨
ખીરસરા - ૪/૪૩
ખોખરા - ૪/૭૦, ૪/૩૬૩, ૪/૩૭૨
ખંભાળા - ૪/૪૩, ૪/૨૫૯, ૪/૩૫૮
ખંભાત - ૪/૩૭, ૪/૫૫, ૪/૧૨૮, ૪/૧૮૩, ૪/૩૯૯, ૪/૪૪૪
ગજેરા - ૪/૧૬૨
ગઢપુરધામ - ૪/૨, ૪/૫, ૪/૧૨, ૪/૧૩, ૪/૩૭, ૪/૩૮, ૪/૩૯, ૪/૪૧, ૪/૪૨, ૪/૪૩, ૪/૪૪, ૪/૪૫, ૪/૪૮, ૪/૪૯, ૪/૫૨, ૪/૬૦, ૪/૬૪, ૪/૬૭, ૪/૭૧, ૪/૭૩, ૪/૭૪, ૪/૮૩, ૪/૮૫, ૪/૮૬, ૪/૧૩૦, ૪/૧૭૯, ૪/૧૮૨, ૪/૧૮૪, ૪/૧૮૫, ૪/૧૮૬, ૪/૧૮૮, ૪/૧૯૬, ૪/૨૦૪, ૪/૨૨૦, ૪/૨૨૩, ૪/૨૩૪, ૪/૨૫૧, ૪/૨૫૩, ૪/૨૫૬, ૪/૨૫૭, ૪/૨૫૯, ૪/૨૬૦, ૪/૨૬૩, ૪/૨૭૧, ૪/૨૭૨, ૪/૨૮૧, ૪/૨૮૨, ૪/૨૮૩, ૪/૨૮૪, ૪/૨૮૫, ૪/૨૮૮, ૪/૨૮૯, ૪/૨૯૧, ૪/૨૯૪, ૪/૨૯૫, ૪/૨૯૭, ૪/૨૯૮, ૪/૨૯૯, ૪/૩૦૫, ૪/૩૦૬, ૪/૩૦૯, ૪/૩૧૩, ૪/૩૧૪, ૪/૩૧૫, ૪/૩૧૭, ૪/૩૧૮, ૪/૩૨૧, ૪/૩૨૨, ૪/૩૨૪, ૪/૩૨૮, ૪/૩૩૦, ૪/૩૩૩, ૪/૩૪૦, ૪/૩૪૩, ૪/૩૪૫, ૪/૩૪૯, ૪/૩૫૦, ૪/૩૫૩, ૪/૩૫૫, ૪/૩૫૫ ૪/૩૫૮, ૪/૩૭૪, ૪/૩૮૧, ૪/૩૮૫, ૪/૩૯૭, ૪/૩૯૮, ૪/૪૧૪, ૪/૪૧૫, ૪/૪૨૦,

૪/૪૨૧, ૪/૪૨૨, ૪/૪૨૩, ૪/૪૪૫, ૪/૪૫૬, ૪/૪૫૭, ૪/૪૬૨, ૪/૪૬૪, ૪/૪૬૯, ૪/૪૮૬

ગલિયાણા - ૪/૩૩૨

ગામડી - ૪/૨૭૯

ગુંદાળા - ૪/૭૨, ૪/૭૫, ૪/૧૯૭

ગુંડેલ - ૪/૧૮૬, ૪/૨૬૨

ઘાણલે - ૪/૨૧૦, ૪/૨૧૮,

ચાંગડા - ૪/૩૫૧

ચિત્રાસા - ૪/૬,

ચોટીલા - ૪/૪૪,

છાણી - ૪/૨૪૯

જાખડ - ૪/૩૩૨, ૪/૩૫૨

જૂનાગઢધામ - ૪/૭૧, ૪/૧૧૨, ૪/૧૨૭, ૪/૧૨૮, ૪/૧૮૬, ૪/૨૩૪, ૪/૨૮૨, ૪/૨૯૦, ૪/૨૯૧, ૪/૨૯૨, ૪/૩૦૯, ૪/૩૧૩, ૪/૩૧૪, ૪/૩૯૯, ૪/૪૬૨,

જેતલપુરધામ - ૪/૬, ૪/૭, ૪/૧૨, ૪/૧૬, ૪/૧૭, ૪/૧૮, ૪/૨૭૯, ૪/૩૧૫, ૪/૪૬૧

ઝીંઝાવદર - ૪/૭૨, ૪/૨૬૬, ૪/૨૯૧, ૪/૨૯૮, ૪/૩૦૦, ૪/૩૧૬, ૪/૩૫૩

ડભાણ - ૪/૩૬, ૪/૩૭, ૪/૧૨૫, ૪/૧૨૮, ૪/૧૭૬, ૪/૨૫૪, ૪/૨૭૯, ૪/૩૨૫, ૪/૪૨૯,

ઢસા - ૪/૨૦૧, ૪/૨૦૨, ૪/૨૨૨,

તાવી - ૪/૨૭૬, ૪/૪૪૫

થોરાળે - ૪/૩૬૩

દહિંસરા - ૪/૩૭૩

દહેવાણ - ૪/૧૬૨,

દેવળીયા - ૪/૨૭૭

દેવધરી - ૪/૩૭૪

ધરગામ - ૪/૩૪૮, ૪/૩૪૯, ૪/૩૫૧

ધારુ તળાવ - ૨/૨૨૭,

ધોળકા - ૪/૬, ૪/૧૨, ૪/૧૭, ૪/૧૩૦, ૪/૩૯૯
ધોલેરાધામ - ૪/૭૩, ૪/૧૫૪, ૪/૨૩૪, ૪૨૫૪, ૪/૨૫૫, ૪/૨૫૬, ૪/૨૫૭, ૪/૨૫૯, ૪/૨૬૦, ૪/૨૬૬, ૪/૨૭૧, ૪/૨૮૦, ૪/૨૮૩, ૪/૨૮૮, ૪/૩૧૬, ૪/૩૨૧, ૪/૩૩૨, ૪/૩૫૩, ૪/૩૮૧, ૪/૩૯૯, ૪/૪૧૪, ૪/૪૫૭, ૪/૪૫૮
ધંધુકા - ૪/૩૪૪
નડીયાદ - ૪/૨૩, ૪/૨૪, ૪/૫૬, ૪/૧૫૬, ૪/૨૪૧, ૪/૨૫૧, ૪/૪૩૦
નાગડકા - ૪/૪૪, ૪/૭૩, ૪/૨૭૪, ૪/૩૦૦
નીંગાળા - ૪/૩૫૩, ૪/૨૬૫
પશેગામ - ૪/૩૫૨
પલાણા - ૪/૬૬, ૪/૩૩૦
પરિયજ - ૪/૩૫૧
પાટણ - ૪/૨૦૧,
પાડાસણ - ૪/૪૩, ૪/૭૧, ૪/૩૬૩, ૪/૩૭૧
પીપળાવ - ૪/૫૬, ૪/૧૨૬, ૪/૩૫૧
પીપલગ - ૪/૨૪,
પીપરીયું - ૪/૨૨૪
પેટલાદ - ૪/૩૬, ૪/૧૨૮, ૪/૧૩૬,
પોલાર પર - ૪/૩૫૩
બદલપૂર - ૪/૧૮૩,
બરવાળા - ૪/૨૬૬, ૪/૨૮૦, ૪/૨૮૨, ૪/૩૦૩
બળોલ - ૪/૧૨
બામણોલી - ૪/૩૬, ૪/૪૦, ૪/૪૬, ૪/૧૨૮
બારપટોળિયે - ૪/૨૧૧-૧૨, ૪/૨૧૬
બુધેજ - ૪/૧૨૬, ૪/૩૩૦
બુરાનપુર - ૪/૨૮૪, ૪/૩૪૮, ૪/૩૪૯
બુવા ગામ - ૪/૧૬૩
બોચાસણ - ૪/૨૮, ૪/૫૨, ૪/૯૩, ૪/૧૬૨, ૪/૩૪૨,

બોટાદ - ૪/૪૪, ૪/૪૫, ૪/૫૮, ૪/૭૨, ૪/૭૮, ૪/૧૩૦, ૪/૨૯૧, ૪/૨૯૮, ૪/૨૭૩, ૪/૩૦૦, ૪/૩૧૭, ૪૪૧૮, ૪૪૨૭, ૪/૪૬૨, ૪/૪૭૦, ૪/૪૭૯
ભટવદર - ૪/૧૯૬, ૪/૨૧૦-૧૧, ૪/૨૧૨, ૪/૨૧૪, ૪/૨૨૨
ભમર - ૪/૨૧૦, ૪/૨૧૮
ભરુચ - ૪/૯૪-૯૫, ૪/૧૬૫, ૪/૧૬૬, ૪/૧૮૨, ૪/૪૫૯
ભાડલા - ૪/૩૭૩
ભાદરા - ૪/૨૧, ૪/૪૩
ભાવનગર - ૪/૭૧, ૪/૩૩૨, ૪/૩૩૩, ૪/૩૩૪, ૪/૩૩૬, ૪/૩૩૯
ભુજધામ - ૪/૪૨, ૪/૪૩, ૪/૧૮૬, ૪/૩૫૮, ૪/૩૬૦, ૪/૩૯૯, ૪/૪૬૩
ભોંયરા - ૪/૩૭૩
મવા - ૪/૪૩
મહેમદવાદ - ૪/૧૭, ૪/૧૯, ૪/૫૫, ૪/૧૨૬, ૪/૨૪૧, ૨/૨૫૪, ૪/૨૭૯, ૪/૩૧૫
મહેળાવ - ૪/૩૭, ૪/૨૮૦, ૪/૩૪૭, ૪/૩૫૦
મહુડિયા પરું - ૪/૪૧, ૪/૧૨૦
માછિયાવ - ૪/૭૩, ૪/૧૮૨, ૪/૨૫૩, ૪/૨૫૪, ૪/૨૭૮
માલપર - ૪/૧૯૮, ૪/૨૦૧, ૪/૨૨૨
મેથળી - ૪/૨૦૨,
મેરિયાણા - ૪/૨૧૦, ૪/૨૧૮
મોટી બોરું - ૪/૨૨૫
મોઢુકા - ૪/૩૭૩
માંડવધાર - ૪/૬૭, ૪/૧૯૬
રાજકોટ - ૪/૪૩, ૪/૭૧, ૪/૩૫૫, ૪/૩૫૬, ૪/૩૫૭, ૪/૩૫૮, ૪/૩૫૯, ૪/૩૬૦, ૪/૩૬૪, ૪/૩૬૫, ૪/૩૭૧, ૪/૩૭૪, ૪/૩૭૫
રાણપુર - ૪/૭૩, ૪/૨૭૩
રાવલી - ૪/૩૪૭
રુસ્તમ બાગ - ૪/૧૬૬, ૪/૧૬૮, ૪/૧૭૧, ૪/૧૮૦
રોજકા - ૪/૬, ૪/૭૩, ૪/૧૩૦, ૪/૨૫૮, ૪/૩૧૬, ૪/૩૫૩, ૪/૩૯૭, ૪/૩૯૮
રોહિશાળા - ૪/૭૨, ૪/૧૨૯, ૪/૩૧૭, ૪/૩૩૪

લોયાધામ - ૪/૨૭૩, ૪/૪૪, ૪/૭૩, ૪/૨૯૧, ૪/૨૯૮, ૪/૩૦૦, ૪/૩૧૬
વટપત્તન (વડોદરા) - ૪/૨૭, ૪/૪૭, ૪/૪૯, ૪/૫૨, ૪/૫૪, ૪/૫૫, ૪/૫૬, ૪/૫૭, ૪/૫૮, ૪/૯૩, ૪/૯૫, ૪/૯૯, ૪/૯૯, ૪/૧૨૪, ૪/૧૩૭, ૪/૧૩૮, ૪/૧૪૧, ૪/૧૫૬, ૪/૧૬૦, ૪/૧૬૧, ૪/૧૬૨, ૪/૨૨૮, ૪/૨૩૨, ૪/૨૪૦, ૪/૨૪૮, ૪/૨૪૯, ૪/૨૫૦, ૪/૩૪૬, ૪/૩૭૩, ૪/૩૮૭, ૪/૪૦૦, ૪/૪૧૩, ૪/૪૮૮
વટામણ - ૪/૩૫૨
વડવા - ૪/૩૩૬
વડતાલધામ - ૪/૧, ૪/૨, ૪/૧૨, ૪/૧૩, ૪/૧૯, ૪/૨૩, ૪/૨૪, ૪/૨૫, ૪/૩૪, ૪/૩૫, ૪/૩૬, ૪/૩૮, ૪/૩૯, ૪/૪૧, ૪/૪૪, ૪/૪૫, ૪/૪૮, ૪/૪૯, ૪/૫૦, ૪/૫૧, ૪/૫૨, ૪/૫૩, ૪/૫૭, ૪/૬૦, ૪/૬૨, ૪/૬૪, ૪/૬૫, ૪/૬૯, ૪/૭૧, ૪/૭૪, ૪/૮૨, ૪/૯૫, ૪/૯૬, ૪/૧૧૦, ૪/૧૧૪, ૪/૧૧૯, ૪/૧૨૦, ૪/૧૨૬, ૪/૧૬૩, ૪/૧૮૬, ૪/૧૮૯, ૪/૨૨૨, ૪/૨૨૩, ૪/૨૨૫, ૪/૨૨૬, ૪/૨૨૮, ૪/૨૩૧, ૪/૨૩૨, ૪/૨૩૪, ૪/૨૩૫, ૪/૨૫૦, ૪/૨૫૩, ૪/૨૫૮, ૪/૨૬૦, ૪/૨૬૨, ૪/૨૬૫, ૪/૨૬૭, ૪/૨૬૮, ૪/૨૭૧, ૪/૨૭૬, ૪/૨૭૯, ૪/૨૮૦, ૪/૨૮૩, ૪/૨૮૪, ૪/૨૮૫, ૪/૨૮૭, ૪/૨૮૮, ૪/૨૮૯, ૪/૩૦૭, ૪/૩૧૪, ૪/૩૩૦, ૪/૩૩૧, ૪/૩૪૪, ૪/૩૪૮, ૪/૩૪૯, ૪/૩૭૫, ૪/૩૭૬, ૪/૩૮૦, ૪/૩૮૧, ૪/૩૮૪, ૪/૩૮૭, ૪/૩૯૮, ૪/૪૦૩, ૪/૪૨૦, ૪/૪૨૧, ૪/૪૨૨, ૪/૪૨૭, ૪/૪૩૯, ૪/૪૪૦, ૪/૪૪૩, ૪/૪૪૪, ૪/૪૫૦, ૪/૪૫૧, ૪/૪૫૭, ૪/૪૬૧, ૪/૪૮૨, ૪/૪૮૩, ૪/૪૮૪, ૪/૪૮૭, ૪/૪૮૮,
વડા - ૪/૪૩
વરતેજ - ૪/૩૩૬, ૪/૩૩૮, ૪/૩૩૯
વણથળી - ૪/૪૩,
વરસડા - ૪/૨૬૭, ૪/૨૮૭, ૪/૨૮૮, ૪/૩૪૪
વળા - ૪/૭૧, ૪/૩૩૬
વાગુદડ - ૪/૪૩, ૪/૭૧

વારણા - ૪/૨૬૭
વેજલકા - ૪/૧૬, ૪/૧૩૦, ૪/૨૭૫
વાંકાનેર - ૪/૪૪
શીયાણી - ૪/૨૭૬
શ્રીપુર - ૪/૧, ૪/૨, ૪/૩, ૪/૪, ૪/૫, ૪/૬, ૪/૭, ૪/૮, ૪/૧૧, ૪/૧૨, ૪/૧૩, ૪/૫૫, ૪/૯૫, ૪/૧૨૪, ૪/૧૨૮, ૪/૧૮૨, ૪/૨૩૨, ૪/૨૫૩, ૪/૨૫૪, ૪/૨૭૯, ૪/૩૧૩, ૪/૪૪૫, ૪/૪૫૬, ૪/૪૫૭, ૪/૪૫૯
શેખપાટ - ૪/૪૩
સખપર - ૪/૩૭૪
સરધારધામ - ૪/૪૩, ૪/૩૬૩, ૪/૩૭૧
સારંગપુરધામ - ૪/૬, ૪/૧૨, ૪/૭૨, ૪/૭૮, ૪/૨૨૪, ૪/૨૬૦, ૪/૨૯૧, ૪/૩૦૪, ૪/૩૦૫, ૪/૩૩૩, ૪/૩૩૭, ૪/૩૩૮, ૪/૩૪૪, ૪/૩૬૯, ૪/૩૯૯, ૪/૪૦૦, ૪/૪૧૪, ૪/૪૫૯, ૪/૪૬૯, ૪/૪૭૦, ૪/૪૭૨, ૪/૪૭૪, ૪/૪૭૬, ૪/૪૭૯, ૪/૪૮૬
સાયલા - ૪/૪૪
સીંજીવાડા - ૪/૩૬, ૪/૨૬૭, ૪/૨૮૭, ૪/૨૮૮, ૪/૩૩૧, ૪/૩૪૪, ૪/૩૮૧
સુરત - ૪/૫૮, ૪/૯૫, ૪/૧૦૦, ૪/૧૦૧, ૪/૧૩૦, ૪/૧૩૭, ૪/૧૩૮, ૪/૧૩૯, ૪/૧૪૦, ૪/૧૪૧, ૧/૧૬૧, ૪/૧૬૨, ૪/૧૬૩, ૪/૧૬૬, ૪/૧૬૮, ૪/૧૬૯, ૪/૧૭૧, ૪/૧૭૪, ૪૧૭૬, ૪/૧૭૮, ૪/૧૮૦, ૪/૧૮૧, ૪/૧૮૨, ૪/૧૮૪, ૪૧૮૫, ૪/૧૮૬, ૪/૨૮૪, ૪/૨૯૫, ૪/૩૩૨, ૪/૩૩૮, ૪/૩૬૯, ૪/૩૯૯, ૪/૪૦૦, ૪/૪૫૯, ૪/૪૮૬
સોજીત્રા - ૪/૩૬, ૪/૯૩, ૪૯૪, ૪/૯૫
સાંકરદા - ૪/૨૪૯
સુંદરિયાણા - ૪/૧૫, ૪/૭૩, ૪/૨૨૪, ૪/૩૧૭, ૪/૩૪૪, ૪/૨૬૦
હડાળા - ૪/૧૨
હડિયાણ - ૪/૪૩
હાડેવા - ૪/૩૩૦
હળવદ - ૪/૪૪, ૪/૧૨૮, ૪/૪૦૦, ૪/૪૫૮

★ **પ્રસંગ સંદર્ભ :**

અન્નકૂટ - ૪/૨૭૨
આચાર્ય રઘુવીરજી મહારાજનાં કાર્યો - ૪/૪૨૭ થી
અંતરધાન થવાની ઈચ્છા દર્શાવી - ૪/૩૯૪
ઉત્તમ ખાચર પરિવાર ને વહીવટદાર - ૪/૩૦૭
કમિયાળામાં હરિનોમ ઉત્સવ - ૪/૨૫૪
કાકાભાઈને દર્શન દેવા રોજકા પધાર્યા - ૪/૩૯૮
કાળુભાર નદી - ૪/૨૦૧,
શ્રીકુર્મ જયંતિ - ૪/૨૩૪
ખંભાતમાં મૂર્તિ પ્રતિષ્ઠા - ૪/૪૪૪
કાંકરિયાની પાસે ચોરાશી કરી - ૪/૧૨,
ગઢપુરધામમાં ગોપીનાથજીની મૂર્તિ નારાયણ સુતાર પાસે ઘડાવી - ૪/૩૧૩
ગઢપુરધામમાં તપ્તમુદ્રા કરાવી - ૪/૨૨૨,
ગઢપુરધામમાં મંદિર નિર્માણ પ્રારંભ - ૪/૩૧૦
ગઢપુરધામમાં મૂર્તિ પ્રતિષ્ઠા - ૪/૩૧૫ થી ૩૨૭
ગઢપુરધામમાં હરિકૃષ્ણ મહારાજની પ્રતિષ્ઠા - ૪/૪૬૨
ગઢપુરધામમાં ચાતુર્માસ ને દિવાળી - ૪/૩૪૩
ગઢપુરધામમાં હરિજયંતી ઉત્સવ - ૪/૩૪૦
ગઢપુરધામમાં વસંત ઉત્સવ - ૪/૩૩૦
ગામેગામથી સંઘ દર્શને પધાર્યા - ૪/૪૦૦
ગુંડેલના જીભાઈએ શ્રીહરિને ઘોડી આપી - ૪/૨૬૨
ગોપાળજીને પાદુકા પૂજવા આપી - ૪/૨૬૪
ગોપાળજીને રણછોડજીની મૂર્તિ લાવવા ઉદેપુર મોકલ્યા - ૪/૩૪૭
ગોપાળજીને ત્યાં પુત્ર જન્મ - ૪/૩૪૫
ગોપાળાનંદ સ્વામીની આજ્ઞામાં રહેવાનો આદેશ - ૪/૩૯૪
ગોપીનાથજી મહારાજના મંદિરે વિવિધ લીલાઓ - ૪/૪૧૬
ગોંડલમાં પ્રતિષ્ઠા - ૪/૪૬૪
ચાતુર્માસ કથા - ૪/૩૮,

ચિત્રમૂર્તિ નિર્ણય - ૪/૧૮૬,
છપૈયાધામ પ્રતિષ્ઠા - ૪/૪૬૧
જૂનાગઢધામમાં મંદિરના દેવો - ૪/૨૯૩
જેતલપુરધામમાં પ્રતિષ્ઠા - ૪/૪૬૧
જેઠી પૂનમ ઉત્સવ - ૪/૨,
ઝીણાભાઇ દાદાખાચર વચ્ચે પ્રેમભર્યો સંઘર્ષ - ૪/૨૮૩
ઝીણાભાઈને આવાસે ઉતારો - ૪/૨૯૨
તાપી સ્નાન - ૪/૧૬૭,
દયારામનો મેનો - ૪/૧૬૭,
દાદા ખાચર દ્વારા ભેટ - ૪/૩૭૦
દાજીભાઈની મેડી - ૪/૩૫૧
દાદાખાચરનાં લગ્ન - ૪/૨૧૨,
દાદા ખાચર બીજા લગ્નની વાત - ૪/૧૯૫
દીનાનાથ ભટ્ટ શિરપાવ - ૪/૩૩૦
દીનાનાથ ભટ્ટ લૂંટાયા - ૪/૩૩૦
દ્વારકાધિશ ગઢપુરધામ પધાર્યા - ૪/૨૨૩,
ધર્મકુળને દ્વારકા યાત્રા કરવા મોકલ્યા - ૪/૧૮૯
ધોલેરાધામની પ્રતિષ્ઠામા વરુણીમાં બેઠેલા વિપ્ર - ૪/૨૫૮
ધોલેરાધામના અજુબા ફુલીબાને નીંગાળે દર્શન - ૪/૪૧૪
નડિયાદના મોહનરામ અને ગંગારામે દેવોને વાઘા અર્પણ કર્યા - ૪/૨૩૨
શ્રી નરસિંહ જયંતિ - ૪/૨૩૪
શ્રી નરનારાયણની મૂર્તિઓ સ્થાને ખાતમુહૂર્ત- ૪/૨૩,
શ્રીનરનાયાણદેવ - ૪/૨,
શ્રી નારાયણ ધરે સ્નાન - ૪/૩૪૦
શ્રી નારાયણની મૂર્તિ આપી - ૪/૩૪૮
નારાયણજી સુતાર છાપ લાવ્યા - ૪/૩૮૫
નારેચાણા હનુમાન - ૪/૨૭૩
નાવની લીલા - ૪/૨૧૫,

નંદરામના પુત્રોને જનોઇ - ૪/૨૯૦
નિત્યાનંદ સ્વામીનો પ્રશ્ન - ૪/૩૭૦
પ્રબોધિની ને મકરસંક્રાંતિની ઉજવી - ૪/૩૯
પ્રબોધિની ઉત્સવ - ૪/૨૭૮
પ્રબોધિની ઉત્સવ - ૪/૩૪૪
પીઠવડી ગામે સામૈયું - ૪/૨૦૪-૦૭,
પાડાસણ સરતાનજીને ત્યાં - ૪/૩૭૧
ફુલદોલોત્સવ - ૪/૨૩૦
બદરીનાથને જનોઇ - ૪/૨૬૪
બલેન (બ્લેન)નો પત્ર (ફેબ્રુ-૧૮૩૦) - ૪/૩૫૬
બરવાળાની હરિમય મહિલાઓને ઘરે પરત મોકલી - ૪/૨૮૧
બુઠણપરી નદીએ ટીમણ - ૪/૩૬૦
બોચાસણના કાશીરામની રસોઇ - ૪/૩૪૨
બોચાસણ મૂર્તિઓ મુકી - ૪/૫૨,
ભુજધામમાં પ્રતિષ્ઠા - ૪/૪૬૩
માણજમાં કુપ મંડપ - ૪/૪૮૨
મુકતાનંદ સ્વામી અક્ષરધામગમન - ૪/૪૨૧
મુંબઇમાં પ્રતિષ્ઠા - ૪/૪૬૪
મુળીધામ મંદિર પ્રતિષ્ઠા - ૪/૪૪૫ થી ૪૪૬, ૪/૪૫૫ થી ૪૫૮
મૂળજીભાઇએ આચાર્ય સ્થાપનની મૂર્તિમાં ઓટો કરાવ્યો - ૪/૪૮૩
મીર સાહેબે મેનો ભેટ આપ્યો - ૪/૩૫૪
રઘુવીરજી મહારાજને આજ્ઞાઓ - ૪/૩૯૯
રાજકોટમાં સ્વાગત - ૪/૩૬૬
રાધાવાવ - ૪/૨૬૫
રામ નવમી સમૈયો - ૪/૧૯,
લક્ષ્મીવાડીએ મંદિર - ૪/૪૨૦, ૪/૪૨૩
લાડુબાઇને આખા ગામે દર્શન - ૪/૪૧૫
લાલા કરશનની વાડી - ૪/૧૬૭,

વટપુરના ભકતોની વિનંતી - ૪/૪૪૦ થી ૪૨
વડોદરા મૂર્તિઓ મળી - ૪/૫૦,
વડોદરામાં રામેશ્વરભાઇએ શિખરબદ્ધ મંદિર રચાવ્યું - ૪/૪૬૪ થી ૪૬૮
વડોદરાના રાયજીભાઇ - ૪/૩૪૬
વડોદરાના સંઘને દર્શન - ૪/૪૧૩
વિવિધ ગામોમાં મંદિર માટે જગ્યા જોઇ - ૪/૨૯૯, ૪/૩૦૦
વસંત પંચમીએ ગઢપુર ખાતે ચિત્રમૂર્તિ પૂજવા આપી - ૪/૧૮૮,
વસંત પંચમી ઉત્સવ - ૪/૪૦,
શિક્ષાપત્રી અંગે આજ્ઞા - ૪/૩૪૬
શ્રીહરિના કાર્યનું સરવૈયું - ૪/૩૮૭ થી ૯૨
શ્રીહરિનો દેહોત્સર્ગ- ૪/૪૧૨ થી ૪૨૦
શેત્રુંજી નદી - ૪/૨૦૨,
સયાજીરાવ મહારાજાનું નિમંત્રણ - ૪/૨૪૮, ૪/૨૪૯
સર માલ્કમ સાથે મુલાકાત - ૪/૩૬૮
સત્સંગિજીવન જ્ઞાનયજ્ઞ - ૪/૪૨૮ થી ૪૩૮
સારંગપુરધામમાં કષ્ટભંજનદેવની સ્થાપનાની કથા - ૪/૪૭૦ થી ૪૭૯
સિદ્ધપુર પ્રતિષ્ઠા - ૪/૪૬૩
સીતારામજીને પાઘ - ૪/૩૪૧
સીતારામને જનોઇ - ૪/૨૩૨
સુરતમાં પ્રતિષ્ઠા - ૪/૪૫૯ થી ૪૬૦
સુરતમાં સામૈયું - ૪/૧૭૨
શ્રીહરિએ સંતોની ધર્મશાળામાં અંતિમ વખત પીરસ્યુ - ૪/૩૪૬
હરિ નોમ ઉત્સવ - ૪/૨૩૨, ૪/૨૭૧

## ★ સંદર્ભ

વડતાલધામમાં વાસણ સુતારના ઘરે હવેલીનું નિર્માણ - ૪/૪૮૪ થી ૪૮૯
આચાર્ય રઘુવીરજી મહારાજનો પ્રથમ વડતાલધામનો પ્રવાસ - ૪/૩૮૧
વડતાલધામ રણછોડજીની મૂર્તિ પધરાવવાનો નિર્ણય - ૪/૩૭૬
વડતાલધામથી વિદાય - ૪/૩૪૭

હરિમંડપ - ૪/૩૩૦
દોલોત્સવ - ૪/૩૩૦
વડતાલધામ અયોધ્યાવાસી પધાર્યા - ૪/૨૮૦
નારાયણ મોલ - ૪/૨૭૦
ગોમતી - ૪/૨૭૦
જ્ઞાન બાગ - ૪/૨૬૯
ગોમતી તળાવ - ૪/૨૬૨
જ્ઞાનકૂપ - ૪/૨૬૨
વસંતપંચમીએ શિક્ષાપત્રી રચી - ૪/૨૫૨
આચાર્ય સ્થાપન નિર્ણય ને પ્રસંગ - ૪/૨૩૫ થી ૨૪૨
કુબેરદાસ, જોબન પગી, નારણભાઇ ગરની રસોઇ - ૪/૨૩૧,
તપ્તમુદ્રા અર્પણવિધિ - ૨/૨૩૦,
શ્રી ગોમતીજી પધાર્યા - ૨/૨૨૯,
ગોમતી તળાવ - ૪/૧૮૭,
વડતાલ મંદિર કામગીરીથી પ્રસન્ન શ્રીહરિ - ૪/૪૦,
વાંદરા પાસે માળા ફેરવાવી - ૪/૨૦
શ્રી લક્ષ્મીનારાયણદેવના શ્રીહરિએ નીમેલા દેવસેવકો - ૪/૧૫૮,
મૂર્તિપ્રતિષ્ઠા અર્થે વડતાલધામમાં પધારેલ મહેમાનો / ૪/૭૦-૭૮,
યજ્ઞના દ્વારપાળ - ૪/૧૩૩,
યજ્ઞના ભૂદેવો - ૪/૧૩૪, - ૩૦
ધ્વજા વિવાદ - ૪/૧૩૭ થી ૧૪૧
શિલ્પી અને ચિત્રકારનાં સન્માન - ૪/૧૫૬,
વડોદરા ને વડતાલના હરિભકતો દ્વારા શ્રીહરિનું પૂજન - ૪/૧૬૦,

# નોંધ



છત્રી મંદિર પાછળ જે છે, જગ્યા પરમપ્રસાદીની તે છે;
હતો પ્રથમ ત્યાં સુંદર ઓટો, મહિમા તેનો જાણવો મોટો.
તહાં બેસતા શ્રીઘનશ્યામ, નીચે બેસતા સંત તમામ;

(હરિ.ક.૧,વિ.૧૪)

-: પ્રકાશક :-
વડતાલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ વતી
મુખ્ય કોઠારી શ્રી પ.પૂ. સદ્. શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ મંદિર, સંસ્થાન - વડતાલ
મુ.પો.વડતાલ. તા. નડીયાદ, જી. ખેડા પીન : ૩૮૭૩૭૫ (ગુજરાત)

(0268) 2589728, 2589776
vadtaldhamvikas@gmail.com
www.vadtalmandir.org

ISBN 978-81-939354-4-6